• **ભરૂચ** : પૂ. આગમજ્ઞ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયંતશેખરસૂરીશ્વરજી મ.ની પવિત્ર નિશ્રામાં ચાતુર્માસ અને પર્યુષણા મહાપર્વ આરાધના ચાતુર્માસિક આરાધના ભવ્ય કોટિની થઈ. પ્રવેશ સમયે ૮૫ આયંબિલ, ૩ આયંબિલથી વિધિપૂર્વક રત્નત્રયીનાં આરાધનામાં ૬૦ થી ૬૫, તપ પદ આરાધનાર્થે લુખ્ખી નિવિમાં ૮૫ થી ૯૦, શ્રી નવકાર મહામંત્રની આરાધના એકાસણા ૫૫ થી ૬૦, દીપકવ્રત એકાસણામાં ૭૦ ભાવિકોએ ઉલ્લાસભેર સુંદર લાભ લીધો. પર્યુષણમાં સંઘમાં, ૧૧/૨, ૧૦/૧, ૯/૧, અઠ્ઠાઈ -૧૩, અઠ્ઠમ-૪૦, ચૌ.પ્ર. પૌષધ-૩૨ વગેરે તપશ્ચર્યા ઘણા વર્ષે આટલી મોટી સંખ્યામાં થતાં આરાધનાનું અપૂર્વ વાતાવરણ સર્જાયેલ. બે બેન્ડ, ગજરાજ વગેરે સાથે મહાન રથયાત્રા નીકળેલ. ઉપરોક્ત ચાતુર્માસિક તથા પર્વારાધનાની ભવ્ય ઉજવણી તથા ૨૦૩૨નાં વર્ષ દરમ્યાન જૈનશાસનમાં મહાન જ્યોતિર્ધર ધર્મધુરંધર આચાર્યદેવોનાં સમાધિમય સ્વર્ગારોહણ નિમિત્તે તથા પૂ. મુનિરાજશ્રી જયદેવવિજયજી મ. નું પોતાની દીક્ષાભૂમિમાં ૨૪ વર્ષે સૌ પ્રથમ ચાતુર્માસાર્થે શુભાગમન, પૂ.મુ.શ્રી દિવ્યાનંદ વિજયજી મહારાજને ૯૫મી ઓળીની પૂર્ણાહુતિ, પૂ.મુ.શ્રી મહાશાલ વિ.મ.ને ૫૮મી ઓળી અને અઠ્ઠાઈની તપશ્ચર્યા, આદિ વિવિધ આરાધનાઓની ભવ્ય ઉજવણી નિમિત્તે ભાદરવા વદ ૧૧થી દશ દિવસનો શ્રી નવ્વાણું અભિષેક મહાપૂજા શ્રી શાંતિસ્નાત્રાદિ સહ ભવ્ય મહોત્સવ ઉજવાનાર છે.

• **અમદાવાદ** : અત્રે ગીરધરનગરમાં પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મ. ની નિશ્રામાં એમના સંસારીપણે પુત્ર કનકરાજજીના ધર્મપત્ની શ્રીમતી સાયરબાઈએ માસખમણ તપ ખૂબ સારી રીતે પૂર્ણ કરેલ તે નિમિત્તે એમના સુપુત્રો નિર્મળના ધર્મપત્નીએ ૧૧ ઉપવાસ તથા વિજયકુમારે ૮ અને મહેન્દ્રકુમારે સજોડે ૮ ઉપવાસ કરેલ. શ્રી કનકરાજજી તરફથી મહોત્સવ ઉજવાયો. શ્રાવણ ૧૫ સિદ્ધચક્રપૂજન થયું. આ પ્રસંગે મારવાડ-મુંબઈથી ૬૦-૭૦ જણ આવેલ. એમાં ય અઠ્ઠમ-૩, આંબેલ, ઉપવાસ વગેરે થયું. રથયાત્રાનો વરઘોડો બહુ ઠાઠથી નીકળેલો. તેમાં તપસ્વી બેને રૂા. ૪૦૦-૫૦૦નું વર્ષિદાન ઉછાળેલ. પારણા દિને વિદ્યાશાળા તથા જ્ઞાનમંદિરથી પૂ. આચાર્યદેવો પધારેલ. કનકરાજજીએ આ ઉત્સવમાં ઉદારતા ડબલ કરી નાખી.

• **ઉંમરગામ** (જિ. વલસાડ) : અત્રે પૂ.આ.શ્રી શુભંકરસૂરીશ્વરજી મ. પધારેલ ત્યારે નિયમો આપેલા પછીથી પૂ.આ.શ્રી વિજય જયંતસૂરીશ્વરજી મ. શ્રી



વિક્રમસૂરીશ્વરજી મ. આદિ પધારેલ એમણે જિનમંદિર માટે ઉપદેશ આપ્યો, સંઘનો ઉત્સાહ વધી ગયો, અને નક્કી કર્યા મુજબ ગામમાં દેરાસરજી બનાવ્યું છે. દર્શન પૂજાદિ સુંદર ચાલી રહેલ છે.

• **અમલનેર** : અત્રે આ વર્ષના નૂતન દીક્ષિત પૂ. મુનિરાજશ્રી મતિસુંદર વિજયજી મહારાજને ૩૧ ઉપવાસની મહાન તપસ્યા ભાદરવા વદ ૪ના પૂર્ણ થઈ. આખી તપસ્યા દરમિયાન સાધુચર્યા બે ટાઈમ પ્રતિક્રમણ ઊભા ઊભા, દિવસના જાપ સ્વાધ્યાય વગેરે અલૌકિક હતું. પારણા પછી પણ દિવસો સુધી માત્ર હળવા પ્રવાહી પર રહી સમતા ખૂબ સુંદર જાળવી અને તબીયત બહાલ રહી. પારણા પર એમના સાંસારિકપણે માતુશ્રી મોટાભાઈ વગેરે કુટુંબીજનો આવેલા એમના તરફથી બેનોની સાંજી તથા પૂજા પ્રભાવના રખાયેલ. હવે પૂ.મુ.શ્રી **દિવ્યરત્ન-વિજયજીને** તપસ્યામાં આજે ભાદરવા વદ ૧૧ થી ૧૫મો ઉપવાસ છે. આખો દિવસ લેખન તથા સ્વાધ્યાય કરે છે. સંસ્કૃતનો નવો પાઠ પણ લે છે. આસો સુ. ૧૧ થી ઉપધાનમાં જોડાવા આ નગરના જ લગભગ ૧૩૦ માળના ઉપધાનમાં તથા ૩૦ બીજા-ત્રીજા ઉપધાનમાં નોંધાઈ ગયા છે. બહારગામથી પણ ઉપરાપર નામો આવતા જાય છે.

• **ગોરેગામ** (મુંબઈ) : અત્રે ચિંતામણી પાર્શ્વનાથ સંઘના ભાઈઓના ઘણા આગ્રહથી પૂ.આ.શ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.** ના પ્રશિષ્ય પૂ.મુનિરાજશ્રી વિશ્વાનંદવિજયજી મ. આદિ પધારેલ અને એમના વ્યાખ્યાનથી સંઘમાં ખૂબ ધર્મજાગૃતિ આવી. સંઘમાં સમૂહ અઠ્ઠમતપની આરાધના થઈ. એમાં જિંદગીમાં કદી નહિ કરેલા નાના મોટાઓએ પણ અઠ્ઠમો કર્યા. એ પછી શ્રી સિદ્ધગિરિજીની છઠ્ઠથી આરાધના ધામધૂમથી થઈ. વળી જ્ઞાનદર્શન-ચારિત્રની આરાધના એકાસણાં સેંકડો થયાં. પર્યુષણા આવતાં ૪૦ જણે અક્ષયનિધિ તપ કર્યો. પર્યુષણામાં કોઈ અનેરો રંગ જામેલો. ૯-૮-૬ ઉપવાસો ૫૦ થી અધિક થયેલ, ૧૨૫ અઠ્ઠમ થયેલ. ૧૭ હજાર મણ દેવદ્રવ્યની ૧૨૦૦૦ થી ઉપર જ્ઞાનદ્રવ્યમાં અને ૨૫ હજાર રૂા. સાધારણ ખાતે તથા પાઠશાળા ખાતે દર વર્ષે રૂા. ૧૦ હજાર એવા પાંચ વર્ષના નામ લખાયા. પ્રભાવનાઓ, પહેરામણીઓ, આંગી-રાત્રિના ભાવના વગેરેનો ભારે જલસો જામેલો. પર્યુષણામાં બાજુમાં શ્રીનગર સંઘનો બહુ આગ્રહ હોઈ એક મુનિને જન્મ-વાંચન કરવા મોકલેલા તેથી ત્યાં પણ ભારે ઉત્સાહ વધ્યો અને સ્વપ્નાની મોટી ઉછરામણી થઈ. પર્યુષણા બાદ ચિંતામણિ સંઘની દેરાસરની પહેલીજ વાર યાદગાર ચૈત્યપરિપાટી તે લગભગ ૪૦૦ જણની પગે ચાલીને સંઘયાત્રા નીકળી. મલાડ દર્શન કરી કાંદીવલી ચૈત્યસ્પર્શના પછી ચાહ-દૂધ-સેવપુરી, મોહનથાળનો અલ્પાહાર

અપાયો. બાદ જાંબલીગલી દોલતનગર દર્શન કરી દેરાસર દેરાસરે ઠાઠથી ચૈત્યવંદન વગેરે થયું. સ્કૂલમાં પૂ.શ્રીએ ૧૦૦૦ માણસને રોચક પ્રવચન આપ્યું. આ સંઘયાત્રાનો લાભ લેનાર બે ભાઈને હારતોરા પહેરાવવા રૂા. ૪૫૦૦નો ચડાવો થયો. બાદ બુંદી, પપૈયાનું અથાણું, ખમણ વગેરેથી સાધર્મિક ભક્તિ થઈ. બે ભાગ્યશાળીઓ તરફથી સંઘપૂજન થયું. એકંદરે તપસ્યા ઉપજ વગેરે ગોરેગામ સંઘમાં અભૂતપૂર્વ થયું.

● **અંધેરી :** અત્રે ગામમાંથી કરમચંદ હોલમાં પૂ. ગણિવર્ય શ્રી નિત્યાનંદ વિજયજી મહારાજે પધારી પર્યુષણા આરાધના ભવ્ય કરાવી. એઓશ્રીને ૧૦૦મી વર્ધમાન આંબેલ તપ ઓળી ચાલુ છે. પૂ.સ્વ. ગુરુદેવ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના નિમિત્તે કરેલ બે માસક્ષમણ વર્ષની ૯ અઠ્ઠાઈમાં ૯ અઠ્ઠાઈઓ વીસસ્થાનક તપ સાથે હવે ૧૦૦ ઓળી પૂર્ણ થવાની. મહાન તપસ્યાઓ ની અનુમોદના નિમિત્તે ભવ્ય ઉજમણું રંગોળી વગેરે સહિત ૧૭ દિવસનો જિનેન્દ્ર-ભક્તિ મહોત્સવ થવાનો છે. સ્વ.પૂ.ગુરુદેવશ્રી આ.શ્રી વિજય જંબુસૂરીશ્વરજી મહારાજના નિમિત્તે પણ એમણે મહાન તપસ્યાઓ કહેલી તે પણ ચાલુ છે.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૫,અંક-૬,તા.૯-૧૦-૧૯૭૬

● **અમલનેર :** અત્રે પૂ.આ.શ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**ની નિશ્રામાં શ્રી અમલનેર જૈન સંઘ તથા કલકત્તાવાળા શ્રી ચંપકલાલ ભણશાલી તરફથી આસો સુદ ૧૧ ઉપધાન તપની સુંદર શરૂઆત થઈ. ઉપધાન આરાધના આયોજનનું મદ્રાસવાળા શ્રી કેવળચંદજી ખટોડે ઉદ્ઘાટન નાણમાં ભગવાન પધરાવીને તથા દીપક પ્રગટાવીને કરેલ. પહેલા મુહૂર્તમાં ૨૨૫ ઉપર આરાધકો જોડાયેલ છે. એમાં ૧૦ નાના બાળકો અને કેટલીય બાલિકાઓ પણ છે. અત્રે પૂજ્યશ્રીને મદ્રાસ લઈ જવા મદ્રાસ સંઘના અગ્રણીઓએ આવી ખૂબ જ આગ્રહ ભરી વિનંતી કરી. બે દિવસ સુધી વિનંતી કરતા રહ્યા અને વર્ષોની માગણી હવે સંતોષવા ભાવભરી અરજ કરી. વિનંતી કરતાં શ્રી કેવળચંદજી વગેરેના આંખમાં આંસુ આવી ગયા. માહ માસમાં થનાર ઉ. મહારાષ્ટ્રના આગેવાનોની દીક્ષા માલેગામ થાય ? કે અમલનેર ? યા પાચોરા ? એ માટે ત્રણ ગામના સંઘો અત્રે એકત્રિત થઈ પૂજ્યશ્રી પાસે પોતપોતાના ગામમાં દીક્ષાઓ કરવી ખૂબ જ તાણા તાણ કરતા રહ્યા. એનો અંતિમ નિર્ણય પૂનામાં બિરાજમાન ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ પાસે થવા વકી છે.



## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૫,અંક-૮,તા.૨૩-૧૦-૧૯૭૬

● **અમલનેર :** અત્રે આસો ઓળીમાં મદ્રાસ જૈન શ્વે. મૂ. સંઘનું ડેપ્યુટેશન પૂ. આ. **શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.** ને વિશાળ પરિવાર સાથે મદ્રાસ આગામી ચાતુર્માસ અર્થે પધારવા વિનંતી કરવા આવ્યું. એમાં ઉગ્ર તપસ્વી મોટી વર્ધમાન આયંબિલ તપની ઓળીઓ એકાંતરે ઉપવાસથી ઠામચોવિહાર તપ કરનાર લાખોપતિ શ્રી સેસમલજી પંડ્યા, દાનવીર અને લગભગ ૨૮૩ ગામોમાં પોતાના ખર્ચે નવપદજી ઓળી-પારણાં કરાવનાર શ્રી કેવળચંદજી ખરોડ, છેલ્લા ૧૭-૧૮ વર્ષથી કરતા આજે ૩૨૨મી અઠ્ઠાઈ અભિગ્રહ સાથે કરનાર કઠોર તપસ્વી ગુમાનમલજી, પં. શ્રી કુંવરજી માસ્તર વગેરેએ પૂજ્યશ્રીને મદ્રાસ પધારવા ખૂબ જોરદાર આગ્રહ કર્યો, મદ્રાસની લગભગ ૨૫૦૦૦ જૈનોની વસ્તીમાં સુવિહિત સંયમી અમે વૈરાગ્યભરી શાસ્ત્રાનુસારી વ્યાખ્યાનવાણી વરસાવનારના અભાવે શ્રદ્ધાબળ-આરાધના બળ વગેરેમાં કથળતી દુઃખદ સ્થિતિનું ગદ્ગદ શબ્દોમાં બયાન કર્યું. એ બોલ્યા 'સાહેબ ! મદ્રાસ સંઘના ઈતિહાસમાં અમે પહેલીવાર આટલે દૂર વિનંતી કરવા આવ્યા છીએ તે સંઘમાં ધર્મની રક્ષા આરાધના પ્રભાવના વધે એ માટે, ઈતરોમાં શાસન પ્રભાવના તથા આસપાસ બેંગલોર વગેરેમાં પણ પ્રભાવના મહાન થશે માટે જરૂર આ ચોમાસા બાદ પધારો. આપ પધારતા હો તો અત્રેથી લગભગ ૪૦૦ માઈલ કુળપાકજી મહાતીર્થનો યાત્રા સંઘ કાઢીએ. જેથી આપના સંયમ જીવનને દોષ ન લાગે. ત્યાંથી મદ્રાસ બહું દૂર નથી.

મદ્રાસનું આ ડેપ્યુટેશન અત્રે શરૂ થયેલ લગભગ પોણા ત્રણસો જણના ઉપધાનમાં ૮ વરસથી માંડી ૧૩-૧૪ વર્ષ સુધીની વયના ૧૦-૧૨ બાળકો તથા ૭ વર્ષથી માંડી ૧૪/૧૫ વર્ષની વય સુધીની ૩૦ બાળિકાઓને એકાંતરે ઉપવાસ-નીવીથી બધી ક્રિયાઓ હસતા ખીલતા કરતા જોઈ ખૂબ પ્રભાવિત થયો સંઘપૂજન કર્યું.

આસો સુ. ૧૪ શ્રી ગુમાનમલજીને અઠ્ઠાઈના છેલ્લા દિવસે પાણી વાપરવાનો અભિગ્રહ પૂરવા ઉપધાનવાહીઓ અને બીજાઓમાં નસીબની ભારે અજમાયશ ચાલી. એમાં નડિયાદના બીજું ઉપધાન (પાંત્રીસુ) કરનાર માત્ર ૮ાા વર્ષની વયના બાળ કુમારપાળને આવા ૩૨૨મી અઠ્ઠાઈ કરનાર મહાતપસ્વીને પાણી વપરાવવાનો લાભ મળ્યો. એમને બીજે દિવસે અઠ્ઠાઈના પારણે આયંબિલમાં પણ અભિગ્રહ પૂરવા ભારે અજમાયશ ચાલી તે ઠેઠ ૨-૨ાા વાગે દ્રવ્યથી મગનું પાણી, ક્ષેત્રથી ઉપધાન મંડપમાં કાયમી સાર્ધપોરિસી બાદ ભાવથી 'મને લાભ આપો' એમ બોલતાં

શ્રીનેમિચંદજી કોઠારીના ૧૩-૧૪ વર્ષના બાળ ઉપધાનવાહી રાજેશકુમારથી અભિગ્રહ પૂરાયો.

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૨૫,અંક-૯,તા.૬-૧૧-૧૯૭૬

● **ઈડર :** અત્રે બિરાજમાન પૂ.પં.શ્રી સ્થૂલભદ્રવિજયજી મહારાજની વ્યાખ્યાન શૈલી શાસ્ત્રીય દૃષ્ટાંતો દ્વારા જ શાસ્ત્રીય વ્યાખ્યાન છતાં સાંભળનારાને નિરસતા ન આવે એ કળા આનંદી સ્વભાવ, ત્યાગ, તપ, ક્રિયારૂચિ, શાસન પ્રભાવક્તા, વિદ્વતા, વિશુદ્ધ બ્રહ્મચારિતા આદિ ગુણો બાલ વૃદ્ધ યુવાનોના મનનું આકર્ષણરૂપ બન્યા છે. આવી વ્યાખ્યાનશૈલીના પ્રભાવે આ.વદ ૨ના શ્રી ભક્તામરપૂજન ખૂબ સુંદર ઉલ્લાસ-ઉત્સાહમય વાતાવરણ વચ્ચે થયું. પોતાના પહેરવાના દાગીનામાં ૧૮ તોલા સોનું ૩૨ તોલા ચાંદી અને ૭૦૦રૂા. રોકડા ફક્ત ઈડર ગામવાળાએ જ આભૂષણ પૂજામાં ચઢાવ્યા. નાના બાબા-બેબીઓ પણ કોઈ જ આભૂષણપૂજામાં બાકી રહ્યું નથી. પૂજ્યશ્રીની સમજાવવાની શક્તિ ગજબની છે.

● **અમલનેર :** અત્રે ઉપધાન સુંદર ચાલી રહેલ છે. એમાં ડઝન બાળકો અને ત્રીસેક બાળિકાઓ પણ આરાધના સારી કરી રહેલ છે. ૮ થી ૨૪ વર્ષની ઉંમરના બાળકોને સમૂહમાં ૧૦૦ લોગસ્સનો કાયોત્સર્ગ, ૧૦૦ ખમાસમણાં, પડિલેહણ દેવવંદન, જાપ વગેરે કરતા જોઈને જૈનશાસનના બલિહારી પર ઓવારી જવાનું મન થઈ આવે છે. સુદ ૭-૮ બાળકોએ છઠ્ઠ કરેલ, છતાં હરતા ફરતા ખીલેલા ફૂલડા જેવા શોભી રહ્યા હતા. બાળિકાઓથી પણ બેનોમાં રોનક ઓર વધી રહી છે. ૧૦ વર્ષમાં નવ લાખ નવકાર અને ૫૦૦ આંબેલના અભિગ્રહો સારા થયાં. માગશર સુદ ૧ માળારોપણ છે.

**ગોરેગામ :** અત્રે ચિંતામણિ પાર્શ્વનાથ સંઘમાં પૂ.મુ.શ્રી વિશ્વાનંદવિજયજી મહારાજના વિશિષ્ટ માર્ગદર્શનથી ૯ લાખ નવકારના નિયમ કરવાનું ખાસ આયોજન થયું. સેંકડો જણાએ એ નિયમ કર્યા. તે પછી તો ઘેર ઘેર નવરા પડ્યા કે નવકારવાળી ગણવાનું શરૂ થઈ ગયું છે. નવા નવા માણસો આવી આવીને આ નિયમ લઈ જાય છે. દીવાળીમાં ૬ દિવસની ધાર્મિક શિબિર થઈ એમાં જૈન તત્ત્વજ્ઞાન-કર્મવાદ-જીવવિચાર-અભક્ષ્યાદિની સમજ તથા દેરાસરની વિધિ વગેરે પર પ્રવચનો થયાં. સામાયિક પ્રતિક્રમણ અને તિથિએ સ્નાત્ર ભણાવાય એમાં પ્રભાવના નક્કી થઈ. લગભગ ૨૫૦ છાત્ર-છાત્રાઓ સ્નાત્ર ભણાવતા થઈ ગયા.



“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૨૫,અંક-૧૦,તા.૧૩-૧૧-૧૯૭૬

● **ગોરેગામ :** અત્રે ચિંતામણિ પાર્શ્વનાથ જૈન સંઘમાં પૂ.મુનિશ્રી વિશ્વાનંદ વિજયજીના ચાતુર્માસથી અભૂતપૂર્વ આરાધનાઓ થઈ. દીવાળીમાં ૧૧થી૧૬ વર્ષની વયના વીસેક તો બાળકોએ છઠ્ઠનો તપ પોષધ કરી જાપ વગેરે આરાધના કરી, જે અહીં માટે તદ્દન નવું જ બન્યું. ચૈત્યપરિપાટી વર્ધમાન તપ પાયા વગેરે અનેરું થયું. સુકૃતમાં આ ચોમાસામાં લગભગ દોઢ લાખ રૂા. ખર્ચાયા હશે.

● **અમદાવાદ :** અત્રે સરસપુરમાં પૂ. મુનિરાજશ્રી પ્રભાકર વિજયજી મહારાજે સંઘની રોનક ફેરવી નાખી. બાપુનગર યાત્રાસંઘમાં ૮૦૦ માણસ થયેલ, ૩ સાધર્મિક વાત્સલ્ય થયા. દશેરાએ જિનબિંબ સ્થાપના નિમિત્તે વરઘોડાની ઉપજ સ્વપ્નાની ઉપજ કરતાં ય વધી ગઈ. વરઘોડો બેન્ડબાજા, ઊંટગાડીઓ, બગીઓ વગેરે ઉપરાંત વીરસૈનિકોથી ખૂબ જ શોભી ઊઠ્યો. પાઠશાળા ચાલુ થઈ એમાં રાતના મોટાઓ પણ ભણવા આવે છે. વર્ધમાન આંબેલ તપના પાયા ૩૬ જણે નાખ્યા.

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૨૫,અંક-૧૧,તા.૨૦-૧૧-૧૯૭૬

● **અમલનેર :** અત્રે પૂ.**આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી**ને ચારેક માસથી પેટનો ફુગાવો ચોવીસે કલાક રહેતો હતો એથી અરુચિ, શરીરમાં જડતા અને પેશાબમાં લાલાશ પણ રહેતી. પહેલા પેટમાં ગેસની તકલીફના ઈલાજ કરાવ્યા, કિન્તુ સ્વસ્થતા નહિ, પછી શરદીના ઈલાજ અને પછી કીડનીના ઈલાજ કરાયા, એમ ત્રણ માસ વીત્યા પણ આરામ નહિ. ડૉક્ટરોએ જરૂરી રીપોર્ટો લીધા, ફોટા લીધા, બેરિયમ ટેસ્ટ, એનિમા ટેસ્ટ કર્યા પણ રિપોર્ટમાં અસાધારણ વ્યાધિ જેવું કશું આવ્યું નહિ. ત્યારે મુંબઈ તપાસ માટે જવાની વાત થઈ. પણ મુંબઈથી ટાટા હૉસ્પિટલના ડૉ. સરવૈયાને લાવવામાં આવ્યા અને એમણે બધી તપાસ કરતાં એવું નિદાન કર્યું કે ‘૮ વર્ષ પહેલાં મોટો કમળો થયેલો ને પછી પણ કમળાની અસર થયેલી તેથી લીવરના તંતુ નબળા પડી ગયેલા, ખોરાકમાંથી રસને લોહીમાં ભેળવી શકતા નથી. એથી પેટનો ફુગાવો રહે છે. હવે દવા સાથે ખાસ ફ્રુટનો ઉપયોગ કરવો જ પડે. બાકી હાલ મુંબઈ તપાસ માટે આવવા જેવું કાંઈ નથી.’ હવે પૂજ્યશ્રીને એમના ઉપચાર ચાલે છે. એથી એક લાભ એ થયો કે બાર માસથી પૂજ્ય આચાર્યદેવશ્રીને અવાજ ઘોઘરો રહેતો હતો અને એ કારણે અમદાવાદ સ્વરનાડી

૫ર મસાનું ઓપરેશન કરાવવું પડેલ, તે અવાજ હવે ખુલ્યો છે. પેટનો ફુગાવો હજી ચાલુ છે દવા ઉપચારથી એમાં આરામ આવવાની આશા રહે છે. વ્યાખ્યાન ચાલુ છે. ઉપધાનવાહી સુયોગ્ય આત્માઓને સંસારત્યાગની ભાવના વધતી છે. ઉપધાન હવે પૂર્ણ થવા આવ્યા છે. કા.વદ ૧૪ માળની બોલી બોલવાનું, કા. ૦)) સવારે ૯ વાગે ૨૦૦ માળનો વરઘોડો, તથા માગશર સુદ ૧ સવારે માળારોપણ, ને બપોરે શાંતિસ્નાત્ર નક્કી થયેલ છે. નૂતન દેરાસરનું પણ કામ તડામાર ચાલી રહેલ છે, ને મહા સુદ ૧૩ અત્રે મહારાષ્ટ્રના ત્રણ આગેવાનો સહિત સંખ્યાબંધ મુમુક્ષુઓની દીક્ષાના અતિભવ્ય પ્રસંગને અનુલક્ષીને ભવ્ય આયોજન અંગે જોરદાર વિચારણાઓ ચાલી છે; કેમકે સાંભળવા મળે છે કે મદ્રાસવાળા તો સ્પેશિયલ ટ્રેન લઈને આ પ્રસંગ પર આવવા વિચારી રહ્યા છે. એમ બીજેથી બસો ભરીને આવવાના સમાચાર છે. લગભગ ૧૦૦ સાધુ મહારાજ ૧૨૫ સાધ્વીજી મહારાજો ઉપસ્થિત થવા સંભવ છે. એ પ્રમાણે અતિ વિશાળ માનવમેદની થાય એને પહોંચી વળવા ને બધાને પૂરી સગવડો આપી શકાય અને મહાન ભક્તિનો લાભ મળે એ માટે અમલનેર સંઘ સ્કૂલો તથા વિશાળ કૉલેજોના કારભારીઓએ પાંચ દિવસ કૉલેજો બંધ રાખી મકાનોની સગવડ આપવા મંજૂર કર્યું છે. પરમશાસન પ્રભાવક પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબનો અત્રે પધારવા પૂનાથી આ તરફ વિહાર નક્કી થઈ ગયો છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૫,અંક-૧૨,તા.૨૭-૧૧-૧૯૭૬

● **અમલનેર :** કલકત્તાના ઉદારદિલ મુમુક્ષુ શ્રેષ્ઠિવર્ય શ્રી ચંપકલાલ હરજીવનભાઈ ભણશાળી (પોરબંદરવાળા)ના તથા અમલનેર શ્રી જૈન સંઘના સહયોગથી શરૂ થયેલ ૨૭૫ આરાધકો સહિતના ઉપધાન તપ ઘણાં જ ઉત્સાહ મંગલમય વાતાવરણમાં પૂર્ણ થયા તે નિમિત્તે મણીબહેન હરજીવનદાસ મશ્કરીયાના શ્રેયાર્થે તેમના સુપુત્રો તરફથી પચાન્હિકા મહોત્સવ ઉજવાયેલ. મુંબઈથી શ્રી કુમારપાળ નાનુભાઈ ઝવેરી પોતાની સંગીત મંડળી સાથે પધારેલ, ભક્તિમાં અપૂર્વ રંગ જમાવ્યો હતો.

**"ભવ્ય શોભાયાત્રા"** ૨૭૫ તપસ્વીઓમાં ૧૯૫ જેટલી માળાઓ હતી અમલનેરના આંગણે ઘણાં જ લાંબા સમયે પ્રથમવાર જ ઉપધાન તપ થતું હોવાથી તેમજ પર્વાધિરાજશ્રી પર્યુષણા મહાપર્વમાં અપૂર્વ તપશ્ચર્યાની આજુબાજુના પ્રદેશોમાં ધર્મમય વાતાવરણ ફેલાયેલ. માળાઓની ઉછામણી પણ ધાર્યા કરતા અકલ્પનીય ઉત્સાહજનક થયેલ. કા. વ. ૦))ની સવારે ૯ વાગે માળનો ૧ાા કી.મી. જેટલો લાંબો વિશાળ-વિરાટ-રંગબેરંગી ધ્વજા પતાકા, સાંબેલાઓ, નિશાનડંકા રાસ, ગરબા-સંગીત મંડળો, સાજન, ત્રણ ચાંદીના ભવ્ય રથો અને જિનભક્તિનો નાદ ગજાવતા જય જયકારોના ગુંજારવથી ગગનમંડળ ગર્જી ઉઠ્યું હતું. આજુબાજુના ગામોમાંથી સેંકડો લોકો ઊમટી પડેલા. શહેરના રાજમાર્ગો, અટારીઓ માનવમેદનીથી એટલી ખીચોખીચ ભરાયેલ કે જાણે કીડીયારું જન ઉભરાયું હોય ! ચાર કલાક સુધી ચાલેલી આ માળાની શોભાયાત્રા અમલનેરના ઇતિહાસમાં અજોડ કહી શકાય એવો આ અદ્ભુત વરઘોડો હતો, રાત્રે વિશાળ પટાંગણમાં શ્રી ચંપકભાઈ ભણશાળી તથા અન્ય કાર્યકરો અને તપસ્વીઓનું માલેગામના શ્રાદ્ધરત્ન મુમુક્ષુ શ્રેષ્ઠીવર્ય શ્રી કાંતીલાલ વીરચંદ વકીલના પ્રમુખસ્થાને બહુમાન સમારોહ યોજાયેલ જેનું સફળ સંચાલન નરેન્દ્ર કામદારે કરેલ. આ બહુમાન સમારંભમાં માલેગામના આગેવાન કાર્યકર્તા શ્રેષ્ઠિવર્ય શ્રી મોતીલાલ વીરચંદ શિબિરના ભૂતપૂર્વ સંચાલક અને અમેરિકાથી અત્રે આવેલા શ્રી પ્રવીણચંદ્ર સી. શાહ, કુમારપાળ વિ. શાહ, શ્રી નેમિચંદ્ર માંગીલાલજી, ભાવનગરના શ્રી રાજુભાઈ, શ્રી વાલજીભાઈ સુખડવાળા, પ્રકાશ જૈન ગારીઆધારકર નરેન્દ્ર કામદાર વિ. કાર્યકર્તાઓએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરેલ અને શ્રી ચંપકભાઈ ભણશાળી. શ્રી ગિરિશભાઈ ભણશાળી તથા મહા સુદી ૧૩ના પ્રવ્રજ્યા અંગીકાર કરી રહેલાં પાંચોરાના શ્રેષ્ઠીવર્ય શ્રી ૐકારમલ પૂનમચંદજી. ભાવનગરના શ્રી વીરેન્દ્રકુમાર લહેરચંદ શાહ તથા શ્રી નેમીચંદભાઈ વિ.નું બહુમાન કરવામાં આવેલ. અત્રે શ્રી શીતલનાથજી નૂતન જિનાલયનું તડામાર તૈયારીથી નિર્માણ થઈ રહ્યું છે. આગામી મહા સુદિમાં થનારી દીક્ષાઓ પ્રસંગને ઉજમાળ બનાવવા ગચ્છાધિપતિ સમર્થ વ્યાખ્યાન શાસન પ્રભાવક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા. પૂનાથી, યેવલાથી પૂ. આ. શ્રી ત્રિલાચનસૂરિજી મ., માલેગામથી પૂ. આ. શ્રી હીરસૂરિજી મ. સા. નાસીકથી પૂ. આ. શ્રી મુક્તિચંદ્ર સુરિજી મ, ઝઘડિયાથી પ્રખર વ્યાખ્યાતા પૂ. મુનિશ્રી ચંદ્રશેખર વિ. મ. આદિ વિશાળ મુનિગણ અમલનેર તરફ પધારનાર છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૫,અંક-૧૩,તા.૪-૧૨-૧૯૭૬

● **અમલનેર :** અત્રે પૂ. આ. શ્રી **વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**ને પેટના ફુગાવા અંગે લીવરની નબળાઇનાં નિદાન પર દવા-ઉપચાર ચાલ્યા પછી એમાં ફરક ન પડવાથી મુંબઈથી કન્સલ્ટીંગ ડૉ. ભુપેન્દ્ર વકીલ અને રેડિયોલોજિસ્ટ

ડૉ. ઝવેરીને ગત રવિવારે કલકત્તાવાળા ચંપકભાઈ તથા સુરચંદભાઈ અને બંસીભાઈના પ્રયત્નથી અત્રે લાવવામાં આવ્યા. એમણે પૂર્વના બધા રિપોર્ટ જોયા. ઠેઠ બાલપણથી થયેલ રોગોની વિગત સાંભળી અને શારીરિક બધી તપાસ કરી તથા તત્કાલ ૭-૮ ફોટાઓ લીધા, સાથે અત્રેના સેવાભાવે તપાસ અને ઉપચાર કરનાર M.D. ડૉ. સર્જનો તથા બીજા ડૉક્ટરો ઉપસ્થિત હતા. અંતે વકીલ ડૉક્ટરે નિર્ણય આપ્યો કે બધું બરાબર છે. માત્ર ગેસની તકલીફ છે, અને પ્રોટીનની ઓછાશના લીધે છે. દવા અને દૂધના સારા ઉપયોગથી ગેસ કાબૂમાં આવી જશે. કોઈ ચિતા કરવાનું કારણ નથી, તેમજ મુંબઈ તપાસ માટે આવવાની કશી જરૂર નથી. આ નિર્ણય સાંભળી અત્રેના ડૉક્ટરો તથા પૂ. મુનિરાજો અને શ્રીસંઘના મન ફોરા થઈ ગયા. તથા પૂજ્યશ્રીને ખાસ ચિંતાજનક વ્યાધિ ન હોવાનું જાણતા આનંદ આનંદ છવાઈ ગયો.

અત્રે મહા સુદ ૧૩ની મહાન દીક્ષાઓ અંગે મોટા પાયા પર આયોજનો હોઈ, કાર્યવાહક સમિતિઓ નિમાઈ ગઈ છે. કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. બહાર ગામેગામથી પણ સ્વયંસેવકો બોલાવવાના છે, કેમકે બહારથી ઓછામાં ઓછું ૨૫ હજાર માણસ આવવાની ગણતરી છે, એક મોટા કોંગ્રેસના અધિવેશન જેવું થવાનું ભારતભરમાંથી લોકો આવવાના, અને તેમાં પણ બહુ મોટા મોટા માણસો પણ, અને સેંકડો કુટુંબના કુટુંબ પણ આવવાના, એમના નિવાસ તથા બીજી બધી સગવડો અંગે કૉલેજ વગેરેના મકાનો તંબુઓ ઇત્યાદિની ગોઠવણો થવાની છે.

પૂ. મોટા આચાર્ય મહારાજાના પ્રમુખપદે ૫ આચાર્ય મહારાજો, વળી ૧૦૦ મુનિઓ, ૧૫૦ સાધ્વીઓ લગભગ આ પ્રસંગે ઉપસ્થિત થવાના, અમલનેર નગર જ શું ઉત્તર મહારાષ્ટ્ર આખું ઉલટવાનું એટલે લાખ પોણો લાખ લગભગ માનવમેદની વચ્ચે દીક્ષાર્થીઓનો ઉત્સવ, મેળાવડા વરઘોડો અને દીક્ષાઓ થવાની.

આવો પ્રસંગ કદાચ આગામી ૧૦૦ વર્ષમાં ન આવે. કેમકે આમાં ત્રણ તો મહારાષ્ટ્રના આગેવાનો છે. એક વકીલ અને બીજા બે શાહ સોદાગરો, આમની સાથે બીજી અનેક દીક્ષાઓ છે. આ અતિભવ્ય સમારોહમાં દીક્ષા લેનારાના ભાગ્યની અવધિ ન મપાય માટે બહારના મુમુક્ષુઓની દીક્ષા પણ અત્રે કરવાનું નક્કી કર્યાના પત્ર આવી રહ્યા છે.

ચારેકોર આની હવા એટલી બધી પ્રસરી ગઈ છે કે, 'અમલનેર જવું છે,' નો નાદ ચાલ્યો છે. મદ્રાસવાળા સ્પેશિયલ ટ્રેન લઈને જ આવવા ધારે છે. બીજા ગામવાળા બસો કરીને આવવા ધારે છે...



**અગત્યના સમાચાર**

"પૂ. આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ. સા. શ્રીને મુંબઈથી "ડૉ. ભૂપેન્દ્રભાઈ વકીલ" તથા "ડૉ. ઝવેરી" (રેડીઓલોજીસ્ટ)એ આવી ખૂબ જ ઝીણવટથી તપાસ્યા, નવા એક્ષ-રે વગેરે લીધા અને અંતે નિદાન કર્યું છે કે તેઓશ્રીને કોઈ જ **ચિંતાજનક દર્દ નથી** ફક્ત ગેસની તકલીફ પેટને પીડા કરે છે, સવાર સાંજ થોડું ચાલવાથી તથા સૂચવેલી દવાઓ લેવાથી ચોક્કસ સારું થઈ જશે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૫,અંક-૧૪,તા.૧૧-૧૨-૧૯૭૬

## લગ્નોત્સવ નહિ પણ ધર્મોત્સવ

● **નાસિક :** અત્રેના મૂળ સ્થાનકવાસી પરિવારના પરંતુ મહારાષ્ટ્ર કેસરી પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી મૂર્તિપૂજક બનેલ અને પોતાને ત્યાં ગૃહમંદિર સ્થાપનાર પ્રસિદ્ધ એડવોકેટ શ્રી પારસમલ ધનરાજજી બોરા વકીલે અદ્ભુત શાસનપ્રેમ દાખવ્યો. પોતાની સુપુત્રી સુનંદાકુમારીના લગ્નપ્રસંગને અત્યંત ગૌણ કરી એ વખતે અનેક ધર્મ પ્રસંગોને ચમકાવ્યા અરે ! કુમકુમ પત્રિકામાં વકીલ સાહેબની સુબુદ્ધિ ગજબ કામ કરી ગઈ. પાંચ પાનાના ફોલ્ડવાળી આ પત્રિકામાં પહેલા ચાર પાનામાં (૧) પંચાહ્નિકા જિનેન્દ્રભક્તિ મહોત્સવ (૨) શ્રી બોરા વકીલના સજોડે થાવજ્જીવ બ્રહ્મચર્ય વ્રતોચ્ચારણનો ઉત્સવ, તથા (૩) મહા સુદ ૧૩ દીક્ષા લેનાર મહારાષ્ટ્રના આગેવાનો શ્રી કાન્તિલાલ વકીલ વગેરેના દીક્ષા-અભિનંદન સમારોહના આમંત્રણ લખાણ, અને છેલ્લે પાને ખૂબ જ ટુંકાણમાં લગ્નપ્રસંગનું નિમંત્રણ છપાયેલ.

શ્રી બોરા વકીલને જમાઈ મળેલા વિનોદકુમાર, તે મેસર્સ નેમિચંદ મિશ્રીલાલવાળા દીક્ષાર્થી નેમિચંદભાઈના સુપુત્ર થાય. નેમિચંદભાઈએ વેવાઈ બોરા વકીલને સ્પષ્ટ કહેલું કે આ લગ્ન પ્રસંગમાં રાત્રિભોજન બિલકુલ ન થવું જોઈએ. વકીલ કહે 'પણ મારે ત્યાં તો સેશન્સ જજો મેજિસ્ટ્રેટો વકીલો વગેરે પણ આવવાના, એમનો તો મારે રાત્રે સત્કાર કરવો પડે ને ? 'નેમિચંદભાઈ કહે 'તમારે એમનું મોં સાચવવાનું છે ? કે વેવાઈનું ? તરત વકીલ બોલ્યા કે 'તમારું, ને સમારોહમાં રાત્રિભોજન તદ્દન બંધનું નક્કી કરેલ.

માગશર સુદ ૯ ના લગ્ન પૂર્વે જિનેન્દ્રભક્તિ મહોત્સવ શાન્તિસ્નાત્ર સહિત આયોજાયેલ. સવારના પ્રખર વ્યાખ્યાતા પૂ. આચાર્યદેવશ્રી વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી

મ.ના તત્ત્વરસ ઝરતાં પ્રેરક પ્રવચનો ચાલતાં. બપોરે પૂજા રાત્રે ભાવનામાં ભક્તિ સંગીતની રમઝટ મચતી. મા સુ. ૮-૯ બહારથી પણ ઘણું માણસ આવેલ એ અને સ્થાનિક જનો માટેના જમણમાં સાંજે પાાા વાગતા પહેલાં રસોડું જમણ તદ્દન બંધ થઈ જતું. પાણિગ્રહણ અને સત્કાર વખતે પણ કોઈ પણ જાતનાં પીણાં અરે ! પાણી પણ નહિ પીરસાયેલ. જાનૈયા અને માંડવિયામાં સંખ્યાબંધ એકાસણાવાળા હતા. આવાં મંડપમાં કે ભોજન સમયે બીડી સિગરેટ નજરે પડવાની તો વાતે ય શી ?

માગશર સુદ ૯ સવારે ચતુર્વિધ સંઘની સભામાં વકીલ શ્રી પારસમલજી બોરાએ તથા એમના સુશીલ ધર્મપત્ની શ્રીમતી સુગનભાઈએ નાણ સમક્ષ પૂ. આચાર્યદેવશ્રીની પાસે યાવજ્જીવનું બ્રહ્મચર્ય વ્રત વિધિ સહિત ઉચ્ચર્યું સાથે મુંબઈ કાંદીવલીવાસી શ્રી વાડીભાઈએ પણ સજોડે વ્રત ઉચ્ચર્યું. આ પ્રસંગમાં અન્ય ભાઈ-બેનોએ પણ ધારણા અભિગ્રહ કર્યા સાંજના લગ્નના વરઘોડામાં સાજન બહુ વિશાલ હતું પણ કશો જ ઠાઠ-ઠઠારો નહિ. જ્યારે આગલા દિવસે પ્રભુજીનો વરઘોડો અનેક સજાવટોથી શાનદાર ચડેલો. શ્રાવક પરલોક પ્રધાન દૃષ્ટિવાળો હોય એ આમાં તરી આવતું.

જ્યાં લગ્નવિધિ થવાની હતી એ શણગારેલો વિશાળ મંડપ તો ધર્મોત્સવનો જ મંડપ દેખાતો હતો કેમકે માત્ર એક ખૂણામાં વરવધુને ગોરે જૈનવિધિથી 'મંગલ ભગવાન વીરો.,' 'સર્વમંગલમાંગલ્ય...' વગેરે શ્લોકો સાથે મંત્ર ભણી બહુ સાદાઈથી ટૂંકા સમયમાં પાણિગ્રહણ પતાવેલાં, અને પછી દીર્ઘ સમય સુધી દીક્ષાભિનંદન ચાલેલા મંડપના વિશાલ ભાગમાં આશીર્વાદ માટે વર-વધુને સ્ટેજ પર નીચે પાટલા પર બેસાડેલા ત્યારે સભાના અધ્યક્ષ દાનવીર શેઠ ઉત્તમચંદ આનંદરામજી સમદડિયા મંચરવાળા અને દીક્ષાર્થીઓ માલેગામના શ્રી કાન્તિભાઈ વકીલ અમલનેરના શાહ સોદાગર શ્રી નેમિચંદ કોઠારી અને પાચોરાના મોટા વેપારી શ્રી ઓંકારમલજી અર્હત્પુજનવાળાને બહુમાન અભિનંદન કરવા ઊંચા આસને બેસાડેલ, ભોગનું સ્થાન નીચે અને ત્યાગનું સ્થાન ઊંચે એ પ્રતીત થતું હતું. સત્કાર સમારંભનું સંચાલન શ્રી બોરા વકીલ તથા નરેન્દ્ર કામદારે સંભાળેલું.

પ્રારંભે નવવધુ શ્રી સુનંદાકુમારીએ જૈનધર્મની મહાનતા અને દીક્ષાની પ્રધાનતાને પોકારતા સલોકો ગાયેલા. પછી વરરાજા વિનોદકુમારે પોતાના વક્તવ્યમાં કહ્યું કે "માનવ જીવનની સાર્થકતા માટે ત્યાગ માર્ગ જ શ્રેષ્ઠ માર્ગ છે. મારા પિતાજી ટૂંક સમયમાં દીક્ષા ગ્રહણ કરવાના છે અને મારા સસરાજી તથા સાસુજીએ



અર્ધી દીક્ષા સમાન ચતુર્થવ્રત સ્વીકારેલ છે, અમો અમારા જીવનમાં ધર્મ અને ધર્મકરણીને સદા પ્રાધાન્ય આપીશું ને મારા પૂ. પિતાજીને આજે હું વિનંતી કરું છું કે આપ દીક્ષા લેનેવાલે હો. તો હમકો ભી આપ જલદી જલદી અપને પાસ જરૂર બુલા લેના." હમણાં જ પરિણીત વરરાજાના મુખમાંથી આ શબ્દો ઉચ્ચારાતાં સેશન્સ જજ. મેજિસ્ટ્રેટો-વકીલો-ડૉક્ટરો-મિલમાલિક, શાહ સોદાગરો સહિત વિશાળ સભા ધર્મ-આનંદ વિભોર બની ગયેલ સૌના મુખમાંથી 'ધન્ય ! ધન્ય !' શબ્દ સરી પડેલ.

મુમુક્ષુ શ્રી નેમિચંદજી કોઠારીએ સન્માનના જવાબમાં જણાવ્યું કે "મારી દીક્ષા પહેલાં જ પુત્રના લગ્નકાર્ય પતાવવા માટે કુટુંબીજનો તરફથી અસહ્ય દબાણ થતાં મારે આ લગ્ન પ્રસંગમાં ભાગ લેવા ફરજ પડી છે. લગ્ન પ્રસંગની સાથે મુખ્ય તો ધર્મ-ઉત્સવ છે એટલે જ મેં અહીં હાજરી આપી છે. બાદ અન્ય દીક્ષાર્થીઓ તથા પ્રમુખશ્રીના વક્તવ્યો થયેલ. પછી શ્રી નાસિક જૈનસંઘ અને બોરા પરિવાર તરફથી દીક્ષાર્થીઓનું બહુમાન કરી માનપત્ર ફૂલહાર વગેરે અર્પણ થયેલ. અહીં કોઠારી કુટુંબના કુમારી રજ્જુ તથા સ્મિતાબેને મધુર કંઠે મારવાડી ભાષામાં દીક્ષા ગીત રજૂ કરેલ -

**"હે મોરી મા ! કે મોરું મન લાગ્યું રે સંયમમાં.**
**લીલા પીળા વેશ માતા ! મને કો ની (નહિ) ભાવે.**
**ધોળા ધોળા વસ્ત્રો મંગાવો મોરી મા !...**
**ચાંદીના ભાંડા મને કો ની ભાવે,**
**લાલ લાલ પાતરાં મંગાવો મોરી મા !..."**

એકંદરે આખો ય મંડપ ધર્મનાદથી ગાજતો રહ્યો અને આખો ય પ્રસંગ ધર્મઉત્સવોથી મઘમઘી રહેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૫,અંક-૧૬,તા.૨૫-૧૨-૧૯૭૬

## ખંભાતમાં ઉપધાન અને માળારોપણ મહોત્સવથી થયેલ ધર્મની જાહોજલાલી

અત્રે જિનશાળામાં પૂ. તપસ્વી મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મ.ની નિશ્રામાં પૂ. મુનિરાજશ્રી જગવલ્લવિજયજી મ.ના વ્યાખ્યાનોથી સંઘમાં અદ્ભુત જાગૃતિ આવેલી, તેમાં અત્રે શ્રેષ્ઠીવર્ય શ્રી રમણલાલ વજેચંદ તરફથી ઉપધાન તપ કરાવાતાં

ધર્મરંગ ઓર વધી ગયો. ૧૨૨ આરાધકોમાં બાળક-બાળિકાઓ તથા યુવાનોની સંખ્યા તરી આવતી. નીવી કરાવનારાઓની પડાપડી થવાથી છેલ્લે ૪ ભાગે ૧-૧ નીવી આપવી પડેલ. ઉપધાન વખતે અમદાવાદ મુંબઈ વગેરેથી સારી સંખ્યામાં મહેમાનો આવતાં, ઉત્સાહ વધી રહ્યો હતો. શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈએ પણ પધારી જાતે નીવીમાં પીરસી તપસ્વીઓને પગે લાગતા. છોટાઉદેપુરના મહારાજ, તથા શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ, શેઠશ્રી બાબુભાઈ છગનલાલ શ્રોફ, બાબુભાઈ દેવાણવાળા વગેરે પણ પધારેલ. નાના બાળકોની પૂજ્યશ્રી સંભાળ કરી સારો ઉત્સાહ આપતા, તેમજ ઉપધાનવાહીઓને સુંદર પ્રોત્સાહન આપી ક્રિયાઓ શુદ્ધ રીતે કરવા પ્રેરતા.

માળારોપણ મહોત્સવ પ્રસંગે શેઠશ્રી રમણભાઈની વિનંતીથી પૂ. આચાર્યદેવો શ્રી વિજય ભક્તિસૂરીશ્વરજી મ. તથા શ્રી વિજય રવિચંદ્રસૂરીશ્વરજી મ. પધારતાં સંઘે સ્વાગત સમારોહ કરેલ. માગશર સુદ ૬ થી મહોત્સવ શરૂ થયો. સુદ ૮ માળની ઉછરામણી ભારે ઉછરંગથી થતાં રૂા. ૬૦ હજારની રકમ થઈ. બપોરે જૈન ધર્મ આરાધક મંડળે અષ્ટાપદજીની પૂજામાં ભક્તિરસની રેલમછેલ કરી. બીજે દિવસે સવારે શેઠશ્રીના સુપુત્ર-પુત્રવધુ અશોકભાઈ-કૈલાસબેને તથા હેમેન્દ્રભાઈ-વિદ્યાબેને કુંભસ્થાપના અને પાટલાપૂજન કરેલ, અને બપોરે સિદ્ધચક્રપૂજન ભણાવાયું. સુદ ૯નો દિવસ યાદગાર બની ગયો.

આજે માળાનો ભવ્ય વરઘોડો ચડ્યો. તપસ્વીઓ શણગારેલી ૩૫ જેટલી રીક્ષાઓ ૧૫-૨૦ ઘોડાગાડીઓ અને ૫-૬ મોટરોમાં શોભી રહેલ. જીયા બેન્ડ સ્થાનિક બેન્ડે નગર ગજાવેલ, સાંજના પૂ. આચાર્યદેવાદિ ઉપરાંત અમદાવાદથી પધારેલ મિલમાલિકો, ઉદ્યોગપતિઓ, મારકેટના મોટા વેપારીઓ, અમદાવાદ-મુંબઈના અગ્રણીઓ વગેરે તરી આવતા. ગજરાજ પરથી અશોકભાઈ ભોગીલાલ અને રમણલાલ પારેખ વરસીદાન ઉછાળી રહ્યા હતા. બીજા પણ તપસ્વીઓ વર્ષીદાન ઉછાળતા. શ્રી યંગમેન્સ વોલન્ટિયર્સ કોરે ગણવેશમાં દીપી રહેલ, શેઠશ્રી રમણભાઈ તરફથી ખંભાતના પાંચેય સંઘમાં કળીના લાડુ વહેંચાયેલ. રાતના ભવ્ય સન્માન સમારોહમાં શેઠશ્રી રમણલાલ વજેચંદે ઉપધાન કરાવવામાં શ્રી હિંમતલાલ ભીખાભાઈ તથા શ્રી કેશવલાલ તારાચંદે આપેલ ખૂબ સાથ સહકાર તથા ડૉ. આર.જે. મહેતા, તથા કોકિલાબેને આપેલ આરોગ્ય સેવાઓ, તેમજ બીજા કાર્યકરો વગેરેએ આપેલ સેવાઓનું બહુમાન કરેલ. બાદ શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ, શ્રી ભાણાભાઈ, શ્રી ચતુરભાઈ, શ્રી કેશવલાલ વકીલ, શ્રી ભદ્રિકભાઈ વગેરેએ શ્રી રમણભાઈની ઉદારતા અને ભક્તિના તેમજ એમના ધર્મપત્ની શ્રીમતી મંગુબેન તથા સુપુત્રો-



પુત્રવધૂઓ વગેરેએ આપેલ પ્રેરણા-સાથસહકારનાં અભિનંદન કરેલ.

પ્રમુખસ્થાનેથી શેઠશ્રી બાબુભાઈ શ્રોફે જણાવેલ કે આમાં શેઠશ્રી રમણભાઈ ધર્મસંસ્કાર આપનાર એમના સ્વ. માતુશ્રી ચંદનબાને ખાસ અભિનંદન ઘટે છે. બીજું આજે કેટલાકો જે ટીકા કરે છે કે જૈનો ફક્ત ધર્મમાં જ પૈસા ખરચે છે, એમણે સમજવું જોઈએ તે ધર્મી માણસ જાતે મહેનત કરી પૈસા કમાય છે, તો તો એમને પોતાની ઈચ્છા મુજબ ધર્મમાં પૈસા ખરચવાનો હક્ક છે... વગેરે. બાદ સન્માનનો જવાબ વાળતાં શેઠ શ્રી રમણભાઈએ પોતાને ઉપધાન કરાવવાની ભાવના કેમ થઈ તે અંગે જણાવ્યું કે વિ.સં. ૨૦૩૧ વૈશાખ વદ ૧૪ના રાતના સ્વપ્નમાં પૂ. પરમોપકારી આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ તથા પૂ.આ.શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજે મારા માથા પર વાસક્ષેપ નાખ્યો ને આંખ ખુલી ગઈ. બાદ જેઠ સુદ ૧ શ્રી શંખેશ્વરજી જઈ પ્રભુને આ સ્વપ્ન સંભળાવી ત્યાં બિરાજમાન પૂ.આ.શ્રી **વિજય ભુવનભાનુસૂરિજી મહારાજે** કહ્યું આ સ્વપ્નના ફળમાં તમારા હાથે શાસનનું સારું કાર્ય થશે. આજે આ સ્વપ્ન સાકાર બન્યું છે. મારા જીવનમાં ધર્મના સારાં બીજ રોપાયા હોય અને જૈનસંઘમાં મારું જે કાંઈ સ્થાન છે એમાં સ્વ.પૂ.સિદ્ધાંત મહોદધિ આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.નો ઉપકાર છે અને આજે પણ તે મહાત્માના આશીર્વાદ મળતા રહે તેથી મારા હાથે થતા ધર્મકાર્યો કરતા સારી સફળતા મળે છે. દેવગુરુની કૃપા વિના આવા કાર્ય થઈ શકતા નથી...વગેરે.

આજે માગશર સુદ ૧૦ પૂ. આચાર્ય દેવાદિની નિશ્રામાં માળારોપણ સમારોહ ખૂબ ભવ્યતાથી ઉજવાયો બપોરે અષ્ટોત્તરી શાન્તિસ્નાત્ર થયું. શેઠશ્રી તરફથી ઉપધાનવાહીઓને ચાંદીની વાટકી તથા વાટવાની, તપસ્વીઓ તરફથી ધાબળાની તથા બીજાઓ તરફથી રોકડા રૂપિયાની પ્રભાવનાઓ થઈ. ઉપધાન-માળ પ્રસંગ પર શેઠશ્રીની વિનંતીથી પૂ.સા.શ્રી સર્વોદયાશ્રીજી મ., શ્રી રોહિણાશ્રીજી મ. તથા શ્રી સરસ્વતીશ્રીજી મ., સપરિવાર પધારેલ. એકંદરે ખંભાતમાં આ ઉપધાનના મીઠાં સંભારણા રહી ગયા.

● **પાટણ :** રાજસ્થાન રોહિડા ગામેથી શેઠશ્રી ચુનીલાલ અચલદાસ તરફથી પૂ. ગણિવર્ય શ્રી મિત્રાનંદવિજયજી મહારાજની નિશ્રામાં તા. ૨૬ નવેમ્બરે છ'રી' પાળતો ૩૫૦ યાત્રિકોનો પાલીતાણા સંઘ નીકળેલ અત્રે આવી પહોંચતાં ભવ્ય સ્વાગત સાથે પ્રવેશ થયો. મંડપ, જૈનસંઘ કમિટી તરફથી સંઘવીનું બહુમાન થયું. ગામેગામ નગરજનો તરફથી ભવ્ય સ્વાગત થાય છે. જીવદયાના કામો, પ્રભુભક્તિ,

સાધર્મિકભક્તિ રોચક પ્રેરક પ્રવચનો, ધર્મક્ષેત્રોમાં દાન વગેરે સુંદર સુકૃતો થાય છે. અત્રે તેમજ મુજપુર પાઠશાળાઓમાં શ્રી નરેન્દ્ર કામદારે સ્પર્ધાઓનો ધાર્મિક કાર્યક્રમ કરાવેલ. સંઘપતિ તરફથી બાળકોને ઈનામો અપાયેલ.

● **અમલનેર :** અત્રે મહા સુદ ૧૩ની સમૂહ દીક્ષાઓ અંગે મોટા પાયા પર મહોત્સવની તૈયારીઓ ચાલી છે. નગરપાલિકા, સ્કૂલબોર્ડ, પંચાયત તથા જૈનેતર નાગરિકોનો પણ પૂરો સહકાર મળ્યો છે. સ્કૂલ કૉલેજો તે દિવસોમાં બંધ રાખવાની યોજના થઈ છે જેથી અત્રે આગંતુક મહેમાનો માટે ઉતારાની વિશાળ વ્યવસ્થા થઈ શકે. તંબુઓ મંડપો વગેરેની પણ યોજના થઈ છે. અત્રે બંધાતા નૂતન જિનમંદિરનું કાર્ય પણ પૂર જોશમાં ચાલી રહેલ છે. અને સારું મુહૂર્ત મળે તો આ દીક્ષા મહોત્સવ દરમિયાન જ પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે પ્રતિષ્ઠા કરાવવા ધારે છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૫,અંક-૧૭,તા.૧૧-૧-૧૯૭૭

● **મુંબઈ :** અત્રે અમલનેરમાં મહા સુદ ૧૩ દીક્ષિત થનાર ૨૦ દીક્ષાર્થી તથા સુરેન્દ્રનગર વગેરેમાં દીક્ષિત થનાર બીજા ૨૦, એમ ૪૦ દીક્ષાર્થીઓનો પોષ વદ ૪ તા. ૯-૧-૭૭ રવિવારે સન્માન સમારોહ કરવા માટે મુંબઈના આગેવાનોની દીક્ષાર્થી સમારોહ સમિતિ નીમાઈ છે. અને એમાં તારીખ ૯-૧-૭૭ સવારે વાલકેશ્વર, ચોપાટી, કાલબાદેવી, પાયધુની વગેરેને આવરી લેતો ભવ્ય વરઘોડો કાઢવાની યોજના છે. તેમજ બપોરે ભવ્ય અભિનંદન સમારોહનું આયોજન છે. વરઘોડામાં બબ્બે દીક્ષાર્થીઓ વચ્ચે એક ગાડી, દરેક ગાડી આગળ બેન્ડ, દરેક દીક્ષાર્થીનું વરસીદાન, અનેક સંગીત મંડળો વગેરે વિચારાઈ રહ્યું છે. આ ભવ્ય વરઘોડો તથા દરેક દીક્ષાર્થીને પહેરામણીના સુકૃતમાં લાભ લેવા પડાપડી થઈ. એવામાં સમાચાર છે કે વાલકેશ્વર સુલસા-ચંદબાલામાં ચાલી રહેલ ઉપધાન તપમાં પૂ. મુનિરાજશ્રી હેમચન્દ્રવિજયજી મહારાજના વ્યાખ્યાનોએ જનતાને ઘેલું લગાડ્યું છે. આ સન્માન સમારોહ માટે પણ તેઓશ્રીએ ભવ્ય પ્રેરણા આપેલી. આયોજનમાં કુમારપાલ વિ. શાહ પણ સેવા આપી રહ્યા છે.

● **શંખેશ્વરજી :** પૂજ્ય ગણિવર્યશ્રી મિત્રાનંદવિજયજી મહારાજના સાનિધ્યમાં નીકળેલ છ'રી' પાળતો રોહિડા પાલિતાણા યાત્રા સંઘ શંખેશ્વરજી આવી પહોંચતા ત્યાં ૨૦૦ યાત્રિકોએ અટ્ઠમ કર્યા એના પારણા તથા નવકારશી માટે વ્યાખ્યાન



સમયે રૂા. ૧૫,૦૦૦ ની ટીપ થઈ. અટ્ઠમતપના યાત્રિકોને ૧૦૦ રૂા. પ્રભાવના થઈ. ૪ દિવસ પ્રવચનો જોરદાર થયા. દીક્ષાર્થી નડિયાદના બાલ કુમારપાળ તથા દિવ્યાબહેન અને છાણીના દક્ષાબહેન અને પાટણના એક દીક્ષાર્થીનું ૪૦૦૦ની મેદની વચ્ચે બહુમાન થયું. પાટડીમાં સ્વર્ગસ્થ પૂ. દાદા દાનસૂરીશ્વરજી મહારાજની દેરીની આસપાસ કોટ વગેર કરવા અંગેના કામમાં સંઘમાંથી ૧૬૦૦ રૂા.ની ટીપ થઈ. સંઘમાં ૨૫૦ યાત્રિકો રોજ એકાસણા કરે છે. એમની આરાધના તથા વ્યવસ્થા જોઈ ભલભલાના શિર નમી પડે છે. ગામેગામ ખૂબ જ ધર્મપ્રભાવના થાય છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૫,અંક-૧૯,તા.૧૫-૧-૧૯૭૭

**અમલનેર ઉપધાન તપના તપસ્વી**





● **નડીયાદ :** અત્રેના બાળ કુમારપાળ જેણે અમલનેરમાં બીજું ઉપધાન કર્યું એ હવે દીક્ષા ધર્મને વરવા માટે તત્પર બનેલા છે. બાળ મુમુક્ષુને ઠેર ઠેરથી વાયણાં સન્માન માટેના આમંત્રણ આવે છે. જ્યાં જ્યાં જાય ત્યાં લોકો પગલાં કરાવવા ઉલ્લસિત થાય છે, અને એનો વૈરાગ્ય જોઈ લોક પોતાની જાતને ધિક્કારે છે. દેખાવડો ને ફેન્સી વેશમાં આ બાળ કાલી ભાષામાં પોતાનો ધર્મરંગ ને વૈરાગ્ય દેખાડતા ભદ્રક જીવોનાં દિલ રડાવે છે. મહલાવ આદિ ગામોનું વાયણા માટેનું આમંત્રણ

મળતાં ત્યાં પહોંચતા ત્યાંના સંઘનો ઘણો જ ઉલ્લાસ; દરેક ઘરે કંદમૂળ-રાત્રિભોજન ત્યાગ, તથા એકાસણાદિ નિયમો લીધા. જૈનેતર ઘરડી માજીઓ તેના ઓવારણા લઈ કહે 'દીકરા ! તને આટલી ઉંમરે આવા ભાવ થયા તે કેવું પુણ્ય ! અમોને આ ઉંમરે પણ ભગવાનનું નામ લેવાનં સૂઝતું નથી.' અરે ! જૈનતર સોનીએ ચાંદીનો કેરડો પોતાના તરફથી આંગળીએ પહેરાવ્યો ! સાથે સાથે વર્ષીદાન માટે મંગાવેલ કેરડાના પૈસા આપવા ગયા તો ન લેતા કહે મને લાભ ક્યાંથી મળે ?

જ્યારે આ મુમુક્ષુને વાયણા માટે શ્રી શંખેશ્વરજી પાલીતાણા, સુરેન્દ્રનગર, મોરબી, ધ્રાંગધ્રા વગેરેમાં જતાં હજારોની મેદનીમાં કાલી ભાષામાં નિડરપણે જણાવે છે કે લોકો મને કહે છે તું હજી નાનો છે, તો હું કહું છું કે મારું શરીર નાનું છે. પણ આત્મા તમારા જેવો મોટો છે. મારા દાદાએ અને કાકાએ દીક્ષા લીધી છે. એમના પૂ. ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી છે તેઓ ખૂબ જોરદાર ગુરુ મહારાજ છે. તેમની કૃપાથી મને દીક્ષા ખૂબ ગમી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૫,અંક-૨૬,તા.૫-૩-૧૯૭૭

## શ્રી નાંદાણાતીર્થમાં ઉપધાન તપ બિજોવામાં ચતુર્થવ્રત મહોત્સવ... પિંડવાડામાં ભવ્ય દીક્ષા મહોત્સવ

પૂ. તપોનિધિ મુનિપ્રવરશ્રી જિતેન્દ્રવિજયજી મ.સા. આદિ ઠાણાની શુભ નિશ્રામાં નાંદાણાતીર્થમાં ઉપધાન તપની આરાધના ખૂબ જ સુંદર રીતે થઈ. નાંદાણામાં જૈનોનાં ઘર ન હોવા છતાં બે મહિના જાણે નાંદાણામાં માનવ મેળો જામ્યો જ રહેતો. માગશર સુદ ૩થી ઉપધાન તપમાં ૧૦૩ ભાગ્યવાનો જોડાયા. કેટલાય તો નાની વયનાં આરાધકો હતા.

વ્યાખ્યાનમાં લગભગ ૧૫૦ થી ૨૦૦ જૈનેતરો પણ હંમેશાં વ્યાખ્યાન શ્રવણનો લાભ લેવાં જતાં જૈનેતરોએ પણ રાત્રિભોજનત્યાગ કંદમૂલ ત્યાગ આદિની અનેક પ્રતિજ્ઞાઓ ગ્રહણ કરી હતી.

પોષ વદ ૪થી માળારોપણ નિમિત્તે ભવ્ય મહોત્સવ શરૂ થયો હતો. વદ ૧૧નાં માળાનો શાનદાર વરઘોડો નિકળ્યો હતો. માળાઓનાં ચઢાવા સુંદર થયાં.

પોષ વદ ૧૨નાં પાંચ હજારની વિરાટ માનવમેદની વચ્ચે માળારોપણનો પ્રસંગ સુંદર રીતે ઉજવાયો હતો.

વિહાર કરીને પૂજ્યશ્રી બિજોવાં પધાર્યાં. ભરયુવાનવયમાં આજીવન ચતુર્થ



વ્રતગ્રહણ કરનાર શાહ મીઠાલાલ દીપચંદજી તરફથી સુંદર સામૈયું થયું. તેમના તરફથી શરૂ થયેલ મહોત્સવ દરમ્યાન રોજ વિવિધ પૂજાઓ ભણાવાતી હતી. મહા સુદ ૨ નાં વ્યાખ્યાન પછી સંઘપૂજનનો કાર્યક્રમ અનુપમ રીતે ઉજવાયો. બપોરનાં ભવ્ય વરઘોડો નિકળ્યો હતો. દંપતી ઈન્દ્ર-ઈન્દ્રાણી બનીને વરસીદાન ઉછાળતાં હતા. મહા સુદ ૩નાં સવારનાં અપૂર્વ ઉત્સાહ સાથે દંપતીએ પૂજ્યશ્રીનાં શ્રીમુખેથી ચતુર્થ-વ્રતનો સ્વીકાર કર્યો.

મહા સુદ ૧૨નાં બપોરનાં વિરાટ જનમેદની સાથે વરસીદાનનો શાનદાર વરઘોડો નીકળ્યો હતો. રાતના હકડેઠઠ ભરાયેલ માનવ-સાગર વચ્ચે દીક્ષાર્થીનાં માનપત્રાનો મેળાવડો ભવ્ય રીતે ઉજવાયો. મહા સુદ ૧૩નાં દીક્ષાની મંગલમય ક્રિયા થઈ. કુમારી બાલિકાનું નામ સાધ્વીજી શ્રી વિરાગરત્નાશ્રીજી રાખીને સાધ્વી શ્રી મહાનંદાશ્રીજીનાં શિષ્યા બનાવ્યાં. ઉપકરણની ઉછામણીઓ કલ્પના બહાર થઈ. નૂતન સાધ્વીજી પૂ. મુનિરાજ શ્રી વીરરત્નવિજયજી મહારાજનાં સંસારી બહેન છે.

• **નાસિક :** પૂ.આ.શ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.** પેટના ફુગાવા તથા શ્વાસની વ્યાધિના નિદાન માટે સપરિવાર મુંબઈ તરફ વિહાર કરતાં અત્રે સંઘસ્વાગત સાથે પધાર્યા. નાસિક સંઘની અત્રે ધાર્મિક શિક્ષણ શિબિર ભરવાનો આગ્રહ હોઈ મુંબઈથી શિબિર સંચાલક શ્રી કુમારપાળ વિ. શાહને અત્રે આમંત્રી શિબિર માટેના અનુકૂળ મુકામો બતાવ્યા. પૂજ્યશ્રી અત્રેથી વિહાર કરી ફા.સુ. ૧૨ શાહપુર મુકામે નૂતન મુનિઓ પૈકી પૂ.મુનિશ્રી વિશ્વકલ્યાણ વિ.મ. તથા બાળમુનિશ્રી અભયચંદ્ર વિ.મ.ની વડી દીક્ષાના જોગમાં નાખશે. પછી પ્રાયઃ વૈશાખમાં વડી દીક્ષા થશે. નૂતન મુનિશ્રી કલ્પરત્ન વિ.મ.ની વડી દીક્ષા **ધુળિયામાં** પૂ.શ્રી ગુણાનંદવિજયજી ગણિવરના હસ્તે થશે. એ પછીથી નૂતન મુનિ એમના ગુરુજી પૂ. ગણિવર્ય શ્રી મિત્રાનંદ વિ.મ.ના ભેગા થઈ જવા પૂ.મુનિરાજશ્રી જયસુંદર વિ.મ. સાથે ઝગડિયા રસ્તે અમદાવાદ તરફ વિહાર કરશે. પૂ. ગણિવર્ય શ્રી મિત્રાનંદ વિ.મ. ના શિષ્યરત્ન પૂ.મુ.શ્રી મહાબલ વિ.મ.ના નૂતન શિષ્ય પ્રશિષ્ય બાળ મુનિઓ શ્રી ભવ્યભુષણ વિ.મ. તથા શ્રી ભુવનભુષણ વિ.મ.ની વડી દીક્ષા **નાસિક મુકામે** ફાગણ સુદ ૧૨ ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.ના વરદ હસ્તે થશે. પૂ.આ.શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.ના વરદ હસ્તે થશે. પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ફાગણ વદ ૧ થાણા તથા વદ ૫ મુંબઈ શ્રીપાળનગર તથા વદ ૬ લાલબાગ ઉપાશ્રયે પધારવા વકી છે.

• **વિસનગર :** અત્રે પૂ.પં.શ્રી સ્થુલભદ્રવિજયજી ગણિવરના સદુપદેશથી ચાર નાતોના આગેવાન ભાઈઓનાં દિલમાં સંઘ સમાધાનના માર્ગે કેટલીક પ્રગતિ

થવા પામી હતી. પૂજ્યશ્રીના ઉપદેશથી શ્રી સંઘમાં નવકારમંત્રની ત્રણ દિવસની આરાધના શરૂ થઈ. તે જ દિવસે પૂ.આ.શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મ. આદિ ઠાણા અત્રે પધાર્યા, પોષ વદી ૩ ને બપોરે તથા રાત્રે પૂ.આ.મ.સા.ની તથા પૂ.પં.મ.ની નિશ્રામાં સકળસંઘ ભેગો થયો. પરસ્પરનાં પ્રશ્નોના ખુલાસાઓ ઘણા સારાં થયાં. પૂ. ગુરુદેવનો પ્રયત્ન અને અત્યંત કૃપાથી સકળસંઘનું સુખદ સમાધાન થવા પામ્યું. દેરાસર તથા ઉપાશ્રયનો વહીવટ નાતો પાસથી સકળ સંઘમાંથી નિમાયેલ કમિટીઓને સોંપાયો. સંઘમાં ઘણો જ હર્ષ અને આનંદ ફેલાયો. તેજ વખતે શ્રીફળની પ્રભાવના થઈ, પૂ.મ.સા.ની સૂચનાથી શ્રી કલ્યાણ પાર્શ્વનાથના દેરાસરે સમાધાન નિમિત્તે પોષ વદી ૭ને દિવસે ઘણી જ ધામધૂમથી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન તથા સકળસંઘના સાધર્મિક વાત્સલ્ય થયું. પૂ. પંન્યાસજી મ.ની નિશ્રામાં હજારેક યાત્રિકોનાં અત્રેથી વાલમતીર્થનો સંઘ નીકળ્યો.

● **બેંગ્લોર :** અત્રે થરાના વતની સ્વ. શાહ ચોથલાલની સુપુત્રી ભાનુમતિબેનની મહા સુદ ૧૩ પૂ. મુનિરાજો શ્રી જિતેન્દ્રવિજયજી મ. તથા શ્રી અશોકવિજયજી મ.ની નિશ્રામાં લાલબાગમાં ધામધૂમથી ૧૦ હજારની મેદની વચ્ચે ભાગવતી દીક્ષા થઈ, એમને પૂ.સા.શ્રી સૂર્યમાલાશ્રીજીના શિષ્યા સા. શ્રી ઉજ્જવલજ્યોતિશ્રીજી તરીકે જાહેર કરાયા. સંસ્થાઓ તરફથી સુંદર સન્માન સમારોહ ભવ્ય વરઘોડામાં હજારો રૂા. નું દાન ઉપકરણ ચડાવા વગેરે પ્રભાવક થયું. નૂતન સાધ્વીજીનાં યોગોદ્વહન અંગે પૂ. અશોક વિ.મ., અભય વિ.મ. આદિની અત્રે સ્થિરતા છે.

● **સુરત :** સ્વ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજનું આગામી ચાતુર્માસ મુંબઈ શ્રીપાળનગર-વાલકેશ્વર ખાતેનું નક્કી થઈ ગયું છે. હાલ તેઓશ્રી અમલનેરથી ફેબ્રુઆરીની આખર સુધીમાં બે માસ માટે સુરત પધારશે, અને યુવાનોને તત્ત્વજ્ઞાનની વાચનાઓ આપશે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૨૫,અંક-૨૭,તા.૧૨-૩-૧૯૭૭**

● **થાણા :** અત્રે પૂ.આ.શ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ** આવી પહોંચતાં મુંબઈ અને પરાઓમાંથી લગભગ ત્રણેક હજાર ભાવિકો દર્શનાર્થે ઊમટી પડેલા. ભાડુંપથી નિષ્ણાત રાજસ્થાની જૈન યુવક મંડળનું બેન્ડ ખાસ બોલાવવામાં આવેલ. લાંબેથી સ્વાગત સામૈયું ચડી દેરાસરે આવી પહોંચતાં જયનાદથી ગગન



ગાજી ઊઠેલું. મંગલિક શ્રવણબાદ નાસ્તામાં સંઘ ભક્તિ થઈ. પછી પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજની જોશીલી વાણી બાદ ભાવિકોના ખાસ આગ્રહથી પૂ. આચાર્યદેવે થોડુંક પ્રવચન કરેલ. પછી શેઠશ્રી રમણલાલ દલસુખભાઈની આગેવાની નીચે ભવ્ય સ્નાત્રભક્તિ અને સાધર્મિક વાત્સલ્ય થયેલ. મંદિર-ઉપાશ્રય અને બહાર માણસ તો માય નહિ એવો મેળો જામેલો. અત્રે ભાઈશ્રી બંસીલાલ વગેરે ડૉ. ભૂપેન્દ્ર વકીલને લઈ આવેલા. પૂ. આચાર્યદેવશ્રીને મુખ્યત્વે શ્વાસની તકલીફ અંગે તપાસીને નક્કી કરાવ્યું કે પૂજ્યશ્રીને ફાગણ વદ ૬ શુક્રવારે મુંબઈ લાલબાગ પ્રવેશ પછી સવારે ૧૦-૦૦ વાગે પોતાની દેખરેખવાળી હરકીશન શેઠ હૉસ્પિટલમાં દાખલ કરવા. શુક્ર, શનિ રોગની વિવિધ તપાસ થશે. જરૂર પડ્યે બે દિવસ વધુ રાખીને પણ પૂરતી જાંચ કરી લેવાશે. પૂજ્યશ્રીની પાસે માલેગામ નાસિક, દાદર, મલાડ, મુલુંડ, નવસારી વગેરેની ચાતુર્માસાર્થ વિનંતીઓ આવેલી એમાંથી **નવસારી** ખાતે પૂ. ગણિવર્ય શ્રી મિત્રાનંદ વિજયજી મ.નું તથા **જામનગર શાંતિભુવન** ખાતે પૂ. મુનિરાજશ્રી **રાજેન્દ્ર વિજયજી** મ.નું ચોમાસું નક્કી થયું છે.

● **માંડવી :** (કચ્છ) અત્રે મહાતપસ્વી પૂ.આ.શ્રી વિજય રાજતિલકસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ઉપધાન તપ સુંદર આરાધાયા. નાના નાના બાળકો-બાળિકાઓ. પણ એમાં સારા બેઠા. માળનો ભવ્ય દબદબા ભર્યો વરઘોડો તથા માળારોપણ વિધિ થયેલ. હજારોની માનવમેદની હતી. ઉપજો પણ સુંદર થયેલ. પૂ.શ્રીને ૯૯મી આંબેલ ઓળી વૈશાખ માસમાં પૂર્ણ થાય છે. તે પછીની સોમી ઓળીની પૂર્ણાહુતિ ઉજવવા માટે અમદાવાદ ગીરધરનગર તથા ડીસા રાજપુરવાળાની ચોમાસાની આગ્રહભરી વિનંતી છે. પૂજ્યશ્રી વિહાર કરી ચૈત્રી ઓળી પર રાધનપુર પધારવા વકી છે.

● **વેલાંગરી :** (જિ. સિરોહી) અત્રે પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મહારાજની નિશ્રામાં ઉપધાન તપની ભવ્ય આરાધના ચાલુ હતી. એમાં તખતગઢના શ્રાદ્ધરત્ન શ્રી ભુરમલજી ધનરાજજીના કૉલેજિયન વિરાગી સુપુત્ર ભાઈશ્રી જયંતિલાલની દીક્ષા નક્કી થઈ. સંઘનો ઉલ્લાસ વધી ગયો એટલે ચડાવા બોલવા સાથે વાયણાં-વરઘોડો ચાલ્યા. ઓચ્છવ નક્કી થયો. કંકોતરીઓ પ્રસરાઈ શ્રી ભુરમલજી પણ સગાસ્નેહી સાથે આવી ગયા.

દીક્ષાર્થીને માટે ઉપકરણો વહોરાવવાની બોલીઓ બોલતાં આશ્ચર્યજનક આંકડા વધવા માંડ્યા. ભવ્ય વરસીદાન વરઘોડો ચડ્યો. આખા ગામમાં ઉત્સાહનો પાર નહિ. જૈનેતરોને પણ 'અહો ! અહો !' થતું હતું. કુલ બોલીઓનો આંક લાખ ઉપર પહોંચ્યો. ફાગણ સુદ ૨ દીક્ષા પ્રદાન થતાં જયંતિલાલનું નામ મુનિશ્રી યશોરત્ન

વિજયજી રાખી એમને એમના સંસારિપણે મોટા ભાઈ મુનિશ્રી પુણ્યરત્નવિજયજી મ. ના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૫,અંક-૩૦,તા.૨-૪-૧૯૭૭

● **મુંબઈ :** અત્રે પૂ.આ.શ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**ને ડાક્ટરી તપાસ કરાવતા રિપોર્ટ નોર્મલ જેવા આવ્યા છે અને ઉંમરના કારણે ફેફસા વગેરેમાં અમુક ફેરફારો થાય તેથી શ્વાસની સહેજ તકલીફ રહે એમ ડૉક્ટરોનો અભિપ્રાય છે. લીવરમાં અંદરના સોજાના નિદાન પર વૈદ્યની દવા ચાલુ કરી છે. નાસિક સંઘ તરફથી ધાર્મિક શિક્ષણ શિબિરના હિસાબે પૂજ્યશ્રીએ ધીમા ધીમા વિહારે નાસિક પહોંચવા ચૈત્ર સુદ ૩ લાલબાગથી વિહાર કર્યો. હાલ પરાઓમાં આગળ વધી રહ્યા છે. સૌથી નાના બે બાળ મુનિઓ સૂર્યોદય વિ.મ. તથા કુલબોધિ વિ.મ.ને અમલનેરથી મુંબઈ લગભગ ૨૫૦ માઈલનો વિહાર સુખપૂર્વક થાય એ માટે એમને વિહારમાં વડીદીક્ષાના જોગ નહિ કરાવેલા તે મુંબઈમાં સ્થિરતાના હિસાબે જોગ સારા થયા. વિહારમાં તો એ આનંદપૂર્વક સવાર સાંજ ખેપ કરતા. તેથી ભાવિકોને દીક્ષા પછી તરત એમના આવા ઉગ્ર વિહારથી ભારે અનુમોદના થતી. હવે વડીદીક્ષા નાસિકમાં થવા સંભવ છે. મુંબઈવાસીઓનો પૂજ્ય આચાર્યદેવશ્રીને રોકવા અતિશય આગ્રહ; પરંતુ ન રોકાવાથી ભારે દુઃખ થયું છે. ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ મહારાષ્ટ્રના ગામો ગામ પ્રભાવના કરતા કરતા ચૈત્ર સુદ ૪/૨ થાણા પધારી રહ્યા છે. વાલકેશ્વર ચંદનબાળા એપાર્ટમેન્ટસના ભવ્ય જિનમંદિરમાં એઓશ્રીના વરદ હસ્તે થનાર અંજનશલાકા પ્રતિષ્ઠાનો; ચૈત્ર વદ ૧૩થી વૈશાખ સુદ ૧૩ સુધી ઉત્સવ નક્કી થયો છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૫,અંક-૩૧,તા.૯-૪-૧૯૭૭

## હીરાપુર (અમદાવાદ)માં ઉજવાયેલ ભવ્ય દીક્ષા મહોત્સવ

તપસ્વી મુમુક્ષુ અંબાલાલભાઈ ચુનીલાલ છેલ્લા કેટલાય વર્ષોથી પૂ. વિદ્વદ્વર્ય ગણિવર્ય શ્રી મિત્રાનંદવિજયજી મહારાજના સમાગમ તેમજ વૈરાગ્ય ભરપૂર દેશનાના શ્રવણથી ચારિત્રના માર્ગે જવાની ઉત્કટ ભાવનાવાળા બન્યા હતા. આ મોંઘેરા માનવ જન્મને સફળ કરવા તેઓએ શ્રાવક જીવનના કર્તવ્યોના પાલન સાથે સજોડે લાગટ ૫૦૦ આયંબિલ વર્ષીતપ, વીસસ્થાનક તપ, નવપદની ૩૦ ઓળી, વર્ધમાન તપની ૫૭ ઓળી, લાગટ ૮-૯-૧૦-૧૬ ઉપવાસની તપશ્ચર્યા, ઉપધાન તપ, સિદ્ધિતપ વગેરે તપોથી જીવન મંગલમય બનાવ્યું હતું. છેલ્લા બે વર્ષથી પોતાના ગુરુદેવ સાથે રહી વિહાર, અધ્યયન, પ્રવચન શ્રવણ, સંયમ જીવનની તાલીમ લીધી હતી. સંવત ૨૦૩૩ના મહા સુદ ૧૩ તા.૨-૨-૭૭ના બુધવારે સિદ્ધચક્રપૂજન સહિત પંચાહ્નિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ સાથે તેઓએ દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા પ્રસંગે ૫૦૦ની માનવ મેદની હતી. આ પ્રસંગે પૂજ્ય ગણિવર્ય શ્રી મિત્રાનંદ વિજયજી ગણિવર પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી આદિ ઠાણા ૬ તથા પૂ.સા. અનુપમાશ્રીજી મ. તથા પૂ.સા. જસકીર્તિશ્રીજી મ., પૂ.સા. ચંદ્રયશાશ્રીજી મ., પૂ.સા. નયપ્રભાશ્રીજી આદિઠાણા ૧૬ પધાર્યા હતા. સમગ્ર ગામમાં અંબાલાલભાઈ ખૂબ માનનીય વ્યક્તિ હતા, એથી જૈન જૈનેતરોને પણ જાણે પોતાના ઘેર દીક્ષા-ઉત્સવ હોય એવો ઉમંગ હતો. આખા ગામમાં ઘરદીઠ દીક્ષાર્થીના કુટુંબીજનો તરફથી ભાર વહેંચાયો. પૂ. ગણિવરશ્રીના તથા પૂ. મુનિરાજશ્રીના પ્રવચનોમાં શ્રવણનો ગામલોકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. નૂતન મુનિશ્રીનું શુભ નામ શ્રી દેવરત્નવિજયમ મ. પાડી પૂ. ગણિવર્યશ્રીના શિષ્ય તરીકે જાહેર કરાયા. આ પ્રસંગે એક શાસન રાગી માતાપિતાએ પોતાનો ૧૧ વર્ષનો તેજસ્વી પુત્ર પ્રફુલ્લકુમારને ગણિવરશ્રીને વહોરાવ્યો હતો. બારેજડી વેપારી મહામંડળના પ્રમુખ વિઠ્ઠલભાઈ ઠક્કરે પ્રસંગને અનુરૂપ દીક્ષાનું સ્વરચિત ગીત ગાઈ સૌની આંખો અશ્રુભીની કરાવી હતી. આ ભવ્ય ત્યાગ જોઈ જૈનેતરોએ પણ મોટી સંખ્યામાં કંદમૂળ ત્યાગ, સિનેમા ત્યાગ, ક્રોધ ત્યાગ, નિંદાત્યાગ, બીડી ત્યાગ, વગેરેના નિયમો લીધા હતા. પૂ. ગણિવર્યશ્રીના શુભહસ્તે અમદાવાદ ઓપેરા સોસાયટીમાં આ નૂતન મુનિશ્રીની વડીદીક્ષા ખૂબ ધામધૂમથી ફાગણ સુદ ૧૨ના થઈ હતી.

● **મુંબઈ :** પૂ.આ.શ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**ને ડાક્ટરી તપાસમાં ખાસ કોઈ વ્યાધિ ન હોવાનું પણ માત્ર ઉંમરના કારણે શરીરના અવયવોમાં સહેજે અમુક ફેરફારો થાય એ હિસાબે જ નાની નાની તકલીફ હોવાનું જણાયાથી નિશ્ચિન્ત થતાં નાસિક શિબિર અંગે તરતમાં વિહાર કરવાના હતા. પરંતુ કૉલેજ પરીક્ષાઓ લંબાયાના કારણે શિબિર પ્રારંભ લંબાયો, અને અત્રે પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની સેવામાં વધુ રહેવાનો પુણ્ય લાભ મળ્યો તેથી વિહાર લંબાયો. પૂ.મુનિરાજશ્રી જયસોમવિજયજી મહારાજને ૮૨મી ઓળીના ચૈત્ર વદ ૧-૨ પારણા પ્રસંગે એમના સાંસારિક કુટુંબીજનો તરફથી શ્રીપાલનગરમાં સંઘપૂજન વગેરે હોઈ પૂજ્યશ્રી ત્યાં પધારશે. આ પૂર્વે પૂજ્યશ્રી પ્લેઝન્ટ પેલેસ, લાલબાગ, દાદર, સાંતાક્રુઝ, મલાડ વગેરે સંઘોના આગ્રહથી પધારતાં

સંઘોને ખૂબ જ આનંદ થયો વ્યાખ્યાન પૂજાદિનો લાભ લીધો. શિબિર તારીખ હવે જાહેર થશે. શિબિર સંચાલક કુમારપાળભાઈને કમળો થયેલ, હવે સુધારા પર છે. શિબિર તા. ૭મી મેથી શરૂ થવાનું નક્કી થયું છે.

● **પાટડી :** પરમ પૂજ્ય સકલાગમ રહસ્યવેદી પરમ ગીતાર્થ જ્યોતિર્વિદ પરમ ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મ.સા.ની અગ્નિ સંસ્કારની ભૂમિપરના સ્તુપના જિર્ણોદ્ધાર કરાવવાની તથા આસપાસની જમીન લઈ નાનું સમાધિ મંદિર બાંધવાની યોજના પાટડી જૈન સંઘે વિચારી હતી તેમાં પૂ.આ.ભ. કનકચંદ્રસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી રૂા. ૧૫૦૧ પૂ.આ.ભ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી પિંડવાડાથી રૂા. ૧૦૦૦૦ તથા પૂ. ગણિવર્યશ્રી મિત્રાનંદવિજયજી મ.ના ઉપદેશથી ૧૭૦૧ની ટીપ થયેલી, અને તેઓશ્રીના માર્ગદર્શન મુજબ પ્રયત્ન કરતા રૂા. ૨૫૧-૨૫૧થી રૂા. ૧૫૦૬ ભરાયા. સાથે પૂજ્ય સ્વ. પરમગુરુદેવશ્રીના પગલાની આરસની સુંદર દેરીનો લાભ અમદાવાદ દાનસૂરીશ્વર જ્ઞાનમંદિરવાળાએ લીધો છે. બીજા ગુરુભક્ત ભાગ્યશાળીઓને લાભ લેવા વિનંતી છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૨૫,અંક-૩૩,તા.૩૦-૪-૧૯૭૭**

● **નાસિક :** અત્રેના સંઘ તરફથી ધાર્મિક શિક્ષણ શિબિર તા. ૭મી મે વૈ.વ. ૫ થી શરૂ કરવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. માલેગામ બાજુથી પૂ. આચાર્યદેવોશ્રી વિજય હીરસૂરીશ્વરજી મ. તથા શ્રી વિજય ત્રિલોચન સૂરીશ્વરજી મહારાજ તે પૂર્વે અત્રે પધારી જવા વકી છે. મુંબઈથી પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજ વૈ.સુ. ૪ વિહાર કરી અત્રે વદ ૨/૩ પધારી જવાની ગણતરી છે. એઓશ્રીના પ્રશિષ્યો પૂ. મુનિરાજો શ્રી હેમચંદ્રવિજયજી મ. શ્રી નંદીવર્ધન વિજયજી મ. તથા શ્રી મહાબળ વિજયજી મ. ના શિષ્ય તરીકે પાંચ દીક્ષાર્થીઓની મુંબઈમાં વૈ. સુ. ૧૩ રોજે દીક્ષાઓ નક્કી થઈ છે એના અંગે તથા બીજી કુમારિકાઓની દીક્ષા અંગે રોકવા પૂજ્યશ્રીને ખૂબ જ આગ્રહ હતો પરંતુ શિબિરના કારણે રોકાવું મુશ્કેલ હતું.

● **અચલગઢ : 'ધાર્મિક શિ. શિબિર'**- પૂ. મુનિરાજો શ્રી જિતેન્દ્ર વિજયજી મ. તથા શ્રી ગુણરત્ન વિજયજી મ.નાં પ્રવચનો તા. ૨૩-૫-૭૭ જેઠ સુદ ૫ થી યોજાનાર ધાર્મિક શિક્ષણ શિબિરમાં થશે. તા. ૧૧-૬-૭૭ પૂર્ણાહુતિ થશે. શિબિર માટેના ફોર્મ તા. ૫-૫-૭૭ સુધીમાં સ્વીકારશે. ફોર્મ-સ્થળ 'કુમાર એજન્સીઝ ૪૪, ખાડિલકર રોડ, મુંબઈ-૪.'

● **ફૂંગણી (મારવાડ) :** પૂ.આ.શ્રીમદ્ વિજય રવિચંદ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મ. આદિ ઠાણાની શુભનિશ્રામાં અત્રેથી ફાગણ સુદ ૯નાં શા. હુકમીચંદજી ડુંગાજી રાઠોડ તરફથી તારંગા તીર્થનો ૧૮ દિવસનાં છ'રી' પાળતા યાત્રા સંઘનું ૩૦૦ યાત્રિકો સાથે મંગલમય પ્રસ્થાન થયું હતું. આ નિમિત્તે સંઘવી તરફથી ૧૧ છોડનાં ભવ્ય ઉદ્યાપન સાથે અષ્ટાહ્નિકા મહોત્સવ થયો. ગામને રોશની ડેકોરેશન-ધ્વજા-પતાકા-કમાન આદિથી સુશોભિત બનાવવામાં આવેલ જલયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળેલ. સંઘ પ્રસ્થાન થતાંની સાથે જ જ્યાં જ્યાં સંઘ જવાનો હતો તે તે ગામથી સંઘના આગેવાનો સાધર્મિક ભક્તિ માટે રજા લેવા આવવાં માંડ્યાં હતા. જીરાવલા તીર્થમાં શ્રી દલીચંદજી તરફથી સંઘભક્તિ અને હિન્દુમલજી રાઠોડ તરફથી સંઘ પૂજન થયું વચ્ચેના ગામોમાં પણ સ્વાગત સંઘપૂજનાદિ થયાં હતા. અણાદરાથી આબુનો વિકટ પહાડ બાલિકાઓ તથા વૃદ્ધાઓ પણ ઉત્સાહ સાથે પેદલ ચડી ગયેલ. દેલવાડામાં અદ્ભુત યાત્રા થઈ. કુંભારીયા તીર્થમાં નવાં ધ્વજા-દંડ ઉછામણીથી દલીચંદજી ખડકીવાલા તથા બાબુલાલજી ફૂંગણીવાલાએ ચડાવ્યા. ફાગણ સુદ ૧૧ના યાત્રા-સંઘ તારંગા તીર્થમાં સતલાસણાના મંડળે પ્રભુ-ભક્તિમાં સહુને એકતાન બનાવ્યાં. પૂજા પછી સંઘપૂજન થયું. સંઘ-માળની ઉછામણી કલ્પના બહાર થઈ. ફાગણ વદ ૧૨નાં નાણ-સમક્ષ સંઘવીઓને માળા-પરિધાન થયું. સંઘવી તરફથી સંઘપૂજનાદિ થયા. યાત્રાસંઘની વિશેષતાઓમાં, સાથે દેવવિમાનશો રથ, પિંડવાડાના પ્રાચીન પાર્શ્વનાથ, ભવ્ય તંબુઓ વગેરે ઉપરાંત ગામેગામ સંઘવીપુત્ર શાંતિલાલજી સંઘમાં પાણી ઠંડુ કરવું વગેરે સંઘભક્તિમાં એકતાન થતા, ગામેગામ સારી રકમનું દાન કરતા સુંદર વાનગીઓથી રોજ સંઘભક્તિ થતી. આવા પ્રભાવક સંઘની સમાપ્તિએ તારંગાથી પૂ. ગુરુદેવોનો વિહાર વખતે સંઘવી તથા શાંતિલાલજી ચોધાર આંસુએ રડી પડેલા પછી સંઘવીએ યાત્રિકોને બસોમાં પાલીતાણા વગેરેની યાત્રા કરાવી.

● **ઘોટી :** પૂ.મુનિરાજો શ્રી વિમળસેનવિજયજી મ. તથા શ્રી રત્નસુંદરવિજયજી મહારાજ આદિ મુલુંડમાં રોકાઈ પછી વિહાર કરી અત્રે ઓચ્છવ પર પધાર્યા છે. મુલુંડમાં વ્યાખ્યાનોએ ખૂબજ આકર્ષણ કર્યું. ઉપાશ્રય ચિક્કાર ભરાવા ઉપરાંત બહાર પડાળીમાં પણ ઠઠ ભરાતી. વિહારમાં બાળમુનિશ્રી કુળબોધિવિજયજીને શાહપુરમાં મરડાની અસર થયેલી, છતાં વિહાર આનંદથી કરતા અને નરમ તબીયતમાં પણ સ્વાધ્યાય સુંદર કરતા. દશવૈકાલિક ચોથું અધ્યયન ગોખી કડકડાટ સંભળાવી દીધું. બીજા બાળમુનિશ્રી સૂર્યોદયવિજયજી પણ સુંદર અધ્યયન કરી રહેલ છે. બંનેની વડી

દીક્ષા નાસિક મુકામે વૈ.વ. ૭ ના રોજ થવાનું નક્કી થયું છે ત્યાં ધાર્મિક શિક્ષણ શિબિરનો પ્રારંભ વૈ.વ. ૫ (તા. ૭મી મે) થી થવાનું નક્કી થયેલ છે. પૂ.આ.શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ મુંબઈથી વૈ.સુ. ૪ વિહાર કરી નાસિક તરફ પધારી રહ્યા છે. સુદ ૧૪ ઘોટી, વદ ૨ નાસિક પહોંચવા સંભવ છે. શિબિરના ૭૦૦ ફોર્મ વિદ્યાર્થીઓએ મંગાવ્યા છે. એ ભરાઈને આવે પણ શિબિરમાં લેવાની સંખ્યા પરિમિત છે.

● **સુરત :** પ્રખર વ્યાખ્યાતા પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજના અત્રે ૧॥ માસના રોકાણથી ખૂબ જ ધર્મપ્રભાવના તથા શાસનપ્રભાવના થઈ. સવારે ૬ વાગ્યામાં ૪૦૦-૫૦૦ યુવાનો નેમુભાઈની વાડીમાં હાજર થઈ જતા અને ૮॥ વાગ્યા સુધી તત્ત્વજ્ઞાન અને ધર્મબોધ ઝીલતા. એ ઊઠે ત્યાં તો ૯ા વાગ્યાના વ્યાખ્યાન શ્રવણ માટે લોકો વાડીનો વિશાળ ઉપાશ્રય ભરી દેતા. રવિવારે જાહેર વ્યાખ્યાન ચૈત્ય પરિપાટી વગેરે કાર્યક્રમો સુરતની સુરત પલટી નાખતી. રોજ રાતના બસોએક યુવાનો પ્રતિક્રમણના સૂત્રો ગોખવા આવતા. શ્રાવક ધર્મના પ્રાથમિક નિયમો રાત્રિભોજન ત્યાગ, સ્વદ્રવ્યથી જિનપૂજા, નવકારશી, અભક્ષ્ય ત્યાગ સારા લેવાતા. એકવાર વ્યાખ્યાનમાં સાધર્મિક ભક્તિ અને માનવરાહતની પ્રેરણા કરતાં દસ જ મિનિટમાં રોજનો ૧ રૂા. વાર્ષિક ૩૬૫ રૂા. એવા નામો લખાવવામાં પડાપડી થતાં પોણો લાખ રૂા. ઉપરનું ફંડ થયું. મહાવીર જન્મ કલ્યાણકનો વરઘોડો અભૂતપૂર્વ નીકળેલો. એ દિવસે ગરીબોને જમણ અપાયેલ. કતાર ગામ અધિવેશન થતાં સુરતના સોએક, બાકી બહારના મળી ૪૦૦ વીરસૈનિકોનું ૩ દિવસ અધિવેશન થયું. એમાં ખૂબ જ જાગૃતિ અને જોમ પ્રગટ્યાં. નિયમો સુંદર લેવાયા. પ્રભુને પ્રભાતના સંવેદનમાં શ્રોતાઓ પણ દિલ ભરાઈ આવવાથી રડી પડતા. વૈ.સુ. ૩ પૂજ્યશ્રી સુરતથી વિહાર કરતાં હજારોની જનતા વળાવવા ગયેલી તે ય રડી પડેલી. સુરતમાં અવિસ્મરણીય ધર્મ સુવાસ પ્રસરી ગઈ. એઓશ્રી મુંબઈ પધારી રહ્યા છે. પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા સુરત ચાતુર્માસ અર્થે પધારનાર હોઈ ધર્મસુવાસ વિશેષ મહેંકી ઉઠશે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૫,અંક-૩૪,તા.૭-૫-૧૯૭૭

● **મુંબઈ :** અત્રે ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં વાલકેશ્વર ચંદનબાળા એપાર્ટમેન્ટના ભવ્ય જિનમંદિરમાં પ્રભુજીને અંજનશલાકા પ્રતિષ્ઠા નિમિત્તે તથા ૧૪ દીક્ષાઓ નિમિત્તે ચૈત્ર વદ ૧૩થી વૈશાખ



સુદ ૧૪ ભવ્ય મહોત્સવ ઉજવાઈ ગયો. આખું ય મંદિર નિર્માણ અને મહોત્સવ શેઠશ્રી દેવીદાસના ઉદાર ખર્ચે થયેલ. છતાં એમણે અમુક બોલીઓ સંઘને સોંપેલી તેની પણ મોટી ઉપજ બધી જ આ જિનમંદિરમાં ન લેવરાવતાં, બહારગામ મંદિરોમાં આપવાની પહેલેથી જ જાહેરાત કરેલી. વિધિમાં એકેક કલ્યાણકાદિ પ્રસંગે પૂ. આચાર્ય ભગવંતે પ્રસંગને અનુરૂપ તત્ત્વસ્પર્શી પ્રવચન આપેલ તેથી સૌનો ઉલ્લાસ ઘણો વધી ગયેલ. પ્રભુના રાજ્યાભિષેક અને દીક્ષા વર્ષીદાન વરઘોડા વખત શેઠશ્રી દેવીદાસજીએ છૂટે હાથે રૂપિયા ઉછાળેલા. આ વરઘોડામાં જ દીક્ષાર્થી ભાઈ-બહેનોની વર્ષીદાનની ગાડીઓ જુદી જુદી રીતે શણગારાયેલી સામેલ હતી. વરઘોડો શહેરમાં ભૂલેશ્વર લાલબાગ ઉપાશ્રયેથી ચડી ઝવેરી બજાર, પ્રીન્સેસ સ્ટ્રીટ, ગુલાલવાડી વગેરે થઈ ઠેઠ વાલકેશ્વર ઉતરેલ. લાખ માણસો વરઘોડાનાં દર્શનથી પાવન થયેલ. વૈશાખ સુદ ૧૩ સવારે પ્રતિષ્ઠા વિધિ તથા ૧૩ દીક્ષાઓની વિધિ ભવ્ય રીતે ઉજવાઈ આ પ્રસંગે વીસેક હજાર માણસની ઉપસ્થિતિ હતી. દીક્ષિત ચાર ભાઈઓ, પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના સ્વ. શિષ્યરત્ન પૂ.પં.શ્રી પદ્મવિજયજી ગણિવરના શિષ્યરત્નોના શિષ્ય બન્યા, તેમાં દાદરવાળા મુમુક્ષુ શ્રી હીરાચંદજી પૂ. મુનિરાજશ્રી નંદીવર્ધન વિજયજી મ.ના શિષ્ય તરીકે મુનિશ્રી હિતરત્નવિજયજી, અહમદનગરવાળા મુમુક્ષુશ્રી રમેશકુમાર પૂ.મુ. શ્રી મહાબલવિજયજી મ.ના શિષ્ય તરીકે મુનિશ્રી વિનીતભૂષણ વિજય, દાદરવાળા હાલારી મુમુક્ષુ શ્રી અશોકકુમાર પૂ.મુ.શ્રી હેમચંદ્રવિજયજી મ.ના શિષ્ય તરીકે મુનિશ્રી અક્ષયબોધિ વિ., અને એમના જ નાના ભાઈશ્રી મહેશકુમાર એમના જ શિષ્ય તરીકે મુનિશ્રી મહાબોધિવિજયજી બન્યા. દીક્ષાર્થી નવ બહેનોમાં આગળ તરી આવતા મુલુંડવાસી કોરડિયા કુટુંબના કું. નીલમબેન M.B.B.S. ડૉક્ટર થયેલ અને એક વરસ ત્યાં સાર્વજનિક દવાખાનામાં પ્રેક્ટીસ કરેલ એમણે ડૉક્ટરી લાઈન શીખતાં કરવી પડેલ દેડકા વગેરેની હિંસાનું પ્રાયશ્ચિત્ત ઉપરાંત અનેક મહાન તપસ્યાઓ તથા પ્રકરણો, આદિ અધ્યયન કરેલ. બીજા તરી આવતા મુમુક્ષુ દર્શનાબેન, તે મુંબઈ-મદ્રાસ-કલકત્તામાં મોટા પાયા પર વેપાર ધંધો કરનાર શેઠ શ્રી ચંપકલાલ ભણસાલીના સૌથી મોટા સુપુત્રી હતા એમનો અમદાવાદ ખાતે વૈશાખ સુદ ૬ જે વરસીદાનનો વરઘોડો નીકળેલ અને ૨૦૦ વીર સૈનિકો બેંડો વગેરેના ઠાઠ સાથે મોટા મોટા રાજનગરો પર અઢી કલાક સુધી ફરેલ, તેમજ સર્વત્ર રસ્તાઓ માનવમહેરામણથી ઉભરાયેલા રહેલ, તથા શ્રી દર્શનાબેને આમાં ૨॥ કલાક સુધી છૂટ્ટે હાથે વર્ષીદાન ઉછાળેલ વગેરે બધું એ જોનારને ચિરસ્મરણીય થયું હતું. બધાય દીક્ષાર્થીઓના કુટુંબીજનો તરફથી પોતપોતાના સ્થળે ભવ્ય ઉત્સવ ઉજવાયેલા.

● **નાસિક :** અત્રે તા. ૭-૫-૭૭ થી શરૂ થનાર ધા.શિ. શિબિરમાં પ્રવચનો આપવા પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. મુંબઈથી ઉગ્ર વિહારે તા. ૪ મે વૈશાખ વદ ૧ નાસિક બહાર મહાવીર સોસાયટીમાં સપરિવાર પધારી રહ્યા છે. અત્રે પૂ. આચાર્યદેવોશ્રી વિજય હીરસૂરીશ્વરજી મ. તથા શ્રી વિજય ત્રિલોચન-સૂરીશ્વરજી મ. પણ પધારી રહ્યા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૫,અંક-૩૬,તા.૨૧-૫-૧૯૭૭

● **નાસિક :** અત્રે ધાર્મિક શિક્ષણ શિબિરનું કાર્ય સુંદર ચાલી રહેલ છે. વહેલી સવારે સામાયિકમાં મંગળ-શ્લોકોના સમૂહ ઉચ્ચારણપૂર્વક આવશ્યક સૂત્રરહસ્યનું શ્રવણ. ૮।। વાગ્યાથી જૈન તત્ત્વજ્ઞાન અને મોક્ષમાર્ગ તથા બપોરે ૨।।। વાગ્યાથી જૈન આચાર અને જૈન ઇતિહાસનાં પ્રવચનોનું શ્રવણ વિદ્યાર્થીઓમાં ચાલી રહેલ છે. બહારથી બીજા પ્રૌઢો પણ અત્રે આવી લાભ લઈ રહેલ છે.

વિદ્યાર્થીઓમાં ઉપવાસ એકાસણા બેસણાના જાપ પણ ચાલે છે. કેટલાય વિદ્યાર્થીઓ સામાયિકમાં રહીને જ બધાં પ્રવચન સાંભળે છે. બે ટાઈમ પ્રતિક્રમણ પણ કરે છે. વિદ્યાર્થીઓમાં 'કલાકે નમો અરિહંતાણાં,' ૯ લાખ નવકાર, પરસ્ત્રીત્યાગ, ક્રોધ થાય તો અમુક દંડ... વગેરે નિયમો લેવાયા છે.

અત્રે પૂજ્ય આચાર્યદેવોને ચોમાસાની વિનંતી કરવા નાસિક સંઘ ઉપરાંત બહારથી પણ નગર, ધુળિયા, પાચોરા, નેર વગેરેના સંઘ આવેલ એમાં પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની અનુજ્ઞાથી પૂ. આચાર્યદેવોશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજ અને શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજનું ચાતુર્માસ નાસિકનું તથા પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. નું ચોમાસું માલેગામનું નક્કી થયું છે. બીજા પણ ચાતુર્માસો દાદર આરાધનાભવનનું નક્કી થયેલ છે.

"દિવ્ય-દર્શન" - **"અણમોલ પ્રકાશન"** વર્ષ-૨૫,અંક-૩૭,તા.૨૮-૫-૧૯૭૭

**'શાસ્ત્રવાર્તા-સમુચ્ચય' :** હિંદી વિવેચન મૂળકાર ૧૪૪૪ શાસ્ત્રપ્રણેતા શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ તથા ટીકાકાર ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ દ્વારા આ સટીક શાસ્ત્રમાં ભારતીય દર્શનોના સચોટ પૂર્વ પક્ષ, તથા જૈન



દર્શન તરફથી એની સુંદર તર્ક શુદ્ધ સમીક્ષા સાથે અનેકાનેક વાદો, પદાર્થ વિચારણા, વગેરે ગુંથી લેવામાં આવ્યા છે. લેખિની ન્યાયશૈલીની હોઈ એ માત્ર વિદ્વદ્ભોગ્ય હોવાથી, એના પર વારાણસી સંસ્કૃત યુનિવર્સિટીના રીસર્ચ ખાતાના ભૂતપૂર્વ ડાયરેક્ટર પંડિત બદરીનાથજી શુકલ આચાર્યે લોક ભોગ્ય શૈલીમાં સુંદર હિંદી વિવેચન આલેખ્યું છે. જેનું આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે નિરીક્ષણ કર્યું છે. આમાં ધર્મનું મહત્ત્વ, ધર્મનું સ્વરૂપ, નાસ્તિક મત એનું ખંડન, ન્યાયાદિ અન્ય મતોના મંતવ્ય, એની સમાલોચના વગેરે તાત્ત્વિક પદાર્થો પર તર્ક ભરપૂર પ્રકાશ પાથરવામાં આવ્યો છે. મૂળ અને ટીકાગ્રન્થના શબ્દે શબ્દ પર સુંદર સ્પષ્ટીકરણ કરતો આ ગ્રંથ તાર્કિક ગ્રંથોમાં કદાચ પહેલો જ હશે. વિશેષ પ્રચાર હેતુએ આ મહાશાસ્ત્રનું પ્રકાશન વારાણસી, ચોખમ્બા ઓરિએન્ટલ સીરીઝે કર્યું છે, ત્યાંથી તેમજ દિવ્ય-દર્શન કાર્યાલયમાંથી મળી શકશે. કિંમત રૂા. ૨૫)

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૫,અંક-૩૮,તા.૪-૬-૧૯૭૭

● **પાદરલીમાં દીક્ષા મહોત્સવ :** પૂજ્યપાદ આ.ભ.શ્રી વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મ.સા.ના વિદ્વાન શિષ્યરત્ન પૂજ્ય મુનિવર શ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ આદિ ઠાણા ખીમેલમાં યશસ્વી ચાતુર્માસ પૂર્ણ કરીને નાંદાણાં તીર્થમાં ઉપધાન, વિજોવામાં મહોત્સવ, પિંડવાડામાં દીક્ષા, સિરોહીમાં મહોત્સવ, વેલાંગરીમાં દીક્ષા, ફુંગણીથી તારંગા પેદલ સંઘ, દયાલશાહ કિલા પર ઓળી આદિ શાસનપ્રભાવક કાર્યક્રમ પૂર્ણ કરાવીને પાદરલીમાં કુમારી સેવંતીના દીક્ષા મહોત્સવ પ્રસંગે પધાર્યા. ભવ્ય શાંતિસ્નાત્ર વરસીદાનનો શાનદાર વરઘોડો, રાત્રે માનપત્રનો ભવ્ય મેળાવડો થયો. વંદોલીઓ પણ આકર્ષક નીકળી. વૈ.વ.૬ દીક્ષાવિધિ હજારોની મેદની વચ્ચે અદ્ભુત થઈ ઉપકરણો વહોરાવવાની ઉછામણી તો કલ્પના બહાર થઈ. નામકરણ થતાં સેવંતીનું નામ સાધ્વીજી શ્રી નંદીરેખાશ્રીજી રાખીને તેમને સાધ્વીજીશ્રી પુણ્યરેખાશ્રીજીના શિષ્યા બનાવ્યા.

વદ ૭ના વિહાર કરીને પૂજ્યશ્રી તખતગઢ શા. વનેચંદ રત્નાજી તરફથી ઉદ્યાપન મહોત્સવ પર પધાર્યા. શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ઠાઠથી ભણાવાયું. વનેચંદજી તરફથી યાત્રા સંઘના પ્રસ્થાન નિમિત્તે તેમને ત્યાં ક્રિયા કરાવી.

વદ ૧૨નાં પૂજ્યશ્રી કોસેલાવ પધારતાં દીક્ષાર્થિ ચંદ્રાકુમારીનાં પિતાશ્રી તરફથી સ્વાગત થયું. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ મહાપૂજન ઠાઠથી ભણાવાયું.

વરસીદાનનો ભવ્ય વરઘોડો નીકળ્યો. વદ ૧૩ વિશાલ માનવ મેદની વચ્ચે દીક્ષા ક્રિયા થઈ ઉછામણી સુંદર થઈ. નામકરણ થતાં ચંદ્રાને સાધ્વીજીશ્રી ચંદ્રલતાશ્રીજી નામ રાખીને મોક્ષલતાશ્રીનાં શિષ્યા બનાવાયા. પછી પૂજ્યશ્રી પાદરલી પધારતાં પંચાહ્નિકા મહોત્સવ ઋષિમંડળ મહાપૂજન, શા. તિલોકચંદજી તરફથી સંઘપૂજન વગેરે સુંદર થયું. પૂજ્યશ્રી અગવરી મહોત્સવ પ્રસંગે પધારશે. ચોમાસુ પૂ. ગુરુદેવશ્રીની આજ્ઞાથી પાદરુ થશે.

● **અમદાવાદ :** જમાલપુર ટોકરશાની પોળમાં શતાધિકવર્ષ પ્રભુપ્રતિષ્ઠાનો તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠાનો મહોત્સવ પૂ. મુનિરાજશ્રી પ્રભાકર વિજયજી મ.ની નિશ્રામાં સુંદર રીતે ઉજવાયો. ઘોડા-સાંબેલા-ભજનમંડળી સહિત વરઘોડો વગેરે સુંદર થયું. પ્રભાવનામાં લાડવામાં ગુપ્તદાન અપાયેલ સાધર્મિક વાત્સલ્ય થયું. તેમજ અઢાર કોમમાં લાડવા વહેંચાયેલ દ્વારોદ્ઘાટનનો વરઘોડો પણ ભવ્ય ચડ્યો સંઘપૂજન તેમજ ઉપાશ્રય માટે ટીપ સારી થઈ. પૂજ્યશ્રીના હસ્તે પાલડી રંગસાગર સોસાયટી આસપાસની વસતીમાં ભાવવર્ધક સુપાર્શ્વનાથ સ્વામિ જૈન સંઘની સ્થાપના કરવામાં આવી, ત્યાં વૈશાખ વદ ૧૩ રવિવારે પરમપ્રભાવક શ્રી સુપાર્શ્વનાથ સ્વામિ આદિ ૮ જિનબિંબોની ચલપ્રતિષ્ઠા મહોત્સવપૂર્વક થઈ. આ પ્રસંગે ભવ્ય વરઘોડો, પાઠશાળાનું ઉદ્ઘાટન સાધર્મિક વાત્સલ્ય તથા અઢારે કોમમાં ઘરદીઠ લાડવા વહેંચાયેલ.

● **નાસિક :** અત્રે ધા. શિ. શિબિર સુંદર ચાલી રહી છે. ૨૨૫ ઉપર વિદ્યાર્થીઓ તથા શ્રી સંઘ પણ લાભ લઈ રહેલ છે. રોજ બહારગામથી ૨૫-૫૦-૭૫ જેટલા મહેમાનો પણ આવતા રહે છે. તા. ૧૮મીએ ૫ વિષયો પર વચગાળાની લેખિત પરીક્ષા યોજાઈ. વિદ્યાર્થીઓ તૈયારી માટે સારી મહેનત લઈ રહ્યા હતા. જેઠ સુદ ૪ આખો દિવસ મૌનનો રાખવામાં આવેલ. વલસાડથી બાળ ગાંધર્વ હિમાંશુકાકા બાબુભાઈ સાથે આવતા ૩-૪ દિવસ પ્રભુભક્તિના સંગીતના સુંદર કાર્યક્રમ થયા. વાતાવરણ દિવ્ય સંગીતમય થયેલ. મુંબઈથી શ્રી કોચર પધારેલ ને એમની અજબ શૈલીથી પ્રભુભક્તિ ગુરુભક્તિના સંગીતમાં સૌને તરબોળ કરેલ. મુંબઈથી સંગીતકાર શ્રી સોભાગચંદ્ર મોહનલાલ પણ પધારી ગયા. સુદ ૫ સવારે ભાઈશ્રી છબીલદાસ તરફથી શ્રી અષ્ટાપદજીની મહાન પૂજા રખાઈ. પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મ. ના વિશિષ્ટ અર્થ વિવેચન અને સોભાગચંદ તથા બાળ હિમાંશુના સૂરીલા ભક્તિ સંગીતે નાસિક સંઘને પહેલી જ વાર અનેરી પ્રભુભક્તિમાં તરબોળ કરી દીધેલ. બપોરે વિદ્યાર્થીઓની અંતિમ લેખિત પરીક્ષા રખાઈ તા. ૨૬ રાત્રે અંતિમ મેળાવડો છે પૂજ્યશ્રી ચાતુર્માસાર્થ માલેગામ તરફ તા. ૨૮ અત્રેથી વિહાર કરશે.



(જરૂરી પત્રવ્યવહાર માલેગામ જૈન ઉપાશ્રય સરનામે થઈ શકશે.)

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૨૫,અંક-૩૯,તા.૧૧-૬-૧૯૭૭**

● **નાસિક :** અત્રે શ્રી સંઘ તરફથી ચાલી રહેલ સ્કૂલ-કૉલેજના ૨૨૫ વિદ્યાર્થીઓની ધાર્મિક શિક્ષણ શિબિર તા. ૨૭મી મેની રાતના ભવ્ય ઈનામી મેળાવડા સાથે પૂર્ણ થઈ. શિબિરમાં વિદ્યાર્થીઓ કેટલાક ઉપવાસ એકાસણા બેસણાં પણ કરતા. સવાર સાંજ યા સાંજના પ્રતિક્રમણ પણ કેટલાક કરતા. પ્રવચન સમયે કેટલાય વિદ્યાર્થી સામાયિકમાં રહી પ્રવચન સાંભળતા લખતા, અષ્ટમી ચતુર્દશી બધા જ વિદ્યાર્થી પ્રતિક્રમણ કરતા, અને મોટી સંખ્યામાં એકાસણાં થતાં, ૪-૫ ઉપવાસ પણ થઈ જતા. વૈ.વ. ૧૧ સ્વ. સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની ૯મી વાર્ષિક સ્વર્ગતિથિ હોઈ કેટલાય વિદ્યાર્થીઓએ ઉપવાસ-એકાસણાં કરેલા. જુદા જુદા ગૃહસ્થો તથા પૂ. મહારાજોએ સ્વ. પૂજ્યશ્રીના ગુણાનુવાદ કરેલા. એઓશ્રીની સ્તુતિ ગાવામાં આવેલી. ગાડીમાં સ્વ. પૂજ્યશ્રીનો મોટો ફોટો લઈ, બેન્ડવાજા સાથે વરઘોડો નીકળેલ. વિદ્યાર્થીઓએ રસ્તા વચ્ચે વચ્ચે ધૂન મચાવેલી.

વિદ્યાર્થીઓની બે વખત લેખિત પરીક્ષા લેવાઈ. પરીક્ષા પૂર્વે વિદ્યાર્થીઓ વિષયો તૈયાર કરવામાં સારા જામી પડેલા. અમુક અમુક વિદ્યાર્થીઓના પ્રશ્નોના ઉત્તર અદ્ભુત મળેલા.

વિદ્યાર્થીઓમાં એક આખો દિવસ મૌનનો રખાયેલ. બહુ જ સુંદર શાંતિ રહેલી. છેલ્લે અષ્ટમીના દિવસે પોષધ, સામાયિક વગેરે સાથે અરિહંત શબ્દનો ૫૦ હજાર જાપનો કાર્યક્રમ સુંદર થયેલ.

રાત્રિભોજન ત્યાગ, રોજ જિનપૂજા, કંદમૂળ ત્યાગ, નવલાખ નવકાર, સાત વ્યસન ત્યાગ, બ્રહ્મચર્ય, સિનેમા ત્યાગ વગેરે નિયમોનું ભાતું સારું લેવાયેલું.

જેઠ સુદ ૮ના રાત્રિના શેઠ કેશવલાલ મગનલાલના પ્રમુખપદે અંતિમ મેળાવડો પેઠે હાઈસ્કૂલના પટાંગણમાં ઉજવાયો. શેઠ માધવજીભાઈ તરફથી ઈનામો પહેંચાયા, વિદ્યાર્થીઓના વર્તન, આરાધના, વિશિષ્ટ તપ, નિયમ વગેરે અંગે ખાસ ઈનામો અપાયેલ. દિવસનાં અંતિમ પ્રવચનમાં પૂજ્યોએ હવે પછી ઘરે કેવા વર્તવાનું, શું શું કરવાનું, વગેરે અંગે સારી સમજૂતી આપેલી. બહારગામથી પધારેલ ભાવિક ગૃહસ્થોએ સંઘપૂજન, પ્રભાવના, શિબિર ભક્તિ લાભ વગેરે સારું કરેલ.

• **ભગુર :** અત્રેના સંઘના આગ્રહથી પૂ.આ.શ્રી વિજય વિલોચનસૂરીશ્વરજી મહારાજ તથા શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. નાસિકથી સપરિવાર પધારેલા હિંદી વ્યાખ્યાનમાં જૈનેતરોએ પણ સારો લાભ લીધેલ. બહારગામથી સારી સંખ્યામાં ભાવિકો આવેલા. પૂજ્યશ્રીને **સિન્નર** લઈ જવા માટે સિન્નેરના મોતીભાઈ તાતિયાએ કહ્યું 'આપ જો સિન્નર પધારો તો હું સિન્નરથી લાસણગામનો સંઘ કાઢું.' એ નક્કી થતાં અત્રેના બાબુભાઈ નાહર તરફથી સિન્નરનો સંઘ કાઢવાનું નક્કી થયું. આગળ લાસણગામથી માલેગામ સુધીનો પણ સંઘ કાઢવાની સંભાવના છે. આ હિસાબે પૂજ્યશ્રીનો પીંપળગામ થઈને જવાનો વિહાર ક્રમ ૨૬ થયો છે. જેઠ વદ ૧૪ માલેગામ બહાર વસંતવાડીમાં પ્રવેશ, અને અષાઢ સુદ ૩ માલેગામમાં પ્રવેશ ઠરાયેલ છે. સિન્નરમાં જેઠ વદ ૩, લાસણગામમાં વદ ૭ થવા સંભવ છે.

• **ગ્રંથ ભેટ :** પૂ. સ્વ. આ. શ્રી વિજય ભુવનતલિકસૂરીશ્વરજી મ. ની પાંચમી પુણ્યતિથિ દાવણગિરિ, ટીપટુર, બેંગ્લોર, ઈડર વગેરેમાં સારી ઉજવાઈ. પૂજા-જમણ-ગરીબોને ભોજન વગેરે થયેલ. આ નિમિત્તે સ્વ.આ.શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજીકૃત 'તત્ત્વન્યાય વિભાકર' મહાન ગ્રંથના પૂ.આ.શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી કૃત ગુજરાતી અનુવાદ (૮૦૦ પેજનો) ગ્રંથ જરૂરિયાતવાળાને ભેટ આપવાનો છે.

• **અચલગઢ શિબિર :** પૂ. મુનિરાજશ્રી ગુણરત્ન વિજયજી મ. અત્રે જેઠ સુદ ૫થી શરૂ થયેલ ધા.શિ.શિબિરમાં આવશ્યક સૂત્રો, કર્મવાદ, જૈનાચાર-માર્ગાનુસારી જીવન-જૈન ઈતિહાસ એ વિષયો ઉપર ૧૨૫ વિદ્યાર્થીઓને સુંદર પ્રવચનો આપી રહ્યા છે. સત્ર-ઉદ્ઘાટન શેઠશ્રી શાંતિલાલ ઉજમશી શ્રોફ અને શેઠશ્રી રમણલાલ વજેચંદના હસ્તે થયેલ. વિદ્યાર્થીઓ કેટલાક તો પોષધમાં જ રહી જ્ઞાનારાધના કરે છે. કેટલાકો એકાસણા-બેસણાં પણ કરે છે.

• **સુરત :** અત્રે પાંચ પોળ યુવક મંડળ તરફથી પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્ત-વિજયજી મ. ના વીસ દિવસમાં ૧૦ વિષયો પર સવારે ૬ થી ૭ વાગે પ્રવચનોનો કાર્યક્રમ યોજ્યો છે. ખાસ કરીને યુવાન વયવાળા માટે આ એક સમગ્યજ્ઞાન પ્રાપ્તિનું આયોજન છે. વિષયોમાં, -(૧) હું કોણ ? (૨) જીવન જીવવા જેવું છે. (૩) જીવન અને ધર્મ. (૪) તમારું ભવિષ્ય તમે સરજો. (૫) વિકૃતિ-સંસ્કૃતિ-પ્રકૃતિ. (૬-૭) ધર્મક્રિયાઓ શા માટે ? (૮) મનની સ્થિરતાના માર્ગો. (૯) જૈન રામાયણની ઝલક. (૧૦) ચાલો વિશ્વાયાત્રા કરીએ.

• **બોરસદ :** અત્રે પૂ. ગણિવર્યશ્રી મિત્રાનંદવિજયજી મ. પધારતાં પાંચ દિવસ મહાપૂજન, સાધર્મિક વાત્સલ્ય, પ્રવચનો વગેરે સુંદર થયું. છાણીમાં પણ ૩ દિવસ



ધર્મની ધામધૂમ થઈ. પેટલાદમાં ભવ્ય સામૈયું પૂજા-પ્રવચનો-રાત્રે જ્ઞાનગોષ્ઠીમાં ભરચક મેદની રહી. એઓશ્રી વડોદરા, ભરૂચ, સુરત વગેરે થઈ નવસારી જેઠ વદ ૧૦ પહોંચવા ધારે છે.

• **સિન્નર :** પૂ.આ.શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મ. તથા વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. નાસિક શિબિર પછી સંઘના અતિ આગ્રહે ભગુર પધારેલ. ત્યાંથી શેઠશ્રી બાબુલાલ નહાર તરફથી **સિન્નરનો યાત્રાસંઘ** નીકળેલ. પંદરેક શિબિર વિદ્યાર્થીઓ પણ સાથે રહેલ. પૂજા ભાવના પ્રવચનો થતા. સિન્નર પધારતાં ભવ્ય સામૈયું થયું. તીર્થમાળા આરોપણ વિધિ થઈ. શિબિર વિદ્યાર્થીઓએ પણ રૂા. ૨૧થી સંઘવીનું અભિનંદન કર્યું. તીર્થમાળ ચડાવા સારા થયા. સિન્નરથી જેઠ વદ ૩ શેઠશ્રી મોતીલાલ છગનલાલ તરફથી લાસણગામમાં ચાર દિવસનો યાત્રાસંઘ નીકળ્યો. નીમગામ પધારતાં જૈનેતરોએ પણ સામૈયું શોભાવ્યું અને પ્રભુની આગળ ભક્તિરંગ જમાવ્યો. જેઠ વદ ૭ લાસણગામમાં તીર્થમાળા થશે. ત્યાંથી પ્રાયઃ સંઘ સાથે પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. વિહાર કરી માલેગામ બહાર વસંતવાડી જેઠ વદ ૧૪ પહોંચવા વકી છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૨૫,અંક-૪૨,તા.૧૬-૭-૧૯૭૭**

## અચળગઢમાં શિબિર-સમાપન સમારોહ

અત્રે પ.પૂ.પ્રવચન-પ્રભાવક આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા.ના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મ. ના શિષ્યરત્ન શ્રી ગુણરત્ન-વિજયજી મ. ની શુભ નિશ્રામાં બેંગ્લોર, બલ્લારી, વિજયવાડા, જોધપુર, પાલી, અમદાવાદ, છોડી સાદડી, ચિતોડ, ઉદયપુર, શીવગંજ, શિરોહી, જાલોર આદિ ૩૫ ગામોનાં મેટ્રીકથી એમ.કોમ. સુધીના ૧૨૫ વિદ્યાર્થીઓની શિબિર તા. ૨૩-૫-૭૭ ના દિવસે થતાં ભવ્ય ઈનામી મેળાવડો થયો. આ શિબિરની વિશેષતામાં કેટલાક વિદ્યાર્થીઓ રોજ પોષધ અને એકાસણા કરતાં. એમ.કોમ.ના એક વિદ્યાર્થીએ ૧૩ પોષધ કરેલ. બીજા એકે ૧૫ પોષધ કરેલ. ઈત્યાદિ. વળી યાવજ્જીવ સીનેમાં ત્યાગ ૯ વિદ્યાર્થીને, રાત્રિભોજન ત્યાગ ૧૬ ને, જમીનકંદમૂળ ત્યાગ ૨૭ને, ધુમ્રપાન ત્યાગ ૬૮ને, સપ્તવ્યસન ત્યાગ ૬૯ને શિબિરમાં કુલ ઉપવાસ ૪૮, આયંબિલ ૫૭, એકાસણાં ૨૧૮, બેસણાં ૨૨૬, સામાયિક ૧૧૮૦૦, પોષધ ૨૨૮ થયેલ.

પૂ.મુનિરાજ ગુણરત્નવિજયજી મ.ની શ્રી વર્ધમાન તપની ૪૯મી ઓળીના પારણાં નિમિત્તે અલગ અલગ વિદ્યાર્થીઓએ ૧૦ વર્ષમાં ૩૨૦૦૦ બેસણાં, તેમજ ૧૧૦૦૦ સામાયિક કરવાનો, તેમજ માતપિતાને પ્રણામ કરવાનાં, નવ લાખ જાપ આદિ અનેક દૃઢસંકલ્પો પોતાની ભાવનાથી કરેલ. આવી શિબિરમાં સંસ્કાર-ઘડતરનો અદ્ભુત પ્રયોગ દેખાઈ આવે છે. પરીક્ષા હરીફાઈ વગેરે પણ થયેલ. ત્યારબાદ સુવર્ણ પદક, રજત પદક, કાંસ્ય પદક તેમજ પૂજાના કપડાની જોડો, સામાયિકના કપડાનીં જોડો, પૂજાની પેટી, કટાસણાં, દેરાસરની ડબ્બી વગેરે અનેક ઉપકરણો પુરસ્કાર તરીકે અપાયા, જેથી ઘરે જઈને પણ વિદ્યાર્થીઓને ધર્મક્રિયા કરવાનો ઉત્સાહ ચાલુ રહે.

● **ખંભાત :** અત્રે પૂ.આ.શ્રી વિજય જયંતશેખરસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં પૂ. મુનિરાજશ્રી મહાશાલવિજયજી મ.ને આંતરડાની વ્યાધિથી હૉસ્પિટલમાં દાખલ કરાતાં, ગ્લુકોઝના બાટલા ચડાવામાં, પેટમાંથી નળી દ્વારા ૮-૧૦ બાટલા કચરો બહાર કાઢ્યો પછી ફોટામાં આંતરડું સડી હોજરીથી છુટું પડી ગયેલ તેનું ડૉ. દવેની હૉસ્પિટલમાં ઓપરેશન કરાતાં જુનું કાપી નવું જોઈન્ટ કરાવ્યું. હવે આંતરડાની નીચે ગાંઠ હોઈ કેન્સરની છે કે કેમ તેની તપાસ ચાલુ છે. પૂ.મુ.શ્રી જયદેવવિજયજી મ. પણ બીમાર, તેમજ પૂ. આચાર્યદેવશ્રી પણ નરમ, તેથી નાસિકથી પૂ. ગણિવર શ્રી નિત્યાનંદવિજયજી મ. તથા મુ.શ્રી ચંદ્રસુંદરવિજયજી મ. અને ડભોઈથી પૂ.મુ. શ્રી ખ્યાતકીર્તિવિજયજી મ. અત્રે સેવામાં આવી ગયેલ છે.

● **નવસારી :** પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. આદિઠાણા ૨૫ જેઠ વદ ૧૦ના રોજ અત્રે પધારતાં પૂ. ગણિવર્યશ્રી મિત્રાનંદવિજયજી મ. સાથે શ્રી સંઘ તરફથી દબદબાભર્યું સામૈયું થયું. ઠેર ઠેર ગહુંલીથી વધાવાયા. ૪ દિવસમાં પૂજ્યશ્રીના પ્રેરણાદાયી પ્રવચનો થયા. રવિવારે બપોરે જાહેર પ્રવચન થયું. સુરતથી ૧ બસ ભરીને આવેલ. સોમવારે બપોરે સમૂહ સામાયિકમાં પ્રશ્નોત્તરી થઈ. મંગળવારે મનુભાઈ ત્રિકમલાલે સંઘપૂજન કર્યું. જેઠ સુદ ૧૪ની સવારે પૂજ્યશ્રીએ સુરત તરફ વિહાર કર્યો હતો. પૂ. ગણિવર શ્રી મિત્રાનંદવિજયજી ગણિ આદિઠાણા ૫ સંઘની બહુ આગ્રહભરી વિનંતીથી ચાતુર્માસ પધાર્યા છે. તેઓશ્રીના તથા પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મ. ના પ્રવચનોનો શ્રી સંઘ મોટી સંખ્યામાં લાભ લે છે.

● **સુરત :** અત્રે પરમ શાસન પ્રભાવક ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાનો વિશાળ પરિવાર સાથે અષાઢ સુદ ૩ પ્રવેશ મહોત્સવ



બહુ મંગળમય રીતે થયો છે. સગરામપુરાથી ૮-૨૫ વાગે શરૂ થયેલ. ૯-૧ મિનિટે ગોપીપુરામાં પ્રવેશ સાચવી, ૧૧-૫૫ વાગે નૂતન ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો. બાદ સ્વાગત ગીત ગવાયા. બાદ રૂા. ૧૬ હજાર પ્રથમ ગુરુપૂજન ૭ હજાર જ્ઞાનપૂજન, ૧ હજાર જીવદયા અને ઉપાશ્રય ફંડમાં ૨૫ હજાર મળી કુલ ૪૫ હજાર થયા હતા. ૧ થી ૨ વ્યાખ્યાન થયું હતું. સગરામપુરાથી માંડી ગોપીપુરા-નવાપુરા-હરીપુરા થઈ છાપરીયા શેરી ઉપાશ્રય સુધી સઘળો રસ્તો શણગારેલો; સ્વાગત વરઘોડામાં ૨૮ શણગારેલી ગાડીઓમાં સાંબેલા ૮૨ બેડાવાળી બેનો. ૯ બેન્ડો, વીર સૈનિકો ધ્વજાધારી ૨૮ ઘોડા ઉપર આદિ ઠાઠ હતો. મુંબઈ-અમદાવાદ-ગુજરાત, મહારાષ્ટ્રના ભાવિકોની લગભગ બે હજારની ઉપસ્થિતિ લોકોનો ઉત્સાહ પણ અમાપ હોય એમ જોવા મળે.

● **ગોરેગામ (મુંબઈ) :** અત્રે શ્રીનગરમાં પૂ. મુનિરાજશ્રી મલયચંદ્રવિજયજી મ. તથા પૂ.મુ.શ્રી વિશ્વાનંદવિજયજી મહારાજાનું ચાતુર્માસ નક્કી થતાં સંઘમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ હતી. અષાઢ સુદ ૧૦ના પૂ. મુનિરાજોનો ચાતુર્માસ પ્રવેશ ભવ્ય રીતે થયો. બે બેન્ડ સહિત સામૈયું જવાહરનગર-ચિંતામણી જૈન પાર્શ્વનાથ સંઘ થઈ, શ્રીનગરે ઊતર્યું હતું. બંને સંઘના ભાવિકોએ પણ લાભ લીધો. સૂત્ર વાંચન માટેની ઉછામણી ૪૭૫ મણની બોલાઈ. વ્યાખ્યાનમાં વર્ધમાન દેશના તથા જૈન રામાયણ પૂ. મુનિરાજશ્રી વિશ્વાનંદવિજયજી મ. વાંચે છે. વૈરાગ્ય શ્રાવકાચાર સાધ્વાચારનું સારું પીરસાઈ રહ્યું છે.

● **અહમદનગર :** અત્રે પૂ.મુનિરાજશ્રી જગચ્ચંદ્રવિજયજી મહારાજ સંઘના અતિ આગ્રહે ચોમાસું પધાર્યાથી સંઘમાં ધર્મઉત્સાહ વધ્યો. ચોમાસી ચૌદશે ઉપદેશથી ચોમાસામાં પાંચે માસ આયંબિલ, બેસણાં, ઉકાળેલું પાણી, પગરખાં ત્યાગ, સામાયિક, પ્રતિક્રમણ વગેરેનાં અભિગ્રહો લેવાયા. એમનાં શિષ્યરત્ન પૂ.મુ.શ્રી કનકસુંદરવિજયજી મ. ને સળંગ ૧૭ ઉપવાસની તપસ્યા સુંદર થઈ. આ નિમિત્તે પાંચ દિવસનો મહોત્સવ ઉજવાયો. એમના સંસારિપણે પિતાશ્રી કાંતિલાલ જગજીવનદાસ તરફથી ભવ્ય ૫૬ દિક્કુમારી સ્નાત્ર મહોત્સવ, બપોરે વીસસ્થાનક પૂજા તથા રાત્રે ભાવનામાં સંગમનેર શ્રી મહાવીર સેવા મંડળે રાસ દાંડિયાદિથી ભક્તિની રમઝટ મચાવી. યુવાનોએ પર્યુષણમાં તપ કરવાના નિયમો લીધા.

● **માલેગામ :** અત્રે સ્વ.પૂ. આચાર્યદેવશ્રી વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજ તથા સ્વ.પૂ.પં. ચરણવિજયજી મ. ના સદ્ગુણો સુકૃતોની અનુમોદના નિમિત્તે તથા પૂ. સાધ્વીજી શ્રી દર્શનરત્નાશ્રીજીની વડી દીક્ષા અંગે અઠ્ઠાઈ મહોત્સવ સુંદર ઉજવાઈ ગયો. અષાઢ સુદ ૧૩ સવારે વડી દીક્ષા તથા શ્રી ચંપકલાલ ભણશાલી તરફથી

સંઘ પૂજન થયું. ડૉ. સતીશચંદ્ર તરફથી શાંતિ સ્નાત્ર હતું. બાળભક્તિ મંડળે પણ બાળ સંદીપકુમારની આગેવાની નીચે પૂજા સુંદર ભણાવી. શ્રી ચંપકલાલ ભણસાળી કલકત્તાવાળા તરફથી ત્રણ પૂજાઓમાં શ્રી અષ્ટાપદજીની પૂજા માટે આગ્રહપૂર્વક અમદાવાદથી શ્રી ચતુરભાઈની આગેવાની નીચે શ્રી જૈનધર્મ આરાધક મંડળને ખાસ નિમંત્રવામાં આવેલ. અષાઢ વદ ૩ વિશાળ ઉપાશ્રય હોલમાં ૧૨ાા થી ૪ાા વાગ્યા સુધીમાં આ પૂજાના ભક્તિસંગીતની ભારે રમઝટ જામી સભા ચિકાર હતી. સ્થાનકવાસી ભાઈઓ પણ આવેલા. વચમાં વચમાં પૂ. આચાર્યદેવશ્રી ભાવ સમજાવતા. માલેગામ સંઘને જીવનમાં પહેલીવાર આનો અનેરો રંગ આવતાં 'આવી રીતે ઠાઠથી પૂજા ભણાવાય છે !' એ આશ્ચર્ય લાગ્યું, અત્રે મુનિમહારાજો ઠા. ૨૦ અને સાધ્વીજી મ. ૩૧ ઠાણા, બિરાજમાન છે. પૂ. આચાર્યદેવશ્રી ચતુર્વિધ સંઘને શ્રી પુષ્પમાળા ઉપદેશમાળા તથા શ્રી સમરાદિત્ય પર વ્યાખ્યાન અને શ્રી પંચસૂત્ર, શ્રી શાંતસુધારસ આદિ પર વાચના અને રાતના પુરુષોને જ્ઞાનગોષ્ઠી આપે છે. બપોરે પૂ.મુ.શ્રી રત્નસુંદર વિજયજી મ. ના જોસિલા વ્યાખ્યાન ચાલે છે. પૂ. ગણિવર શ્રી ગુણાનંદવિજયજી મ. મુનિઓને શ્રી વિશેષાવશ્યક પર બે વાચના તથા શ્રી આવશ્યક અને શ્રી ધર્મસંગ્રહ ભાગ ૨ પર વાચના આપે છે. દિવાળી પર ધાર્મિક શિક્ષણ શિબિર (૧૧ દિવસની) તથા ઉપધાનની વિચારણા ચાલી છે.

● **નવસારી :-** અત્રે પૂ. ગણિવર્ય શ્રી મિત્રાનંદવિજયજી મ.ના ચોમાસાથી ધર્મનો રંગ વધવા માંડયો છે. પૂજ્યશ્રી સંઘને સવારે સ્તોત્રપાઠ પછી પ્રતિક્રમણ સૂત્રના અર્થ રહસ્ય સમજાવે છે. વ્યાખ્યાનમાં 'શ્રાદ્ધ પ્રતિક્રમણસૂત્ર વાંચે છે તે પૂર્વે પૂ.મુ.શ્રી હેમરત્નવિજયજી મ. 'સમાદિત્ય' પર વ્યાખ્યાન આપે છે. એમણે રવિવારે **'માનવ જીવનની મહત્તા'** પર જાહેર પ્રવચન આપેલ. વાડીનો વિશાળ હોલ ચિક્કાર ભરાયેલ. પછીના રવિવારે **'ઈચ્છાઓ પર બ્રેક મૂકો.'** પર જાહેર વ્યાખ્યાન નક્કી થયેલ. નવી નવી આરાધનાઓ અભિલાષાથી સંઘે મોટું ફંડ કર્યું છે. કેમકે પૂ. ગણિવર્યશ્રીની આરાધનાઓ કરાવવાની ખાસ વિશિષ્ટતા છે, ગઈ સાલ અમદાવાદમાં એક જ દિવસ વીસ સ્થાનકની સમુહ આરાધનામાં તથા એક જ દિવસે ચોવીસે તીર્થંકર દેવોના ૧૨૦ કલ્યાણકોની આરાધનામાં ૫૦૦-૬૦૦ જણ જોડાયેલ, પાછળથી જોડાવા ઈચ્છનાર બીજાઓને ના કહેવી પડેલી.





## સ્વ. સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના સમુદાયના ચાતુર્માસની નોંધ

૧. ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા પૂ.આ.શ્રી વિજય મહોદયસૂરિ.મ. આદિઠાણા-૩૧ છાપરીયા શેરી, સુરત.
૨. પૂ.આ.શ્રી વિજય ભક્તિસૂરીશ્વરજી મહારાજ આદિ-૪, નડિયાદ.
૩. પૂ.આ.શ્રી વિજય કનકચંદ્રસૂરીશ્વરજી મ. આદિ-૬, ભવાનીપુર, કલકત્તા.
૪. પૂ.આ.શ્રી વિજય વર્ધમાનસૂરીશ્વરજી મહારાજ તથા પૂ.આ.શ્રી વિજય રૈવતસૂરીશ્વરજી મહારાજ આદિ, જ્ઞાનમંદિર દાદર (મુંબઈ).
૫. પૂ.આ.શ્રી વિજય સુદર્શનસૂરીશ્વરજી મહારાજ, વાપી.
૬. પૂ.આ.શ્રી વિજય જયંતશેખરસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. નિત્યાનંદવિજયજી ગણિવર આદિ, જૈન અમરશાળા, ખંભાત.
૭. પૂ.આ.શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજ તથા પૂ.આ.શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજ આદિઠાણા-૧૫, નાસિક.
૮. પૂ.આ.શ્રી વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજ આદિ, રતલામ.
૯. પૂ.આ.શ્રી વિજય હિમાંશુસૂરીશ્વરજી મહારાજ તથા પૂ.આ.શ્રી વિજય નરરત્નસૂરીશ્વરજી મહારાજ આદિ, જુનાગઢ.
૧૦. પૂ.આ.શ્રી વિજય રાજતિલકસૂરીશ્વરજી મ. આદિ, ગીરધરનગર, અમદાવાદ.
૧૧. પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આદિ-૨૦, માલેગામ.
૧૨. પૂ.આ.શ્રી વિજય રવિચંદ્રસૂરી. મ. આદિ, જૈન વિદ્યાશાળા, અમદાવાદ.
૧૩. પૂ.આ.શ્રી વિજય માનતુંગસૂરીશ્વરજી મહારાજ આદિ, સાવરકુંડલા.
૧૪. પૂ. પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ આદિ, પિંડવાડા.
૧૫. પૂ. પંન્યાસજી શ્રી હર્ષવિજયજી મ. આદિઠાણા-૪, નગીનદાસ મંડપ, પાટણ.
૧૬. પૂ. મુનિરાજશ્રી ભાવવિજયજી મહારાજ આદિ, સાદડી.
૧૭. પૂ. મુનિરાજશ્રી લાવણ્યવિજયજી મહારાજ તથા રંગવિજયજી ગણી આદિ-૫, ચાલીસગામ.
૧૮. પૂ. ગણિવર્ય શ્રી મિત્રાનંદવિજયજી મહારાજ આદિ-૫, નવસારી.
૧૯. પૂ. ગણિવર્ય શ્રી ભદ્રાનંદવિજયજી મ. આદિ, હજુર પેલેસ પ્લોટ, રાજકોટ.
૨૦. પૂ. ગણિવર્ય શ્રી યશોભદ્રવિજયજી મહારાજ આદિ, સિદ્ધપુર.

૨૧. પૂ. ગણિવર્ય શ્રી સુધાંશુવિજયજી મહારાજ આદિ-૩, ઈર્લા (મુંબઈ).
૨૨. પૂ. ગણિવર્ય શ્રી ધનપાલવિજયજી મહારાજ આદિ-૨, ધુળિયા.
૨૩. પૂ. મુનિરાજશ્રી ધર્મઘોષવિજયજી મહારાજ તથા
પૂ. ગણિવર્ય શ્રી જયઘોષવિજયજી મહારાજ આદિ, કાળુશીની પોળ, અમદાવાદ.
૨૪. પૂ. ગણિવર્ય શ્રી જિનપ્રભવિજયજી મહારાજ આદિ, નવા ડીસા,
૨૫. પૂ. ગણિવર્ય શ્રી ધર્મજિતવિજયજી મ. આદિ, લક્ષ્મીવર્ધક સંઘ, અમદાવાદ.
૨૬. પૂ. મુનિરાજશ્રી પદ્માકરવિજયજી મહારાજ આદિ-૨, સાણંદ.
૨૭. પૂ. મુનિરાજશ્રી પુણ્યોદયવિજયજી મહારાજ આદિ-૨, પોસાલીયા.
૨૮. પૂ. મુનિરાજશ્રી ચંદ્રપ્રભવિજયજી મ. આદિ-૨, સૈજપુર બોધા, અમદાવાદ.
૨૯. પૂ. મુનિરાજશ્રી કુંદકુંદવિજયજી મ. આદિ, મહારાષ્ટ્ર ભવન, પાલીતાણા.
૩૦. પૂ. મુનિરાજશ્રી નિરંજનવિજયજી મ. આદિ-૨, નાજુબાઈ ધર્મશાળા, પુના.
૩૧. પૂ. મુનિરાજશ્રી મતિધનવિજયજી મ. આદિ, પગથીયાનો ઉપાશ્રય, અમદાવાદ.
૩૨. પૂ. મુનિરાજશ્રી પ્રિયકંરવિજયજી મહારાજ તથા
પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજ આદિ-૮, ડભોઈ.
૩૩. પૂ. મુનિરાજશ્રી જયધ્વજવિજયજી મહારાજ આદિ-૨, ધંધુકા.
૩૪. પૂ. મુનિરાજશ્રી જિનભદ્રવિજયજી મહારાજ આદિ, શિનોર.
૩૫. પૂ. મુનિરાજશ્રી હીરવિજયજી મહારાજ આદિ-૩, બાવળા.
૩૬. પૂ. મુનિરાજશ્રી જયભદ્રવિજયજી મ. આદિ-૩, આરાધના ભવન-દાદર.
૩૭. પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ આદિ, દેવાસ.
૩૮. પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ આદિ-૪, શાંતિભુવન-જામનગર.
૩૯. પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ આદિ, શ્રીપાળનગર-મુંબઈ.
૪૦. પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મહારાજ આદિ, લાલબાગ-મુંબઈ.
૪૧. પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ આદિ, પાદરૂ.
૪૨. પૂ. મુનિરાજશ્રી જગચ્ચંદ્રવિજયજી મહારાજ આદિ-૫, અહમદનગર.
૪૩. પૂ. મુનિરાજશ્રી મનોગુપ્તવિજયજી મહારાજ આદિ-૨, રાધનપુર.
૪૪. પૂ. મુનિરાજશ્રી મુનિચંદ્રવિજયજી મહારાજ આદિ-૩, વાંકાનેર.
૪૫. પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મહારાજ આદિ, માંડવલા.
૪૬. પૂ. મુનિરાજશ્રી પ્રભાકરવિજયજી મ. આદિ, ૪૫-દિગ્વિજય પ્લોટ, જામનગર.
૪૭. પૂ. મુનિરાજશ્રી કીર્તિસેનવિજયજી મહારાજ આદિ, ભુજ.
૪૮. પૂ. મુનિરાજશ્રી ચંપકવિજયજી મહારાજ આદિ-૨, ભવાની પેઠ, પુના.



૪૯. પૂ. મુનિરાજશ્રી મહાબલવિજયજી મહારાજ આદિ, વડાલારોડ-મુંબઈ.
૫૦. પૂ. મુનિરાજશ્રી અમરગુપ્તવિજયજી મહારાજ આદિ-૫, મુરબાડ.
૫૧. પૂ. મુનિરાજશ્રી ચંદ્રકીર્તિવિજયજી મહારાજ આદિ-૨, યેવલા.
૫૨. પૂ. મુનિરાજશ્રી વારિષેણવિજયજી મહારાજ આદિ, દાંતરાઈ.
૫૩. પૂ. મુનિરાજશ્રી અક્ષયવિજયજી મ. આદિ, દાનસૂરી જ્ઞાનમંદિર-અમદાવાદ.
૫૪. પૂ. મુનિરાજશ્રી જયભુષણવિજયજી મહારાજ આદિ-૩, ભિવંડી.
૫૫. પૂ. મુનિરાજશ્રી જયસોમવિજયજી મહારાજ આદિ-૩, પીંપળગામ-બસવંત.
૫૬. પૂ. મુનિરાજશ્રી ચરણપ્રભવિજયજી મહારાજ આદિ-૬,
હીરસૂરી જૈન ઉપાશ્રય, મલાડ-ઈસ્ટ.
૫૭. પૂ. મુનિરાજશ્રી ભદ્રશીલવિજયજી મહારાજ આદિ-૪, પુના કેમ્પ.
૫૮. પૂ. મુનિરાજશ્રી નયરત્નવિજયજી મહારાજ આદિ-૨, મેડતા સીટી.
૫૯. પૂ. મુનિરાજશ્રી ભુવનચંદ્રવિજયજી મહારાજ આદિ, બારડોલી સ્ટેશન.
૬૦. પૂ. મુનિરાજશ્રી મલયચંદ્રવિજયજી મહારાજ તથા
પૂ. મુનિરાજશ્રી વિશ્વાનંદવિ. મહારાજ, શ્રીનગર સોસાયટી, ગોરેગામ, મુંબઈ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૫,અંક-૪૪,તા.૩૦-૭-૧૯૭૭

● **માલેગામ :** અત્રે શેઠશ્રી રતિલાલ વીરચંદ તરફથી એમના ધર્મપત્ની શ્રીમતી કાન્તાબેને ૫૦૦ આંબેલનો તપ બે વર્ષમાં પૂર્ણ કર્યો તે નિમિત્તે ત્રણ દિવસનો વિશિષ્ટ કાર્યક્રમ ઉજવાઈ ગયો. અષાઢ વદ ૧૦ ખીરનાં એકાસણાં સાથે દરેકને 'અરિહંત'ના ૫૦-૫૦ હજાર જાપનું ભવ્ય અનુષ્ઠાન થયું. લગભગ પોણા ત્રણસો આરાધક હતા. વ્યાખ્યાન બાદ ધામધૂમથી સ્નાત્ર મહોત્સવ ઉજવાયો. વદ ૧૧ ભવોભવના પુદ્ગલ વોસિરાવવાની અને આ જન્મ-જન્માંતરનાં પાપોના અશુભ અનુબંધ તોડવાની ક્રિયા થઈ. ક્રિયા અઢી કલાક ચાલી. પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે બંનેના ભવ્ય લાભ વર્ણવી શાસ્ત્ર આધારો વાંચી સમજાવી જીવે છોડેલા શરીરે આજે પણ કેવાં જીવહિંસા અને વિષયવિલાસનાં પાપ કરાવી રહ્યા છે તેમજ અવિરતિનાં યોગે તે નિમિત્તે જીવને હજી પણ પાંચેય પાપક્રિયાઓ લાગીને જીવને અઢળક પાપ બંધાવી રહી છે; એનું વિવેચન કરી એને વોસિરાવવાનું કરાવ્યું. પછી જન્મ-જન્માંતરના પાપ દુષ્કૃત્યોની વિસ્તારથી નામવાર દુષ્કૃત-ગર્હા કરાવી; જે કરતાં કરતાં સંઘના દિલ દ્રવિત થઈ ગયેલા. જીવનમાં

પહેલીવાર આ ક્રિયા અદ્ભુત રીતે કરવા મળ્યાની ધન્યતા અનુભવી. ઢગલાબંધ પાપોના વિભાગવાર શ્રવણે વિભાગે વિભાગે ગદ્ગદ દિલે મિચ્છા મિ દુક્કડં દેતા ગયા.

વદ ૧૨ ખાસ આમંત્રેલા ધુળિયા મંડળે વીસસ્થાનકની પૂજા ભણાવી રંગ રાખ્યો. ત્રણે દિવસ આગ્રહભર્યા આમંત્રણથી મુંબઈથી ખાસ પધારેલ આંગી-નિષ્ણાત ભાઈશ્રી રમણિકલાલ મણિલાલે ઝવેરાત સમી પ્રભુજીને ભવ્ય આંગીઓ રચી જેનાં દર્શનથી સંઘ મુગ્ધ થઈ ગયેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૫,અંક-૪૫,તા.૬-૮-૧૯૭૭

## નવસારી જૈન સંઘનાં ઉપાશ્રય અંગે જાહેર ખુલાસો

"નવસારી ઉપાશ્રયને તાળાં કેવી રીતે લાગ્યા !" આં હેડિંગ નીચે તા. ૨૪-૬-૭૭નાં 'ગુજરાત સમાચાર' તથા તા. ૨૮-૬-૭૭નાં સંદેશ પત્રમાં નામઠામ વિના છપાયેલા તર્કટી સમાચાર સત્યથી વેગળા અને ભારે ગેરસમજ ફેલાવે તેવા છે. તથા પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા. પ્રત્યેનાં તેજોદ્વેષથી લખાયેલાં છે તેથી તેની સામે સત્ય હકીકતો રજૂ કરવાની અમારી ફરજ થઈ પડી છે જે નીચે મુજબ છે.

અમારા શ્રી સંઘના શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પેઢીની પ્રથા છે કે 'જે મુનિરાજ ચાતુર્માસ માટે પધારે તે કરે તે મુજબની તિથિની આરાધના કરવી...' ચાલુ સાલમાં શ્રી સંઘની વારંવારની વિનંતીથી એકલા પૂ. ગણિવર્ય શ્રી મિત્રાનંદ વિજયજી મ. આદિઠાણાનું જ ચાતુર્માસ ઉપાશ્રયમાં કરવાનું નક્કી થયાનું જાણ્યાથી અને એક તિથિવાળા સાધુને સંઘે અને ટ્રસ્ટીઓએ વિનંતી નહિ કરી હોવાથી થોડા સમય બાદ એક તિથિવાળા સાધુઓએ બહારગામે તેમજ નવસારી આવી ઉશ્કેરાટ ફેલાવવો શરૂ કર્યો. આ પરથી સમજાઈ જશે કે ઉપરોક્ત તર્કટી સમાચારમાં બંને પક્ષના સાધુઓને સાથે વિનંતી કર્યાનો જે ભાસ ઊભો કરવામાં આવ્યો છે તે કેવો ખોટો છે. અસ્તુ. ઉશ્કેરાયેલા વર્ગ સાથે અમુક સાધુઓએ ઉપાશ્રયમાં બળજબરીથી પ્રવેશ કરવાનો માર્ગ અખત્યાર કર્યો. જેનો ટ્રસ્ટીઓ અને શ્રી સંઘે વિરોધ કરી એમને સામે પાઠશાળાવાળા મકાનમાં પધારવા વિનંતી કરી પરંતુ ત્યાં ન ઉતરતાં ઉપવાસ પર ઉતરવાની ધમકી આપીને બહાર ચોગાનમાં તે સૌએ અડ્ડા જમાવ્યા.

ઉપરોક્ત કારણે ગમે તેમ કરી બળજબરીથી ઉપાશ્રયનો કબજો ન લે તે



ખાતર સંઘની વિનંતીથી ચોમાસું કરવા પધારેલ પૂ. મિત્રાનંદવિજયજી મ. સાહેબને સામે આવેલ શ્રી સંઘની જૈન વાડીમાં લઈ જઈ શાંતિ રહે તે ખાતર ટ્રસ્ટીઓએ તે વર્ગ સાથે સમાધાનરૂપે તેઓની સંમતિથી ઉપાશ્રયને તાળા માર્યા. આમ ધાંધલ ધમાલ કોણે કરી અને તાળા મરાવવામાં કોણ જવાબદાર છે, તેનો નિર્ણય દરેક બુદ્ધિમાને કરવાનો છે.

પૂ.આ.દેવશ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સાહેબ તો કોઈ જાતનો સંઘર્ષ ન થાય એ માટે પોતાના સાધુઓને સુરત પોતાની સાથે લઈ જવાની સંઘને વાત કરેલી અથવા તો બંને સાધુઓને ઉપાશ્રય તથા વાડીમાં નજીક નજીક નહીં પણ એકબીજાથી દૂર રાખવાની વાત કરી હતી.

પૂ.આ.દેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબે પણ સંઘર્ષ જેવું હોય તો પોતાનાં સાધુઓને નહીં મોકલવાં બે વાર ટ્રસ્ટીઓને જણાવેલ. છતાં શ્રી સંઘનાં આગ્રહથી ટ્રસ્ટીઓએ ચોમાસું રદ ન કરવાની વિનંતી કરેલી.

એક તિથિ પક્ષના સાધુ મ.નું ચોમાસું તો ઠેઠ જેઠ મહિનામાં નક્કી થયું. તે સાધુઓને વિનંતી કરવા સંઘ કે પેઢીનાં ટ્રસ્ટીઓ ગયા જ નથી. પણ ઉપર કહ્યા મુજબ ઉશ્કેરાટ થયા પછી વિરુદ્ધ પડેલા વર્ગે કરી છે.

આમ શ્રી સંઘે પોતાની પ્રથા મુજબ નક્કી કરી સંઘની વતી ટ્રસ્ટીઓએ ચોમાસાની વિનંતી કરી. પૂ. મિત્રાનંદ વિજયજી ગણિ આદિ સાધુ ભગવંતોને નવસારી મુકામે ચોમાસા માટે લાવ્યા પછીથી અમુક વર્ગે ધમાલ-તોફાન-ઉશ્કેરાટ ચાલુ કરી શાસનનું અહિત કર્યું છે અને તે કારણે ઉપાશ્રયને તાળા મારવા પડ્યા છે. તે સત્ય હકીકતને છૂપાવી છાપાઓમાં તદ્દન જુઠાણા છપાવ્યા છે અને કોઈ જગ્યાએ તો વ્યક્તિગત સહીથી પણ છપાવ્યું છે, જે સહીકરનાર ભાઈ અમારા શ્રી સંઘના સભ્ય પણ નથી.

પૂ. ગણિવર્ય શ્રી મિત્રાનંદ વિજયજી મ. સાહેબે સંઘની શાંતિ માટે ટ્રસ્ટીઓની વિનંતી સ્વીકારી હાલ જૈન વાડીમાં સ્થિરતા કરી છે. રોજ સેંકડો માણસો વ્યાખ્યાન વાણીનો લાભ લે છે. જૈનેતરો પણ સુંદર લાભ લે છે. અમારા શ્રી સંઘમાં સંપૂર્ણ શાંતિ છે. શ્રી સંઘ ધર્મ આરાધનાનો સુંદર રીતે અપૂર્વ લાભ લઈ રહેલ છે.

**લી. સંઘ સેવક મોહનલાલ ડાહ્યાભાઈ**

● **દિગ્વિજય પ્લોટ (જામનગર)** : પરમ પૂજ્ય મુનિરાજશ્રી પ્રભાકરવિજયજી મહારાજ આદિઠાણા-૨ કાલાવાડ ઘર દેરાસર મંદિરે ભગવંતનો પ્રવેશ, જૈન પાઠશાળા નો ભવ્યાતિભવ્ય મહોત્સવ કરી પ્લોટમાં પ્રવેશ કર્યો; વ્યાખ્યાનમાં ભરચક સંખ્યા;

દર રવિવારે સામુદાયિક તપો, અષ્ટકર્મદલન તપમાં સારી સંખ્યા... ક્રમશઃ રવિવારે ૧૩૦ આયંબિલ, ૨૫૦ બે દ્રવ્યના એકાસણા. ૨૦૦ ઉપર ત્રણ દ્રવ્યના એકાસણા... ૧૫૫ એક ધાન્યનાં આયંબિલ તથા ગત રવિવારે ૨૫૦ બે દ્રવ્યના એકાસણા.

અત્રેના મૂળનાયક વિમલનાથ ભગવાનની પાંચે ય કલ્યાણકની ઉજવણી યોજના પૂર્ણ થઈ... ચોમાસામાં પાંચે મહિના બેસણા કરનાર ૩૬ જણા થયા સહુને તિલક પ્રભાવનાઓ થઈ, વર્ધમાન તપના પાયા નંખાયા છે. મુનિશ્રીને ૬૬મી તથા પૂ. રત્નકીર્તિવિજયજી મ. ને ૬૫મી ઓળી ચાલે છે.

● **માલેગામ :** પૂ.આ.શ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.**ના સવારે ૬ થી ૭ પંચસૂત્ર તથા શલ્યોદ્ધાર પર પ્રવચન, ૧૦ થી ૧૧ આચારાંગસૂત્ર પર પ્રવચનોએ અત્રેના જૈન ડૉક્ટરો અને બીજા યુવાન-પ્રૌઢ ભવ્ય જીવોને જાગતા કરી દીધા છે. રવિવાર પર્યુષણા જેવો દિવસ બની જાય છે. ગત રવિવારે સમૂહ નવકાર અનુષ્ઠાનમાં ૩૦૦ જણની ધારણાથી દરેકને ૩૦ બાંધી નવકારવાળી ગણવાની હતી જેથી નવ લાખ નવકાર થાય. પરંતુ લગભગ ૪૨૫ આરાધક થયેલ. રાજસ્થાની સંઘે એકાસણા ભક્તિ કરી. એ પછી એમના જ તરફથી અંતરપારણા-ઉત્તરપારણાં સાથે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના અઠ્ઠમની શ્રાવણ સુદ ૧૪થી સમૂહ આરાધના થઈ. જાહેરાત જરા મોડી થઈ છતાં લગભગ ૯૦ અઠ્ઠમ થયા. સમૂહ ચૈત્યવંદન-ધૂન-પ્રવચનમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના ૧૦ ભવનો અધિકાર, શનિવારે શેઠ ભાગચંદ દગડુશા તરફથી ધુળિયા સંગીત મંડળે પંચકલ્યાણક પૂજામાં જમાવેલ ઠાઠ, રવિવારે ૯ વર્ષના બાળમુનિશ્રી કુલબોધિવિજયજી મહારાજે પખ્ખી પ્રતિક્રમણમાં કડકડાટ પક્ખી સૂત્ર ભણાવ્યાની અનુમોદનારૂપે શેઠ શાંતિલાલ ચુનીલાલ તરફથી નવપદજી પૂજા, પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ.ના બપોરે જોશીલા વ્યાખ્યાનોમાં જૈન જૈનેતર યુવાનો આદિની ચિક્કાર મેદની વગેરે ભવ્ય ચાલી રહેલ છે.

● **મુંબઈ :** અત્રે લાલબાગમાં પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મહારાજના વૈરાગ્યભર્યા જોરદાર વ્યાખ્યાન ચાલી રહ્યા છે. આરાધનાની પ્રેરણા કરતાં ખીરના એકાસણાં સાથે ૮૦૦ જણે 'અરિહંત પદની આરાધના કરી.' 'અરિહંતની ઓળખાણ' વિષય પર જાહેર પ્રવચન થયું. સીમંધરસ્વામીના અઠ્ઠમ કરવાનો ઉપદેશ આપતા ૧૧૦૦ ઉપર નામો નોંધાઈ ગયા છે. ભગવાનને પધરાવવા વગેરેની ઉપજ રૂા. ૧૦૦૦૦ લગભગ થઈ. આ અંગે ભવ્ય વરઘોડો પણ નીકળવાનો છે. કુવલયમાળા ચરિત્ર પર વ્યાખ્યાનમાં નારકના દુઃખનું વર્ણન સાંભળતા લોકો ગદ્ગદ બની જાય છે.

● **નવસારી :** પૂ. ગણિવર્ય શ્રી મિત્રાનંદ વિજયજી મ. આદિઠાણા ૬ શ્રી



સંઘની અતિ આગ્રહભરી વિનંતીથી ચોમાસું પધાર્યા છે. સકલ સંઘના આરાધનાઓ સુંદર ચાલે છે. સવારે ૬-૧૫ થી ૭-૦૦ વાગ્યા સુધી સ્તોત્રપાઠ તથા પંચપ્રતિક્રમણના સૂત્રાર્થ અને રહસ્ય સમજાવાય છે. ૩૫ થી ૪૦ ની સંખ્યામાં આવે છે. સવારે ૯ થી ૧૦-૧૫ સુધી પ્રવચનમાં પૂ. ગણિવર્ય 'શ્રાદ્ધ-પ્રતિક્રમણ સૂત્ર પર' તથા તેઓશ્રીનાં શિષ્યરત્ન હેમરત્નવિજયજી સમરાદિત્ય ચરિત્ર સુંદર શૈલીમાં વાંચે છે જેનો ૩૦૦ થી ૪૦૦ શ્રોતાઓ લાભ લે છે. રાત્રે પૂ. ગણિવર્ય શ્રી તત્ત્વજ્ઞાન, મોક્ષમાર્ગ કર્મ ફીલોસોફી વિધિવિધાન વગેરે વિષયો પર વાચના આપે છે જેનો ૮૦ થી ૧૦૦ ની સંખ્યામાં ભાઈઓ લાભ લે છે. શ્રોતાઓ રસતરબોળ બને છે. દર રવિવારે બપોરે ૩ થી ૪-૩૦ સુધી પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મ.ની જોશીલી શૈલીમાં જાહેર પ્રવચન થાય છે. જેમાં જૈન જૈનેતરો ૩ થી ૩॥ હજારની સંખ્યામાં લાભ લે છે. પ્રતિ રવિવારે આ સંખ્યાં વધતી જાય છે. આ નવોદિત વક્તાને **મીની ચંદ્રશેખર વિ. મ.**નું બિરુદ શ્રોતાઓએ આપ્યું છે.

'માનવજીવનની મહત્તા' ઈચ્છાઓ પર બ્રેક મૂકો, 'આર્ય સંસ્કૃતિનો પમરાટ,' 'આજની વિકૃતિ' તથા 'વિષય સુખની આંધી.' પ્રવચનો થઈ ગયા. વ્યાખ્યાનની શરૂઆત પહેલા જ હોલ ચિક્કાર ભરાઈ જાય છે. દર રવિવારે સામુદાયિક વિવિધ આરાધનાઓ થાય છે.

પ્ર.શ્રા. સુદ એકમના ૬૦૦ આરાધકોએ પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મ.નાં ૫૦ વર્ષનાં સંયમી જીવનની અનુમોદનાર્થે તથા તેઓશ્રીનાં સંયમી દેહના સ્વાસ્થ્ય માટે નવકાર મંત્રની ભવ્ય આરાધના કરી હતી. આ આરાધના એ નવસારી-વાસીઓમાં અપૂર્વ રસ જગાડ્યો. પ્ર.શ્રા. ૮નાં તથાભવ્યત્વનાં પરિપાકની આરાધના એકાસણાપૂર્વક લગભગ ૪૦૦ આરાધકોએ કરી. હવે પ્ર.શ્રા.વ. ૧ના રોજ મહાવિદેહ ક્ષેત્રની યાત્રા માટે શ્રી સીમંધરસ્વામીની યાત્રાની આરાધના સેંકડો આરાધકો કરશે. ચારે માસ આયંબિલ ખાતું ચાલુ રહેશે. રોજ મોટી સંખ્યામાં આયંબિલ થાય છે.

● **નવસારી :** પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદવિજયજી ગણિની નિશ્રામાં પ્ર.શ્રા.સુ.૧ રવિવાર નવકારમંત્રના આરાધનામાં ૬૦૦ આરાધકો જોડાયા. સહુ આરાધકો 'અરિહંતવંદનાવલિ' જાપ-ધૂન-નવકારગીત-સમવસરણનું ધ્યાન વગેરેમાં એકાગ્ર બની ગયેલા. બપોરે ૩ વાગે મુ.શ્રી હેમરત્નવિજયજી મ. નું જાહેર પ્રવચન થયું. લગભગ ૩ હજાર જેટલા શ્રોતાઓએ લાભ લીધો. પછીના રવિવારે દીપક એકાસણાની આરાધના નક્કી થઈ છે. જાપના અનુષ્ઠાન પ્રસંગે પ્રસંગપટો આરાધના પ્રેરક લખાણો નવા લખાયેલા બોર્ડોની સજાવટ વીરસૈનિકોએ ખૂબ સુંદર રીતે કરેલી. તેનું

આકર્ષણ જબ્બર રહ્યું.

● **દેવાસ :** પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ. ની નિશ્રામાં અષાઢ વદ ૧૪-૦)) પ્ર.શ્રા.સુ.૧ના સંઘમાં શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ૪૩ અઠ્ઠમથી તથા ૪૫ આયંબિલથી આરાધના સુંદર થઈ. અંતરવાયણા તથા પારણા શ્રી માંગીલાલજી તરફથી થયેલ.

● **શ્રીનગર** (ગોરેગામ-મુંબઈ) **:** પૂ. મુનિરાજશ્રી મલયચંદ્રવિજયજી મહારાજ તથા મુનિ વિશ્વાનંદવિજય મ.ની નિશ્રામાં શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના અઠ્ઠમ તપની આરાધના થતાં ૪૫ આરાધકો જોડાયા હતા. દરેકને રૂા. ૧૦, શ્રીફળ, ખાંડની પ્રભાવના તથા હિંમતલાલ રાયચંદ તરફથી પારણાં થયા. વ્યાખ્યાનો સુંદર ચાલી રહ્યા છે.

● **માલેગામ :** અત્રે તા. ૨૩-૭-૭૭ રવિવારે એકાસણા સાથે સમૂહ ૯ લાખ નવકારનો ભવ્ય કાર્યક્રમ ઉજવાયો. ૐકારમાં નવકાર, કમળમાં નવકાર, અનંત પરમેષ્ઠિચિત્રમાં નવકારના કાર્ડ વહેંચાયેલ. કમળમાં નવકારનો મોટો પટ પણ મૂકવામાં આવેલ. નવકારના મહિમા પર વ્યાખ્યાન થયેલ, નવકાર-અરિહંતની ગીત શ્રી જયેશભાઈ ભણસાલીએ ગવરાવેલ. ૩૦૦ આરાધકના અંદાજથી દરેકને ૩૦-૩૦ બાંધી માળા ગણવાની હતી. પરંતુ લગભગ ૪૨૫ આરાધકો થયેલ. રાજસ્થાની સંઘ તરફથી સૌને એકાસણામાં પકવાન્નનું જમણ અપાયેલ.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૨૫,અંક-૪૬,તા.૧૩-૮-૧૯૭૭**

● **મુંબઈ :** અત્રે લાલબાગ મોતીશા ઉપાશ્રયમાં પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મહારાજના ઉપદેશથી શ્રી સીમંધરસ્વામીની ભવ્ય આરાધના ૧૨૦૦ જણે અઠ્ઠમથી કરી. ત્રણ દિવસ જાણે પર્યુષણાપર્વ આવ્યાં ! વ્યાખ્યાનમાં પ્રભુના ગુણગાન એવા ભક્તિરસ-વૈરાગ્યરસ સાથે ગવાયા કે આરાધકોના હૈયાં ખૂબ જ ગદ્‌ગદ થઈ ગયાં. સ્નાત્ર મહોત્સવ પૂજા ભાવનાનો ઠાઠ અનેરો જામ્યો. આરાધકોમાં મોટાઓને દરેકને રૂા. ૬૦ તથા નાનાઓને રૂા. ૮૫ રોકડા અને રૂા. ૧૫ની વસ્તુઓની પ્રભાવના થઈ. આ નિમિત્તે તા. ૧૫-૮ ભવ્ય વરઘોડો ચડવાનું નક્કી થયું છે. પુદ્‌ગલ વોસિરાવવાના અનુષ્ઠાનમાં ૨૦૦૦ જણે આંબેલ સાથે જોડાવાના નામ લખાવી દીધા છે.

● અત્રે શ્રીપાલનગરમાં પ્રખર વ્યાખ્યાતા પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજના પ્રવચનો જોરદાર ચાલી રહ્યા છે. વહેલી સવારે ૬ વાગે સંવેદન-ભક્તિ-તત્ત્વજ્ઞાનમાં પણ ઉપાશ્રય ચિક્કાર ભરાઈ જાય છે. ૮॥ વાગે શ્રી પંચસૂત્ર વ્યાખ્યાનમાં તો માણસ માતું નથી, રવિવારના રામાયણ પરના જાહેર પ્રવચનમાં વરસાદ હોવા છતાં ય ૮-૯ હજાર માણસ થાય છે. યુવાનોનાં દિલ પરિવર્તન પામતા જાય છે. પવિત્ર આર્યસંસ્કૃતિના વિનાશ, પશ્ચિમવાદનો ઘેરો વાયરો, વગેરે પર પૂજ્યશ્રીના માર્મિક પ્રહારોથી શ્રોતાઓની આંખો ઊઘડવા માંડી છે. બીજા રવિવારે આગલા રવિવારનાં પ્રવચનોની છપાયેલી બુકો હજારો ઉપડી જાય છે.

● **મલાડ :** અત્રે સ્વ.પૂ.પં.શ્રી ચરણવિજયજી મ.ના સ્વર્ગારોહણ નિમિત્તે હજી ઓચ્છવ ચાલુ છે. નવા નવા ભાવિકો પૂજા વગેરે નોંધાવવા આવ્યે જાય છે. પૂ. મુનિરાજશ્રી ચરણપ્રભવિજયજી મ. ના ઉપદેશથી (૧) મહાવીર ચ્યવન કલ્યાણક-આરાધનાર્થે તપ-જપ-રથયાત્રા થયા. (૨) મોક્ષતપ ૭ એકાસણા + ૧ ઉપવાસથી ૧૨૫ જણે ૧ ક્રોડ નમો અરિહંતાણં જાપના અભિગ્રહ સાથે, રૂા. ૧૧-૧૧થી બહુમાન થયું. (૩) સ્વ.પૂ. જીતવિજયજી દાદાની તિથિ નિમિત્તે પૂજા પ્રભાવના. (૪) અરિહંત વંદના ૩જા ભવથી નિર્વાણ પર્યંતની અવસ્થા ચિંતન સાથે સ્તવનાદિ ૧૫૦/૨૦૦ જણે કરી. (૫) અર્બુદગિરિ વંદના એકાસણા સાથે ખમાસણા, ચૈત્યવંદના સંઘે કરી. (૬) અષ્ટાપદ વંદના. (૭) સંમેતશિખર વંદના, સંઘે કરી. (૮) નવકાર મંત્ર આરાધના ૯ એકાસણાથી સંઘે કરી.

● **અમદાવાદ :** અત્રે લક્ષ્મીવર્ધક સંઘમાં પૂ. ગણિવર્ય શ્રી ધર્મજિતવિજયજી મહારાજના ઉપદેશથી નવકારના ૧-૧ પદની ૧-૧ રવિવારે ભવ્ય આરાધના ચાલી રહી છે. દરેકને ૧-૧ પદની ૪૦૦ માળા અથવા ૬ સામાયિકમાં થાય તેટલો જાપ કરવાનો. ખમાસમણ સાથિયા કાઉસ્સગ્ગ સામુદાયિક દેવવંદના એકાસણામાં વર્ણ પ્રમાણે જ વસ્તુ વાપરવાની રહેતી. ૧લે પદે ખીરનાં એકા., બીજા પદે લાડુ-ચા-પુરી, ૩જા પદે મોહનથાળ-ખમણ, ૪થે પદે અષ્ટમી હોઈ મગની વસ્તુના આંબેલ ૧૭૦ થયાં, ૫મે પદે અડદપાક વગેરે, ૬ઠે રવિવારે ભર્યે ભાણે એકાસણાં સાથે સંપૂર્ણ નવકારની ૫૦ બાંધી માળા ગણવાની. શનિ સાંજથી સોમ રાત સુધીમાં આમાં ૩૦૦ આરાધકો થવાની ગણતરી છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૨૫,અંક-૪૭/૪૮,તા.૨૦/૨૭-૮-૧૯૭૭**

દિવ્ય-દર્શનના સભ્યોને

**:: અગત્યની જાહેરાત ::**

ગ્રાહક બંધુઓને જણાવતાં આનંદ થાય છે કે 'દિવ્ય-દર્શન' ૨૫ વર્ષ પૂરા

કરી હવે ૧ લી સપ્ટેમ્બરથી ૨૬ માં વર્ષમાં પ્રવેશ કરશે. દિવ્ય-દર્શન પત્રની વધુ પ્રગતિ થાય અને ગ્રાહકોની સંખ્યામાં વૃદ્ધિ થાય એ આશય ખ્યાલમાં રાખી જાણીતા શિબિર સંચાલક **શ્રી કુમારપાળ વિ. શાહ** ને પત્રના સંચાલનમાં સક્રિય સહકાર આપવા વિનંતી કરવામાં આવી; જેનો તેઓએ સહર્ષ સ્વીકાર કર્યો છે. હવેથી દિવ્ય-દર્શન કાર્યાલયનું કામકાજ નીચે સરનામે શરૂ કરવામાં આવશે. ગ્રાહકબંધુઓએ તે સરનામે પત્રવ્યવહાર કરવા વિનંતી છે.

**શ્રી દિવ્ય-દર્શન કાર્યાલય** C/o, **કુમારપાળ વિ. શાહ**

૬૮, ગુલાલવાડી, ત્રીજે માળે, **મુંબઈ-૪૦૦૦૦૪.**

પત્રાદિ વ્યવહાર આ સરનામે કરવા વિનંતી છે.

**- તંત્રી મંડળ 'દિવ્ય-દર્શન' સાપ્તાહિક પત્ર**

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૨૫,અંક-૪૮,તા.૨૭-૮-૧૯૭૭**

● **માલેગાવ :** અત્રે પૂ.આ.શ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**ની નિશ્રામાં શ્વે.મૂ.ના અંદાજે ૧૫૦ જૈન ઘરના સંઘમાં તપસ્યાનો ભારે રંગ જામી પડ્યો છે. ૧૧૦ દિવસમાં ૮૩ ઉપવાસનો જબરદસ્ત શ્રેણિતપ પૂ. મુનિરાજો શ્રી નંદીભૂષણ વિજયજી મ. તથા શ્રી શોભનવિજયજી મ. તેમજ પાંચ પૂ. સાધ્વીજી મ. ને ચાલુ છે. સંઘમાં ૫-૬ સિદ્ધિતપ હવે પૂર્ણ થવા આવે છે. યુવાન ડૉક્ટર શિરીષ (M.B.B.S.) ને તથા યુવાન શ્રી મુકેશકુમાર અને પાંચ બહેનોને માસખમણ પૂર્ણ થવા આવે છે. કેટલાકને અટ્ઠાઈ તથા ૧૬ ઉપવાસ ચાલ્યા એમાં પૂ. મુનિરાજશ્રી રત્નસુંદર વિજયજી મ.ની જોશીલી વાણીએ ઘર ઘર તપની વાતો ચાલી. તે શ્રા.સુ.૫ માસદ્દ્રના દિને સવારે ૭-૫૫ના મુહૂર્તે અટ્ઠમ અને ઉપરનાં પચ્ચક્ખાણ ૧૪૦ જણે લીધાં. આ પચ્ચક્ખાણ વખતે ઉપાશ્રયમાં અદ્ભુત દૃશ્ય જોવા સંઘ ઉપસ્થિત હતો. એક ઉપવાસ માંડ કરી શકનાર યુવાનોએ અટ્ઠાઈનાં પચ્ચક્ખાણ કર્યાં. તપસ્વીને રૂપિયો-ચાંલ્લાથી બહુમાન થયાં. આમાં યુવાન ભાઈ-બહેનો અગીયાર-સોળ ઉપવાસ તથા માસખમણ કરવાને થનગની રહ્યા છે. વ્યાખ્યાનમાં ખૂબ જ પ્રેરણા પ્રોત્સાહન પુરાઈ રહ્યા છે. લગભગ રોજ સવારના વ્યાખ્યાનમાં પચ્ચક્ખાણ વખતે ૨-૩-૪-૫-૭-૮ વગેરે ઉપવાસના પચ્ચક્ખાણ અપાઈ રહ્યા છે. બીજે ત્રીજે (દિવસે) અટ્ઠમ-અટ્ઠાઈ વગેરે તપ પૂર્ણ થતાં બેન્ડબાજા સાથે સંઘને ઘરે લઈ જવામાં આવે છે, કેમ જાણે ગામમાં લગ્નગાળો ચાલી પડ્યો !

ઉપધાન તપ કરાવવા માટે સંઘમાં ગુજરાતી વર્ગ અને રાજસ્થાની વર્ગ બંનેને હોંશ જાગી છે. આવા નાના શહેરમાં તપ-સંયમરત્ન ૨૦+૩૧=૫૧ સાધુ સાધ્વીજી મહારાજનો યોગ ફરીથી ક્યારે મળે ? એ જોતાં તપસ્યાની જેમ ધર્મક્રિયાનો પણ ઉત્સાહ વધતો છે. રોજ સવારે પોણોસો ભાઈઓ ઉપાશ્રયે પ્રતિક્રમણ કરવા આવે છે. ગુજરાત અને રાજસ્થાન બંને વર્ગે પૂ. આચાર્યદેવશ્રીને ઉપધાન તપનો લાભ આપવા જોરદાર વિનંતીઓ કરતાં, પૂ.શ્રીના આશીર્વાદ સાથે સંઘ તરફથી રાજસ્થાની વર્ગને આદેશ આપ્યો છે. ગુજરાતી વર્ગ પણ એમાં સહકાર આપવા ખડે પગે તૈયાર છે. બંને વર્ગ એક બીજાને સહકાર સારો આપે છે. પ્રાયઃ આસો સુદ ૧૦ થી ઉપધાન-આરાધના શરૂ થવા વકી છે.

● **નવસારી :** અત્રે પૂ. ગણિવર્ય શ્રી મિત્રાનંદવિજયજીની નિશ્રામાં ૪૦૦ જણે દીપક એકાસણાની આરાધના કરી. એમાં આરાધનાનો અનેરો રંગ હતો. સૌએ થાળી ધોઈ-પીધેલી, એમને ૧-૧ રૂ.ની પ્રભાવના થયેલ. ચાર શરણ સ્વીકારની સુંદર આરાધના થઈ. રાત્રિએ જ્ઞાનગોષ્ઠીમાં ૮૦-૯૦ પુરુષો આવે છે. તત્ત્વ વિવેચન અદ્ભુત થઈ રહેલ છે.

● **મૈસુર :** પૂ. કર્નાટક કેશરી આ.શ્રી ભદ્રંકરસૂરિ મ.ની નિશ્રામાં શ્રીવર્ધમાન પાયા, ગૌતમસ્વામી છટ્ઠ તીનદિન આયંબિલ સહ જાપ ચંદનબાળા અટ્ઠમ, શંખેશ્વર પાર્શ્વનાથ અટ્ઠમ, કોળીયાવ્રત, એકાસણાના ખીરના એકાસણાના. મુંગના આયંબીલ, આદિ અનુષ્ઠાનમાં જનતાએ સુંદર લાભ લીધો તપસ્વીઓના પારણા એકાસણાને પ્રભાવનાનો પણ લાભ લેવાયેલ. તત્ત્વન્યાયવિભાકર ગ્રંથ પ્રકાશન સમારોહ ૧૦-૭-૭૭ ના ભવ્યરીતે કેન્દ્ર મંત્રી ગુરુપાદસ્વામીના હાથે અનેકોના પ્રવચનો સહ ઉજવાયેલ.

સુદ ૬ના મુનિ અશોકવિજયજી, અભયવિજયજી મ. ને ભગવતીના જોગમાં ધામધૂમથી પ્રવેશ કરાવાયેલ. અને મુનિવરોને વર્ધમાનઓળીઓ ૫૭, ૩૪, ૧૩ મી તથા ઉતરાધ્યયન-કલ્પસૂત્રના જોગ ચાલુ છે.

દ્વિ.શ્રા.સુ.૫ ની પૂ.લબ્ધિસૂરી. મ. ની ૧૬મી પુણ્યતિથિ નિમિત્તે શાનદાર રીતે ઉત્સવ ઉજવાયો તે નિમિત્તે ૧૦૦૦ બાળકોને યુનિફોર્મ ભેટ જવેરચંદ રૂપાજી તરફથી આપવામાં આવેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૨૬,અંક-૧/૨,તા.૧૦-૯-૧૯૭૭**

● **માલેગામ :** અત્રે પૂ.આ. શ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની** નિશ્રામાં સંઘમાં તપસ્યાઓમાં જુવાળ ઊછળ્યો છે. એમાં શ્રા.સુ. ૧૫ પાંચ

માસખમણનાં તથા બીજા ૧૬-૧૧-૯ વગેરેમાં પારણાંવાળાનાં ઘેર ઘેર સંઘ સાથે પૂજ્યશ્રીને વાજતે-ગાજતે પધરામણી તથા સંઘપૂજન પ્રભાવના થતાં જાણે પર્યુષણાના પારણાનું દૃશ્ય સરજાયું હતું. મહાન તપસ્વીઓની અનુમોદનારૂપે સગાં-સ્વજનો વર્ષમાં અમુક ઉપવાસ-આયંબિલ-એકાસણાં-બાંધી માળાઓના તેમજ દર્શન-પૂજા રાત્રિભોજનત્યાગ વગેરેના નિયમો લેતા. આમાં ૧૪ વરસની બાળાની અઠ્ઠાઈએ સંઘને મુગ્ધ કરી દીધેલ. આની આગળના દિવસોએ પણ તપસ્વીઓના આંગણે બેન્ડવાજા સાથે સંઘની પધરામણીઓ પણ ગાજી ઊઠેલી. શ્રા.વ. ૧ બે ૧૬-૧૭ વરસની બાળાઓની ૧૬ ઉપવાસની તપસ્યાઓનાં પારણે વાજતેગાજતે એમના ઘરોમાં સંઘની પધરામણી થઈ. જીવનભર રાત્રિભોજનત્યાગ, મીઠાઈત્યાગ વગેરે નિયમો થયા. તેમજ ૧૫ ઉપવાસની તપસ્વી ૧૫ વરસની વયની બાળાને ત્યાં સંઘ પધારતાં સારા નિયમો થયા. હજી ૧૧-૧૬-૩૦ ઉપવાસની તપસ્યાઓ ચાલુ છે. આસો સુદ-૧૪થી ઉપધાન-પ્રારંભ નક્કી થયા છે. બાળમુનિશ્રી પદ્મસુંદરવિજયજીને અઠ્ઠાઈના પારણે એમના સંસારિપણે પિતાજી રાયચંદભાઈ વગેરે કુટુંબ આવેલ, અને શ્વે. મૂ. સંઘમાં તથા સ્થાનકવાસી સંઘમાં ઘેર-ઘેર ૦||-૦|| કિલો બરફીના પેકેટની પ્રભાવના કરી. તેમજ રાયચંદભાઈ તથા છબીલદાસ ઘોટીવાળા તરફથી સંઘપૂજન થયું. માસખમણવાળાઓ તરફથી આલીશાન વરઘોડો નીકળ્યો. તપસ્વીઓના ગાડીઓને મોટું વહાણ વગેરેની શોભા આપવામાં આવેલ. ગામવાસીઓ ઠેરઠેર જોવા માટે તલસી રહેલા. જૈનધર્મની આવી તપસ્યાઓ પર મુગ્ધ થઈ જતા.

● **મુંબઈ** : "નવી પેઢીના યુવાનો બચશે તો જૈન સંઘનું ચિત્ર ઉજ્જવળ બનશે. દર્દનાક અને દુઃખદ સ્થિતિ હૈયાને કંપાવે છે. વ્યસન અને ફેશનમાં પાયમાલ થતા યુવકોને બચાવવા, અને સાચી દિશા બતાવવી, એ પરમ કર્તવ્ય છે. એ માટે જ અખિલભારતીય સંસ્કૃતિરક્ષક દળ કાર્યરત છે એને અમારા આશીર્વાદ અને માર્ગદર્શન અપાય છે." ઉપરોક્ત વ્યથા તાજેતરમાં મુંબઈ શ્રીપાલનગરમાં બિરાજમાન પૂજ્યપાદ મુનિવર્યશ્રી ચંદ્રશેખરવિજયજી મ. સાહેબે તારીખ ૧૪ ઓગસ્ટ રવિવારે સવારે ચંદનબાળા એપાર્ટમેન્ટના હોલમાં યોજાયેલ સત્કાર સભામાં વ્યક્ત કર્યા હતા. 'વિજ્ઞાન અને ધર્મ' નામના પૂજ્યશ્રી લિખિત પુસ્તકના માધ્યમથી લેવાયેલ લેખિત પરીક્ષાના પ્રથમ ૧૧ ઉત્તીર્ણ યુવકોના સન્માન અર્થે આ કાર્યક્રમનું વિશેષ આયોજન થયેલ.

સન્માનનો પ્રત્યુત્તર આપતાં યુવકોએ ગદ્‌ગદ હૈયે પૂજ્યશ્રીના પ્રવચનો અને પુસ્તકો વડે તેમના જીવનમાં પથરાયેલ પ્રકાશ અને આચારસુવાસની રજૂઆત



કરી હતી.

શ્રમણોપાસક શ્રી લલિતભાઈ ધામીએ દળની આચારલક્ષી અને શાસનપ્રભાવક પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો, સિદ્ધચક્ર પૂજનકાર શ્રી બાબુભાઈ કડીવાળાએ પ્રવૃત્તિના વિકાસ અને અરિહંત પરમાત્માના ઉપકારો, શ્રી ભાણાભાઈએ સુવિહિત પ્રવૃત્તિ દ્વારા થતા પ્રયાસોથી આવતા સુંદર પરિણામોની વિશદ્ રજૂઆત કરેલી. શ્રી કુમારપાલ વિ. શાહે શ્રુતનું મહત્ત્વ તથા પૂજ્યશ્રીના પ્રવચનો અને પુસ્તકો દ્વારા થઈ રહેલ સંસ્કૃતિની રસપ્રદ શૈલીમાં રજૂ કરેલ. સ્પર્ધાવિજેતાઓને જાણીતા સંઘઅગ્રણી શ્રી જયંતીલાલ આર. શાહ ના હસ્તે પ્રભાવના-પુરસ્કાર અપાયેલ. શ્રી લાલચંદ કે. શાહે પરીક્ષા અંગેની માહિતી રજૂ કરેલ.

૧૫ ઓગસ્ટના બપોરે ૨-૩૦ કલાકે ચંદનબાળાનો હોલ યુવાનોથી ખીચોખીચ ઊભરાયો, પૂજ્યશ્રીનું આજનું પ્રવચન માત્ર ૧૫ થી ૪૫ વર્ષની ઉંમરના યુવાનો માટે જ રખાયું હતું. પ્રવચનના પ્રારંભે ૬ હજારથી ય વધારે નગર-ઉપનગરના યુવાનોએ અરિહંતની ભાવવાહી ધૂન અને ભક્તિગીતથી વાતાવરણ ગજવી દીધું. હૈયાને ભક્તિથી ભીનું કર્યું. પૂજ્યશ્રીના ૯૦ મિનિટના પ્રવચનમાં માનવજીવનની બહુમૂલ્યતા, એને લાગેલા રોગ, રોગની ભયાનકતા, કાતીલતા અને એનાથી થનારા અકસ્માતો અને અનર્થનું કરાયેલ વિશદ્ વર્ણન યુવકોએ પ્રથમવાર એકાગ્રચિત્તે હૈયું ઠારીને શ્રવણ કર્યું. રોગના ઉપચાર અંગેનું પ્રવચન ફરી ૬-૯-૭૭ના રોજ કરવાની જાહેરાત થતાં સર્વત્ર આનંદ પ્રસરી ગયો. યુવાનોને યુવાનોની ભાષા અને ભાવથી સંબોધતા પૂજ્યશ્રીને શ્રવણ કરતાં હજારો હૈયા રડી ઊઠ્યાં. આ કાર્યક્રમોમાં ભાગ લેવા ૧૫૦થી ય વધારે શ્રમણોપાસક યુવાનો ગામેગામથી હાજર રહ્યા હતા.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૬,અંક-૫,તા.૧-૧૦-૧૯૭૭

**માલેગામમાં ડંકો...વાગ્યો, પણ શાનો ? ...તપસ્યાનો !** : માલેગામમાં વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યભગવંત **શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ** ઠા-૨૦ ચાતુર્માસાર્થ પધાર્યા ત્યારથી ચતુર્વિધ સંઘમાં તપસ્યા સ્વાધ્યાયના જુઆળ ચડવા માંડ્યા...મુનિમંડળમાં વર્ધમાનતપ આયંબિલની ઓળીઓ ઉપરાંત ટી.બી.ના દરદી પૂ. તપસ્વી મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મહારાજ તથા દમના દરદી પૂ.મુ. શ્રી અભયશેખર વિ.મ.ને માસખમણની ઉગ્ર તપશ્ચર્યા ખૂબ જ ઉલ્લાસપૂર્વક પૂર્ણ થઈ...પૂ.મુ. શ્રી નંદીભૂષણ વિ.મ. તથા પૂ.મુ. શ્રી શોભન

વિ.મ.ને શ્રેણિતપ (જેમાં માત્ર ૧૧૦ દિનમાં ૮૩ ઉપવાસ આવે તે)ની તપશ્ચર્યા ચાલી રહી છે... જેમાં તે બંને મુનિવરોએ અનુક્રમે છેલ્લા ૧૬+૨ ઉપવાસ તથા ૧૩ ઉપવાસ સાથે કર્યા છે...! પૂ.મુ. શ્રી ચંદન વિ. મહારાજે બે બે અઠ્ઠાઈ કરી...હાલમાં ચત્તારિ-અઠ્ઠ-દસ-દોયની તપશ્ચર્યા એમને ચાલી રહી છે... પૂ.મુ. શ્રી દિવ્યરત્ન વિ. મહારાજે બે વાર ૧૬ ઉપવાસ પૂર્ણ કરી ભા.સુ. ૧૦ થી પુનઃ ૧૬ ઉપવાસના પચ્ચક્ખાણ કર્યા છે... પૂ.મુ. શ્રી ભુવનસુંદર વિ. મહારાજે અઢી મહિનાના લાગટ આયંબિલમાં અઠ્ઠાઈ કરી... તથા પૂ.મુ. શ્રી પદ્મસુંદર વિ.મ. તથા પૂ.મુ. શ્રી જિનહંસ વિ.મ.ને અઠ્ઠાઈની તપશ્ચર્યા થઈ... વળી બાળમુનિ (ઉં.વ. ૧૧) પૂ. કુલબોધિ વિ. મહારાજે વર્ધમાન આંબેલ તપનો પાયો પૂર્ણ કર્યો તથા બાળમુનિ પૂ. સૂર્યોદય વિ. મહારાજને હાલમાં પાયો ચાલી રહ્યો છે.

ત્રણ ગ્રુપનાં ૩૧ સાધ્વીજી મહારાજોમાં પણ વર્ધમાન આંબેલ તપ ઓળીઓ, શ્રેણિતપ, ૧ સિદ્ધિતપ, ચત્તારિ, અઠ્ઠ, ૨ સમવસરણતપ ઇત્યાદિ અનેક પ્રકારની તપશ્ચર્યાઓ થઈ...

વળી, શ્રાવક-શ્રાવિકાઓમાં પણ તપશ્ચર્યાના જાણે પૂર ઉમટ્યાં... અઠ્ઠાઈની તપશ્ચર્યા તો જાણે સામાન્ય થઈ ગઈ... પૂજ્યપાદશ્રીનાં સંવેગ-વૈરાગ્ય ઝરતાં પ્રવચનોની અસર નીચે માલેગામ એવું આવી ગયું કે પર્યુષણાનાં આગમન પહેલાં જ ગામમાં પર્યુષણાનું વાતાવરણ સર્જાઈ ગયું. યુવાન ભાઈઓ તથા બહેનોમાં પણ તપશ્ચર્યા કરવાના કોડ એવા જાગ્યા કે ૮ જણે માસખમણ, ૧૦-૧૨ જણે ૧૬ ઉપ૦, ને જેમણે જિંદગીમાં એક ઉપવાસથી વધુ તપશ્ચર્યા નહોતી કરી તેવાઓએ અઠ્ઠાઈના પચ્ચક્ખાણ એક સાથે લીધા ! તપશ્ચર્યાથી મઘમઘતાં વાતાવરણમાં પર્વાધિરાજ પર્યુષણા પધાર્યા... અને પછી તો પૂછવું જ શું ? આઠ જેટલાં માસખમણો તો પર્યુષણા પૂર્વે જ પૂર્ણ થઈ ગયા હતાં, અને બીજા આઠ માસખમણો ચાલુ હતા સાથે ૧૬,૧૧,૧૦,૯,૮, ઉપવાસોની તપશ્ચર્યા પણ ચાલુ હતી. અવારનવાર પારણાઉત્સવ નિમિત્તે તેમજ ઘરઆંગણે મંડપ નંખાવીને વ્યાખ્યાન-સંઘપૂજન નિમિત્તે બેન્ડવાજાના ઘોષ માલેગામનગરના રાજમાર્ગ પર ગાજી રહેલ છે, પૂ. મુનિરાજશ્રી રંજનવિજયજી મ.ના સંસારિપણે સુપુત્રો પન્નાલાલ, નવીનચંદ્ર તથા રમેશચંદ્ર તરફથી મહાવીરનગર સુધી ચૈત્યપરિપાટી સંઘપૂજન અલ્પાહાર યોજાયેલ. એકંદરે ૧૫૦૧-૭૫ ઘરના ગામમાં મોટી ૧૮૫ કુલ તપશ્ચર્યાઓમાં માસખમણ ૧૬, શ્રેણિતપ ૯, સિદ્ધતપ, ૫, ચત્તારિ. અઠ્ઠ, ૪, સત્તર ઉપ૦ ૨૨, અગિયાર ઉપ૦ ૭, દશ ઉપ૦ ૩, નવ ઉપ૦ ૨૨, અઠ્ઠાઈઓ ૭૬, તીરસમુદ્ર ૨૨ થયાં... આવી અભૂતપૂર્વ તપશ્ચર્યાઓની અનુમોદના નિમિત્તે શ્રીસંઘ તરફથી શાન્તિસ્નાત્ર સહિત ભવ્ય



અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવવાનું નક્કી થયું... તેમાં ભા.સુ. ૭ના સોમવારે ૫ બેન્ડ, મોટર, સ્કૂટર, ઘોડા, બગી, તપસ્વીઓના શણગારેલા ભવ્ય રથ ઇત્યાદિથી યુક્ત એવો ખૂબ જ સુંદર શાનદાર વરઘોડો નીકળ્યો. એ જોવા નગરની જનતા ઉમટી પડેલ અને તેજ દિવસે શ્રી ખીમજીભાઈ ભાણજીભાઈ તરફથી સાધર્મિકવાત્સલ્ય થયું. હાલમાં જિનેન્દ્ર ભક્તિમહોત્સવ ઉલ્લાસપૂર્વક ચાલી રહ્યો છે.

પૂજ્યપાદ આચાર્યભગવંતશ્રીને વર્ધમાન તપની ૧૦૭ મી ઓળી સુખપૂર્વક ચાલી રહી છે. આસો વ. ૧ ના દિવસે તેઓશ્રીને ઓળીનું પારણું આવે છે, તે નિમિત્તે શ્રી સંઘ તરફથી ૩૧ છોડનું ઉદ્યાપન થવાનું નક્કી થયું છે; તથા આસો સુ. ૧૪થી અત્રેના રાજસ્થાની ભાઈઓ તરફથી પૂજ્યપાદશ્રીની તારક નિશ્રામાં આસો સુદ-૧૪ થી ઉપધાન તપની આરાધના કરાવવાનું નક્કી થયું છે.

ચતુર્વિધ સંઘને શ્રી પંચસૂત્ર-શ્રીપુષ્પમાળા-શ્રીસમરાદિત્ય-શ્રીઆચારાંગસૂત્ર પર પૂજ્યશ્રીની વેધક વાણી પીરસાઈ રહી છે. ગણિવર્યથી ગુણાનંદવિજય મહારાજ મુનિમંડળને શ્રી વિશેષાવશ્યક ભાષ્ય તથા શ્રીધર્મસંગ્રહ ભા. ૨જાની વાચના આપી રહેલ છે, જેમાં પદાર્થોનાં પુનરાવર્તનની રાત્રે રંગત જામે છે.

● **આધોઈ** (કચ્છ વાગડ) : અત્રે પૂ.આ.શ્રી વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ચોમાસામાં ધર્મનો જબરો રંગ જામ્યો છે, શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર અને શ્રી સમરાદિત્યચરિત્ર પરની એઓશ્રીની અધ્યાત્મ તથા વૈરાગ્ય અને તત્ત્વભરી વાણીએ ચતુર્વિધસંઘમાં આરાધનાનાં પૂર ઉમટાવ્યાં. પર્યુષણા મહાપર્વને અનુલક્ષીને ગજબની તપસ્યાઓ શરૂ થઈ ગઈ. પૂ. સાધ્વીજી શ્રી ચારુવદનાશ્રીજી મહારાજે તથા શ્રી મોહનભાઈ સોમચંદે ૫૧ ઉપવાસ, તેમજ પૂ. સાધ્વીજીઓ શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી, શ્રી નયપૂર્ણાશ્રીજી, ને શ્રીવિશ્વદર્શિતાશ્રીજી મહારાજે ૪૫ ઉપવાસ, શ્રી પાર્વતીબેન ગીંદરાવાળાએ ૩૧ ઉપ૦, પૂ.સા. શ્રી હેમલતાશ્રીજી મ. વગેરે ૧૦ સાધ્વીજી મ. તથા ૩ ભાઈઓ-૪ બહેનો-૩ કુમારિકાઓ એમ ૨૧ જણે માસખમણ કર્યા. ઉપરાંત બે જણને ૨૦ ઉપ૦, પાંચને ૧૭ ઉપ૦, છત્રીસ જણને ૧૬-૧૬ ઉપ૦, ૧/૧૪, ૧/૧૩, ૨/૧૨, અને ઓગણત્રીસ જણને ૧૧ ઉપ૦, તથા ૧૪૭ જણને અઠ્ઠાઈ હતી. પાંચને શ્રેણિતપ, બેને સિદ્ધિતપ, ૧ સમવ૦, ૧ ક્ષીરસમુદ્ર૦, એમ ૨૮૩ જણને મોટી તપસ્યા થઈ. ૨૦૦ ચોસઠપહોરી પોષધ થયા. શનિવારથી મહાપર્વની આરાધના અત્રે અભૂતપૂર્વ થઈ.

● **શાંતાક્રુઝ** : અત્રે પર્યુષણા મહાપર્વની આરાધના અર્થે શ્રી ઠાકોરભાઈ ઝવેરભાઈને ઘણા આરાધકોએ આગ્રહ કરવાથી એમણે બીજાઓ સાથે ગચ્છાધિપતિ

પૂ.આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજને વિનંતી કરીને આરાધના માટે પૂ. મુનિરાજશ્રી જગવલ્લભવિજયજી મહારાજ આદિ મેળવ્યાં. પોદાર હાઈસ્કૂલ હોલમાં પ્રવચનો આદિ મહાપર્વની સાચી આરાધના ૧૦૦૦થી ૧૨૦૦ જણે કરી. પ્રતિક્રમણો, પોષધો, વ્યા.શ્રવણ, તપસ્યાઓ, પ્રભાવના, સંઘપૂજન, સાધર્મિક વાત્સલ્ય વગેરે ધર્માનુષ્ઠાનોની આરાધના નિકટના કેટલાક વર્ષોમાં ન થઈ તેવી થઈ, કેમકે આ વખતે સંવત્સરી વિભિન્ન થયેલ હોઈ આરાધનાનો ખપી વર્ગજ અત્રે જોડાયેલ. ઉપજો પણ ગજબની થઈ.

● **સિદ્ધપુર :** પૂ. ગણિવર શ્રી યશોભદ્રવિજયજી મ.ના ઉપદેશથી અને જૈનોની નાની વસતિમાં પણ ૫ માસખમણ, ૨ સોળ ઉપ૰, ૨ અગિયાર ઉપ૰, ચત્તારિ૰, ૩ દસ ઉપ૰, ૧ નવ, ૮ અઠ્ઠાઈઓ, ૬ ખીર૰ વગેરે તપસ્યાઓ તથા ઉપજો સુંદર થયેલ.

● **અમદાવાદ :** અત્રે કાળુશીની પોળમાં પરમપૂજ્ય શ્રી મુનિરાજ જયવિજય મહારાજના સદ્‌ઉપદેશથી કાળુશીની પોળનાં સંઘના ઉત્તમ સહકારથી દ્વિ. શ્રાવણસુદી ૧૦ ના વિજય ચિંતામણિ પાર્શ્વનાથની વર્ષગાંઠ નિમિત્તે ભવ્ય શાંતિસ્નાત્ર, અઢાર અભિષેક, પૂજા, ભાવના, મહોત્સવના દિવસમાં ભારે આંગી, પ્રભાવના, બહેનોનું ગાવાનું આદિથી મહોત્સવ જેવું ઉજવાઈ ગયું. દેવદ્રવ્યની ઉપજ લગભગ ૩૫૦૦ રૂ.ની થઈ હતી. પોળના લોકોનો ઉત્સાહ અને લાગણી ખૂબ હતી. શાંતિસ્નાત્રમાં ભક્તિરસ અજબ જામ્યો હતો. સુ. ૧૧ પોળના મહિલામંડળે સત્તરભેદી પૂજા સુંદર ભણાવેલ.

● **માંડવલા** (રાજ.) : અત્રે પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મહારાજની નિશ્રામાં મુ.શ્રી વિશ્વરત્નવિજયજીને શ્રેણીતપ પૂરો થવા આવ્યો છે. તેમજ સંઘમાં પણ ખીરના એકાસણા સાથે નમો અરિહંતાણંનો ૧૨॥ લાખ જાપ કરાવતા ૧૭૫ આરાધકો જોડાયા હતા તથા પચરંગીતપમાં પણ ૭૦ વ્યક્તિએ લાભ લીધો. દરેકને રૂ. ૪૫ની પ્રભાવના થઈ. સંઘ તરફથી આસો સુદમાં ઉપધાનતપ કરાવવાની ભાવના છે.

● **વડાલી** (સાબરકાંઠા) : અત્રે પૂ.આ. શ્રી વિક્રમસૂરીશ્વરજી મ.ના શિષ્ય પૂ.પં. શ્રી સ્થૂલભદ્રવિજયજી મહારાજની નિશ્રામાં ૨૪ ભગવાનના ૬૦૦ એકાસણાં, અરિહંતના ૧૨૫ આયંબિલ, પચરંગીતપમાં ૭૫ જણા, કોળિયા વ્રતના એકાસણા ૨૨૫, નવપદના આયંબિલ ૧૨૫, પૂ. લબ્ધિસૂરીશ્વરજી મહારાજની ૧૬મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ૪૫ અઠ્ઠમ, સાધ્વીશ્રી હર્ષનંદિતાશ્રીજીએ ૧૬ ઉપવાસ



તથા વર્ધમાન તપના ૨૮ પાયા દરેકને ૩૦-૩૦ રૂ.ની પ્રભાવના આદિ ધર્મપ્રભાવના ખૂબજ સારા પ્રમાણમાં થઈ.

● **ખંભાત :** અત્રે પૂ.આ. શ્રી જયંતશેખરસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં અરિહંત આરાધનાર્થે ૪૦૦ લુખ્ખી નીવિઓ થઈ, પૂ. મુનિશ્રી ચંદ્રસુંદરવિજયજીએ ૧૬ ઉપવાસ ખૂબ જ સારી રીતે પૂર્ણ કર્યા, પૂ. મુનિશ્રી દિવ્યાનંદવિજયજી મહારાજને ૯૯મી ઓળી ચાલુ છે.

● **ગીરધરનગર** (અમદાવાદ) : અત્રે પૂજ્ય આચાર્યદેવશ્રી રાજતિલક-સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ધર્મપ્રભાવના સારી થઈ. વ્યાખ્યાન દેવદ્રવ્યાદિ ઊપજ પ્રભાવના વરઘોડો બે સંઘ જમણાદિ થયા, આયંબિલ વર્ધમાનતપના ૯૨ પાયા નંખાયા, ૧૫૦ અઠ્ઠમ આદિ ધર્મપ્રભાવના થઈ, તેઓશ્રીની બીજીવારની વર્ધમાન આંબેલ તપની ૧૦૦મી ઓળીનું પારણું પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજના હસ્તે કરવાની ભાવના હોવાથી તથા અત્રેના જિનમંદિરની બંને બાજુની દેરીઓ માટે અંજનશલાકા પ્રતિષ્ઠાદિ કરાવવાની હોવાથી અત્રેનો સંઘ સુરત પૂજ્યશ્રીને વિનંતી કરવા ગયો હતો ને ફરીથી જવાનો છે. હાલ પૂજ્યપાદશ્રી રાજતિલકસૂરિજી મ.ને વીસસ્થાનક તપ ચાલુ છે.

● **ગોરેગામ :** અત્રે પૂ. મુનિરાજોશ્રી મલયચંદવિજય મહારાજ-વિશ્વાનંદવિજય મહારાજની નિશ્રામાં શનિવારથી પર્યુષણ પર્વની આરાધના ખૂબ સારી રીતે થઈ, પર્યુષણ પર્વના છેલ્લા ૫ દિવસમાં ૧૦ સંઘપૂજન થયા... જેમાં સંખ્યા ૮૦૦ સુધીની થઈ... મહાવીર જન્મ વાંચન દિવસે ૭૦૦૦ મણ ઘી ની ઉપજ થઈ, ચઢાવા પણ સારા થયા... રોજ સાટા-પેંડા આદિની પ્રભાવના... વરઘોડો વગેરે ધાર્યા કરતા ખૂબ સારા પ્રમાણમાં થયું... તપસ્યામાં ૧૧-૮-૫-૫-૪ ઉપવાસ સંઘના પ્રમાણમાં સારી થઈ...

● **શાંતાક્રુઝ :** અત્રે પૂ. મુનિરાજશ્રી જગવલ્લભવિજયજી મહારાજની નિશ્રામાં શનિવારથી પર્યુષણા પર્વની આરાધના ઉલ્લાસપૂર્વક પૂર્ણ થઈ... ડોલર એરિયાના રહેવાસી છતાં તપસ્યા ખૂબ સારા પ્રમાણમાં થઈ, કોઈપણ જાતના સંઘર્ષ વિના સામા પક્ષનાને પણ વ્યાખ્યાનમાં રુચિ થયેલ લાભ લેતા. વ્યાખ્યાનમાં રોજ ૭૦૦/૮૦૦ની સંખ્યા થતી રોજ સંઘપૂજન પ્રભાવના પ્રતિક્રમણમાં ૧ રૂ.ની પ્રભાવના થતી, ઊપજ લગભગ બધું મળી રૂ. ૫૦ થી ૫૫ હજારની થયેલી, સંવત્સરી પ્રતિક્રમણ લગભગ ૧૨૦૦ જણે કરેલ.

● **પીંપળગામ** : પૂ. તપસ્વી મુનિરાજશ્રી જયસોમવિજયજી મહારાજે દીક્ષા લીધા બાદ મૂળ વતનમાં પ્રથમ વાર ચોમાસું કરવા પધાર્યાથી સંઘમાં ઉલ્લાસની કોઈ સીમા જ નથી. વ્યાખ્યાન પ્રતિક્રમણમાં સારી સંખ્યામાં લોકો લાભ લેતા સહુ પોતાની દુકાન તે વખતે બંધ રાખતા. સામુદાયિક એકાસણા-આયંબિલ-અરિહંત-સિદ્ધ સીમંધર ભગવંતની વગેરે આરાધના સુંદર થઈ, વ્યાખ્યાનમાં પ્રભાવના સંઘપૂજન થયા, નાની વસતિવાળા ગામમાં ૨ માસખમણ ૪ સોળ ઉપવાસ, ૨/૧૧ ઉપવાસ, ૨૦ અઠ્ઠાઈ, વગેરે તપસ્યા, પ્રભુજીને સુંદર આંગીઓ વરઘોડો વગેરે ખૂબ જ ઠાઠથી થયું. પૂ. મુનિશ્રી મતિસુંદરવિજય મહારાજે જ્ઞાન-ધ્યાન સાથે માસખમણ ખૂબજ સારી રીતે પૂર્ણ કર્યું, તેમના પારણા નિમિત્તે સંઘમાં ૧૩૦૧ બેસણા, ૪૫૦૩ સામાયિક, ૨૦૦૧ નવકારવાળી, તથા પૂ. જયસોમવિજય મહારાજની ૮૩મી ઓળીના પારણા નિમિત્તે ૭૬૧ આયંબિલ, ૧૧૧ નવકારવાળી, ૪૦૧ સામાયિક, ૧૧૫ બેસણા, ૧૦૧ એકાસણા આદિ સારા પ્રમાણમાં થયું.

● **મલાડ** : અત્રેના ધર્મપ્રેમી તપસ્વી શ્રાવિકા રજવંતીબેન જયસુખલાલે ચાલુ સાલે નમસ્કાર મહામંત્રની ૬૮ ઉપવાસની ભીષ્મ તપસ્યા કરી, આ પૂર્વે પણ તેઓએ ૧૬, ૩૦, ૪૫, ૫૧ ઉપવાસ, ૭ વરસીતપ, ૧ છઠ્ઠથી-૨ અઠ્ઠમથી વરસીતપ, સિદ્ધિતપ, શ્રેણીતપ, ચારમાસી, દોઢમાસી અઠ્ઠાઈઓ, ૫૦૦ આયંબિલ આદિ અનેક તપસ્યાઓ કરી છે, છેલ્લા ૨૦ વર્ષની ખુલ્લા મોઢે કદી પણ ખાધું નથી, ધન્ય તપસ્વી !!!

અત્રે નૂતન જૈન ઉપાશ્રયમાં પૂ. મુનિરાજશ્રી ચરણપ્રભવિજયજી મહારાજની નિશ્રામાં ૫૩૫ અઠ્ઠમ દરેકને ૧૯॥ રૂા. તથા શ્રીફળની પ્રભાવના, ૧૦ વર્ષના બાળકોને ૧૧ રૂા. વધારે તથા ૧ જૈનેતર બાઈએ કરેલ અઠ્ઠમની અનુમોદનાર્થે ૩૩૨ રૂા. રોકડા ૧ સાડી તથા શ્રીફળ આપી બહુમાન કર્યું, ૧૮૦ છઠ્ઠ, ૬૦૦ ખીરના એકાસણા વગેરે આરાધના સારા પ્રમાણમાં થઈ.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૨૬,અંક-૬,તા.૧૫-૧૦-૧૯૭૭**

● **ઈડર** : અત્રે પૂ.પં. શ્રી સ્થૂલભદ્રવિજયજી મ.ના ઉપદેશથી ૮૦ ઘરની જૈન વસતીમાં ૧ માસખમણ-૧ સોળ ઉપવાસ-૩ અગિયાર ઉપવાસ-૮ દશ ઉપવાસ-૩૨ અઠ્ઠાઈ વગેરે સુંદર તપસ્યાઓ થઈ. શ્રી ભક્તામરપૂજનમાં સંઘમાંથી ૧૬ તોલા સોનું-૬ કિલો ચાંદી-૮૦૦ રૂા. આભૂષણમાં ચડાવ્યા. સંઘમાં ધર્મ-ઉલ્લાસ સુંદર છે.



● **બીજાપુર** : અત્રે તીર્થપ્રભાવક પૂ. આચાર્યદેવશ્રી વિક્રમસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં સંઘમાં ઉત્તરોત્તર ધર્મપ્રભાવના વિકસી રહી છે. મહાપર્વમાં અઠ્ઠાઈ અને ઉપરની તપસ્યા ૧૨૩ જણે કરી. શ્રાવકોમાં ૨ માસખમણ થયા. પૂ. સાધ્વીજી મહારાજોમાં કેટલાકને ૨૦ ઉપવાસ ચાલુ છે, સંઘમાં આરાધના ધાર્યા કરતાં સુંદર થઈ.

● **જેયપોર(ઓરિસ્સા)** : અત્રે પૂ.સ્વ.આ. શ્રી વિજયકનકસૂરીશ્વરજી મ.ના સમુદાયના પૂ.મુ. કલહંસવિજયજી મ.ના ઉપદેશથી ૧૩ માસખમણ, ૧ સોળ ઉપવાસ, ૫ અગિયાર ૮ અઠ્ઠાઈ, ૨ દસ૰ વગેરે અંદર સુંદર તપસ્યાઓ થઈ.

● **મૈસુર** : અત્રે પૂ.આ. શ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી ૨૫ પંચરંગી, ૬ અઠ્ઠાઈ વગેરે સુંદર તપ ઉપરાંત પારણા-દેવદ્રવ્યાદિ-પ્રભાવના-ગરીબોને દાન-સ્થાયી આંબેલ-ભવન-કાયમી તિથિઓ-પાઠશાળા ફંડ આદિમાં રૂા. ૪ લાખનો સદ્વ્યય થયો.

● **પાદરુ(મારવાડ)** : પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયની નિશ્રામાં અત્રે મહાપર્વ ભવ્ય ઉજવ્યા. તપમાં માસખમણ-૧૦, અઠ્ઠાઈ-૬૦, બીજા ૯-૧૦-૧૧ ઉપવાસ વાળા-૧૦, સાધ્વીજીને ૧૯ ઉપવાસ વગેરે થયેલ. પારણું ઘરે લઈ જવાની તથા સંવત્સરીના પારણાં કરાવવાની ભારે બોલી થઈ. બીજી પણ ઉપજ સારી થઈ.

● **જામનગર** : મધુરવક્તા પૂ.મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજના પ્રેરક ઉપદેશથી અત્રે શાન્તિભુવનમાં ૩૫ ચોસઠ પહોરી પૌષધ, દરેકને રૂા. ૫૧ પહેરામણી, ૩ સાધર્મિક વાત્સલ્ય, અઠ્ઠાઈઓવાળાને રૂા. ૩૫ પ્રભાવના, અઠ્ઠમોવાળાને રૂા. ૬ થઈ, ઉપજ દર સાલ કરતા બમણી; દર રવિવારે મંદિર ઉપકરણો સાથે ચૈત્યપરિપાટી, શાંતિભવન દેરાસરે માસિક ઘી-ચંદન-ધૂપ-દૂધની રૂા. ૨૦૧ની યોજનામાં સારા નામો નોંધાયા. ૧૭૦ જિનનો ભવ્ય અભિષેક ઉત્સવ યોજાયો.

અત્રે પ્લોટમાં પૂ. મુનિરાજશ્રી પ્રભાકરવિજયજી મહારાજે તો ધર્મમાં ડંકો વગાડ્યો છે. યુવાનોને ખૂબ જગાડી દીધા છે, સો ઉપર અઠ્ઠાઈઓ અને બીજી તપસ્યાઓ વગેરે સુંદર થયું, હવે ઉપધાનની તૈયારી ચાલે છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૨૬,અંક-૭,તા.૧૫-૧૦-૧૯૭૭**

● **ઈડર** : અત્રે પૂ. પં. શ્રી સ્થૂલભદ્રવિજયજી મ.ના ઉપદેશથી ૮૦ ઘરની જૈન વસ્તીમાં ૧ માસખમણ, ૧ સોળ ઉપવાસ, ૩ અગિયાર ઉપવાસ, ૮ દશ

ઉપવાસ, ૩૨ અઠ્ઠાઈ વગેરે સુંદર તપસ્યાઓ થઈ. શ્રી ભક્તામર પૂજનમાં સંઘમાથી ૧૬ તોલા સોનું, ૬ કિલો ચાંદી, ૮૦૦ રૂા. આભૂષણમાં ચડાવ્યા. સંઘમાં ધર્મ ઉલ્લાસ સુંદર છે.

• **બીજાપુર :** અત્રે તીર્થપ્રભાવક પૂ.આચાર્યદેવ શ્રી વિક્રમસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં સંઘમાં ઉત્તરોતર ધર્મપ્રભાવના વિકસી રહી છે. મહાપર્વમાં અઠ્ઠાઈ અને ઉપરની તપસ્યા ૧૨૩ જણે કરી. શ્રાવકોમાં ૨ મસખમણ થયા. સાધ્વીજી મહારાજોમાં કેટલાકને ૨૦ ઉપવાસ ચાલુ છે, સંઘમાં આરાધના ધાર્યા કરતા સુંદર થઈ.

• **જેયપોર(ઓરિસ્સા) :** અત્રે પૂ. સ્વ. આ.શ્રી વિજય કનકસૂરીશ્વરજી મ.ના સમુદાયના પૂ.મુ.કલહંસવિજયજી મ.ના ઉપદેશથી ૧૩ માસખમણ, ૧ સોળ ઉપવાસ, ૫ અગિયાર, ૭ અઠ્ઠાઈ, ૨ દસ ઉપવાસ વગેરે સુંદર તપસ્યાઓ થઈ.

• **મ્હૈસુર :** અત્રે પૂ. આ. શ્રી. વિજયભદ્રંકરસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી ૨૫ પંચરંગી, ૬ અઠ્ઠાઈ વગેરે સુંદર તપ ઉપરાંત પારણા-દેવદ્રવ્યાદિ-પ્રભાવના-ગરીબોને દાન-સ્થાયી આંબેલ ભવન-કાયમી તિથિઓ-પાઠશાળા ફંડ આદિમાં રૂા. ૪ લાખનો સદ્વ્યય થયો.

• **પાદરુ(મારવાડ) :** પૂ. મુનિરાજ શ્રી જિતેન્દ્રવિજયની નિશ્રામાં અત્રે મહાપર્વ ભવ્ય ઉજવાયા. તપમાં માસખમણ ૧૦, અઠ્ઠાઈ ૬૦, બીજા ૯-૧૦-૧૧ ઉપવાસવાળા ૧૦, સાધ્વીજીને ૧૯ ઉપવાસ વગેરે થયેલ. પારણું ઘરે લઈ જવાની તથા સંવત્સરીના પારણાં કરાવવાની ભારે બોલી થઈ. બીજી પણ ઉપજ સારી થઈ.

• **જામનગર :** મધુરવક્તા પૂ. મુનિરાજ શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજના પ્રેરક ઉપદેશથી અત્રે શાન્તિભુવનમાં ૩૫ ચોસઠ પહોરી પૌષધ દરેકને રૂા. ૫૧ પહેરામણી, ૩ સાધર્મિક વાત્સલ્ય, અઠ્ઠાઈઓવાળાને રૂા. ૩૫ પ્રભાવના, અઠ્ઠમવાળાને રૂા. ૬ થઈ, ઉપજ દર સાલ કરતા બમણી; દર રવિવારે મંદિર ઉપકરણો સાથે ચૈત્યપરિપાટી, શાંતિભવન દેરાસરે માસિક ઘી-ચંદન-ધૂપ-દૂધની રૂા. ૨૦૧ની યોજનામાં સારા નામો નોંધાયા. ૧૭૦ જિનનો ભવ્ય અભિષેક ઉત્સવ યોજાયો.

અત્રે પ્લોટમાં પૂ. મુનિરાજ શ્રી પ્રભાકરવિજયજી મહારાજે તો ધર્મમાં ડંકો વગાડ્યો છે. યુવાનોને ખૂબ જગાડી દીધા છે, સો ઉપર અઠ્ઠાઈઓ અને બીજી તપસ્યાઓ વગેરે સુંદર થયું, હવે ઉપધાનની તૈયારી ચાલે છે.





• **માલેગામ :** અત્રે બે પૂ. મુનિરાજો તથા ૬ સાધ્વીજી મહારાજને મહાન શ્રેણિતપ પૂરો થતો હોવાથી એમના સંસારિકપણે કુટુંબીજનો તરફથી જિનેન્દ્ર-ભક્તિ-મહોત્સવ કરવામાં આવેલ. એની આમંત્રણપત્રિકામાં જણાવવામાં આવ્યું હતું કે અત્રે બિરાજમાન સર્વાધિકશ્રમણસંખ્યસાર્થાધિપતિ સ્વ. પૂજ્યપાદ સિદ્ધાંત-મહોદધિ આચાર્યભગવન્ત શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન વર્ધમાન-તપોનિધિ દર્શનશાસ્ત્રનિપુણમતિ પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ** જેઓશ્રીને વર્ધમાનતપની ૧૦૭ મી ઓલી સુખપૂર્વક ચાલી રહી છે. તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્યને તથા પૂજ્ય સાધ્વીજી મહારાજોને પણ હાલમાં શ્રેણિતપની આરાધના ચાલી રહી છે. આ તપમાં ૧૧૦ દિવસમાં ૮૩ ઉપવાસ આવે છે. પૂ.મુ. શ્રી નંદીભૂષણવિજયજી મહારાજે આ તપમાં છેલ્લા ૧૮ ઉપવાસ સાથે કરેલ તથા પૂ.મુ. શ્રી શોભનવિજયજી મહારાજે વચમાં ૮ ઉપવાસ અને છેલ્લા ૧૩ ઉપવાસ સાથે તેમજ દરેક પારણે એકાસન ને ક્યારેક આયંબિલ કરેલ, તદુપરાંત પૂજ્યપાદશ્રીના શિષ્ય પૂ.મુ. શ્રી મણિપ્રભવિજયજી મહારાજને માસખમણના પારણાથી આયંબિલ તથા પૂ.મુ. શ્રી પરમહંસ વિ.મ.ને અઠ્ઠાઈ પૂ.મુ. શ્રી વરબોધિ વિ.મ. ને ૧૬ ઉપવાસ તથા પૂ.મુ. શ્રી દિવ્યરત્ન વિ.મ. ને ત્રીજીવાર ૧૬ ઉપવાસ ચાલુ છે.

આ સિવાય પરમ તપસ્વી પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્વિજય-ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાવર્તિ પ.પૂ. સાધ્વીજી રંજનશ્રીજી મ.ના પૂ.સા. ઈન્દ્રશ્રીજી મહારાજના ગ્રુપના સા.શ્રી કલ્યાણપુણ્યાશ્રીજી મ.ને વીસસ્થાનક તપની પૂર્ણાહુતિ કરવા ઉપરાંત શ્રેણિતપની મહાન આરાધના તથા પૂ.સા. શ્રી જયમંગલાશ્રીજી મ. પૂ.સા. શ્રી સુમંગલાશ્રીજી મ. પૂ.સા. શ્રી જયમાલાશ્રીજી મ. તથા પૂ.સા. શ્રી દિવ્યજ્યોતિશ્રીજી મ.ને શ્રેણિતપની મહાન આરાધના અષાઢ સુ. ૪ થી શરૂ કરેલ, તે હવે આ મહાન શ્રેણિતપ પૂર્ણ થવા આવ્યો છે, તથા વ્યાખ્યાનવાચસ્પતિ પરમશાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય-રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના આજ્ઞાવર્તિ પૂ.સા. શ્રી હંસશ્રીજી મ. ના ગ્રુપના પૂ.સા. શ્રી હેમજ્યોતિશ્રીજી મ. સમવસરણ તપ પૂર્ણ થયો તથા હાલમાં સિંહાસન તપ ચાલુ છે, તથા પૂ.સા. શ્રી હર્ષરેખાશ્રીજી મ.ને સમવસરણ તપ ચાલુ છે.

નિકાચિત કર્મોના ક્ષય માટે તપ એ જ અમોઘ ઉપાય છે, તીર્થંકર પરમાત્મા-

ચક્રવર્તી-બલદેવ મહર્ષિ અને પ્રભાવક આચાર્યભગવંતો પણ તપશ્ચર્યાથી શિવસુખ પ્રાપ્ત કરી શક્યા છે, જિનશાસનના તપધર્મનો મહિમા હમણાં હમણાં બધે જ વિસ્તાર પામી રહેલ છે, આવા મંગલમય તપની પૂર્ણાહુતિ તથા અનુમોદના નિમિત્તે ભવ્ય એવો પંચાન્હિકા મહોત્સવ ઉજવવાનો નિર્ધાર કર્યો છે.

એ પછી ભાદરવા વદ-૭ થી ઉત્સવ શરૂ થયો, શ્રી રમીલાબેન શાંતિચંદ્ર ઝવેરીના સુપુત્રો શ્રી નલીનભાઈ વગેરે તરફથી પૂજા-આંગી-પ્રભાવના તથા સંઘપૂજન થયું અને સંઘમાં ઘેર-ઘેર મીઠાઈની પ્રભાવના થઈ, શ્રી હિંમતલાલ મફતલાલ તરફથી પૂજા-પ્રભાવના અને સંઘમાં ઘેર-ઘેર બુંદીની પ્રભાવના થઈ, શ્રી ચંદુભાઈ ગાંધી નડીયાદવાળા તરફથી પૂજા-આંગી-પ્રભાવના-રાત્રિજાગરણ થયું, શ્રી જયંતીલાલ ભોગીલાલ પરીખ ખંભાતવાળા તરફથી વીસસ્થાનક મહાપૂજન પ્રભાવના થઈ, શ્રી મણિલાલ ઘેલાભાઈ તરફથી શ્રી નવાણું અભિષેકની નહાપૂજા થઈ, ને એ તથા જયંતીભાઈ અને ચંદુભાઈ તરફથી સંઘપૂજન થયું, અને ઘેર-ઘેર મીઠાઈ વહેંચાઈ, શ્રી જયંતીભાઈ તરફથી વરસીદાન વરઘોડો નીકળેલો; અમદાવાદથી પૂ. આચાર્યદેવશ્રીના સાંસારિકપણે ભાઈ શાંતીલાલના દોહીત્ર નલીનકુમાર તથા શ્રી વિનોદકુમાર તરફથી ૧૮૫ મોટા તપસ્વીઓને પેંડાનો ભાર વહેંચાયો તથા સંઘપૂજન થયું.

● **પીપળગામ :** અત્રે પૂ. જયસોમવિ. મ.ની નિશ્રામાં ભા.સુ. ૮ થી પંચાહ્નિકા મહોત્સવમાં ભગવાનને સુંદર અંગરચના કરવામાં આવતી હતી, જેમકે સમવસરણની રચના, ૫ ઘોડાના રથને પ્રભુજી ચલાવી રહેલ છે વગેરે. જે જોવા લોકો ખૂબ ઉલટતા, ભા.વદ-૪ પૂજ્યશ્રીની સાથે ૧૫૦ ભાઈઓનો સંઘ ઓઝાર ગામે યાત્રાએ ગયો, ત્યાં વ્યાખ્યાન-પૂજા સાધર્મિક વાત્સલ્ય આદિ અનુમોદનીય થયું.

● **બાવળા :** અત્રે તપસ્વી મુનિરાજશ્રી હીરવિજયજી મહારાજની નિશ્રામાં પૂ.મુ. શ્રી વિદ્યાનંદવિજયજી મહારાજના ઉપદેશથી સંઘમાં ધર્મનો અનેરો ઉલ્લાસ, મહાપર્વમાં ૨ માસખમણ, ૧૬ ઉપવાસ-૪, ૧૧ ઉપવાસ-૩, ૩૨-અઠ્ઠાઈ, ૭ ઉપવાસ-૧ આદિ તપસ્યાઓ થઈ. ભગવાનને લઈને રથમાં બેસવાનો ચઢાવો બોલતા ૧૩૧૧ મણ થયા જે અહીંના ૬૦ વર્ષના ઈતિહાસમાં રેકોર્ડ છે... એમ વૃદ્ધો કહે છે. પારણાના વરઘોડામાં ૫૬ દિક્કુમારી, ૬૪ ઈન્દ્રો વગેરેની વિશિષ્ટ યોજનાથી સારી શાસનપ્રભાવના થઈ.

● **મલાડ** (ઈસ્ટ) : અત્રે નૂતન જૈન ઉપાશ્રયમાં પૂ. મુનિશ્રી ચરણપ્રભવિજયજી



મહારાજની નિશ્રામાં જિનમંદિરમાં વર્ષગાંઠ નિમિત્તે શાંતિસ્નાત્રસહ ભવ્ય જિનેન્દ્ર મહોત્સવ અને સાધર્મિકવાત્સલ્ય થયું. પર્યુષણા પર્વમાં ૨ માસખમણ, ૨ સિદ્ધિતપ, ૧૬ ઉપવાસ-૨, ૧૫ ઉપવાસ-૧, ૧૧ ઉપવાસ-૩, ૯ ઉપવાસ-૬, ૩૪ અઠ્ઠાઈ આદિ સુંદર થયું. સમસ્ત મલાડના જિનમંદિરોની ચૈત્યપરિપાટી બે રવિવારના થઈ. જેમાં સંઘપૂજન-બુંદીની પ્રભાવના આદિ થયા. ભા.સુ. ૬ રથયાત્રાનો વરઘોડો તથા સાધર્મિકવાત્સલ્ય થયું.

● **જાલોર :** અત્રે પૂ. મુનિશ્રી ગુણવર્ધનવિજયજી આદિની નિશ્રામાં પર્યુષણાપર્વમાં ઉપજ તથા માસખમણ-૧, ચત્તારી અઠ્ઠ-૧, સિદ્ધિતપ-૫, ૧૧-૨, ૧૦-૧, ૮-૩૦, આદિ સુંદર રીતે થયું.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૨૬,અંક-૯,તા.૨૯-૧૦-૧૯૭૭**

**નવસારીમાં ચાતુર્માસ અને મહાપર્વમાં થયેલી ભવ્ય આરાધના :** પૂ. ગણિવર્યશ્રી મિત્રાનંદવિજયજી મહારાજની શુભ નિશ્રામાં અ.વ. ૧૦ થી દર રવિવારે વિવિધ ધર્માનુષ્ઠાનોની ભવ્ય આરાધનાઓ શરૂ થઈ હતી. (૧) શ્રી નમસ્કાર મહામંત્રના જાપની (૨) તથાભવ્યત્વના પરિપાકના ત્રણ સાધનોમાં પહેલી ચાર શરણના સ્વીકારની (૩) દુષ્કૃતગર્હાની (૪) સુકૃત અનુમોદનાની (૫) મહાવિદેહની યાત્રા અને શ્રી સીમંધરસ્વામીની આરાધનાની (૬) શ્રી તીર્થંકર શ્રેણિ તપની (૭) સામુદાયિક વીસસ્થાનક તપની (૮) વિશિષ્ટ પ્રકારના જાપ અને ધ્યાન સાથે શ્રી ચિંતામણિપાર્શ્વનાથજીના ૩૫૦ અઠ્ઠમ તપની-આ આરાધનાઓ નવસારીના ઈતિહાસમાં, અભૂતપૂર્વ હતી. પ.પૂ. ગણિવરશ્રીની આરાધનામાં રસતરબોળ કરવાની કળા અદ્‌ભુત હતી. પૂ.મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મ.ના પ્રેરણાદાયી પ્રવચનો થતા. ૪૦૦-૫૦૦-૬૦૦-૭૦૦ની સંખ્યા આરાધકોની થતી. દર રવિવારે પૂજ્ય મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મ.ના વિવિધ વિષયો પરના જાહેર પ્રવચનો જૈન જૈનેતરો માટે એક જબ્બર આકર્ષણ હતું, પ્રવચન શરૂ થતા પહેલાં જ હોલ ભરાઈ જતો. ૩-૩ હજારથી પણ વધુ માનવમેદની થતી. પ્રવચનોના રોચક વિષયો,-

(૧) માનવ જીવનની મહત્તા (૨) ઈચ્છાઓ પર બ્રેક મૂકો (૩) આર્યસંસ્કૃતિનો પમરાટ (૪) આજની વિકૃતિ (૫) વિષયસુખની આંધી (૬) કર્મ તારી કળા ન્યારી (૭) બંધન અને મુક્તિ (૮) સાચું સુખ ક્યાં ? (૯) આપણે આપણી વાતો કરીએ. (૧૦) આત્મશુદ્ધિનું પર્વ અને ક્ષમાધર્મ (૧૧) જીવનમાં દિવ્ય દૃષ્ટિ (૧૨) જરા થોભ, નહિ તો થાકી જઈશ (૧૩) આપણો અમૂલ્ય વારસો-આમાં રંગત

જામતી જ ગઈ. શ્રાવણ વદ ૧૧ ના **પૂ. ગુરુદેવ પંન્યાસપ્રવર શ્રી પદ્મવિજયજી** ગણિવર્યની સ્વર્ગતિથિ ઉજવાઈ. સવારે વ્યાખ્યાનમાં ભક્તિગીત તથા ગુણાનુવાદના પ્રવચનો થયા. બપોરે ૪૫ આગમ સૂત્રોની રચનાપૂર્વક ૪૫ આગમની પૂજા ભણાવાઈ શ્રા. વ. ૧૨ તા. ૧૦-૯-૭૭. એમ આવ્યા પર્યુષણ મહાપર્વ. આ વખતે સંઘમાન્ય જન્મભૂમિ પંચાંગની સાચી સંવત્સરી-તિથિ ભાદરવા સુદ-૪ શનિવારના હિસાબે નવસારી શ્રી જૈન સંઘની શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની પેઢીના વહીવટકર્તાઓ તરફથી તા. ૯-૯-૭૭ ના 'ગુજરાત મિત્ર' દૈનિક પત્રની આવૃત્તિમાં નીચે પ્રમાણે જાહેરાત અપાઈ હતી,-

## 'ગુજરાત મિત્ર'માં આમંત્રણ જાહેરાત

અમારી આગ્રહભરી વિનંતીથી પ.પૂ. પરમ તપોનિધિ આ.ભ. શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના પ્રશિષ્યરત્ન ગણિવર્ય શ્રી મિત્રાનંદવિજયજી ગણિ આદિ ઠાણા ૬ ચાતુર્માસ પધાર્યા છે. તેઓશ્રીની પ્રભાવક નિશ્રામાં પર્વાધિરાજની આરાધના માટે પધારવા આગ્રહભરી વિનંતી છે.

**આરાધનાનો શુભ કાર્યક્રમ :** દ્વિ.શ્રા. વ. ૧૨ શનિવાર તા. ૧૦-૯-૭૭ પર્યુષણ પર્વારંભ, અઠ્ઠાઈઘર દ્વિ. શ્રા. વદ ૧૩ રવીવાર તા. ૧૧-૯-૭૭ સવારે વ્યાખ્યાન બપોરે પૂ. હેમરત્ન વિ.મ.સા.નું વાડીમાં જાહેર પ્રવચન "આત્મશુદ્ધિનું પર્વ અને ક્ષમા ધર્મ."

(અહીં વદ ૧૪થી ભા.સુ. ૩ સુધીનો કાર્યક્રમ છપાયેલ) ભા.સુ. ૪ શનિવાર તા. ૧૭-૯-૭૭ સંવત્સરી મહાપર્વ બારસા સૂત્ર વાંચન સંવત્સરી પ્રતિક્રમણ, ક્ષમાપના, ભા.સુ. ૬ રવિવાર તા. ૧૮-૯-૭૭ સવારે પારણા બપોરે ૩-૦૦ વાગે ભવ્ય વરઘોડો સાંજે સંઘજમણ થયેલ.

આઠે દિવસ પ્રભાવશાળી પ્રવચનો પ્રભુજીને ભવ્ય અંગ રચના ચોસઠ પ્રહરી પૌષધવાળા ભાઈ બહેનોની ભક્તિ રાત્રે ભાવના અનુષ્ઠાનોથી ભવ્ય રીતે પર્વારાધના થયેલ.

સૌ ભાઈ બહેનોને અપૂર્વ ઉલ્લાસપૂર્વક સર્વ મંગલ આરાધનામાં જોડાવા આગ્રહભરી વિનંતી અને ભાવભર્યું નિમંત્રણ પાઠવેલ.

આરાધનાનું શુભ સ્થળ, જૈનવાડી, નવસારી તા. ૭-૯-૭૭

દ્વિ.શ્રા. વદ ૧૨ શનિવારથી પર્વાધિરાજ પર્યુષણનો પ્રારંભ થયો. ૭૩ જેટલા ચોસઠ પ્રહરી પૌષધ, માસખમણાદિ ૩૦ મોટી તપશ્ચર્યાઓ, પ્રભાવશાળી



પ્રવચનો, પોસાતીની સુંદર ભક્તિ, પ્રભાવનાઓ, રાત્રે વીર સૈનિકોની ભાવનાનો રંગ, બે સંઘ ભેગા હતા એના કરતાં ડબલ ઉછામણીનો ઉછરંગ, કલ્પસૂત્રનો પારણાનો તથા તપસ્વીઓનો એમ ત્રણે શાનદાર વરઘોડા, રાત્રિ જાગરણો, જનરલ ટીપ સંવત્સરીના પારણા સૂર્યાસ્ત પહેલા ૩ સાધર્મિકોનું સંઘજમણ ૨૪૦૦ ભાઈબહેનોએ કરેલું. સંવત્સરી પ્રતિક્રમણ વગેરે છેલ્લા કેટલાય વર્ષોમાં ન થઈ હોય તેવી ભવ્ય આરાધના થઈ. એમાં પ્રતિક્રમણનો રહસ્યાર્થ તથા પ્રત્યેક ક્રિયાનો હેતુ સમજાવવાથી સૌને માટે જિંદગીમાં આવું પ્રતિક્રમણ પહેલું અને અનોખું હતું. કાલીયાવાડી, સીસોદરા વગેરેના જિનાલયોની ચૈત્ય પરીપાટી નીકળેલ. પર્યુષણ બાદ પણ રોજના તેમજ જાહેર પ્રવચનો શ્રોતાઓની સંખ્યા સારા પ્રમાણમાં રહે છે. રાત્રે તત્ત્વજ્ઞાનના વર્ગમાં અષ્ટાંગ યોગ ચૌદ ગુણ સ્થાનકમાં આત્મ વિકાસનો ક્રમ અમૃતવેલની સજ્ઝાયનું રહસ્ય વગેરે વિષયો પર વિવેચનમાં અપૂર્વ રસ રેલાય છે. પૂ. ગણિવર્યશ્રીના વિનીત શિષ્ય પૂ. મુનિરાજશ્રી રાજરત્ન વિ.મ.ની સિદ્ધિતપની સમતા સ્વાધ્યાય તથા જપ સાથે નિર્વિઘ્ને પૂર્ણ થતી આરાધના નિમિત્તે શ્રી વીસસ્થાનક મહાપૂજન સહિત પંચાહ્નિકા મહોત્સવ શાશ્વતી ઓળીમાં ચાલી રહ્યો છે. મહાપર્વની સુખદ આરાધનાને નવસારી શ્રી જૈન સંઘના શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પેઢીના વહીવટકર્તાઓએ તા. ૨૦-૯-૭૭ના 'ગુજરાત મિત્ર' દૈનિકમાં નીચે પ્રમાણે ચકાવેલી.

'ગુજરાત મિત્ર'ના તા. ૨૦-૯-૭૭ અંકમાં નવસારીમાં પૂ. ગણિવર્ય **મિત્રાનંદવિજયજી** મ.શ્રીની પુનિત નિશ્રામાં અનુપમ કોટીની આરાધનાપૂર્વક પર્વાધિરાજ પર્યુષણા મહાપર્વ ઉજવાયા હતા.

શ્રી નવસારી જૈન સંઘની આગ્રહભરી વિનંતીથી ચાતુર્માસ પધારેલ પૂ. ગણિવર્ય શ્રી મિત્રાનંદ વિ. તથા પૂ. હેમરત્ન વિ. આદિ ઠાણા ૬ તથા પૂજ્ય સાધ્વીજી કલ્પલતાશ્રીજી મ.પૂ. સા. દિવ્યયશાશ્રીજી મ. આદિ ઠાણા ૩ આદિની નિશ્રામાં શ્રા.વ. ૧૨ શનિવારથી શરૂ થયેલ પર્યુષણ પર્વ ભાદરવા સુ. ૪ ને શનિવાર તા. ૧૭-૯-૭૭ નાં રોજ નિર્વિઘ્ને સકળ સંઘમાં ઉત્સાહ અને આનંદપૂર્વક પૂર્ણ થયેલ છે.

શ્રી સંઘમાં માસક્ષમણ-૩૦ ઉપવાસ-૧૦ ઉપવાસ-૯ ઉપવાસ અઠ્ઠાઈ તથા અઠ્ઠમ તપની આરાધના ઉલ્લાસપૂર્વક થઈ હતી. તા. ૧૭-૯-૭૭ શનિવારે જૈન વાડી મધુમતીમાં પૂ. ગણિવર્ય ભગવંતે બારસા સૂત્રનું વાંચન કરેલું. જેનું શ્રવણ કરવા અભૂતપૂર્વ મેદની ઉમટેલ, સાંજે ૩-૩૦ કલાકે સંવત્સરી પ્રતિક્રમણમાં લગભગ

૨૪૦૦ ભાઈ-બહેનોએ હાજરી આપી પરસ્પર અંતરથી ક્ષમાપના આપી હતી.

ભાદરવા સુદ ૬ ને રવિવારે તપસ્વીઓની શોભાયાત્રાનો વરઘોડો નીકળ્યો હતો. પ્રભુજી ચાંદીના રથમાં બિરાજમાન હતા. ચતુર્વિધ સંઘ સાથેના આ યાદગાર વરઘોડામાં મોટો સમુદાય ઉમટ્યો હતો. વરઘોડા બાદ જૈન વાડીમાં શ્રીસંઘ તરફથી સંઘજમણ યોજવામાં આવેલ. જેનો લાભ નવસારી-કાલીયાવાડી-નવસારી સ્ટેશન-જલાલપુર તથા આજુબાજુનાં ગામોના સાધર્મિક ભાઈ-બહેનોએ લીધો હતો.

પેઢીના વહીવટકર્તાઓએ સમસ્ત શ્રીસંઘને "મિચ્છામિ દુક્કડમ્" અંતઃકરણપૂર્વક પાઠવેલ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૬,અંક-૧૧,તા.૧૨-૧૧-૧૯૭૭

● **માલેગામ :** અત્રે પરમ પૂજ્ય પ્રભાવક પ્રવચનકાર આચાર્યભગવંત શ્રીમદ્ **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની** પાવન નિશ્રામાં અત્રે ધર્મારાધનાનાં પૂર ઉમટ્યા છે... તેઓશ્રીની વર્ધમાનતપની ૧૦૭મી ઓળીની નિર્વિઘ્ન થતી સમાપ્તિ નિમિત્તે શ્રીસંઘ તરફથી ૩૬ છોડના ઉદ્યાપન સાથે શ્રી નવપદજી મહાપૂજન સહિત પંચાહ્નિકા મહોત્સવ ઉજવવાનું નક્કી થયું. તે નિમિત્તે શ્રીસંઘ તરફથી આમંત્રણ પત્રિકા નીકળેલી જેમાં આ પણ જણાવવામાં આવ્યું હતું કે-

"રોજના તેઓશ્રીના ત્યાગ-વૈરાગ્ય ઝરતા પ્રવચનોએ અમારા સંઘની સુસ્તી ઉડાડી દીધી. તેમાંય અષાઢ વદ-૧૦થી તેઓશ્રીએ વર્ધમાનતપની ૧૦૭મી ઓળીનો પ્રારંભ કર્યો. છેલ્લા ૩-૪ વરસથી પોતાની નાદુરસ્ત તબિયતના કારણે તેઓશ્રી ઓળી કરી શક્યા નહોતા પરંતુ અમારા સંઘના પ્રબલ પુણ્યોદયે તથા શાસનદેવની કૃપાથી આ ઓળી તેઓશ્રીને ખૂબ જ સુખપૂર્વક પૂર્ણ થવા આવી છે. સાથે સંઘમાં ૧૬ માસક્ષમણ ૮ શ્રેણિતપ ૨૨ સોલઉપ. ૭૬ અઠ્ઠાઈ આદિ તપ થયાં.

આવી પ્રખર તપશ્ચર્યામાં પણ દૈનિક પ્રવચન ઉપરાંત ચતુર્વિધ સંઘને પંચસૂત્ર તથા આચારાંગ સૂત્રની અપાતી વાચનાઓ, તે સિવાય શાસનના અનેકવિધ કાર્યોમાં રત આ પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવે અમારી પ્રમાદી ગણાતી ધરતી પણ ચેતનવંતી બની ગઈ.

૧૧૦ જેટલા શિષ્યોનાં ગુરુપદે હોવા છતાં બિલકુલ સાદું જીવન, ટાપટીપ વિનાનાં કપડા, તપ-ત્યાગ ભરપૂર જીવન, નિર્દોષ તન્મયતા, સંયમના કડક આગ્રહી, બહિર્મુખ વૃત્તિ સામેની કટ્ટર દુશ્મનાવટ, અપ્રમત્તતા સાથેની જબરદસ્ત પ્રીતિ,



સંયમ જીવનના સારને જ પ્રગટ કરતી વાચનાનું દાન, સંઘ પ્રત્યેનું અપાર વાત્સલ્ય, સ્વાત્માની અદ્ભુત વિશુદ્ધિ, ક્રિયા પ્રત્યેની સ્વાભાવિક રુચિ, સ્વાધ્યાયમાં ઓતપ્રોત બની જવાની સુંદર કલા, ગુરુકૃપાના અજોડ સ્વામી, જિનાજ્ઞાનુસાર જીવન જીવવાની પ્રબળ ઈચ્છા, ઓછું બોલીને ઘણું કરી જવાની જહેમત, જબરદસ્ત નિર્લોભવૃત્તિ, આશ્રિતોને આગળ વધારવાની તીવ્ર તમન્ના... ઈત્યાદિ અનેક ગુણોથી ભરેલા આ મહાપુરુષની ૧૦૭મી ઓળી નિર્વિઘ્ને સમાપ્ત થઈ રહી છે તથા પૂજ્યપાદશ્રીના તપસ્વી શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મહારાજ કે જેમણે નાદુરસ્ત તબિયતમાં આ વખતે માસક્ષમણની ઉગ્ર તપશ્ચર્યા કરી તેઓશ્રીનાં વિનયી શિષ્યરત્ન પૂજ્ય મુનિરાજશ્રી વરબોધિવિજયજી મહારાજે ભાદરવા મહિનાના ધૂમતાપમાં માસક્ષમણની ઉગ્ર તપશ્ચર્યાનો પ્રારંભ કર્યો."

...ઈત્યાદિ તેમાં ય સંસારીપણામાં B.Com થઈ C.A. ની પ્રેકટીશ કરતાં કરતાં વૈરાગી બની ચારિત્રનો સ્વીકાર કરનાર આ પૂ.મુ.શ્રી વરબોધિ વિ.મ.નાં માસક્ષમણની તપશ્ચર્યા ખૂબ જ અનુમોદનીય બની રહી. ભાદરવા મહિનાનો ધૂમ તાપ છતાં આ પૂ. મુનિવર આખો દિવસ ટેકો દીધા વિનાં જાપ તથા સ્વાધ્યાયમાં લીન રહેતા. દિવસે પ્રાયઃ સૂવાનું નહિ... આવશ્યક ક્રિયા છેક છેલ્લા દિવસ સુધી ઊભા ઊભા કરતાં...તેમને જોઈને ભલભલાનાં મસ્તક અનુમોદનાથી ઝૂકી જતા. આ જ પૂ. મુનિવરના ગુરુદેવ તપસ્વી શ્રી મણિપ્રભવિજયજી કે જેઓ સારા ય સમુદાયમાં ખાખી-બંગાળી તરીકે પ્રસિદ્ધ પામ્યા છે તેમને માસક્ષમણ ઉપર લાગલાગટ જ ૪૦ આયંબિલ થયેલ, તેમને તથા પૂ.મુ. શ્રી ચંદનવિ. મ. કે જેમણે ચત્તારિ-અટ્ઠ-દસની તપશ્ચર્યામાંના ૧૦ ઉપવાસ શરૂ કરેલા. તેમને પણ આસો વ. પ્રથમ એકમનાં પારણું આવતું હતું... તે નિમિત્તે શરૂ થયેલા મહોત્સવમાં ખાસ વિનંતીથી વલસાડથી પધારેલા બાલગાંધર્વ શ્રી હિમાંશુકુમારે (ઉં. વર્ષ ૧૩) પૂજા અને ભાવનામાં કોઈ અનેરી રમઝટ જમાવી. શાસ્ત્રીય સંગીત પરનો તેમનો અસાધારણ કાબૂ અને બુલંદ આલાપભર્યો સૂરીલો કંઠ ભલભલાને ચકિત કરી દેતો હતો. અને વચ્ચે એક દિવસ સંગમનેરથી પધારેલ મંડળે પણ સહુને ભક્તિરસમાં તરબોળ કરી દીધા... આસો સુદ-૧૪ના દિવસે અત્રેના રાજસ્થાની જૈન સમાજ તરફથી ઉપધાન તપની શરૂઆત મંગળમય વાતાવરણમાં થઈ... આસો સુદ-૧૫ના રોજ શ્રી નવપદજી મહાપૂજન ભણાવાયું. તે દિવસે સવારના વ્યાખ્યાનમાં પૂજ્ય આચાર્ય ભગવંતે સાધારણ ખાતાની કાયમી તિથિ માટે પ્રેરણા કરતાં ૩૫૦ રૂ.ની એક એવી લગભગ ૭૫ જેટલી તિથિઓ લખાઈ ગઈ... વ. ૧ના રોજ સવારના ૬-૧૫ વાગે પૂજ્યશ્રી ચતુર્વિધ સંઘ સાથે વાજતેગાજતે માસક્ષમણના તપસ્વી મુનિવરના સંસારીપણે પિતાશ્રી

કે જેમના તરફથી નવપદજીની ઓળીના આરાધકોને પારણા હતા. તેમના નિવાસસ્થાને પધાર્યાં. સુ. ૧૫ના રોજ તેમના તરફથી વ્યાખ્યાનમાં સંઘપૂજન થયેલું... તે આજે પણ તેમણે પ્રભાવના કરી. પારણા પર બહારગામથી મહેમાનો પણ સારી એવી સંખ્યામાં પધારેલા. આજે વ્યાખ્યાનમાં દાનધર્મના વર્ણનમાં શ્રી સિદ્ધાચલજી જીર્ણોદ્ધારનો બાહડમંત્રી-ભીમા કુલડિયાનું રોચક દૃષ્ટાંત જમાવી અથાગ મહિમા વર્ણવતાં પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી શ્રી સિદ્ધાચલજીની ટૂંકરૂપ શ્રી હસ્તગિરિના ચાલી રહેલ ઉદ્ધારમાં આપણો એક નાનો પાષાણ પણ વપરાય એ અનંતાનંત મુનિઓને મોક્ષે મોકલનાર શ્રી સિદ્ધગિરિની અનુપમ ભક્તિરૂપ બને અને મહાપાપ ક્ષય અને અથાગ પુણ્યાનુબંધી પુણ્યનો લાભ કરાવનાર બને વગેરે વર્ણન કર્યા બાદ શ્રી હસ્તગિરિ તીર્થોદ્ધાર કમિટી વતી શ્રી નરેન્દ્ર કામદાર તથા શ્રી કાન્તિભાઈ પટણીએ સંઘને અપીલ કરી ટીપ કરતાં છ એકડાની રકમ નોંધાઈ ગઈ. ઝરિયાના શેઠશ્રી દેવશીભાઈએ પોતાના કુટુંબના કુલ ૧૩ સભ્યની દરેકની વતી હજાર હજારની રકમ તથા દેવદ્રવ્યમાંથી પૂર્વના ૨૬ ઉપરાંત ૨૫ હજારની રકમ નોંધાવી. મુંબઈમાં શ્રી ગિરીશકુમાર ભણસાલી પણ પોતાના-કુટુંબના કુલ છ સભ્ય વતી દરેકની ૧-૧ હજારની રકમ નોંધાવી.

## ● નવસારીમાં ધાર્મિક પ્રસંગોની હારમાળા ●

પર્યુષણ બાદ ચૈત્યપરિપાટી-સ્નાત્રમહોત્સવમાં અમદાવાદથી અખિલ ભારતીય સંસ્કૃતિરક્ષક દળના સરસેનાધિપતિ આવતાં અનેરો રંગ આવ્યો.

પૂ. મુનિરાજશ્રી રાજરત્નવિ.મ.ને દેવગુરુના પસાયથી અખંડ જાપ સ્વાધ્યાય અને ખૂબ સમતાભાવે શ્રી સિદ્ધિતપ પૂર્ણ કર્યો. તે નિમિત્તે મહોત્સવનું આયોજન થયું. સકલસંઘમાં અનેરો ઉલ્લાસ રહ્યો. ધુલિયાથી આવેલ શ્રી જગદ્ગુરુ જૈનયુવક મંડળે તથા છાણીથી આવેલા શ્રી શાંતિજિનભક્તિ સેવા સંઘે પૂજાભાવનામાં અદ્ભુત ભક્તિરસ રેલાવ્યો. તપસ્વી મુનિશ્રીના સંસારી પિતાશ્રી તરફથી ભવ્ય ચૈત્યપરિપાટી સંઘપૂજા તથા અંતરાયકર્મ નિવારણની પૂજાનું આયોજન થયું. મહેતા મનુભાઈ ત્રિકમલાલ (વીરસૈનિકોના સરસેનાધિપતિ)ને ત્યાં પારણા દિવસે ચતુર્વિધ સંઘની વિશાલ સંઘની પધરામણી થઈ જ્ઞાનપૂજન, ગુરુપૂજન, સંઘપૂજનનો સુંદર લાભ લેવાયો.

## ● શ્રી ઉપધાન તપની આરાધના માટે પધારો ●

બોરસદ મુકામે પૂ. ગણિવર્યશ્રી મિત્રાનંદવિજયજી મહારાજની શુભનિશ્રામાં તેઓશ્રીના ઉપદેશથી પરમ પૂજ્ય પરમ તપોનિધિ આચાર્યભગવંત શ્રીમદ્ **વિજય**



**ભુવનભાનુસૂરીશ્વરજી મ૦ સા૦** ના મંગલમય અનંત આશીર્વાદ પામી તવરી(રાજસ્થાન) નિવાસી શા. કુમારપાળ અમીચંદજી તરફથી શ્રી ઉપધાનતપની મહામંગલકારી આરાધના થશે. આરાધના કરવા પધારો. માળાવાળાને પહેલા લેવાશે. નામો નીચેના સરનામે લખાવો. સ્વીકૃતિ પત્ર મેળવો.

આરાધનાના શુભ મુહૂર્તો કરુણાસાગર ગચ્છાધિપતિ વ્યાખ્યાન વાચસ્પતિ પરમ શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્ય ભગવંત તરફથી નીચે મુજબ પ્રાપ્ત થયા છે.

પ્રથમ મુહૂર્ત સં. ૨૦૩૪ પોષ સુદ-૮
દ્વિતીય મુહૂર્ત સં. ૨૦૩૪ પોષ સુદ-૧૦
માળા મુહૂર્ત સં. ૨૦૩૪ મહા વદ-૧૨

**To, શા. કુમારપાળ અમીચંદજી**
ગૌતમ ટોબેકો કંપની, સ્ટેશન રોડ, બોરસદ, વાયા આણંદ-જિ. ખેડા.

## ● એક અમુલો પુણ્ય અવસર ●

આ. સુદ-૧૪ના સુમંગલ દિવસે પૂ.પાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.** ની નિર્વિઘ્ને પૂર્ણ થતી વર્ધમાન આયંબિલ તપની ૧૦૭મી ઓળીના છેલ્લા આયંબિલ નવસારી વ્યાખ્યાનમાં વિરાટ માનવમેદની વચ્ચે તેઓના ભવ્ય ગુણાનુવાદ પૂ. ગણિવરશ્રીએ તથા સુંદર વ્યાખ્યાનકાર મુનિવરશ્રી હેમરત્નવિજયજીએ કરી પૂ. ગુરુદેવ પર અનેરો અહોભાગ્ય જગાડ્યો હતો. સૌની આંખો ભીની થઈ ગઈ અને મન-મસ્તક તપોમૂર્તિ સૂરીશ્વરજીના ચરણે નમી પડ્યા અકાળે જ્ઞાન, ચારિત્ર, અપ્રમત્તતા, સાદાઈ તપ-ત્યાગ નિર્દોષભિક્ષાચર્યા, વૈરાગ્યરસભર્યા પ્રવચનો, વગેરે અનેક મૌલિક ગુણોના શ્રવણથી સભાને ધન્યતા અનુભવાતી હોય તેમ લાગતું હતું. છાણીના મંડળે પૂજ્યશ્રીનું ગીત ખૂબ ભાવવાહી રીતે ગાઈ સભાને ઝીલાવ્યું.

શાશ્વતી ઓળીમાં ૧૭૫ આરાધકો છે. નવપદજપના મહિમા પરના તથા સમરાદિત્યના ૪થા ભવમાં અંતર્ગત યશોધર રાજાના ૯ ભવના પ્રવચનમાં શ્રોતાઓ રસતરબોળ બને છે. એક એક ભવની રોમાંચક ઘટનાઓ અદ્ભુત વૈરાગ્યભરી શૈલીમાં વર્ણવાય છે. સભામાં કર્મના નાટકને સાક્ષાત્ બતાવી દેતા આ પ્રસંગોને સાંભળી સીસકારના સૂર નીકળે છે અને ૨ દૈત્ય ચરિત્રના ભવ પૂર્ણ કરવા માગણી થતી રહે છે.

● **જામનગર :** અત્રે શાન્તિભુવનમાં પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજે

ઓળીના વ્યાખ્યાનમાં તપપદનાં ગુણ ગાતાં માલેગામમાં બિરાજમાન પૂ. આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.ની વર્ધમાન આંબેલતપ ૧૦૭મી ઓળી તથા પૂ.મુ. શ્રી વરબોધિવિજયજી મ.ના માસક્ષમણની સુંદર અનુમોદના કરી. અનુમોદના નિમિત્તે સભામાં આયંબિલોનાં નિયમ લેવાયા, અને શ્રી હરસુખભાઈ ફોફરિયા ગ્રુપ તરફથી નવપદ આરાધકોને 'આહાર શુદ્ધિ પ્રકાશ' પુસ્તક ભેટ અપાશે. આ પુસ્તક વાંચીને જૈનેતરો પણ કંદમૂળ-ત્યાગ રાત્રિભોજન ત્યાગ કરે છે.

અત્રે પ્લોટમાં પૂ.મુ. શ્રી પ્રભાકરવિજયજી મ.ને વર્ધ. આયં. ૬૮મી ઓળી ચાલુ છે. અને એમણે ધર્મની રંગરેલ વહેવડાવે છે. એમની નિશ્રામાં આ.સુ. ૧૪ ધામધૂમથી ઉપધાનતપ-પ્રારંભ થયો. શાંતિભુવનથી પૂ.મુ. શ્રી રાજેન્દ્રવિજયજી મ. પધારેલ અને સંઘના અતિ આગ્રહથી અત્રે રોકાઈ લાભ આપશે.

• **પાટડી :** પૂ.સ્વ. પરમ ગુરુદેવ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાન-સૂરીશ્વરજી મ.સા.ની અગ્નિસંસ્કારભૂમિના સ્તુપનો પુનરુદ્ધાર થાય છે. પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.ના તપસ્વી શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મ.સા.ના ઉપદેશથી રૂા. ૧૫૦૦૧ એક સંઘ તરફથી મળ્યા છે. પૂ.આ.મ. ત્રિલોચનસૂરીશ્વરજી મ. પૂ.આ.મ. સુદર્શનસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી સારી રકમો આવી. શેઠ જીવતલાલ પ્રતાપશી હસ્તકના શાંતિદાસ ખેતસી ટ્રસ્ટમાંથી રૂા. ૧૦૦૧, મળ્યા છે. સૌ ભાવિકોને નમ્ર વિનંતી છે કે નીચેના સરનામે આમાં લાભ લેવા નીચેના સરનામે ડ્રાફટથી યોગ્ય રકમ મોકલશો. પૂ. ગણિવર્યશ્રી મિત્રાનંદ વિ. મ.ના માર્ગદર્શન મુજબ કામકાજ ચાલી રહ્યું છે.

**પાટડી શ્રાવક મહાજન**

**C/o., દલસુખભાઈ ધરમશીભાઈ ૬૯, પાટડી (વાયા વિરમગામ)**

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** વર્ષ-૨૬,અંક-૧૩,તા.૨૬-૧૧-૧૯૭૭

• **ગોરેગાંવ (મુંબઈ) :** અત્રે પૂ.મુ. શ્રી વિશ્વાનંદવિજયજી મ.ની પ્રેરણાથી આંચલગચ્છ ઉપાશ્રયમાં શેઠ ચીનુભાઈ નગીનદાસ કડીવાળા તરફથી શ્રી પાવાપુંરીજીની અને શેઠ રસિકલાલ બાલચંદ તરફથી શ્રી ગૌતમસ્વામી કેવળજ્ઞાનની રંગોળી રચના ડભોઈવાળા કલાકાર શ્રી રમણિકલાલે કરેલી તે જોવા જૈન જૈનેતરોનો અખંડ પ્રવાહ ચાલુ રહ્યો. એમાં વળી એની સામે પટેલ સ્કૂલમાં રંગોળીપ્રદર્શન યોજાયેલ, તેમાં જુદા જુદા કલાકારોની કૃતિઓ હતી, તે જોઈ જોઈ અત્રે જોવા આવેલા જૈનેતરોના માથાં હલી ઊઠ્યાં, બોલતા કે જૈનોની રંગોળીની તોલે પ્રદર્શનમાં કોઈ જ રંગોળી નથી. પૂ. મહારાજશ્રીની નિશ્રામાં શ્રી ચિંતામણિ સંઘે ધાર્મિક શિક્ષણ શિબિર યોજેલી તેનો આજની નવી પ્રજા પર ભવ્ય પ્રભાવ જોઈ એક સપ્તાહ શિબિર લંબાવી કુલ ૧૮ દિવસની કરી. સવારે ૮ થી ૧૦ બપોરે ૨ થી ૪ વિદ્યાર્થીઓને માર્ગાનુસારીજીવન, શ્રી મહાવીર ૨૭ ભવ ચરિત્ર, ચૈત્યવંદન વગેરેનું શિક્ષણ અપાયું છે. રોજ નાસ્તાથી ભક્તિ કરાય છે. ૧૦ વિદ્યાર્થીઓએ છઠ કરેલ. એમને પૂજાની જોડ, છક્કવાળી પાઠશાળામાં બાળિકાઓને દરેકને રૂા. ૨૧, તેમજ પરીક્ષામાં ઈનામો અંગે રૂા. ૨૫૦૦ એકત્રિત થયેલ છે.

• **મુંબઈ :** અત્રે લાલબાગમાં પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મહારાજની નિશ્રામાં ૧૦૦-૧૨૫ વિદ્યાર્થીઓની ધાર્મિક શિક્ષા શિબિર સુંદર ચાલી રહી છે. આજે ઘરમાં કે શાળામાં કશું જ જૈનતત્ત્વજ્ઞાન-જૈનાચાર વગેરે નહિ પાળતાને આવી શિબિરમાં એ વિદ્વાન મુનિમહારાજના મુખેથી સુંદર મળી રહે છે. આ મુનિરાજની નિશ્રામાં કા. વદ-૫ થી ચંદનબાળામાં ઉપધાન થવાની વકી છે.

• **પાદરુ અને માંડવલા :** અત્રે પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મ. તથા પૂ.મુ. શ્રી ગુણરત્નવિજયજી મ.ની નિશ્રામાં ઉપધાન સુંદર ચાલી રહેલ છે. પાદરુમાં પણ એક ૮-૯ વર્ષનો બાળ અને બાળિકા પણ ઉપધાનમાં છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** વર્ષ-૨૬,અંક-૧૪/૧૫,તા.૩/૧૦-૧૨-૧૯૭૭

## માનવતા આપણને ઊંચે સાદે બોલાવી રહી છે

### જૈનો આંધ્ર પ્રદેશના આફતગ્રસ્ત વિસ્તારોમાં સહાયકાર્ય અર્થે

આંધ્રપ્રદેશ પર પ્રકૃતિનો વિનાશક પંજો પડતાં હજારો માનવી કાળનો કોળીયો થઈ ગયા. રીસ અને રોષે ભરાયેલ પ્રકૃતિએ પ્રજા, પશુ અને પંખીઓનાં જીવન પીંખી નાખ્યાં. કરોડોની સંપત્તિનો સર્વનાશ થયો. મૃતદેહોના ગંજ ખડકાયા. આજે કાદવ કીચડમાં કોઈની લાશ ગંધાઈ છે તો કોઈની ચુંદડી અને ચાંલ્લો ચોળાયો છે. મકાનો અને દુકાનો ધરાશયી થઈ. તો બાળકો નિરાધાર બન્યા. હસતાં હૈયા અને પ્રસન્ન પ્રજા અને પ્રદેશ સ્મશાનવત બની રહ્યા. સર્વત્ર વેદના, વ્યથા, આહ અને આંસુ રેલાઈ રહ્યા છે.

દેશની આંખમાં આજે આંસુ છે. અંતરમાં આહ, હાથ પગમાં હામ કે જોમ જણાતું નથી. સર્વત્ર મૃત્યુનો ઘેરો વિષાદ વ્યાપી ગયો છે. અંતર વલોવાઈ જાય

તેવા સમાચાર છે. આત્મા આક્રંદ કરે તેવા બેહાલ છે માનવતા આપણને ઊંચે સાદે બોલાવી રહી છે. આજે આપણે ઉદાસીન ન રહી શકીએ.

'વર્ધમાન સેવા કેન્દ્ર' મુંબઈ એ તેના યુવાન કાર્યકર્તાઓ સાથે મોખરાના અસરગ્રસ્ત વિસ્તારોમાં જાતે પહોંચી ગયા છીએ. જૈન સંઘના પૂજ્ય આચાર્યો અને મુનિ ભગવંતો સહિત અનુકંપાથી કંપિત થઈ અનેક મિત્રોએ આશીર્વાદ અમને આપ્યા છે. એ અમારી તાકાત છે.

સહાય કરવા ઇચ્છા સૌ કોઈ સત્વર સંપર્ક સાધો.

**કુમારપાળ વિ. શાહ વર્ધમાન સેવા કેન્દ્ર,**
**૬૮ ગુલાલવાડી, ત્રીજે માળે, મુંબઈ-૪. ટે.નં. ૩૪૮૫૫૩, ૩૩૦૫૪૯**
તા.ક. સંસ્થા ઇન્કમટેક્ષ માફીપત્ર પણ ધરાવે છે.

● **ડીસા :** અત્રે પૂ. ગણિવર શ્રી જિનપ્રભવિજયજી મ.ની નિશ્રામાં ૪૩૩ જણનો ભવ્ય ઉપધાનતપ શરૂ થયેલ હવે પૂર્ણ થવા આવ્યો છે. પૂજ્યશ્રીની વૈરાગ્યભીની વાણીથી આરાધકોમાં ધર્મભાવના ખૂબ વધી, વ્રત નિયમો થયા. હવે કા.વ. ૧૧ બુધવારે ૨૮૫ જણના માળારોપણનો ઉત્સવ ચાલી રહ્યો છે. ૪૧ છોડનું ઉજમણું કા.વ. ૫ થી ખુલ્લું મુકાશે.

● **માંડવલા :** પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મહારાજની નિશ્રામાં અત્રે ચાલી રહેલ લગભગ પોણા ત્રણસો આરાધકોના ઉપધાનમાં દોઢસો ઉપર આરાધકોની મા.સુ. ૩ માળારોપણનો ભવ્ય મહોત્સવ આયોજાઈ રહ્યો છે. માગશર સુદ-૬ મુમુક્ષુ યુવાન જયંતીલાલભાઈની દીક્ષાનો પણ ભવ્ય પ્રસંગ ઉજવાશે. તે પછી પૂજ્યશ્રીની નિશ્રામાં રોહિડામાં ઉપધાન તપની આરાધનાનું નક્કી થયું છે.

● **પાદરુ :** અત્રે પૂ. તપસ્વી મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મ.ની નિશ્રામાં ઉપધાન તપની ભવ્ય આરાધના ચાલી રહેલ છે. હવે માળારોપણનો ભવ્ય મહોત્સવ શરૂ થનાર છે. ચાતુર્માસમાં અલૌકિક તપસ્યાઓ વગેરે થવાથી અત્રે સંઘમાં ધર્મનો રંગ અને ઇતરોમાં શાસન પ્રભાવના અભૂતપૂર્વ થઈ.

● **બોરસદ :** અત્રે પૂ. ગણિવર્યશ્રી મિત્રાનંદવિજયજી મ.ની નિશ્રામાં પોષ માસમાં ઉપધાન તપ શરૂ થવાની તૈયારીઓ ચાલી રહી છે. પૂજ્યશ્રી નવસારીમાં સંઘમાં પોતાના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી સાથે અકલ્પનીય આરાધના અને ધર્મ રંગ જગાવી, હવે સુરતથી પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં નીકળેલ યાત્રા સંઘમાં બોરસદ તરફ પધારી રહ્યા છે.



● **મુંબઈ :** અત્રે પ્રખર વ્યાખ્યાતા પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજે શ્રીપાળનગર ચોમાસામાં ખાસ કરીને યુવાનોને ધર્મનું ભારે ઘેલું લગાડી દીધું. સાત વાગે ઊઠનારા નબીરાઓ પૂજ્યશ્રીના સવારના સંવેદન તથા તત્ત્વજ્ઞાનના પ્રવચનમાં ૧૦૦૦-૧૫૦૦ની સંખ્યામાં પ્રભાતે પા। વાગે ઊઠીને આવી બેસી જતા. રવિવારનાં રામાયણના જાહેર પ્રવચનોમાં તો લગભગ ૮૦૦૦ની સંખ્યા થતી. સેંકડો યુવાન, યુવતીઓએ વર્તમાન યુગના પાપે થયેલા પોતાનાં કાળાં જીવનને ઉજ્જવળ કર્યા. કાળા પાપોના ઇકરારનાં અને બચાવી લેવાની કાકલૂદીભરી અરજીનાં ઢગલાબંધ પત્રો પૂજ્યશ્રી પાસે ખડકાવા લાગ્યા. છેલ્લા જાહેર પ્રવચનમાં પૂજ્યશ્રીએ અમદાવાદ-ગાંધીનગરની વચ્ચેના પ્લોટ પર વિશાળકાય સંસ્કૃતિ વિદ્યાલયની અને એમાં શાસન સુભટો, કુળદીપકો, વગેરે પકવવાની વિરાટ યોજના મૂકી, અને સંઘે એને ઝીલી લીધી, લાખો રૂપિયાનાં સુકૃતનાં વચન અપાયાં. વ્યવસ્થાપક કમિટી નીમાઈ.

● **મલાડ :** (મુંબઈ) અત્રે જગદ્‌ગુરુ હીરસૂરીશ્વર જ્ઞાનમંદિરમાં ધર્માનુષ્ઠાન કુશળ પૂ. મુનિરાજશ્રી ચરણપ્રભવિજયજી મ.ના ઉપદેશથી ચાતુર્માસમાં વિવિધ ધર્માનુષ્ઠાનોની જ્વલંત રીતે આરાધના થઈ. અત્રેના જિનમંદિરની સાલગીરી નિમિત્તે શાન્તિસ્નાત્ર સહિત જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ભવ્ય ઉજવાયો. બધા ભગવાનને સોનાના વરખની ભારે આંગી રચાયેલ ૪૦૦૦ સાધર્મિકોનું જમણ થયું. પ્રભુજીને પધરાવવાની ઉપજ ખૂબ જ સારી થઈ. પર્યુષણમાં પહેલા ૩ દિવસ બપોરે પણ વ્યાખ્યાન થતા એમાં જગદ્‌ગુરુ હીરસૂરીશ્વરજી મ.નું જીવન ચરિત્ર અને અંતિમ આરાધનાદિના પ્રસંગો વર્ણવાતાં સભાની આંખોમાં આંસુના તોરણ બંધાયેલ. એવું જ કલ્પસૂત્રના વ્યાખ્યાનોમાં ઉપસર્ગ-ગૌતમ-વિલાપ તેમજ સ્થવિરાવલિના અંતે તાતપાદ સ્વ. આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ના ઉપકારોની સ્મૃતિ વર્ણવાતાં બનેલ. ઉપજ હરસાલ કરતાં ઘણી સારી થઈ. સંવત્સરીના દિને ૧૨૦૦૦ ફૂલની ભવ્ય આંગી થઈ. ૨ માસખમણ ૨ સિદ્ધિતપ ૨ સોલ ૩૪ અઠ્ઠાઈઓ વગેરે ભરપૂર તપસ્યાઓ થયેલ. પારણે રથયાત્રાનો વરઘોડો ૨ બેન્ડ સાથે સુંદર ચડેલ સાધર્મિક-વાત્સલ્ય સુંદર થયેલ. ૨ રવિવાર મલાડના બધા મંદિરોએ ભવ્ય ચૈત્યપરિપાટી ઉજવાઈ. એકંદરે ચોમાસામાં સૌને અપૂર્વ રંગ રહી ગયો. અષ્ટાપદ આરાધના, શત્રુંજય આરાધના, વગેરે નવું જ હતું.

● **પાદરૂ નગરમાં શી ઉપધાન તપની અનુપમ આરાધના :** પૂજ્ય તપસ્વી મુનિવર શ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ આદિ ઠાણાનું અહીંનાં સંઘની સાત-સાત વર્ષની વિનંતી સ્વીકારીને ચાતુર્માસ થતાં ૧૦ માસ ખમણ, શ્રેણિતપ, ૧૯ ઉપવાસ, સંખ્યાબંધ અઠ્ઠાઈઓ, ચંદનબાલા પચરંગી આદિ વિવિધ તપશ્ચર્યા, દેવદ્રવ્ય-સાધારણ દ્રવ્યની અભૂતપૂર્વ ઉપજ, બે મહોત્સવ આદિ અનેકવિધ શાસન પ્રભાવનાઓ થવા પામી હતી. પૂજ્યશ્રીની પ્રેરણાથી સંઘ તરફથી આસો સુદ-૧૦થી ઉપધાન-તપનો શુભારંભ થતાં ૧૧૩ આરાધકોએ પ્રવેશ કર્યો હતો. જેમાં ૯૨ માળવાળા હતાં. આ ઉપધાનમાં ૯ વર્ષની બાલિકા લલિતા, ૧૨ વર્ષનાં તખતગઢનાં બાલદીક્ષાર્થી મહેન્દ્રકુમાર, પાદરૂનાં યુવાન 'દીક્ષાર્થી' પારસમલ પણ જોડાયાં હતાં. જ્ઞાન-ધ્યાન-તપશ્ચર્યા-વિવિધ પ્રતિજ્ઞાઓ સાથે ઉલ્લાસભેર આરાધનાઓ થતી હતી. સાધ્વીજી શ્રી વિમલશ્રીજી વાગડવાલા ઠાણા ૮નું પણ સાથે ચાતુર્માસ હોવાથી બહેનોમાં પણ અપૂર્વ ઉત્સાહ હતો. ૧૩ છોડનાં ઉદ્યાપન સાથે માળારોપણ મહોત્સવમાં પરમાત્માની ભવ્ય અંગરચનાઓ, કલાત્મક ઈલેક્ટ્રિક ડેકોરેશન, ચલચિત્રોની ભવ્ય રચના આદિ જોવાં માટે વિશાલ માનવ-મેદની ઊમટતી. વર્ધમાન જૈન સેવા મંડલ ઘાણેરાવ અને સ્થાનિક શ્રી સંભવ જિન સંગીત મંડલનાં બાળકોએ પ્રભુભક્તિમાં અનેરી રંગત જમાવી હતી. કુશલ ગાયક માંગીલાલનાં ગીત-સંગીતને સાંભલવાં રાતનાં હજારોની મેદની જમા થતી. ફા.વ. ૯ શાંતિસ્નાત્ર ભણાવાયું અને વદ-૧૦નાં સમસ્ત સાંજ સાથે માળારોપણનો શાનદાર વરઘોડો નીકળ્યો. રાતનાં માળની ઊછરામણી બોલાતા કલ્પના બહાર ઉપજ થઈ. પ્રથમ અને દ્વિતીય માલાનો ચઢાવો શા. પુનમચંદજી મુલતાનમલજીએ પ્રાપ્ત કર્યો. બહારગામથી પણ લગભગ ૪ હજાર મહાનુભાવો આવ્યાં હતાં. વદ-૧૧નાં અપૂર્વ ઉત્સાહ વચ્ચે માળારોપણની ક્રિયા થઈ હતી. દીક્ષાર્થી પારસમલ અને તેનાં માતા-પિતાએ આજીવન ચતુર્થ-વ્રત સ્વીકારતાં સંઘ તરફથી તેમનું બહુમાન કરાયું. પૂજ્યશ્રીની પ્રેરણાથી પાદરૂમાં, વર્ધમાન આયંબિલ ખાતાની સ્થાપના, **શ્રી પ્રેમસૂરીશ્વરજી જૈન જ્ઞાન ભંડાર**ની સ્થાપના, સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવશ્રીનો જીવન-પ્રસંગો સહિત આલીશાન ફોટો (જે ભારતભરમાં અભૂતપૂર્વ છે) આદિ અનેકવિધ કાર્ય સંસ્થાપિત થયાં છે. માગશર સુદ-૩નાં પૂજ્યશ્રીના વિહાર વખતે વિરહનું અજબ દૃશ્ય ખડું થયું. પાદરૂવાસીઓ ચોધાર આંસુએ રડી રહ્યાં હતાં. પૂજ્યશ્રીએ અંતિમ ઉપદેશ સંભળાવ્યો હતો. **મીઠોડામાં** શત્રુંજયાદિ



પટોના ૧૮ અભિષેક અને નૂતન ઉપાશ્રયનાં ઉદ્ઘાટન નિમિત્તે મહોત્સવ ઉજવાયો. ભવ્ય વરઘોડો અને સુદ-૬નાં સિદ્ધચક્ર મહાપૂજન ભવ્ય રીતે ભણાવાયું.

● **રતલામ :** પરમારાધ્યપાદ પૂ. આ.દેવ શ્રીમદ્ વિજયમુક્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજ આદિ ઠાણા સાતના અત્રે અગ્રવાલ ધર્મશાળામાં પદાર્પણ થયા બાદ ચાતુર્માસમાં એક એકથી ચઢીયાતા શુભકાર્યોની હારમાળા ચાલુ જ રહેલ છે. આ.વિ. દાન-પ્રેમ-રામચન્દ્રસૂરિ આરાધનાભવનનો ખનન પ્રસંગ શેઠશ્રી હરખચંદ કાંકરીયા હસ્તે હજારોની માનવમેદની વચ્ચે સંઘપૂજન સાથે ભવ્ય ઉજવાયો. પોતાની અતિ ઉદારતાથી આ ભવન માટે સર્વપ્રથમ માતબર રકમ નોંધાવી આરાધનાભવનના પાયાના પત્થર બનનાર કલકત્તા નિવાસી શેઠશ્રી મણિલાલ વનમાળીદાસ સંઘનાં સ્મૃતિપટમાંથી કદી નહિ નીકળી શકે. પર્યુષણા મહાપર્વમાં તપશ્ચર્યા-ચોસઠપ્રહરી પૌષધ સ્વપ્નાની ઊપજ-જન્મવાંચન-સંવત્સરી પર્વની આરાધના વગેરે પણ ખૂબ જ સુંદર થવા પામેલ, પર્યુષણાપર્વની તથા અન્ય આરાધનાઓની અનુમોદના નિમિત્તે અષ્ટાહ્નિકા મહોત્સવ તથા જન્મ મહોત્સવ સુંદર ઉજવાયો. પૂજા ભાવના માટે રાજકોટથી આવેલ શ્રી વર્ધમાન જિન સંગીત મંડળે તો એવી લોકચાહના મેળવી લીધી કે રાત્રે ભાવનામાં પાંચ પાંચ હજારની મેદની લાભ લેતી. જન્મમહોત્સવ અંગે અમદાવાદ ગજાનન દેવીદાસ ઠાકુર પધારેલા. ધર્મશાળા આગળ ચોકમાં વિશાળ મંડપમાં સ્ટેજ રાખેલ તથા મેરુપર્વત પણ બનાવેલ. રતલામના ઈતિહાસમાં આવો પ્રસંગ પહેલવહેલો હોઈ હજારોની મેદની પાંચ પાંચ કલાક સુધી એકી જગ્યાએ બેસી પ્રસંગને નિહાળી અનુમોદના કરતી રહી. ચાતુર્માસ બાદ તરત કા.વદ બીજ લગભગ નાગેશ્વર તીર્થનો છ'રી' પાળતો સંઘ નીકળ્યો.

● **મલાડ :** અત્રે પૂ.મુ. શ્રી ચરણપ્રભવિજયજી મ.ના ઉપદેશથી કા.વ. ૧૦ ભગવાન શ્રી મહાવીરસ્વામીના દીક્ષા કલ્યાણક નિમિત્તે ચૈત્યપરિપાટી, ૪૦૦-૫૦૦ જણ ખૂબ ઉત્સાહથી જોડાયા, રાતના-ધૂન, આંગી, સાધર્મિક ભક્તિ આદિ સુંદર થયું. વદ-૮ અરિહંતપદની ખીરના એકાસણા સાથે આરાધના, બૃહદ્ અરિહંતવંદના-પ્રવચન-પૂજાદિ થયેલ. પોશ દશમી પર પારણા અંતરવાયણા સાથે અઠ્ઠમ નક્કી થયેલ છે. અત્રે શેષકાળમાં પણ સંઘમાં ધર્મ ઉલ્લાસ સુંદર દેખાય છે. રાત્રે બાળકોને ધર્મકથા દ્વારા પૂજ્યશ્રી સંસ્કારસિંચન કરી રહેલ છે. આમાં તથા વ્યાખ્યાનમાં રોજ પ્રભાવના ચાલુ છે.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૬,અંક-૧૮,તા.૩૧-૧૨-૧૯૭૭

● **સિરોડી :** અત્રે પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ.ની પાસે મુમુક્ષુ યુવક શ્રી રસિકલાલની દીક્ષા માગશર સુદ-૬ ના રોજ ખૂબ ધામધૂમપૂર્વક થઈ. ત્યારે ૩૦૦૦ જૈનો ૫૦૦૦ જૈનેતરોની મેદની હશે. રજોહરણ પૂ.પં. શ્રી હર્ષવિજયજી ગણિવરના વરદહસ્તે અપાયેલ. નામ મુનિશ્રી રવિરત્નવિજયજી રાખવામાં આવ્યું. ઉપજ સુંદર થઈ.

● **ચાલીસગામ :** અત્રે સંઘમાં ૨૫ ઘરમાં પણ પાર્ટીઓ પડીને, નૂતન મંદિર માટે જગા લીધેલી છતાં, કામ ખોરંભે પડેલ. પૂ.આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ. અત્રે પધારતાં એઓશ્રીના સદુપદેશ અને શુભ પ્રેરણાથી બે દિવસ સંઘની બેઠકમાં પરસ્પરના મતભેદ-મનોભેદ દૂર કરાવ્યા, સંપ થયો, મંદિરનિર્માણ અંગે કમિટીઓ નીમાઈ, આર્ટિસ્ટ મિસ્ત્રી વેલજીભાઈ નારણદાસ જામનગરવાળાને મંદિરનું કાર્ય સોંપાયું, સંઘની બેઠકમાં મંદિર અંગે વૈયક્તિક ફાળા નોંધાતાં રૂા. ૫૦) હજાર જેવી રકમ નોંધાઈ. એમાં પૂ. મુનિરાજશ્રી દયાવિજયજી મહારાજે વ્યક્તિઓને સારો ઉત્સાહ જગાડેલો. અત્રે પૂ. ગણિવર્યશ્રી રંગવિજયજી મ. ચાતુર્માસ રહેલ અને એઓશ્રીના સદુપદેશથી કચ્છી સંઘમાં પણ ઉત્સાહ વધતાં સ્વ. પૂ. મુનિરાજશ્રી લાવણ્યવિજયજી મહારાજના નામથી જ્ઞાનભંડાર-ઉદ્‌ઘાટન, ૧૮ અભિષેક, વીસસ્થાનક પૂજન વગેરે સહિત જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ સુંદર ઉજવાયો. અત્રેથી પૂ. આચાર્યદેવશ્રી સુ. ૧૩ વિહાર કરતાં સંઘ દૂર સુધી વળાવવા ગયેલ અને માંગલિક શ્રવણથી પ્રભુ-દર્શન-પૂજાનો નિયમ લઈ પૂજ્યશ્રીને વિદાય આપતાં ગદ્‌ગદ થઈ ગયેલ.

પૂ. આચાર્યદેવશ્રીને સંઘોની આગ્રહભરી વિનંતી હોઈ પૂજ્યશ્રી પાંચોરા થઈ જલગામ માગશર વદ-૬ લગભગ પધારવા વકી છે, પોષદશમી ત્યાં કરી, આગળ અમલનેરના સ્વ. મહાન શ્રાવક મણિભાઈના નિમિત્તના જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ઉપર પોષ સુદ-૨ પધારી ત્યાંથી પછી માલેગામ પૂ.આ.શ્રી વિજયહીરસૂરીશ્વરજી મ.ની સાથે પો.સુ. ૧૦ લગભગ પ્રવેશ કરવા સંભવ છે.

● **માલેગામ :** અત્રેથી શ્રીસંઘ યેવલામાં માગશર સુદ-૧૩ શ્રી જિનબિંબ પ્રતિષ્ઠાના પ્રસંગ પર ગયેલ અને ત્યાં પધારેલ પૂ. આચાર્યદેવો શ્રી વિજયહીરસૂરીશ્વરજી મ. તથા શ્રી વિજયત્રિલોચનસૂરીશ્વરજી મ.ને માલેગામ પધારવા તથા મહા સુદ-૧૩થી મહા વદ-૧૨ સુધીના શ્રી અંજનશલાકા પ્રતિષ્ઠાનો મહોત્સવ



એઓશ્રીની પુણ્ય નિશ્રામાં ઉજવાય એ માટે આગ્રહભરી વિનંતી કરતાં પૂજ્યશ્રીએ એનો સ્વીકાર કરેલ. એ હિસાબે પૂજ્યશ્રી આગળ વિહાર લંબાવી ક્ષેત્રોને લાભ આપતાં પોષ સુદ-૧૦ લગભગ માલેગામ પધારવા સંભવ છે. માલેગામ સંઘ તરફથી જે પુણ્યશાળીઓને પોતાના જિનબિંબોની અંજનશલાકા કરાવવી હોય તેમને તરત માલેગામ શ્વે. મૂ. જૈન સંઘને જણાવવા અને મહા સુદ-૫ સુધીમાં પોતાના પ્રતિમાજી માલેગામ પહોંચાડવા નિમંત્રણ છે.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૬,અંક-૨૦,તા.૧૪-૧-૧૯૭૮

● **જામનગર :** અત્રે ૪૫, દિગ્વિજય પ્લોટમાં પૂ.મુ. શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ તથા પૂ.મુ. શ્રી પ્રભાકરવિજયજી મહારાજની નિશ્રામાં, ઉપધાન તપની માલારોપણનો પ્રસંગ ખૂબ સુંદર ઉજવાઈ ગયો. માલારોપણની ઉછામણી પણ સારી થઈ. દરેક તપસ્વીઓને ગરમ શાલ, બ્લેંકેટ, સ્ટીલનો ગ્લાસ વગેરેની પ્રભાવના સારી થઈ. ૧૧ વર્ષની ઉંમરના હિતેશથી માંડીને ૭૧ વર્ષની ઉંમરના દેવશીભાઈએ ખૂબ ઉલ્લાસપૂર્વક ઉપધાનની આરાધના કરી.

● **જલગાંવ :** અત્રે વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ માગશર વ. ૬ ના ભવ્ય સ્વાગતપૂર્વક પધાર્યા. વ્યાખ્યાનમાં સ્થાનકવાસી ભાઈઓ તથા જૈનેતરવર્ગ પણ સારી સંખ્યામાં લાભ લે છે. તેમાં ય રવિવારના દિવસે અષ્ટાપદની ભવ્ય પૂજા ભણાવાઈ. લગભગ ૪ કલાક પૂજા ચાલી. પૂજા ભણાવવા અમલનેરથી રાજસ્થાની મંડળ તથા ધુળીયાથી જગદ્‌ગુરુ જૈન યુવક મંડળ પધારેલ. પૂજાના અદ્‌ભુત ભાવોની પૂજ્યપાદ આચાર્યભગવંતશ્રીએ છણાવટ કરતાં પૂજા સાંભળનારાઓએ અનેરો આહ્‌લાદ અનુભવ્યો. બપોરના ૧ વાગ્યાથી પૂજાની સમાપ્તિ થઈ ત્યાં સુધી માણસો ખૂબ શાંતિથી બેસી રહ્યા. પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રી અત્રેથી વ. ૧૧ ના વિહાર કરી વ. ૦)) અમલનેર પહોંચવા ધારે છે. ત્યાં પોષ સુ. ૩ સુધી સ્થિરતા થવા સંભવ છે. ત્યાંથી માલેગામ પો. સુ. ૧૦ લગભગ પહોંચવા ગણતરી છે. ક્ષેત્રોની માંગ બહુ, પરંતુ માલેગામમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ તથા મંદિરમાં ચાલતા કળાત્મક કાર્ય આદિમાં માર્ગદર્શન અંગે જલદી જવાની જરૂર હોઈ થોડો લાભ આપી વિહાર ચાલુ રાખવો પડે છે.

● **ડભોઈ :** અત્રે પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજના ચાતુર્માસથી ધર્મજ્યોતિ અનેરી ઝળકી રહી. એઓશ્રીનાં તત્ત્વપૂર્ણપ્રેરક વ્યાખ્યાનો-વાંચતા

સાંભળતા વિશાળ શ્રોતાવર્ગ મંત્રમુગ્ધ બની જતો : રવિવારનાં રામાયણ પરનાં જાહેર વ્યાખ્યાનોમાં જૈનેતરો પણ ખેંચાતા, શ્રોતાઓની ચિક્કાર મેદની વિશિષ્ટ રહસ્યોદ્ઘાટનનાં શ્રવણથી પ્રભાવિત બનતી. શનિવારથી મહાપર્વની આરાધના અદ્ભુત તપસ્યાઓ વગેરે સાથે સુંદર થઈ. એમની નિશ્રામાં ભા.સુ. ૯ થી આ નિમિત્તે તથા પૂ.સા. શ્રી રંજનશ્રીજી મ. સેવાડીમાં વૈશાખમાં થયેલ સમાધિમરણ નિમિત્ત ભવ્ય મહોત્સવ થયો. સંસારિપણે શ્રી રંજનશ્રીજી સાધ્વીજી મ. સ્વ.પૂ.આ. શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મ.ના બેન થાય, ને એમણે પોતાના બે સુપુત્રો શાસનને ભેટ કરેલા જે ક્રમશઃ પૂ.આ. શ્રી વર્ધમાનસૂરીશ્વરજી મ. તથા પૂ.આ. શ્રી વિજય ચિદાનંદસૂરિ મ. થયા. પછી પોતે દીક્ષા લીધી, ને તે પછી એમના પતિ શ્રી હીરાભાઈએ પણ દીક્ષા લીધેલ. જે પૂ. મુનિરાજશ્રી પ્રિયંકરવિજયજી મ. તરીકે ૮૩ વર્ષની વયે પણ સંયમની સારી આરાધના કરી રહેલ છે. પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ. હાલ વડોદરામાં સુંદર શાસનપ્રભાવક પ્રવચનો આપી રહેલ છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૬,અંક-૨૨,તા.૨૮-૧-૧૯૭૮

● **અમલનેર :** પૂ.આ. શ્રી વિજયત્રિલોચનસૂરીશ્વરજી મ. અત્રે સ્વ. મણિલાલ મોહનલાલના નિમિત્તના જિનેન્દ્ર ભક્તિ ઉત્સવ પર પધારી રહ્યા હતા, ને અમાસ સવારે બે એક માઈલ દૂર સડકના કિનારે ચાલી રહ્યા હતા. એટલામાં એક ટેક્ષીએ ટક્કરમાં લીધા, ભાગ્યયોગે મોટરનું બંપર જોરથી પગે ટકરાતાં એઓશ્રી દૂર ફેંકાઈ ગયા ને વધુ અકસ્માતથી બચી ગયા, પરંતુ પગે ફ્રેક્ચર થઈ ગયું. એઓશ્રીને અત્રે લાવવામાં આવ્યા, અને સર્જન ડૉ. કિરણભાઈ તથા ડૉ. બિપીનભાઈ ખડે પગે સેવામાં રહ્યા. ધુળિયાથી સર્જન ડૉ. બોલાવવામાં આવ્યા, ડૉ. કિરણના પોતાના દવાખાનામાં એક્સ-રે લીધો, પછી ઓપરેશન કરી ડાબા પગની પીંડીના હાડકામાં વચ્ચે ત્રણ કટકા થયેલા. તેનો સાંધો કરીને પ્લાસ્ટર કરવામાં આવ્યું છે. ત્રણ માસ સૂતા રહેવું પડશે. પછી બીજા એક્સ-રે લેતાં બીજા મોટા ફ્રેક્ચર જણાયા નથી. હાલ પૂજ્યશ્રીને શેઠશ્રી મિશ્રીલાલના બંગલામાં જ રાખવામાં આવ્યા છે. એઓશ્રી આવા ભયંકર અકસ્માતમાં પણ ખૂબ જ સમાધિમાં રહેલ છે. પૂ.આ. શ્રી વિજયભુવનભાનુસૂરિ મ. પણ કુદરતી વદ-૧૪ અત્રે પધારી ગયેલ. એઓશ્રી તથા ગણિ શ્રી રંગવિજયજી મ. આદિએ સારું સંભળાવવાનું રાખેલ. હાલ પૂજ્યશ્રીની સેવામાં અત્રે જ રોકાયેલ છે. ચારે બાજુ ખબર પડતાં જળગામ, યેવલા, નાસિક,



નગર, માલેગામ વગેરેથી સંઘો શાતા પૂછવા આવી ગયા. માલેગામ સંઘે મહા માસમાં અંજનશલાકા-પ્રતિષ્ઠાના કારણે પૂ.આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વર મ.ને બનતી ત્વરાએ માલેગામ પધારવા વિનંતી કરી. સંયોગની અનુકૂળતાએ ત્યાં પણ પધારવાનું માન્ય કર્યું છે. અહમદનગરમાં ચોવીસ જિનાલય મંદિર ભવ્ય તૈયાર થઈ રહ્યું છે. ચોવીસે દેરીઓમાં પણ પ્રભુજીની પ્રતિષ્ઠા થનાર છે. જળગામ સંઘની પ્રા.શિ. શિબિર તથા ચાતુર્માસ માટે, તેમજ અમલનેર શિબિર માટે શ્રી મિશ્રીલાલની આગ્રહભરી વિનંતી થઈ છે.

● **અમદાવાદ :** અમલનેરવાળા શેઠશ્રી મિશ્રીલાલજી પોતાના કુટુંબ તથા શ્રી ચંપકલાલ ભણસાલી કલકત્તાવાળા સાથે મોટરમાં ખંભાત સુરત યાંત્રિક સંઘ પધારનાર હોવાથી દર્શનાર્થે ગયેલા. રસ્તામાં એમની આગળ એક મોટર સાથોસાથ ચાલી રહેલ તેના ડ્રાઈવરે એને એકદમ જ થોભાવતાં આ મોટર સ્પીડમાં ચાલતી એની સાથે જોશથી ટકરાઈ પડી. બીજાઓને થોડું નુકસાન થયું, પરંતુ શ્રી ચંપકભાઈને બંને પગે ફ્રેક્ચર થઈ, એક પગમાં હાડકું ૫ ઈંચ અંદર તથા બીજા પગે ૦ાા-૧ ઈંચ અંદર પેસી ગયું. એમને વી.એસ.માં ઉપચાર કરાવાયા, બંને પગે વજન લટકાવી રાખેલ છે. એમની સમાધિ અદ્ભુત રહી. કર્મ કર્મ જ યાદ કરી અરિહંતનું સ્મરણ કર્યા કરે છે. શ્રી મનસુખભાઈ વિધિવાળાને પણ ભારે ઈજા થઈ છે, ૧૬ ટાંકા લેવાયા છે. એ પણ સમાધિમાં છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૬,અંક-૨૪,તા.૧૧-૨-૧૯૭૮

● **બોરસદ :** અત્રે ગૌતમ ટોબેડો કું.વાળા ઉદારમનસ્કભાઈ શ્રી કુમારપાળભાઈ અમીચંદજી તરફથી પોતાના આંગણે ઉપધાનનગરમાં પૂ. ગણિવર શ્રી મિત્રાનંદવિજયજી મહારાજની નિશ્રામાં પોષ સુ. ૮ થી ઉપધાનતપની ભવ્ય શરૂઆત થઈ. એ માટે આરાધકો ગામમાંથી વાજતેગાજતે ઉલ્લાસભેર આવેલા. અને 'ભુવન-ભાનુ આરાધના મંદિરમાં નાણ સમક્ષ ક્રિયા થઈ. આમાં લગભગ સવા ત્રણસો જણ જોડાયા છે. વિશેષતા તો એ છે કે (૧) આમાં સુખી જનો સારા જોડાયા છે, (૨) કુમારભાઈ પોતે અને કુટુંબના આઠેક જણ જોડાયા છે, (૩) ૬૦-૭૦ બાળક બાળિકાઓ છે, (૪) તિથિ નોંધાવવા માટે પડાપડી ચાલી,... પૂ. ગણિવર્ય ઉપરાંત પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મ.ના જાહેર વ્યાખ્યાનોથી જૈનેતરો પણ સારા પ્રભાવિત થયા છે. માળારોપણ મહોત્સવ પર ૪૧ છોડનું ઉજમણું થનાર છે. આ

છોડો વિશિષ્ટ અને અલાયદી રોનકના થશે.

● **નાકોડા :** પૂ. તપસ્વી મુનિવર શ્રી જિતેન્દ્રવિજયજી મ. આદિ બાલોતરા પધાર્યા અને મોટી એકાદશીની આરાધના કરાવી. અહીં વિધિકારક તેરાપંથી શ્રી હસ્તિમલજી સાથે કલાકો સુધી ચર્ચામાં તેઓ પૂ. જિતેન્દ્ર વિ. મ.ની વિદ્વત્તાથી ખૂબ જ પ્રભાવિત થયા. પોષ વદ-૭ નાં પૂજ્યશ્રી નાકોડાજી પધાર્યા. અત્રે પોષ દશમીનાં મેળાં અંગે લાઈટ ડેકોરેશન ભવ્ય મંડપો ચલચિત્રો આદિ ગોઠવાયા. લગભગ ૧૦ હજારની મેદની જામી હતી. ટ્રસ્ટી મંડળ પૂજ્યશ્રી પાસે આવતાં તીર્થ અંગે કેટલીક સૂચનાઓ કરી. પોષ દશમીના ભવ્ય વરઘોડો નીકળ્યો. પૂજ્યશ્રી તખતગઢ પધારી રહ્યાં છે. ત્યાં મહા સુદ-૬ થી ઉપધાન છે. **ભીમગઢ** ને **જાવી** સંઘ પ્રતિષ્ઠા માટે વિનંતી કરતાં વૈશાખ મહિનામાં રાખવા વિચાર થયો.

● **માલેગામ :** અત્રે પો.વદ. ૬ પૂ.આ. ચિ. વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સપરિવાર સંઘના આગ્રહ અને સ્વાગતપૂર્વક પધારી ગયા છે. શ્રી અંજનશલાકા-પ્રતિષ્ઠાના ભવ્ય મહોત્સવની તૈયારીઓ શરૂ થઈ ગઈ. જામનગરથી વિધિકારક ભાઈ શ્રી નવીનભાઈ આવીને માર્ગદર્શન આપી ગયા.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૨૬,અંક-૨૫,તા.૧૮-૨-૧૯૭૮**

● **મુંબઈ :** અત્રે પ્રખર વ્યાખ્યાતા પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજના જોશીલા પ્રવચનોથી શાંતાક્રુઝ મુકામે મળેલા ૫૦૦ વીરસૈનિકોના સંમેલનમાં ૨૫ યુવાનો શાસનસુભટો થવા તૈયાર થઈ ગયા. બાદ હવે પૂજ્યશ્રીના પરાઓમાં ૩-૪-૫ દિવસોના રોકાણોમાં પ્રવચનમાં માનવમેદનીનો અણ-કલ્પ્યો ધસારો સર્વત્ર રહ્યો. અર્થીઓને ૩૦ પ્રતિજ્ઞાના કાર્ડ અપાયા, દર વર્ષે અઠ્ઠમ અને ૧૨ આયંબિલ વગેરેના નિયમો અપાયા. યુવકજાગરણ અદ્ભુત થયું. હવે એઓશ્રી ભાયખલાથી વિહાર કરી ફા. સુ. ૧ ચેંબુર કરીને પૂના તરફ પધારવા વકી છે.

● **થાણા :** પૂ. મુનિરાજશ્રી ચરણપ્રભવિજયજી મ. પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની આજ્ઞાથી કલકત્તા ભવાનીપુર સંઘના આગ્રહ પર ચાતુર્માસ અર્થે મુંબઈથી વિહાર કરતાં અત્રે પધાર્યા અને સંઘમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના ૧૩૮ અઠ્ઠમથી આરાધના કરાવી. આયંબિલ એકાસણાં પણ સારા થયેલ. પ્રવચન-ધૂન-સ્તવનાદિ સુંદર થયા. ચાંદીની વાટકીઓ રૂા. ૬) તથા શ્રીફળની પ્રભાવના થઈ. પારણાં થયાં. સંઘમાં ઉત્સાહ ખૂબ હતો. પછી



દુષ્કૃતગર્હાની ૬૦૦ જણને આરાધના કરાવી એમાં ૪૦૦ ઉપર એકધાન્ય મગના આયંબિલ થયા. સંઘપૂજન થયું. ચોમાસાનો આગ્રહ થયો. કલકત્તા નક્કી થયેલ હોઈ '૨-૩ વર્ષે પણ ચોમાસાનો લાભ આપશો' એવી વિનંતી સાથે વિહાર વખતે ચોમાસું થયાની જેમ લોકો વળાવવા ગયેલ.

● **માલેગામ :** અત્રે વર્ધમાન સોસાયટીમાં ભવ્ય નૂતન જિનમંદિરમાં પ્રતિષ્ઠા અંગે અત્રે જ અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ કરવાનું નક્કી થયું છે. મહા સુ. ૧૩થી મહોત્સવ શરૂ થનાર છે. મહોત્સવ નિર્વિઘ્ને સારો ઉજવાય એ માટે પૂ. આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે પ્રવચનમાં પ્રેરણા કરતાં ટપોટપ અઠ્ઠમો અને આંબેલો નોંધાયા. પંદર દિવસ સુધી આ તપ ચાલશે. અત્રેના જિનમંદિરમાં પૂજ્યશ્રીના માર્ગદર્શન મુજબ આર્ટિસ્ટ અને શિલ્પી વેલજીભાઈ નારણદાસની મંડળી એટલું અદ્ભુત કાચકામ તથા સોનેરી પેઈન્ટીંગ એમ્બોઝ અને ભગવાન શ્રી ઋષભદેવના પૂર્વ ભવો અને અંતિમ ભવના પ્રસંગોનું સુંદર ચિત્રકામ કરી રહેલ છે કે મંદિરની રોનક ફરી ગઈ છે અને દેવતાઈ વિમાનની અંદરની રત્નજડિત શોભાનો ખ્યાલ આપી રહી છે. જળગામમાં આવું આખું નૂતન મંદિર બનાવવા નક્કી થયું છે, આ વખતની ગ્રીષ્મ રજાઓમાં ધાર્મિક શિક્ષણ શિબિર મહારાષ્ટ્રમાં કરવાનું વિચારાઈ રહ્યું છે. પૂજ્યશ્રીને જળગામ, અમલનેર વગેરેની ચાતુર્માસ માટે આગ્રહભરી વિનંતી છે. અમલનેરમાં પૂ. આચાર્યદેવશ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજને ડાબા પગે પ્લાસ્ટરમાં ત્રીજી વાર હાડકાનો સાંધો બરાબર ગોઠવ્યો છે અને પેઢુ નીચેના હાડકામાં બે બાજુના ફ્રેક્ચરમાં પ્લાસ્ટરની સગવડ નહિ હોવાથી આરામથી જ સાંધો થવાનું ડૉક્ટર કહે છે. પરંતુ હજી પગની સહેજ હીલચાલમાં દુઃખાવો થાય છે. બાકી પૂજ્યશ્રી ખૂબ સમાધિ જાળવી રહ્યાં છે.

● **રોહિડા :** અત્રે પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મહારાજની નિશ્રામાં થયેલ ઉપધાન તપનો માળારોપણ મહોત્સવ સુંદર ઉજવાયો. ઉપજ સુંદર નહીં ધારેલી થઈ. ૬૮ છોડનું ઉજમણું થયું. એક અજબ વિશેષતા એ થઈ કે લગભગ ૬૪ આરાધકોએ અઠ્ઠાઈનાં પચ્ચક્ખાણ કર્યા છે.

● **હાલાર (કચ્છ) :** પૂ.આ. શ્રી વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજે આધોઈમાં અભૂતપૂર્વ ધર્મપ્રભાવનાકારી ચોમાસું કર્યા પછી અત્રે પધારતાં મહોત્સવ શાંતિસ્નાત્ર રથયાત્રાદિ થયાં. જૈનેતર લોકોએ દારૂ માંસ-ચોરી-જુગાર-પરસ્ત્રી ત્યાગ વગેરેનાં નિયમો સારા લીધા. છેડા બાબુલાલ રાવજીએ રૂા. ૬૨૫૫/- માં ગુરુપૂજન કરેલ. સંઘ તરફથી સંઘજમણ થયું.

• **બોરસદ :** અત્રે પૂ. ગણિવર્ય શ્રી મિત્રાનંદવિજયજી મ.ની નિશ્રામાં શેઠશ્રી કુમારપાળ અમીચંદજી તરફથી ચાલી રહેલ ઉપધાનમાં ભવ્ય આરાધના ચાલી. હવે એમાં પૂ. આચાર્યદેવશ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી નડિયાદમાં ૩ બેનોને દીક્ષા આપી અત્રે પધાર્યા અને મહા સુ. ૧૩ ચાર બેનોની અને એક ભાઈશ્રી રોહિતકુમારની દીક્ષાનો પ્રસંગ સુંદર ઉજવાયો. રોહિતકુમારને પૂ. ગણિવર્યશ્રીના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજીના શિષ્ય કરી એમને મુનિશ્રી પ્રશમરત્નવિજયજી નામ અપાયું. હવે લગભગ અઢીસો આરાધકોને માળ પહેરાવવાની ઉછામણી ૨જી માર્ચે બોલાવવાની છે, અને માળારોપણ મહોત્સવ ૪૧ છોડના ઉદ્યાપન સાથે ઉજવાશે.

• **માલેગામ :** અત્રે ચાલી રહેલ શ્રી અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવમાં ચોપડા નિવાસી શ્રી શીવજીભાઈના સુપુત્ર ભાઈ શ્રી ઈન્દ્રજિત (B.Com.)ની તથા અમદાવાદના વતની ભાઈશ્રી સુરેશચંદ્ર અંબાલાલના સુપુત્ર શ્રી હેમંતકુમારની મહા વદ-૧૧ ભાગવતી દીક્ષા અંગીકાર કરવાનું નક્કી થયું છે.

• **ડભોઈ :** અત્રે પૂ.આ. શ્રી વિજય વર્ધમાનસૂરીશ્વરજી મ. તથા શ્રી વિજયજયંતશેખરસૂરીશ્વરજી મ. શ્રી વિજયરૈવતસૂરીશ્વરજી મ. અને પૂ. ગણિવર્ય શ્રી નિત્યાનંદવિજયજી મ.ની નિશ્રામાં ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવાનું નક્કી થયેલ છે. એમાં સ્વ. આગમપ્રજ્ઞ પૂ. આચાર્યદેવ શ્રી વિજય જંબુસૂરીશ્વરજી મ.ની ગુરુમૂર્તિની પણ પ્રતિષ્ઠા નક્કી થઈ છે. પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ.ના અત્રે ગત ચાતુર્માસે સંઘની ધર્મભાવના સારી વધારી દીધી હોઈ અને મહોત્સવ પૂર્વેથી એમનાં જોરદાર પ્રવચન ચાલુ રહ્યાથી મહોત્સવમાં અનેરો રંગ આવશે. એઓશ્રીને પૂ.આ. શ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.**ની આજ્ઞાથી ફા.સુ. ૪ પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્રના યોગમાં પ્રવેશ શ્રી ઋષિમંડળ પૂજન સાથે થવાનું નક્કી થયું છે.

• **તખતગઢ :** પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ અને શ્રી ગુણરત્નવિજયજી મ.ની નિશ્રામાં સુંદર ઉપધાન આરાધના ચાલી રહી છે. એમાં પૂ. મુ. શ્રી જિતેન્દ્રવિજયજી મ.ની નિશ્રામાં જાવાલ શ્રી પાલીતાણા છ‘રી’ પાળતો યાત્રાસંઘ નીકળવાનું નક્કી થયું છે. તથા પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ.ની નિશ્રામાં વાંકલીમાં શ્રી શત્રુંજયાદિ તીર્થોના બસ દ્વારા સંઘયાત્રા નિમિત્તે શ્રી ઋષિમંડળ



મહાપૂજન સહિત મહોત્સવ થશે.



• **જાવાલથી પાલીતાણા :** પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજની નિશ્રામાં શ્રી રીખવચંદજી ભૂરમલજી તરફથી મહા વદ-૮ થી ભવ્ય અષ્ટાન્હિકા મહોત્સવના મંગલપૂર્વક પાલીતાણા સુધીની ૪૮ દિવસની મહાસંઘયાત્રા ફા.સુ. ૨ શરૂ થઈ છે. સંઘમાં પિંડવાડાથી પ્રગટ પ્રભાવી શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુના પ્રતિમા સાથે હતા. ફા.સુ. ૨-૩ બરલુટમાં સંઘ તરફથી યાત્રિકોને એકાસણા કરાવાયા. કેસરીમલજી ધૂપાજીએ રૂા. ૫ ની પ્રભાવના કરી. ફા.સુ. ૪ ગોડીજીતીર્થમાં સંઘ તરફથી એકાસણા કરાવાયા. પૂજા ભાવનાની રંગત જામી. સુ. ૬/૧ ના દાંતરાઈના એક ભાઈ તરફથી એકાસણા પ્રભાવના થયા. સુદ-૬/૨ જીરાવલાજીમાં પંજાબી સંઘે ગુરુભક્તિના ગીત ગાયા. સંઘવી તરફથી જમણ થયું. એક પાલનપુરી તરફથી સંઘપૂજન થયું. ત્યાંથી અણાદરા-રેવદર વ્યાખ્યાન સંઘપૂજન વગેરેથી શાસનપ્રભાવના સારી થઈ. સંઘ ફા.વ. ૧૦ શંખેશ્વરજી પહોંચશે. ચૈત્ર સુદ-૧૫ શ્રી સિદ્ધગિરિરાજની છાયામાં થશે.

• **કરબટિયા :** અત્રે પૂ.પં. શ્રી સ્થૂલભદ્રવિજયજી મ.ની નિશ્રામાં પૂ. સાધ્વીજી શ્રી સુવ્રતાશ્રીજી મ. પાસે કુમારિકા શ્રી કૈલાસબેન નેમચંદનો ફા.સુ. ૩ દીક્ષા ઉત્સવ સુંદર ઉજવાયો. ગઈસાલ અમલનેર ૨૬ દીક્ષાઓ વખતે એ પહોંચી વળવામાં સહેજ મોડા પડ્યા તેથી રહી ગયા અને વરસ દહાડે એમનો અંતરાય તૂટ્યો. શ્રી લલિતધામી આદિ ૧૨ વીરસૈનિકો આવ્યાથી શ્રી ઋષિમંડળ મહાપૂજનમાં બહુ ઠોઠ રહ્યો. કૈલાસબેને એમાં પોતાની ૧ાા તોલાની સોનાની બંગડી અર્પણ કરેલ. માનપત્ર મેળાવડો ભવ્ય થયો. ગામ સારું શણગારાયેલ. ત્રણ દિવસ અનાજનું વરસીદાન અપાયેલ. ને વરસીદાન-વરઘોડામાં પૈસા રૂપિયા અને હજારેક રૂા.ના તૈયાર કપડા ઉછાળાયેલ. મુંબઈના ભાઈ પ્રભુને આંગી અદ્‌ભુત રચતા. દીક્ષામાં આજુબાજુના નવ ગામોમાંથી ભાવિકો ઊમટી પડેલ. ૩/૪૦૦૦ જેવું માણસ હશે. લાડુની પ્રભાવના થઈ. ઉપકરણ ઉછરામણીમાં કૈલાસબેન માટે કામળી વહોરાવવાના રૂા. ૩૧૦૧ વગેરે થયેલ. જીવ છોડાવવામાં જૈનેતરોએ પણ ફાળો આપેલ. રૂા. ૧૫૦૦ થયેલ. જૈનેતરોમાં દીક્ષાની બહુ છાયા પડી.

• **ભીમગઢ :** પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મ.ની નિશ્રામાં અત્રે પ્રતિષ્ઠા મહોત્સવ શાનદાર રીતે ઉજવાયો. જૈનેતરો પણ તન-મન-ધનથી કામે લાગ્યા. શ્રી

પાર્શ્વનાથ આદિ પ્રભુજીનો નગરપ્રવેશ ભવ્ય ઉજવાયો. સામૈયાનો લાભ જૈનેતર ભાઈશ્રી મોહનલાલે મોટી ઉછામણી બોલીને લીધો. સોનીભાઈઓએ રૂા. ૧૧-૧૧ની પ્રભુનો સત્કાર કર્યો. ચૌધરીવાસમાં પણ સારું સ્વાગત થયું. શ્રી મોહનલાલે રૂા. ૩૦૦ ઉછાળ્યા. ઢોલ વગાડનારે પોતાના ઘર આગળ રૂા. ૧૦૧ પ્રભુચરણે મૂક્યા. વિધિવિધાન તખતગઢના બાબુભાઈ માસ્તરે કરાવ્યા. પાદરલીના દીપચંદજી કોઠારી તથા જવાનમલજીએ સુંદર આયોજન સંભાળ્યું. પાદરૂની સંગીત મંડળીના આકર્ષક કાર્યક્રમો સાથે સ્થાનિક જૈનેતર ભજન મંડળીઓ સાથે પ્રભુભક્તિમાં લયલીન બનતી. શાનદાર ડેકોરેશન કરાયેલું. મીઠાલાલ ચૌધરીએ મોટી રકમથી કળશ ચઢાવવાનો આદેશ મેળવ્યો. ૮ હજારની મેદની વચ્ચે ભવ્ય વરઘોડો નીકળ્યો. વિજયમુહૂર્તે ખૂબ ઉત્સાહ વચ્ચે જિનબિમ્બોની પ્રતિષ્ઠા થઈ. પ્રભુના મુખારવિંદમાંથી-અંગમાંથી અમીઝરણા થયા. સંઘ તરફથી ફૂલેચુંદડી થઈ. મુસલમાન જમાલખાં, એક જાટભાઈ અને એક જૈનેતરભાઈને ત્યાં પૂજ્યશ્રી સસ્વાગત પધાર્યા. સુદ-૧૩ ના વિહાર કરતાં જૈન-જૈનેતરો ચોધાર આંસુએ રડી પડ્યા. સ્થાનકવાસી-તેરાપંથી બધાએ દેવદર્શન અને પૂજનની પ્રતિજ્ઞા કરી. દયાલશાના કિલ્લે પધારતાં પ્રમુખશ્રી સોહનલાલજી તથા પિંડવાડાવાળા શ્રી લાલચંદજીને તીર્થના જીર્ણોદ્ધારની યોજના બતાવવામાં આવી.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૬,અંક-૩૫,તા.૨૯-૪-૧૯૭૮

● **મુંબઈ** : અત્રે લાલબાગમાં પૂ. આચાર્યદેવ શ્રી **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના** પ્રશિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મ.ની નિશ્રામાં તપસ્વિની સરસ્વતીબેનના બહુમાનનો સમારોહ રાખવામાં આવેલ, જે બહુભવ્ય ઊજવાયો.

તપસ્વીરત્ન સરસ્વતીબેનની અનુમોદનીય તપસ્યા નીચે મુજબ છે;

૨૦ વરસીતપ (ચોવીહાર ઉપવાસ પારણે ઠામ ચોવીહાર એકાસણાથી) ૨૦ વરસીતપ (ચોવીહાર છટ્ઠ પારણે ઠામ, ચોવીહાર એકાસણાથી) ૨ વરસીતપ (અટ્ઠમથી), ૨ વરસીતપ ચાર ઉપવાસથી, ૧ વરસીતપ પાંચ ઉપવાસથી, ૧ વરસીતપ છ ઉપવાસથી, ૧ વરસીતપ સાત ઉપવાસથી, ૧ વરસીતપ આઠ ઉપવાસથી, (હાલમાં ચાલુ છે.)

(ચૈત્ર સુદ-૫ થી ૨૮ ઉપવાસનું પચ્ચક્ખાણ કરશે.) **કુલ ૪૮ વરસીતપ :** ૧૩ અટ્ઠમ કાઠીયાના, ૩ ચાર માસી, ૧ છ માસી, ૧ સમોસરણ તપ, ૧



સિદ્ધાસણ તપ, ૧ શ્રેણી તપ, સિદ્ધિતપ ૧ ચત્તારી અટ્ઠ દસ હોય તપ, માસખમણ ૬, ૪૪ ઉપવાસ ૧, ૪૫ ઉપવાસ ૧, ૫૧ ઉપવાસથી ૧૨-૮-૩૬-૨૫-૨૭ પાંચ પરમેષ્ઠીના ૧૧ છટ્ઠ મહાવીરસ્વામીના ગણધરના, ૧૦ છટ્ઠ પાર્શ્વનાથ-સ્વામીના ગણધરના, ૨૦ છટ્ઠ વિહરમાન જિનના, ૨૪ છટ્ઠ ચોવીસ ભગવંતના, ૨૨૯ છટ્ઠ મહાવીરસ્વામીના, ૩૦૦ ઉપવાસ ૧ થી ૨૪ ભગવાનના (૧, ૨, ૩, ૪, એમ ૨૪ સુધી) વર્ધમાન તપની ૩૫ ઓળી.

એમને બહુમાનમાં ચાંદીની વાટકી-થાળી વગેરે તથા પૂજાનો સેટ, બે કામળીઓ અને ૬૦૦૧ રૂા.ની થેલી લાલબાગ સંઘ તરફથી શેઠશ્રી અમૃતલાલના હસ્તે અર્પણ કરાઈ. શ્રીમતી સરસ્વતીબેન રાધનપુરના વતની છે.

● **અમલનેર :** સ્વ. પૂ.આ.શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજાના સુકૃત-સાધના સદ્ગુણોની અનુમોદના નિમિત્તે અત્રે શીતલનાથ પ્લોટ સંઘ તરફથી પૂ.આ. શ્રી વિજય હીરસૂરીશ્વરજી મ., **શ્રી વિજય ભુવનભાનુ સૂ.મ.**ની નિશ્રામાં શ્રી અષ્ટાહ્નિકા મહોત્સવ શાંતિસ્નાત્ર સુંદર ઉજવાયા, ફલોધિના જ્ઞાનચંદજી પ્રભુભક્તિની રમઝટ જમાવતાં. ચૈ.સુ. ૨ શાંતિસ્નાત્ર પછી નવકારશી જમણ થયું. ચૈ.સુ. ૩ થી અમલનેર નગર સંઘ તરફથી અષ્ટાહ્નિકા મહોત્સવ શાંતિસ્નાત્ર ઉજવાયા. રોજ સવારે ૮ વાગે વ્યાખ્યાન પછી તરત જ પૂજાઓ ભણાવાતી. તેથી ભાવિકોની હાજરી ચિકાર રહેતી. હવે ચૈ.સુ. ૯ થી પ્લોટમાં નાસિકવાળા શ્રી હીરજીભાઈ વગેરે ત્રણ ભાઈઓ તરફથી શ્રી હીરજીભાઈના ધર્મપત્ની એમ ચાર જણની દીક્ષાઓ નિમિત્તે પંચાહ્નિકા મહોત્સવ ચાલુ થયેલ છે. જળગામ, નંદરબાર, દાદર, મલાડ, માલેગામ, વાપી, ધુલિયા, સંગમનેર વગેરે સંઘો ચાતુર્માસ માટે વિનંતી કરવા આવી રહેલ. પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મ.ના ચોમાસા માટે ભાયખલા સંઘ ચૈ.સુ. ૯ વિનંતી કરવા આવેલ. મુંબઈ ચંદનબાળા (વાલકેશ્વર) તથા પૂનાવાળાની પણ વિનંતી ઊભી છે ચૈ. સુ. ૧૫ નિર્ણય અપાશે.

પૂ. આચાર્યદેવો ચૈ. સુ. ૧૩ દીક્ષાઓ પછી ધુળિયા સંઘના આગ્રહથી પ્રાયઃ ધુળિયા પધારશે; કેમકે ત્યાં વૈ.સુ. ૫ પંન્યાસપદવીઓ અને વૈ.સુ. ૭ પ્રતિષ્ઠાનો મહોત્સવ છે, તથા વૈ. સુ. ૭ તા. ૧૪ મે થી ધાર્મિક શિક્ષણ શિબિર પણ ત્યાં યોજવા યુવક મંડળે શિબિર સંચાલક શ્રી કુમારપાળભાઈને વિનંતી કરી છે.

● **નાગપુર :** પૂ.મુનિરાજશ્રી ચરણપ્રભવિજયજી મહારાજ કલકત્તા તરફ વિહાર કરતા અત્રે પધારેલ, શ્રીસંઘે 'શ્રી શત્રુંજય વંદના' 'શ્રી અરિહંત વંદના'ના સુંદર અનુષ્ઠાન કરાવેલ. તે પછી આગળ વિહાર લંબાવતાં મોટર અકસ્માત થયો

કે ખાડામાં પડી ગયા પણ મુઢમાર લાગેલ, અને મૂર્છિત થઈ ગયેલ. સંઘને ખબર પડતાં એમને નાગપુર જનરલ હૉસ્પિટલમાં લાવવામાં આવ્યા. શ્રીસંઘ સારી સેવા કરી રહેલ છે, અમદાવાદથી પૂજ્યશ્રીના સાંસારિકપણે માતાજી, ધર્મપત્ની વગેરે પણ આવી ગયેલ છે. અમલનેરથી પૂ.આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજીના નિર્દેશનથી ડૉ. જીવનને લઈને આગેવાનો આવી ગયેલ, ડૉ. જીવનના માર્ગદર્શન પ્રમાણે વિશેષ ટ્રીટમેન્ટ શરૂ થઈ તેમજ નિદાનમાં બ્રેનહેમરેજ નહિ, પણ મગજમાં લોહીની ગાંઠ જામી ગઈ છે, તથા ડાબી પાંસળીમાં ફ્રેક્ચર થયેલ છે. હવે ધીમે ધીમે સુધારો થતો આવે છે. પૂ. આચાર્યદેવશ્રીના સૂચનથી અમલનેરથી શ્રી સોમચંદભાઈ તથા મહાતપસ્વી શ્રી ગુમાનમલજી ત્યાં ગયેલા ત્યારે પૂ. મુનિશ્રીને નવપદચિંતન-અરિહંતધ્યાન પૂ. ગુરુદેવ શ્રી આચાર્યદેવ વિજયપ્રેમસૂરીશ્વરજી મ.ના ધ્યાનમાં મસ્ત જોયા. મગજની રક્તગ્રંથિના લીધે હજી સ્પષ્ટ ઉચ્ચાર કરી શકતા નથી. અમલનેરથી મુનિઓ એમની સેવામાં ઉપસ્થિત થવા નાગપુર તરફ વિહાર ૨-૩ દિવસમાં કરવા વકી છે.

● **તખતગઢ :** ફા.વ. ૧૦ના બાળમુમુક્ષુ ભાઈ રમેશકુમારની દીક્ષા પૂ. મુનિશ્રી ગુણરત્નવિજયજી મહારાજના શુભ હસ્તે ધામધૂમથી તખતગઢમાં બાલ્યવયમાં દીક્ષા આ સર્વપ્રથમ થતી હોવાથી જુદી જુદી વ્યક્તિઓ તરફથી ૬ વરસીદાનના વરઘોડા નીકળ્યા, રોજ હજારો માણસો લાભ લેતા, ફા.વ. ૮ના વરઘોડામાં કપડા વગેરેનું વરસીદાન આપવામાં આવ્યું. રાત્રે મેળાવડામાં હજારોની મેદની સમક્ષ રાજકુમાર જેવા વેષમાં શોભતા મુમુક્ષ રમેશકુમારે પોતાના ઉપર થયેલ માતાપિતાના, ગુરુના અને સંઘના ઉપકારોનો ઉલ્લેખ પોતાના ભાષણમાં કર્યો અને આશીર્વાદ માગ્યા. તે સાંભળી લોકો ગદ્ગદ થઈ ગયા હતા. માનપત્ર અને દીક્ષાના ઉપકરણોના ચઢાવા સારા પ્રમાણમાં થયા હતા. દીક્ષા થઈ જતાં રમેશકુમારનું નામ મુનિશ્રી રશ્મિરત્નવિજયજી મ. રાખી મુનિશ્રી ગુણરત્નવિજયજી મ.ના શિષ્ય તરીકે જાહેર કરાયા. પૂ. મહારાજશ્રીની નિશ્રામાં મુંબઈવાળા સુશ્રાવક સોહનરાજજી રૂપાજી તરફથી ચૈત્ર વદ-૯ના નાકોડાજીતીર્થનો છ'રી' પાળતો સંઘ નીકળવાનો છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૨૬,અંક-૩૬,તા.૬-૫-૧૯૭૮**

● **અમલનેર :** અત્રે પૂ. આચાર્યદેવોશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજ તથા શ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની** નિશ્રામાં ચૈ.સુ. ૯ થી ચાર



દીક્ષાર્થીઓની દીક્ષાનો ભવ્ય પંચાહ્નિકા મહોત્સવ દીક્ષાર્થી શેઠશ્રી હીરજીભાઈ તરફથી ઉજવાઈ ગયો. એ સજોડે દીક્ષા લેનાર હોવાથી એમના વતન નાસિક અને મુંબઈથી કચ્છી ભાઈઓને વિશેષ ગૌરવ હતું. બંને સ્થળે ભવ્ય માનપત્ર-મેળાવડા તથા વરસીદાન વરઘોડો નીકળેલ. અમલનેરમાં એમના સગા-સ્નેહી તરફથી ત્રણ દિવસ સંઘપૂજન થયાં. ચૈ.સુ. ૧૨ ભવ્ય શાન્તિસ્નાત્ર ઉજવાયું. સાધર્મિક વાત્સલ્ય થયું. શાન્તિસ્નાત્રમાં જીવદયાની સારી ટીપ થઈ. રાતના મુંબઈના શેઠશ્રી ગોવિંદજી જેવત ખોનાના પ્રમુખપદે ચારે દીક્ષાર્થીઓનાં અભિનંદનનો ભવ્ય મેળાવડો થયો, એમાં એમણે જૈન ધર્મની અને સમ્યગ્દર્શનની મહત્તા, આજના સુધારકવાદની ખતરનાકતા, શ્રી અરિહંત અને એમનાં શાસનની ઓળખ વિનાની દયાપાત્ર અબુઝતા વગેરે પણ સુંદર માર્મિક વક્તવ્ય કરેલ. ચૈત્ર સુ. ૧૩ સવારે ૬॥ વાગે ચારે દીક્ષાર્થીઓનો વરસીદાનનો તથા ભગવાન શ્રી મહાવીર પરમાત્માનાં જન્મકલ્યાણકનો વરઘોડો નીકળ્યો. તે પ્લોટમાંથી આખા નગરમાં ફર્યો. જૈનેતરો જૈન ધર્મમાં આવા સુખી માણસોને સંસારત્યાગના પંથે નીકળતા જોઈ મુગ્ધ થઈ જતા. શેઠશ્રી મિશ્રીલાલના બંગલા પાછળ વિશાળ કમ્પાઉન્ડમાં નવકારશીજમણ અને દીક્ષાવિધિ અર્થે વિશાળ મંડપ ઊભો કરવામાં આવેલો. લગભગ નવ વાગે દીક્ષાવિધિ શરૂ થઈ ત્યારે માનવમેદની ચિક્કાર ભરાઈ ગયેલી. શેઠશ્રી હીરજીભાઈનાં વિશાળ સગા-સ્નેહી વર્ગ ઉપરાંત દાદરથી દીક્ષાર્થી શ્રી રમેશકુમારની દીક્ષા નિમિત્તે દોઢસો માણસ સ્પેશિયલ બોગીમાં આવેલ. ચારે દીક્ષાર્થીઓને ઓઘો (રજોહરણ) અપાતાં ભારે જયનાદ વચ્ચે દીક્ષાર્થીઓ હરખથી નાચી ઊઠેલ. પછી દીક્ષાની ઉપકરણોની બોલી અદ્ભુત ઉલ્લાસથી ભવ્ય બોલાઈ, સ્નાન-મુંડન બાદ દીક્ષાર્થીઓ ચારિત્રના વેશમાં મંડપમાં પધારતાં એમને જોઈ સભા ગદ્ગદ થઈ ગઈ. વિધિ પૂરી થતાં નામકરણમાં શ્રી હીરજીભાઈને પૂ. મુનિરાજશ્રી નંદીશ્વરવિજયજી મ. (સાંસારિકપણે ગત સાલ અત્રે ૪૦ હજાર માણસોની વચ્ચે ઉજવાયેલ ૨૬ દીક્ષાઓના ભવ્ય મહોત્સવનું જોખમ ઉપાડનાર શ્રી નેમિચંદભાઈ)ના શિષ્ય મુનિશ્રી હિતેશ્વરવિજયજી બન્યા. શ્રી શાન્તિરાજ સાંસારિકપણે એમના મોટા ભાઈ પૂ. મુનિરાજશ્રી ચતુરવિજયજી મ.ના શિષ્ય મુનિશ્રી મતિસારવિજયજી બન્યા. શ્રી રમેશકુમાર પૂ. મુનિરાજશ્રી રાજશેખરવિજયજી મ.ના શિષ્ય મુનિશ્રી રવિશેખરવિજયજી બન્યા. શેઠશ્રી હીરજીભાઈના ધર્મપત્ની શ્રી મોનબાઈ પૂ. સાધ્વીજી શ્રી રોહિણાશ્રીજી મ.ના શિષ્યા સાધ્વીજી શ્રી મુક્તિરત્નાશ્રીજી બન્યા.

આ દીક્ષાવિધિ વખતે અનેક નગરોના સંઘો તરફથી ચાતુર્માસની વિનંતીઓ જોરદાર થઈ. એમાં પૂ.આ. શ્રી વિજયહીરસૂરીશ્વરજી મ.નું અમલનેરનું ચાતુર્માસ,

પૂ.આ. શ્રી વિજયભુવનભાનુસૂરિ મ.નું જળગામનું ચોમાસું નક્કી થયું. મુંબઈ લાલબાગનું પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ.નું ચોમાસું, તથા દાદર આરાધના ભવન ખાતે પૂ. મુનિરાજશ્રી જયચંદ્ર વિ.મ. યા બીજા બે મુનિઓનું ચોમાસું નક્કી થયું. મુંબઈ લાલબાગ માટે શેઠશ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા, શેઠશ્રી કેશવલાલ મોતીલાલ, શેઠશ્રી મંગળદાસ માનચંદ વગેરેએ પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ને અનેકવાર આગ્રહભરી વિનંતી કરેલી તેય સફળ ન થતાં એ ભારે નિરાશ થયેલ.

• **દહેજ :** અત્રે મુંબઈ-લાલબાગ ચાતુર્માસ અર્થે વિહાર કરી રહેલ મધુરવક્તા પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ પધારતાં સંઘમાં આનંદ આનંદ વર્તાઈ ગયો. પૂજ્યશ્રીનાં સંવેગ-વૈરાગ્યભીનાં વ્યાખ્યાનોથી ધર્મભાવના સતેજ થઈ. ધર્મની ભૂખ-શ્રવણરુચિ, નાના-મોટામાં ક્રિયાનો રસ, બધું સારું; પરંતુ મુનિમહારાજના અભાવે સિંચન મળતું નથી. અત્રે પ્રાયઃ ગંધારના મહાવીરસ્વામી બિરાજમાન છે. અહીં આવવા પૂર્વે પૂજ્યશ્રી **કાવી** પધારેલા. જીર્ણોદ્ધાર થતાં અત્રે દેવવિમાન સદૃશ ભવ્ય જિનમંદિર તૈયાર થયું છે. યાત્રિકો પણ આવે છે. ત્યાંથી **ગંધાર** પધારતાં નૂતન નિર્મિત ૨૪ જિનાલય, ને એમાં પ્રાચીન મનોહર જિનબિંબોથી તીર્થની રોનક વધી ગઈ છે. અત્રેથી દહેજ સુધી મેટલ રોડનું કામ ચાલી રહેલ છે. દહેજથી આમોદ, પૂજ્યશ્રી આમોદ પધારતાં 'આહારશુદ્ધિ' પર પ્રવચન થયું. એમાં શિક્ષકોએ પણ લાભ લીધેલ. પૂજ્યશ્રીએ સંપાદિત કરેલ 'આહારશુદ્ધિ પ્રકાશ' પુસ્તક પરથી અમદાવાદમાં મે માસમાં પરીક્ષા લેવાશે. જૂનમાં વડોદરા પરીક્ષાની યોજના વિચારાઈ રહી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૬,અંક-૩૭,તા.૧૩-૫-૧૯૭૮

• **ધુળીયા :** અત્રે પૂ. આચાર્યદેવોશ્રી વિજય હીરસૂરીશ્વરજી મ. તથા વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ. આદિ ઠા. ૪૫ ચૈ.વ. ૧૩ સંઘના ખૂબજ ઉલ્લાસ અને સ્વાગત સમારોહ સાથે પધાર્યા. એઓશ્રીની નિશ્રામાં વૈ.સુ. ૫ પૂ. ગણિવર્યો શ્રી રંગવિજયજી મ. શ્રી ગુણાનંદ વિ.મ. શ્રી સુધાંશુ વિ.મ. અને શ્રી ધનપાલ વિ.મ. ની પંન્યાસપદવી તથા અમલનેરમાં દીક્ષિત થયેલ ૩ પુરુષ ૧ બેનની વડીદીક્ષા થવાનું તથા વૈ. સુદ-૭ શ્રી ચંદ્રપ્રભસ્વામીની પ્રતિષ્ઠા અને શિબિર પ્રારંભ થવાનું નક્કી થયું છે. આ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ ચાલુ થઈ ગયેલ છે. અમદાવાદથી બોલાવાયેલ સંગીતકાર બાલુભાઈ ભક્તિસંગીતની રમઝટ મચાવે છે. શિબિરમાં



પ્રવેશ માટે ચારે બાજુથી વિદ્યાર્થીઓની માગણીઓ આવી રહી છે. જગદ્‌ગુરુ મિત્રમંડળના યુવાનો શિબિરઆયોજન માટે ખડે પગે જહેમત ઊઠાવી રહ્યા છે. શિબિર માટે વીસાઓસવાલ બોર્ડિંગની જગા ખૂબ જ સગવડવાળી મેળવી છે.

• **ઉસ્માનપુરા (અમદાવાદ) :** ગીરધરનગરનો અપૂર્વ મહોત્સવ પૂર્ણ થયો. પ.પૂ. શાસનપ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવશ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સપરિવારનું શેઠ શ્રી અમૃતલાલ હરગોવિંદદાસ વગેરેની આગ્રહભરી વિનંતીથી ઉસ્માનપુરા શ્રીપાલનગરમાં ભવ્ય વરઘોડા સાથે સામૈયું થયું. એમના ઘરઆંગણે મંડપમાં વ્યાખ્યાન આપેલ. આશરે ૩૦૦૦ થી ૩૫૦૦ માણસોએ વ્યાખ્યાનનો લાભ લીધો હશે. વ્યાખ્યાન પૂર્ણ થયે પૂ. આચાર્યભગવંતને શેઠ શ્રી અમૃતલાલભાઈ તરફથી કામળી-પાત્રા-ઓઘા સાથે સંયમના ઉપકરણ તથા ૧૨ આચાર્ય ભગવંતો તથા વર્ધમાન તપ ઓળી કરનાર મહાત્માઓ દરેકને કામળી વહોરાવેલ તથા સંઘપૂજન કરેલ. એમના તરફથી આ નિમિત્તે ફાગણ વદ-૧૧ થી ફા. વદ-૦)) સુધી શાંતિસ્નાત્ર સહિત પંચાહ્નિકા મહોત્સવ પણ ધામધૂમથી ઉજવાયેલ. પૂ. આચાર્યદેવને શહેર પરાઓમાંથી દર્શનાર્થી-વંદનાર્થીઓનો મેળો ચાલતો. અમૃતલાલભાઈએ સારો લાભ ઉઠાવ્યો.

• **ચાતુર્માસ નિર્ણય :** પ્રખરવક્તા પૂ. મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજનું આગામી ચાતુર્માસ ભાયખલા (મુંબઈ) ખાતે નક્કી થયું છે. હાલમાં તેઓશ્રી પુના બિરાજમાન છે.

• **નાગપુર :** પૂ. મુનિરાજશ્રી ચરણપ્રભવિજયજી મ. ને કલકત્તાના વિહારમાં અકસ્માત થતાં નાગપુર હૉસ્પિટલમાં રાખવામાં આવેલ. નાગપુર સંઘની ખૂબ કાળજી પૂ. આચાર્યશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની સૂચનાથી અમલનેરથી પણ ડૉક્ટર તથા શ્રાવકો અવારનવાર જઈ કાળજી કરતા. પછી પૂ. આચાર્યદેવે અમલનેરથી બે મુનિઓ-મુનિશ્રી ભુવનસુંદરવિજયજી તથા મુનિશ્રી મુનિસુંદરવિજયજીને પણ તેમની સેવા માટે વિહાર કરાવ્યો. આ મુનિઓ લગભગ ૮૦ મૈલ ઠેઠ ભુસાવળથી આગળ પહોંચી ગયા, પણ જૈનોના ઘર નહિ અને ભારે ગ્રીષ્મની પીડાઓ આવી. ૧૦-૧૨ માઈલના વિહાર, પાણી લાવે વાપરે. બપોરના તાપમાં પોણો-૧ કલાક ગોચરી ફરવાનું થાય, આવીને તરસ તરસ થતી હોય તેમાં આહાર વાપરવાનું મુશ્કેલ. સાંજના વિહારમાં છ/આઠ માઈલનો વિહાર હોય તો સહેજે વહેલા નીકળવાનું થાય, પણ ડામરીરોડ તપતો હોય, લુ વાતો હોય, રાત્રે પાણીનો ભારે સોસ પડતો, પગે ફોલ્લા થઈ આવ્યા. બીજા મુનિશ્રીને પેટમાં ગરમી, માત્રામાં બળતરા, ગળામાં બળતરા, મસામાં લોહી વગેરે પીડા થઈ. આવું છતાં વિહાર

ચાલુ જ હતો પણ અમલનેરના સુશ્રાવક મહારાષ્ટ્ર જૈનરત્ન શ્રી મિશ્રીલાલભાઈ રૂબરૂ નાગપુર જઈ સમાચાર લાવ્યા કે શ્રી ચરણપ્રભવિજયજી મ.ને હવે સારું છે, આહાર વાપરી શકે છે, બોલી શકે છે, સ્તવન પણ કરાય છે. થોડા વખતમાં હજી સારો સુધારો થશે. પોતે ખુદ કહે છે કે મારે માટે કોઈ સાધુને ભયંકર ગરમીમાં વિહાર કરાવવો જરૂરી નથી. આથી અને મુનિઓને ભયંકર ગરમીમાં પગે ફોલ્લા સાથે આગળ વધવું મુશ્કેલ હોઈ એમનો આગળ વિહાર બંધ કરાવવો પડ્યો છે. નાગપુર જૈન સંઘને સેવાનો સારો યશ મળી ગયો છે. પૂ. સંયમી અને ધર્મપ્રભાવક મુનિરાજશ્રી ચરણપ્રભવિજય મ. ભયંકર ઘાતમાંથી બચી ગયા છે.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૨૬,અંક-૩૮,તા.૨૦-૫-૧૯૭૮

● **કરાડ :** પૂ.આ. શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ. તથા પૂ.પં. પુણ્ય વિ.મ.ની નિશ્રામાં મુનિ વારિષેણ વિ.મ.ને છેલ્લા નવ વર્ષમાં ૨૦૫૦ આયંબેલ ઠામ ચોવિહાર, ને ૧૧૦૦ એકાશના સાથે ૯૦મી ઓળી પૂર્ણ થયેલ. તે નિમિત્તે હીરાલાલ રાજારામ શાહે રૂ. ૨૩૦૦ નો ચઢાવો લઈ પૂજ્ય ગુરુદેવોનાં પગલાં, પૂજન, પ્રભાવના કરેલ. સંઘ તરફથી તે નિમિત્તે તથા આ. ત્રિલોચનસૂરિ મ.ના સ્વર્ગગમન નિમિત્તે ચૈત્રી ઓળીનો ઉત્સવ સુંદર થયેલ. પૂ.આ. શ્રી ની નિશ્રામાં બેંગલોરથી કુંભોજગિરિ પદયાત્રા સંઘ, કોલ્હાપુર વગેરેમાં સિદ્ધચક્રપૂજન, શાન્તિસ્નાત્ર ને કવલાપુર તીર્થમાં પ્રતિષ્ઠા શાનદાર ઉજવાયેલ. હાલ પૂ. શ્રી કુંભોજ તીર્થમાં ચમત્કારિક શ્રી કલિકુંડ પાર્શ્વનાથના પ્રવેશ નિમિત્તે ઉત્સવમાં પધારેલ છે. પછી પૂ.આ. ભુવનતિલકસૂરિ મ.ની છટ્ઠી પુણ્યતિથિ તથા મુનિ વિનયસેન વિ.ના ૬૬ અટ્ઠમો તથા ૫૦૫ એકાંતરા આયંબિલના પારણાના તથા સા. જિતેન્દ્રશ્રીની ૮૮ મી ઓળીના પારણાના ઉત્સવ પર ઈસ્લામપુર પધારશે. ચોમાસું કોલ્હાપુરનું નક્કી થયેલ છે. બધે પૂ.આ. શ્રી તથા મુનિશ્રી વીરસેન વિ.મ.ના પ્રવચનો સુંદર થતા.

● **ધુળીયા :** અત્રે વૈ.સુ. ૫ આચાર્યદેવશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે પૂ. ગણિવર્યો શ્રી રંગવિજયજી મ. શ્રી ગુણાનંદવિજયજી મ. શ્રી સુધાંશુવિજયજી મ. તથા શ્રી ધનપાલવિજયજી મ.ને પંન્યાસપદે આરૂઢ કરવામાં આવ્યા. સંઘે ઉત્સવાદિ ધામધૂમ સુંદર કરી, બહારગામોથી ભક્તો સારા આવેલા.

અત્રે વૈ. સુદ-૭ પૂ. આચાર્યદેવો શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજ તથા શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં અત્રેના માળ પરના ભવ્ય શ્રી



શીતલનાથ જિનમંદિરના ભૂમિતલ મંદિરમાં ભવ્ય દેવકુલિકામાં પ્રાચીન શ્રી ચંદ્રપ્રભસ્વામીના બિંબ તથા અન્ય જિનબિંબોનો પ્રતિષ્ઠાવિધિ સુંદર ઉજવાયો. દેવકુલિકાની અંદર અને બહારના ભાગમાં સુંદર પેન્ટિંગ કાચ-સોનેરી કામમાં અષ્ટ પ્રાતિહાર્ય અષ્ટાપદજી સમવસરણ તથા વેલ વગેરેની સુશોભિતતા કરવામાં આવેલી. વિધિકારકો શ્રી મનસુખલાલ રીખવચંદ ને પ્રેમચંદ કોઠારીએ ૐ પુણ્યાહં...શ્રી શ્રમણ સંઘસ્ય શાન્તિર્ભવતુ...ના નાદ સંઘને ગજવતાં ગચ્છાધિપતિ પૂ.આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ તરફથી અપાયેલ લગ્ન સમય આવતાં ૭-૫૨ મિનિટે શેઠ માણેકચંદ ધર્માજીએ પ્રભુજીને ગાદીનશીન કરેલ. એમના તરફથી નવકારશી જમણ આપવામાં આવેલ.

● **અમદાવાદ :** અત્રે વૈ.સુ. ૫. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના વરદહસ્તે મુંબઈના સુરતી શ્રી અંજનકુમાર ચીમનલાલ (B.Com.) જેઓ C.A. નું કરતા હતા, એમની ભાગવતી દીક્ષા થઈ અને એમને સંસારિપણે એમના બંધુ હાલ પૂ. મુનિરાજશ્રી અભયશેખરવિજયજી મ. ના શિષ્ય તરીકે મુનિશ્રી અજિતશેખરવિજયજી નામથી જાહેર કરવામાં આવ્યા.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૨૬,અંક-૩૯,તા.૨૭-૫-૧૯૭૮

● **ફાગણા :** ધુળીયાથી ૫ માઈલ દૂર આવેલ આ ગામમાં ગૃહમંદિર હતું. તેની સ્થાપના સ્વ. પૂ.આ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.ની શુભ પ્રેરણાથી થયેલ. દિનપ્રતિદિન લોકોની ભાવના વધતાં અત્રે શિખરબંધી જિનાલયની જરૂર લાગવાથી સ્વ.પૂ.આ. શ્રી ત્રિલોચનસૂરીશ્વરજી મ. સાહેબે ધુળીયાના સંઘને આ અંગે પ્રેરણા કરેલી. તદનુસાર ધુળીયા સંઘે ભારે જહેમત ઉઠાવી આ જિનાલયના નિર્માણની જવાબદારી માથે લઈ લીધી. કારીગર શ્રી વસંતકુમાર વેલજીભાઈએ ટૂંક સમયમાં આ જિનમંદિર ઊભું કર્યું. આ જિનાલયમાં બિરાજિત થનારા મૂળનાયક શ્રી મહાવીરસ્વામી આદિ જિયબિંબોને ગાદીનશીન કરવાનો મહોત્સવ શરૂ થયો. પરમગીતાર્થ પૂ.આ. દેવ શ્રીમદ્વિજય હીરસૂરીશ્વરજી મ. તથા વર્ધમાન તપોનિધિ પૂ.આ.દેવ શ્રીમદ્વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં વૈ.સુ. ૧૨ના રોજ ખૂબ ધામધૂમથી પ્રતિષ્ઠા થઈ. ઉછામણી સમયાનુસાર સારી થઈ. શિખરબંધી જિનાલય માટે ગૃહમંદિરવાળા સુશ્રાવક જવરીલાલ કાન્તિલાલ સંઘવીએ ઉદારતાપૂર્વક જગ્યા ભેટ આપી.

● **સુરત :** મુંબઈ તરફના વિહારમાં મધુરવક્તા પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ. અત્રે મોહનલાલજીના ઉપાશ્રયે પધારતાં પાંચ દિવસના રોકાણમાં સવાર-બપોર રોચક વ્યાખ્યાન થયાં. વીરસૈનિકોએ બપોરે વિશેષ લાભ લીધો. બપોરે 'આહારશુદ્ધિ પ્રકાશ' ઉપર વાચના થઈ. રવિવાર સવારે વીરસૈનિકોના ભવનમાં સામુદાયિક સામાયિક સ્તોત્રપાઠ અને 'સ્વથી આત્માનુશાસન' એ વિષય પર પ્રવચન થયું. વિદ્યાર્થીઓને સારો રસ રહ્યો. શ્રીફળની પ્રભાવના થઈ. પૂ. મુનિશ્રીથી સંપાદિત 'આહારશુદ્ધિ પ્રકાશ' ગ્રંથ પર સુરતમાં ૧૮મી જૂને વિદ્યાર્થીઓની પરીક્ષા થશે, ઈનામો વહેંચાશે. પૂજ્યશ્રી વિહાર કરી ચૈ.વ. ૧૧ નવસારી પધારતાં સંઘનો ૧૫ દિવસ રોકાવા ખૂબ આગ્રહ છતાં ૨-૩ દિવસ રોકાશે. ત્યાંથી વિહાર લંબાવતાં પ્રાયઃ સુદ-૫ વલસાડ, સુદ-૯ વાપી થવા સંભવ છે.

● **પુના :** અત્રે પ્રખરવક્તા પૂ. મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ પધારતાં શિવાજીનગરથી માંડીને પુના શહેર, ભવાનીપેઠ, આદિનાથ સોસાયટી, પુના લશ્કર વગેરેમાં જોરદાર પ્રવચનો થતાં યુવાનવર્ગમાં ધર્મભાવનાનો જબરદસ્ત જુવાળ ચડી ગયો. કેટલાય નવયુવકો વગેરેનાં હૃદયપરિવર્તન થયાં. આજના જમાનાનાં ભયંકર દૂષણો સિનેમા, અભક્ષ્ય ભક્ષણ વગેરેનાં ત્યાગનાં નિયમો લેવાયા. એક મહાન વિશેષતા એ થઈ કે રાજસ્થાની ઓસવાલ વર્ગમાં જે કુસંપ ચાલતો હતો તેનું નિરાકરણ થયું. હાલ તેઓશ્રી ગૃહમંદિરની પ્રતિષ્ઠા તથા વિશ્રામ માટે ઉરલીકાંચન પધાર્યા છે. તા. ૧૫ પછી પુનઃ પુના પધારી ત્યાં થોડા દિવસ રોકાઈ મુંબઈ-ભાયખલા ચાતુર્માસાર્થે વિહાર કરશે...

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** વર્ષ-૨૬,અંક-૪૦,તા.૩-૬-૧૯૭૮

● **ગુડા બાલોતરા :** અત્રેથી પહેલી જ વાર સંઘપતિ સાકલચંદજી સોહનરાજજી અને હિંમતમલજીએ ઘણી જ ઉદારતાપૂર્વક છ'રી' પાલિત સંઘ સાથે ચૈત્ર વ. ૯ ના સવારે ૬ા વાગે પ્રયાણ કર્યું હતું. બે હાથી, ચાંદીની ઈન્દ્રધજા વગેરેથી યુક્ત આ પ્રમાણે લોકોના મન ખૂબ ઉલ્લસિત બનાવ્યા. સંઘમાં આવેલ દીક્ષાર્થી સુમનકુમારીની દીક્ષા નાકોડામાં વૈ.સુ. ૫ ના રોજ થઈ. ગુરુણીનું નામ પુણ્યરેખાથી રાખી તેમનું નામ પૂ. સાધ્વીજી શ્રી સૌમ્યરેખાશ્રીજી રાખવામાં આવ્યું. નાકોડામાં ઉલ્લાસમય વાતાવરણમાં તીર્થમાળ થઈ. યાત્રિકોને સારી એવી પ્રભાવના થઈ.

● **અમદાવાદ :** અત્રે ગિરધરનગરમાં વ્યાખ્યાન વાચસ્પતિ પરમ શાસન-



પ્રભાવક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ આદિ ૧૧૪ મુનિરાજો તથા ૩૫૦ જેટલા સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં મુંબઈ નિવાસી મુમુક્ષુ અંજનકુમાર(C.A.)ની ખૂબ જ ઉલ્લાસપૂર્વક દીક્ષા ઉજવાઈ ગઈ. મુમુક્ષુ અંજનકુમારને લક્ષ્મીવર્ધક જૈન સંઘ, ગીરધરનગર જૈન સંઘ તરફથી માનપત્ર અપાયા. અંજનકુમારે બંને જગ્યાએ ખૂબ સુંદર વક્તવ્ય કર્યું. અંજનકુમારનું નામ મુ. શ્રી અજિતશેખર-વિજયજી રાખી તેમને પૂ.મુ. શ્રી અભયશેખરવિજયજીનાં શિષ્ય તરીકે જાહેર કર્યા. દીક્ષા બાદ પૂજ્યશ્રીએ ૧ કલાક ખૂબ સુંદર હિતશિક્ષા આપી.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** વર્ષ-૨૬,અંક-૪૨,તા.૧૭-૬-૧૯૭૮

● **નાગપુર :** અત્રે પૂ. મુનિરાજશ્રી ચરણપ્રભવિજયજી મહારાજને સુધારો થતો આવે છે. હજી બોલવામાં મુશ્કેલી રહે છે, સ્વ. સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની વૈ.વ. ૧૧ વાર્ષિક ૧૦મી સ્વર્ગતિથિ હોઈ એઓશ્રીના ગુણાનુવાદ કરવાની ખૂબ ધગશ, છતાં બોલી ન શકવાથી એમણે ગુણાનુવાદ લખી આપેલ તે ઘણાજણ વાંચી ગુણગણભંડાર સ્વર્ગસ્થ પૂજ્યશ્રી ઉપર ઓવારી ગયેલ. આ દિવસે પૂ. શ્રી ચરણપ્રભવિજયજી મ.ના સાંસારિકપણે માતુશ્રી શ્રી કાન્તાબેન તરફથી અત્રે શ્રી નવપદજીની પૂજા ભણાવવામાં આવેલ. કર્મની વિચિત્રતા કેવી કે હવે એઓશ્રી તરફથી જાણવા મળે છે કે ટ્રકના ધક્કાથી ફેંકાઈ ગયેલ, ૨-૩ મિનિટ મૂર્છિત થયા પછી ઊઠી રોડ ઉપર આવેલ ત્યારે બોલી શકાતું, આગળ ચાલતાં બળ ગયું, સૂઈ ગયા, નાગપુર સંઘવાળા આવી લઈ ગયા. ઉપાશ્રયે એક દિવસ મુનિશ્રીએ રાહ જોવા કહ્યું, પણ પછી મૂઢ મારની અસર વધતાં બોલવાનું બંધ થવા માંડ્યું તેથી બીજે દિવસે હૉસ્પિટલમાં દાખલ કરાયા. ત્યાં બે દિવસ ભયંકર સ્થિતિ રહી. પણ મુનિશ્રીનાં મોંમાં 'અરિહંત' આંગળી પર સિદ્ધશિલા, ને મનમાં સિદ્ધનું ધ્યાન રહેતું. વળી મનમાં તીવ્ર ઈચ્છા કે 'આ હૉસ્પિટલના આરંભસમારંભ કરતાં ઉપાશ્રયે જઈ અણસણ કરી લઉં,' પરંતુ બોલી ન શકવાથી મનની મનમાં રહી ગઈ. ત્યારે 'કર્મ તો જડ છે આત્માને કશું ન કરી શકે' એવા એકાંત નિશ્ચય અર્થાત્ પોકળ નિશ્ચયવાદી અહીં શું સમાધાન આપે ? બાકી 'બંધ સમય ચિત્ત ચેતીએ, ઉદયે શ્યો સંતાપ ?' એ અહીં મન પર અંકિત કરવું જોઈએ.

● **અચલગઢ :** અત્રે પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ.ની નિશ્રામાં

રાજસ્થાન શિબિર સમિતિ તરફથી તા. ૨૮-૫-૭૮થી ધાર્મિક આધ્યાત્મિક શિક્ષણ-સંસ્કરણની શિબિર ચાલી રહી છે. ૧૩૦ વિદ્યાર્થીઓ છે. એમાં ૧૬ વિદ્યાર્થી અંગ્રેજી માધ્યમથી અને ૧૧૫ હિન્દી માધ્યમથી શીખી રહ્યા છે. રાજસ્થાનના હેલ્થ મિનિસ્ટર શ્રી ત્રિલોકચંદજી જૈને ઉદ્ઘાટન કરેલ. હિમાચલ પ્રદેશના તથા પંજાબના નાણાપ્રધાને મુલાકાત લઈ આવી શિબિરની અતીવ ઉપયોગિતા જણાવેલ. વૈ.વ. ૧૧ પૂ. સિદ્ધાંતમહોદધિ આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ની ૧૧ મી સ્વર્ગતિથિ પર વિદ્યાર્થીઓએ સારી સંખ્યામાં ઉપવાસ આયંબિલ વગેરે કરેલ.

● **અમલનેર :** પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી પૂ.પં. શ્રી ગુણાનંદવિજયજી મ. પૂ. મુનિરાજશ્રી ગુણસુંદરવિજયજી મ. આદિનું ચોમાસું ધુળિયા ખાતેનું, તથા પૂ. મુનિરાજશ્રી ભુવનસુંદરવિજયજી મ. આદિનું નંદુરબાર ખાતેનું ચોમાસું નક્કી થયું છે. પૂ. આચાર્યદેવશ્રીએ સપરિવાર જેઠ સુદ-૫ જલગામ તરફ વિહાર કર્યો, સુદ-૧૦ ત્યાં પ્રવેશની ધારણા છે. સુદ-૫ પહેલા મુકામ ચાંદનીકુરા ખાતે સ્વ. શેઠ શ્રી મણિલાલ મોહનલાલના સુપુત્રો બિપિનચંદ્ર રમેશચંદ્ર વગેરે તરફથી અમલનેર સંઘને આમંત્રણ આપી સંઘભક્તિનો કાર્યક્રમ રાખેલ.

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ અત્રેથી વિહાર કરીને જેઠ સુદ-૧૦ના રોજ જલગામમાં ચાતુર્માસ નિમિત્તે પ્રવેશ કરવા ધારે છે.

**પત્ર લખવાનું સરનામું : C/o, શિવલાલ ગુલાબચંદ દાણાપીઠ, જલગામ.**

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૨૬,અંક-૪૩,તા.૨૪-૬-૧૯૭૮**

● **ઈસ્લામપુર :** અત્રે રાયગાંધી પરિવાર તરફથી શ્રીમતી સાંકલીબેન તથા હસ્તુબેનના એકાંતર ૫૦૦ આયંબિલ પૂર્ણાહુતિ નિમિત્તે પૂ.આ. શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં જેઠ સુદ-૧૦ થી પંચકલ્યાણક જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ તથા સુદ-૧૫ થી સિદ્ધચક્રમહાપૂજનનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. વિધિવિધાન માટે કોલ્હાપુરથી શ્રી ચંદુભાઈ ગાંધી, સંગીતકાર સુરેન્દ્રભાઈ, સાંગલીથી સંઘવી રમણીકભાઈ, કરાડથી ચંદ્રકાંતભાઈ અધ્યાપક તથા સ્થાનિક શ્રી વેલજીભાઈ લ. તેમજ શંખેશ્વરજી ગવૈયા મુળચંદજી અને કોલ્હાપુર ગુજરી જૈન સેવા મંડળે આવી જિનભક્તિનો ઠાઠ જમાવેલ. પૂ.શ્રીના 'તપસ્યાથી શા લાભ' એ વિષય પર રોચક પ્રવચન થયેલ.



● **જલગાંવ :** અત્રે પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. નો વિશાળ પરિવાર સાથે જે.સુ. ૧૦ સંઘના ભવ્ય સ્વાગતપૂર્વક ચાતુર્માસાર્થે પ્રવેશ થયો છે. પ્રવેશ તથા સ્વ.પૂ.આ. શ્રી વિજયત્રિલોચનસૂરીશ્વરજી મ.ના સ્વ. નિમિત્તે આજથી પંચાહ્નિકા મહોત્સવ શરૂ છે. (સરનામુ- જૈન શ્વે. મંદિર-ઉપાશ્રય, કોંગ્રેસભવન સામે, અથવા C/o. શિવલાલ ગુલાબચંદ પો.બો. જળગાંવ)

● **આહાર શુદ્ધિ પ્રકાશ :** ગ્રંથની સુરતમાં તા. ૧૮-૬-૭૮ના રાખવામાં આવેલી પરીક્ષા પુસ્તકો મોડા મળવાથી તા. ૨૩-૭-૭૮ ના રાખવામાં આવી છે.

● **મણુંદ :** અત્રે જિનેન્દ્ર ભક્તિનો અષ્ટાન્હિકા મહોત્સવ ભવ્ય ઉજવાયો. એમાં જળયાત્રાનો વરઘોડો પણ સુંદર નીકળ્યો. એમાં હાથી પણ લાવવામાં આવેલ. વિશેષમાં અત્રેના વતની હાલ અમદાવાદનિવાસી શ્રી સુરેશચંદ્ર અંબાલાલ જેમના મોટા સુપુત્ર હેમંતકુમાર માલેગામમાં ગત મહા વદ-૧૧ દીક્ષા અંગીકાર કરી મુનિશ્રી હરિકાન્તવિજયજી બનેલા. સુરેશભાઈ-સરલાબેનના નાના સુપુત્ર મુમુક્ષુ રાજેશકુમાર અત્રે પેન્ટ-બુશર્ટ અને સાફાથી સજ્જ થઈ વરસીદાન દઈ રહ્યા હતા. જૈનો અને ઈતરો સહિત આખું ગામ આવડો છોકરો દીક્ષા લેવાનો છે ? એમ હર્ષવિભોર બનેલ. ઉછળી ઉછળીને દાન દેતા રાજુભાઈનો રૂવાબ લોકોને કામણ કરતો. ગામમાં ૮૦ વરસમાં અને સુરેશભાઈની સાત પેઢીમાં આ પ્રસંગ પહેલો હતો.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૨૬,અંક-૪૪,તા.૧-૭-૧૯૭૮**

● **લીંબડી :** અત્રે પૂ.આ.શ્રી વિજય વર્ધમાનસૂરીશ્વરજી મ. શ્રી રૈવતસૂરીશ્વરજી મ. તથા પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ.નો સંઘના ખૂબ ઉત્સાહ સાથે ઠાઠમાઠથી જે. સુ. ૪ ચાતુર્માસાર્થે મંગલ પ્રવેશ થયો. એઓશ્રી ડભોઈથી વિહાર કરી વડોદરા છાણી વગેરેને પાવન કરતાં ખંભાત પધારેલ. ત્યાં પૂ.આ.શ્રી વિજય રવિચંદ્ર સૂ.મ. આદિ બિરાજમાન હતા. વૈ.વ. ૧૧ પરમારાધ્યપાદ સિદ્ધાંતમહોદધિ સ્વ. આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગતિથિની ઉજવણી પંચાહ્નિકા મહોત્સવ શાંતિસ્નાત્ર વગેરે ઠાઠમાઠથી થઈ. શ્રી સંઘ વંદનાર્થે જળયાત્રાના વરઘોડા સાથે સમાધિમંદિરે ગયેલ. ત્યાં ભાતું અપાયેલ. વરઘોડો પાછો જૈન શાળાએ આવેલ. ત્યાં પૂજ્યપાદશ્રીના અદ્ભુત ગુણો પર પ્રવચન સુંદર થયેલ.

● **અચલગઢ :** અત્રે આધ્યાત્મિક જ્ઞાન શિબિર તા. ૨૮ મેથી ૧૨ જૂન સુધી પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ.ની નિશ્રામાં થઈ. તેમાં મેટ્રીકથી (એમ.કોમ.) સુધીના ૧૩૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. અંગ્રેજી વિભાગમાં ફાન્સના પ્રોફેસર જહોન વિલીયમે ત્રણ દિવસ કલાસ ભરેલ. હિન્દી વિભાગમાં મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ, રાજસ્થાન અને અન્ય પ્રાંતોના વિદ્યાર્થીઓ હતા. સમાપનસમારોહમાં રાજસ્થાનના ગવર્નર રઘુકુલતિલકના હાથે પારિતોષિક વિતરણ થયેલ. એમણે દર વર્ષે આવી શિબિરની હિમાયત કરેલી. સુવર્ણપદક, રજતપદક, કપ, પૂજાની જોડ, પૂજાની પેટી, દહેરાસરની પેટી, વગેરે ઈનામ તરીકે આપવામાં આવેલ. વિશેષ નિયમો, જીવનભર માટે સિનેમાત્યાગ ૧૩ વિદ્યાર્થીઓ, જમીનકંદત્યાગ ૨૫ વિદ્યાર્થીઓ, જિનપૂજા ૨૦ વિદ્યાર્થીઓ, સપ્તવ્યસનત્યાગ ૬૯ વિદ્યાર્થીઓ, સામૂહિક કુલ સામાયિક ૩૮૮૧, ઉપ. ૧૪ આયંબિલ ૩૩, એકાસણા ૯૩ થયેલ. ધુમ્રપાનત્યાગ, નવલાખજાપ, માતા-પિતાને પ્રણામ વગેરે પણ અભિગ્રહો વિદ્યાર્થીઓએ ઈચ્છાથી લીધા હતા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૬,અંક-૪૫,તા.૮-૭-૧૯૭૮

● **જલગાંવ :** અત્રે પૂ.આ.શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં શ્રી ચતુર્વિધ સંઘને 'મંગલં ભગવાન વીરો' કેવી રીતે થયા ? એ વિષય પર સવારે વ્યાખ્યાન તથા 'શ્રી ધર્મબિન્દુ' સૂત્ર પર વાચના, બપોરે જીવન-ઉત્થાન પર વ્યાખ્યાન તથા શ્રી આવશ્યક સૂત્ર રહસ્ય પર વાચના અપાય છે. પૂ. મુનિરાજોને શ્રી નિશીથ સૂત્ર, શ્રી લોકપ્રકાશ, બાળમુનિરાજોને નવતત્ત્વ, દંડક સંસ્કૃત સરળભાષા વગેરેની વાચના અપાય છે. પૂ. મુનિરાજશ્રી શોભનવિજયજી મહારાજને માસખમણની મહાન તપસ્યા ચાલુ છે, એની પૂર્ણાહુતિ અષાઢ વદિ ૬ મંગળવારે ૩૦મો ઉપવાસ આવે છે. બાકી પૂ. જયસોમ વિ.મ.ને ૮૫મી ઉપર લાગટ ૮૬મી વર્ધમાન આયંબિલ તપની ઓળી, પૂ.મુ. શ્રી વિમળસેન વિ. મ. ને ૮૨મી તથા બીજા મુનિઓને પણ ઓળીઓ વગેરે તપ ચાલે છે. અષાઢ સુ. ૧૧ નૂતનદીક્ષિત પૂ. બાળમુનિરાજશ્રી હરિકાન્તવિજયજી મ.ને વર્ધમાન આયંબિલતપના પાયાનું સુખરૂપ પારણું થયું. પૂજા-પ્રભાવના થયું. અષાઢ સુ. ૧૨ સોમવારથી વ્યાખ્યાનમાં શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય શાસ્ત્ર તથા શ્રી શાન્તિનાથચરિત્ર વંચાવવા નિમિત્તે વરઘોડો, વહોરાવવાનું, તથા પૂજનની ઉછરામણી સારી થઈ.



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૬,અંક-૪૬,તા.૧૪-૮-૧૯૭૮

● **લીંબડી :** અત્રે પૂ. આચાર્યદેવોશ્રી વિજય વર્ધમાનસૂરીશ્વરજી મ. તથા શ્રી વિજય રૈવતસૂરીશ્વરજી મ.ના વરદ હસ્તે અષાઢ સુ. ૭ પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ.ને પંચમાંગ શ્રી ભગવતીજીના યોગોદ્વહનમાં એની અનુજ્ઞા રૂપે શ્રી ગણિપદ પ્રદાન વિશાળ ચતુર્વિધ સંઘ સભામાં કરવામાં આવેલ. આ નિમિત્તે જેતારણવાળા શેઠ શ્રી મુળરાજજી તરફથી ભવ્ય જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ યોજવામાં આવેલ. દેવગુરુની પરમ કૃપાથી ગણિપદ મહોત્સવ સંઘના ખૂબ ઉલ્લાસ સાથે ભવ્ય ઉજવાઈ ગયો. બહાર ગામોથી નૂતન ગણિવર્યશ્રીનાં લગભગ છસો પરિચિતો આવેલા. રથયાત્રાનો વરઘોડો પણ ભવ્ય નીકળેલો. ચિંતામણિ પાર્શ્વનાથ પૂજન અને શાંતિસ્નાત્રમાં બે-બે હજાર સ્ત્રી પુરુષોની હાજરી... રાત્રે ભાવનામાં ત્રણ-ત્રણ હજાર માણસ... પદપ્રદાન સમારોહ જૈન બોર્ડિંગના વિશાળ કમ્પાઉન્ડમાં બંધાવાયેલા વિશાળ મંડપમાં ઉજવાયો. જયપુર, ઉદેપુર, બ્યાવર, ઈન્દૌર મહેસાણા, ભીવંડી, ભાયખલા, ઘાટકોપર, આણંદ, ડભોઈ, વાંકાનેર ફલોધી... વગેરે ગામોના આગેવાનો આવેલા. પ્રથમની ત્રણ કામળી વહોરાવવાની બોલી અનુમોદનીય થયેલી... સ્વામિવાત્સલ્ય થયેલું. પૂ. નૂતન ગણિવર્યશ્રીનાં તાત્ત્વિક પ્રવચનોથી સ્થાનિક સંઘનો ઉલ્લાસ ખૂબ વધી રહ્યો છે. રવિવારનાં બે જાહેર વ્યાખ્યાનોમાં જગાની અગવડ ઊભી થઈ ગઈ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૬,અંક-૪૮,તા.૨૬-૮-૧૯૭૮

## સિદ્ધાંત મહોદધિ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના સમુદાયની ચાતુર્માસ નોંધ

૧. ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી. રામચંદ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી. મહોદયસૂરિજી મ. આદિ ૩૩ દશાપોરવાડ જૈન સોસાયટી, પાલડી, **અમદાવાદ-૭**

૨. પૂ. આ. શ્રી. ભક્તિસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. પં શ્રી. લલિતવિજયજી ગણિ આદિ ૫ કાળુશીની પોળ, **અમદાવાદ-૧**

૩. પૂ. આ. શ્રી. કનકચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. ઉ. શ્રી. મહિમાવિજયજી

ગણિ આદિ ૬, **રતલામ**

૪. પૂ. આ. શ્રી. વર્ધમાનસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આ. શ્રી. રૈવતસૂરીશ્વરજી મહારાજ પૂ. ગણિવર શ્રી ભદ્રગુપ્ત વિ. ૧૨ **લીંબડી**

૫. પૂ.આ.શ્રી સુદર્શનસૂરીશ્વરજી મ. ૨ લક્ષ્મીવર્ધક જૈનસંઘ,પાલડી,**અમદાવાદ-૭**

૬. પૂ.આ.શ્રી જયંતશેખરસૂરીશ્વરજી મહારાજ તથા પૂ.પં.શ્રી નિત્યાનંદવિજયજી ૫ **નવરંગપુરા, અમદાવાદ-૯**

૭. પૂ. આ. શ્રી હીરસૂરીશ્વરજી મહારાજ તથા પૂ.આ.શ્રી ધનપાલવિજયજી-૮, **અમલનેર (મહા.)**

૮. પૂ. આ. શ્રી મુક્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા પૂ.પં. હર્ષવિજયજી ગણિ ૧૨, નગીનદાસ મંડપ-પાટણ

૯. પૂ. આ. શ્રી હિમાંશુસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આ. શ્રી નરરત્નસૂરીશ્વરજી મહારાજ, **વેરાવલ.**

૧૦. પૂ. આ. શ્રી રાજતિલકસૂરીશ્વરજી મહારાજ, **રાજપુર (ડીસા)**

૧૧. પૂ. આ. શ્રી ભુવનભાનૂસૂરીશ્વરજી મ. ૨૧, **જલગાંવ**

૧૨. પૂ. આ. શ્રી રવિચંદ્રસૂરીશ્વરજી મહારાજ ૪, જૈનશાળા, **ખંભાત**

૧૩. પૂ. આ. શ્રી માનતુંગસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. પં. શ્રી હરિપ્રભવિજયજી ગણિ પૂ. પં. શ્રી રવિપ્રભવિજયજી ગીરધરનગર, **અમદાવાદ-૪**

૧૪. પૂ. આ. શ્રી ભદ્રંકરવિજયજી ગણિ તથા પૂ. પં. શ્રી પ્રદ્યોતનવિજયજી ગણિ પૂ. ગણિ શ્રી ધર્મજિતવિજયજી ૧૪, **પીંડવાડા (રાજ.)**

૧૫. પૂ. પં. શ્રી રંગવિજયજી ગણિ-૪, **પાંચોરા (મહા.)**

૧૬. પૂ. પં. શ્રી ગુણાનંદવિજયજી ગણિ-૩, **ધૂળિયા (મહા.)**

૧૭. પૂ. પં. શ્રી મિત્રાનંદવિજયજી ગણિ-૪, **નડીયાદ**

૧૮. પૂ. પં. શ્રી ભદ્રાનંદવિજયજી ગણિ-૩, શાંતિભુવન, **જામનગર**

૧૯. પૂ. પં. શ્રી યશોભદ્રવિજયજી ગણિ તથા પૂ. પં. શ્રી જયઘોષવિજયજી ગણિ-૧૩, ભગવાનનગરનો ટેકરો, પાલડી, **અમદાવાદ**

૨૦. પૂ. પં. શ્રી સુધાંશુવિજયજી ગણિ-૨ વડાલા રોડ-**મુંબઈ**

૨૧. પૂ. પં. શ્રી વિચક્ષણવિજયજી ગણિ-૨, ન્યુ પ્લોટ, **રાજકોટ**

૨૨. પૂ. પં. શ્રી જિનપ્રભવિજયજી ગણિ-૫, **ગોળ-જાલોર** (રાજ.)

૨૩. પૂ. મુ. શ્રી ભાવવિજયજી મ. ૩, **લાસ** (રાજ.)



૨૪. પૂ. મુ. શ્રી મતિવિજયજી મ. ૨, **મોરબી**

૨૫. પૂ. મુ. શ્રી પદ્માકરવિજયજી મ. ૨, કૃષ્ણનગર, અમદાવાદ

૨૬. પૂ. મુ. શ્રી પુણ્યોદયવિજયજી મ. ૨, **શિવગંજ** (રાજ.)

૨૭. પૂ. મુ. શ્રી ચંદ્રપ્રભવિજયજી મ. તથા પૂ. મુ. યોગીન્દ્રવિજયજી મ. ૫, **પાડીવ** (રાજ.)

૨૮. પૂ. મુ. શ્રી મહાપ્રભવિજયજી મ. ૨, **વઢવાણ**

૨૯. પૂ. મુ. શ્રી નિરંજનવિજયજી મ. ૨, શ્રીપાલનગર-**મુંબઈ**

૩૦. પૂ. મુ. શ્રી દેવભદ્રવિજયજી મ. ૨, **કરજણ**

૩૧. પૂ. મુ. શ્રી હીરવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી વિદ્યાનંદવિજયજી મ. ૨, **ધંધુકા**

૩૨. પૂ. મુ. શ્રી જયભદ્રવિજયજી મ. ૨, આરાધના ભુવન-**દાદર**

૩૩. પૂ. મુ. શ્રી ધર્મગુપ્તવિજયજી મ. ૪, હીન્ડૌનસીટી (મ.પ્ર.)

૩૪. પૂ. મુ. શ્રી રાજેન્દ્ર વિ. મ. ૪, લાલબાગ-મુંબઈ

૩૫. પૂ. મુ. શ્રી મહાયશ વિ. મ. ૨, **સુમેરપુર** (રાજ.)

૩૬. પૂ. મુ. શ્રી ચંદ્રશેખર વિ. મ. ૫, **ભાયખલા**

૩૭. પૂ. મુ. શ્રી હેમચંદ્ર વિ. મ. ૮, **વીલેપારલા-વેસ્ટ**

૩૮. પૂ. મુ. શ્રી જિતેન્દ્ર વિ. મ. ૬, **ગઢસીવાણા** (રાજ.)

૩૯. પૂ. મુ. શ્રી જયશેખર વિ. મ. ૫, પગથિયાનો ઉપાશ્રય, **અમદાવાદ**

૪૦. પૂ. મુ. શ્રી જગચ્ચંદ્ર વિ. મ. ૫, ઘાટકોપર-**મુંબઈ**

૪૧. પૂ. મુ. શ્રી મનોગુપ્ત વિ. મ. ૨, **મહેસાણા**

૪૨. પૂ. મુ. શ્રી રાજશેખર વિ. મ. ૩, **વાપી**

૪૩. પૂ. મુ. શ્રી ગુણરત્ન વિ. મ. **તખતગઢ** (રાજ.)

૪૪. પૂ. મુ. શ્રી પ્રભાકર વિ. મ. ૨, **નવાડીસા**

૪૫. પૂ. મુ. શ્રી વીરશેખર વિ. મ. ૨, **માલેગામ** (મહા.)

૪૬. પૂ. મુ. શ્રી ધનેશ્વર વિ. મ. ૨, **અહમદનગર** (મહા.)

૪૭. પૂ. મુ. શ્રી મહાબલ વિ. મ. પૂ.મુ. પુણ્યપાલ વિ. મ. ૮, પંકજ સોસાયટી, **અમદાવાદ-૭**

૪૮. પૂ. મુ. શ્રી અમરગુપ્ત વિ. મ. ૫, છાપરીયા શેરી, **સુરત**

૪૯. પૂ. મુ. શ્રી ચંદ્રકીર્તિ વિ. મ. ૨, **શાહપુર** (મહા.)

૫૦. પૂ. મુ. શ્રી વારિષેણ વિ. મ. ૨, કોસેલાવ (રાજ.)
૫૧. પૂ. મુ. શ્રી નરચંદ્ર વિ. મ. ૩, મણિનગર, **અમદાવાદ**
૫૨. પૂ. મુ. શ્રી અક્ષય વિ. મ. ૩, જૈન સેનેટરીયમ, **સુરેન્દ્રનગર**
૫૩. પૂ. મુ. શ્રી જયભૂષણ વિ. મ. ૩, **માટુંગા**
૫૪. પૂ. મુ. શ્રી જયવિજયજી મ. તથા નરવાહન વિ.મ. ૧૨, જ્ઞાનમંદિર, **અમદાવાદ**
૫૫. પૂ. મુ. શ્રી ચરણપ્રભ વિ. મ. ૨, **હિંગનઘાટ** (મહા.)
૫૬. પૂ. મુ. શ્રી કીર્તિભૂષણ વિ. મ. ૨, **ટીંટોઈ**
૫૭. પૂ. મુ. શ્રી ભદ્રશીલ વિ. મ. ૩, **થાનગઢ** (સૌરાષ્ટ્ર)
૫૮. પૂ. મુ. શ્રી નયરત્ન વિ. મ. ૨, **નિમચ** (મ.પ્ર.)
૫૯. પૂ. મુ. શ્રી ભુવનચંદ્ર વિ. મ. ૨, **છાણી** (વડોદરા)
૬૦. પૂ. મુ. શ્રી જયચંદ્ર વિ. મ. ૨, હીરસૂરિ જૈન ઉપાશ્રય, **મલાડ ઈસ્ટ**
૬૧. પૂ. મુ. શ્રી નિર્વાણ વિ. મ. ૨, **ઘાણેરાવ** (રાજ.)
૬૨. પૂ. મુ. શ્રી શ્રેયાંસપ્રભ વિ. મ. ૨, **રાધનપુર**
૬૩. પૂ. મુ. શ્રી ભુવનસુંદર વિ. મ. ૨, **નંદુરબાર** (મહા.)
૬૪. પૂ. મુ. શ્રી ગુણસુંદર વિ. મ. ૨, **યેવલા** (મહા.)

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૨૭,અંક-૨,તા.૯-૯-૧૯૭૮**

● **જળગાંવ :** અત્રે પૂ.આ.શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો અને સ્થાનકવાસી બંને સંઘમાં ધર્મનો જય જયકાર થઈ રહ્યો છે. પર્યુષણાના ઉપલક્ષમાં તપસ્યાઓની ધૂમ ચાલી. ૧૯ માસખમણો એવા થયા કે જેમાં કેટલાય જીવનમાં અઠ્ઠાઈ પણ નહિ કરેલી. અમદાવાદના સુરેશચંદ્ર અંબાલાલની બેબી નીતાએ તો પહેલે તબક્કે ૧૬ ઉપવાસ અને એ પૂરા થતાં સીધા ૧૪ ઉપવાસના પચ્ચ. લઈ લીધા. એવું અત્રેના આગેવાન શિવલાલ ગુલાબચંદના ધર્મપત્ની પ્રભાવતીબેને પણ એ જ પ્રમાણે પચ્ચ. કર્યા. નીતાબેનના કોડ પૂરા કરવા સુરેશભાઈ તરફથી સંઘને પોતાના મુકામે પગલાં કરાવવાં શ્રા.વ. ૧૪ વ્યાખ્યાન પછી વરઘોડો ચડાવવામાં આવ્યો, આગળ ફૂલહારથી શોભતી ૭-૮ મોટર ગાડીઓ ચાલતી, પછી મોટું બેન્ડ સાજન. બાદ મોટર ઉપર નીતાબેન મુમુક્ષુ અરુણાબેન સાથે બેસી વરસીદાન ઉછાળતા મુકામ મંગળ ઘરે મંગળ પ્રવચન પછી સુરેશભાઈ સરલાબેન નીતાબેને ગુરુપૂજન કરી સંઘપૂજન કરેલ. નીતાબેન. અરુણાબેને પૂજ્યશ્રી મુહૂર્ત આપે તે દિવસે ચારિત્ર લેવાનો અભિગ્રહ કર્યો. બીજાઓએ ચૌદશે ઘી ત્યાગનો નિયમ લીધા. નગરમાં ૨૧, ૧૯, ૧૭, ૧૬, વગેરે તપસ્યાઓ પણ સારી ચાલી. અઠ્ઠાઈઓ ઘણી ચાલી. બાળ વીરેન્દ્રકુમાર નંદુભાઈ સાબરમતીવાળાએ (ઉં.૧૨) ચોસઠ પહોરી સાથે અઠ્ઠાઈ લગાવી છે. ભા.સુ. ૬ ભવ્ય વરઘોડો છે. તથા શિવલાલભાઈ તરફથી નવકારશી છે.

● **જળગાંવ-** અત્રે પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સપરિવાર ચોમાસું પધાર્યાથી ચતુર્વિધ સંઘમાં તપસ્યાનો ભારે રંગ ઝળકી રહ્યો છે. બહુ સાધુ સમાગમ અને સાધુચોમાસા નહિ છતાં આ વખતે ધર્મભાવના સારી જાગૃત્ થઈ છે. લગભગ ૩૫ વર્ધમાન આંબેલ તપ પાયા નખાયા. બે બાળ મુમુક્ષુઓ વીરેન્દ્ર અને હિરેને પણ વર્ધમાન આંબેલ તપ પાયો નાખ્યો. માસધરના દિવસ શ્રા.સુ. ૪ ૨૦૦ અઠ્ઠમ થયા એમાં ૮-૧૧-૧૬ વગેરે ઉપવાસ પણ લગભગ ૪૫ જણને શરૂ થયેલ. ભાવના માસખમણની, પણ જેને તેને શક્તિ ન પહોંચી અને પારણું કરવું પડ્યું તેને મન દુઃખ રહી ગયું. અવરનવર પારણાનાં વરઘોડા ચાલ્યા, ઘર આંગણે ચતુર્વિધ સંઘને પધરાવી સંઘ પૂજન થતા ગયા, ત્રણ મુનિવરો અને બે સાધ્વીજી મહારાજાને માસખમણ સુખરૂપ પૂર્ણ થયા. બે સાધ્વીજી મ.ને સિદ્ધિતપ પૂર્ણ થયો. શ્રાવણ વદ-૭ ના વ્યાખ્યાનમાં ભવ્ય દૃશ્ય હતું. આગલે દિવસે વદ-૬ ના રોજે ૧૬ ઉપવાસ પૂર્ણ કરી આજે માસખમણની ભાવનાથી ઉપવાસમાં આગળ વધવાનાં ૧૭ જણે ૧૪ ઉપવાસ વગેરેનાં પચ્ચક્ખાણ કર્યા. ટ્રસ્ટી મંડળે તપસ્વીઓને સવાર બપોર વ્યાખ્યાન સમયે લેવા-મૂકવા જવા મોટરની સગવડ રાખી છે. તપસ્વી પૂ. મુનિરાજશ્રી જયસોમવિજયજી મ. ને શ્રા.વ. ૯ રવિવારે વર્ધમાન આયંબિલ તપની ૮૫ મી ઓળી પર લગાટ ૮૬ મી ઓળી સુખરૂપ પૂર્ણ થાય છે એની અનુમોદનામાં મુંબઈના શ્રી લલિતભાઈ કોઠારી તથા શ્રી છનાલાલભાઈ શાહ આદિ સંબંધીઓ તરફથી અત્રે રવિવારે સંઘમાં અરિહંતનો દરેકને ૫૦ હજાર જાપ સાથે ખીરનાં એકાસણાં અને સોમવારે ધૂળિયા જગદ્‌ગુરુ મંડળની પૂજા રાખવામાં આવી છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૨૭,અંક-૩,તા.૧૬-૯-૧૯૭૮**

● **જળગાંવ :** અત્રે મહાપર્વની આરાધના અભૂતપૂર્વ થઈ. ૮ ઉપવાસ અને

ઉપરની ૩૧ ઉપવાસ સુધીની તપસ્યા ૧૦૮ જણે કરી. ભા.સુ. ૬ તપસ્વીઓનો વરઘોડો અદ્ભુત નીકળ્યો. જળગાંવ નગરના લોકો અને આજુબાજુનાં ગામોમાંથી લોકો હરખભેર જોવા ઉમટેલા. મોટરો રીક્ષાઓ બગી વગેરેની સજાવટ આગળથી જ કરાવા માંડેલી. ધ્વજઘોડેસ્વાર, લેઝિમની ધુન પર ચડેલા યુવાનો, શણગારેલી ગાડીઓમાં તપસ્વીઓ, ટૂંકમાં મહિલામંડળની ભક્તિગીતમાં મચેલી બેનો, મહાવીર પ્રભુનાં મોટાં ચિત્ર, પડદાવાળી મોટર, સ્થાનિક બેન્ડવાજાં, ચાલિસ ગામના પ્રસિદ્ધ મોટા બેન્ડના ગગનભેદી આકર્ષક વાજિંત્રનાદ, પૂ.આ. શ્રી વિજયભુવન-ભાનુસૂરીશ્વરજી સાહેબ અને ચાર બાળમુનિઓ આદિ મુનિમંડળથી શોભતું વિશાળ સાજન, શિરપુરના ભવ્ય રથમાં બિરાજમાન પ્રભુજી વગેરેથી શોભતા વરઘોડાએ હજારો જૈનતરોનાં પણ દિલ ડોલાવી નાખ્યાં. શેઠશ્રી શિવલાલ ગુલાબચંદ તરફથી પોતાનાં ધર્મપત્ની પ્રભાવતીબેન તથા બે સુપુત્રીઓનાં માસખમણ, એક દીકરીના ૧૬ ઉપવાસ ને એક સુપુત્રને અઠ્ઠાઈ તથા સુપુત્ર ડૉ. અશોકને ૪ ઉપવાસના અનુમોદનામાં અપાયેલ નવકારશી જમણે અનેરી છાપ પાડી. રાત્રિભોજનનો પ્રસંગ ન આવે માટે બપોરના વરઘોડા પહેલાં જ જમણ અપાયેલ. જમણ બહુ જ શાંતિથી અને પૂરી સગવડ સરભરા સાથે નીપજ્યું. ધર્મક્ષેત્રની ઉપજો, સાંવત્સરિક પ્રતિક્રમણ ૬૪ પહોરી પોષધ વગેરે અત્રે કદી નહિ જોયેલ એવું થયું. એક વિશેષતા એ થઈ કે સુદ-૪ વ્યાખ્યાન વખતે પૂજ્યશ્રીએ મહાતપસ્યાની પારણાની પદ્ધતિ સમજાવેલી તેથી માસખમણીઓ આદિની પારણા પછી તબીયત સારી ચાલી. હવે આસો સુદ-૧૪થી મોટા પાયા પર ઉપધાન પ્રારંભ થવાની પણ તૈયારી ચાલી છે.

• **નંદુરબાર :** અત્રે પૂ. ભુવનસુંદરવિજયજી મહારાજ ચોમાસું પધાર્યાથી ધર્મનો જયડંકો વાગી રહ્યો છે. નાના ગામમાં પણ બે વાર ૩૦૦-૩૨૫ આયંબિલથી સમૂહ અનુષ્ઠાન ૨૫૦ ખીરનાં એકાસણાંથી અરિહંત જાપ, ૧૨૮ અઠ્ઠમની આરાધના, પર્યુષણાની તપસ્યાઓ, માસખમણ ૧૧-૧૦-૮ છ ઉપવાસ આદિ સ્વપ્નદ્રવ્યાદિ ઊછરામણીમાં પૂ.શ્રીનાં પ્રવચનો વગેરેએ પૂર્વના રેકોર્ડ તોડ્યા. એક ભાઈ તરફથી શાંતિસ્નાત્ર સિદ્ધચક્ર મહાપૂજા સહિત અષ્ટાહ્નિકા મહોત્સવના મુહૂર્તો માટે શ્રીસંઘ પૂ. આચાર્યદેવશ્રી પાસે જળગાંવ ગયેલ. ત્યાં પૂજ્યશ્રીને નંદુરબારમાં ચોમાસું કરવા જોરદાર વિનંતી કરી.

• **યેવલા :** અત્રે પૂ.મુ. શ્રી ગુણસુંદરવિજયજી મ.નાં શ્રી ઉપદેશમાળા શ્રી પંચસૂત્ર આદિથી પરિકર્મિત બુદ્ધિપૂર્વકનાં પ્રવચનોથી સંઘમાં ધર્મની સુંદર જ્યોત ઝળકી રહી. પૂજ્યશ્રી પ્રવચનમાં કહે : 'જો જો હું નવો માણસ છું' પણ સંસારિપણે સેન્ટ્રલ ગવર્મેન્ટના બાંધકામ ખાતાના વર્ષો સુધી ચુસ્ત પ્રામાણિકતા સાથે ઑફિસર રહેલા. એમની પ્રવચન પદ્ધતિમાં શી ખામી હોય ? સંઘને લાગતું કે આ તો વર્ષો જૂના વ્યાખ્યાન અનુભવી છે. તપસ્યાઓ પ્રતિક્રમણ વગેરે આરાધના સુંદર થતી. મહાપર્વની ઉજવણી અનુમોદનીય થઈ.

• **ટુમકુર :** અત્રે પૂ. પં. શ્રી અશોકવિજયજી મહારાજ આદિની નિશ્રામાં મહાપર્વની આરાધના સુંદર થઈ. તથા માસખમણ-૧૬ ઉપ-૮ ઉપવાસ વગેરે તપસ્યાઓ થઈ.

• **દાદર :** (આરાધનાભવન) પૂ. મુનિરાજશ્રી જયભદ્રવિજયજી મહારાજ તથા પૂ. મુનિશ્રી વિશ્વાનંદવિજયજી મહારાજ આદિની નિશ્રામાં પર્વાધિરાજની ખૂબ સુંદર થઈ. અઠ્ઠાઈ તથા એની ઉપરની તપસ્યા ૪૨ની સંખ્યામાં હતી. પર્યુષણના વ્યાખ્યાનો વર્તક હોલમાં ૮ દિવસનાં વ્યાખ્યાનોમાં ૧૧ સંઘપૂજન તથા સંવત્સરી પ્રતિ.ના અંતે શ્રીફળની પ્રભાવના થઈ. ધર્મક્ષેત્રોમાં ઉપજો ભવ્ય થઈ. આંબેલ ખાતાની તિથિઓ જીવદયામાં ૧ કૂતરાને છોડાવવાની ૮૦ રૂાની ૧ તિથિ એવી ૫૦ ઉપર તથિઓ, વ્યાખ્યાનમાં પ્રભાવના તિથિઓ પણ પણ સારા પ્રમાણમાં નોંધાઈ.

• **માહિમ :** પૂ.મુનિજી વિશ્વાનંદવિજયજી મહારાજ અત્રે પર્યુષણના પહેલાં ૩ દિવસ તથા કલ્પસૂત્રના ૧લા દિવસે સવારે ૭ થી ૯ અને મહાવીર ભગવાનના જન્મવાંચન તથા સંવત્સરીના દિવસે પધારતાં લોકોમાં ખૂબ ઉલ્લાસ વધ્યો. સ્વપ્ન દ્રવ્યની ૧૦ હજાર મણની ઉપજ થઈ, ૩ સંઘપૂજન થયા તથા જિનમંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય મંદ પડેલું તે માટે પ્રેરણા થતાં એમાં પણ વેગ આવશે.

• **હાલારીવાડીમાં :** પૂ. મુનિજી વિશ્વાનંદવિજયજી મહારાજ સંવત્સરી પ્રતિ. કરાવવા પધાર્યા હતા. પ્રતિક્રમણના અવસરે જીવદયાની ટીપ થતાં ૧૦ હજાર રૂ.ની આસપાસ થઈ. તેમજ સૂત્રોની ઉછામણીના પણ જ્ઞાનદ્રવ્યની ઉપજ ૫ હજાર રૂ. ઉપર થઈ. રવિવારે તપસ્યાઓનું બહુમાન થશે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૨૭,અંક-૪,તા.૨૩-૯-૧૯૭૮**

• **જળગાંવ** (મહારાષ્ટ્ર) : પ.પૂ. આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં અભૂતપૂર્વ તપસ્યાદિની આરાધના થઈ તેમાં તપસ્વીઓનું બહુમાન થતાં માસખમણવાળાને રૂા. ૧૫૧ શ્રી સુગનચંદજી કસ્તુરચંદજી રાંકા તરફથી, રૂા. ૧૦૧ શ્રી નલીનકુમાર શાંતિચન્દ્ર ઝવેરી (મુંબઈવાળા) ચાંદીની વાડકી શ્રી દીલીપકુમાર હીરાચંદ, શ્રી પદમશી હીરજી તથા શ્રી છોટાલાલ નાગજીભાઈ

તરફથી તેમજ સ્ટીલનાં વાસણો, ૫૦ થી ૬૦ રૂા.ની વસ્તુ શ્રી મણિલાલ જયસંગભાઈ સુરેન્દ્રનગરવાળા તથા શ્રી મગનલાલ ચકુભાઈ જામનગરવાળા તરફથી અપાઈ. ૧૬ ઉપ. તથા એનાથી વધારે ઉપ.વાળાને ૨૫ રૂા.ની વસ્તુ સુરેન્દ્રનગરવાળા મણિલાલ જયસીંગભાઈ તરફથી અપાયેલ.

● **ડીસા** (બનાસકાંઠા) : પૂ. મુનિરાજશ્રી પ્રભાકરવિજયજી મહારાજની નિશ્રામાં ચાતુર્માસ પ્રવેશથી શંખેશ્વર પાર્શ્વ. ભગવાનના ૨૫૦ અઠ્ઠમ, અરિહંત પદના ખીરના એકાસણા ૪૨૧, સિદ્ધપદના ૪૦૮ આયંબિલ, આચાર્યપદના ત્રણ દ્રવ્યના એકાસણા ૭૫૦, ઉપાધ્યાયપદના દેશાવગાશિક સાથે ૪ દ્રવ્યના એકાસણા ૩૮૦, સાધુપદના લુખીનીવિ પાંચ દ્રવ્યથી ૩૨૫. વર્ધમાનતપના પાયા ૨૪, તથા છૂટક આયંબિલ ૩૬૦૦ થયા તેમજ પર્યુષણમાં પણ ૧૦ ઉપ, ૯,૮,૬ વગેરે ઉપવાસો થયા. ૬૪ પહોરી પૌષધમાં ૨૭૫ આરાધકો જોડાયેલા. ઉપજ પણ સારા પ્રમાણમાં થઈ.

● **પાલીતાણા :** અત્રે પર્યુષણાને અનુલક્ષીને નીચે પ્રમાણે તપસ્યા થઈ છે. ૩૬ઉપ./૨, ૩૦/૧૮, ૧૬/૩૧, ૧૫/૨, ૧૧/૮, ૧૦/૪૫, ૯/૩૨, ૮/૨૩૦, સિદ્ધિતપ/૧૯, શ્રેણિતપ/૫.

● **પાર્લા** ઈસ્ટ (મુંબઈ) : પૂ. મુનિરાજજી હેમચન્દ્રવિજયજી મહારાજની નિશ્રામાં તેઓશ્રીના જોરદાર પ્રવચનોથી તપશ્ચર્યાનો યજ્ઞ આરંભાયો. ૬૦૦ એકાસણા ખીરના, ૬૦૦ સિમંધર સ્વામીના અઠ્ઠમ, ૬૦૦ આયંબિલ દુષ્કૃતગર્હાના વગેરે આરાનાઓ થઈ. પૂ.મુ. શ્રી હિતવર્ધનવિજયજી મ. ને માસખમણ, નાના મુનિશ્રી અક્ષયબોધિ વિ.મ.ને ૧૧ ઉપવાસ તથા શ્રાવક શ્રાવિકાઓમાં પણ ભરપૂર તપશ્ચર્યાઓ થઈ. ચોમાસામાં પૂ. સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ. બપોરે જીવવિચાર-નવતત્ત્વ-કર્મગ્રન્થ વગેરે વિષયો પર બહેનોને વાચના આપે છે. પૂજ્યશ્રીએ નિશ્રાવર્તી સાધુઓને પાર્લા (વેસ્ટ), ઇરલાબ્રીજ, જુહુસ્કીમ, જોગેશ્વરી અને ગોરેગામ શ્રીનગરમાં મોકલેલ ત્યાં પણ સુંદર પર્યુષણની ઉજવણી થઈ.

● **તખતગઢ** (રાજસ્થાન) : પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મહારાજની નિશ્રામાં પર્વાધિરાજની ઉજવણી ખૂબ સુંદર થઈ. તપસ્યામાં પણ મુનિઓમાં ૨૧ ઉપ, ૧૫ ઉપ. ૮ ઉપ. વગેરે થયા. એમાં બાળમુનિશ્રી રશ્મિરત્નવિજયજી મ. (ઉંમર વર્ષ ૧૪) પણ અઠ્ઠાઈ કરી અને ચાલુ અઠ્ઠાઈમાં પ્રતિક્રમણ ભણાવ્યું તથા સંવત્સરીના દિવસે ખૂબ ઉલ્લાસથી અતિચાર બોલ્યા. અને આખું પ્રતિક્રમણ ઊભા ઊભા કર્યું. સંઘમાં બધી મળી તપસ્યાઓમાં ૩૦ ઉપ./૭, ૨૧/૧, ૧૮/૧, ૧૬/



૪, ૧૫/૨૫, ૧૨/૨, ૧૧/૨, ૧૦/૪, ૯/૧૦, ૮/૧૩૪, સિદ્ધિતપ/૧૧, ચતારિઅઠ્ઠ/૫ વગેરે થયા. માસખમણવાળાને એક ભાઈ તરફથી ગિની તથા સહુને ચાંદીની રકાબી, ચાંદીની વાટકી, કાશ્મીરી શાલ, વગેરે પ્રભાવના થઈ તેમજ અઠ્ઠાઈવાળાને રૂા. ૪૫ની પ્રભાવના થઈ.

● **ધંધુકા :** પૂ. મુનિરાજશ્રી હીરવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણા સારી રીતે ઊજવાયા. પૂ. મુનિશ્રી વિદ્યાનંદવિજયજી મહારાજનાં પ્રવચનોથી ૨ માસખમણ વગેરે મોટી નાની તપસ્યા સારી થઈ. સુ. ૫ તથા ૬ ના સાધર્મિકવાત્સલ્ય થયા. તથા તપસ્યા નિમિત્તે પંચાહ્નિકા મહોત્સવ થયો. ૬૪ પહોરી પૌષધમાં નાના બાળક બાલિકાઓને પર્યુ.ના પહેલા જ દિવસે પૌષધના ઉપકરણની પ્રભાવના અપાઈ અને એ ઉપકરણોથી જ ૮ દિવસ પૌષધ કર્યા. કલ્પસૂત્રનો ચઢાવો રાઠોડભાઈએ લીધો તથા સુદ-૫ ના તપસ્વીઓના પારણા માટે પણ એક જૈનેતરભાઈએ માંગણી કરેલી.

● **ભચાઉ** (કચ્છ) : પૂ. મુનિરાજશ્રી પ્રીતિવિજયજી મહારાજ આદિની નિશ્રામાં આરાધના ખૂબ સુંદર થઈ. પૂ. મુનિશ્રી કલાપ્રભવિજયજી મહારાજનાં પ્રવચનોથી પ્રેરણા પામી સંઘમાં તપસ્યામાં ૩૦ઉપ./૩, ૨૧/૧, ૧૭/૨, ૧૬/૨, ૧૫/૨, ૧૩/૧, ૧૧/૧, ૧૦/૧૪, ૯/૪, ૮/૯૮, પચરંગીતપમાં/૨૫૦, વર્ધમાનતપના પાયા/૨૫ વગેરે થયેલ છે.

● **નાસિક :** અમલનેરવાળા મનસુખભાઈ રીખવચંદ વિધિવાળા (હાલ માલેગામ) પર્યુષણાની આરાધના કરાવવા આવેલ છે. તેમની પ્રેરણાથી બંને ટાઈમ પ્રવચનો. પ્રતિક્રમણમાં સંખ્યા સારી થતી તથા સુપનાના ચઢાવા ૩૦ હજાર, કેસર સુખડ સાધારણ ૨૦ હજાર, બીજા અંદાજ ૭૦ હજારની એમ ઉપજો પણ ઘણી સારી થઈ.

● **મહેસાણા :** શ્રી જૈન શ્રેયસ્કર મંડળ પાઠશાળાના ઉપક્રમે આ વર્ષ પર્યુષણની આરાધના કરાવવા માટે મહારાષ્ટ્ર-સૌરાષ્ટ્ર વગેરે ૧૫ સ્થાનોમાં શિક્ષકો વગેરે ગયેલા.

## ● નડીયાદ મુકામે અભૂતપૂર્વ આરાધના ●

જેઓશ્રીના સદુપદેશથી નડિયાદમાં બે બે નૂતન આલીશાન ઉપાશ્રયોનું નિર્માણ થયું, આયંબિલ ખાતાના કાયમી ફંડની મંગલ શરૂઆત થયેલી, જ્ઞાન ભંડાર વ્યવસ્થિત અને સમૃદ્ધ બન્યો, યુવા પેઢીમાં ધર્મજાગૃતિ આવી. તે પૂ. પંન્યાસ પ્રવર શ્રી મિત્રાનંદ વિજયજી ગણિવર આદિ ઠા. ૪ ના અત્રે ચાતુર્માસમાં તેઓશ્રીની તાત્ત્વિક

રસમય વાણીથી ખૂબ જાગૃતિ આવી. રાત્રે ચાલતી તત્ત્વચર્ચામાં ૫૦ થી ૬૦ પુરુષોને વિવિધ વિષયો ઉપર સચોટ સમજૂતી આપે છે. સપ્તાહમાં એક વાર પ્રશ્નોત્તરીની રમઝટ તો ખરેખરી જામે છે.

દર રવિવારે વિવિધ ધર્માનુષ્ઠાનોમાં નહિ કલ્પેલી સંખ્યામાં ભાવિકો જોડાતા. (૧) શ્રી સિમંધરસ્વામીની આરાધના અને મહાવિદેહની અદ્ભુત યાત્રા લુખી નીવી તથા આયંબિલ સાથે થઈ એમાં ૩૨૫ આરાધકોએ લાભ લીધો. (૨) ૪ દ્રવ્યના એકાસણાં સાથે ૬૦૦ આરાધકોએ તીર્થંકર શ્રેણિતપની આરાધના કરી. ૨૪ છોડ બાંધી, ૨૪ તીર્થંકર દેવોની પધરામણી થઈ હતી, ૨૪ પ્રભુની સ્તુતિઓ, ચૈત્યવંદનમાં ૨૪ પ્રભુનાં સ્તવન, વગેરે વિધાનો સાથે ધ્યાનમય કાઉસ્સગ્ગ, ધૂન, બપોરે ૨૪ જિનેશ્વર દેવોના ચરિત્ર તથા તેઓના પવિત્રનામના મહિમા અને પૂર્વના પ્રભુભક્ત મહાપુરુષોએ પરમાત્માની કેવી ભવ્ય ભાવોથી ભરેલી સ્તુતિઓ રચી છે, તે સમજાવ્યું. અદ્ભુત અવર્ણનીય આરાધના થઈ. (૩) વીસ સ્થાનકની આરાધનાના ૪૨૧ ઉપવાસ, વીસ સ્થાનક-પૂજન વગેરે ભવ્ય ઊજવાયું. એકાસણા કે પારણામાં મૌન, એઠું નહિ મૂકવાનું, થાળી ધોઈને પીવાની, આ નિયમ પૂ. પંન્યાસજી મહારાજની સમજૂતીથી કડક રીતે પળાય છે.

અત્રે કાયમી આયંબિલ ખાતું ચાલે છે. આ સાલમાં ૪૭૦૦ આયંબિલ થઈ ગયા છે. પૂ. પંન્યાસજી મહારાજની સહેજ માત્ર પ્રેરણા થતાં ૧૬-૧૬ નવયુવકોએ તથા ૪ બહેનોએ વર્ધમાન તપના પાયા નાખ્યા. નવયુવકોની બીજી પેનલ શ્રા.સુ. ૧૫ થી પાયા નાખવા તૈયાર થયેલ.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૭,અંક-૬,તા.૧૪-૧૦-૧૯૭૮

• **લીંબડી :** પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય વર્ધમાન સૂરીશ્વરજી મહારાજ તથા પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય રૈવતસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજી ગણિવરની નિશ્રામાં પર્યુષણાની આરાધના ખૂબ સુંદર થઈ. ચાતુર્માસ પ્રવેશથી જ ૫૦૦ આંબેલ પૂર્ણાહુતિ અલૌકિક સમારોહ સાથે ગણિપદ પ્રદાન, દર રવિવારે બે ટાઈમ જાહેર વ્યાખ્યાનો-હાઈસ્કૂલ તથા કૉલેજના યુવાનો માટે શનિવારીય સંસ્કારસત્ર-શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના ૨૦૫ અઠ્ઠમ તથા પર્યુષણામાં થયેલા ૧૬૯ઉપ./૯, ૧૧/૩, ૧૦/૫, ૯/૨, ૮/૭૬ વગેરેથી નગરનું વાતાવરણ ધર્મમય બની ગયું. તાજેતરમાં શાંતિસ્નાત્ર તથા સિદ્ધચક્ર પૂજન સહ



અષ્ટાહ્નિકા મહોત્સવ ભવ્ય ઊજવાયો. દંતારા રસિકભાઈની મંડળીએ ભક્તિસંગીતની રેલમછેલ કરી.

• **ગઢસિવાણા (રાજ.) :** પૂ. મુનિરાજજી જિતેન્દ્રવિજયજી મહારાજની નિશ્રામાં ચાતુર્માસ પ્રવેશથી સામુદાયિક ૭૦૦ આંબેલ, પચરંગી તપમાં ૧૫૦ આરાધકો વીસસ્થાનકની સામૂહિક આરાધના એક જ દિવસે, ચંદનબાળા અઠ્ઠમ તથા પર્યુષણમાં ૨ માસખમણ સાથે સારી સંખ્યામાં તપશ્ચર્યા થઈ. ભા.સુ. ૮ થી વદ-૧ સુધી શાંતિસ્નાત્ર-૧૮ અભિષેક સહિત અઠ્ઠાઈ મહોત્સવ ઊજવાયો. આસો સુદ-૧૦ થી મોટા પાયા ઉપર ઉપધાન કરાવવાનો સંઘે નિર્ણય કર્યો છે.

• **મલાડ** (ઈસ્ટ) : અત્રે પૂ. મુનિશ્રી જયચંદ્રવિજયજી આદિ ૩ ઠાણા ચાતુર્માસાર્થે પધાર્યા ત્યારથી સંઘમાં આરાધનાના અનેરો ઉત્સાહ જાગ્યો. પર્યુષણામાં અનેક જુવાનોએ પૌષધો કર્યા. તપશ્ચર્યા માસખમણ/૧, ૧૬/૩, ૮/૩૭ તથા ૧૦-૧૧-૭ ઉપવાસ વગેરે અનેરી થઈ. સાતે ક્ષેત્રોમાં ઊપજ સારી થઈ. સંઘમાં ૯૦ અઠ્ઠમ, ૨૦૦ છઠ્ઠ વગેરે વિવિધ અનુષ્ઠાનોમાં પણ સારી સંખ્યામાં લોકોએ લાભ લીધો. આરાધકોને અહીંના કાર્યકર્તાઓએ સારી અનુકૂળતા કરી દીધી હતી.

• **પાડીવ :** અત્રે પૂ. ચંદ્રપ્રભ વિ.મ. તથા પૂ. યોગીન્દ્ર વિ.મ. આદિ ઠાણા ૫ ચાતુમાસાર્થે પધારતાં જ સંઘમાં અનેરો ઉત્સાહ પ્રગટ્યો. પ્રવેશના દિવસે જ ૧૧૦ આયંબિલ, સીમંધરસ્વામી તથા નેમનાથ ભગવાનના અઠ્ઠમો ૧૪૦, વર્ધમાન તપ પાયા ૨૩ (તે દરેકને ૨૫, ૨૫ રૂ.ની પ્રભાવના) નવપદના એકાસણામાં ૧૮૦. પંચરંગી તપમાં ૧૭૮, આમ વિવિધ અનુષ્ઠાનોમાં લોકોએ સારો લાભ લીધો. પર્યુષણામાં પણ સારી તપસ્યા થઈ. સુદ-૫ના બપોરે ભવ્ય વરઘોડો તથા સાંજે સાધર્મિક વાત્સલ્ય હતું. હાલ નવા ૧૭ આરાધકો વર્ધમાન તપના પાયા નાખી રહ્યા છે- ઊપજ સારા પ્રમાણમાં થઈ...

• **દાદર :** શ્રી આરાધના ભુવન : અત્રે પૂ. જયભદ્ર વિ.મ. તથા વ્યાખ્યાતા પૂ.મુ. શ્રી વિશ્વાનંદ વિ.મ. આદિની નિશ્રામાં ધર્મ આરાધના સારી ચાલી. પર્યુષણામાં ૬૪ પહોરી પોષધ, મોટી તપસ્યાઓ, મોટી ઊપજો, પ્રભાવના વગેરે સુંદર થઈ પછી ઘણા આરાધકો સહિત સોમવારે ભવ્ય વરઘોડો અને તે જ દિવસે સાધર્મિક વાત્સલ્ય હતું. અહીંથી સાંતાક્રુઝ જિનમંદિરમાં ચૈત્યપરિપાટી નીકળી, વળી ભાયખલા જિનાલયે પણ ચૈત્યપરિપાટીમાં ઘણા આરાધકો જોડાયા. ત્યાં પૂ. ચંદ્રશેખર મહારાજ સંઘ સાથે આવ્યા...ત્યાં દાદરના સાધર્મિકોની ભક્તિ થઈ. આરાધકોએ પૂ. ચંદ્રશેખર

મહારાજના પ્રશ્નોત્તરીના વ્યાખ્યાનનો લાભ લીધો. સંઘના ભાઈ જમનાભાઈ તથા માણેકભાઈને ત્યાં ચત્તારિ અટ્ઠ...ના પારણા પ્રસંગે સંઘને પોતાના ઘરે પધરાવી સંઘપૂજન કરેલ.

● **માહિમ :** અત્રે પૂ. વિશ્વાનંદ વિ.મ.ની નિશ્રામાં પર્યુષણા પર્વની આરાધના અદ્ભુત થઈ, સંઘમાં ૨ સાધર્મિક વાત્સલ્ય, વરઘોડો, ચૈત્યપરિપાટી, ઊપજ-તપસ્યા વગેરે સારી થઈ. દાદરથી સાંતાક્રુઝ ચૈત્યપરિપાટીએ પધારી રહેલા ભાઈઓનો ભક્તિનો લાભ લીધો... પૂજ્યશ્રીના ઉપદેશથી નૂતન મંદિરનું કાર્ય ઝડપી ચાલુ થયું છે.

● **ગોંડલ :** વીરસૈનિકો શ્રી જગદીશભાઈ (સુરતવાળા) શ્રી દિનેશભાઈ (ઔરંગાબાદવાળા) તથા શ્રી હરેશભાઈ (મુંબઈવાળા)એ ગોંડલ મુકામે શ્રી પર્યુષણ પર્વની આરાધના સુંદર રીતે કરાવી. એ દરમ્યાન પર્યુષણ પર્વ અંગેનાં ગુજરાતી પુસ્તકોનું વાંચન સંઘને સારી સમજૂતી આપી સંભળાવ્યું. પાઠશાળા અંગે પ્રેરણા કરતાં પાઠશાળા ચાલુ થઈ. પ્રતિક્રમણમાં સારી સંખ્યામાં લોકોએ લાભ લીધો તેમજ ધાર્મિક ખાતાઓમાં ઊપજ પણ દર વર્ષ કરતાં સારી થઈ.

● **કોલ્હાપુર :** પ.પૂ. આચાર્યદેવશ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં પર્યુષણ પર્વની આરાધના ખૂબ ઉલ્લાસભેર થઈ. તપસ્યામાં પણ ૬૦ઉપ./૧, ૩૦/૧, ૧૬/૧૫, ૧૨/૨, ૧૦/૫, ૮/૮૨, સિદ્ધિતપ/૧૪, ખીરસમુદ્ર/૫, ૬૪ પહોરી પૌષધ/૧૦૦ વગેરે થયા. ધાર્મિક ખાતાઓમાં ઊપજ પણ અભૂતપૂર્વ થઈ. આઠ સંઘજમણ-સુદ-૬ ના બેન્ડ સાથે ભવ્ય વરઘોડો, સુદ-૭ ના ચાર જિનમંદિરોએ ચૈત્ય પરિપાટી નીકળી અને અંતે સાધર્મિક ભક્તિ થઈ. ૩૦ ઉપ. વાળાને રૂા. ૧૧૦૦ની, ૧૬ વાળાને રૂા. ૫૦૦ની, ૮ વાળાને રૂા. ૧૫૦ ની, તથા ૬૪ પહોરી પૌષધવાળાને પૂજાની જોડ-પેટી-કટાસણું આદિની પ્રભાવના થઈ. કા.વ. ૧ ના પૂ. આચાર્યદેવશ્રીના નિશ્રામાં કુંભાજગિરિનો સંઘ નીકળશે અને કા.વ. ૫ થી ત્યાં ઉપધાનતપ પ્રારંભ થશે.





## બાળ તપસ્વી વંદન તમને.



માલેગામ (મહારાષ્ટ્ર) મુકામે શ્રી રૂપેશ જગદીશચંદ્ર મહેતા. ઉંમર ૯ વર્ષ અને કુમારી રાજી જગદીશચંદ્ર મહેતા ઉંમર ૧૧ વર્ષ. પર્યુષણાપર્વ દરમ્યાન ચૌસઠ પ્રહરી પૌષધની આરાધના પ.પૂ.મુનિશ્રી વીરશેખરવિજયજી મ.સા. અને પૂ. સાધ્વી હંસકીર્તિશ્રીજી મ.સા.ની પુનિત નિશ્રામાં કરી. આ નિમિત્તે એમના પરિવાર તરફથી ત્રણ દિવસનો જિનભક્તિ મહોત્સવ પણ ઊજવાયો. પ્રેરક હતા પ.પૂ.આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. **-તંત્રી**

● ● ●

● **મુંબઈ : 'આહારશુદ્ધિ પ્રકાશ'-પરીક્ષા :** પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ.ની પ્રેરણાથી શ્રી વર્ધમાન સેવા કેન્દ્ર દ્વારા "આહારશુદ્ધિ પ્રકાશ" પુસ્તકની એક વિશિષ્ટ સ્પર્ધા (લેખિત પરીક્ષા) વિ.સં. ૨૦૩૫ કારતક સુદ-૧૩ તા. ૧૨-૧૧-૭૮ ને રવિવારે બપોરે ૧-૦૦ વાગે યોજવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ધો. ૯માંથી કૉલેજ કે પાઠશાળામાં ભણતાં વિદ્યાર્થી ભાઈ-બહેનો ભાગ લઈ શકશે.

ઉચ્ચ વર્ગ અને બાળવર્ગ એમ પરીક્ષાના બે વિભાગ રહેશે.

બંને વિભાગના એકથી પાંચ નંબરને અનુક્રમે ૨૫૧, ૨૨૫, ૨૦૧, ૧૭૫, ૧૫૧, ૧૨૫, ૧૦૧, ૭૫, ૫૧, ૨૫ તથા પાસ થનાર દરેકને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવશે. પ્રવેશ ફી ૧ રૂપિયો અને પ્રવેશપત્રના દશ પૈસા રાખવામાં આવેલ છે. પ્રવેશપત્ર મેળવવાનું સ્થળ : સેવંતીલાલ વિ. જૈન. લાલબાગ જૈન ઉપાશ્રય, પાંજરાપોળ કમ્પાઉન્ડ, મુંબઈ-૪૦૦૦૦૪.

• **નંદુરબાર :** પૂ. મુનિરાજશ્રી ભુવનસુંદરવિજયજી મહારાજની નિશ્રામાં મહોત્સવ શાનદાર રીતે ઊજવાયો. એક દિવસ શ્રી લલિતભાઈ ધામી મિત્રમંડળ સહિત આવેલા. સવારના પ્રભાતફેરી ૨।। કલાક સ્નાત્રપૂજા સમજ સાથે, બપોરે પૂજા રાત્રે ભાવના થયેલ. ૧૦૦ જેટલાં નાનાં બાળકોને ધર્મ વિષે પ્રેરણા કરેલી.

હરિપુરા જૈન મંડળ સુરતથી આવેલ. શ્રી પાર્શ્વનાથ મહાપૂજન, શ્રી સિદ્ધચક્ર મહાપૂજા તેમજ શાંતિસ્નાત્ર ભણાવાયેલ. વચ્ચે વચ્ચે પૂ.મુ.શ્રી ભુવનસુંદરવિજયજી મહારાજે નવે પદનો મહિમા સમજાવેલ. જળયાત્રાનો વરઘોડો નીકળેલ. શ્રી શાંતિસ્નાત્ર નિમિત્તે સંઘમાં ૨૯૦ આયંબિલ થયાં. તેઓને રૂા. ૨। તથા ૫૦૦ ગ્રામ મીઠાઈ અપાયેલ. બપોરે સંઘજમણ થયેલ. થાળી ધોઈ પીનારને ૧-૫૦ રૂા.ની પ્રભાવના જાહેર થયેલ. આમાં ૭૦૦ ભાઈ-બહેનોએ લાભ લીધેલ.

## ● મુંબઈમાં અનેરી ધર્મપ્રભાવના ●

ભાદરવા વદ ચૌદશ અને અમાસ એમ બે દિવસો યાદગાર જ નહિ અનુમોદનીય બની રહ્યા. મુંબઈને આંગણે તીર્થ સ્વરૂપ ભાયખલા મુકામે બે દિવસના આ ભરચક કાર્યક્રમોની યાદ આજે પણ ગુંજે છે.

ચોમાસાના પ્રારંભથી જ પ્રત્યેક રવિવારે સવારે ૯।।થી ૪ સુધી જ્ઞાન ઉત્સવ ઊજવાઈ રહ્યો છે. ૮૦૦ યુવાનો એક સાથે પ.પૂ. મુનિવર્યશ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.ની આર્ય સંસ્કૃતિ, જૈન તત્ત્વજ્ઞાન, સંવેદન, પૂર્વાચાર્યોનો પ્રભાવક ઈતિહાસ રસ તરબોળ હૈયે શ્રવણ કરે છે. સાથે જિનભક્તિ અને સાધર્મિક ભક્તિનાં ભાવનામય કાર્યો પણ ઉત્સાહપૂર્વક ચાલતા જ રહ્યાં છે.

તેમાંય વળી ઉપરોક્ત બે દિવસ દરમ્યાન ગુજરાત અને અન્ય ગામોના મળીને અખિલ ભારતીય સંસ્કૃતિરક્ષક દળના વીર સૈનિકોનું એક સંમેલન યોજાયું. ૪૦૦ જેટલા ખાસ નિમંત્રિત આ શાસન સેવકો પૂજ્યશ્રીની નિશ્રામાં પ્રેરણા પ્રાપ્ત કરવા દોડી આવ્યા.



૧૨૦૦ યુવાનોને પૂજ્યશ્રીએ પહેલા અને બીજા દિવસ સુધી સંસ્કૃતિ પર થઈ રહેલાં આક્રમણોનો પરિચય કરાવેલો. સૌને અનાચારના માર્ગેથી સદાચારના સન્માર્ગે આવવાનું અને બીજાઓને લાવવાનું જીવનસૂત્ર બતાવ્યું. ઘરે અને ગામ જઈ પ્રવાસમાં સંસ્કૃતિ અને અહિંસાનું પ્રવર્તન કરવા પ્રવાસ દ્વારા પ્રયાસ કરો, પ્રચાર અને પ્રસાર કરો, જીવનમાં જિનભક્તિ ભરો. આચારનું પાલન કરો. જૈન તત્ત્વજ્ઞાનનું શક્ય તેટલું વધુ અધ્યયન કરો, જીવદયા માટે શક્ય તમામ માર્ગે મચી પડો અને જીવહિંસા રોકવા બધા માર્ગે મક્કમ મહેનત કરો. ચૌદશને રવિવારે બપોરે એક ખાસ પ્રવચનસભામાં પર્યુષણ પર્વની પાવન આરાધના કરવા અને કરાવવા ૪૦ જેટલાં ગામોમાં ગયેલા વીરસૈનિકોનું સન્માન કરાયું. વીરસૈનિક અને જ્ઞાનસત્રના તપસ્વી યુવાનોના તપનું અનુમોદન થયું. પૂજ્ય શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા. આલેખિત 'ત્રિભુવન પ્રકાશ મહાવીરદેવ' પુસ્તક આધારે લેવાયેલ લેખિત પરીક્ષામાં પ્રથમ દસ નંબરે ઉત્તીર્ણ યુવાનોને ઈનામો આપવાનો કાર્યક્રમ પણ થયો.

ચાર યુવાનોએ શિબિરનો પ્રભાવ, પર્યુષણપર્વ આરાધના કરવા-કરાવવા સમયની યાદગાર પળો, હિંસા વિરુદ્ધ પ્રચાર-પ્રયાસ કાર્યક્રમ અને સંસ્કૃતિ નાશનાં ખતરનાક ષડયંત્રો અંગે સાવધ રહેવા અંગે વક્તવ્યો કરેલ. પૂજ્યશ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.નું પ્રવચન આ અંગે મનનીય અને મહત્ત્વપૂર્ણ બન્યું.

અમાસની વહેલી સવારે સફેદ વસ્ત્રોમાં સજ્જ અગીઆરસો યુવાનોની લાલબાગથી દેવકરણ મેન્શન સુધીની ચૈત્યયાત્રા સંસ્કૃતિ, સાદગી, સંગઠન, સાધર્મિક ભક્તિ અને સદાચારનું જીવંત ગીત પ્રસરાવતી અનેક શાસન પ્રભાવનાનું પ્રભાવક કામ કરી ગઈ. ભવ્ય પ્રભુભક્તિ અર્થે સમૂહસ્નાત્ર મહોત્સવ અને ભક્તિભાવનાના કાર્યક્રમથી યુવાનોએ ઊલટભેર ભાગ લઈ શહેરમાં સૌરભ પ્રસરાવી દીધી. શ્વેત વસ્ત્રોમાં સજ્જ બની જયનાદ અને જયઘોષથી સંસ્કૃતિનો સંદેશ હજારો લોકોના હૈયે આ સેંકડો યુવાનોએ ગુંજતો કર્યો.

• **મદ્રાસ :** પૂ. તીર્થપ્રભાવક આચાર્યદેવશ્રી વિજયવિક્રમસૂરીશ્વરજી મહારાજનાં પ્રભાવક પ્રવચનોથી અત્રે શ્વે. મૂ. સંઘમાં ૨૪ માસખમણ, ૪૨ સિદ્ધિતપ, વગેરે તપસ્યાઓનો રંગ જામેલો. શ્રી સંઘમાં મહાપર્વની આરાધના ઝાકઝમાળ થયેલી, ધાર્મિક ઊપજો પણ સુંદર થઈ.

• **એક શિબિર વિદ્યાર્થીની અનુમોદનીય કરણી :**

રોજ માતાપિતાને વંદન, રોજ ઉકાળેલું પાણી, જિનપૂજા, ૨ સામાયિક, થાળી ધોઈ પીવી, દવાખાના વગેરેમાં સેવા, બહારગામ પર્યુષણા કરાવવા જવું,

ત્યાં ૮ દિવસની શિબિર જેવું વાતાવરણ કરવું, લોકોને વ્રત નિયમો આપવા જેવા કે સામાયિક જિનપૂજા, મૌન, બાળકોએ ફટાકડા ન ફોડવા,... વગેરે.

• **જળગાંવ :** અત્રે પૂ.આ.શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં આસો સુ. ૧૪થી ઉપધાન તપની સુંદર શરૂઆત થઈ. ઉપધાનમાં દોઢસો ઉપરાંત આરાધકો છે, એમાં નાનાં બાળકો-નાની બેબીઓ પણ છે. પૂજ્યશ્રી ૧૦૦ ખમાસમણાં ૨૫-૨૫ના વિભાગથી દેવરાવે છે, એમાં એકેક વિભાગ પછી ચૈત્યવંદન ભાષ્ય વગેરેના પદાર્થ વિસ્તારથી સમજાવે છે. સૂત્ર રહસ્ય-ધર્મબિંદુની વાચના પણ ચાલુ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૨૭,અંક-૧૧,તા.૨૫-૧૧-૧૯૭૮**

• **જલગામ :** અત્રે વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની પુનીત નિશ્રામાં ઉપધાન તપ ખૂબ ઉલ્લાસભેર ચાલી રહ્યો છે. નાનાં નાનાં બાળક-બાલિકાઓ પણ ખૂબ આનંદભેર આરાધના કરી રહ્યાં છે. ભાઈશ્રી જીવણભાઈ શિરપુરવાળાએ પોતાના ત્રીજા ઉપધાનમાં પૂજ્યશ્રીની વૈરાગ્ય નીતરતી વાણી સાંભળી છેલ્લા સતત ૨૦ ઉપવાસ કર્યા. ને એ ઠેઠ સુધી રોજ ૧૦૦ ખમાસમણા વખતે આરાધકોને પૂજ્યશ્રી પૂજા વિધિના તથા મુહપત્તિ બોલનાં રહસ્યો સમજાવે છે જેને તેઓ ખૂબ રસપૂર્વક ઝીલે છે.

• **ભુસાવળ :** અત્રે વરસોથી જિનમંદિર નથી... ઘણાંય વખતથી જલગાંવ નિવાસી ધાપુબેન કસ્તુરચંદ રાકાની ભાવના અત્રે પોતાના ચિ. પુત્ર પુખરાજને ત્યાં ગૃહમંદિર થાય તેવી હતી. એ માટે એમને ૩-૪ વરસથી ભાત-ત્યાગ હતો. આ વખતે પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રીની પ્રેરણાથી આ ભાવના આકાર થાય તેવા સંયોગો આવી ગયા...તેમાંય ભુસાવળ સંઘના ૨૦-૨૫ ભાઈઓએ જલગાંવ આવી પૂજ્યશ્રીને ભુસાવળ પધારવા વિનંતી કરી...

સોનામાં સુગંધ મળે તેમ ધાપુબેને જલગાંવથી ભુસાવળ સુધી છ'રી' પાળતો સંઘ લઈ જવાની ભાવના પૂજ્યશ્રી પાસે રજૂ કરી જેનો સ્વીકાર થવાથી સર્વત્ર આનંદ વ્યાપી ગયો...

કા.વ. ૪ ના દિવસે સવારના પૂજ્યશ્રીએ ચતુર્વિધ સંઘ સાથે પ્રયાણ કર્યું. સંઘમાં જલગાંવ-ભુસાવળ વગેરેના ભાઈ-બેનો જોડાયાં. **નસિરાબાદ**ના શ્રીસંઘે સામૈયું કર્યું... અત્રે પૂજ્યશ્રીની પ્રેરણાથી અત્રેના શ્રાવકશ્રી પ્રેમચંદભાઈએ પોતાના ઘરમાં



ગૃહમંદિર કરી એમાં જિનપ્રતિમાજી પધરાવ્યાં.

વ. ૫-૧ સવારના પૂજ્યશ્રી **સાકેગામ** પધાર્યા... ત્યાં પણ સામૈયું થયું... ભુસાવળના ભાઈઓ વંદનાર્થે આવેલા... આ બંને ગામમાં પૂજ્યશ્રીના જોરદાર પ્રવચનો થયાં... મુંબઈથી પધારેલા વીરસૈનિકોના બનેલા ઋષભ જિનભક્તિ મંડળે સ્નાત્રપૂજા-ભાવનામાં અનેરો રંગ જમાવ્યો...

કા.વ. ૫-૨ આજે અત્રે ભુસાવળમાં પ્રવેશ હોવાથી સંઘના ભાઈઓ વહેલી સવારથી ગામ બહાર સ્કૂલમાં પહોંચી ગયેલા જ્યાં પૂજ્યશ્રી સપરિવાર ચતુર્વિધ સંઘ સાથે બિરાજમાન હતા. સવારના ૮॥ વાગે સામૈયું શરૂ થયું.

સામૈયામાં લેઝિમ મંડળી... પછી વીરસૈનિકોની ભક્તિગીતોની રમઝટ મચાવતી ટ્રક... પછી પ્રખ્યાત રેલવે ખાતાનું પોલીસ બેન્ડ... ત્યારબાદ પૂજ્યશ્રી આદિ મુનિ ભગવંતો... વિશાળ શ્રાવકગણ... પાછળ સૂચનાઓ આપતી રિક્ષા. પછી સ્વતંત્ર બેંડ. પછી પાલખી સહિતનો પ્રભુજીનો યાત્રા સંઘનો ભવ્ય રથ, પછી શિરપુરનો પ્રખ્યાત રથ... પૂ. સાધ્વીગણ... વિશાળ શ્રાવિકાગણ આદિથી યુક્ત આ ભવ્ય પ્રવેશ વરઘોડો નગરજનોમાં અનેરું આકર્ષણ જમાવતો લગભગ ૧૧। વાગે સ્થાનકમાં ઊતર્યો... ચિક્કાર જનમેદની વચ્ચે પ્રભુભક્તિનો મહામહિમા સમજાવતું રોચક પ્રવચન થયું. ત્યારબાદ પ્રભાવના થઈ. બહારગામથી પધારેલા મહેમાનોની અત્રેના શ્રીસંઘે ખૂબ સુંદર ભક્તિ કરી.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૨૭,અંક-૧૩,તા.૯-૧૨-૧૯૭૮**

• **મલાડ :** પૂ. હીરસૂરીશ્વરજી જૈન ઉપાશ્રય(ઈસ્ટ)માં પૂ.મુ. શ્રી જયચન્દ્રવિજયજી મહારાજની નિશ્રામાં ૧૨૫ વિદ્યાર્થીઓનું સંસ્કાર જ્ઞાનસત્ર યોજાઈ ગયું. પૂ.મુ.શ્રી જયચન્દ્રવિજયજી મહારાજ સૂત્રપાઠ-અર્થ સમજણ તથા જૈન આચારની વાચના આપતા. જ્યારે પૂ.મુ. શ્રી ભાનુચન્દ્રવિજયજી મહારાજ જૈન તત્ત્વજ્ઞાન તથા જૈન ઇતિહાસની રોચક અને બોધક વાચના આપતા. ૧૦ દિવસના ટૂંકા ગાળામાં વિદ્યાર્થીઓને ધર્મશ્રદ્ધા-સાધનાની સુંદર પ્રેરણા અને જૈન તત્ત્વજ્ઞાનનો અનેરો પ્રકાશ મળ્યો ત્યારબાદ પરીક્ષાઓ લેવાઈ... ઉત્તીર્ણ થયેલાને ઈનામો અપાયાં... આખા સત્રમાં શ્રી લાલચંદભાઈ, નાનાલાલભાઈ, કાનજીભાઈ, કે.સી. શાહ, વસંતભાઈ, રશ્મિકાંત, અશોકકુમાર વગેરેએ સુંદર સેવા આપી...

• **ગુડાબાલોતાન :** પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ.ની નિશ્રામાં આસો

વદ-૧૪ થી ઉપધાન તપનો પ્રારંભ થતાં લગભગ ૧૭૫ આરાધકો જોડાયા એમાં ૯૦ આરાધકો માળ પહેનારા છે. દિવાળીના પ્રસંગે લગભગ ૧૫૦ છઠ્ઠ થયા. માગશર સુ. ૪ના માળારોપણ પ્રસંગે ૩૧ છોડના ઉજમણા સાથે ઋષિમણ્ડલ પૂજન સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ યોજાયો છે.

● **હિંગનઘાટ :** પૂ. મુનિરાજ ચરણપ્રભવિજયજી મ.ની નિશ્રામાં ૧૦૮ અભિષેકનું અનુષ્ઠાન ૩ દિવસ ૩૬-૩૬ અભિષેકથી યોજાયું હતું. રોજ ૩૬ અભિષેક, ૭૨ ખમાસમણ-૩૬ ચૈત્યવંદન-૩૬ નમુત્થુણ સ્તવનાદિથી ભક્તિમય વાતાવરણ બની જતું. છેલ્લે દિવસે ૧ રૂા.ની પ્રભાવના થઈ.

● **ગઢસિવાણા :** પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજની નિશ્રામાં શરૂ થયેલ ઉપધાનમાં ૩૨૦ આરાધકો જોડાયા છે તેમાંથી ૧૩૩ માળવાળા છે. માળારોપણ પ્રસંગે ૧૯ છોડના ઉજમણા સહિત ૧૩ દિવસના મહોત્સવનું આયોજન થયું છે.

● **જલગાંવ :** પ.પૂ. આચાર્યદેવશ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં માલારોપણ મહોત્સવ સારી રીતે ઊજવાઈ રહ્યો છે. જિનેન્દ્રભક્તિ માટે ખાસ રાજકોટથી આવેલ શ્રી વર્ધમાન જિનેન્દ્રભક્તિ મંડળ દ્વારા રજૂ થતા નવનવા ભક્તિનાં નૃત્યો વગેરેથી લોકોનું આકર્ષણ સારું જામ્યું છે.

ન્યાયવિશારદ પ.પૂ. આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.નો સંભવિત વિહાર કાર્યક્રમ.

માગશર સુદ ૮-૯ **ધરણગાંવ.** ૧૦-૧૧-૧૨ **અમલનેર** ૧૪-૧૫ **ધુલિયા.** માગશર વદ ૨-૩-૪ **નેર** બીજી ૬ **માલેગામ.** ૧૦-૧૧-૧૨ **યેવલા,** એ પછી **સંગમનેર** અને પોષ વદ-૧ ના રોજ **નાશિક** પહોંચવા ધારણા છે.

● **જલગામ :** પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની પુનીત નિશ્રામાં ઉપધાનતપની આરાધના ખૂબ સુંદર થઈ. પૂજ્યશ્રીના વૈરાગ્ય ઝરતાં પ્રવચનો સાંભળી એકદમ ભાવોલ્લાસ વધી જતાં શિરપુરથી અઠ્ઠાવીસું કરવા આવેલા શ્રી જીવણભાઈએ છેલ્લા ૨૦ ઉપવાસ સાથે કર્યા. આવી કઠિન તપશ્ચર્યામાં પણ હવે ૧૦૦-૧૦૦ ખમાસમણ ઊભા ઊભા દેતા હતા. યુવાનોને શરમાવે તેવી તેમની અપ્રમત્તતા જોઈ સહુ ભૂરિ ભૂરિ અનુમોદના કરતા હતા.

ઉપધાનતપના માળારોપણ મહોત્સવ પ્રસંગે સંઘના આગ્રહથી પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય હીરસૂરીશ્વરજી મહારાજ આદિ અમલનેરથી પધારેલા. મહોત્સવ દરમ્યાન રાજકોટથી આવેલા શ્રી વર્ધમાન જિનભક્તિ મંડળે અનેરી રમઝટ



જમાવી... નાવડી નૃત્ય, ગાંધર્વ નૃત્ય દાંડિયા રાસ, દીપક નૃત્ય ઇત્યાદિના ભક્તિ પ્રસંગો હોઈ ભાવનામાં ચિક્કાર માનવમેદની રહેતી.

માગશર સુ. ૪ ના રવિવારે સવારના માળારોપણની ઉછામણી લોકોનો ઉલ્લાસ સારો હોવાથી સુંદર થઈ. બપોરના ભવ્ય વરઘોડો ચડ્યો. ચાર બેન્ડ-લેઝિમ મંડળી-ભવ્ય રથ. શણગારેલી મોટરો-રિક્ષાઓ-વિશાળ જનસમુદાય ઇત્યાદિથી આ વરઘોડો ખૂબ જ દીપી ઉઠ્યો.

માગશર સુ. ૫ ના માળારોપણની સાથે ચતુર્થવ્રત, બારવ્રત વગેરેની વિધિ થઈ. જનમેદની હકડેઠઠ ભરાયેલ. માળારોપણ પ્રસંગ ભવ્ય ઊજવાયો. માળા પહેરાવનારાઓ દેવદર્શન-પૂજા, કંદમૂળત્યાગ, સિનેમાત્યાગ વગેરે નિયમો લેતા.

માગશર સુ. ૬ ના સવારે ૮ાા વાગે પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજનો અમલનેર તરફ વિહાર હોવાથી ૮ વાગે વિશાળ જનસમુદાય ઉપાશ્રય પાસે એકઠો થયેલો. જલગાંવમાં જ્વલંત ચાતુર્માસ પૂર્ણ કરી પૂજ્યશ્રી પધારતા હોવાથી સંઘનાં ભાઈબહેનોની આંખમાં આંસુ હતાં... છેક ૧ાા માઈલ સુધી લોકો વળાવવા આવ્યાં. પૂજ્યશ્રીનાં શ્રીમુખે માંગળિક સાંભળી કંઈક ને કંઈક નિયમ લઈ લોકો પાછા વળ્યાં. પૂજ્યશ્રી અમલનેર-ધુળિયા, નેર માલેગામ-યેવલા થઈ નાસિક પોષ વદ-૧ પધારવા ધારે છે. જલગામથી વિહાર કરી પૂજ્યશ્રી ધરણગામ પધારતાં સુંદર સામૈયું થયું. વ્યાખ્યાનમાં સંઘપૂજન બપોરના પૂજા ભણાવાઈ તથા નાનું ગામ હોવા છતાં સંઘમાં ૧૦૪ જેટલાં આયંબિલ થયાં, મૌન એકાદશી અમલનેર થવાનો સંભવ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૭,અંક-૧૫,તા.૨૩-૧૨-૧૯૭૮

**શ્રી અલૌકિક પાર્શ્વનાથ તીર્થ હાસમપુરા (ઉજ્જૈન) મ.પ્ર. :** આ તીર્થમાં પ્રતિષ્ઠા મહોત્સવના શુભ કાર્યમાં સકલ સંઘના બંધુઓને લાભ લેવા અપૂર્વ અવસર. મહા સુદ-૪, તા. ૩૧-૧-૭૯ રથયાત્રા જુલૂસ, મહા સુદ-૫, તા. ૧-૨-૭૯ પ્રતિષ્ઠા વિધિ, મહા સુદ, તા. ૨-૨-૭૯ દ્વારોદ્ઘાટન.

**પ્રતિષ્ઠા** મહોત્સવ પરમ પૂજ્ય વર્ધમાન તપોનિધિ આચાર્ય વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહા. સાહેબના શિષ્યરત્ન મુનિરાજશ્રી નયરત્નવિજયજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં થશે. વિધિ વિધાન હેતુ મંદસૌરથી શ્રી શેષમલજી ચોરડીયા કરાવશે. આ કાર્યોમાં લાભ લેવા માટેની નિમ્ન યોજના છે.

૧. જિનભક્તિ મહોત્સવ આદિ કાર્યક્રમ. શાંતિસ્નાત્ર ૨. પત્રિકામાં નામ નોંધાવવાનો અવસર, ૩. પ્રતિષ્ઠાના દિવસે સાધર્મિક વાત્સલ્ય.

ઉપરોક્ત કાર્યક્રમમાં જે કોઈ ભાઈ-બહેન લાભ લેવાની ભાવના રાખતા હોય તે તરત નીચેના સરનામે સંપર્ક કરે.

નિવેદક : શ્રી અલૌકિક પાર્શ્વનાથ તીર્થ કમિટી, હાસામપુરા (ઉજ્જૈન)

પત્ર વ્યવહાર : હુકમચંદ સેલવાડીયા, જ્ઞાનચંદ ખૂબચંદ, સરાફા બાજાર, ઉજ્જૈન (મ.પ્ર.)

● **પાદરુ :** અત્રેના વતની મુમુક્ષુ શ્રી પારસમલજીની દીક્ષા પૂજ્ય તપસ્વી મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મ.ના વરદહસ્તે ખૂબ જ શાનદાર રીતે ઊજવાઈ. આઠ દિવસનો ભવ્ય મહોત્સવ મા.સુ. ૧૨ના અર્હદ્અભિષેક મહાપૂજન, રાતના ભવ્ય વંદોલી થઈ. સુ. ૧૩ બપોરના ગજરાજ-અંગ્રેજી બેન્ડ-વિશાળ જનમેદની સાથે વરસીદાનનો ભવ્ય વરઘોડો નીકળ્યો. દીક્ષાર્થીનાં માતા-પિતા પણ ગજરાજ પર બેસીને હર્ષથી વરસીદાન ઉછાળતા હતાં. યુવકો તથા જૈનેતરો પણ ખૂબ જ નાચતા હતા. સંઘમાં ખૂબ જ ઉત્સાહ. રાતના અભિનંદનનો ભવ્ય મેળાવડો યોજાયેલ સુ. ૧૪ના હજારોની મેદની વચ્ચે ભાગવતી દીક્ષાની ક્રિયા થઈ. ઉપકરણોની ઉછરામણીનો ઉછરંગ કલ્પનાતીત હતો. મુનિશ્રી વીરરત્નવિજયજીના શિષ્ય રીતે એમનું નામ મુનિશ્રી પદ્મપ્રભ વિજયજી રાખવામાં આવ્યું... પૂજ્યશ્રી અત્રેથી વિહાર કરી વરકાણા થઈ પાદરલી મુકામે પધારશે. ત્યાં પોષ વદ-૧૧થી ઉપધાન શરૂ થનાર છે.

● **મુંબઈ :** અત્રે લાલબાગ ઉપાશ્રયમાં પૂ.પં. શ્રી ગુણાનંદવિજયજી મહારાજના વરદ હસ્તે પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજને ગણિપદવીના પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્રના યોગમાં માગશર સુદ-૯ના શુભ મુહૂર્તે પ્રવેશ કરાવવામાં આવ્યો. બપોરે ૪૫ આગમની પૂજા ભણાવવામાં આવી.

● **નેર :** પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ પોતાના વિશાળ પરિવાર સાથે ધુળિયાથી વિહાર કરી અત્રે પધાર્યા... સંઘ તરફથી મરાઠી શાળા પાસેથી ભવ્ય સામૈયું થયું... પૂજ્યશ્રીની વર્ધમાન તપની ચાલુ ૧૦૮મી ઓળી નિમિત્તે ૧૦૮ ગહુલી થઈ... ઓળીની અનુમોદના નિમિત્તે નાના એવા ગામમાં પણ ૪૦ જેટલા આયંબિલ થયાં.

અત્રેના ઉપાશ્રયમાં વરસો પહેલાં દેવદ્રવ્યના લગભગ ૫૦૦૦૦ રૂા. નાખેલા... બે વરસ પૂર્વે અત્રે પૂ.મુ. શ્રી ચન્દ્રશેખર વિજયજી મહારાજ પધારતાં



તેઓશ્રીની પ્રેરણાથી સંઘમાં બધીય રકમની ટીપ તો થઈ ગઈ પરંતુ અડધી જેટલી રકમ ભરપાઈ કરવાની બાકી હતી તે પૂજ્યશ્રીની પ્રેરણાથી કેટલાકોએ તરતમાં ભરપાઈ કરી, બીજાઓએ નજીકમાં ભરપાઈ કરી દેવાનું નક્કી થયું... તદુપરાંત ગુજરાતી અને મારવાડી સમાજ વચ્ચે મતભેદ હતો તે પણ પૂજ્યશ્રીની સમજાવટથી દૂર થયો.

બે દિવસની અત્રે થયેલી સ્થિરતા દરમ્યાન ૭ સંઘપૂજન થયાં. પૂજ્યશ્રી અત્રેથી વિહાર કરતાં સંઘનાં ભાઈ-બહેનો લાંબે સુધી વળાવવા આવ્યાં.

માગશર વદ. ૬/૨ ના રોજ પૂજ્યશ્રી માલેગામ પધારતાં વસંતવાડીથી સામૈયું શરૂ થયું. સંઘના ઉપાશ્રયે વ્યાખ્યાન થયું. વ્યાખ્યાનમાં સંઘપૂજન કરવામાં આવ્યું. અત્રે પૂજ્યશ્રીની ૧૦૮ મી ઓળીની આરાધનાની અનુમોદના નિમિત્તે શેઠ ભાગચંદ દગડુશા તરફથી સમૂહ આયંબિલ કરાવવામાં આવતાં ૧૧૭ જેટલાં આયંબિલ થયાં. દરેકને ૧-૧ રૂપિયાની પ્રભાવના કરવામાં આવી. અત્રેથી વિહાર કરી પૂજ્યશ્રી યેવલા તરફ પધારી ગયા છે... ત્યાંથી બાસલગાંવ પીપળગામ થઈ પોષ વદ-૧ લગભગ નાસિક પહોંચવા ધારે છે.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૭,અંક-૧૬,તા.૩૦-૧૨-૧૯૭૮

● **વિલેપારલા :** અત્રે પૂ. મુનિરાજશ્રી વિનોદવિજયજી મ. વગેરેની નિશ્રામાં ૧૭૦ જણાના સુંદર ઉપધાન ચાલી રહેલ છે. પૂ. પ્રખર વક્તા મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મ.નાં વ્યાખ્યાનોથી ત્યાગ-વૈરાગ્ય-તપસ્યાનો રંગ સારો જાગી રહેલ છે. મહા સુદમાં માળનો મહોત્સવ છે.

● **યેવલા :** અત્રે પૂ.આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ. પધાર્યાથી સંઘમાં ખૂબ જાગૃતિ આવી. આયંબિલો ચાલુ થયાં. અષ્ટાપદજીની પૂજા શેઠ પન્નાલાલ તરફથી ભારે ઠાઠથી ભણાવાઈ. પૂજ્યશ્રી અર્થ વિવેચન કરતાં સૌને ભારે સમજવા પૂર્વક ભક્તિરંગ મળ્યો. પીંપળગાવ સંઘ વિનંતી કરવા આવ્યો, ને પીંપળગાવથી વણી થઈ નાસિક સુધીનો સુદ-૧૧ છ'રી' પાળતો યાત્રા સંઘ લઈ જવાની વિનંતી માન્ય કરાઈ. પૂજ્યશ્રી પો. સુદ-૪ પીપળગાંવ પધારવા વકી છે.

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૨૭,અંક-૧૯,તા.૨૦-૧-૧૯૭૯

## પૂજ્ય આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરિજી મહારાજની વર્ધમાન તપની ૧૦૮મી ઓળીની પુનિત પૂર્ણાહુતિ પ્રસંગે ભવ્ય ઉદ્યાપન મહોત્સવ

પૂજ્યપાદ સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પ્રવચન પ્રભાવક, તપોનિધિ પરમ પૂજ્ય આચાર્યદેવ.શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબે ૬૮ વર્ષની વયે, શાસન તથા સમુદાયની અનેકવિધ સમ્યક્ જવાબદારીઓના વહન સાથે સંવત ૨૦૩૫ માગસર સુદ ૮ તારીખ ૭ મી ડિસેમ્બર ૧૯૭૮ થી વર્ધમાન તપની ૧૦૮ મી ઓળીનો પ્રસન્ન ચિત્તે સુમંગળ પ્રારંભ કર્યો છે. વર્ધમાન તપની ૧૦૮મી ઓળી પૂજ્યશ્રીએ નિર્વિઘ્ને પરિપૂર્ણ કરતાં તેઓશ્રીની ઉગ્ર તપસાધનાની અનુમોદના કરવા-

ફાગણ વદ ૩ થી ફાગણ વદ ૧૩ સુધી ઉદ્યાપન સહિત ભવ્ય જિનભક્તિ મહોત્સવનું પાવન આયોજન કરવાનો નિર્ણય કર્યો છે.

ઉદ્યાપનમાં આરાધક ભાવિકો પોતાનો છોડ ભરાવીને પણ મૂકી શકશે.

ભારતભરના તપસ્વી શ્રાવક શ્રાવિકાઓએ વર્ધમાન તપની સો ઓળીની તપશ્ચર્યા પૂર્ણ કરી હોય અથવા તો સળંગ ૫૦૦ આયંબિલની તપશ્ચર્યા કરી હોય તેમણે પોતાનાં નામ સરનામાની જાણ સમિતિને સત્વરે કરવા પ્રેમભરી વિનંતી છે.

મહોત્સવનો સવિસ્તાર કાર્યક્રમ હવે પછી જાહેર કરાશે.

શ્રી વર્ધમાન તપ અનુમોદન સમિતિ, મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય,
પાંજરાપોળ, કંપાઉન્ડ, ભુલેશ્વર-મુંબઈ-૪૦૦૦૦૪

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૨૭,અંક-૨૦,તા.૨૦-૧-૧૯૭૯

● **ભીલડિયાજી તીર્થ** : પ.પૂ. પંન્યાસજી શ્રી જિનપ્રભવિજયજી મહારાજની નિશ્રામાં માગ. વદ-૧થી ઉપધાનતપનો પ્રારંભ થતાં ૩૩૭ આરાધકો જોડાયા છે. જેમાં ૨૦૦ નાના નાની બાલિકાઓ છે. પોષ વદ-૮ થી ૧૨૯ આરાધકોએ અટ્ઠાઈ ૪૩ આરાધકોએ ૬ ઉપવાસ તથા ૩૭ આરાધકોએ ૪ ઉપવાસની આરાધના કરી હતી.



● **પાદરલી** : પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજની નિશ્રામાં શાહ તિલોકચંદજી લાલજી તરફથી પોષ વદ-૧૧ થી ઉપધાનતપ પ્રારંભ થશે. પોષ દશમી પર્વ નિમિત્તે વરકાણાજીમાં સામૂહિક અટ્ઠમતપની આરાધના થઈ અને ભવ્ય વરઘોડો શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ મહાપૂજન ભણાવાયું. દરેક તપસ્વીઓને રૂા. ૨૨ ની પ્રભાવના થઈ. પોષ સુદ-૧૪ થી પોષ વદ-૩ સુધી **તીખી** ગામમાં શાંતિસ્નાત્ર સહિત મહોત્સવ ભવ્ય રીતે ઊજવાયો.

● **હાસામપુરા** (ઉજ્જૈન) : પૂ. મુનિરાજજી નયરત્નવિજયજી મહારાજની પ્રેરણાથી આ તીર્થના જીર્ણોદ્ધારનું કાર્ય ચાલે છે. અને મહાસુદમાં નક્કી થયેલી પ્રતિષ્ઠા સંયોગાનુસાર વૈશાખ માસમાં કરાવવાનું નક્કી થયું છે. તીર્થના જીર્ણોદ્ધાર માટે ૨૧ સદસ્યોની કમિટી બનાવવામાં આવી છે. આ ખૂબ પ્રાચીન તીર્થના જીર્ણોદ્ધારમાં આર્થિક સહયોગ મોકલવાની જરૂર છે. સરનામું : શ્રી અલૌકિક પાર્શ્વનાથ તીર્થ કમિટી હાસામપુરા (ઉજ્જૈન) [M.P.]

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૨૭,અંક-૨૧,તા.૩-૨-૧૯૭૯

## થાણાબંદરે ભવ્ય પ્રવેશ...

પરમ ગીતાર્થ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય હીરસૂરીશ્વરજી મહારાજ તથા વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ નાસિકમાં ઊજવાયેલ ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપી મુંબઈ તરફ પધારતાં મહા સુદ-૮ રવિવારે સવારે થાણા પધાર્યા. સવારે ૮।। વાગે ભીવંડી હાઈવે પરથી સામૈયું થયું. મુંબઈથી આવેલા લગભગ ૨૦૦ જેટલા વીરસૈનિકોએ ‘ગુરુજી અમારો અંતર્નાદ-અમને આપો આશીર્વાદ,’ ‘ત્રિશલાનંદન વીરકી જય બોલો મહાવીરકી’ વગેરેના નારાઓ લગાવી રસ્તાઓ ગજાવ્યા. પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને વર્ધમાન આયંબિલ તપની ૧૦૮ મી ઓળી ચાલુ હોવાથી બૃહદ્ મુંબઈમાંથી લગભગ ૩ થી ૪ હજાર જેટલા ભાવિકો આવેલા. સામૈયું ઊતર્યા બાદ મંગલાચરણ થયું અને પછી પધારેલા સાધર્મિકોને ચા-પાણી નાસ્તો અપાયાં.

સવારના લગભગ ૧૦ વાગે પૂજ્યશ્રી પ્રવચન માટે પધારતાં પહેલેથી જ વિશાળ પ્રવચનહોલ ચિક્કાર ભરાયેલો. પૂજ્યશ્રીએ લગભગ ૧ કલાક સુધી વૈરાગ્ય નીતરતી દેશના વહાવી. પ્રવચન બાદ સાધર્મિક ભક્તિ કરવામાં આવી. બીજી

બાજુ વીરસૈનિકોએ ભવ્ય સ્નાત્ર મહોત્સવ જમાવ્યો. ગામેગામના સંઘોએ પૂજ્યશ્રીને પોતાના ગામમાં લાભ આપવા વિનંતી કરી. અત્રે ૨ દિવસ સ્થિરતા કરી મહા સુ. ૧૦ના રોજ પૂજ્યો વિશાળ પરિવાર સાથે મુલુંડ પધારતાં સુંદર સામૈયું થયું. ત્યારબાદ પ્રવચન થયું. પૂજ્યશ્રી અત્રેથી વિહાર કરી મહા વ. ૧૦ના લાલબાગ પધારવા ધારે છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૭,અંક-૨૨,તા.૧૦-૨-૧૯૭૯

## મલાડ મુંબઈ મુકામે પૂજ્યપાદશ્રીનો ભવ્ય પ્રવેશ

નિઃસ્પૃહ શિરોમણી પ.પૂ. આચાર્યશ્રી વિજયહીરસૂરીશ્વરજી મ.સા. તથા ન્યાયશાસ્ત્ર નિપુણમતિ, વર્ધમાન તપોનિધિ પ.પૂ. આચાર્યશ્રી વિજયભુવન-ભાનુસૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ.આ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ.પૂ.પં. શ્રી ધનપાલવિજયજી મ.સા. પોતાના વિશાળ શિષ્ય-પ્રશિષ્ય પરિવાર સાથે મહા સુદ-૧૪ રવિવાર તા. ૧૧-૨-૭૯ ના રોજ મલાડ મુકામે પધાર્યા ત્યારે ઉપનગરને આંગણે મહોત્સવમય વાતાવરણ બની રહ્યું.

સવારે ૮-૩૦ કલાકે નેમાણીની ચાલથી પ્રારંભ થયેલી સ્વાગતયાત્રા અનેક રાજમાર્ગોથી પસાર થઈ ત્યારે જનતા પૂજ્ય તપસ્વી ગુરુદેવને હૈયાના હર્ષનાદ અને જયઘોષથી વધાવતી રહી. વીર સૈનિક દળના યુવાન ભાઈઓ, શિબિરાર્થી યુવાનો અને સેંકડો ભાઈ-બહેનોએ ભાવભીનું સ્વાગત કર્યું હતું. મુંબઈ જૈન સ્વયંસેવક મંડળનું બેન્ડ એના સૂરો વડે સ્વાગતયાત્રાને વધારે દેદીપ્યમાન કરી રહ્યું હતું.

તપસ્વીનું સ્વાગત પણ તપ દ્વારા થઈ રહ્યું હતું, આજે સામુદાયિક આયંબિલ તપ કરાવવાનો લાભ શ્રી અમૃતલાલ નાનચંદ દોશી દેપલાવાળાએ લીધેલ. ૩૦૦ ઉપરાંત ભાઈબહેનો આયંબિલ તપની તપશ્ચર્યામાં જોડાયા.

સ્વાગતયાત્રા ૨॥ કલાકના અંતે શ્રી જગદ્ગુરુ હીરસૂરીશ્વરજી જૈન ઉપાશ્રયે આવતાં વિશાળ પ્રવચન હોલ પણ સાંકડો બની ગયો, પૂજ્યશ્રીનું પ્રભાવક પ્રવચન થયું. શ્રી મફતલાલ મોતીલાલ ભાગલવાળા તરફથી ૧-૧ રૂપિયાથી સંઘપૂજન થયું. પૂજ્યશ્રી અત્રે ત્રણ દિવસ સ્થિરતા કરશે. ત્યાર બાદ મુંબઈના ઉપનગરો ગોરેગાંવ, ઈરલા, શાન્તાક્રુઝ માટુંગા, દાદર, શ્રીપાલનગર, ભાયખલા થઈ તારીખ ૨૨-૨-૭૯ મહા વદ-૧૦ ને ગુરુવારે સવારે ભવ્ય સામૈયા સહ મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય, પાંજરાપોળ કમ્પાઉન્ડ, ભુલેશ્વર મુંબઈ-૪ ખાતે પધારશે. પૂજ્યશ્રીની



વર્ધમાન તપની ૧૦૮ મી ઓળી સુખશાતાપૂર્વક ચાલી રહી છે. તપશ્ચર્યાની અનુમોદનાર્થે ફાગણ વદ-૩ થી ફાગણ વદ-૧૩ સુધી લાલબાગ મુકામે અનુપમ જિનભક્તિ મહોત્સવ, ૧૦૮ છોડનું ભવ્ય ઉદ્યાપન, તપસ્વી શ્રાવક શ્રાવિકાઓનું અનુમોદન ઈત્યાદિ અપૂર્વ કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. પૂજ્યપાદશ્રી પારણા સુધી લાલબાગ ઉપાશ્રયે સ્થિરતા કરશે.

વૈશાખ સુદ-૬ ના રોજ ભવ્ય અંજનશલાકા મહા-મહોત્સવ મલાડ મુકામે યોજાનાર છે. તેની પૂર્વતૈયારી ઉત્સાહ અને ઉલ્લાસપૂર્વક ચાલી રહી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૭,અંક-૨૩/૨૪,તા.૧૭/૨૪-૨-૧૯૭૯

## પલ્લીવાલ જૈન ક્ષેત્રમાં ઊજવાયેલ પ્રતિષ્ઠા મહોત્સવ.

દેપલાવાળા શ્રી રાયચંદભાઈ નાનચંદભાઈ દોશીની ઘૂઘવતી ધર્મભાવનાથી, પલ્લીવાલ ક્ષેત્રનું નદબઈ નગર જિનારાધકો માટેનું નૂતન તીર્થધામ બન્યું છે. શ્રી રાયચંદભાઈની સુદૂરના નગરમાં જિનાલય નિર્માણ કરવાની ભાવના, પૂજ્ય આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરિજી મહારાજશ્રીના વયોવૃદ્ધ શિષ્યરત્ન પૂજ્ય મુનિશ્રી દેવસુંદરવિજયજી મહારાજ, વિદ્વદ્વર્ય મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ તેમજ મુનિશ્રી પદ્મસુંદરવિજયજી મહારાજશ્રીની અવિરત પ્રેરણાથી સિંચાઈ હતી.

પલ્લીવાલ જૈન ક્ષેત્રના ભરતપુર, અલવર અને સવાઈ-માધવપુર જિલ્લાના પટૌદા, કરમપુરા, ખેડલી, બીચગાંવા, પરવેણી વગેરે ગામોમાં, વર્ધમાન સેવા કેન્દ્રની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ શ્રી શ્વેતામ્બર પલ્લીવાલ જીર્ણોદ્ધાર સમિતિના કાર્યસંચાલનમાં તેમજ આણંદજી કલ્યાણજી પેઢીના માતબર સીધા આર્થિક સહયોગથી થયેલ સફળ જીર્ણોદ્ધારનાં કાર્યોનો શ્રી રાયચંદભાઈએ પ્રત્યક્ષ પરિચય કર્યો હતો. આ વિસ્તારમાં વસતાં આપણા સાધર્મિક પરિવારોને જિનભક્તિ માટેનાં તમામ જરૂરી આલંબનો, સાધનો અને ઉપકરણો ઉપલબ્ધ કરાવવાની અનિવાર્ય જરૂર તેમના હૈયે ઠસી ગઈ અને તેઓશ્રીએ નદબઈ નગરમાં શિખરબંધી જિનાલયનું નવનિર્માણ કરાવવાનો લહાવો લીધો.

ચીલઝડપે જિનાલયનું નિર્માણ કાર્ય પૂરું થતાં શાંતમૂર્તિ પૂજ્ય મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ આદિ પાંચ સાધુભગવંતોની તેમજ તીર્થપ્રભાવક પૂજ્ય આચાર્યશ્રી વિક્રમસૂરિજી મહારાજાના આજ્ઞાવર્તી પૂજ્ય સાધ્વીશ્રી શુભોદયાશ્રીજી મહારાજ આદિ પાંચ સાધ્વીજી ભગવંતોની પુનીત નિશ્રામાં અને તેઓ સૌના

વરદહસ્તે મૂળનાયક શ્રી વર્ધમાન સ્વામી, શ્રી સીમંધર સ્વામી, શ્રી મુનિસુવ્રત સ્વામી આદિ જિનબિંબોની પવિત્ર પ્રતિષ્ઠા કરાવવાના મહા મહોત્સવનું આયોજન થયું.

પ્રતિષ્ઠાનો શુભ દિવસ હતો મહા સુદ-છટ્ઠ. આ સાથે અષ્ટાહ્નિકા મહોત્સવ પણ યોજાયો હતો. દૂર-સુદૂર વિસ્તારમાં યોજાયેલા આ જિનભક્તિ અને પ્રતિષ્ઠા મહોત્સવમાં અનેરો આત્મોલ્લાસ માણવા માટે શ્રી રાયચંદભાઈ તેમના વિશાળ પરિવાર અને મિત્રો, તેમજ સંબંધીઓ સાથે ૨૯મી જાન્યુઆરીએ મુંબઈથી નદબઈ નગર જવા ઊપડ્યા હતા. પહેલી જ વાર આ નગરમાં ઊજવાતા આ પુણ્યવંતા મહોત્સવમાં પલ્લીવાલ ક્ષેત્રમાં ચાલતાં જીર્ણોદ્ધાર આદિ શાસન-પ્રભાવનાનાં સમ્યક્ કાર્યોના અવિભાજ્ય સહભાગી શ્રી છબીલભાઈ અમુલખભાઈ ઘોટીવાળા, શ્રી દિનેશભાઈ જોઈતાલાલ શાહ, શ્રી નવીનચંદ્ર ભગવાનદાસ શાહ, શ્રી પ્રતાપભાઈ દલીચંદ દોશી તથા શ્રી રાયચંદભાઈ નાનચંદ દોશીએ એક વિશાળ ઉપાશ્રયનું પણ નિર્માણ કરાવી આપી સંઘને સમર્પિત કર્યો. ઉપાશ્રયનું નામ 'વર્ધમાન તપોનિધિ આચાર્ય વિજયભુવનભાનુસૂરિજી જૈન શ્વેતામ્બર ઉપાશ્રય' રાખવામાં આવ્યું.

મહા સુદ પાંચમે નીકળેલ જલયાત્રા પૂર્વકની રથયાત્રા ચાર કલાક સુધી નગરમાં ફરી હતી. જૈન જૈનેતર હજારોની સંખ્યા ઠેઠ સુધી હાજર રહી હતી અને રાતે શ્રી પલ્લીવાલ જૈન સમાજ તરફથી શ્રી રાયચંદભાઈની જિનભક્તિ ભાવનાની ભૂરિ ભૂરિ અનુમોદના કરીને તેમને અભિનંદનપત્ર આપી ઉચિત સમ્યક્ સન્માન કરાયું હતું. શ્રી રાયચંદભાઈના આર્થિક સહકારથી નિર્માણ થયેલ મંદિર અને ઉપાશ્રય શ્રી નદબઈ જૈન સંઘને સમર્પિત કરાયો હતો.

નદબઈ નગરના નૂતન જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવમાં શ્રી રાયચંદભાઈ દોશી ઉપરાંત શ્રી અમૃતલાલ નાનચંદ દોશી, શ્રી મનસુખલાલ નાનચંદ દોશી, શ્રી પ્રતાપરાય દલીચંદ દોશી, શ્રી પ્રવીણભાઈ દલીચંદ દોશી, શ્રી જયસુખલાલ બાબુલાલ દોશી તથા શ્રી મનુભાઈ દીપચંદભાઈ દોશી આદિનો અનુમોદનીય સહકાર મળ્યો હતો.

પ્રતિષ્ઠા પ્રસંગે મુંબઈથી ખાસ નદબઈ પધારેલા સીત્તેરથી વધુ જિનભક્તો પલ્લીવાલ ક્ષેત્રનાં મુખ્ય સ્થાનો જેવાં કે ખેડલી, બડોદાકાન, શેરપુર, વૈર, હિંડૌન, પટૌદા, શ્રી મહાવીરજી તીર્થના દર્શનાર્થે પધાર્યા ત્યારે ત્યાંના સ્થાનિક સંઘોએ સંઘપૂજન કરી તેમની જિનવરભક્તિની જાહેર અનુમોદના કરી હતી.

● **વૈર** (જિ.ભરતપુર) ગામે પણ મહા સુદ-૧૩ ના રોજ પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો. આ ક્ષેત્રના કાર્ય અંગે છેલ્લાં ચાર વર્ષથી શ્રી નટવરલાલ રતનલાલ



મુંબઈ અને કુમારપાળ વિ. શાહ સતત કાર્યરત છે. આ અંગેની જરૂરી માહિતી ૬૮, ગુલાલવાડી, ત્રીજે માળે, મુંબઈ-૪ ખાતેથી મળી શકશે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૭,અંક-૩૦/૩૧,તા.૭/૧૪-૪-'૭૯

## પૂજ્યપાદશ્રીનો ચાર્તુમાસ નિર્ણય

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **હીરસૂરીશ્વરજી** મ.સા. તથા પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા. આદિ ઠાણાનું આગામી ચાતુર્માસ **શ્રી મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય મુંબઈ** ખાતે નક્કી થયું છે.

પૂજ્યપાદશ્રીને તારીખ ૨૯-૩-૧૯૭૯ના રોજ સવારે પ્રવચન સમયે શેઠ મોતીશા લાલબાગ જૈન ચેરીટી ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ અને લાલબાગ જૈન સંઘના અગ્રણીઓએ ચોમાસું કરવા ભાવભરી આગ્રહપૂર્વક વિનંતી કરેલ. આ અગાઉ અનેક ગામો અને સંઘોની વિનંતીઓ ચોતરફથી પણ થયેલ. લાભાલાભની દૃષ્ટિ જોતાં પૂજ્યપાદશ્રીઓએ લાલબાગ ઉપાશ્રયે ચાતુર્માસ કરવા સંમતિ અપાતાં જય બોલાઈ અને સર્વત્ર હર્ષ અને આનંદનું વાતાવરણ પ્રસરી ગયું.

સરનામું : **શેઠ મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય,** ૨૧૨/એલ, પાંજરાપોળ, **મુંબઈ**-૪૦૦૦૦૪.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૭,અંક-૩૨,તા.૨૧-૪-૧૯૭૯

## મુંબઈના ઉપનગર મલાડ ખાતે અંજનશલાકા મહોત્સવ, પ્રતિષ્ઠા મહોત્સવ અનેરો દીક્ષા મહોત્સવ

તારીખ ૨૧-૪-૭૯ થી મુંબઈના ઉપનગર મલાડ મુકામે શ્રી હીરસૂરીશ્વરજી જગદ્ગુરુ શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘના ઉપક્રમે અંજનશલાકા, પ્રતિષ્ઠા મહોત્સવ અને ૧૫ જેટલા મુમુક્ષુઓની ભાગવતી દીક્ષા અંગીકાર અર્થે ભવ્ય મહોત્સવનો પ્રારંભ થયો છે. પૂજ્યપાદ આચાર્યશ્રી હીરસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા પૂજ્યપાદ આચાર્ય વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આદિ ૮૫ ઉપરાંત મુનિવર્યોની અને સાધ્વીજી મહારાજોની પુનીત પાવન નિશ્રામાં ઊજવાઈ રહેલ પ્રસંગોએ સમગ્ર મુંબઈના સંઘોનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

એક સાથે ૧૫ મુમુક્ષુઓના વર્ષીદાનનો વરઘોડો તારીખ ૨૮-૪-૭૯ના વૈશાખ સુદ-૨ ને શનિવારે સવારે મલાડ મુકામે એક યાદગાર પ્રસંગ બની રહેશે. ઝવેરી પુનમચંદ નગીનચંદ બાબુ અને અન્ય દીક્ષાર્થીઓના નાના મોટા સન્માન સમારોહ દિવસોથી સતત થતા રહ્યા છે. વર્ષીદાનના અતિ ભવ્ય વરઘોડાનું અને વૈશાખ સુદ-૩ ને રવિવારે થનારી દીક્ષાઓ પ્રસંગે ઉપસ્થિત રહેનાર સંભવિત હજારોની મેદની અર્થે આયોજકો દ્વારા સુંદર, સુવ્યવસ્થિત આયોજન ગોઠવાઈ રહ્યું છે.

## મુંબઈના ઉપનગર શાન્તાક્રુઝ મુકામે ૨૧ દિવસીય જૈન ધાર્મિક શિક્ષણ શિબિર

પ્રતિવર્ષ ઉનાળાની રજાઓમાં ન્યાયવિશારદ વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની પુનીત નિશ્રામાં જૈન ધાર્મિક શિક્ષણ શિબિર છેલ્લાં ૧૭ વર્ષથી યોજાતી રહી છે. મેટ્રિક અને કૉલેજના યુવાનો માટે યોજવામાં આવેલ શિબિર શાન્તાક્રુઝ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘના નિમંત્રણથી શાન્તાક્રુઝ ખાતે ૬ઠ્ઠી મેથી ૨૧ દિવસની રહેશે.

નિઃસ્પૃહમૂર્તિ પૂજ્યપાદ આચાર્યશ્રી હીરસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની પાવન નિશ્રામાં યોજાયેલ શિબિરમાં ભારતભરના ખાસ પસંદ કરાયેલ મેટ્રિક-કૉલેજના ૩૦૦ યુવાનોને પ્રવેશ અપાશે. પૂજ્યપાદ આચાર્યશ્રી તથા વિદ્વદ્વર્ય મુનિવર્યોના તાર્કિક અને માર્મિક પ્રવચનો દ્વારા યુવાનોનું જીવન ઘડતર કરાશે.

જૈન દર્શન, જૈન આચાર, જૈન ઇતિહાસ, સૂત્રના અર્થોનું વિશદ વિવેચન અને માર્ગાનુસારી ગુણો દ્વારા જીવન ઉત્થાનનાં પ્રવચનો એક અનોખું આકર્ષણ બની રહેશે.

શિબિર આયોજનને વધુ સમ્યગ્ અને સરળ બનાવવા શ્રાદ્ધરત્ન શ્રી શાંતિલાલ સોમચંદ ચોકસી (ભાણાભાઈ) અથાગ પ્રયાસો કરી રહ્યા છે.

શિબિરમાં બાળકો, બહેનો અને ભૂતપૂર્વ શિબિર વિદ્યાર્થીઓને માટે પ્રવેશ બંધ છે. જોકે દિવસ દરમિયાનના પાંચેય તાત્ત્વિક પ્રવચનોના શ્રવણ માટે સૌ કોઈ લાભ લઈ શકશે. પ્રવચનનો સમય સવારે ૪-૪૫ થી ૭, ૮-૧૫થી ૧૦-૩૦, બપોરે ૩ થી ૫-૩૦ અને રાત્રે વિદ્વાનોનાં વક્તવ્યો તથા ભક્તિભાવના ૮ થી ૯-૧૫. આ પ્રસંગે સૌ કોઈ નગર-ઉપનગરોના જિજ્ઞાસુઓને જોડાવા સઆગ્રહ નિમંત્રણ છે.

શિબિરમાં પ્રવેશ મેળવનાર ૩૦૦ યુવાનોની નિવાસ વ્યવસ્થા અને ભોજન વ્યવસ્થા સાધર્મિક ભક્તિરૂપે નિઃશુલ્ક રહેશે. શિબિરમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા સૌ કોઈ મેટ્રિક કૉલેજના યુવકોએ પ્રવેશપત્ર શિબિર સંચાલક કુમારપાળ વિ. શાહ, ૬૮, ગુલાલવાડી, ત્રીજે માળે, મુંબઈ-૪ ખાતેથી મેળવી-મંગાવી સત્વરે ભરી મોકલવા. જેમનું પ્રવેશપત્ર મંજૂર થશે અને જેમને નિમંત્રણપત્ર મોકલાશે તે યુવાનોને જ શિબિરમાં પ્રવેશપત્ર અપાશે.

જૈનદર્શનનાં સનાતન મહામૂલ્યો સમજવા અને સાંભળવાનો આ અમૂલ્ય અવસર છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૭,અંક-૩૩,તા.૨૮-૪-૧૯૭૯

● **મલાડ :** પરમોપકારી પૂજ્યપાદ આચાર્ય ભગવંતો શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ પોતાના વિશાળ પરિવાર સાથે અત્રે ચૈત્ર સુ. ૫ ના પધાર્યા. એમાં નેમાણીની ચાલથી ૮ાા વાગે સામૈયું સારું ચડેલું. શ્રી હીરસૂરીશ્વરજી જગદ્ગુરુ જૈન શ્વે.મૂ.પૂ. ટ્રસ્ટ ઉપાશ્રયે ઊતરતાં પૂજ્યશ્રીનું પ્રવચન અને સંઘપૂજન-ગુરુપૂજન વગેરે થયાં. આજરોજ પૂજ્યોના પ્રવેશ નિમિત્તે ૫૭ અઠ્ઠમો થયા. દરેકને લગભગ રૂા. ૨૭ ની પ્રભાવના થઈ. વૈ.સુ. ૩ ના ૧૦૮ થી પણ અધિક જિનબિંબોની અંજનશલાકા તથા શ્રી પુનમચંદ બાબુ આદિ લગભગ ૧૫ જેટલા મુમુક્ષુઓની થનારી દીક્ષા સુદ-૬ ના આદીશ્વર ભગવાન...શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ આદિ ૭ જિનબિંબોની થનારી ચલ-પ્રતિષ્ઠા ઇત્યાદિ મંગળમય પ્રસંગો મલાડના આંગણે આવી રહ્યાં છે. આ બધાય પ્રસંગો નિર્વિઘ્ને ઊજવાય તે નિમિત્તે ચૈ.સુ. ૫ થી પ્રારંભીને વૈ.સુ. ૬ સુધી સળંગ અઠ્ઠમ તપની આરાધના ચાલુ રાખવાની પૂજ્યશ્રીએ પ્રેરણા કરતાં ટપોટપ ધાર્યા કરતાં વધુ નામો લખાઈ ગયાં. ચૈત્ર સુ. ૧૩ના રોજ મહાવીર પ્રભુના જન્મકલ્યાણકની ઉજવણી નિમિત્તે સવારના ૯ વાગે ભવ્ય વરઘોડો નીકળ્યો. બપોરના પૂજા ભણાવાઈ. સુ. ૧૪ ના કચ્છ વાગડ દેશોદ્ધારક શાન્તમૂર્તિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજની ૬ઠ્ઠી સ્વર્ગારોહણ તિથિ હોઈ વ્યાખ્યાનમાં તેઓશ્રીના સંયમજીવનના ગુણોનું વર્ણન થયું. વ્યાખ્યાન બાદ વાગડના ભાઈઓ તરફથી ગુરુપૂજન, સંઘપૂજન થયાં. સુ. ૧૫ ના વ્યાખ્યાન બાદ દોશી અમૃતલાલ નાનચંદ તરફથી લાડવાની પ્રભાવના થઈ. સુ. ૧૩/૧૪/૧૫ ના લગભગ ૪૦ જેટલાં અઠ્ઠમો થયાં. એમાં સળંગ જાપ સારા થયા.

વ. ૧ ના સહુ તપસ્વીઓને પારણાં કરાવાયાં. ચૈત્ર વ. ૩ રવિવારના રોજ દેવચંદનગરના ભાઈઓના અતિઆગ્રહથી પૂજ્યશ્રી સવારના ૬ વાગે વાજતે-ગાજતે ત્યાં પધાર્યા પ્રવચન થયું, ત્યારબાદ ગુરુપૂજન, સંઘપૂજન થયાં. પ્રવચનમાં મોટું મંદિર અને વધુ ભાવનાનો ઉપદેશ કરવાથી સંઘ-અગ્રણીઓએ રાતે જ મિટિંગમાં વિચારણા કરી. આજે અત્રેના ગૃહમંદિરના ૫ મા અને ૬ ઠ્ઠા માળે બિરાજિત કરવામાં આવનારા શ્રી આદીશ્વર ભગવાન આદિ ૭ જિનબિંબોને ભરાવવાની ઉછામણી બોલાનારી હોવાથી બહારથી સારું એવું માણસ આવેલું. વ્યાખ્યાનમાં પૂજ્યશ્રીએ પ્રભુ પ્રતિમા ભરાવવાના પ્રતાપે ભવાંતરે બોધિલાભ સમ્યક્ દર્શનની પ્રાપ્તિનું થતું રિઝર્વેશન સમ્યક્ત્વની વિશુદ્ધિ, ઉત્તરોત્તર સર્વવિરતિ યાવત્ વીતરાગતાની પ્રાપ્તિ સુધીના લાભોનું વર્ણન કરતાં ઉછામણીમાં રંગત આવી. આમ મલાડના આંગણે ઉજવનારા અંજનશલાકા, ચલપ્રતિષ્ઠા, દીક્ષા તથા પૂ. પ્રશાન્તમૂર્તિ મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજને ગણિપદ પ્રદાન નિમિત્તેના મહોત્સવની ભારે ઉમંગપૂર્વક તૈયારીઓ ચાલી રહી છે. લગભગ ૧૦૮થી પણ અધિક પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની પુનીત નિશ્રામાં આ પ્રસંગ ઊજવાશે.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૭,અંક-૪૧,તા.૨૩-૬-૧૯૭૯

● **માટુંગા :** સાંતાક્રુઝની મે માસની નવયુવકોની આધ્યાત્મિક શિબિરની સમાપ્તિ બાદ વિલેપાર્લાવાળા શા વસનજી મોરારજીના સુપુત્ર શ્રી જયપ્રકાશની તથા થાણાવાળા કચ્છ-આધોઈના શા દેવજી ચાંપશીના સુપુત્ર શ્રી હરિલાલની ભાગવતી દીક્ષા તથા મલાડમાં દીક્ષિત થયેલ ૧૬ પૂજ્ય સાધુ સાધ્વીજી ભગવંતોની વડી દીક્ષા નિમિત્તે પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય હીરસૂરીશ્વરજી મહારાજ તથા પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ વિશાળ પરિવાર સાથે જેઠ સુ. ૩/૧ ના અત્રે વાજતે, ગાજતે પધાર્યા. સુ. ૩/૨ ના દિવસે સવારના ૯ વાગે બંને મુમુક્ષુઓનો વરસીદાનનો ભવ્ય વરઘોડો ચડ્યો. બંને મુમુક્ષુઓ ભારે ઉલ્લાસથી વરસીદાન આપી રહ્યા હતા. વરસીદાનનો વરઘોડો અશોકકુમાર પુનમચંદ બાબુના ઘર આંગણે ઉતર્યો. ત્યાં પૂજ્યશ્રીનું વિશાળ મેદની વચ્ચે વૈરાગ્ય સભર પ્રવચન થયું. પ્રવચન બાદ નૂતન પૂજ્ય મુનિરાજશ્રી પુરંદરવિજયજી મહારાજના સંસારી કુટુંબીજનો તરફથી જ્ઞાનપૂજન-ગુરુપૂજન તથા સંઘપૂજન થયું.

સુ. ૪ ના સવારે ૧૬ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની વડી દીક્ષા તથા ૨ મુમુક્ષુઓની દીક્ષાની મંગળક્રિયા જીવણભાઈ અબજીભાઈ જ્ઞાનમંદિરની બાજુના



મકાનની અગાસીમાં બાંધેલ વિશાળ મંડપમાં શરૂ થઈ. ચિક્કાર માનવમેદની વચ્ચે બંને મુમુક્ષુઓને પૂજ્યશ્રીએ રજોહરણ અર્પણ કરતાં બંને મુમુક્ષુઓ સ્નાન અંગે જતાં આ બાજુ ઉપકરણ વહોરાવવાની ઉછામણી થઈ. જેની સમયાનુકૂળ ઉપજ થઈ. ટૂંક સમયમાં જ બંને મુમુક્ષુઓ વેષ પહેરીને આવતાં ભારે જયનાદથી તેમને વધાવાયા. નામકરણ વિધિ થતાં જયપ્રકાશનું નામ પૂ. મુનિશ્રી જયપાલ વિજયજી રાખી તેમને પૂ.પં. શ્રી ધનપાલ વિજયજી મહારાજના શિષ્ય તરીકે તથા બાળમુમુક્ષુ શ્રી હરિલાલનું નામ પૂ. મુનિરાજશ્રી હંસરત્ન વિજયજી રાખી તેમને પૂ.મુ. શ્રી પરમહંસવિજયજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કરાયા વડીદીક્ષામાં પ્રખરવક્તા પૂ. મુનિરાજશ્રી ચન્દ્રશેખર વિજયજી મહારાજના શિષ્યરત્ન કે જેમનું નામ દીક્ષા વખતે પૂ.મુ. શ્રી રાજભૂષણ વિજયજી રાખેલું તેમનું નામ પૂ.મુ.શ્રી રાજકમલ વિજયજી રાખવામાં આવ્યું. આ પ્રસંગ બાદ અશોકબાબુ તથા થાણાવાળા દેવજીભાઈ તરફથી શ્રી સંઘ સાધર્મિક ભક્તિ કરવામાં આવી.

સુ. ૫ ના સવારે પૂજ્યપાદ આચાર્ય ભગવંત સાયન શ્રી સંઘની વિનંતીથી વાજતે-ગાજતે ત્યાં પધાર્યા. પ્રવચન બાદ સુ. ૭ ના દેરાસરની વર્ષગાંઠ નિમિત્તે ધજા ચડાવવાની ઉછામણી બોલાઈ દરવર્ષ કરતાં ૪-૫ ગુણી રકમ થઈ.

આ બાજુ ભારે દુ:ખદ ઘટના બની ગઈ. સ્વ. પરમ તપસ્વી પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂ.મુનિરાજશ્રી અમરવિજયજી મહારાજને વાસુપૂજ્ય સ્વામીના દેરાસરે દર્શન કરવા જતાં બસ અકસ્માત થઈ ગયો, ને ઈસ્પિતાલે લઈ જવાયેલ ત્યાં પાછળથી કાળધર્મ થયેલ.

● **કાંદીવલી** મહાવીરનગરવાળા ભાઈશ્રી પ્રવિણભાઈના સુપુત્ર મુમુક્ષુ કેતનકુમારની ભાગવતી દીક્ષા નિમિત્તે એમની માતા શ્રીમતી પદ્માબેન તથા શ્રી મહાવીર નગર જૈન સંઘ કાંદીવલીની ખૂબ જ આગ્રહભરી વિનંતીથી પૂજ્યશ્રી વિશાળ પરિવાર સાથે કાંદીવલી જેઠ સુ. ૯ના સસ્વાગત પધાર્યા. સુ. ૧૧ના શ્રી પ્રવીણભાઈ તરફથી સિદ્ધચક્ર પૂજન તથા સુ. ૧૩ના શ્રી લઘુ શાન્તિસ્નાત્ર પદ્માબેનના પિતાશ્રી સ્વ. હિંમતલાલ જાદવજી તરફથી સુંદર રીતે ઉજવાયા. સુ. ૧૩ના સવારે વરસીદાનનો ભવ્ય વરઘોડો નીકળ્યો.

સુ. ૧૪ના સવારે તેમના જ ઘર આંગણે નખાયેલ વિશાળ મંડપમાં ચિક્કાર જનમેદની વચ્ચે કેતનકુમારની દીક્ષાની ક્રિયા શરૂ થઈ. રજોહરણ અપાયા બાદ સ્નાન માટે લઈ જવાયા. વિશેષતા એ બની કે કેશ કાપનાર હજામે આ દીક્ષાની અનુમોદના નિમિત્તે ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું. વેશપરિવર્તન કરીને દીક્ષાર્થી સ્ટેજ પર પધારતાં લોકોએ જયનાદ કર્યો. નૂતન દીક્ષિતનું નામ મુ. શ્રી કલ્યાણબોધિ

વિજયજી રાખી તેમને પૂ.મુ. શ્રી હેમચન્દ્ર વિજયજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કરાયા. દીક્ષા બાદ શ્રી સંઘ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયું.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** વર્ષ-૨૭,અંક-૪૨,તા.૩૦-૬-૧૯૭૯

## પૂ. આચાર્ય ભગવંતોનો પ્રવેશ તથા વરસીદાનનો ભવ્ય વરઘોડો

સિદ્ધાંત મહોદધિ, કર્મ સાહિત્ય નિષ્ણાત પ્રાતઃ સ્મરણીય પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજા**ના સતત જયણાશીલ, ગીતાર્થ મૂર્ધન્ય પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **હિરસૂરીશ્વરજી મહારાજા** તથા ૧૦૮ વર્ધમાન તપની ઓળીના આરાધક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાનું** જે.વ. ૧૪ શનિવારે પાયધુનાથી લાલબાગ-ભુલેશ્વર સુધીનું ભવ્ય સ્વાગત થયું હતું. તે સાથે ઝવેરી પ્રવીણભાઈ છોટાલાલ (સુરત નિવાસી)નો ભવ્ય વરસીદાનનો વરઘોડો નીકળ્યો હતો. ૭-૫૫ મિનિટે પૂ. આચાર્ય ભગવંતોએ લાલબાગ ઉપાશ્રયમાં ચાતુર્માસ માટે પ્રવેશ કર્યો.

૮-૦૦ વાગે મુમુક્ષુ શ્રી **પ્રવીણભાઈ**ની દીક્ષાની ક્રિયા ચાલુ થઈ. ત્યારબાદ તેમને ઓઘો આપીને સ્નાન માટે લઈ ગયા ત્યારે તેમના ઉપકરણની બોલી બોલવામાં આવી હતી. સકળ સંઘે તેમાં સારો એવો લાભ લીધેલ હતો. નૂતન દીક્ષાર્થી સાધુવેશ પહેરીને વ્યાખ્યાન હોલમાં પધાર્યા ત્યારે અંતરનાદોથી સૌએ તેમને વધાવી લીધા. તેમની નામકરણ વિધિ શરૂ થઈ, ત્યારે તેમનું નામ મુનિશ્રી **પુણ્યવર્ધનવિજયજી** રાખવામાં આવ્યું.

પૂ.મુનિશ્રી **હેમચન્દ્રવિજયજી મહારાજ**ના શિષ્યરત્ન તરીકે જાહેર થયા ત્યારે સર્વત્ર આનંદ છવાઈ ગયો.

દીક્ષાની ક્રિયા પૂર્ણ થયા બાદ સકલ સંઘ માટે લાલબાગની વાડીમાં સાધર્મિકભક્તિ રાખવામાં આવેલ.

પૂજ્યપાદશ્રી વિજયભુવનમાનુસૂરીશ્વરજી મહારાજનો
મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય,
૨૧૨/એલ, પાંજરાપોળ, **મુંબઈ-૪૦૦૦૦૪** આ સરનામે સંપર્ક કરી શકાશે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** વર્ષ-૨૭,અંક-૪૪,તા.૧૪-૭-૧૯૭૯

● **અચલગઢ (માઉન્ટઆબુ) :** છેલ્લાં કેટલાંક વર્ષોથી ઉનાળાની રજાઓમાં



અચલગઢ મુકામે જૈન યુવાનોના આધ્યાત્મિક જીવન ઘડતર અર્થે શિક્ષણ શિબિર યોજાય છે. આ વર્ષે પણ વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન પ્રશિષ્યરત્ન મુનિવર્ય શ્રી ગુણરત્નવિજયજી મહારાજની પુનીત નિશ્રામાં ૩૧મી મેના રોજ શિબિરનો પ્રારંભ થયેલો. એમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાત રાજયથી લગભગ ૧૦૩ જૈન યુવાનો જોડાયા હતા. આ શિક્ષણ શિબિરનો પ્રારંભ અમદાવાદ નિવાસી શ્રી રમણલાલ વજેચંદ શાહે જ્ઞાનદીપક પ્રગટાવવા પૂર્વક કર્યો હતો. પિંડવાડા નિવાસી શ્રી બાબુલાલજી શિવલાલજી, શ્રી હીરાચંદજી વૈદ જયપુર અને મધ્યપ્રદેશના ન્યાયાધીશ શ્રી ઉમેદમલજી જૈને સમ્યગ્જ્ઞાન ઘડતરના આ કાર્યની અનુમોદના કરી હતી.

૧૬ દિવસની શિબિરના પ્રારંભથી પૂજ્ય મુનિવર્ય શ્રી ગુણરત્નવિજયજી મહારાજે જૈન તત્ત્વજ્ઞાન અને જૈનાચારની વાચનાઓ આપેલ. પૂજ્યશ્રીની ચાલી રહેલ ૫૫મી વર્ધમાનતપ આયંબિલ ઓળીનું પારણું તારીખ ૧૦-૬-૭૯ના રોજ આવતાં યુવાનોએ પ્રેરણા લઈ સિનેમા રાત્રિભોજન, કંદમૂળ અભક્ષ્ય તથા સાત વ્યસન ત્યાગની પ્રતિજ્ઞાઓ લીધેલ. પ્રવચનો દરમ્યાન પણ વચ્ચે વચ્ચે પ્રેરણા લઈ અનેકે, વ્રતનિયમ, સામાયિક, જાપ વગેરે કરવાની પ્રતિજ્ઞા કરેલ.

રાજસ્થાન હાઈકોર્ટના ન્યાયાધીશ શ્રી સી.એમ. લોઢા એ શિબિરમાં પધારી પ્રસન્નતા વ્યક્ત કરી હતી. તારીખ ૧૬-૬-૭૯ના રોજ પૂર્ણાહુતિ દિવસે રાજસ્થાન હાઈકોર્ટના ન્યાયાધીશ શ્રી ગુમાનમલજી લોઢાના હસ્તે યુવાનોની જ્ઞાન, દર્શન, ચારિત્રની સમ્યગ્ આરાધનાની અનુમોદના પૂર્વક સુવર્ણ-રજતપદક ધાર્મિક ઉપકરણ ઈત્યાદિ પ્રભાવના રૂપે અપાયા હતા. મુંબઈ નિવાસી શ્રી હીરાચંદજી જેરૂપજી તરફથી દરેકને પૂજા માટે ચાંદીની કટોરીની પ્રભાવના અપાઈ હતી.

● **મુંબઈ :** અત્રે ભૂલેશ્વર-લાલબાગ જૈન ઉપાશ્રયમાં માટુંગા તથા કાંદીવલીમાં થયેલ નૂતન ત્રણ મુનિભગવંતોની તથા એક સાધ્વીજી મ.ની વડીદીક્ષા અને મુંબઈ નિવાસી મુમુક્ષુ શ્રી મહેન્દ્રકુમાર અમૃતલાલની ભાગવતી દીક્ષા અષાઢ સુ. ૧૦ના રોજ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી મદ્વિજય હીરસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી મદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આદિ વિશાળ મુનિ ભગવંતોની પુનીત નિશ્રામાં ભારે ધામધૂમથી ઊજવાઈ ગઈ. સવારે મહેન્દ્રકુમારનો વરસીદાનનો વરઘોડો નીકળ્યો. જેમાં મહેન્દ્રકુમારના મોટાભાઈ ચંદુભાઈના સ્નેહી સ્વજનોનો વિશાળ સમૂહ હતો. વરઘોડો ઊતર્યા બાદ વડીદીક્ષા દીક્ષાની ક્રિયાની શુભ શરૂઆત થઈ. મંગળ મુહૂર્તે રજોહરણ અપાતાં મહેન્દ્રકુમાર ભારે હર્ષોલ્લાસથી નાચી ઉઠ્યા. ત્યારબાદ સ્નાનવિધિ થઈ... વેશ પરિવર્તન કરીને આવ્યા બાદ લોચ

થયો... નામકરણ વિધિ થતા મહેન્દ્રકુમારનું નામ મુનિશ્રી મંગળબોધિ વિજયજી રાખી તેમને પૂ. મુનિરાજશ્રી હેમચન્દ્રવિજયજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કરાયા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૭,અંક-૪૫,તા.૨૧-૭-૧૯૭૯

## પરમ પૂજ્ય મુનિપ્રવર જિતેન્દ્રવિજયજી મ.સા.ની શુભ નિશ્રામાં મેવાડમાં પ્રતિષ્ઠાની પુણ્ય પરંપરા, રતલામ વગેરે ચાતુર્માસ પ્રવેશ.

પરમ પૂજ્ય સમર્થ પ્રવચનકાર શ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ પોતાના શિષ્યવૃન્દ સાથે લગભગ ૧૧-૧૨ વર્ષથી રાજસ્થાનમાં સતત વિચરણ કરતા પ્રતિષ્ઠાઓ-ઉપધાન-ઉદ્યાપન-દીક્ષા-છ'રી' પાલતા સંઘો આદિ અનેકવિધ શાસન પ્રભાવક કાર્યો તેઓશ્રીની નિશ્રામાં ધારાબદ્ધ થઈ રહ્યાં છે... મેવાડનાં જિન-મંદિરો જીર્ણ-શીર્ણ બની ગયેલાં, તે પૂજ્યશ્રીએ સાહસ કરીને મંદિરોના જીર્ણોદ્ધારનું મંગલમય કાર્ય ચાલુ કરાવેલું. એ કાર્યો પૂર્ણ થતાં પૂજ્યશ્રી પ્રતિષ્ઠા માટે મેવાડ પધાર્યા. **રાશમી** ગામમાં શ્રી ચિંતામણિપાર્શ્વનાથ ભગવાનની શ્યામવર્ણી ભવ્ય પ્રતિમા છે. ચૈત્ર વ. ૧૩ થી પ્રતિષ્ઠા મહોત્સવનો શુભારંભ થયો હતો. વૈશાખ સુદ-૭ના હજારોની જનમેદની વચ્ચે અપૂર્વ ઉત્સાહ સાથે મૂળનાયક આદિ શ્રી જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ હતી. આખા ગામ (ઉદ્દકોમ)ની નવકારશી-જમણ રાખેલ... રાશીમ પછી પૂજ્યશ્રી **ગિલૂણ્ડ** ગામમાં પધાર્યા હતા. અત્રે વૈશાખ સુદ-૧૩ના અપૂર્વ ઉલ્લાસ સાથે મૂળનાયક શ્રી પાર્શ્વનાથ પ્રભુ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ. ધામધૂમ સારી થયેલી. ગિલૂણ્ડ પછી પૂજ્યશ્રી **ઉદયપુર** પધાર્યા હતા. અત્રે બાબેલોની શેરીમાં જિનમંદિરનો જીર્ણોદ્ધાર પૂજ્યશ્રીની કૃપાથી પૂર્ણ થયો હતો. તેની પ્રતિષ્ઠાનો મહોત્સવ વૈ. સુદ-૧૩થી થયો હતો. વૈ.વદ-૭ના રોજ અત્રે ભવ્ય-ઐતિહાસિક વરઘોડો નીકળ્યો હતો. વૈ. વદ-૮ના રોજ અપૂર્વ ઉત્સાહ સાથે મૂળનાયક શ્રી સુપાર્શ્વનાથ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ હતી તથા બપોરના શાંતિસ્નાત્ર ભણાવાયેલ. ઉદયપુર પછી પૂજ્યશ્રી **ખરતાણા** પધાર્યા હતા. જેઠ સુદ-૨ના રોજ અત્રે મૂળનાયક શ્રી નમિનાથ આદિ જિનબિંબોની ભવ્ય પ્રતિષ્ઠા થઈ હતી. ખરતાણાથી પૂજ્યશ્રી **કપાસન** શહેરમાં પધાર્યા હતા. જેઠ સુદ-૪નો વરઘોડો અપૂર્વ અને અજોડ નીકળ્યો હતો. અત્રે બે શિખરબંધી દેરાસરોમાં પ્રતિષ્ઠા હતી. જેઠ સુદ-૫ના રોજ મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન તથા મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ હતી. કપાસન પછી પૂજ્યશ્રી **સનવાડ** ગામમાં પધાર્યા હતા. અહીં ત્રણ મંજિલનું ભવ્ય દેરાસર છે. જેઠ સુદ-૧૩ના ભવ્ય વરઘોડો



નીકળ્યો હતો. જેઠ સુદ-૧૪ના મૂળનાયક સંપ્રતિકાલીન શ્રી પદ્મપ્રભસ્વામી, આદિનાથપ્રભુ, કુંથુનાથપ્રભુ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ હતી. સનવાડ પછી પૂજ્યશ્રી જેઠ વદ-૯ના **જાવી** ગામે પધાર્યા. જેઠ વદ-૧૩ના ભવ્ય વરઘોડો નીકળેલ. જેઠ વદ-૧૪ના મૂળનાયક શ્રી ધર્મનાથ પ્રભુ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા થયેલ. આમ અનેકવિધ શાસન પ્રભાવના કરતા પૂજ્યશ્રી ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે બાદશાહી સ્વાગત સાથે **રતલામ નગરે** અષાઢ સુદ-૮ના પધાર્યા. શ્રાવણ સુદમાં પૂજ્યશ્રીની નિશ્રામાં નવનિર્માણ પામેલ આચાર્યશ્રી વિજયદાન-પ્રેમ-રામચંદ્રસૂરીશ્વરજી જૈન-શ્વે.મૂ. આરાધના ભવનનું ઉદ્‌ઘાટન ભવ્ય મહોત્સવ સાથે થશે...

પૂ. તપસ્વી મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ ગઢસિવાણામાં ૩૫૦ જણના શાનદાર ઉપધાન કરાવી મેવાડ તરફ વિહાર લંબાવતાં ખૂબ ઉપકાર કરી રહ્યા છે. જ્યાં શ્વે. પૂ. મુનિઓના વિહારના અભાવે લોકો મૂર્તિપૂજક મટી ગયા હતા ત્યાં મેવાડમાં પૂજ્યશ્રીએ કષ્ટ સહન કરીને પધારી લોકોને જાગ્રત કર્યા. મંદિરોના જીર્ણોદ્ધાર ચાલુ કરાવ્યા, ને એનો પ્રભાવ પડ્યો. પાછા એ જ લોકોની મૂર્તિ પ્રત્યે આસ્થા જાગવા-વધવા માંડી. સત્સંગ શું કામ નથી કરતો ? પૂજ્યશ્રીની તર્ક-દૃષ્ટાંત ભરપૂર વાણીથી શ્રોતાઓનાં હૃદય પરિવર્તન થઈ જતાં, જિનભક્તિના રંગ ચડતા અને જ્યાં જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠા મહોત્સવ આવતા તો એમાં તન-મન-ધનથી લાભ લેવા ઉલ્લસિત રહેતા. પ્રતિષ્ઠા વખતે મંદિર તથા ગામને લાઈટ-ધજા-તોરણો વગેરેથી ભારે ડેકોરેશન કરી દેતા; બોલીઓ પણ જોરદાર થતી. નવકારશી જમણ થતા, વરઘોડાઓમાં તો લોકો ભક્તિરંગમાં ગાંડાતૂર જેવા બની ગાતાં ને નાચતાં. પૂજા-ભાવનાઓમાં ક્યાંક પ્રસિદ્ધ સંગીતકાર ગોપાલજીનાં મીઠાં ભક્તિગીત અને મંદસૌરના નૃત્યકાર સૂર્યપ્રકાશના અભિનય કાર્યક્રમ, તો ક્યાંક ગુડાબાલોતરાની મંડળીના ભવ્ય પ્રોગ્રામ શાનદાર થતા. પ્રતિષ્ઠાની જોરદાર બોલીઓના પ્રભાવે શાંતિસ્નાત્રમાં શાન્તિકલશની બોલી પણ એવા અનભિજ્ઞ જેવા ગામમાં ૧૫૦૦ની થયેલ. મૂળમાં પૂજ્યશ્રીની રોચક બોધક વાણીનો અને પ્રભુ-ભક્તિ સમારોહનો પ્રભાવ લોકોનાં હૈયાંને ધર્મરંગે રંગી દેતો.

ઉદયપુરમાં તો કમાલ થઈ ગઈ. વરઘોડામાં ૩ ગજરાજ, ૧૦ ઘોડા, પોલીસ બેન્ડ, બીજા ૨ બેન્ડ, ઊછળતા ઉલ્લાસભરી હજારોની મેદની જોઈ વૃદ્ધો કહેતાં કે અમારી જિંદગીમાં આવો વરઘોડો પહેલીવાર જોયો. દરેક પ્રતિષ્ઠામાં શ્રી દીપચંદજી કોઠારી સુંદર સંચાલન કરતા. એક સ્થળે પ્રતિષ્ઠા કરી બીજે પ્રતિષ્ઠા કરવા પૂજ્યશ્રીનો તરત વિહાર થતાં લોકો વસમી વિદાય આપતા-એટલું બધું લોકોના દિલમાં પૂજ્યશ્રી પ્રત્યે ભક્તિ-આકર્ષણ થયેલું.

છેલ્લે છેલ્લે સનવાડની યશસ્વી પ્રતિષ્ઠા પછી જાવી પ્રતિષ્ઠા અર્થે પધારતાં વચ્ચે **આકોલા-ભાદસોડા-વિકુંભ** આદિ ગામોમાં જીર્ણોદ્ધાર તથા પ્રતિષ્ઠાના નિર્ણય લેવાયા. ખમણૌર-કોઠિયા આદિ ગામોમાં આ વર્ષે જ પ્રતિષ્ઠા કરાવવા વિનંતીઓ થઈ પરંતુ ચાતુર્માસ સમય નજીક હોઈ એ માન્ય ન થઈ. છેલ્લે જાવીમાં પ્રતિષ્ઠાર્થે પધાર્યા. જૈનોના માત્ર ૬ ઘર, છતાં ઉલ્લાસ ભારે, એમાં વળી જૈનેતર પાટીદારો ભક્તિમાં એવા જોડાયા કે હાથીની સવારીઓની બધી બોલી એમણે લીધી. સારાંશ, સંયમી તપસ્વી અને નિસ્પૃહ મુનિઓનાં પગલે પગલે નિધાન જેવું થયું.

**• પ.પૂ. મુનિરાજશ્રી ચરણપ્રભવિજયજી મહારાજ હિંગનઘાટથી કલકત્તા ભવાનીપુર ચાતુમાર્થે પધારતાં...**

(૧) હિંગનઘાટથી ભાંડુકજીનો સંઘ નીકળ્યો... તેમાં ઘણા સ્થાનકવાસી ભાઈઓએ લાભ લીધો. તેમાંના એક સ્થાનકવાસી ભાઈએ સંઘપતિ બનવાનો લાભ લીધો. (૨) મલાડથી યાત્રા પ્રવાસ સંઘ ભાંડુકજી આવ્યો. સારી સંખ્યામાં ગહુંલીઓ તથા સંઘપૂજન થયું... (૩) પોષ દશમીના ભવ્ય વરઘોડા સાથે ૨૭ અભિષેક પૂજન ખૂબ ભક્તિ સભર થયું. (૪) ચંદ્રપુરના સંઘની વિનંતીથી પ્રવચન તથા પૂજાદિ પ્રસંગે રોકાણનો લાભ આપ્યો. (૫) નાગપુર સંઘની ભાવના જોઈ એક માસ સ્થિરતા કરી, ગૃહમંદિરમાં પ્રભુજીના પ્રવેશનો વરઘોડો તથા પૂજા વગેરે પ્રસંગો સારી રીતે ઊજવાયા. આદિનાથ ભગવાનના અઠ્ઠમ, ખીરના એકાસણા-આયંબિલ વગેરે આરાધનાઓ સારી રીતે થઈ... વલ્લભનગરમાં સંઘપૂજન તથા સાધર્મિક ભક્તિમાં સૌએ સારો લાભ લીધો. (૬) રાયપુર-૧૮ દિવસની સ્થિરતા દરમ્યાન પ્રવચન તથા સૌ પ્રથમ ૯૯ અભિષેકની પૂજા તથા વીસસ્થાનકની પૂજા વગેરે પહેલીવાર વિધિપૂર્વક થયાં. (૭) ઝરીયા : અત્રેના આગેવાન શ્રી દેવશીભાઈના વરસીતપની પૂર્ણાહુતિ નિમિત્તે અષ્ટોત્તરી સ્નાત્ર, સિદ્ધચક્ર પૂજન તથા સાધર્મિક ભક્તિયુક્ત મહોત્સવ ઊજવાયો. ૧૦૦૦ ઉપર ઊપજ જીવદયામાં, ૨૦૦૦ની ટીપ તથા દેરાસરનો દ્વાર ઉદ્ઘાટનનો પ્રસંગ ઊજવાયો. (૮) વેરમાઃ અષ્ટાહ્નિકા મહોત્સવમાં પાંચ છોડનું ઉજમણું, પાર્શ્વનાથ ભગવાનના ૧૦૮ અભિષેક, સિદ્ધચક્ર પૂજન તથા ૯૯ અભિષેકની પૂજા તથા શાંતિસ્નાત્ર ભણાવાયાં. દેવદ્રવ્યમાં ૨૫૦૦૦ જેટલી આવક થઈ (૯) આસનસોલ : પાંચ દિવસ સ્થિરતા દરમ્યાન પ્રવચન જિનાલય તથા ઉપાશ્રયનું ભૂમિપૂજન (૧૦) કલકત્તા : ૧૧ દિવસની સ્થિરતા. ૯૬, કેનીંગ સ્ટ્રીટમાં સામૈયું થયું. અંતરાય કર્મની પૂજા ભણાવાઈ. (૧૧) ભવાનીપુર : માંગલિક પ્રવચન તથા સંઘપૂજન. લોકો સારા પ્રમાણમાં પ્રવચનનો



લાભ લઈ રહ્યા છે.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૨૭,અંક-૫૦,તા.૨૫-૮-૧૯૭૮

## સિદ્ધાંત મહોદધિ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના સમુદાયની ચાતુર્માસિક યાદિ

૧. ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ. પૂ.આ. કનકચંદ્રસૂ.મ., પૂ.આ.મહોદય સૂ.મ., પૂ.ઉ. મહિમા વિ.મ., પૂ.પં. ભદ્રંકર વિ.મ., પૂ.પં. હર્ષ વિ.મ., પૂ.પં. ભદ્રાનન વિ.મ. આદિ **-પાટણ,** નગીનદાસ મંડપ હોલ.
૨. પૂ. આ. શ્રી ભક્તિ સૂ.મ., પૂ.પં. શ્રી લલિત વિ.મ., આદિ -ઓપેરા સોસાયટી, અમદાવાદ.
૩. પૂ. આ. શ્રી વર્ધમાન સૂ.મ. પૂ.આ.શ્રી રેવત સૂ.મ. આદિ -આરિસા ભુવન-પાલીતાણા.
૪. પૂ. આ. શ્રી સુદર્શન સૂ. મહારાજ, **શીરોહી** (રાજસ્થાન)
૫. પૂ. આ. શ્રી જયંતશેખર સૂ. મહારાજ, હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર, **ધંધુકા**
૬. પૂ. આ. શ્રી હીર સૂ.મ., પૂ.આ.શ્રી ભુવનભાનુ સૂ.મ., પૂ.પં. ધનપાલ વિ.મ., પૂ.પં. જયઘોષ વિ.મ., પૂ. ગણિ ધર્મજિત વિ.મ. આદિ, લાલબાગ-ભુલેશ્વર, **મુંબઈ-૪.**
૭. પૂ. આ. શ્રી મુક્તિચંદ્ર સૂ. મહારાજ, ગોપીપુરા, ઓસવાલ મહોલ્લા, **સુરત.**
૮. પૂ. આ. શ્રી હિમાંશુ સૂ.મ., આ. શ્રી નરરત્ન સૂ. મહારાજ, **જુનાગઢ.**
૯. પૂ. આ. શ્રી રાજતિલક સૂ. મહારાજ, ગીરધરનગર, **અમદાવાદ-૪.**
૧૦. પૂ. આ. શ્રી રવિચંદ્ર સૂ. મહારાજ, ૪૫, દિગવિજય પ્લોટ-**જામનગર.**
૧૧. પૂ. આ. શ્રી માનતુંગ સૂ.મ., પૂ.પં. હરિપ્રભ વિ.મ., પૂ.પં. રવિપ્રભ વિ. મહારાજ, **સાવરકુંડલા.**
૧૨. પૂ. પં. શ્રી રંગ વિ. મહારાજ, તિલકરોડ-**માલેગામ.**
૧૩. પૂ. પં. શ્રી ગુણાનંદ વિ. મહારાજ, ભાયખલ્લા-**મુંબઈ.**
૧૪. પૂ. પં. શ્રી મિત્રાનંદ વિ. મહારાજ, નવરંગપુરા-**અમદાવાદ.**

૧૫. પૂ. પં. શ્રી ભદ્રાનંદ વિ. મહારાજ, અમરશાળા ટેકરી-**ખંભાત.**

૧૬. પૂ. પં. શ્રી નિત્યાનંદ વિ.મ., પૂ. મતિધન વિ. મહારાજ, પગથિયાનો ઉપાશ્રય-**અમદાવાદ.**

૧૭. પૂ. પં. શ્રી યશોભદ્ર વિ. મહારાજ, મહાવીરનગર, કાંદીવલી-**મુંબઈ.**

૧૮. પૂ. પં. શ્રી સુધાંશુ વિ. મહારાજ, સગ્રામપુરા-**સુરત.**

૧૯. પૂ. પં. શ્રી જિનપ્રભ વિ. મહારાજ, **સાચોર.**

૨૦. પૂ. પં. શ્રી જિનેન્દ્ર વિ. મહારાજ, શાંતિભુવન-**જામનગર.**

૨૧. પૂ. ગણિ ભદ્રગુપ્ત વિ. મહારાજ, રસાલા બજાર-**નવા ડીસા.**

૨૨. પૂ. ગણિ રાજેન્દ્ર વિ. મહારાજ, હીરસૂરિ જૈન ઉપાશ્રય-**મલાડ ઈસ્ટ.**

૨૩. પૂ. મુ. ભાવ વિ. મહારાજ, (રાજસ્થાન) **લાસ.**

૨૪. પૂ. મુ. મતિ વિ. મહારાજ, **સરીયદ.**

૨૫. પૂ. મુ. જય વિ. મહારાજ, કાળુશીની પોળ-**અમદાવાદ.**

૨૬. પૂ. મુ. પદ્માકર વિ. મહારાજ, શાહપુર-**અમદાવાદ.**

૨૭. પૂ. મુ. પુણ્યોદય વિ. મહારાજ, **સિદ્ધપુર.**

૨૮. પૂ. મુ. મહાપ્રભ વિ. મહારાજ, **ઝીંઝુવાડા.**

૨૯. પૂ. મુ. કુંદકુંદ વિ.મ., પૂ.મુ. યોગીન્દ્ર વિ. મહારાજ, **પીંડવાડા** (રાજ.)

૩૦. પૂ. મુ. નિરંજન વિ. મહારાજ, ૧૮/૬૯-ઈ-કોલોની, બાપુનગર-**અમદાવાદ૧૮**

૩૧. પૂ. મુ. પિયંકર વિ.મહારાજ, **ડભોઈ.**

૩૨. પૂ. મુ. જયધ્વજ વિ. મહારાજ, **કુણઘેર,** વાયા (પાટણ).

૩૩. પૂ. મુ. જયભદ્ર વિ. મહારાજ, **વાપી.**

૩૪. પૂ. મુ. વિનોદ વિ. મહારાજ, **ભીવંડી.**

૩૫. પૂ. મુ. ધર્મગુપ્ત વિ. મહારાજ, **જયપુર.**

૩૬. પૂ. મુ. મણિપ્રભ વિ.મ., પૂ.મુ. જયશેખર વિ. મહારાજ, શ્રીપાળનગર-**મુંબઈ-૬.**

૩૭. પૂ. મુ. મહાયશ વિ. મહારાજ, ખીવાન્દી

૩૮. પૂ. મુ. ચંદ્રશેખર વિ. મહારાજ, **ચંદનબાળા-મુંબઈ-૬**

૩૯. પૂ. મુ. હેમચંદ્ર વિ. મહારાજ, **માટુંગા-મુંબઈ-૧૯**

૪૦. પૂ. મુ. જિતેન્દ્ર વિ. મહારાજ



૪૧. પૂ. મુ. જગચ્ચંદ્ર વિ. મહારાજ, આરાધના ભુવન, **દાદર-મુંબઈ-૨૮.**

૪૨. પૂ. મુ. વિમલસેન વિ.મ., પૂ.મુ.હેમરત્ન વિ. મહારાજ, લોકાગચ્છ ઉપાશ્રય, **કોટ, મુંબઈ-૧.**

૪૩. પૂ. મુ. મનોગુપ્ત વિ. મહારાજ, **બારેજા.**

૪૪. પૂ. મુ. લલિતશેખર વિ. મહારાજ, **ઝઘડીયા.**

૪૫. પૂ. મુ. મુનિચંદ્ર વિ. મહારાજ, **મોરબી.**

૪૬. પૂ. મુ. ગુણરત્ન વિ. મહારાજ, **પાલી.**

૪૭. પૂ. મુ. પ્રભાકર વિ. મહારાજ, **વાવ** (બનાસકાંઠા)

૪૮. પૂ. મુ. ચંપક વિ. મહારાજ, **મહેસાણા.**

૪૯. પૂ. મુ. મહાબલ વિ.મ., પૂ.મુ.પુણ્યપાલ વિ. મહારાજ, **સુરેન્દ્રનગર.**

૫૦. પૂ. મુ. અમરગુપ્ત વિ. મહારાજ, જ્ઞાનમંદિર-**અમદાવાદ.**

૫૧. પૂ. મુ. ચંદ્રકીર્તિ વિ. મહારાજ, **ધુળિયા.**

૫૨. પૂ. મુ. વિદ્યાનંદ વિ. મહારાજ, દેવકીનંદન-**અમદાવાદ.**

૫૩. પૂ. મુ. અક્ષય વિ. મહારાજ, **રાજકોટ.**

૫૪. પૂ. મુ. જયતિલક વિ. મહારાજ, **અમલનેર.**

૫૫. પૂ. મુ. જયભૂષણ વિ. મહારાજ, **પાલેજ.**

૫૬. પૂ. મુ. જગવલ્લભ વિ. મહારાજ, **નાસિક.**

૫૭. પૂ. મુ. ચરણપ્રભ વિ. મહારાજ, ભવાનીપુર-**કલકત્તા.**

૫૮. પૂ. મુ. ભદ્રશીલ વિ. મહારાજ, (કચ્છ) **અંજાર.**

૫૯. પૂ. મુ. નયરત્ન વિ. મહારાજ, શાંતિનગર-**ઈંદોર.**

૬૦. પૂ. મુ. અશ્વસેન વિ. મહારાજ, ઈરલા-અંધેરી, **મુંબઈ નાં.-૫૮**

૬૧. પૂ. મુ. નરવાહન વિ. મહારાજ, **વિસનગર.**

૬૨. પૂ. મુ. ભુવનચંદ્ર વિ. મહારાજ, **બોરસદ.**

૬૩. પૂ. મુ. જયચંદ્ર વિ. મહારાજ, **અહમદનગર.**

૬૪. પૂ. મુ. સત્યચંદ્ર વિ. મ., પૂ.મુ. મુક્તિચંદ્ર વિ. મહારાજ, **પુના શહેર**

૬૫. પૂ. મુ. શ્રેયાંસપ્રભ વિ. મહારાજ, **કડી.**

૬૬. પૂ. મુ. નિપુણચંદ્ર વિ. મહારાજ, **પુના કેમ્પ.**

# નવા વર્ષના પ્રારંભે

સસ્નેહ આત્મ સ્મરણ...

હા ! આપનું સાપ્તાહિક કદ કે કલેવર નહીં, માત્ર વર્ષ બદલે છે. આ અંકથી ૨૮મા વર્ષનો પ્રારંભ અને ૨૭મા વર્ષની પૂર્ણાહુતિ થાય છે. અધ્યાત્મવાણીના સૌ પરિવારજનોનું સ્વાધ્યાય રુચિ બદલ અંતરનાય અંતરથી અનુમોદન કરું છું.

આજે જ્ઞાન માટે સાહિત્યનું પ્રકાશન ખૂબ ખૂબ વધ્યું છે. દરેક વિષયોનું ખેડાણ એટલું બધું થઈ ગયું છે કે કેવળ મધપૂડા કે ઊધઈના રાફડાનું સાહિત્ય વાંચતાં જ આખી જિંદગી વીતી જાય. આટલા બધા વિષયો ઉપર એટલું બધું લખાયું છે કે જ્ઞાનનું અજીર્ણ અને મન જીર્ણશીર્ણ થઈ જાય. જ્ઞાન વિગતો માટે નહિ, આત્મવિકાસ માટે પ્રકાશસ્થંભ બનવું જોઈએ. અશ્લીલ અને અશિષ્ટ સાહિત્ય અંધકારને વધારે ઘેરું અને મનને વધારે ગાંડું બનાવે. કેમ કે ખરાબ સાહિત્યનું વાંચન ઝેર પીવા જેવું છે. ખરાબ સાહિત્ય જીવનગાડીને ખાડામાં ધકેલે છે. જેના જીવનમાં અધ્યાત્મનું ચિંતન અને સ્વાધ્યાય છે તેનું જીવન ઝળકી ઊઠે છે. જેને સ્વાધ્યાયનો શોખ છે તે ગમે તે સ્થાને સુખી રહી શકે છે.

આપણું સદ્ભાગ્ય અને સૌભાગ્ય છે કે ન્યાય વિશારદ વિદ્વદ્વર્ય આચાર્ય શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની તપસિંચિત મંગળ અધ્યાત્મવાણીનું વાંચન 'દિવ્ય દર્શન' સાપ્તાહિકના માધ્યમથી આપણને મળી રહ્યું છે. પૂજ્યશ્રીના અક્ષરો, તેમના અંતરના ભાવો, તેમના આત્માના ધબકારા, તેમના વૈરાગ્યનો અનુભવ અને જિનશાસનના બહુમૂલ્ય તત્ત્વોનો નિચોડ આપણને પ્રત્યેક સપ્તાહે તેઓશ્રી કરાવે છે, જે આપણી ધર્મસાધનામાં જોમ પૂરે છે. આપણી પ્રભુભક્તિને મસ્ત કરે છે. તપ ને તેજસ્વી આત્માને ઓજસ્વી બનાવવાની પ્રેરણા કરે છે. પૂજ્યશ્રીની વૈરાગ્યવાણી સાદ કરીને 'સ્વ'ને સ્વસન્મુખ બનાવે છે. ''આત્મા અનંત શક્તિનો સ્વામી છે. એ પેટ ઘસડીને ચાલતું અળસિયું નહિ પણ વ્યોમવિહારી ગરુડ છે''નો નાદ કરે છે. માનવજીવન અપૂર્વ અવસર છે. ધર્મસાધનાનો પુરુષાર્થ કરવા માટે જન્મ-જીવનને અટકાવી દેવા માટેનો મોકો છે. જો જીવનગાડી આત્મસાધના માટે દોડતી કરાય તો પ્રત્યેક સ્વાધ્યાયપ્રેમીઓનું જીવન નિર્મળ અને નિર્મમ બની રહે. વાચકોના આત્માનું ઐશ્વર્ય પ્રગટે, અને વિસ્તરે, તેવી કરુણાથી પૂજ્યશ્રી આપણને તત્ત્વચિંતન પીરસે છે. આપણા સૌ પર આ મહત્તમ ઉપકાર કરવા બદલ અમો પૂજ્યપાદશ્રીના ઋણી છીએ. એમના પ્રત્યે કૃતજ્ઞતાભાવ વ્યક્ત કરી નમ્રભાવે નતમસ્તકે વંદના કરીએ છીએ.



ચાલુ દિવ્યદર્શનના અંકોમાં સોળમાં તીર્થંકર ભગવાન શ્રી શાન્તિનાથ પ્રભુના જીવના છઠ્ઠા ભવ પર વિચારણા ચાલી રહી છે. પોતે અપરાજિત બળદેવ અને ગણધર જીવ અનંતવીર્ય વાસુદેવના અધિકારમાં કનકશ્રી પ્રતિવાસુદેવની કન્યાને લઈ આવે છે એ પ્રસંગ ચાલી રહ્યો છે. ગત વર્ષ દરમ્યાન આ ભવના પ્રસંગો પર અત્યંત પ્રેરણાદાયી વિચારણા રજૂ થઈ છે. આ વિચારણા કેટલી બધી અમૂલ્ય છે કે જો એનો વ્યવસ્થિત અભ્યાસ કરવામાં આવે, તે બધા નાની નોટમાં વિવેચન-વિવેચનના ટૂંકા મુદ્દાની નોંધ સાથે અભ્યાસ કરવામાં આવે તો પછીથી એ નોટ વારંવાર વાંચવાથી સમજાય.

માનવજીવન સુકૃતો, સાધના અને સદ્ગુણોથી મઘમઘતું જીવાય તો માનવજન્મની સાર્થકતા છે. એ માટે આ શાન્તિનાથ ભગવાનના પૂર્વભવોનાં વિવેચન ખૂબ જ ઉપયોગી છે. પરંતુ વિવેચનના ફકરે-ફકરાની ટૂંકી નોંધ અને નોંધનું પુનઃ પુનઃ વાંચન-ચિંતન-મનન કરવું જરૂરી છે. એ માટે દિવ્ય દર્શનમાં જિનશાસનનના જ્વલંત તત્ત્વો અને સિદ્ધાંતો ઠામ ઠામ ઉપસાવવામાં આવ્યાં છે. એ પ્રકાશ આપવા બદલ પ્રવચનકાર પૂજ્યશ્રીનો ઉપકાર માનીએ એટલો ઓછો છે. આ પ્રકાશને ડિગ્રીધરો તથા સ્થાનકવાસી ભાઈ-બહેનો અને સાધ્વીઓ પણ ઝીલી રહ્યાં છે, અને નવા નવા પ્રકાશને તલપી રહે છે. એ જોતાં દિવ્યદર્શન પરિવારના દરેક સભ્યે હજુ પણ દિવ્યદર્શનનો વધુ પ્રચાર-પ્રસાર કરવાનું બહુ સુલભ છે, એ ખાસ કરવા જેવું છે.

૨૮ મા વર્ષના પ્રારંભે 'દિવ્ય દર્શન'ના ગ્રાહકો અને આજીવન સભ્યનો પણ સહર્ષ આભાર માનીએ છીએ. આપ સૌના સાથ અને સહકારથી જ 'દિવ્ય દર્શન' આટલી દીર્ઘ યાત્રા કરી શક્યું છે. સાથ અને સહકાર આપનાર સૌને અભિનંદન.

આપણા જીવનને અજવાળે અને આપણા આત્માને ઉજમાળે એવા આ સમ્યક્ સાધનને વધારે સદ્ધર, સુંદર અને સુવ્યવસ્થિત કરવાની અમારી ભાવના અને ભરચક પ્રયાસ રહ્યા છે. દિવ્ય દર્શન એના સમયે તૈયાર થાય છે, પોસ્ટ નિયમિત થાય છે, પણ પોસ્ટખાતાની અક્ષમ્ય અનિયમિતતા અને અવ્યવસ્થાને કારણે ઘણા વિલંબથી આપને મળે છે. આ અંગે અમે સત્તાવાળાઓનું એકથી વધારે વાર ધ્યાન દોર્યું છે. આ માનવ સર્જિત ભૂલને દૂર કરવા સતત પગલાં લઈ રહ્યા છીએ.

૨૭ મા વર્ષે આપને ૫૦ અંકો અને ત્રણસોથી પણ વધારે પાનાનું શુદ્ધ અને સાત્ત્વિક તત્ત્વચિંતન આપવામાં અમને અમારી ધારી સફળતા પ્રાપ્ત થઈ છે. આ ૨૮ મા વર્ષે પણ આપ સૌની મંગળભાવના અને પૂજ્ય આચાર્યદેવશ્રીની કૃપાથી સવિશેષ સફળતા મળશે.

'દિવ્ય દર્શન'નું સંચાલન કરતાં આપને પત્રનો જવાબ ન અપાયો હોય, વિલંબથી અપાયો હોય, આપની અપેક્ષા મુજબનો ન અપાયો હોય, અંક મોડો રવાના કરાયો હોય, અંક ન મળ્યો હોય, વગેરે મારા નિમિત્તે આપને કાંઈ પણ માઠું લાગ્યું હોય તો તેની હું ખરા અંતઃકરણપૂર્વક ક્ષમા માગું છું.

**ક્ષમાપ્રાર્થી**

**કુમારપાળ વિ. શાહના વંદન, તંત્રી-દિવ્ય દર્શન સાપ્તાહિક**

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૮,અંક-૩/૪,તા.૧૫/૨૨-૯-૧૯૭૯

● **મુંબઈ** : અત્રે ભૂલેશ્વર લાલબાગ જૈન ઉપાશ્રયમાં પૂ. આચાર્યદેવોશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજ તથા શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. ચોમાસું પધાર્યાથી શ્રીસંઘને રોજ મહામંગળમય શ્રી ભગવતી સૂત્રનાં તત્ત્વભર્યાં વ્યાખ્યાનો સાંભળવાનો દુર્લભ લાભ મળવા માંડ્યો. સાથે ભીમસેન ચરિત્ર, તેમજ બપોરે પૂ. વિદ્વાન ગણિવર્ય શ્રી ધર્મજીતવિજયજી મ.નાં કર્મગ્રંથ પર તેમ પૂ. આચાર્યદેવશ્રીની શ્રી ધર્મબિન્દુ અને શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય પર વાચનાના શ્રવણનો લાભ મળતો રહ્યો.

સાથેસાથે શ્રી વર્ધમાન તપસ્યા અને ઓળીઓ ચાલુ થઈ. એનામાં શ્રી શ્રેણિ તપ, શ્રી સિદ્ધિ તપ, શ્રી સમોસરણ તપ, શ્રી સિંહાસન તપ વગેરે તપસ્યાઓ ચાલુ થઈ.

પૂ. તપસ્વી મુનિરાજશ્રી જયસોમવિજયજી મહારાજે ૬૮ ઉપવાસની ભાવનાથી ઉપવાસો શરૂ કર્યાં, પૂ. મુનિરાજશ્રી વિમલસેનવિજયજી મહારાજે ૮૪મી ઉપર ૮૫મી વર્ધમાન આયંબિલ ઓળી લગાવી. પૂ. ગણિવર્ય શ્રી ધર્મજિતવિજયજી મહારાજે ૭૬મી ઓળી પછી થોડા પારણે ૭૭મી આયંબિલ ઓળી શરૂ કરી. પૂ. મુનિરાજશ્રી શોભનવિજયજી મહારાજે ૧૦૫મી ઓળીમાં ૧૬ ઉપવાસનાં પચ્ચક્ખાણ કર્યાં. બીજા મુનિઓમાં પણ વર્ધમાન આયંબિલ ઓળીઓ ચાલી.

પૂ. પંન્યાસ શ્રી જયઘોષવિજયજી મ. તથા ગણિ શ્રી ધર્મજિતવિજયજી મ. પાસે શ્રી વ્યવહાર સૂત્ર નિશીથસૂત્ર શ્રી કર્મપ્રકૃતિ કર્મગ્રંથ લોકપ્રકાશ વગેરેની વાચનાદિ ચાલતી.

પર્યુષણા મહાપર્વની આરાધનાનો શ્રીસંઘમાં ભારે રંગ જામ્યો. જીવનમાં એક ઉપવાસ પણ નહિ કરેલા કે એક જ ઉપવાસ કરેલા યુવાન ભાઈ-બહેનોએ અટ્ઠાઈની તપસ્યા આદરી. નાની બહેનોએ પણ પૂ. આચાર્યદેવના પ્રભાવ પર વિશ્વાસ રાખી ૩૦ ઉપવાસની તપસ્યા આદરી. આ ઉપરાંત ૨૧-૧૯-૧૭-૧૬-૧૫-૧૨ વગેરે



ઉપવાસ શરૂ થયા. નવા તપસ્વીઓને શારીરિક ભારે ઢીલાશ તેમાં કોઈને ઊબકા ઊલટી વગેરે કષ્ટ પડ્યા છતાં મક્કમતાથી તપ ચાલુ રાખ્યા ત્યારે જૈન શાસનના મહાન તપયોગની બલિહારી જોવા મળતી.

નડિયાદથી બાળમુનિશ્રી કુલબોધિવિજયજી મહારાજના સંસારીપણે પિતાજી શ્રી કિરીટભાઈ તથા દાદીમા શ્રી શાંતાબેન અને મલાડથી પૂ. મુનિશ્રી નંદિભૂષણવિજયજી મહારાજના સંસારીપણે માતુશ્રી શ્રીમતી કલાવતીબેન માસખમણની મહા તપસ્યા કરવા અત્રે લાલબાગ ધર્મશાળામાં જ આવી રહ્યાં અને માસખમણ શરૂ કર્યાં.

પિત્તની ઊલટી ઉબકાના ભારે ઉપદ્રવ રહ્યા છતાં એમણે તપસ્યા છોડી નહિ. મહાપર્વની આરાધનામાં છટ્ઠ અટ્ઠમ ૪-૫-૬ તપક્ષીરસમુદ્ર તપનો રંગ જામ્યો.

પર્યુષણા અટ્ઠાઈ વ્યાખ્યાન વખતે વાર્ષિક ૧૧ કર્તવ્યોનો સંઘ શાહી આરાધના માટેનો ઉપદેશ અપાયો જેથી સામાન્ય સ્થિતિવાળા પણ એમાં લાભ લઈ શકે એથી મુંબઈમાં ઈતિહાસમાં પહેલવહેલી આ આરાધના માટે સૌ કોઈએ ફાળો નોંધાવ્યો. હવે અનુકૂળ સમયે આવી બાબતો કર્તવ્યોની સમૂહ આરાધનાનું ભવ્ય આયોજન વિચારવા પૂ. આચાર્યદેવશ્રીની ૧૦૮મી વર્ધમાન આંયબિલ ઓળીની પૂર્ણાહુતિના મહોત્સવ વખતે વિચારાયેલ. ભારતભરના વિશિષ્ટ તપસ્વીઓનું બહુમાન પણ ભવ્ય રીતે ઊજવવાનું વિચારણા હેઠળ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૮,અંક-૧૪,તા.૨૨-૧૨-૧૯૭૯

● **મુંબઈ** : અત્રે શ્રીપાલનગરમાં શ્રી સંઘ તરફથી લગભગ ૨૫૦ બેનો ૬૫ ભાઈઓને ઉપધાન તપની આરાધના સુંદર ચાલી રહી છે. પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ રોજ ૧૦૦ ખમાસમણાં ૨૫-૨૫ના વિભાગથી દેવરાવે છે. એમાં ત્રણ આંતરામાં ચૈત્યવંદન ભાષ્યના પદાર્થ પર ટૂંકા પ્રવચન આપે છે. તેથી આરાધકોને ખમાસમણાં ઊભા ઊભા દેવાનો ઉત્સાહ બન્યો રહે છે અને તીર્થંકર ભગવાનની ભક્તિ અંગે ઘણું ઘણું જાણવા મળે છે. પ્રદક્ષિણા અષ્ટપ્રકારી પૂજા અને નવાંગી તિલકનાં વિશિષ્ટ રહસ્ય, વીસ સ્થાનકનો પરિચય અને એના આધારે પ્રભુ સાથે વાતચીત, દ્રવ્ય પૂજાનું મહત્ત્વ, તીર્થંકર ભગવાનનું જીવન વગેરે વગેરે જીવનોપયોગી વિષયો પર પ્રવચન થયેલ. ઉપધાન આરાધકોમાં ૭ વરસના નડિયાદના અભયકુમાર (ઠાકોર) કિરીટભાઈ સહિત ૭-૮ બાળકો પણ સામેલ છે. આરાધકોમાં ૫ ઉપવાસ, અટ્ઠમો, છટ્ઠ, ૩ દ્રવ્યનો અભિગ્રહ વગેરે પણ આરાધના ચાલે છે. ઉપધાનમાળનો વરઘોડો મહા સુદ-૩ વખતે ભારતના વિશિષ્ટ તપસ્વીઓનો

વરઘોડો તથા બપોરે એ તપસ્વીઓનું બહુમાન, જે પૂ. આચાર્યદેવશ્રીની ૧૦૮ મી વર્ધમાન ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગે યોજવાનું નક્કી થયેલું, કારણસંયોગે મુલત્વી રહેલ તે હવે યોજવાનું નક્કી કર્યું છે. આ વરઘોડો બહુમાન બહુ ભવ્ય રીતે યોજાવાના છે.

● **મલાડ**માં પૂ. ગણિવર્ય શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજની નિશ્રામાં માગશર વદ-૧૧થી શ્રી ઉપધાન-આરાધના શરૂ થયેલ છે. પહેલા મુહૂર્તમાં લગભગ ૧૪૦ આરાધકો જોડાયા છે.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૮,અંક-૧૭,તા.૧૨-૧-૧૯૮૦

● **ચંદનબાળા મુંબઈ :** પૂજ્યપાદ પંન્યાસશ્રી ધનપાલવિજયજી મહારાજ, પૂ. શ્રી ધર્મજિતવિજય ગણિ તથા પ્રભાવક પ્રવચનકાર મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ આદિની પુનીત નિશ્રામાં તારીખ ૩૦-૧૨-૧૯૭૯ રવિવારના રોજ સવારે ૯ કલાકે ચંદનબાળા જૈન ઉપાશ્રય ખાતે **"આરાધના"** પુસ્તકની પ્રકાશન વિધિ થઈ હતી. પૂજ્યપાદ આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ દ્વારા આલેખિત આ તદ્દન નવું પ્રકાશન દિવ્ય દર્શન સાહિત્ય પ્રકાશન સમિતિ તરફથી તૈયાર કરવામાં આવ્યું. પ્રકાશન વિધિ શાંતાક્રુઝ જૈન સંઘના અગ્રણી સૌજન્યમૂર્તિ શ્રી જસવંતલાલ મણિલાલ શાહ (ગોધરાવાળા)ના હસ્તે કરવામાં આવી હતી. પૂજ્યપાદ મુનિશ્રી હેમચંદ્રવિજયજી મહારાજ સાહેબે આચાર્યશ્રીના આધ્યાત્મિક અને વૈરાગ્ય નીતરતા સાહિત્ય સર્જન અંગે ભાવ પોષક શૈલીમાં સમજણ આપી હતી. દિવ્ય દર્શન સાહિત્ય પ્રકાશન સમિતિના ટ્રસ્ટી શ્રી કુમારપાળ વિ. શાહે પુસ્તક વિષે વિષદ્ સમજણ આપેલ.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૮,અંક-૧૮,તા.૧૯-૧-૧૯૮૦

● **અમદાવાદ :** સદ્‌ગત શ્રાદ્ધરત્ન શ્રી ચંપકલાલ ભણસાલીનાં સુકૃતોની અનુમોદના નિમિત્તે અત્રે જ્ઞાન મંદિરમાં ભવ્ય મહોત્સવ પોષ માસમાં ઉજવાઈ ગયો. ધારણા કે કલ્પના પણ નહોતી કે આટલો સુંદર મહોત્સવ થશે. પાંચે પાંચ દિવસોમાં એટલી બધી સાધર્મિક બંધુઓ-બહેનોની ભીડ થતી હતી કે જ્ઞાન મંદિરના ટ્રસ્ટીઓએ પણ કહ્યું કે અમારા જ્ઞાન મંદિરના ઈતિહાસમાં આટલો સુંદર મહોત્સવ



આટલા લોકો અને આટલો બધો ઉલ્લાસ, એક કલ્પના બહારનો મહોત્સવ થઈ ગયો.

આખા જ્ઞાન મંદિરને તથા રોડ પર ડેકોરેશન પણ ખૂબ જ જોરદાર કરાવ્યું હતું. કાગળના ફૂલો, લાઈટ તથા ફૂલોના હારથી રોજ જ્ઞાનમંદિર શણગારાતું હતું અને ખાસ વિનોદભાઈ (મુંબઈવાળા) જેમ ફળ નૈવેદ્ય મોટા મોટા મૂકાવે છે તેમ અત્રે નૈવેદ્ય માટે જુદી જુદી ડિઝાઈનની ડાઈઓ બનાવી હતી. એટલે તેનું પણ આકર્ષણ ખૂબ જ રહ્યું હતું અને ખાસ તો ચતુરભાઈનું આરાધક મંડળ અને લલીતભાઈ ધામીનું સાબરમતી મંડળ આ બન્ને મંડળોએ સાથે મળીને જે પૂજા તથા ભાવનાઓ ભણાવી છે, કમાલ કરી છે. જે વ્યક્તિ પૂજા કે ભાવનામાં બેઠી તે પૂજા પૂર્ણ થયા પહેલાં ઊઠે જ નહિ. એટલી સુંદર ભક્તિ ચાલતી કે ખરેખર ! લોકો ખૂબ જ ખુશ થઈ જતા અને પ્રભાવનાઓ પણ બધી ઉત્તમ પ્રકારની રાખેલી તથા ખાસ પ્રભાવનાઓ માટેની મીઠાઈઓ ઘરે જ બનાવી હતી. કુટુંબીઓએ નક્કી કર્યું હતું કે બજારની કોઈપણ વસ્તુ વાપરવી નહિ. એટલે અનાજ મંગાવી, ઘરમાં જ સાફ કરાવી તેનો લોટ કરીને ઘરમાં જ મીઠાઈઓના કારીગરોને બોલાવીને સૂર્યોદય પછી જ ચૂલો પ્રગટે અને સૂર્યાસ્ત પહેલાં જ ચૂલો ઠરી જાય એ પ્રમાણે મીઠાઈઓ બનાવી હતી. છેલ્લે દિવસે સાધર્મિક ભક્તિ (ભોજન સમારંભ) યોજેલ. તેમાં લગભગ ૫૦૦ સાધર્મિકો જમવા પધારેલા. તે ભોજનની રસોઈની સામગ્રી પણ ઘરમાં જ લાવીને સાફ કરાવીને પછી જ ઉપયોગમાં લેવાનું. એમ નક્કી કરેલ. એટલે એકંદરે સદ્‌ગતની જયણા તથા જિનભક્તિ અને સંઘભક્તિને વાચા આપેલ. મહોત્સવમાં રોજ પૂ. અમરગુપ્તવિજયજી મહારાજની હાજરી રહેતી. તથા પરમ તપસ્વી પૂ.આ.વિ. રાજતિલકસૂરીશ્વરજી પણ પધારતા તથા સાધ્વીજી મ.સા. પણ પધારતા. એટલે ખૂબ જ આનંદ આવેલ.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૮,અંક-૧૯,તા.૨૬-૧-૧૯૮૦

મુંબઈ શ્રીપાલનગરમાં પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં યોજાયેલ ઉપધાન આરાધનામાં આ બાળકો પણ જોડાયા હતા. અને એકાંતરે ઉપવાસ - નીવિ - ઉપવાસ વગેરે કઠોર તપસ્યા સારી રીતે કરવા સાથે રોજ ૧૦૦ લોગસ્સ કાઉસ્સગ્ગ ૧૦૦ ખમાસમણાં ૨૦ બાંધી નવકારવાળી ઉભયટંક પ્રતિક્રમણ ૪ દેવવંદન વગેરે ક્રિયા પણ કરતા હતા.



ઉભામાં જમણી બાજુથી

નયનેશ ભાનુભાઈ (૧૨) જતીન પ્રવિણચંદ્ર (૧૪), વિક્રમ છગનલાલ (૧૪), ભાવિક રાજેન્દ્રકુમાર (૧૨)

બેઠામાં જમણી બાજુથી

મીતેશ પ્રવિણચંદ્ર (૧૦), અભય કીરીટકુમાર ઠાકોર (૮), આશીષ નલિનભાઈ (૧૦), પરમેશ્વર બાલદેવ મંડલ (૧૧).

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૮,અંક-૨૬,તા.૧૫-૩-૧૯૮૦

**ભારતભરના જૈન યુવાનોના સમ્યક્ જીવન ઘડતરની સોનેરી તક**

## ૨૧ દિવસની જૈન ધા.શિ. શિ.નું મુલુંડને આંગણે આયોજન

:: વાચના દાતા ::

**ન્યાયવિશારદ પૂજ્યપાદ આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ.**

**પ્રારંભ : તા. ૪-૫-૮૦, રવિવાર, પૂર્ણાહુતિ : તા. ૨૫-૫-૮૦, રવિવાર**

પ્રતિવર્ષ ઉનાળાની રજાઓમાં જૈન ધાર્મિક શિક્ષણ શિબિરો યોજવામાં આવે છે. છેલ્લા પંદર વર્ષથી યોજાતી આ શિબિરોની ૫ હજારથી પણ વધારે જૈન યુવાનોમાં શુભ અને સુખદ પરિણામો આવ્યા છે. આ વર્ષે આવી જ સમ્યક્ જ્ઞાન શિબિરનું આયોજન ફરી એકવાર મુંબઈના ઉપનગર મુલુંડ ખાતે યોજવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. ઉનાળાની રજાઓનો ઉપયોગ કરવા માટે ૨૧ દિવસની આ શિબિરમાં ૨૫૦ ખાસ પસંદ કરેલા એચ.એસ.સી. અને આગળના અભ્યાસ કરતા યુવાનોને પ્રવેશ અપાશે. જૈન તત્ત્વજ્ઞાન, જૈન આચાર, આવશ્યક સૂત્રોના મૂલ્યો અને જૈન ઈતિહાસનું વિશદ્ અધ્યયન કરાવશે.

શિબિરમાં યુવાનોને બોધદાયક અને પ્રેરણાદાપ્રદ વાચનાઓ આપવા માટે ન્યાયવિશારદ પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબને એમના વિશાળ શિષ્ય પરિવાર સહિત પધારવા ભાવભરી વિનંતી કરતાં પૂજ્યપાદશ્રીએ અમારી વિનંતીનો સ્વીકાર કર્યો છે. શિબિરનું સુપેરે સંચાલન કરવાનું પણ શ્રી કુમારપાળ વિ. શાહે સ્વીકાર્યું છે.

શિબિર યુવાનોને રહેવાની, જમવાની તમામ વ્યવસ્થા સાધર્મિક ભક્તિરૂપે કરાશે. ઉપરોક્ત આ સમ્યગ જ્ઞાન શિબિરનું આયોજન કરવા શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘે પૂરો સાથ સહકાર આપ્યો છે.

શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા યુવાનોએ નીચેના સરનામેથી પ્રવેશ પત્ર મંગાવી લેવા. પ્રવેશ પત્ર પૂર્ણ વિગતો સહિત ભરીને તાકીદે મોકલી આપવા. શિબિર કાર્યાલયમાંથી પ્રવેશ પત્ર મંજૂરીનો પત્ર પ્રાપ્ત થયો હશે તે યુવાનોને જ શિબિરમાં પ્રવેશ અપાશે.

શિબિરમાં જોડાવા અને જૈન તત્ત્વોનો પરિચય મેળવવા એચ. એસ. સી. અને કૉલેજના યુવાનોને અમારું આગ્રહભર્યું નિમંત્રણ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૮,અંક-૩૧,તા.૧૯-૪-૧૯૮૦

● **મુંબઈ લાલબાગ :** અત્રે બિરાજમાન ગણિ શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજની શુભ નિશ્રામાં સુસંસ્કારનિધિ અંગે વ્યાખ્યાનમાં શ્રી વેલજીભાઈ દાદરવાળાએ સુંદર પ્રકાશ પાર્થર્યો છે. બાળકોમાં રહેલી શક્તિઓ વિવિધ ધાર્મિક ઈનામી હરિફાઈ સ્પર્ધા દ્વારા જોવા મળે છે. સૌ પ્રથમ આહારશુદ્ધિ પ્રકાશની પરીક્ષાથી ઘણા બાળકોએ બાવીસ અભક્ષ્યનો ત્યાગ કર્યો, તત્ત્વજ્ઞાન પ્રવેશિકાની પરીક્ષામાં ૨૫૦ બાળકોએ નવ તત્ત્વનું ઉંડું મંથન કર્યું. અતિચારસૂત્રની મૌખિક સ્પર્ધામાં ૪૦૦ જેટલા બાળકો જોડાયા. જેમાં વિલેપાર્લે કેન્દ્રનો ૧૦ વર્ષનો બાળક સૌ પ્રથમ આવેલ. સુસંસ્કારનિધિની યોજના બાળકોમાં પ્રોત્સાહન દ્વારા સુસંસ્કરણના બીજારોપણ-સંવર્ધન માટેનો છે.

જેમાં સંસ્કારપ્રેમી અનેક મહાનુભાવોએ આ યોજનામાં લાભ લીધો છે. આ યોજનામાં રૂ. હજાર, પાંચસો કે અઢીસો આપી પ્રોત્સાહન દાતા બની શકાય છે. જેના પ્રમુખ હિંમતલાલ વનેચંદજી બેડાવાલા છે. ખજાનચી સોહનલાલ મલુકચંદ વડગામવાળા (૧૩૮ બી ચંદાવાડી, ૨ જે માળે માધવબાગ સામે, મુંબઈ - ૪૦૦૦૦૪) છે. આ જગ્યાએ રકમ મોકલવાથી પહોંચ અને સુંસ્કારનિધિ પ્રકાશનનું ભેટ સાહિત્ય દાતાને મોકલાશે.

● **છાણી** (વડોદરા) અત્રે પૂ.પં. શ્રી મિત્રાનંદવિજય ગણિવરની નિશ્રામા અમદાવાદનાં શ્રી સમ્યગ્જ્ઞાન શિબિર પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે જૈન ધાર્મિક શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. વૈશાખ વદ-૪ રવિવાર તારીખ ૪-૫-૧૯૮૦થી ૨૧ દિવસનાં લગાતાર કાર્યક્રમમાં જૈન તત્ત્વજ્ઞાન વગેરે વિષયોનું જ્ઞાન અને ધાર્મિક નૈતિક સંસ્કારોનું સિંચન પ્રદાન કરવામાં આવશે. જિજ્ઞાસુ યુવાન વર્ગને જોડાવા માટે આમંત્રણ છે. પ્રવેશ પત્ર નીચેના સરનામેથી મળશે.

**નવીનચંદ્ર નગીનદાસ ગાંધી,** ૫૨૯, બી. પાંચકુવા-અમદાવાદ.

● **બેડા** (રાજસ્થાન) આધ્યાત્મિક જ્ઞાન શિબિર સંસ્થા તરફથી અત્રે એક આધ્યાત્મિક જ્ઞાન શિબિર સંસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે. ભૌતિક સપાટી ઉપરથી આત્માને ઉપર લઈ જવા માટે જરૂરી ધ્યાન અને તત્ત્વજ્ઞાન વગેરે વિષયોનું શિક્ષણ લેવા યુવાનો જિજ્ઞાસુ વિદ્યાર્થીઓને આમંત્રણ છે.

પ્રવચન દાતા - પૂ. મુનિશ્રી ગુણરત્નવિજયજી મ પ્રારંભ તા. ૧૯-૫-૮૦ સમાપ્તિ તા. ૮-૬-૮૦. પ્રવેશપત્ર મંગાવવાનું સરનામું : **શ્રી જૈન સંઘની પેઢી** મુ. પો. બેડા (સ્ટે. મોરીબેડા) વાયા-જવાઈબંધ (રાજસ્થાન)

● **મુંબઈ :** પ.પૂ. ઉગ્ર તપસ્વી આચાર્યદેવ શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સા. ને સાંભળવા માટે વિવિધ પરાના જૈન સંઘનાં આગેવાન ભાઈઓ તલપાપડ બનીને પૂજ્યશ્રીને પોતાને ત્યાં પધારવા વિનંતીઓ કરી રહ્યા છે. પૂ. આચાર્યદેવશ્રી તેમની આગ્રહપૂર્ણ વિનંતીઓને માન આપીને બે-ત્રણ બે-ત્રણ દિવસનો લાભ આપી રહ્યા છે. **બોરીવલી જામલી ગલી**ના ઉપાશ્રયે વ્યાખ્યાન સાંભળવા લોકો સમયસર દોડી આવતા હતા. શ્રી સંઘના આગેવાન ભાઈઓએ વધુ રોકાવાના ભારે આગ્રહથી પૂજ્યશ્રીએ એક સપ્તાહ સ્થિરતા કરી. જિજ્ઞાસુ ભાવિકોએ વ્યાખ્યાન શ્રવણ તથા અષ્ટાપદજીની પૂજાનો સુંદર લાભ ઊઠાવ્યો. **ગોરેગાંવ** ચિન્તામણિ પાર્શ્વનાથ જૈન સંઘની વિનંતીથી પૂજ્યશ્રી ત્યાં પધાર્યા. ત્યાં પણ વ્યાખ્યાન શ્રવણ અને અષ્ટાપદજીની પૂજામાં ભક્તિનો રંગ જામ્યો. લાલબાગના ઉપાશ્રયે પૂ. મુ. શ્રી



ચન્દનવિજય મ.ની તબિયત નાદુરસ્ત હોવાના સમાચાર મળતાં પૂજ્યશ્રીએ ત્યાંથી તાબડતોબ વિહાર કરી બીજે દિવસે સવારે મુંબઈ લાલબાગના ઉપાશ્રયે પધાર્યા. ત્રણ દિવસ ત્યાં સ્થિરતા કરી બીમાર મુનિને સ્ટ્રેચરમાં સાથે લઈ પૂજ્યશ્રી **દાદર-જ્ઞાનમંદિર** સંઘની વિનંતીથી ત્યાં પધાર્યા. બીમાર મુનિશ્રીની તબિયત અહીં ઉપચારોથી સુધરી ગઈ. શ્રી સંઘની લાંબા કાળથી માસકલ્પ કરવા માટેની જોરદાર વિનંતી હોવાથી પૂજ્યશ્રીએ અહીં પંદરેક દિવસ સ્થિરતા કરી તે દરમ્યાન સવારે ૬.૩૦ કલાકે શ્રી નવપદની વાચનામાં અને ૯.૦૦ કલાકે વ્યાખ્યાનમાં સેંકડો લોકો નિયમિત હાજરી આપતા હતા. વાચનામાં પૂજ્યશ્રી યશોવિજયજી કૃત શ્રી નવપદજી પૂજા પર વહેલી સવારે વાંચનામાં માર્મિક રહસ્યો સમજાવતા અને વ્યાખ્યાનમાં વૈરાગ્યનાં પ્રસંગોને ઉપસાવી શ્રોતાઓનાં હૈયાને ભીંજવી દેતા હતા. વચ્ચે એક રવિવારે શ્રી અષ્ટાપદજીની પૂજામાં પણ સારો રંગ જામ્યો. **સાયન** જૈન સંઘની વિનંતીથી પૂજ્યશ્રી ત્યાં પધાર્યા. છ-એક દિવસની સ્થિરતા દરમ્યાન અનેક લોકોએ વહેલી સવારની વાચના અને વ્યાખ્યાન શ્રવણનો અપૂર્વ લહાવો લીધો. **ઘાટકોપર** જૈન સંઘની નવપદની ચૈત્રી ઓળીમાં પધારવાની આગ્રહભરી વિનંતીનો સ્વીકાર કરી પૂજ્યશ્રી ઘાટકોપર પધાર્યા. અહીં સવારની વાચના અને વ્યાખ્યાનમાં સભાગૃહ શ્રોતાઓથી ચિક્કાર ભરાઈ જતું. ભગવાન મહાવીર જન્મ કલ્યાણકનાં દિવસે સવારે શાનદાર વરઘોડો નીકળ્યો. બપોરે ભગવાન મહાવીરદેવનાં જીવન રહસ્યો પર પ્રકાશ પાથરતું હૃદયસ્પર્શી વ્યાખ્યાન થયું. પંદરેક દિવસની સ્થિરતા દરમ્યાન સ્થાનિક સંઘમાં આરાધનાનું મોજુ ફરી વળ્યું. કેઈક ભાવિકોના હૃદય ધર્મલાગણીથી ભીંજાઈ ગયા. રોજ અનેકોની સંખ્યામાં આયંબિલ થતા હતા. ત્યાંથી પૂજ્યશ્રી **સાયન-વડાલા-દાદર લાલબાગ થઈ કોટમાં** લોકાગચ્છના ઉપાશ્રયનાં આગેવાન ભાઈઓની વર્ષીતપનાં પારણા પ્રસંગે પધારવાની આગ્રહપૂર્ણ વિનંતી હોઈ ત્યાં પૂજ્યશ્રી પધાર્યા છે. વહેલી સવારે વાચના અને ૯ વાગે વ્યાખ્યાનમાં સંઘના ભાઈ-બહેનો ઉત્તમ લાભ લઈ રહ્યા છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૨૮,અંક-૪૨,તા.૫-૭-૧૯૮૦**

● **સાયણ** (મુંબઈ) : અત્રેનાં નિવાસી સ્થાનકવાસી ભાઈશ્રી ધીરજલાલનાં લઘુબંધુ શ્રી મહેન્દ્રકુમારનું ભરયુવાન વયે ધનુર્વાનાં કારણે અવસાન થયું. ધનુર્વાનું કારણ એમ બન્યું કે સદ્‌ગતને ઓપરેશન પછી ધનુર્વાનું ઇંજેકશન આપવું ભૂલી ગયેલ. સદ્‌ગત ધર્માનુરાગી એવા કે પરદેશમાં અમેરિકા વગેરે દેશોમાં જવા છતાં

કંદમૂળ વગેરે અભક્ષ્ય આહારનો સ્પર્શ કર્યો ન હતો. પ્રભુ-ભક્તિ-સદાચાર વગેરેમાં અગ્રણી રહ્યા હતા. તેઓશ્રીના આત્માને શાંતિ મળે તે નિમિત્તે તેમનાં ભાઈશ્રી ધીરજલાલે સાયનમાં પ. પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ને ખાસ આમંત્રિત કરી તેઓશ્રીની નિશ્રામાં વ્યાખ્યાન-સંઘપૂજન તથા શ્રી અષ્ટાપદજીની મહા પૂજાનો કાર્યક્રમ રાખ્યો હતો. પૂજ્ય આચાર્યદેવશ્રીએ પૂજાનાં ભાવવાહી રહસ્યો સમજાવ્યા હતા. જેને સાંભળવા અનેક સ્થાનકવાસી ભાઈઓ પણ આવેલા. ભાવિકોની ચિક્કાર મેદની જામી હતી. પૂજાના નિમિત્તે જ ખાસ આકર્ષક અષ્ટાપદ મહાતીર્થનો સુંદર રૂ. ૧,૦૦૦ના ખર્ચે પટ પણ તૈયાર કરાવાયો હતો. એકંદરે સાયન શ્રી સંઘમાં પ્રથમવાર ભણાવાયેલ આ પૂજા યાદગાર બની ગઈ. ધીરુભાઈએ પૂજ્યશ્રીને સપરિવાર ઘરે તેડેલા. ત્યાં સદ્ગતની વિધવા નવયુવતી પત્નીને ઉદ્દેશીને સમાધિકારક પ્રવચન આપેલું.

● **શ્રીપાલનગર** (મુંબઈ) : અત્રે શ્રી સંઘની વિનંતીથી ચાતુર્માસ માટે પધારી રહેલા પ. પૂ. ન્યાયવિશારદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. દ્વિ. જેઠ સુદ-૧૫ના દિવસે શાનદાર સ્વાગત સામૈયુ કરવામાં આવ્યું. વાલકેશ્વર 'સૂર્યદર્શન'થી સામૈયાનો પ્રારંભ થતાં જ ત્રણ બેન્ડ, ઘોડેસવારો, બેનરો સહિત વીર સૈનિકો, વીર સૈનિકોની ભક્તિવાહિની ગાડી વગેરે સાથે અનેક ભક્તજનો પૂજ્યશ્રીનું સ્વાગત કરવા ઉપસ્થિત થયા હતા. વરઘોડામાં ઠેર ઠેર ગહુંલીઓ થતી હતી. વર્ષીદાન કરનાર ભાઈ ગાડીમાં બેઠા બેઠા પૈસા ઉછાળતા હતા. શ્રીપાલનગર દહેરાસરમાં આવી સકળસંઘે ચૈત્યવંદન કર્યા બાદ પૂજ્યશ્રી જેવા વ્યાખ્યાન ગૃહમાં પ્રવેશ્યા કે તરત જ વાદળો આકાશમાંથી વર્ષી પડ્યા. જેને લોકો ચમત્કાર સમજતા હતા. સંગીતજ્ઞ ભાઈ દક્ષેશે વ્યાખ્યાન પૂર્વે સુંદર સ્વાગતગીત સંઘને ઝીલાવ્યું હતું. ત્યારબાદ પૂજ્યશ્રીની વૈરાગ્ય રસવાહિની દેશના સાંભળતા શ્રોતાઓનાં હૃદય ધર્મભીના બની ગયા હતા. કેટલો સમય ક્યાં પસાર થયો ? તેની લોકોને ખબર પડી ન હતી. પૂજ્યશ્રી જે પ્રસંગનું વર્ણન કરે છે તેનો તાદૃશ ચિતાર એવો તો નજરસમક્ષ ખડો કરી દે છે કે શ્રોતાઓનું ત્યાં દીલ ચોંટી જ જાય. રોજ સવારે સૂત્ર રહસ્યોની મંગળવાચના અને ૯.૦૦ કલાકે વ્યાખ્યાન નિયમિત ચાલુ છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૮,અંક-૪૪,તા.૧૯-૭-૧૯૮૦

● **મુંબઈ** : અત્રે લાલબાગ મોતીશા જૈન ઉપાશ્રયમાં વાર્ષિક ૧૧ કર્તવ્યોની ઉજવણીમાં સાધર્મિક વાત્સલ્યનું કર્તવ્ય ઉજવવાનું બાકી હતું. તેની ભવ્ય ઉજવણી



પૂ. આ. વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં અષાઢ સુદ-૧ના રોજે થયું. પૂજ્યશ્રી વાલકેશ્વર શ્રીપાલનગરથી પધારતા હોઈ પ્રાર્થના સમાજથી વિશાળ મુનિ મંડળ સાથે એઓશ્રીનું સામૈયું ચડેલ. સાજન મેદની મોટી હતી. ગોડીજીના પ્રસિદ્ધ જૈન બેન્ડના વાજિંત્રોના સૂરિલા નાદ ગગનમાં ગાજી રહ્યા હતા. ઉપાશ્રયે પહોંચતાં ચિક્કાર મેદની પહેલેથી જ ભરાઈ ગયેલ. પૂ. મુનિરાજો શ્રી હેમરત્નવિજયજી મ. શ્રી રત્નસુંદરવિજયજી મ. તથા પૂ. આચાર્યદેવશ્રીના રોચક પ્રવચનો થયા. પછીથી માધવબાગમાં સાધર્મિક જમણ વખતે એકેક સાધર્મિકના પેસતાં જ દૂધે પગ ધોવાતા પગ લુછી રૂપિયો ચાંલ્લાથી બહુમાન, સુવ્યવસ્થિત આસનો, થાળ, કટોરા, ગ્લાસ, નેપકીન, જમણની વાનીઓ અજીમગંજના બાબુલોકોની ભક્તિને યાદ કરાવનારા, યાવત્ છેલ્લે મુખવાસ વગેરે ખૂબ જ માનભેર કરાયેલ. સાધર્મિક વાત્સલ્યે મુંબઈવાસીઓમાં અજબ ભાત પાડી અને સૌ શ્રી વિનોદભાઈ પરસોત્તમદાસ શાહના આયોજન પર ઓવારી ગયા.

અત્રે ચંદનબાળા ઉપાશ્રયમાં ચાતુર્માસના ૧૬ રવિવારની શિબિર પૂ. આચાર્યદેવશ્રીની નિશ્રામાં યોજાવાનું નક્કી થયું. લગભગ ૮૦૦ થી ૧,૦૦૦ યુવાન વિદ્યાર્થીઓ આમાં લાભ લેવાની ગણતરી છે. પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ. ના જોશિલા પ્રવચનથી દર રવિવારની સાધર્મિક ભક્તિના ખર્ચનો લાભ લેવાનું ૧૦ મિનિટમાં જ નોંધાઈ ગયું. શિબિરમાં દૈનિક અરિહંત-ભક્તિ, સમ્યગ્દર્શનના ૬૭ વ્યવહાર અને ૧૨ વ્રત પર પ્રવચનો થશે અને ભરહેસહર સજ્ઝાયના મહાન આત્માઓનાં જીવન પ્રસંગ પર જાહેર પ્રવચનો થશે.

લાલબાગ ઉપાશ્રયમાં દૈનિક પ્રવચન ઉપરાંત પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજના દર રવિવારનાં 'પાંડવ ચરિત્ર' પરના જાહેર પ્રવચનમાં ચિક્કાર મેદની ભરાય છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૮,અંક-૪૫,તા.૨૬-૭-૧૯૮૦

● **મુંબઈ** : અત્રે અખિલ ભારતીય સંસ્કૃતિ સભાના ઉપક્રમે ચાતુર્માસના ૧૬ રવિવારની ધાર્મિક શિક્ષણ સંસ્કરણ શિબિરનું ચંદનબાળા (વાલકેશ્વર) સંઘની વિનંતીથી ચંદનબાળા ઉપાશ્રયમાં આયોજન નક્કી થયું. ગત રવિવાર તા. ૨૦-૭-૧૯૮૦ સવારે ૧૫ થી ૪૫ વર્ષની વયના લગભગ ૧,૧૦૦ શિબિરાર્થીઓ સમક્ષ મંગળ સ્તુતિ થયા બાદ પૂ. આચાર્યદેવ શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે

સવારે ૧૦ થી ૧૨ વાગ્યા સુધીમાં બે વિષય **'પરમાત્માની ભક્તિનાં રહસ્ય'** અને **'સમ્યગ્દર્શનની ભવ્યતા'** ઉપર પ્રવચન આપેલ. ત્યારબાદ ૧૨ થી ૧ વાગ્યા સુધીમાં પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજે 'આત્માની ઉત્ક્રાન્તિ' (શ્રાવકના ૧૨ વ્રત) એ વિષય પર પ્રવચન તથા બપોરે ૨॥ થી ૪માં 'આત્માના સૌદર્ય અને મદનરેખા' એ વિષય પર જાહેર પ્રવચન આપેલ. બપોરે ૧ થી ૨ વાગ્યા સુધીમાં શિબિરાર્થીઓની શ્રી સંઘ તરફથી અલ્પાહારથી ભક્તિ કરવામાં આવેલ.

અત્રે શ્રીપાલનગરમાં અષાઢ સુદ-૫ પૂ. આચાર્યદેવશ્રીના વરદ હસ્તે અમદાવાદવાળા શ્રી હીરાલાલ ડાહ્યાભાઈ ગાંધીની ધામધૂમથી દીક્ષા થઈ. એમને ગણિવર શ્રી ધર્મજિત્ વિજયજીના શિષ્ય મુનિશ્રી સોમજિતવિજયજી તરીકે જાહેર કરવામાં આવ્યા. સવારે વર્ષીદાનનો વરઘોડો ચડેલ. આગલે દિવસે શ્રી સાકરભાઈ છગનલાલ સરકાર તરફથી બીજા એક બાળ મુમુક્ષુની સાથે શ્રી હીરાભાઈનો પણ વર્ષીદાન વરઘોડો નીકળેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૯,અંક-૧,તા.૬-૯-૧૯૮૦

## વર્ષના અંતે, નૂતન વર્ષના આરંભે...

શ્રીનોટ શ્રીની ગોળીથી કઈ ઘણી તાકાત કલમમાં છે, શાસ્ત્રકાર કે સાહિત્યકાર પોતાની કલમમાંથી જે લખે છે તેની સારી માઠી અસર વાચકના મન પર પડે જ.

દુનિયાના પ્રવાસે જતા એક પ્રવાસીએ એના વડીલને કહ્યું, 'મને ભાતું આપો.' વડીલે કહ્યું, 'એના કરતાં હું તને એક પુસ્તક આપું છું. એ પુસ્તક તને ઘણું બધું આપશે.'

'પુસ્તક તે કંઈ પ્રવાસમાં શું કામ આવે ?'

હા ! આ પુસ્તક જીવન કેમ જીવવું ? જીવનને કેમ સાર્થક અને સમર્થ કરવું તેનો રાહ બતાવશે. એની ચાવીઓ એમાં આલેખિત છે. તને જોતાં જાણતાં, જીવતાં, માણતાં અને મરતાં બધું જ શીખવશે. આ સાહિત્ય તારી જીવન યાત્રાનું સાચું પાથેય-ભાતું બની રહેશે. સારું સાહિત્ય એ જીવનની પાર રહેલા જીવન માટે હેતુપૂર્વક સુવાસિત કરીને સાચવી રાખેલું કોઈ મહાન આત્માનું અમૂલ્ય જીવન રક્ત હોય છે, સાહિત્ય નિર્જીવ વસ્તુ નથી, એ તો આત્માની સરજત છે. જે ધર્મ પુરુષાર્થ કેળવવાનું બળ આપે છે.

'દિવ્ય દર્શન સાપ્તાહિક' દ્વારા આવો જ અણમોલ આત્મબોધ આપણને



છેલ્લા ૨૫ વર્ષથી પ્રાપ્ત થતો રહ્યો છે. પરમોપકારી પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આપણા આંતર દીપકને ઝગમગતો રાખવા સમ્યગ્ જ્ઞાનના ઘી વડે સદાચારની અને પરમાત્મભક્તિની જ્યોત જલતી રાખી રહ્યા છે. આપણને અધ્યાત્મનું અનુપમ ભાતું આપવા સહિત વિષયવૈરાગ્યનો શુદ્ધ બોધ આપે છે. હું શું ? મારું શું ? નું સતત ભાન કરાવે. પૂજ્યશ્રી સતત કહેતા હોય છે, 'કેમ જાગતા નથી ? આ આત્મજાગૃતિ અન્યત્ર દુર્લભ છે. આ જન્મમાં સુલભ સામગ્રીનો સદ્ઉપયોગ કરો, સ્વમાં સ્વયંની શોધ કરો. સ્વમાં સર્વનું અને સર્વમાં સ્વનું દર્શન કરો. આપણને પરમાત્માનો પરિચય પણ કરાવે છે. પૂજ્યતા કેમ તેના રહસ્યો સહિત પૂજાના ભાવ બતાવી પૂજારીમાંથી પૂજ્ય બની જવાની પ્રેરણાત્મક લાઈન બતાવે છે. આપણા પૂર્વપુરુષોના પરાક્રમો બતાવી આપણા ભયાનક ભૂતકાળને ઊકળતા પશ્ચાત્તાપના પાણીથી ધોવા, ઉજ્જવળ ભાવિ પ્રભાતને નોતરવા વર્તમાનમાં કઠોર ધર્મપુરુષાર્થમાં મચી પડવાનું અપૂર્વ બળ આવે છે.

દિવ્ય દર્શનના પાને પાને ભાવવાહિતા અને પ્રાસાદિકતા નીતરે છે. આજનું આપણું જીવન વ્યથા, વિષાદ, વિષમતા, વૈમનસ્ય વચ્ચે ઝોલા ખાઈ રહ્યું છે. ત્યારે મળતું આ આત્મબોધ ભર્યું અધ્યાત્મનું વાંચન આપણા માનસિક તનાવને શાંત કરે. જીવનમાં સમત્ત્વ અને સમાધિના પ્રાણ પૂરે, પ્રમોદ અને પ્રસન્નતાના પુણ્ય પાથરે. આપણી માનવતા મહેંકાવે, સાધનાને શક્તિ આપે. પવિત્રતાને પલ્લવિત કરે છે.

પૂજ્યશ્રીનું વ્યક્તિત્વ જ અનોખું છે. ધર્મમર્મના વિવેચક છે. તપ અને સંયમ એમનો જીવન પ્રવાહ છે, માટે પૂજ્યશ્રી જે લખે છે તે આપણને અતલ ઉંડાણ સુધી અનુભવાય છે. શાસ્ત્રીય અને સચોટ ચિંતન એવી સરળતાથી અને સ્વાભાવિકતાથી પૂજ્યશ્રી નિયમિત આલેખતા રહ્યા છે. જગત, જીવ અને જિનેશ્વરદેવ અંગેના નિત નવા ચિંતન આપણી ધર્મસાધનાની ગાડી ધપતી રાખવાનું બળ પુરે તેવા છે. અનુભવોથી આવેલું ડાહપણ છતાં પરમાત્મભક્તિની નિષ્ઠાની ઝલક દેખાય. પૂજ્યશ્રીનું જીવન તપભીનું છે. એમની વાણીમાં અને કલમમાં જિન-જિનોક્ત તત્ત્વની ઊછળતી રાગ રંગેલી એક લાંબી તેજ રેખાનું અનુપમ દર્શન થાય છે. જે આપણને સતત ભવાંત વકરવા જાગ્રત રાખે છે. આપણા સૌ સદ્ભાગ્ય અને સૌભાગ્ય છે કે પ્રત્યેક સપ્તાહે આ તપોવાણીનો સ્વાધ્યાય આપણને મળી રહ્યો છે. સંપૂર્ણશ્રેય પૂજ્યશ્રીને જ છે. આજ સુધી મળતા રહેલા આ બોધ બદલ પૂજ્યશ્રી પ્રત્યે આપ સૌ વતી અંતરનાય અંતરથી કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. એમના ભારે ઋણના બોજથી દબાયેલા અમો એમના ચરણોમાં કોટિશઃ વંદના કરીએ છીએ.

આજે દિવ્ય દર્શનનું ૨૮મું વર્ષ પૂર્ણ થાય છે, ૨૯ માં વર્ષનો પ્રારંભ થઈ રહ્યો છે. દિવ્ય દર્શનનું સંચાલન માનનીય શ્રી જેઠાલાલભાઈ ઘીવાળા વગેરેના સહકારથી, સૌજન્યમૂર્તિ શ્રી ચતુરભાઈ ચીમનલાલ શાહ તથા તેમના સુપુત્રોએ ૨૫-૨૫ વર્ષ સુધી સુંદર સંભાળી હજારો ભવ્યાત્માઓને જૈન ધર્મ અને શુભ અધ્યવસાયના અદ્‌ભુત અમીપાન પાયાં છે. તેમના વાત્સલ્યભર્યા આશીર્વાદથી દિવ્ય દર્શનના ૨૬ મા વર્ષથી તંત્રીપદે સેવા સ્વીકારવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. ૨૯ માં વર્ષના પ્રારંભે આપ સૌના પ્રેમળ સ્નેહ અને સાથ બદલ હર્ષ વ્યક્ત કરું છું. મારા મુરબ્બી તંત્રીઓએ મને આ આ સેવા માટે જે તક આપી તે માટે એમનો હું ઋણી છું. આ સ્થાન માટે મારી પોતાની પાત્રતાં કરતાં મુરબ્બીઓનો મારા પ્રત્યે રહેલો પ્રેમભાવ હું વિશેષ જોઉં છું. મિત્રો અને શુભેચ્છકોના અભિનંદન પત્રો મારા ઉપર આવ્યા છે તે માટે બધાનો હું આદરભાવપૂર્વક આભાર માનું છું.

આજે પત્ર કે પત્રિકાનું પ્રકાશન કરવું અને તંત્રી કે સંપાદક બની જવું રમત ગણાતી થઈ ગઈ છે. પણ પત્રને સંસ્કારવર્ધક અને સંસ્કારપોષક સ્વરૂપે લાંબા સમય સુધી ચાલુ રાખવું એક જ્ઞાન સાધના છે. પત્રની સમાગ્રી એ ઓર્ડર મુજબની કેટરીંગ સર્વિસ નથી, પણ સંઘ ઘડતર અને શાસનની અવિચ્છિન્નધારા ચલાવવાનો જવાબદારી ભર્યો સભાન પ્રયાસ છે. આ પ્રયાસમાં હું પૂર્ણ રીતે સફળ થાઉં તે માટે આપ સૌનો સાથ અને સહકાર પ્રાપ્ત કરવા તમારા સૌ સુધી મારો હાથ લંબાવું છું.

છેલ્લા વર્ષોમાં દિવ્ય દર્શન પરિવાર વધતો અને વિકસતો રહ્યો છે. વાંચક સંખ્યા ઉત્તરોત્તર વધતી જ ચાલી. મોંઘવારી પણ બ્રેક વિના વધવા સાથે કાગળ, પ્રિન્ટીંગ ભાવો બેસુમાર થતા ગયા. રૂપિયા દસના લવાજમથી પ્રત્યેક સપ્તાહે ૬ પાનાનું વાંચન પહોંચાડવાનું કાર્ય દિનપ્રતિદિન મોંઘુદાટ થતું જાય છે. અમો એનું લવાજમ વધારીને અધ્યાત્મવાણીને મોંઘી કરવા ઈચ્છતા નથી, પણ જેમની શક્તિ છે તેવા પરિવારો રૂપિયા એકસો એકાવન મનીઓર્ડરની મોકલી દિવ્ય દર્શનના આજીવન સભ્ય બનીને સહકાર આપશે તો ઊભી થયેલી પરિસ્થિતિ હળવી બની રહેશે.

અને છેલ્લે !

'દિવ્ય દર્શન' વંચાઈ ગયા પછી જ્યાં દિવ્યદર્શન નથી જતું તેવા પરિવારોને વાંચવા મોકલી આપો.

યા તો ! દિવ્ય દર્શનના અંકોને અનુક્રમથી ગોઠવી એની ફાઈલ બનાવો.



અન્યત્ર વાંચવા પ્રેરણા કરો.

એ પણ ન કરી શકો તો અંકો ભેગા કરી કાર્યાલયમાં મોકલી આપો. એના સુયોગ્ય પ્રબંધ કરાશે. જ્ઞાનની આશાતના ન થાય તે માટે તો ખાસ ઉપયોગ રાખશો.

આ જ્ઞાન સાધના માટે મને બળ મળતું રહે તે માટે આપ સૌના આશીર્વાદની અપેક્ષા.

**લિ.**

**કુમારપાળ વી. શાહના પ્રણામ**
**તંત્રી : દિવ્ય દર્શન સાપ્તાહિક**

• • •

**• ઘાટકોપર (મુંબઈ) :** પૂજ્યપાદ મુનિવર્યશ્રી હેમચંદ્રવિજયજી મહારાજ સાહેબ નવરોજજીલેનના ઉપાશ્રયે ચાતુર્માસ પધાર્યા છે. પૂજ્યશ્રીની પુનીત નિશ્રામાં શ્રી સીમંધર સ્વામીના અઠ્ઠમ તપની તપશ્ચર્યા થઈ. ૧૧૦૦ તપસ્વીઓએ સામુદાયિક આરાધના કરી. તપસ્વીઓના પારણા તથા દરેક તપસ્વીઓને ૫૫-૫૫ રૂપિયાની પ્રભાવના અપાઈ. તારીખ ૨૪-૮-૮૦ ના રોજ શ્રી સીમંધર સ્વામીના અઠ્ઠમ તપના ઉજમણા નિમિત્તે ભવ્ય રથયાત્રા યોજાયેલ. સાધર્મિક ભક્તિ પણ સુંદર રખાયેલ. હજારો ભાવિકોએ લાભ લીધો. પૂજ્યશ્રી પધાર્યા છે ત્યારથી શ્રી સંઘમાં અનેરો ઉત્સાહ અને ધર્મ-આરાધનાના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. પ્રતિદિન અને રવિવારના જાહેર પ્રવચનો ભાવવિભોર હૈયે સાંભળવા ઉત્સુક બન્યા છે.

**• ગોરેગાંવ (મુંબઈ) :** પૂજ્યપાદ મુનિશ્રી જયશેખરવિજયજી મહારાજ સાહેબની પુનીત નિશ્રામાં શ્રી સંઘમાં અનેરી આરાધનાઓ થઈ રહી છે. શ્રાવણ સુદ ૪-૫-૬ ના દિને શ્રી નેમીનાથ ભગવાનના જન્મ કલ્યાણ અને દીક્ષા કલ્યાણક દિનની ઉજવણી નિમિત્તે અઠ્ઠમ તપની સામુદાયિક તપશ્ચર્યા થઈ હતી. અષાઢ વદ-૮ ના રોજ ૧૨ાા હજાર નવકાર મંત્રના જાપનો કાર્યક્રમ રખાયેલ. સેંકડોની સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો. શ્રાવણ સુદ-૧૩ના રોજ ચાર શરણાની ઉપાસના તથા શ્રાવણ વદ-૬ ના રોજ સુકૃતોનું સર્જન અને દુષ્કૃતોનું વિસર્જન કરવાનો અનુપમ કાર્યક્રમ થયો. રવિવારે બપોરે યોજાતા વિવિધ જાહેર પ્રવચનો પણ અનેરું આકર્ષણ બની ગયા છે.

**• સાયન (મુંબઈ) :** પરમ તપસ્વી મુનિવર્યશ્રી મણિપ્રભવિજયજી મહારાજ સાહેબ તથા પરમ પૂજ્ય મુનિશ્રી જગવલ્લભવિજયજી મહારાજ આદિ જ્યારથી સાયન ચાતુર્માસ અર્થે પધાર્યા છે ત્યારથી શ્રી સંઘમાં અપૂર્વ ઉલ્લાસ અને ઉત્સાહ

પ્રસરી ગયો છે. પૂજ્યપાદ મુનિવર્યશ્રી જગવલ્લભ-વિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી પહેલી જ વાર થયેલ ૧૦૮ પાર્શ્વનાથ ભગવંતના અટ્ઠમની આરાધનામાં ૧૫૫ આરાધકોએ આરાધના કરી. તથા વીસસ્થાનકતપની સામુદાયિક એક દિવસની આરાધના સેંકડો ભાવિકોએ ભાવોલ્લાસ સહિત કરી હતી.

સદ્ગતિનું રીઝર્વેશન યાને તથાભવ્યતત્ત્વનો પરિપાક કરવા માટેની ત્રણ દિવસની આરાધના અનુપમ બની ગઈ હતી. ૨૨૫ આરાધકોએ સામુહિક રીતે જોડાઈને ત્રણે દિવસ પરમાત્માની સમક્ષ ઊભા રહીને શરણાગતિનો સ્વીકાર, દુષ્કૃત્યોની ગર્હા અને સુકૃત્યોની અનુમોદના ભાવ વિભોર હૈયે કરી. આ દશ્યો જોનારને પણ અનુમોદના કરાવી જાય તેવા બની રહ્યા. મહામંત્ર નવકાર મંત્રની ૯ દિવસની સળંગ આરાધના જાપ ઇત્યાદિના કાર્યક્રમમાં ૨૧૫ ભાવિકો સાથે બાળકોની સંખ્યા નોંધપાત્ર હતી. શ્રાવણ વદ-૬ ના રોજ નમસ્કાર મહામંત્ર તપની ઉજવણીનો ભવ્ય વરઘોડો શાસન પ્રભાવના કરનારો બની રહ્યો. આમ સતત પરમાત્મભક્તિ, તપ, અનુષ્ઠાનોના એક સરખા અનોખા કાર્યક્રમોથી સાયન સંઘનું વાતાવરણ ધર્મભાવનાના રંગે રંગાયું છે. પૂજ્યશ્રી જગવલ્લભવિજયજી મહારાજ સાહેબના પ્રેરક બોધક પ્રવચનો પ્રતિદિન પ્રેરક બળ બની રહ્યા છે.

● **ભૂલેશ્વર લાલબાગ :** પરમોપકારી પૂજ્યપાદ આ.ભ. શ્રી ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજાની પાવન આજ્ઞાથી ચાતુર્માસ બિરાજમાન પૂ.પં. શ્રી યશોભદ્રવિજયજી મહારાજ, પૂ. મુનિશ્રી હેમરત્નવિજયજી મહારાજના સાનિધ્યમાં આરાધના ખૂબ સુંદર થઈ રહી છે. પૂજ્ય મુનિશ્રી હેમરત્નવિજયજી મહારાજના દૈનિક પ્રવચનો તથા "જૈન મહાભારત" પર ચાલી રહેલા જાહેર પ્રવચનોમાં હજારો નરનારીઓ ઉમંગભેર ઉમટી રહ્યા છે.

અ.સુ. ૮ રવિવારે બૃહત્ મુંબઈની પાઠશાળાઓના બાળકોનું સમૂહ સામાયિક રાખવામાં આવેલ. તેમાં ૭૦૦ બાળકો જોડાયાં. અ.વ. ૮ રવિવારે નવ લાખ નમસ્કાર મહામંત્રના જાપનું વિશિષ્ટ આયોજન થયું. તેમાં ખીરના એકાસણ સાથે ૮૦૦ આરાધકોએ મળીને ૨ કલાકમાં શ્વેત-પુષ્પો પર નવ લાખ નવકારનો જાપ પૂર્ણ કર્યો. શ્રાવણ સુદ ૪, ૫, ૬ શુક્ર, શનિ, રવિ. આબાલ બ્રહ્મચારી નેમીનાથ સ્વામીના અટ્ઠમ તપની આરાધનાનું આયોજન થયું. જે દિવસોમાં સમગ્ર મુંબઈમાં ઠેર ઠેર અટ્ઠમ તપના આયોજનો હતા. તે દિવસોમાં અત્રે ૧૨૦૦ અટ્ઠમ તપ થયા. વરઘોડામાં ૨૧ ઇંચના નેમનાથ સ્વામીને સુશોભિત ગાડામાં લઈને બેસવાની ઉછામણીનું ઘી ૧૧,૧૧૧ મણ થયું. જે અભૂતપૂર્વ હતું. અટ્ઠમના તપસ્વીઓને પ્રભાવના માટે શ્રી સંઘમાં ૫૫,૦૦૦ રૂપિયાની ટીપ થઈ. ત્રણે ય દિવસ પ્રભુજીને



ભવ્ય અંગરચનાઓ થતી. સંગીતકાર કુમારપાલ ઝવેરી પ્રભુભક્તિની રમઝટ બોલાવતા. વર્ધમાન જૈન સેવા મંડળના સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે ૬૪ ઇન્દ્રો સહિત ભવ્ય સ્નાત્ર-મહોત્સવ પણ ઉજવાયો. તે પછી શ્રાવણ વદ-૮ મંગળવારે ૪૫ આગમ સૂત્રોની આરાધનામાં ૧૩૦૦ આરાધક જોડાયા. વિશિષ્ટ આગમ રચના સામે આરાધકો જ્ઞાનપદ પૂજા અને આગમના જાપ કર્યા હતા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૯,અંક-૨,તા.૧૩-૯-૧૯૮૦

## સુસંસ્કાર - નિધિ - પ્રકાશન

પ.પૂ. ગણિવર્ય શ્રી રાજેન્દ્રવિજયજી મ. ના પરિશીલન પૂર્વકના દિગ્દર્શનથી સુસંસ્કાર નિધિ યોજક સમિતિના ઉપક્રમે તત્ત્વજ્ઞાનના રહસ્યોને સરળતાથી બોધ પમાડી શકાય તેવા રેક્ઝીન પટ્ટો. ૧ મીટર x ૧। મીટરનો. સ્ક્રીન-પ્રિન્ટિંગથી પ્રકાશિત થયેલ છે. **૧૨ પટોની વિગત :**

(૧) ૧૪ રાજલોકમાં વિશ્વનું દર્શન : લોક-અલોક, દેવલોક, મનુષ્યલોક-અધોલોક-નરકાવાસ વગેરે દર્શાવાયા છે.

(૨) જંબૂદ્વીપ-લવણસમુદ્ર : વિશ્વમધ્યવર્તી જંબૂદ્વીપ તેમાં રહેલા ક્ષેત્રો પર્વતો-નદીઓ તથા લવણસમુદ્ર વગેરે છે.

(૩) નવતત્ત્વ : જીવ-અજીવાદિ ૯ તત્ત્વોને હોડી અને સરોવરના દૃષ્ટાંતથી આલેખન કરેલ છે.

(૪) જીવના ભેદો : ઇન્દ્રિય અને ગતિના વિભાગોથી જીવના ૫૬૩ ભેદ દર્શાવ્યા છે.

(૫) કાળચક્ર : અવસર્પિણી-ઉત્સર્પિણી કાળના ૬-૬ આરાનું કાળચક્ર તથા પુદ્ગલ પરાવર્ત સમજાવેલ છે.

(૬) આત્માનો વિકાસક્રમ : અનાદિકાળથી સંસારમાં ભટકતા જીવોને નિગોદની મૂળ અવસ્થાથી મોક્ષ પ્રાપ્તિ સુધીની ભિન્ન ભિન્ન અવસ્થાઓ સાથે ક્રમશઃ વિકાસક્રમ દર્શાવ્યો છે.

(૭) સમ્યક્ત્વ પ્રાપ્તિ : મોક્ષપ્રાપ્તિ માટે પાયામાં અતિ જરૂરી એવી ઘન-નિબીડ રાગ-દ્વેષની ગાંઠની ભેદનક્રિયા દર્શાવી છે.

(૮) ૧૪ ગુણસ્થાનક : સામાન્ય જઘન્ય ગુણના વિકાસથી લઈ ઉત્કૃષ્ટ ગુણ સુધીની વિશુદ્ધિને ૧૪ વિભાગોમાં દર્શાવી છે.

(૯) આઠ કર્મ : જીવ સૂર્ય : તેના ગુણો : આવરાયેલા આઠ કર્મો, પ્રગટેલા વિકારો દૃષ્ટાંત સાથે દર્શાવ્યા છે.

(૧૦) છ લેશ્યા : જંબૂવૃક્ષ અને ચોરના દૃષ્ટાંતથી મનોવૈજ્ઞાનિક પદ્ધતિએ વિશ્વવર્તી સર્વ જીવોના તરતમતાવાળા વિચારો-અધ્યવસાયો ૬ વિભાગથી દર્શાવ્યા છે.

(૧૧) ૨૨ અભક્ષ્ય : તામસી-વિકારી અને જીવોને ક્રૂર ઘાતકી અને કઠોર બનાવનારા ત્યાજ્ય ૨૨ પ્રકારના અભક્ષ્યો ચિત્રિત કરાયા છે.

(૧૨) ૧૦૮ નવકાર જાપ : સમવસરણના ત્રણ ગઢની સાકાર કલ્પનાથી ૧૦૮ નમસ્કાર મંત્ર જાપનું ચિત્ર છે.

શ્રી જૈન પાઠશાળાઓ માટે, તેમાં અભ્યાસ કરતાં-કરાવતાં વિદ્યાર્થીઓ-શિક્ષકો તથા શિબિરો માટે આ તત્ત્વ-જ્ઞાનના ચાર્ટો ચલચિત્રોની ઝેરી અસરવાળા જમાનામાં દિવ્ય મંત્ર ઔષધિની ગરજ સારે તેવા છે. આજે જ આપનો સેટ વસાવી લેશો.

૧૨ ચિત્રોના એક સેટનું મૂલ્ય રૂા. ૬૦૦/- રાખવામાં આવેલ છે. પરિમિત સંખ્યામાં સેટો છે. સંસ્થાને કન્સેશન આપવામાં આવે છે.

પ્રાપ્તિ સ્થાન :

(૧) સેવંતીલાલ વી. જૈન, ૨૦ મહાજન ગલી, ઝવેરી બજાર, મુંબઈ.

(૨) સોહનલાલ મલુકચંદ ૧૩૮, બી. ચંદાવાડી, ૨ જે માળે, સી.પી. ટેન્ક, મુંબઈ-૪.

(૩) અખિલ ભારતીય સંસ્કૃતિ કેન્દ્ર, નિશાપોળ, રીલીફ રોડ, અમદાવાદ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૯,અંક-૪,તા.૨૨-૯-૧૯૮૦

● **કુંભોજગિરિ :** અહીં શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ શ્વેતાંબર દેરાસરમાં પર્યુષણાના પ્રથમ દિવસે રાતના મુગટ દાગીના રોકડ રકમ મળીને આશરે ૨૫ થી ૩૦ હજાર રૂપિયાની ચોરી થઈ છે, મૂળનાયક ભગવાન તથા બીજા બે ભગવાનની ચક્ષુ, પંચધાતુની પ્રતિમાઓ ચોરાયા તેમજ ભંડાર તોડી-ફોડી ડુંગર પર ગમે ત્યાં નાંખી દીધા; પોલીસ કાર્યવાહી જોરશોરથી ચાલી રહી છે. છતાં અહીંનો શ્રીસંઘ નિપાણી-કરાડ-ઇચરકરંજી-વડગાંવ-ઇસ્લામપુર-સાંગલી આદિ ગામોના સંઘોને સખત આઘાત લાગતા કોલ્હાપુરમાં પૂ. મુનિરાજોની નિશ્રામાં ગુજરી મંદિરથી સવારના ૧૦ વાગે ૩ હજાર માણસોનો શાંત મોરચો કલેક્ટરની કચેરીએ ગયો હતો; કચેરીના



આંગણામા પ્રવેશની મનાઈ હોવા છતાં શ્રી જૈન સંઘની શિસ્ત અને મૌન મોરચો જોઈને પ્રભાવિત થયેલા કલેક્ટરે પોતે આંગણામાં આવવાની રજા આપી. અને કલેક્ટર શ્રી પ્રેમકુમારને આવેદન પત્ર અપાયું... તીર્થ રક્ષાના ધ્યેયથી સંઘમાં આયંબિલ અટ્ઠમ વગેરે તપશ્ચર્યા સાથે અખંડ જાપ ચાલુ છે.

● **મુંબઈ :** શ્રીપાલનગરમાં પૂ.આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં એક ૭૦ ઉપવાસ, નવ ૩૦ ઉપવાસ, તથા અઠ્ઠાઈ અને ઉપરના લગભગ ૧૫૦ જણ વગેરે સંઘમાં સુંદર આરાધનાપૂર્વક મહાપર્વ ઉજવાયા પછી શ્રી સંઘની વિનંતીથી ચંદનબાળા જૈન ઉપાશ્રય પધાર્યા છે, ત્યાં સ્થિરતા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૯,અંક-૫,તા.૪-૧૦-૧૯૮૦

## સુલસા - મુંબઈ - પરમપૂજ્ય સાધ્વી રોહિતાશ્રીજી મહારાજની અઠ્ઠાઈ તપની અનુમોદનાર્થે આરાધના

પારણું કરાવવાની અનુમોદનીય ઉછામણી.
૧૬॥ લાખ સ્વાધ્યાય સા. કૈવલ્યરત્નાશ્રીજી
૧૫ વર્ષ સુધી ૧૦ દ્રવ્ય વાપરવા સા. મહારક્ષાશ્રીજી
૨૬ વર્ષ સુધી ૩ વિગઈનો મૂળથી ત્યાગ સા. મહાનંદાશ્રીજી
૪ લાખ ૧ હજાર કલાક મૌન સા. દિવ્યરત્નાશ્રીજી
૩૩ વર્ષ સુધી ફ્રૂટ ત્યાગ સા. ભવ્યાત્માશ્રીજી
૩૦ વર્ષ સુધી ફરસાણત્યાગ સા. દીપ્તિરત્નાશ્રીજી
૧૦ વર્ષ સુધી નિમિત્તની ગોચરી વાપરવી નહિ. સા. નિર્મળગુણાશ્રીજી
સમવસરણતપઃ ૩ (૧) સા. પદ્મસેનાશ્રીજી, (૨) સા. વિપુલગુણાશ્રીજી, (૩) સા. વિરાગરત્નાશ્રીજી
ચતારિ અટ્ઠ દસ દોયતપ સા. નિર્વેદરત્નાશ્રીજી
સિદ્ધિતપ : સા. મહાનંદાશ્રીજી
સા. અક્ષિતગુણાશ્રીજી, સા. ચંદનબાળાશ્રીજી : જ્ઞાનસાર કંઠસ્થ કરવું.
સાધ્વી હિતસેનાશ્રીજી ત્રણ વિગઈ કાયમી બંધ ૧૫ વર્ષ.
મિષ્ટાન્ન બંધ પાંચ વર્ષમાં ૨૦૦ દિવસ છૂટા
૬૦ દિવસ પોરિસી કરવાના-વસંતપ્રભાશ્રી.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૯,અંક-૬,તા.૧૮-૧૦-૧૯૮૦

## શ્રીપાલનગર-મુંબઈને આંગણે મહામંગલકારી ઉપધાનતપની આરાધના.

વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યશ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ** સાહેબની પુનીત નિશ્રામાં મહામંગલકારી ઉપધાનતપની આરાધના શ્રી શ્રીપાલનગર જૈન શ્વેતાં. મૂર્તિપૂજક દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટના ઉપક્રમે કરાવવાનું નક્કી થયું છે. આ ઉપધાનતપ શ્રાદ્ધવર્ય શ્રી કપુરચંદજીના સુપુત્રો ઘીસુલાલ તથા લાલચંદજી, હસમુખકુમાર, અશોકકુમાર, પ્રદીપકુમાર તરફથી કરાવવામાં આવશે. માટે શ્રી સંઘના આરાધક ભાઈ-બહેનોને શ્રી શ્રીપાલનગરના ટ્રસ્ટ તથા શ્રી કપુરચંદજી પરિવાર તરફથી આમંત્રણ છે. તો જોડાવા ઈચ્છતા આરાધકો નીચેના સરનામે પત્ર દ્વારા જલ્દીથી જાણ કરે. પ્રવેશનું પ્રથમ મુહૂર્ત આસો સુદ પુનમ અને દ્વિતિય મુહૂર્ત આસો વદ બીજનું છે.

**• ઉપધાન સ્થળ •**

શ્રીપાલનગર જૈન ઉપાશ્રય

૧૨, હાર્કનેસ રોડ, જે. મહેતા રોડ, વાલકેશ્વર, **મુંબઈ-૪૦૦ ૦૦૬.**

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૯,અંક-૭,તા.૨૫-૧૦-૧૯૮૦

• **મહુવા :** અત્રે પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય મેરુપ્રભસૂરીશ્વરજી મહારાજના મહાન તપસ્વી શિષ્યરત્ન પૂજ્ય મુનિરાજશ્રી રત્નાકરવિજયજી મહારાજને સળંગ ૧૦૮ ઉપવાસની ભીષ્મ તપસ્યા આસો વદ-૫ ના પૂર્ણ થાય છે. આ તપસ્યા ખૂબ સારી સમાધિ અને અપ્રમત્તભાવે કરીને તપસ્વીજીએ વર્તમાન કાળે જૈન-જૈનેતરો અને વિદેશીઓના હૈયા ડોલાવી નાખ્યા છે. ડૉક્ટરો તો હબક જ ખાઈ ગયા છે. કે મેડીકલ સાયન્સથી વિરુદ્ધ આ કેવી ગજબનાક ખરેખર વસ્તુસ્થિતિ ! તપસ્વી મહાત્માને અમારા લાખ લાખ અભિનંદન !

• **પાલીતાણા :** અત્રે અધ્યાત્મમૂર્તિ પૂ. આચાર્યદેવશ્રી વિજય કલાપૂર્ણ-સૂરીશ્વરજી મહારાજના ચાતુર્માસે લગભગ ૮૦૦ આરાધકો અત્રે ચાતુર્માસ રહી એઓશ્રીની નિશ્રામાં ત્યાગ, તપસ્યા, જિનવાણીશ્રવણ-મહાતીર્થ યાત્રા અનેક ધાર્મિક



ક્ષેત્રોમાં સુકૃત-સાધર્મિક ભક્તિ વગેરે આરાધનામાં લાગી મોટો ધર્મયજ્ઞ મંડાયો છે. મહાપર્વની આરાધના નિમિત્તે પૂજ્યશ્રીની નિશ્રામાં ૬૮ ઉપવાસ ૧-૫૧/૨, ૪૧/૩, ૩૬/૧, ૩૨/૪, ૩૧/૩, ૩૦/૩૯, શ્રેણીતપ ૪૦, સિદ્ધિતપ ૩૧, અઠ્ઠાઈ અને તેની ઉપરની તપશ્ચર્યા લગભગ ૩૫૦ થઈ. તેમજ લગભગ ૧૫ ભાઈઓ સહિત ૭૦ જણાએ નિકટમાં ચારિત્ર લેવાના અભિગ્રહ કર્યા. તેમના સંઘ તરફથી બહુમાન કરવામાં આવ્યા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૯,અંક-૧૦,તા.૨૨-૧૧-૧૯૮૦

## તપભીના તપસ્વીના ચરણે કોટીશ વંદન

• **મહુવા :** સૌરાષ્ટ્રનું મહુવા શહેર તપોભૂમિ બન્યું. શાસન પ્રભાવક પૂજ્યપાદ આચાર્યશ્રી વિજય મેરુપ્રભસૂરીશ્વરજી મહારાજની પરમપાવન પુનીત નિશ્રામાં પરમપૂજ્ય મુનિવર્યશ્રી રત્નાકરવિજયજી મહારાજે સળંગ ૧૦૮ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા કરી. સમતા અને શાતાપૂર્વકની પૂજ્યશ્રીની તપશ્ચર્યાથી દેશ અને દુનિયાનું મસ્તક તપસ્વીના યશસ્વી ચરણોમાં ઝૂકી પડ્યાં. તપભીની જૈન સંસ્કૃતિને ગૌરવ પ્રદાન થયું.

પૂજ્ય તપસ્વી મુનિ ભગવંતે આ પૂર્વે વર્ષીતપ, ૨ માસક્ષમણ, ૪૫ ઉપવાસ, ૬૦ ઉપવાસ, સિદ્ધિતપ, શ્રેણી-તપની તથા બે વર્ષ પહેલાં ૬૮ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યાઓ પણ કરી છે, ૧૦૮ ઉપવાસની તપશ્ચર્યાનું પારણું આસો વદ-૬ ના રોજ મહાન શાસન પ્રભાવક બની રહ્યું. તપભીના તપસ્વી મુનિશ્રીના ચરણોમાં દિવ્યદર્શન પરિવાર કોટીશ વંદન કરે છે.

• **ગોરેગાંવ (મુંબઈ) :** પૂજ્યપાદ મુનિશ્રી જયશેખરવિજયજી મહારાજ તથા પૂજ્યપાદ મુનિશ્રી ભુવનસુંદરવિજયજી મહારાજ સાહેબ તથા મુનિશ્રી અભયશેખર-વિજયજી મહારાજ આદિની પુનીત નિશ્રામાં યુવાનો માટે આધ્યાત્મિક જ્ઞાનસત્ર યોજાયું. તા. ૩૦-૧૦-૮૦ થી યોજવામાં આવેલા જ્ઞાનસત્રમાં ૧૦૦ ઉપરાંત યુવાનો જોડાયા. ધર્મ અને આચારોનું જ્ઞાન પૂજ્યશ્રીઓ દ્વારા બપોરે ૧ થી ૫ વાગ્યા સુધી સતત અપાતું રહ્યું. લેખિત પરીક્ષાઓ લેવામાં આવી. તા. ૧૬-૧૧-૮૦ ના રોજ સવારે ઉત્તીર્ણ થયેલા યુવાનોને પ્રભાવના રૂપે ઈનામો અપાયા. આમ દિવાળીની રજાઓનો યુવાનોએ સુંદર ઉપયોગ કર્યો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૯,અંક-૧૨,તા.૬-૧૨-૧૯૮૦

## વાંસદામાં અંજનશલાકા - પ્રતિષ્ઠા

પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજની પરમ પુનિત નિશ્રામાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવનો શુભારંભ પોષ સુદ ૧૨ તારીખ ૧૭-૧-૮૧ થી થશે. આ પ્રસંગે જેઓને પ્રતિમા આદિની અંજનવિધિ કરાવવાની ભાવના હોય, એઓએ માગસર સુદ ૧૫ સુધી પ્રતિમાજી આદિ વાંસદા સંઘને પહોંચાડવાની રહેશે. અંજનવિધિ બાદ અઠવાડિયામાં ભગવાનને પરત લઈ જવા વિનંતી છે. પત્ર વ્યવહાર નીચેના સરનામે કરી શકાશે.

**શ્રી જૈન શ્વેતાં. મૂર્તિ. સંઘ**

મું. વાંસદા, વાયા : બિલિમોરા, જિ. વલસાડ

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૯,અંક-૧૩,તા.૧૩-૧૨-૧૯૮૦

## પાટણમાં પંન્યાસપદ-પ્રદાન મહોત્સવ ઉજવાયો

શ્રી નમસ્કાર મહામંત્રના પરમ આરાધક અધ્યાત્મમૂર્તિ પરમ પૂ. પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરશ્રીના શિષ્યરત્ન પરમ પૂ. મુનિરાજશ્રી કુંદકુંદવિજયજી મહારાજની ગણિ-પંન્યાસ પદવી પ્રસંગે કારતક સુદ ૧૩ થી કારતક વદ ૬ સુધી ભક્તિ મહોત્સવ અત્રે સુંદર રીતે ઊજવાયો છે.

કારતક વદ ૫ ના દિવસે શ્રી નગીનભાઈ પૌષધશાળામાં ચતુર્વિધસંઘની વિશાળ હાજરીમાં, ઉલ્લાસભર્યા વાતાવરણમાં સુંદર રીતે પદવી પ્રદાનની વિધિ થઈ હતી. આ પ્રસંગે મુંબઈ તથા હાલાર પ્રદેશમાંથી હાલારીભાઈઓ સારી સંખ્યામાં પધાર્યા હતા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૯,અંક-૧૯/૨૦,તા.૩૧-૧-૧૯૮૧

● **મુંબઈથી વિહારમાં :** પૂ.આ.શ્રી વિજયભુવનભાનુસૂરિજી મહારાજ મુંબઈથી વિહારમાં પરાઓમાં ધર્મપ્રભાવના કરતા કરતા દહાણુરોડ પધાર્યા. સંઘ તથા અમલનેરવાલા શેઠ મિશ્રીલાલ વગેરેએ સુંદર લાભ લીધો. ગોલવડથી બોરડી પધારતા સંઘનો ઉછરંગ માતો નહોતો. યુવાનોએ સારા નિયમો કર્યા. ચોમાસા માટે બહુ



આગ્રહ કર્યો. ત્યાંથી આગળ વધતા અચ્છારીથી શ્રાદ્ધરત્ન શ્રી રાયચંદભાઈનો પૂ. આચાર્યદેવશ્રીના દર્શન-વંદન માટે અતીવ આગ્રહ હોઈ પૂજ્યશ્રી ૨ મૈલ વિહાર વધારીને પણ અચ્છારી પધાર્યા. માંગલિક હિતોપદેશ સંભળાવ્યો. રાયચંદભાઈ તથા કુટુંબીજનોને ખૂબ આનંદ થયો. પૂ. શ્રી વાપી પધારતા લાંબે સુધી સંઘ લેવા આવેલ, વધુ દિવસ સ્થિરતા માટે બહુ જ આગ્રહ, ત્યાંથી બગવાડા શ્રી સંઘના અત્યાગ્રહથી ત્યાં દર્શન કરી ઉદવાડા પધારતાં ત્યાં શેઠશ્રી કેસરીચંદજી જેમણે પોતાની દીકરીને પ્રભુદર્શન-પૂજન માટે પોતાના ખર્ચે ભવ્ય તીર્થસમું સંગેમરમરનું શિખરબંધી દેરાસર બંધાવ્યું છે, ને જેમણે પ્રખરવક્તા પૂ.આ. શ્રી વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે વિપુલ દ્રવ્યવ્યય કરી અંજનશલાકા પ્રતિષ્ઠા કરાવેલી. તે શેઠશ્રી કેસરીચંદભાઈને ખૂબજ આનંદ થયો. ત્યાંથી વલસાડ-બીલીમોરા-ગણદેવી વગેરેમાં ધર્મપ્રભાવના કરતાં પૂજ્યશ્રી નવસારી પધાર્યા, નવસારીમાં તો વીર-સૈનિકો આગળથી દોડાદોડ કરતા હતા. સંઘને પણ હરખ માતો નહોતો. જાહેર પ્રવચન પણ કરાવ્યા.

● **સુરત :** અત્રે પૂ.આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજનો ત્રણ જ દિવસનો પ્રોગ્રામ નક્કી થયેલ પરંતુ પૂજ્યશ્રીને શ્વાસની તકલીફ તથા ભારે થકાવટના કારણે તેમજ સુરતના વિવિધ લત્તાઓના સંઘોની અતિઆગ્રહભરી વિનંતી ૬-૭ દિવસ સ્થિરતા થઈ એમાં ધર્મના જુવાળ ઊપડ્યો. સગરામપુરાથી આલીશાન સામૈયું ચઢ્યું. ગોપીપુરામાં શ્રી વાસુપૂજ્યસ્વામિના નવનિર્મિત વિશાળકાય તીર્થસમા જિનમંદિરના ટ્રસ્ટી ઝવેરી શ્રી મહેન્દ્રભાઈના વિશાળ મંડપમાં મંગળ પ્રવચન થયું. રોજ વ્યાખ્યાન અહીં થતાં, પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજના બપોરે જાહેર પ્રવચન તથા રાતના પ્રેમચંદ રાયચંદ ધર્મશાળામાં એકલા પુરુષોની જ્ઞાનગોષ્ઠી ચાલતી એમાં પણ સેંકડોજનો લાભ લેતા. રસ્તા પર લોકોને ઊભા રહેવું પડતું.

પૂજ્યશ્રીને છાપરીયા શેરીનો સંઘ ભારે દબદબાભર્યા સામૈયાથી લઈ ગયેલ. મુંબઈથી શેઠશ્રી કુંદનભાઈ ઝવેરી, શ્રી સુરચંદભાઈ વગેરે પણ ઉપસ્થિત થયેલ, નૂતન ઉપાશ્રયમાં સવાર-બપોરના પ્રવચનમાં જનતા હકડેઠઠ ઉમટેલી, ત્યાંથી વડાચૌટાના આગેવાનોની વિનંતીથી પૂજ્યશ્રી સામૈયાપૂર્વક ત્યાં પધારેલ, એક ભાઈ તરફથી પોતાના ઘરઆંગણે મંડપમાં પ્રવચન કરાવેલ સંઘપૂજન થયેલ. વડાચૌટાના સ્વ. સુપ્રસિદ્ધ સંગીતકાર શ્રી મોહનભાઈના સુકૃતોની અનુમોદનારૂપે એમના પરિવાર તરફથી શ્રી અષ્ટાપદજીની પૂજા ઉપાશ્રયમાં રખાયેલ. અષ્ટાપદજી તીર્થ વગેરેની સુંદર સજાવટ થયેલ. ઉપાશ્રય વિશાળ છતાં ભીડ તો એટલી બધી થઈ કે લોકોને નિરાશ થઈ પાછા ફરવું પડેલ. પૂ. આચાર્યદેવશ્રીના સૂરીલા કંઠે પૂજાની ઢાળોમાં

વિવિધ તર્જોના માર્ગદર્શન ઉપરાંત ૨-૪, ૨-૪ કડીએ રોચક અર્થ વિવેચને લોકોના દિલ હચમચાવી દીધેલ. સંગીતકારો શ્રી ચંદ્રકાંતભાઈ તથા શ્રી સોભાગચંદભાઈ અને શ્રી મહાવીર મંડળવાળા શ્રી મનુભાઈ ઝવેરી તથા શ્રી વેલજીભાઈ વગેરે એ ભક્તિની રેલમછેલ કરેલ. અત્રે ૨ દિવસ સ્થિરતા પછી નાનપરા સંઘના અતીવ આગ્રહથી પૂજયશ્રી ભવ્ય સ્વાગત સાથે ત્યાં પધાર્યા. અહીં વિશાળ જીવનભારતી હોલમાં પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજે અંતરીક્ષજી તીર્થરક્ષા અર્થે જોશીલું પ્રવચન કરતાં લગભગ સવાલાખનું ફંડ થયું. એમાં દાગીના પણ આવ્યા, પછી પૂજ્યશ્રી ગોપીપુરા પધારતાં બપોરના જાહેર વ્યાખ્યાનમાં વિશાળ મંડપ ઉપરાંત જાહેર રસ્તા પર લોક ચિક્કાર ભરાયેલ. અંતરીક્ષજી તીર્થરક્ષાર્થે ફંડ થતાં લગભગ ૧ાાા લાખ જેટલું ફંડ થયું. વિશેષ અનુમોદનીય એ બન્યું કે વીંટીઓ, કંઠીઓ, બંગડીઓ, ઘડીયાળો આવતી જ ગઈ. ૦ાા કિલો ઉપર સોનું આવ્યું. બેનો અને પુરુષોમાંથી ઘડીયાળો આવી. ઘડીયાળોની પાછી ઉછામણી થતા રેકોર્ડ રકમો બોલાઈ. પછી એક ભાઈ સાધુને કહે 'સાહેબ મેં ઘરવાળીને કહ્યું **મેં ૨૫૦૦૦ આપ્યા ને તું શું એક બંગડી આપે છે ! આપી દે ચારેય બંગડી.'** એને બહુ મોહ હતો પણ દાનનો ટેમ્પો એવો જામેલો કે એણે ૫ તોલાની ચારે ય બંગડીઓ આપી દીધી. બીજી પણ બેને ૫ તોલાની ૪ બંગડીઓ દઈ દીધેલી. બાકી તો ઘરેણાના દાનની જે લાઈન લાગેલી તે જોવા જેવી હતી.

પછી સુરત ચોમાસા માટે પૂજ્યશ્રીને ખૂબજ આગ્રહભરી વિનંતી થઈ. પૂ. શ્રી સાંજના શાંતિનિકેતન પધારતા સૂતરિયા કુટુંબ તરફથી સ્વાગત થયું. સાથે આવેલ વિશાળ સમૂહની ભક્તિ થઈ.

● **અમદાવાદ :** અત્રે શાંતિનગર સોસાયટીમાં પૂ.પં. શ્રી મિત્રાનંદ વિ. ગણિવર્ય આદિ ઠા. ૧૧ ની શુભ નિશ્રામાં કા.સુ. ૧૫ થી કા.વદ-૫ સુધી નવસારીવાળા શ્રી મનોજકુમાર (B.S.C.)ની દીક્ષાનો ઉત્સવ સંઘમાં અનેરા ઉમંગ સાથે ઉજવાઈ ગયો. નવસારી, વ્યારા, મુંબઈથી કુટુંબીજનો પણ આવી ગયેલા. કા.વ. ૪ ના દિવસે વર્ષીદાનનો ભવ્ય વરઘોડો નીકળ્યો. રાત્રે મુમુક્ષુને અભિનંદન સમારંભ શેઠ શ્રી કાંતિલાલ ચીમનલાલ કોલસાવાળાના પ્રમુખ પદે સુંદર ઊજવાયો. વીર સૈનિકોએ વિરતિધર્મનો અદ્ભુત મહિમા ગાયો. ચાર દિવસ પૂજાના જુદા જુદા સંગીતકારોએ ભક્તિરસની છોળો ઉછાળી. કા.વ.પ. આ શુભ પ્રસંગે પૂ.પં. સુધાંશુવિજયજી ગણિવર, પૂ.પં. શ્રી નિત્યાનંદવિજયજી ગણિવર, પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ., પૂ.મુ. ક્ષમા વિ. મ. વગેરે મુનિવરો પધાર્યા હતા. નૂતન



દીક્ષિતનું શુભનામ **મુનિરાજશ્રી મુનિરત્નવિજયજી** રાખી તેમને પૂ.પં. મિત્રાનંદ વિ.મ. ના શિષ્ય જાહેર કરાયા. મનોજકુમારે ૧૨ માસ પોષધમાં રહી નવસ્મરણ, ચાર પ્રકરણ, સાધુવિધિસાર્થ, દશવૈકાલિક ચાર અધ્યયનો, હેમલઘુપ્રક્રિયા (ચાલુ) વગેરે સુંદર અભ્યાસ કર્યો હતો. દીક્ષાર્થીના પૂ. પિતાશ્રીએ આયંબિલની કાયમીતિથિ રૂા. ૩૦૧/-માં, ૫૦૧ સાધારણ ખાતામાં અને રૂા. ૭૫૧/- જીવદયામાં લખાવેલા ઉપકરણની બોલી રૂા. ૩૦૦૦/-ની થઈ હતી.

નૂતન મુનિશ્રીની વડીદીક્ષા જ્યોતિબેનની દીક્ષા સાથે મા.સુ. ૬ ના થઈ હતી.

● **પિંડવાડા :** અત્રે ચાતુર્માસ બિરાજમાન તપસ્વી પ.પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મ. આદિ ઠા. ૭ની નિશ્રામાં તેમના સંસારી પુત્ર ઘાણેરાવવાળા કનકરાજજી તરફથી પિંડવાડાથી દીયાણાજીનો દબદબાભર્યો છ'રી' પાળતો સંઘ નીકળ્યો. બામણવાડજી, નાણા, નાંદિયા, લોટાણા વગેરે થઈ દીયાણાજી તીર્થે પહોંચ્યો. સંઘમાં આગળ નોબત-શરણાઈ-ગજરાજ-પાંચ દરબારી નાચતા ઘોડા, બબ્બે બેન્ડ સહિત પિંડવાડા બ્યાવર-શિવગંજ, ઘાણેરાવ, સેવાડી, રોહીડા, સિરોહી, પાડીવ બોરડી અમદાવાદથી લગભગ ૪૫૦ યાત્રિકો સાથે હતા. પંચતીર્થી છ'રી' પાળતો આવો સંઘ ઘણા વર્ષોથી પહેલો હશે, તેથી લોકો ખૂબ અનુમોદના કરતા હતા. ગામે ગામના દરેક સંઘમાં ઘર દીઠ ૧/- રૂપિયો સંઘવી કનકરાજજી તરફથી અપાયેલ તેમજ દેવદ્રવ્ય સાધારણ ખાતે પણ સારી રકમો નોંધાવેલ. સંઘવીજીના ભાણેજી કલ્પનાબેન કે જેઓની દીક્ષા બોરડી મુકામે છે તેનો વરસીદાનનો વરઘોડો નાંદીયા-તીર્થે નીકળેલ. દીક્ષાર્થીબેનને ૧૧૦૧/- રૂપિયાની પહેરામણી કરી તિલક કરેલ. માનપત્ર ઉછામણીપૂર્વક અપાયેલ. દીયાણાજીતીર્થમાં માળારોપણ થઈ સંઘવીનો ઉલ્લાસ વધતાં શ્રી શત્રુંજયનો સંઘ કાઢવાની ભાવના જાહેર કરેલ.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૯,અંક-૨૮,તા.૨૮-૩-૧૯૮૧

પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ અમદાવાદ વિદ્યાશાળાએ પો.વ. ૧૨ પધાર્યા ત્યારથી પૂ.આ. શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજના આદેશથી રોજ વહેલી સવારે પોણા સાતથી પોણા આઠ પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ વ્યાખ્યાન આપતા. નાના મોટા ભાઈ-બેનોની એટલી ઠઠ ભરાતી કે રોજ વ્યાખ્યાનની વચ્ચે ૨-૩ વાર હકડેઠઠ ભરેલી સભામાં 'દબાઈને બેસો, દબાઈને બેસો.'નો કોલાહલ ઊઠતો. સીડીએ વ્યાખ્યાન હોલની બાજુની બે

રૂમો, દેરાસરનો રંગમંડપ બધે ચિક્કાર મેદની ભરાવા છતાં માણસ સમાતું ન હતું. સૂર્યવંશી નાની મોટી નવી પ્રજા સૂર્ય ઉગ્યા પછી ઉઠનારી વહેલી સવારે વ્યાખ્યાનમાં જગ્યા નહિ મળે જગ્યા નહિ મળે, એ બીકમાં રસ્તા પર દોડતી આવતી દેખાતી એ દશ્ય જોઈ ભાવિકોને ભારે અનુમોદના થતી. વળી વ્યાખ્યાનમાં પ્રસંગ-પ્રસંગ પર વીરરસ, કરુણરસ-અદ્ભુતરસના છાંટણા સાથે સંવેગ-વૈરાગ્યરસની છોળો ઉછળતી. એથી શ્રોતાઓ નવનવાને સાંભળવા તાણી લાવતાં, એમાં વિશેષતા એ હતી કે અવારનવાર વ્યાખ્યાનમાં પૂ. મહારાજશ્રી જયણા-ઇન્દ્રિયમન-દાન-ન્યાયનીતિ વગેરે પર ભાર દેતા તેથી શ્રોતાઓ હોંશે હોંશે નવાનવા નિયમો લેતાં. જેવા કે (૧) જુના કપડાં વેચી ન નાખતાં ગરીબોને આપવા. (૨) રાત્રિભોજન ત્યાગ. (૩) મામૂલી બાબતમાં ક્રોધ કષાય ત્યાગ. (૪) અઠવાડીયામાં ૨ દિવસથી વધુ વાર સાબુ ન વાપરવો. (૫) ૧ બાલદીથી વધુ પાણી સ્નાન માટે નહિ લેવું. (૬) કપડાં ધોવા નાંખતા પહેલાં જીવજંતુ નથીને એ જોઈ લેવાં. (૭) મહિનામાં ૧૦ દિવસ પંખો જ નહિ ચલાવવો; અથવા દિવસમાં બે થી વધુ વાર પંખો નહિ ચલાવવો. (૮) દુકાનમાં થતાં કોઈપણ એક કલાકનો ધંધાનો નફો સુકૃતમાં વાપરવો. (૯) સુકૃતમાં રોજ અમુક દ્રવ્યનો વ્યય કરવો. (૧૦) નિંદાનો ત્યાગ કરવો... વગેરે વગેરે...

વિદ્યાશાળે વ્યાખ્યાનો ચાલતા હતા એમાં ચોમુખજીની પોળે પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તના વ્યાખ્યાનો દરમિયાન એક દિવસ કાળુપુર રોડ પર અશાંતિના કારણે પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ પધારી શકે એમ નહિ હોવાથી ત્યાંના સંઘના આગ્રહથી અને પૂ. આચાર્યદેવશ્રીની રજા મેળવીને વિદ્યાશાળેથી પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજને ચોમુખજીની પોળના મંડપમાં સવારે ૯ વાગે વ્યાખ્યાન કરવા મોકલવામાં આવેલ. એમણે વ્યાખ્યાનમાં શ્રી જિનમંદિર જીર્ણોદ્ધાર તથા પ્રતિષ્ઠાના ધન્ય પ્રસંગની ઉજવણીની ખૂબ સુંદર ઉપબૃંહણા કરી. આ ઉપરાંત દેવાધિદેવની ભક્તિમાં પૂર્વપુરુષોએ કરેલા ઉદાર સુકૃતોના ભવ્ય દષ્ટાંતોની જે રોચક છણાવટ કરેલી એથી તો શ્રી સંઘના દિલ એટલા બધા પ્રફૂલ્લિત થઈ ગયા ને એમ લાગ્યું કે જો આ વ્યાખ્યાન બે દિવસ પહેલા થયું હોત તો પ્રતિષ્ઠાની બોલીના આંકડા ખૂબ વધી જાત.

વિદ્યાશાળામાં ક્યારેક બપોરના જાહેર વ્યાખ્યાનોમાં તો ધસારો એટલો બધો રહેતો કે સેંકડો લોકોને જગ્યા નહિ મળવાથી પાછા જવું પડતું. કલકત્તાવાળા સદ્ગત શ્રી ચંપકલાલ ભણશાલીના સુપુત્રી કાશ્મિરાબેન અજીમગંજના સાધ્વીજી શ્રી ચારુયશાશ્રીજીના દીર્ઘ સત્સંગના કારણે એમની પાસે પૂ.આ. શ્રી મંગળપ્રભસૂરીશ્વરજી



મહારાજની નિશ્રામાં ફાગણ સુદ-૪ના ભાગવતી દીક્ષા ગ્રહણ કરનાર હોવાથી અમદાવાદ વિદ્યાશાળામાં પૂ.આ. શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ., પૂ.આ. શ્રી વિબુધપ્રભ સૂ.મ., પૂ.આ. શ્રી ભુવનભાનુ સૂ. મ. આદિની હાજરીમાં શેઠશ્રી રમણલાલ વજેચંદના હસ્તે દીક્ષાર્થી બેન કાશ્મિરાનું અભિનંદન કરવામાં આવેલ. સાથો-સાથ શ્રી અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષકદળ- શ્રી શાંતિચંદ્ર સેવા સમાજ વગેરે અનેકો તરફથી પણ અભિનંદન થયેલ. આવી લાખોપતિના ઘરમાંથી અપ્સરાશી કુમારિકા કાશ્મિરા વૈભવી સંસાર ત્યાગ કરવા તૈયાર હોઈ આ અભિનંદન અને એ અંગેના વક્તવ્ય વખતે સૌના દિલ ગળગળા થઈ ગયા હતા. અભિનંદન સમારોહ બાદ શ્રી જયેશ ચંપકલાલ ભણશાલી તરફથી ગેસના ચૂલાને સળગાવતાં પહેલા જીવરક્ષાર્થે પ્રમાર્જવાની લગભગ ૮૦૦ જેટલી પૂંજણીઓની પ્રભાવના કરવામાં આવી. દીક્ષાર્થીબેન કાશ્મિરા કેટલા બધા સૌભાગ્યવંતા કે શહેરમાં તોફાન-કર્ફ્યુના મામલા વચ્ચે પણ પોલીસ ઈન્સ્પેક્ટરના તરફથી નિર્ભય સંરક્ષણનું આશ્વાસન મળવાથી એમના નિવાસ-સ્થાન લક્ષ્મી નારાયણની પોળેથી શ્રી રથયાત્રા-વરસીદાનનો વરઘોડો સવારે ૮।। વાગે નીકળેલ. પૂ.આ. શ્રી વિબુધપ્રભ સૂ.મ. તથા પૂ.આ. શ્રી ભુવનભાનુ સૂ.મ. આદિ વિશાળ મુનિમંડળ તથા શહેરના નામાંકિત શેઠિયાઓ સહિત વિશાળ સાજન બેન્ડ વાજા વગેરે ભવ્ય શોભા હતી. વરસીદાન ઉછાળવામાં તો બેનનો ઉલ્લાસ અમાપ હતો. દાનમાં રેડીમેડ કપડાં પણ ઉછાળેલ.

વિદ્યાશાળામાં બે વાર સંઘપૂજન થયેલ. વિદ્યાશાળામાં અધ્યાત્મમૂર્તિ પૂ. આચાર્યદેવ શ્રી વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. મુનિરાજશ્રી પુણ્યપાલ વિજયજી મહારાજ પધારેલ હોઈ એમના પણ રોચક પ્રવચનોનો લાભ સંઘને આપવામાં આવેલ.

વિદ્યાશાળામાં સ્થિરતાના પ્રાંતે અત્રેની ધનાસુતારની પોળના સકુટુંબ દીક્ષિત બનેલ, પૂ. મુનિરાજશ્રી સૂર્યકાન્તવિજયજી મહારાજ વગેરેને એમના સંસારીપણે પિતાશ્રી અંબાલાલભાઈ અને એમના કુટુંબીજનો તરફથી પોતાના આંગણે પધરામણી કરાવી ઊજવવાની ખૂબ ઇચ્છા હતી અને પૂજ્યશ્રીને અમદાવાદમાં પધારતાં જ વિનંતી કરી મૂકેલી. તે માન્ય થઈ એટલે એમણે જાહેર આમંત્રણ પત્રિકા કાઢી. ફા.સુ. ૨ રવિવારે પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ પૂ. સૂર્યકાન્ત વિ.મ. તથા સંસારીપણે એમના બાળપુત્રો પૂ. મુનિરાજોશ્રી હરિકાન્ત વિ.મ. શ્રી રવિકાન્ત વિ.મ. આદિ વિશાળ પરિવાર સાથે બેન્ડવાજા સાજન આદિ સ્વાગત સમારોહપૂર્વક ધનાસુતારની પોળે પધાર્યા. બાળમુનિઓના સંસારીપણે

માતુશ્રી તથા બેનશ્રી પૂ. સાધ્વીજી શીલવર્ધનાશ્રીજી તથા શ્રી નંદીવર્ધનાશ્રીજી પણ પધારેલા. ગજ્જરના ચોકઠામાં વિશાળ મંડપમાં વ્યાખ્યાન થયાં. શ્રી અંબાલાલભાઈ તરફથી ગુરુપૂજન-સંઘપૂજન કરવામાં આવ્યું. બપોરે શ્રી સિદ્ધચક્રપૂજન ઠાઠથી ભણાવવામાં આવ્યું. શ્રાદ્ધરત્ન શ્રી હીરાભાઈ ગીરધરનગરવાલાએ એની ભવ્યભાવ જગાવનારી વિધિ કરાવેલી.

અમદાવાદ આસપાસની સોસાયટીઓવાળા તરફથી પ્રવચનનો લાભ આપવા ખૂબ આગ્રહ થતો હોઈ પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ પોતાના વિશાળ પરિવાર સાથે પહેલાં ફા.સુ.-૪ જૈનનગર પધારેલા. ત્યાં ૪ દિવસની સ્થિરતામાં ઊંઘતા યુવાનો જાગતા થઈ ગયા. રાત્રિભોજન ત્યાગ વગેરેના નિયમો લીધા. શેઠશ્રી રમણલાલ વજેચંદ વગેરે તરફથી ચારે દિવસ સંઘપૂજન થયેલ. પૂજ્યશ્રી સપરિવાર ચાર દિવસની સ્થિરતા પછી ફા.સુ.-૮ સવારે ૮ાા વાગે ઓપેરા સોસાયટી પધારનાર હોઈ વહેલી સવારે ૬ાા વાગે અત્રે પ્રવચન રખાયેલ. ૮ાા વાગે પૂજ્યશ્રી સુસ્વાગત બે દિવસ માટે ઓપેરા સોસાયટી પધાર્યા. ત્યાં સંઘપૂજન થયા. વ્યાખ્યાનમાં સામાયિક-પ્રતિક્રમણના અભિગ્રહો થયા. સાંજે પ્રતિક્રમણમાં લગભગ ૩૫ પુરુષોની હાજરી હતી. સારી ક્રિયારુચિ જોઈ સંઘનો આગ્રહ થતાં ફાગણ ચોમાસી અત્રે કરાવવાનું પૂજ્યશ્રીએ માન્ય કર્યું. અત્રે સાબરમતીથી શ્રી સિદ્ધગિરિનો છ'રી' પાળતો યાત્રાસંઘ પૂ. આચાર્યદેવશ્રીની નિશ્રામાં લઈ જનાર શ્રાદ્ધરત્ન શ્રી પુખરાજજી સાબરમતી સંઘના પ્રમુખશ્રી પોપટભાઈ વગેરેને લઈને આવ્યા અને પૂજ્યશ્રીને આગ્રહભરી વિનંતી કરી કે જો આપશ્રી સાબરમતી પધારો તો આપશ્રીની નિશ્રામાં મારા તરફથી શ્રી સંઘને ચૈત્રી ઓળી પૂજનો વગેરે જિનેન્દ્ર ભક્તિ મહોત્સવો સાથે કરાવું. વિનંતી માન્ય કરાઈ અને પૂજ્યશ્રીના સૂચનથી પૂ. આચાર્યશ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજને પધારવા વિનંતી કરાઈ. ચૈત્ર સુદ-૪ના પૂજ્ય બંને આચાર્યદેવશ્રીનો સાબરમતીમાં નગર પ્રવેશ નક્કી થયો.

પૂજ્યશ્રી સપરિવાર ઓપેરાથી ફા.સુ.-૧૦ પંકજ સોસાયટીમાં પધાર્યા. અહીં પણ સુદ ૧૦-૧૧ બંને દિવસ સંઘપૂજન થયા. રવિવાર હોઈ બપોરે પણ જાહેર વ્યાખ્યાન રખાયું. રાત્રિભોજન ત્યાગ વગેરેના નિયમો લેવાયા. સંઘપૂજન થયું. ફા.સુ. ૧૨-૧૩ પૂજ્યશ્રી લક્ષ્મીવર્ધક સોસાયટીમાં સુસ્વાગત પધાર્યા. પ્રવચનમાં સંઘપૂજન થયું, તેમજ સુકૃતવ્યય વગેરેના અભિગ્રહ થયાં. આજે શહેરમાં કર્ફ્યુ હોઈ બપોરના વ્યાખ્યાન રખાયું. સભા ચિક્કાર હતી. લોકો બહાર ઓટલા પર તથા મંદિરના કમ્પાઉન્ડમાં પણ બેસી ગયેલ. શ્રી ધન્ના અણગાર વગેરેના ત્યાગના



રોમાંચક આત્મ પરાક્રમના પ્રવચને વૈરાગ્યની લહેરી પ્રસરાવી દીધી. કેરી ત્યાગના નિયમો થયા.

● **અંતરીક્ષજી :** અત્રે દિગંબરોનો ભારે ત્રાસ છે. પરમતારક પ્રભુજી ઉપરનું શ્રીવત્સ બે દિવસમાં ઘસી નાખ્યું છે. આ પૂર્વે એક મુમુક્ષુ ત્યાં યાત્રાએ ગયેલ ત્યારે નજરે જોયેલ કે દિગંબર પૂજારી અણીદાર મોટો સળીયો પ્રભુજી ઉપર ઘોંચ ઘોંચ કરતો હતો જેથી શ્વેતાંબરી ય ચિહ્નો નષ્ટ થઈ જાય. મુમુક્ષુએ વિરોધ કર્યો ત્યારે કહે અમારી વારી છે. એમાં અમે ગમે તે કરીએ. તમારે નહિ જોવાનું.

દિગંબરોએ આપણી એક ધર્મશાળા તો પડાવેલી, હવે બીજી પર આક્રમણ ચાલુ છે. હવે તીર્થરક્ષાર્થે પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજ ત્યાં પહોંચી જઈ પ્રયત્ન કરી રહેલ છે. પૂ. સાધ્વીજી શ્રી સુમતિશ્રીજી મ. પણ સારો પ્રયત્ન કરી રહેલ છે. મુંબઈ મહારાષ્ટ્રની તીર્થરક્ષા સમિતિ પણ સક્રિય છે. પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજે મુંબઈથી અંતરીક્ષજી તરફ વિહાર શરૂ કર્યો છે. દિગંબરોના એલકચેલક પંડ્યાઓ વગેરે પણ ત્યાં ઊભરાવા લાગ્યા છે.

● ● ●

### જૈન સંસ્કૃતિની ઐતિહાસિક ઈમારતો જીર્ણોદ્ધાર આગ્રા ખાતે

## જગદ્‌ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજના સ્મારકનો પુનરુદ્ધાર

આયોજક : **કુમારપાળ વિ. શાહ - મુંબઈ**

સસ્નેહ આત્મસ્મરણ...

આ પરિપત્ર દ્વારા અમે આપને આપણા ભવ્ય ઈતિહાસના એક સુવર્ણ પ્રકરણની યાદ તાજી કરાવતાં આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ.

આગ્રા વિશ્વ પ્રસિદ્ધ શહેર છે. આ શહેરમાં અનેક દર્શનીય ઐતિહાસિક સ્થાનો છે. અત્રેના રોશન મહોલ્લામાં આવેલો આપણો જૈન ઉપાશ્રય આપણા માટે એક પ્રેરક અને પાવન તીર્થધામ છે.

મોગલ સમ્રાટ અકબરની ખાસ આગ્રહભરી વિનંતીથી ઉગ્રતપસ્વી આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજા પોતાના ૭૦ શિષ્ય પરિવાર સહિત વિ.સં. ૧૬૩૯ જેઠ સુદ ૧૨ ના આગ્રા પધાર્યા. સૂરીશ્વરજીના સત્સંગથી સમ્રાટ અકબરના જીવનનું આમૂલ પરિવર્તન થયું. તેણે શિકાર માંસાહારનો ત્યાગ કર્યો. અને પોતાના સમગ્ર સામ્રાજ્યમાં ૬ મોહના અહિંસા ધર્મનો પ્રચાર અને પ્રસાર કર્યો.

વિ.સં. ૧૬૪૦ની વાત છે. તે સમયે મુસ્લીમોના નવરોજના તહેવારના દિવસો ઉજવાઈ રહ્યા હતા. આ અવસરે સમ્રાટે પૂજ્ય સૂરીશ્વરજીને 'જગદ્ગુરુ'નું બીરૂદ આપીને તેઓશ્રીના જ્ઞાન, ચારિત્ર અને તપનું સર્વોત્કૃષ્ટ બહુમાન કર્યું. એટલું જ નહિ સમ્રાટે બંદીવાનોને મુક્ત કર્યા. પીંજરે માંસાહાર માટે પૂરેલા પક્ષીઓને પણ ઉડાડી મૂક્યા. અભયદાન આપ્યું.

વિ.સં. ૧૬૪૯ ની વાત પણ આથીયે વિશેષ રોમાંચક છે. આ સાલ અગાઉ વિ.સં. ૧૬૪૪ આસપાસ શ્રી શત્રુંજય તીર્થ પર ધાર્મિક ઝનુનનો ભય તોળાયો. જગદ્ગુરુએ સમ્રાટનું ધ્યાન દોર્યું. અને વિ.સં. ૧૬૪૯ વૈશાખ સુદ ૧૦ના રોજ શ્રી શત્રુંજય તીર્થ ઈનામમાં આપવાનું લખી મોકલ્યું.

આ સાથે સમ્રાટે (૧) નિર્વંશિયાનું ધન લેવાનું બંધ કર્યું. (૨) તે સમયનો બહુ નિંદાયેલો હિંદુ માત્ર પરનો ઝઝિયાવેરો માફ કર્યો. (૩) આગ્રા, ફત્તેપુરસિક્રી, લાહોર, બુરહાનપુર વગેરે સ્થળોમાં નવા જિનાલયો અને નવા ઉપાશ્રયો બનાવવા મંજૂરી આપી.

વિ.સં. ૧૬૫૨ ભાદરવા સુદ ૧૧ ના રોજ જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરિજી ગુજરાતમાં ઊના મુકામે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. સમ્રાટના હુકમથી તેમના અગ્નિસંસ્કારની ભસ્મ સુવર્ણ કળશમાં ભરીને સન્માનપૂર્વક આગ્રામાં લાવવામાં આવી, અને સમ્રાટની આજ્ઞા મુજબ જગદ્ગુરુનું સમાધિ મંદિર બનાવવામાં આવ્યું. તેમાં પૂજ્યશ્રીની ચરણ પાદુકા પ્રતિષ્ઠાપિત કરવામાં આવી. ૨૦ એકર જેટલી વિશાળ જમીન શ્રી સંઘને ભેટ અપાઈ. આ આખાય કાર્યમાં સમ્રાટે ભક્તિપૂર્વક રસ લીધો હતો. આમ ગુરુભક્તિનો એક ઉત્કૃષ્ટ આદર પ્રસ્તુત કર્યો.

સમ્રાટ દ્વારા નિર્માણ થયેલ આ સમાધિ મંદિર વર્ષોથી સૂરીશ્વરજીની યશોગાથા ગાતું રહ્યું, પણ વર્ષો જૂનું આ સ્મારક કાળના પ્રભાવે જીર્ણ બન્યું. જીર્ણ બનેલા આ જગદ્ગુરુના સમાધિ મંદિરનો જીર્ણોદ્ધાર કરવાની તાતી જરૂર લાગવાથી અમે જીર્ણોદ્ધારના સમ્યક્ કાર્યનો આરંભ કર્યો. અમારા અહોભાગ્ય છે કે આ વિષમ કળિકાળમાં મુસ્લિમ સમ્રાટ બાદશાહને દયાળુ અને હિંસાત્યાગી બનાવનાર પૂજ્ય આચાર્યદેવ જગદ્ગુરુનું સમાધિ મંદિર હવે વધુ પ્રેરક અને કલાત્મક બનશે. મૂળ ચરણ પાદૂકા ઉપર નવનિર્મિત થતું આ સ્મારક કમળ આકારનું બનાવાશે. ખીલેલા કમળ પુષ્પની પાંખડીઓ ઉપર આ સમાધિ મંદિર જગદ્ગુરુની જીવનગાથા ગાશે.

સમાધિ મંદિરમાં જગદ્ગુરુના પ્રેરક વિવિધ જીવન પ્રસંગોને પણ શિલાંક્તિ કરવામાં આવનાર છે. આ સમાધિ મંદિર માત્ર ગુરુમંદિર જ ન બની રહેતા જૈન ઇતિહાસનો એક પ્રામાણિક દર્શનીય દસ્તાવેજ પણ બની રહેશે. વર્ષોના વર્ષો સુધી સમાધિ મંદિરના આ સ્થાપત્યને કાંઈ આંચ ન આવે તે પ્રમાણે પથ્થરમાં તેનું નવનિર્માણ કરવાનું નક્કી કર્યું છે. અને શક્ય તેટલું ઝડપથી કાર્ય પૂર્ણ કરવાની અમારી ભાવના છે.

જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજી મહારાજનું આ સમાધિ મંદિર કળાત્મક અને પ્રેરક બને તે માટે તમામ જૈન સંઘો, ટ્રસ્ટો, દાતાઓનો આર્થિક સહકાર અનિવાર્ય છે. સૌના સાથ અને સહકારની આશા, અપેક્ષા અને શ્રદ્ધા સાથે તેનું નિર્માણ કાર્ય શરૂ કર્યું છે. તેનો શુભારંભ સંવત ૨૦૩૭ના મહા સુદ ૧૩ ના રોજ ખાતમુહૂર્ત પૂર્વક કરાયો છે.

અંદાજે રૂપિયા બે લાખના ખર્ચનું આ સ્મારક ગુરુભક્તો અને જૈન ઇતિહાસ પ્રેમીઓ માટે સદ્વ્યય કરવાનો આ અનુપમ અવસર છે.

દર્શકો જગદ્ગુરુના અમારી પ્રવર્તનને, એમની યશોગાથાને વંદન કરશે

ત્યારે આપની દાન ભાવનાને પણ અનુમોદશે.

જગદ્ગુરુના આ સમાધિ મંદિરનું જીર્ણોદ્ધાર કાર્ય નિઃશંક સમ્યક્ કાર્ય માટે પ્રાપ્ત આર્થિક સહયોગ એક નવી કીર્તિગાથા બની રહેશે.

આપશ્રીને અમારી એકમાત્ર વિનંતી છે કે યથાશક્ય આર્થિક આત્મભોગ આપીને સ્મારકના કાર્યને નચિંત અને નિશ્ચિત બનાવશો.

આપના સહકારની અપેક્ષા રાખીએ છીએ.

અનુમોદન : નટવરલાલ રતનલાલ શાહ મુંબઈ

પત્રવ્યવહાર અને રકમ મોકલવાનું સ્થળ :-

ટ્રસ્ટ મંત્રી : કિશનચંદ ચોરડીયા, ૩/૫૬, માનપાડા, **આગ્રા**-૩ (યુ.પી.)

નિવેદક : શ્રી વર્ધમાન મહાવીર સ્વામી મંદિર

દાદાવાડી શેઠ કા બાગ, જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટ (રજીસ્ટર્ડ) ટ્રસ્ટીઓ

નેશનલ હાઈવે, શાહગંજ, **આગ્રા** - ૨૮૨૦૦૨.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૯,અંક-૩૦,તા.૧૧-૪-૧૯૮૧

● **અમદાવાદ :** પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ પોતાના વિશાળ પરિવાર સાથે જુદી જુદી સોસાયટીના સંઘોના આગ્રહથી

સોસાયટીઓમાં વિચરી રહ્યા છે. દશાપોરવાડ સોસાયટી, આંબાવાડી, નવરંગપુરા, ગિરધરનગર, ઉસ્માનપુરા, દેવકીનંદન, નારણપુરા, શાંતિનગર, ઝવેરીપાર્ક આ બધી સોસાયટીઓમાં પૂજ્યશ્રીએ બબ્બે ત્રણ ત્રણ દિવસ સ્થિરતા કરી, રોજના પ્રવચનોમાં ખૂબ જ સારી હાજરી રહેતી. લગભગ દરરોજ સંઘપૂજન જુદી જુદી વ્યક્તિઓ તરફથી થતા. ખાસ વિશેષતા તો એ રહેતી કે દરેક સોસાયટીમાં થતા પ્રવચનોમાં અવારનવાર વિશિષ્ટ અભિગ્રહો ઉલ્લાસ સાથે શ્રોતાગણ લેતો. અંતરીક્ષજી તીર્થની રક્ષા અંગે દરેક જગ્યાએ સારી એવી જાગૃતિ લવાતી. પરમાત્માની પ્રતિમાને નિર્વિઘ્ને લેપ પૂર્ણ ન થાય ત્યાં સુધી બ્રહ્મચર્ય - કેરીત્યાગ - વિશિષ્ટ જાપ વગેરેના અભિગ્રહો પણ થતા. પૂજ્યશ્રી ચૈ.સુ. ૪ ના શાશ્વતી ઓળીની આરાધના નિમિત્તે સંઘની વિનંતીથી સાબરમતી પધારી રહ્યા છે. ત્યાં ચૈ.વ.-૭ સુધી સ્થિરતા થવા સંભવ છે. તેઓશ્રી સાથે પત્ર વ્યવહાર કરવાનું સરનામું.

જૈન શ્વે. મૂ. ઉપાશ્રય, સાબરમતી, રામનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૫.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૯,અંક-૩૧,તા.૧૮-૪-૧૯૮૧

## અગત્યની જાહેરાત

પ્રતિવર્ષ ઉનાળાના વેકેશનમાં યોજવામાં આવતી જૈન ધાર્મિક શિક્ષણ શિબિરમાં ભાગ લેવા અનેક યુવાનોના પત્રો તથા સંદેશા મળી રહ્યા છે. પરંતુ ગુજરાતની અશાંત અને અસમતોલ પરીક્ષાઓની પ્રતિકૂળ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ વર્ષની શિબિરનું આયોજન મુલત્વી રાખવામાં આવ્યું છે.

**લિ.**

**કુમારપાળ વિ. શાહ, શિબિર સંચાલક**

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૯,અંક-૩૫,તા.૧૬-૫-૧૯૮૧

● **અમદાવાદ :** પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ વિશાળ પરિવાર સાથે પૂ. સાધ્વીજી શ્રી જશકીર્તિશ્રીજી મ.ના વરસીતપના પારણા નિમિત્તે ચૈ.વ. ૧૩ થી વૈ.સુ. ૩ સુધી ઉજવવાનારા પંચાહ્નિકા મહોત્સવ પ્રસંગે કાળુશીની પોળમાં ભવ્ય સ્વાગત સાથે પધાર્યા. વ. ૧૩ ના ૮ાા વાગે પગથીયાના ઉપાશ્રયેથી સામૈયું ચડ્યું. સાંબેલા-બગી પાઠશાળાની બાળિકાઓ-ભવ્ય બેંડ ઇત્યાદિથી યુક્ત આ સામૈયું મુખ્યમાર્ગોએ ફરીને કાળુશીની પોળે ઊતર્યું. ત્યારબાદ ચોકઠામાં બાંધેલા વિશાળ મંડપમાં ચિક્કાર મેદની વચ્ચે પૂજ્યશ્રીનું રોચક પ્રવચન થયું. રોજ મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ. ના જોશિલા પ્રવચનો થતા. પહેલા દિવસે પ્રવચન બાદ ગુરુપૂજન-સંઘપૂજન થયા. વ. ૧૪ ના બપોરના દેરાસરમાં અષ્ટાપદજીની પૂજા ભારે ઠાઠમાઠથી ભણાવાઈ, પૂજ્યશ્રીની પૂજાના અદ્ભુત ભાવોને વર્ણવવાની શૈલીથી પૂજામાં અનેરો આનંદ આવ્યો. સુ. ૩ ના સવારે વાજતે ગાજતે ચૈત્ય પરિપાટીમાં ઝવેરીવાડ આદીશ્વર ભગવંતના દેરાસરે ચતુર્વિધ સંઘ સાથે પૂજ્યશ્રી પધાર્યા. સવારના ૯ થી ૧૦ પ્રવચન થયું. બપોરે વિશાળ મેદનીની હાજરીમાં ભવ્ય રીતે ૯૯ અભિષેકની મોટી પૂજા ભણાવાઈ. રોજના થતા પ્રવચનોમાં પૂજામાં પ્રભાવનાઓ થતી. તેમાં ય પરમાત્માની આંગી તો રોજ એવી સુંદર બનતી કે પ્રતિમાજી પાસેથી ખસવાનું મન જ ન થાય. આમ ખૂબ ઉલ્લાસભર્યા વાતાવરણમાં જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવાઈ ગયો. સુ. ૪ સવારના સૂર્યોદય પૂર્વે પૂજ્યશ્રી અત્રેથી સુરત તરફ વિહાર કરવાના હોઈ ભાવિકો સારી સંખ્યામાં વળાવવા આવેલા. વિહાર કરી પૂજ્યશ્રી વિશ્વનંદીકર સોસાયટી સુસ્વાગત પધાર્યા. ત્યાં પ્રવચનમાં રતિભાઈ ચાવાળા તરફથી ગુરુપૂજન-સંઘપૂજન થયા. સાંજના પાા વાગે પૂજ્યશ્રીએ નારોલ તરફ વિહાર લંબાવ્યો. માતર-નડિયાદ-પેટલાદ થઈને પૂજ્યશ્રી પ્રાયઃ વૈ. સુ. ૧૪ ના ખંભાત પહોંચવા ધારે છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૯,અંક-૩૬,તા.૨૩-૫-૧૯૮૧

● **બરલુટ :** (મારવાડ) અત્રે પૂ. જગચ્ચંદ્રવિજયજી મહારાજ શ્રી સંઘના ભવ્ય સામૈયા પૂર્વક પધાર્યા. પૂજ્ય મહારાજશ્રીની નિશ્રામાં શ્રી વિક્રમકુમાર છગનલાલજીનો દીક્ષા મહોત્સવ એમના પિતાશ્રી તરફથી સુંદર ઉજવાઈ ગયો. આ દીક્ષાર્થીના દાદા (માતુશ્રીના પિતા) એ ૨૦ વર્ષ પૂર્વે દીક્ષા લઈ મુનિરાજશ્રી જિતશેખરવિજયજી બનેલા. પછી વિક્રમના મોટા ભાઈ અમલનેરમાં ૨૬ દીક્ષા વખતે દીક્ષા લઈ મુનિરાજશ્રી અભયચંદ્રવિજયજી બનેલા. એ ધન્ય માતાના આ બીજા પુત્ર વિક્રમે વૈ. સુદ-૧૧ બરલૂટ મુકામે દીક્ષા લીધી અને ભાઈ મહારાજના શિષ્ય મુનિશ્રી હીરચંદ્રવિજયજી બન્યા. દીક્ષાના વાનોલા, પૂજા આંગી, વરસીદાન વરઘોડો, અભિનંદન મેળાવડો તથા દીક્ષા પ્રસંગ ખૂબ જ ઠાઠમાઠથી થયા. ઉપકરણોની બોલી પણ સારી થયેલ.

**• નડિયાદ :** પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ વિશાળ પરિવાર સાથે અત્રે પધારતા તેઓશ્રીનું સામૈયું થયું. ચાર દિવસની સ્થિરતા દરમ્યાન સવારના પ્રવચનોમાં તથા રાતના માત્ર પુરુષો માટે ચાલતી જ્ઞાનગોષ્ટિમાં ભાવિકોએ સારો લાભ લીધો. ત્યાંથી વિહાર કરી કેરીઆવી, **કરોલી-પાડગોલ-મેહલાવ** થઈ **પેટલાદ** પધાર્યા. ભવ્ય સામૈયું થયું. ત્યારબાદ પ્રવચન થયું. બપોરના વેદનીય કર્મ નિવારણની પૂજા ભણાવાઈ. રાતના પાછું પ્રવચન થયું. હાજરી ખૂબ સારી રહી. ત્યાંથી વિહાર કરી સામૈયા સહ **ધર્મજ** પધાર્યા. એક જ દિવસમાં ૩ પ્રવચનો થયા. લોકોની શ્રવણરુચિ ખૂબ સારી. આચારના અભિગ્રહો પણ સારા થયા. ત્યાંથી વિહાર કરી સુદ-૧૫ના સવારના પૂજ્યશ્રી ખંભાત પધાર્યા. દહેવાણનગરથી ૮॥ વાગે સામૈયું ચઢ્યું. મુખ્ય માર્ગોએ ફરીને લગભગ ૯॥। વાગે જૈનશાળાએ ઊતર્યું. ત્યારબાદ પૂજ્યશ્રીનું વૈરાગ્ય ભરપૂર પ્રવચન થયું. પૂજ્યશ્રી અત્રેથી વિહાર કરી **કાવી, ગંધાર** થઈ **ભરૂચ** પહોંચવા ધારે છે. તેઓશ્રી સાથેનો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરી શકાશે.

**દિવ્ય દર્શન કાર્યાલય,** C/o, **કુમારપાળ વિ. શાહ,** ૬૮, ગુલાલવાડી, **મુંબઈ.**

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૨૯,અંક-૩૮,તા.૬-૬-૧૯૮૧**

**• જંબુસર :** કાવી તીર્થમાં ૩ દિવસની સ્થિરતા કરીને પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ અત્રે પધારતાં સંઘ તરફથી સામૈયું થયું. સામૈયું ઉતર્યા બાદ પ્રવચન-પ્રભાવનાદિ થયા. ત્યાંથી વિહાર કરી **આમોદ** પધારતાં સામૈયું થયું. ત્યારબાદ થયેલા પ્રવચનમાં જીવદયા, યતના અંગેના સારા નિયમો થયા. બપોરના પૂજા ભણાવાઈ. પૂજ્યશ્રીની હાજરીથી શ્રોતાઓને પૂજામાં અનેરો રંગ આવ્યો. બીજે દિવસે સવારે **'આજનો સમય'** એ વિષય પર પૂજ્યશ્રીનું પ્રવચન થયું. બપોરના 'જાગતા રે'જો' એ વિષય પર પૂ. રત્નસુંદર મહારાજનું પ્રવચન થયું. રાતના કેવળ પુરુષો માટે જ્ઞાનગોષ્ઠિમાં પૂ. જયસુંદર મહારાજે પ્રવચન આપ્યું. યુવાનોનો ઉલ્લાસ બહુ સારો. ૩ શિખરબંધી દેરાસરોથી યુક્ત આ ગામમાં પૂજ્યશ્રીના પગલાંથી સારી જાગૃતિ આવી. ત્યાંથી વિહાર કરી વૈશાખ વદ-૧૧ ના રોજ પૂજ્યશ્રી સુસ્વાગત **ગંધાર** તીર્થે પધાર્યા. આજરોજ સિદ્ધાંતમહોદધિ સ્વ. પૂજ્યપાદ ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ હોઈ વ્યાખ્યાનમાં અને પછી મુનિઓ આગળ



તેઓશ્રીના જીવનના ગુણગાન ગવાયા. એક સદ્ગૃહસ્થ તરફથી પ્રભુજીને ભવ્ય અંગરચના કરવામાં આવી. અત્રેથી વિહાર કરી પૂજ્યશ્રી જેઠ સુદ-૩ ભરૂચ પહોંચવા ધારે છે. ત્યાં સુદ-૬ સુધી સ્થિરતા કરી સુદ-૭/૮ અંકલેશ્વર (C/o, અમૃતલાલ ઉકાજી. ચોકસી બજાર, અંકલેશ્વર, જિ. ભરૂચ.) સુદ ૧૦/૧૧/૧૨ ઝઘડીયા તીર્થમાં કરવા ધારે છે. (જૈન દેરાસર પેઢી, મુ.પો. ઝઘડીયા. વાયા અંકલેશ્વર. જિ. ભરૂચ.) ઝઘડીયાથી વિહાર કરી પૂજ્યશ્રી બારડોલી તરફ પધારશે. આજુબાજુવાળા ગામોને લાભ આપવાની ગણતરીએ પૂજ્યશ્રીનો સુરતમાં ચાતુર્માસ પ્રવેશ મોડો રાખવામાં આવ્યો છે.

**• જલગામ :** પૂ. ગણિવર્યશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ અંતરીક્ષજીથી વિહાર કરી એદલાબાદ પધાર્યા. ત્યાં હાઈવેની બાજુમાં નૂતન શિખરબંધી દેરાસરની ખનનવિધિ પૂજ્યશ્રીની નિશ્રામાં પુખરાજજી રાંકાના હસ્તે થઈ. સ્વામિવાત્સલ્ય થયું દેરાસરની બાજુમાં નૂતન ઉપાશ્રયની શીલાન્યાસ વિધિ થઈ. ઉછામણી સારી થઈ. નિર્મલાકુમારી ભગવાનદાસ છાજેડની દીક્ષા નિમિત્તે ગણિવર્ય વૈશાખ વદ-૧ ના જલગામ પધાર્યા. અઠ્ઠાઈ મહોત્સવ, વરસીદાનનો વરઘોડો, ઉપકરણની બોલી, દીક્ષાર્થીનો મેળાવડો દીક્ષામહોત્સવ સુંદર ઉજવાયા. માલેગામ શ્રી સંઘની આગ્રહભરી વિનંતી હોઈ પૂ. આચાર્યદેવશ્રી પાસે આજ્ઞા લઈ આગામી ચાતુર્માસ માલેગામ કરવાનું નક્કી થયું.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૨૯,અંક-૩૯,તા.૧૩-૬-૧૯૮૧**

**• ખામગામ :** પ.પૂ. ગણિવર્યશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ જલગામ ચાતુર્માસ પૂર્ણ કરી અંતરીક્ષજી તીર્થ તરફ વિહાર કરતા એદલાપુર ૮ દિવસ વ્યાખ્યાનાદિનો લાભ આપી **મલકાપુર** પધાર્યા. ત્યાં ૪૫ ઘર જૈનોના છે. સ્વપ્ન-દ્રવ્ય સાધારણમાં લઈ જતા હતા તે પૂજ્યશ્રીની પ્રેરણાથી બધું જ દેવદ્રવ્યમાં લઈ જવા નક્કી કર્યું, અને વાર્ષિક ખર્ચ અંગે કેસર-સુખડ વગેરેના ચઢાવા બોલાયા, રૂા. ૨૭૦૦ લગભગ થયા અને રોજના ખર્ચ પેટે સાધારણની રૂા. ૫૧ ની એક તિથિ એમ નોંધાતાં તે જ સમયે લગભગ ૬૭ તિથિઓ નોંધાયેલ છે. ત્યાંથી પૂજ્યશ્રી અત્રે ખામગામ પધાર્યા. અત્રે પણ સ્વપ્નદ્રવ્ય સાધારણમાં લઈ જતા હતા, પણ પ્રેરણા આપતાં સંઘે ઉછામણી બોલાવી અને સાધારણની રૂા. ૫૧ ની તિથિઓ નોંધવાનું કામ ચાલી રહ્યું છે. પૂજ્યશ્રી અત્રેથી વિહાર કરી અંતરીક્ષજી તીર્થમાં પધાર્યા. ત્યાંથી જલગાંવ

ભાઈશ્રી ભગવાનદાસ છાજેડની સુપુત્રીને દીક્ષા આપવા પધાર્યા છે. સાધ્વીજીશ્રી વસંતપ્રભાશ્રીજીની શિષ્યાઓ પણ ગુજરાતથી આવી રહી છે.

● **મુંબઈ :** અત્રે કચ્છી જૈન સંઘના એક ભાઈને ત્યાં મરણ બાદ સાદડીનો પ્રસંગ હતો તે વખતે એ ભાઈએ શું કરી શકાય ? એમ શ્રી કુમારપાળ વિ. શાહને પૂછેલું, તેથી કુમારભાઈની સલાહથી એમના તરફથી દિવ્ય દર્શન પ્રકાશિત 'મદનરેખા મહાસતી' અને 'અમીચંદની અમીદૃષ્ટિ'ની કુલ ૧૦૦૦ પુસ્તિકાની પ્રભાવના કરવામાં આવી. આમ આવા પ્રસંગને પામીને કચ્છી ભાઈની ઉદારતાથી એક હજાર ઘરોમાં ૧-૧ પુસ્તક પહોંચી ગયું.

● **ખંભાત :** પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ખંભાત પધારતાં ભવ્ય સ્વાગત યાત્રા દહેવાણનગર જૈન મંદિરથી ચઢી મુખ્ય માર્ગોએ ફરી જૈનશાળાના વિશાળ હોલે ઊતરી. શેઠશ્રી રમણલાલ વજેચંદે અમદાવાદથી ખાસ અત્રે આવીને રોકાઈ, પૂજ્યશ્રીની સેવાનું નેતૃત્વ લીધેલ. માંગલિક પ્રવચન બાદ પ્રભાવના થઈ. ત્રણ દિવસના રોકાણમાં સવાર-સાંજ પૂ. શ્રી રત્નસુંદરવિજયજી મહારાજના જોશીલા વ્યાખ્યાનોથી યુવાનોમાં તેજી આવી ગઈ. વૈશાખ વદ-૧ ના ઓસવાલ સંઘની વિનંતીથી પૂજ્યશ્રી ઓસવાલ સંઘના ઉપાશ્રયે પધારતાં પ્રવચન સંઘપૂજનાદિ થયેલ. જૈનશાળામાં તો ત્રણ દિવસ પર્યુષણા જેવું ધર્મમય વાતાવરણ બનેલ. ખાસ કરીને યુવાનો તરફથી શ્રી જૈનશાળાના ટ્રસ્ટી શેઠશ્રી રમણલાલ વજેચંદે વૈશાખ વદ-૧૧ ના સ્વ. ગુરુદેવ કર્મ-સાહિત્ય સૂત્રધાર પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ની સ્વર્ગારોહણતિથિ સુધી ખંભાતમાં રોકાવાની ખૂબ આગ્રહભરી વિનંતી કરી. પરંતુ પૂજ્યશ્રીને સુરત ચાતુર્માસાર્થે જવાનું હોઈ વધુ રોકાવાય તેમ ન હોવાથી ચાતુર્માસ બાદ ફરી અત્રે ૧૫-૨૦ દિવસ રોકાવવાની આગ્રહભરી વિનંતી થયેલ. ચાલુ ચાતુર્માસ માટે પૂ. મુનિઓને રાખવાનું નક્કી થયું. વ્યાખ્યાનમાં 'સ્નાન કરતાં વરસમાં અમુક દિવસથી વધુ દિવસ સાબુ ન લગાવવા'ના તેમજ બીજા 'જયણા'ના તેમજ 'સાતક્ષેત્રમા રકમ-સદ્વ્યય'ના નિયમો લીધા. પૂ. મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજની જોશીલી વાણીથી અંતરીક્ષજી તીર્થરક્ષાની વાત નીકળતાં ત્યાં જ રૂા. ૨૨૦૦૦ ની રકમનો ફાળો થયો. અને કેટલીક બહેનોએ પોતાની સોનાની બંગડીઓ, વીંટીઓ, બુટ્ટીઓ, ચાંદીની બંગડીઓ, સાંકળીઓ વગેરે અર્પણ કરેલ. અત્રેથી પૂજ્યશ્રી કાવી પધારતાં ત્યાંના ટ્રસ્ટીઓ જયંતીભાઈ વગેરે અને યાત્રિકો તરફથી સામૈયું થયું. યાત્રિકોનો ઉલ્લાસ એટલો બધો વધી ગયો કે તરત રૂા. ૩૦૦૦ ની ટીપ કરી. પૂજા પ્રભાવના સાધર્મિકવાત્સલ્ય કરેલ. વ્યાખ્યાન બાદ સંઘપૂજન થયું. બીજા દિવસે નવપદજી પૂજા રખાયેલ. પૂજામાં



પૂજ્યશ્રીએ પ્રભુભક્તિમાં ઝીલાવેલ. સાંજના વિહાર હતો પરંતુ યાત્રિકો અને ટ્રસ્ટીઓના અતિ આગ્રહથી રવિવારે રોકાવવાનું થતાં પ્રવચનમાં લોકોએ સારો લાભ ઉઠાવેલ. વ્યાખ્યાનમાં 'નાની નાની બાબતોના કારણે જીવનમાં સેવાતા કષાયો આત્માના ક્ષમાદિ ગુણોનો કેવી રીતે નાશ કરે છે' તેનું વર્ણન ચાલતા વ્યાખ્યાન બાદ એક રજપૂતભાઈ પૂજ્યશ્રી પાસે આવ્યા. તેમણે કહ્યું કે "મારા મોટાભાઈ પાસે ૧૫૦ વીઘા જમીન છે અને મારી પાસે ૫૨ (બાવન) વીઘા જમીન છે છતાં લોભના કારણે મોટાભાઈ અમારી જમીન મર્યાદાની જે ખૂંટ છે તે બબ્બે ફુટ વધારતા જાય છે. આના કારણે અમારા બંને વચ્ચે ભારે દુશ્મનાવટ ઊભી થઈ છે. પરંતુ આપે પ્રવચનમાં કહેલી વાતથી દુશ્મનાવટના આ કુસંસ્કારને અમારા રજપૂતોના પેઢી-ઉતાર ચાલતા વૈરના રિવાજ મુજબ આગળ ન વધવા દેવાનો નિર્ણય કર્યો છે. હવે ઘરે જઈ મોટાભાઈને બોલાવી, સારામાં સારું ભોજન જમાડી પૂછી લઈશ કે 'બોલો આપને કેટલી જમીન જોઈએ છે ? ૧૦-૧૫ વીઘા જેટલી જમીન જોઈએ તેટલી મફતમાં આપી દેવા તૈયાર છું. પરંતુ આપણો ઝઘડો આજની ઘડીથી પૂરો થઈ જાય છે." આમ એક જૈનેતર ભાઈએ ક્રોધની ભયંકરતાને પીછાની તેનું કારણ હટાવી દેવા જે સુંદર પગલું લેવાનો વિચાર કર્યો છે તે અનેક આત્માઓને પ્રેરણાદાયી છે. આ જ ભાઈએ બીજા પ્રવચનમાં રાત્રિભોજનની ભયંકરતા સાંભળી જીવનભર માટે સૂર્યાસ્ત પહેલા ૨ ઘડીએ પાણી પણ છોડી દેવાનો નિર્ણય કર્યો ! આ સિવાય પ્રવચનમાં બીજા પણ ભાગ્યશાળીઓએ સારા એવા નિયમો લીધા. પૂજ્યશ્રી કાવીથી વિહાર કરી જંબૂસર, આમોદ, ગંધાર થઈ લગભગ જેઠ સુદ-૨ આસપાસ ભરૂચ પહોંચવા ધારે છે.

● **મોરબી :** અત્રે પ્રખર વ્યાખ્યાતા પૂજ્ય મુનિશ્રી જિનચન્દ્રવિજયજી મહારાજના ચાતુર્માસની જય બોલાયેલી. પરંતુ છેલ્લા ૧૦-૧૨ દિવસ પર અંતરીક્ષજી તીર્થમાં થયેલ દિગંબરોના ઝનૂની, હિંસક આક્રમણોના સમાચારથી ચારે બાજુ સન્નાટો છાઈ ગયેલો. અમદાવાદની ધર્મપ્રેમી જનતાને જગાવવા માટે પૂ. મુનિરાજની શક્તિનો યોગ્ય ઉપયોગ કરવાનો તેઓશ્રીના ગુરુદેવશ્રી પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને વિચાર આવ્યો. તેઓશ્રીએ મોરબી સંઘ પર આ અંગે કાગળ લખ્યો. "અંતરીક્ષજી તીર્થની રક્ષાની જવાબદારી માત્ર મહારાષ્ટ્રની જ નહિ, પરંતુ હિંદુસ્તાનના પ્રત્યેક સંઘની છે. માટે ઉદારતાપૂર્વક તમે જો મુ. શ્રી જિનચંદ્રવિજયજીને અમદાવાદ વિદ્યાશાળા ચાતુર્માસ જવા માટે સંમતિ આપો તો તીર્થરક્ષાનું એક મહાન કાર્ય થઈ શકે." મોરબી સંઘે બીજા મુનિઓ ચાતુર્માસ માટે સ્વીકારી ખૂબ હર્ષપૂર્વક પૂ. મુનિશ્રી જિનચંદ્રવિજયજી આદિને અમદાવાદ વિદ્યાશાળા

ચાતુર્માસ માટે અનુમતિ આપી છે. પૂજ્ય મુનિવરો પણ તીર્થરક્ષાના કાર્ય નિમિત્તે પૂજ્યપાદ ગુરુદેવશ્રીની આજ્ઞાનુસાર વિદ્યાશાળા આવવા સહર્ષ સંમત થયા છે. આ હિસાબે પૂ.મુ. શ્રી મુનિચન્દ્રવિજયજી મહારાજ, પૂ.મુ. શ્રી કીર્તિચન્દ્રવિજયજી મહારાજ તથા પૂ.મુ. શ્રી જિનચન્દ્રવિજયજી મહારાજનું અમદાવાદ વિદ્યાશાળા ચાતુર્માસ નક્કી થયું છે. મોરબી સંઘને બીજા મુનિ ભગવંતો આપવાનું સ્વીકાર્યું છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૯,અંક-૪૦,તા.૨૦-૬-૧૯૮૧

● **લીંબડી :** અમદાવાદ વિદ્યાશાળા ચાતુર્માસાર્થે પધારી રહેલ પૂ.મુ. શ્રી જિનચન્દ્ર વિ.મ. આદિ ઠાણા અત્રે પધારતાં, એમનું અંતરીક્ષજી તીર્થરક્ષા અંગે અત્રે જાહેર પ્રવચન ગોઠવેલું, અંતરીક્ષજીનો પ્રાચીન ઇતિહાસ, અચિંત્ય પ્રભાવ, વર્તમાન સંઘર્ષ, દિગંબર ભાઈઓ દ્વારા આક્રમણ, ૧૦ મી મે ના રોજ ગુંડાઓ દ્વારા હિંસક હુમલો, પૂ. સાધુ સાધ્વી ભગવંતોનું અપૂર્વ પરાક્રમ ઇત્યાદિની આ પ્રવચનમાં એવી અસરકારક રજૂઆત થઈ કે પૂ. મુનિશ્રી પોતે અને આખી સભા ધ્રુસકે ધ્રુસકે રડી પડી. યુવાનોમાં અપૂર્વ ખુમારી પ્રગટી અંતરીક્ષજી દોડી જવા તૈયાર થઈ ગયા. હજારોની સંખ્યામાં વિરોધના સેવિંગગ્રામો થયા. પૂજ્ય મુનિરાજના તીર્થરક્ષા અંગેના મોરબી, વાંકાનેર, ચોટીલા, સાયલા વગેરે ગામોમાં થયેલા પ્રવચનોએ ખૂબ સારી જાગૃતિ લાવી દીધી છે. પૂ. મુનિરાજ અમદાવાદમાં ૧૪ મી જુને પધારી રહ્યા છે. જુદી જુદી સોસાયટીઓમાં તીર્થરક્ષા અંગે પ્રવચનો કરી અષાઢ સુદમાં વિદ્યાશાળા, દોશીવાડાની પોળમાં ચાતુર્માસાર્થે પ્રવેશ કરવા ધારે છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૯,અંક-૪૧,તા.૪-૭-૧૯૮૧

## ચાતુર્માસ પ્રવેશ

સુવિશાલ ગચ્છાધિપતિ સિદ્ધાન્ત મહોદધિ સ્વ. પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજ**ના વિદ્વાન શિષ્યરત્ન વર્ધમાન તપોનિધિ દર્શનશાસ્ત્ર નિપુણમતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ** પોતાના વિશાળ પરિવાર સાથે અષાઢ સુ. ૬ ને મંગળવાર તા. ૭-૭-૮૧ ના રોજ સુરતમાં ચાતુર્માસાર્થે પ્રવેશ કરશે. તેઓશ્રી સાથે પત્ર વ્યવહાર કરવાનું સરનામું.



**શીતલવાડી જૈન ઉપાશ્રય**, ઓસવાલ મહોલ્લા, ગોપીપુરા, **સુરત.**

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૯,અંક-૪૬,તા.૮-૮-૧૯૮૧

● **અમદાવાદ :** અત્રે વિદ્યાશાળા જૈન ઉપાશ્રયમાં પૂ.મુ. શ્રી જિનચન્દ્રવિજયજી મહારાજના ચાલતા પ્રવચનોએ લોકમેદનીમાં ખૂબ સારું આકર્ષણ જમાવ્યું છે. રોજ 'શાંતસુધારસ' ગ્રંથ પર ચાલતા તલસ્પર્શી પ્રવચનોમાં વિશાળ જનમેદની લાભ લઈ રહી છે. અંતરીક્ષજી તીર્થરક્ષા નિમિત્તે રોજે રોજ એક અઠ્ઠમનું પચ્ચક્ખાણ થાય છે. દરેકને પ્રભાવના પણ અપાય છે. દર રવિવારે વિવિધ વિષયો પર જાહેર પ્રવચનો થાય છે. તેમાં ય છેલ્લા રવિવારે 'જનમ જનમની વાતો યાને સંસ્કારોના ગુણાકાર' એ વિષય પર જાહેર પ્રવચન થયું. તેમાં ચંડકૌશિક અને શાલિભદ્રના દૃષ્ટાંતો સાથે ખરાબ અને સારા સંસ્કારોના ગુણાકાર કઈ રીતે થાય છે તે ખૂબ માર્મિક રીતે સમજાવ્યું. તે દિવસે વ્યાખ્યાનમાં વિશાળ વ્યાખ્યાનહોલ, દેરાસર, હોલની બાજુના બે રૂમ, પૂ. બાપજી મહારાજની મૂર્તિવાળો રૂમ, તેની અને બે રૂમની વચ્ચેની બે ગેલેરી, દાદરો બધું ય ચિક્કાર હતું. છતાં ય ઘણું માણસ પાછું ગયું. આમ પૂ. મુનિરાજશ્રીના પ્રભાવક પ્રવચનોથી સંઘમાં ખૂબ સુંદર જાગૃતિ આવી છે.

અષાઢ સુદ-૧ ના અત્રે થયેલા ચાતુર્માસ પ્રવેશ પૂર્વ પણ પૂજ્ય મુનિશ્રીના જુદી જુદી સોસાયટીઓમાં ખૂબ સુંદર પ્રવચનો થયેલા. 'સદ્વિચાર પરિવાર'ના આયોજકો તરફથી ગુજરાત વિદ્યાપીઠમાં, સાબરમતી સેન્ટ્રલ જેલમાં ઇત્યાદી જુદી જુદી જગ્યાએ પૂ. મુનિશ્રીના જાહેર પ્રવચનો ગોઠવાયેલા, જેનો વિશાળ મેદનીએ લાભ લીધેલો. એકંદરે ચાતુર્માસની જમાવટ ખૂબ સારી થઈ છે.

● **માલેગામ :** પૂ. ગણિવર્યશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ ચાતુર્માસાર્થે અત્રે પધારતા સંઘમાં ઉલ્લાસ વધ્યો છે. પ્રવેશ પહેલા આઠ દિવસ સોસાયટીમાં જ્ઞાનસત્ર થયેલ. વિદ્યાર્થીઓએ સારો લાભ ઉઠાવેલ. પૂજ્યશ્રીના સમ્યક્ત્વ સપ્તતિકા તથા પરિશિષ્ટપર્વ પર મધુર વ્યાખ્યાનો તેમજ દર રવિવારે તત્ત્વજ્ઞાન, આહારશુદ્ધિ અને સદાચાર ઉપર વિવેચન થાય છે. વીસસ્થાનક, નમો જિણાણં તથા લોગસ્સની આરાધના થઈ લગભગ ૪૧/- રૂપિયાની પ્રભાવના થઈ. પાઠશાળામાં ૨૦૦ વિદ્યાર્થીઓને રવિવારે ૦॥ કલાક પ્રવચન આપે છે.

● **સુરત :** અત્રે પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી

મહારાજની પુનીત નિશ્રામાં ચાલી રહેલ રવિવારીય આધ્યાત્મિક શિબિરમાં ૧૫૦૦થી વધુ યુવકો લાભ લઈ રહ્યા છે. શિબિરના ત્રીજા રવિવારે માર્ગાનુસારી ગુણમાં 'ઉચિત વ્યય'ની વાત નીકળતા અનેક યુવકોએ દર વરસે આવકના ૧૦ ટકા, ૫ ટકા, ૩ ટકાની રકમ ધર્માદા ખાતે વાપરવી તેવા સ્વૈચ્છિક અભિગ્રહો કર્યા. ધસારો અભૂતપૂર્વ છે. હજી પણ પ્રવેશ માટે સેંકડો વિદ્યાર્થીઓ તલસે છે. પરંતુ વ્યવસ્થાના અભાવે ના પાડવી પડે છે. આ શિબિરમાં વડોદરા, નવસારી, બારડોલી, કીમ, નરોલી, દાદરા, કરચેલીયા, બુહારી, પાદરા, બોરડી ઈત્યાદિ ગામોના યુવકો આવે છે. એકંદરે ઉત્સાહ અભૂતપૂર્વ છે. રવિવારે વીસસ્થાનક તપની આરાધનામાં ૪૫૦ જેટલા ભાગ્યશાળીઓ જોડાયા. તપનું વાતાવરણ જામી રહ્યું છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૯,અંક-૪૭,તા.૧૫-૮-૧૯૮૧

• **મોરબી :** અત્રે પૂ. મુનિશ્રી કીર્તિરત્નવિજયજી મહારાજની નિશ્રામાં સંઘમાં ચૌદપૂર્વની આરાધના, રવિવારે પંચપરમેષ્ઠિ ભગવંતની આરાધના, અભિગ્રહ એકાસણા, અંતરીક્ષ પાર્શ્વનાથના અઠ્ઠમ વગેરે તપશ્ચર્યા ચાલી રહી છે. લોકો ખૂબ સારા પ્રમાણમાં લાભ લઈ રહ્યા છે. દર રવિવારે બપોરે ૨ કલાક ૯૦ ભાઈઓ તત્ત્વજ્ઞાનના પાઠ વગેરેમાં લાભ લઈ રહ્યા છે.

• **દાદર :** અત્રે પૂ.પં. શ્રી નિત્યાનંદવિજયજી મહારાજને અઠ્ઠાઈનું પારણું સુખરૂપ થયેલ છે. સળંગ કારતક સુદ-૧૫ સુધી શ્રી સંઘમાં અઠ્ઠમતપની આરાધના ચાલુ થઈ છે. દર ૧૫ દિવસે તપસ્વીઓનું બહુમાન-પ્રભાવના થાય છે. સંઘ આયંબિલતપ, ખીરના એકાસણા, અંતરીક્ષ પાર્શ્વનાથના અઠ્ઠમ, ગણધર ભગવંતના છઠ્ઠ વગેરે આરાધનામાં સારા પ્રમાણમાં ભાગ લઈ રહ્યો છે.

• **સુરત :** અત્રે શીતલવાડી જૈન ઉપાશ્રયમાં બિરાજમાન પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની પુનીત નિશ્રામાં આરાધનાના પૂર ઊમટ્યા છે. શ્રા.સુ. ૪ ના દિવસે તો બહાર બેન્ડવાજા શરણાઈના નાદપૂર્વક માસખમણની ભાવનાથી તપશ્ચર્યા શરૂ કરનાર ૧૫-૨૦ ભાગ્યશાળીઓએ જ્યારે પૂજ્યશ્રીના શ્રીમુખે પચ્ચક્ખાણ લીધા ત્યારે આખા ય મંડપમાં 'તપસ્વી અમર રહો' 'જૈનં જયતિ શાસનં'ના નારાઓ ગુંજી ઊઠ્યાં. સંઘમાં નાની-મોટી અનેક તપશ્ચર્યાઓ વિપુલ પ્રમાણમાં ચાલુ છે. ૮-૧૦ વર્ષના બાળ-બાળાઓએ અઠ્ઠમ આદર્યા છે. શ્રાવણ સુદ-૯ ને રવિવારે ૯ાા થી ૧૨ાા ની રવિવારીય શિબિરમાં ૧૫૦૦ થી ય



વધુ યુવકો દર રવિવારની જેમ હાજર હતા. હજી ય અનેક યુવકો શિબિરમાં દાખલ થવા તલસે છે પણ જગ્યાના અભાવે ના પાડવી પડે છે. ત્રણ કલાક સુધી સફેદ કપડામાં સજ્જ ૧૫૦૦ યુવાનોને પ્રવચન સાંભળતા જોવા એ પણ એક લહાવો છે. રવિવારના બપોરના જૈન મહાભારત પરના ૨ાા થી ૪ ના પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ.ના જાહેર વ્યાખ્યાનમાં ૧ાા વાગ્યાથી મંડપ ચિક્કાર થઈ જાય છે. રોડ પર, ટાંકી પર, મંડપની સામેના બધા ય ઘરોમાં, મંડપની પાછળની સાઈડમાં, બધે ય લગભગ ૨૦૦૦ની મેદની બેસી જાય છે. ખૂબ શાંતિપૂર્વક પ્રવચન સાંભળે છે. બાકી સેંકડોને પાછા જવું પડે છે.

આમ પૂજ્યશ્રીના પાવન પગલાથી અત્રે જય જયકાર વર્તી રહ્યો છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૯,અંક-૪૮,તા.૨૯-૮-૧૯૮૧

• **અમદાવાદ :** અત્રે પૂ.મુ. શ્રી જિનચન્દ્રવિજયજી મહારાજની પ્રેરણાથી શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથ ભગવંતની આરાધના નિમિત્તે તા. ૧૪/૧૫/૧૬ ઓગસ્ટના સામુદાયિક અઠ્ઠમ કરાવવાનું નક્કી કરવામાં આવ્યું. તા. ૧૪ ના રોજ સવારના સ્તોત્રપાઠ-કાઉસ્સગ્ગ-ખમાસમણા વગેરે વિધિ પત્યા બાદ પ્રવચન થયું. તા. ૧૫ ના રોજ ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવાયો. લલિતભાઈ ધામીએ ગીત-સંગીતની રમઝટ મચાવી. બપોરના 'પરમાત્માનો અચિંત્ય પ્રભાવ' એ વિષય પર જાહેર પ્રવચન થયું. તા. ૧૬ ને રવિવારે સ્તોત્રપાઠ પહેલા અંતરીક્ષજી પાર્શ્વનાથ પ્રભુના પટને હાર પહેરાવવાની ઉછામણી રૂા. ૩૬૦૧ ની થઈ. બપોરના 'શ્રી અંતરીક્ષજી તીર્થનો ઈતિહાસ બોલે છે' એ વિષય પરના જાહેર પ્રવચનમાં પબ્લિક એટલી થઈ કે દરવાજા બંધ કરી દેવા પડ્યા. સોમવારે સવારે ૩૪૧ આરાધકોને ચીમનલાલ વીરચંદ તરફથી પારણા કરાવવામાં આવ્યા. દરેક આરાધકોને જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી રૂા. ૨૨, અંતરીક્ષજી પાર્શ્વનાથ ભગવાનનો, નવપદજીનો ગૌતમ સ્વામીનો ફોટો, નવકારવાળીના સ્નાત્રપૂજાની ચોપડી વગેરેની પ્રભાવના થઈ. દરેક આરાધકે ૐ હ્રીં અર્હં શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથાય નમઃનો ૧૨૫૦૦ નો જાપ કર્યો. એકંદરે આરાધનામાં જોમ વધારે તેવો ચિરસ્મરણીય પ્રસંગ ઊજવાઈ ગયો. પૂજ્ય મુનિશ્રીના શાંત સુધારસ પરના તલસ્પર્શી પ્રવચનોએ શ્રોતાવર્ગમાં અનેરું આકર્ષણ જમાવ્યું છે.

• **ભૂજ :** ગણિવર્યશ્રી ધર્મજિતવિજયજી મ.ની નિશ્રામાં ચાતુર્માસ પ્રવેશમાં

૧૫૧ આયંબિલ થયા. સ્વ. અનોપચંદ ઉત્તમચંદ તરફથી આયંબિલ ને પ્રભાવના થયેલ. સ્વ.પ.પૂ. જિતવિજયજી મ.ની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ૩૦૨ આરાધકોએ લુખી નિવિ કરેલ, પૂજા-પ્રભાવના થયેલ. સામુદાયિક પૌષધની આરાધનામાં ૧૭૨ આરાધકો, સિદ્ધપદની એક ધાનના એકાસણામાં ૩૨૬ આરાધકો, અતિથિ સંવિભાગ વ્રતમાં ૫૧ આરાધકો જોડાયેલ. અંતરીક્ષ પાર્શ્વનાથના અઠ્ઠમની આરાધનામાં ૨૦૦ લગભગ આરાધકો, સ્વ.પ.પૂ.આ. શ્રી કનકસૂરીશ્વરજી મ.ની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે આચાર્યપદની આરાધના, ઉપાધ્યાય પદની આરાધના વગેરે સુંદર થયેલ. પૂ. પુંડરીકવિજય મ. તથા પૂ. જયશેખરવિજયજી મ.ને શ્રી ભગવતીજીના યોગ સારી રીતે ચાલી રહ્યા છે. સંઘમાં અઠ્ઠમ શ્રેણી ચાલુ છે. વ્યાખ્યાનમાં જ્ઞાનસાર, ધન્યચરિત્રમાં સંઘ સારો લાભ ઉઠાવે છે.

• **નડીયાદ :** અત્રે તપસ્વી પ.પૂ. મણિપ્રભવિજયજી મ. તથા મુનિશ્રી જગવલ્લભવિજયજી મ. આદિના ચાતુર્માસથી સંઘમાં તપનો અનેરો ઉલ્લાસ ચાલુ છે. પ્રવેશથી શ્રેણિબદ્ધ અઠ્ઠમ, વીસસ્થાનક તપમાં ૩૦૦ આરાધકો, ચાર શરણ દુષ્કૃત નિંદા સુકૃત અનુમોદનાની આરાધનામાં ૨૫૦, તેમજ અંતરીક્ષ પાર્શ્વનાથના અઠ્ઠમની આરાધનામાં ૨૦૦ આરાધકો હોંશપૂર્વક જોડાયા. નાના ૬ થી ૮ વર્ષના બાળકોએ પણ અઠ્ઠમની આરાધના કરેલ. સંઘમાં ૩ માસખમણ, સિદ્ધિતપ, ધર્મચક્રતપ, વર્ધમાનતપના પાયા વગેરે ઘરે ઘરે થયેલ છે. ધન્ય તપસ્વી ! તેમના પગલેથી અમારું ગામ-સંઘ તપમાં જોડાયો છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૧,તા.૫-૯-૧૯૮૧

## વર્ષના અંતે, નવા વર્ષના આરંભે...

મોક્ષ એટલે આત્મઘરમાં વાસ. અત્યારે આપણે શરીરમાં રહ્યા છીએ, પરંતુ એમાંથી એક દિવસ ડિસમિસ થવાનું છે. શરીરાદિનાં બંધન ફગાવી આત્મઘરમાં રહેવા માટે પહેલાં અજવાળું કરવું જોઈએ, એ જ્ઞાનથી થાય. પછી એમાંથી કર્મ-પાપ-કચરાં સાફ કરવા જોઈએ. એ તપરૂપી સાવરણીથી થાય. સાથે સાથે નવા કચરા ન આવે એ માટે બારીબારણાં બંધ કરવાં જોઈએ, એ સંયમથી થાય. આ ત્રણ મળે, એટલે આત્મઘર રહેવા લાયક બને." ઉપરોક્ત આ આત્મબોધ છે. પ્રખર પ્રજ્ઞાવાન, અભિનવ, ચિંતક અને દીર્ઘદ્રષ્ટા દાર્શનિક પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વર મહારાજનો.



દિવ્ય દર્શન સાપ્તાહિકના માધ્યમથી આ અધ્યાત્મવાણી આત્મઘરમાં અજવાળું કરવા સક્ષમ છે. તપ અને તપશ્ચર્યા માટે પ્રેરક તેમજ સંયમ અને સદાચારના માર્ગે જીવનગાડી ધપતી કરવા રોચક બની રહે છે. આ જ્ઞાનવાણી છેલ્લા ૨૯ વર્ષથી સતત વરસતી રહી અનરાધાર અવિરત રહેલો આ અધ્યાત્મ બોધનો પ્રવાહ આજે ત્રીજા દશકના છેલ્લા વર્ષમાં પ્રવેશ કરે છે. દિવ્ય દર્શન સાપ્તાહિકના ત્રીસમાં વર્ષના પ્રારંભે સૌ સ્વાધ્યાય પ્રેમી પરિવારોની સમ્યગ્જ્ઞાન પ્રાપ્તિની પ્રેમળ ઝંખનાને વંદના કરું છું.

અંતિમ ૨૯ વર્ષથી દિવ્ય દર્શન દ્વારા પૂજ્યપાદશ્રીની ઝીણી નજરનો બહોળો લાભ મળ્યો. પૂજ્યપાદશ્રી આચારનિષ્ઠ ચિંતક અને વૈરાગ્ય જીવનના કલાધર હોવાથી આપણને ગહન ચિંતનમાં ડૂબકી મરાવે છે. સરળ પણ સરસ શૈલીથી તત્ત્વ સમજાવે છે. રાગમાંથી કાઢવા માટે વીતરાગતાનો પરિચય કરાવતા મર્મજ્ઞ મનોવૈજ્ઞાનિક પ્રવચનકાર દિવ્ય દર્શનના પાને પાને વૈરાગ્યરસનો રસાસ્વાદ સહજ રીતે કરાવતા જાય છે. પૂજ્યશ્રીના અગ્રલેખો જ નહિ પ્રવચનો પણ તેમના ઝીણવટભર્યાં ચિંતન અને શાસ્ત્રાભ્યાસના સૂચક છે. એમની નિરીક્ષક દૃષ્ટિ, તાટસ્થ્ય, નિર્ભયતા, વિવેચન શક્તિનું ચિકિત્સાત્મક દર્શન આપણને પ્રત્યેક સપ્તાહના અંકમાં આગવી રીતે થાય છે. આલેખન ચિંત્ય હોય છે, શ્રદ્ધેય પણ કેમ કે એમના જીવનમાં સંસ્કૃતિની ઝલક, આર્યતા, ઉદાત્તતા અને સર્વ મંગલકારી કલ્યાણની ભાવના હોવાથી શબ્દે શબ્દો ભાવગંભીર, લલિત, કોમળ અને પ્રસાદપૂર્ણ લાગ્યા વિના રહેતા નથી.

આસ્થાવાન, આચારનિષ્ઠ અને આદર્શ સાહિત્યકાર સંઘ, સમાજમાં ધર્મસાધના ધબકતી કરાવી શકે, વિસંવાદિતા તોડી શકે, ને વિકાર અને વિલાસમાં પીડાતા-પીસાતા-જીવોને આત્મવિકાસના માર્ગે જોડી શકે એ માટે દૃષ્ટિની વ્યાપકતા તથા પ્રયાસની કર્મઠતા જોઈએ. લાખો રૂપિયા કમાવી આપે તેવા કીમિયા તો ઘણા મળે, પણ લાખોના હૈયામાં ધર્મના બીજનું બીજારોપણ કરવા કઠોર પરિશ્રમ કરવો પડે. તુટી રહેલા જીવનમૂલ્યો, ભૂંસાઈ રહેલી સંસ્કૃતિ અને ભીંસાઈ રહેલા આચારોથી સચિંત પૂજ્યશ્રી વર્ષોથી મૌન આત્મભોગ આપી રહ્યા છે. શાસનસંઘ અને નવી પેઢીના નવયુવકો માટે શિક્ષણ સંસ્કરણનું અભિનવ કાર્ય કરતા રહેવા પૂર્વક એમનું સંયમ જીવન તરબરતર છે. એમની સાત દાયકાની બહુમખી પ્રતિભાને આ પાને શી રીતે અનાવૃત કરી શકાય ?

પ્રત્યેક સપ્તાહે નવી અવનવી અધ્યાત્મવાણીનો અનુપમ સ્વાધ્યાય કરાવનાર પૂજ્યશ્રીના ચરણોમાં હું નતમસ્તકે વંદના કરું છું.

દિવ્ય દર્શનની આપને સપ્તાહના પ્રારંભે આતુરતા અને અપેક્ષા રહેતી હોય તે સ્વાભાવિક છે. જો કે અનિયમિતતા અને અનિશ્ચિતતા તુટી નિયમિતતા જાળવવામાં આપ સૌના આશીર્વાદથી સફળતા મળી. આપની શુભેચ્છા મુજબ એ ક્રમ જળવાઈ રહે તે માટે શક્ય તમામ મારા પ્રયાસો ચાલુ રાખીશ જ.

અને છેલ્લે....

આપ સૌ સુપેરે જાણો છો કે આજે અખબાર ચલાવવું કપરું બન્યું છે. સતત બેફામ વધતી મોંઘવારીથી કાગળ, પ્રિન્ટિંગ અને વ્યવસ્થાતંત્રને ચિંતાજનક અસર પહોંચી છે. પ્રત્યેક અઠવાડીયે પ્રગટ કરાતું દિવ્ય દર્શન આ બધી પરિસ્થિતિમાં પણ ઝીંક ઝીલીને ઊભું છે અને આપ સૌના સ્નેહ સહકારની માતબર મૂડીથી પ્રગતિ કરી રહ્યું છે. નવા વર્ષે પણ અમે એના લવાજમ દરના રૂપિયા દસમાં વધારો કરતા નથી જ પણ સૌ વાચક પરિવારને વિનમ્ર વિનંતી કરું છું કે આપ દિવ્ય દર્શન પરિવારના રૂપિયા એકસો એકાવન મોકલી આજીવન સભ્ય બની શકો તો મુશ્કેલ અને મુંઝવણ ભરી પરિસ્થિતિ હળવી બની રહેશે. રૂપિયા એકસો એકાવન મોકલી આજીવન સભ્ય બની સહકાર મેળવવા મારો હાથ આપના સુધી લંબાવું છું.

શાસનની સરસ, સુંદર અને સફળ સેવા કરવાની શક્તિ પ્રાપ્ત થાય એવા આપ સૌના આશીર્વાદ પ્રાપ્તિની અપેક્ષા સાથે.

**આપનો વિનમ્ર**

**કુમારપાળ વિ. શાહના પ્રણામ, તંત્રી**

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૩,તા.૧૯-૯-૧૯૮૧

● **મલાડ** : અત્રે હીરસૂરિ જગદ્‌ગુરુ જૈન ઉપાશ્રયમાં પૂ.મુ. શ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણા મહાપર્વની આરાધના, તપસ્યાઓ, સ્વપ્નદ્રવ્ય વગેરે ઝગમગતું થયું. રથયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો.

● **વાવ** : અત્રે પૂ.મુ. શ્રી કીર્તિકાન્તવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણા મહાપર્વમાં લોકોએ ચોસઠ-પહોરી પૌષધ તપસ્યાદિ સારા પ્રમાણમાં કરી સુંદર લાભ લીધો. અઠ્ઠાઈ અને તેથી ઉપરની તપસ્યા લગભગ ૫૪ની સંખ્યામાં થઈ.

● **નેર** : અત્રે પૂ.મુ. શ્રી વિદ્યાનંદવિજયજી મહારાજની નિશ્રામાં ભા.સુદ-૧ ના 'ક્ષમાપના મહોત્સવ'માં સંઘમાં અરસપરસ જેને જેને વિખવાદ હતા તેઓ એકબીજા ઊભા થઈ પોતાના વિખવાદના કારણ બતાવી બતાવી રડતી આંખે ક્ષમાપના માંગતા જોઈને જોનારાના હૈયા ગદ્‌ગદ થઈ ગયા. આ દૃશ્ય જોઈ બહેનોએ પણ ક્ષમાપના કરવાની માંગણી કરી. જેને જેને વૈર વિરોધ હતા તેમણે ક્ષમાપના કરી. પ્રસંગ ખૂબ સુંદર ઉજવાયો હતો.

● **કૃષ્ણનગર (અમદાવાદ)** : અત્રે પૂ.મુ. શ્રી પ્રભાકરમહારાજની નિશ્રામાં પર્યુષણા પર્વમાં ૬ માસખમણ, અઠ્ઠાઈથી ૧૬ ઉપવાસ ૭૫ જેટલા થયા. દેરાસરના પૂજારીનો પગાર સંપૂર્ણ સાધારણનો કરી દીધો. અષ્ટપ્રકારી પૂજાના દ્રવ્યોના ચઢાવા વગેરે સારા પ્રમાણમાં થયા.

● **માલેગામ** : અત્રે પૂ. ગણિવર્યશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજની નિશ્રામાં સામુદાયિક વીસસ્થાનક આરાધના, લોગસ્સકલ્પની અઠ્ઠમથી આરાધના, લુખીનીવીથી સર્વજિન આરાધના, ખીરના એકાસણાથી સીમંધર જિન આરાધના, અંતરીક્ષ પાર્શ્વનાથના અઠ્ઠમ તપની આરાધના થવા ઉપરાંત પર્યુષણામાં આરાધકોએ સિદ્ધિતપ-ચત્તારિઅઠ્ઠદશદોય, ૨૧-૧૬-૧૧-૮ ઉપવાસ વગેરે તપસ્યાઓ સુંદર ચાલે છે. સા. શ્રી નિર્મલાશ્રીજીને ૧૦૧મી વર્ધમાનતપની ઓળી પૂર્ણ થઈ.

● **અંતરીક્ષજી** : અત્રે પૂ.મુ. શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજની નિશ્રામાં તીર્થરક્ષાના ધ્યેયથી સાધુ-સાધ્વી વગેરે ચતુર્વિધ સંઘે તપધર્મનો યજ્ઞ માંડ્યો છે. તેમાં ઉપવાસ-તપસ્વી, ૪૫/૨, ૩૦/૪, ૨૬/૫, ૧૧/૪, ૧૦/૨, ૯/૫, ૮/૧૭, તથા એકાંતરે ૨૫૭ અઠ્ઠમ, એકાંતરે ૧૦૪ અઠ્ઠમ ઉપર અઠ્ઠાઈ અને ૧૨ ઉપવાસ, ૭ સિદ્ધિતપ, ૩ ચત્તારિઅઠ્ઠદસદોય, સમવસરણ-૧, શ્રેણીતપ-૧, દોઢમાસી, એકાંતરે ૫૦૦ આયંબિલ, ૨ દ્રવ્યથી ચાર માસ આયંબિલ, ૬૨ ચોસઠપહોરી પૌષધ, ૪-૫ અઠ્ઠમ તપશ્ચર્યા તથા વર્ધમાન તપની ઓળીઓ ૧૬/૨૬/૨૮/૬૨/૮૬/૯૧/૯૯ વગેરે તપશ્ચર્યાઓ થયેલ. દર રવિવારે બપોરે રામાયણ ઉપર પૂજ્યશ્રીના પ્રવચનમાં હજારો માણસ લાભ લઈ રહ્યા છે.

● **પિંડવાડા** : અત્રે પૂ.મુ. શ્રી ગુણરત્નવિજયજી મ.ની નિશ્રામાં ૧-૪૧ ઉપવાસ, માસખમણ-૩, ૩-શ્રેણીતપ, ૩૮ સિદ્ધિતપ, ૯ થી ૧૬ ઉપવાસ ૩૦ જેટલા, અઠ્ઠાઈ ૧૦૦ લગભગ વગેરે અનેક તપશ્ચર્યા સાથે પર્યુષણા મહાપર્વની આરાધના ખૂબ સુંદર રીતે ઉજવાઈ. ચારે ય માસ રોજ ૩ અઠ્ઠમની તપશ્ચર્યા ચાલુ છે.

● **પેટલાદ** : અત્રે પૂ.મુ. શ્રી ગુણસુંદરવિજયજી મ.ની નિશ્રામાં ૭૦ ઘરના નાના ગામમાં પણ ૩ માસખમણ, અઠ્ઠાઈ, અને તેની ઉપરની તપશ્ચર્યા લગભગ ૭૫ જેટલી થઈ. નાના નાના બાળક-બાળિકાઓએ અઠ્ઠમ તપની સુંદર આરાધના કરી. રથયાત્રાનો ભવ્ય વરઘોડો અભૂતપૂર્વ નીકળ્યો.

● **કોઈમ્બતુર** : પ.પૂ. આચાર્યદેવ શ્રી વિજય વિક્રમસૂરીશ્વરજી મ. તથા પ.પૂ.આ.શ્રી નવિનસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પર્યુષણાપર્વ સારી રીતે ઉજવાયા. એમાંય પૂ.સાધ્વી શ્રી ગીતપદ્માશ્રીજી તથા પૂ.સાધ્વી શ્રી દીપયશાશ્રીજી મહારાજે ૩૬ માસમાં ૧૨ માસખમણની આરાધના સુખરૂપે પૂર્ણ કરી. પૂ. મુનિશ્રી વારિષેણ વિજયજી મ. તથા મુનિશ્રી રાજયશ વિજયજી મ.ને શ્રી ભગવતીસૂત્રના યોગ સુખરૂપ ચાલી રહ્યા છે. પૂ. સાધ્વીજી મહારાજોએ વીસસ્થાનકપદની આરાધનામાં અરિહંતપદની આરાધના માસખમણથી શરૂ કરેલ છે.

● **ખંભાત** : પ.પૂ.પં. શ્રી ગુણાનંદવિજયજી મ. તથા પૂ. મુનિશ્રી હેમચંદ્રવિજયજી મ. ઓસવાલ ઉપાશ્રયમાં ચાતુર્માસાર્થે પધારતા સંઘમાં ઉલ્લાસ વધ્યો છે. તેઓની નિશ્રામાં સીમંધરસ્વામીના ૫૨૫ અઠ્ઠમ, અરિહંતપદની આરાધના, સુકૃત અનુમોદના, દુષ્કૃતગર્હાની આરાધનામાં ૬૦૦ આરાધકોએ આયંબિલ સહિત આરાધના કરેલ. પર્યુષણ પર્વમાં માસખમણ, સિદ્ધિતપ, ચત્તારી અઠ્ઠદસદોય-૧૬-૧૫-૧૧ અનેક અઠ્ઠાઈઓ આનંદમંગળપૂર્વક પૂર્ણ થઈ. ભા.વ. ૨ થી સમસ્ત દેરાસરોની ચૈત્યપરીપાટી ભા.વ. ૧૦ સુધી શાંતીલાલ જેઠાલાલ સંઘવી તરફથી રાખવામાં આવી છે. પૂ. મુનિશ્રી હેમચંદ્રવિજયજી મ.ના વૈરાગ્યરસથી તરબોળ વ્યાખ્યાનવાણીનો સંઘ સારો લાભ ઉઠાવે છે.

● **મનફરા** : પ.પૂ.આ. શ્રી વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ. પોતાના વિશાળ શિષ્ય પરિવાર સાથે ચાતુર્માસ બિરાજી રહ્યા છે. ચંદનબાળા અઠ્ઠમ/૭૩ અંતરીક્ષ તીર્થરક્ષા ૧૦૭ અઠ્ઠમ, સીમંધર સ્વામિના ૧૩૯ અઠ્ઠમ, મોક્ષદંડક તપ/૩, સિદ્ધિતપ/૩, ૩૧/૬, ૩૦/૪, ૨૦/૧, ૧૬/૧૯, ૧૧-૧૦, ૮૫/૮ વગેરે તપશ્ચર્યા સારી સંખ્યામાં થયા.

● **સુરત** : પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રામાં પર્યુષણ મહાપર્વની આરાધના સુંદર રીતે ઉજવાઈ. એમાં પૂ. સાધુ-સાધ્વીજી મહારાજોમાં ૬૮-૪૫-૩૦ ઉપવાસો, સિદ્ધિતપો અને શ્રાવક-શ્રાવિકાઓમાં ૩૫ ઉપવાસ, ત્રીસ ત્રીસ માસખમણ તેમજ ૧૬-૧૧-૯ તેમજ સવા બસો જેટલી અઠ્ઠાઈની તપસ્યા નિમિત્તે તેની અનુમોદના નિમિત્તે શ્રી આરાધક જૈન સંઘે (ગોપીપુરા) ૧૭૫ જેટલા છોડના ભવ્ય ઉદ્યાપન સહિત શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ



ઉજવવાનો નિર્ણય કર્યો. ઓસવાલ મહોલ્લામાં શ્રી લીલાવતી મંડપને લગભગ ડબલ ઊંચો કરી ભવ્ય રીતે ફરી તૈયાર કર્યો. જેથી એ વિશાળ મંડપમાં કલાત્મક કિંમતી છોડો ડબલ રોલમાં ટીંગાળી શકાય, આગળ દર્શન-જ્ઞાન-ચારિત્રના ઉપકરણો માટે ગેલેરીઓ ગોઠવાઈ. આ મહોત્સવ એક જીવનમાં અનુમોદનીય બને તે માટે સંઘનો ઉલ્લાસ અવર્ણનીય છે. ભા.વ. ૭ ને રવિવારે શ્રી જલગાવ જૈન સંઘ તથા શ્રી નંદરબાર જૈન સંઘ તેમજ શ્રી નેર જૈન સંઘ પૂજ્યપાદશ્રીને વંદનાર્થે તેમજ પ્રવચનનો લાભ લેવા ઉપસ્થિત થયેલ. શ્રી રાજેન્દ્રકુમાર કેશવલાલ મોહનલાલ મુંબઈવાળા તરફથી સંઘપૂજન થયેલ. ખંભાતમાં અંજનશલાકા મહોત્સવ ઉજવવા અંગે બી.એ. શાહની કંપનીવાળા તેમજ વાપીમાં ચંદ્રીકાબેનની દીક્ષા ધામધૂમથી કરવા માટે તેમના કુટુંબીજન, વડોદરામાં નિઝામપુરામાં પોતે જ બનાવેલ ભવ્ય શિખરબંધી દેરાસર પ્રતિષ્ઠા અંગે શેઠશ્રી બાબુભાઈ ઝરીવાળા વિનંતી કરવા આવી ગયા. ભવ્ય જિનેન્દ્રભક્તિ મહોત્સવ અંગે ત્રિરંગી પત્રિકા ભારતભરમાં મોકલવામાં આવી. તે અંગે આસો સુદ-૮ થી મહોત્સવ શરૂઆત થઈ છે. પૂ. સાધ્વીશ્રી પદ્મસેનાશ્રીજીના સમવસરણતપ નિમિત્તે તેમના સંસારી પિતાશ્રી દામજી પદમશીભાઈ તરફથી આસો સુદ-૧૦ ના શાંતિસ્નાત્ર ભણાવાશે, સુદ-૧૧ ના સિદ્ધચક્રપૂજન બાબુભાઈ રીખવચંદ તરફથી, સુદ-૧૨ ના વીસ સ્થાનક પૂજા ચોક્સી જી.એન. બ્રધર્સ તરફથી તેમજ સુદ-૧૩ ના સાધ્વીશ્રી હંસકીર્તિશ્રીજીના તપસ્વી શિષ્યાઓ સા.શ્રી વિગતમોહાશ્રીજી, સા.શ્રી અભયહંસાશ્રીજી, સા.શ્રી મૃગાવતીશ્રીજી, સાધ્વીશ્રી નિર્મોહાશ્રીજીની માસખમણાદિની તપસ્યાની અનુમોદનાર્થે તેમના સંસારી કુટુંબીઓ તરફથી અષ્ટાપદજીની ભવ્ય પૂજા રાખવામાં આવી છે. પૂજા ભણાવવા માટે અમદાવાદનું પ્રસિદ્ધ જૈન ધર્મ આરાધક મંડળ શ્રી ચતુરભાઈની આગેવાની હેઠળ ખાસ પધારવાનું છે. સુદ-૧૪ ના શ્રી ચિંતામણિપૂજન તેમજ સુદ-૧૫ ના નમસ્કારપૂજન મુનિશ્રી જયસોમવિજયજી મ.ની તપશ્ચર્યા નિમિત્તે ઉજવાવાનાર છે. આ બધા કાર્યક્રમો ધર્મ પ્રભાવનાદિ માટે શ્રી લીલાવતીનગર મંડપ અનેક રીતે શણગારેલ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૭,તા.૭-૧૧-૧૯૮૧

● **હિંડૌનસીટી** : પ.પૂ. મુનિશ્રી ભુવનસુંદરવિજયજી મ., શ્રી જિનહંસવિજયજી શ્રી મુનિસુંદરવિજયજી તથા શ્રી ચંદ્રરત્નવિજયજી મહારાજ મુંબઈથી

અમદાવાદ, આબુ, પાલી, બ્યાવર, અજમેર, જયપુર, ગંગાપુર આદિ શહેરોમાં લાભ આપી લગભગ ૧૪૦૦ કિલોમીટરના લાંબો વિહાર કરી અત્રે ચાતુર્માસાર્થે પધારતા સંઘમાં આરાધના સુંદર થઈ. ચાર રવિવારે એકાસણા સહિત આરાધના થઈ. જેમાં ૨૫૦ આરાધકો હતા. અરિહંતપદની આરાધના પહેલીવાર થઈ. શ્રી નેમીનાથ ભગવાનની આરાધના, 'નમો જિણાણં', જિઅભયાણં' પદની આરાધના, સિદ્ધપદની આરાધના થઈ. શ્રી શંખેશ્વર ભગવાનની આરાધનામાં ૯૬ અઠ્ઠમ થયા. દરેકને એક સદ્ગૃહસ્થ તરફથી કામળીની પ્રભાવના થઈ. પર્યુષણા પર્વમાં ૪ સંઘપૂજન, પારણું પોતાના ઘરે લઈ જઈ રાત્રિ જાગરણ રાખેલ. ભા.સુ. ૫ ના નવકારશી શ્રી કુંજલાલજી અમીરચંદજી શેરપુરવાલા તરફથી થઈ. પર્યુષણામાં ૪૭ અઠ્ઠાઈ અને બીજી તપસ્યાઓ થઈ. સુદ-૫ ના જલયાત્રાનો વરઘોડો ભવ્ય નીકળેલ. સંઘમાં બાળકો બહેનો, નાનામોટા ભાઈબહેનો સૂત્ર કંઠસ્થ કરવા માટે મચી પડ્યા છે. જીવનમાં પ્રથમવાર ક્રિયા અને આરાધનાનું મહત્ત્વ સમજતાં વિધિના સૂત્રો રસપૂર્વક કરી રહ્યા છે. તપ, સ્વાધ્યાય, સાધર્મિકભક્તિના અવનવા કાર્યક્રમોથી શ્રી સંઘમાં સર્વત્ર ઉલ્લાસ અને ઉમંગના ઘોડાપૂર ઉમટ્યા છે. આમ હિંડૌનસીટી ખાતે વસતા શ્વેતાંબર જૈન પરિવારોમાં ધર્મ આરાધના, આચાર અને આવશ્ય ક્રિયાના સંસ્કારો દઢ બન્યા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૮,તા.૧૪-૧૧-૧૯૮૧

## હિંડૌનસીટી (જિ. સવાઈમાધવપુર)

પૂજ્ય મુનિ શ્રી ભુવનસુંદરવિજયજી મ. તથા પૂજ્ય મુનિશ્રી જિનહંસવિજયજી મ. આદિ ઠાણા ૪નું ચાતુર્માસ પલ્લીવાલ ક્ષેત્રના કેન્દ્ર સમા હિંડૌનસીટીમાં ઉત્સાહ અને ઉલ્લાસભેર ચાલી રહ્યું છે. પ્રાપ્ત સમાચારો અનુસાર સેંકડો માઈલોનો ઉગ્ર વિહાર કરીને આ ક્ષેત્રમાં પધારેલ મુનિ ભગવંતોથી આખાય ક્ષેત્રમાં ધર્મભાવનાની અનુપમ નવચેતના પ્રસરી રહી છે. નગરમાં આપણા ૧૪૦ કુટુંબોના શ્રી સંઘમાં ચાતુર્માસના પ્રારંભથી જ વાતાવરણ પ્રતિદિન ધર્મમહોત્સવમય બનતું રહ્યું. દરેક રવિવારે નીત નવા ધર્મ તપ અનુષ્ઠાનોમાં ઉલટભેર નાના મોટા સૌ કોઈ જોડાતા રહ્યા. સામૂહિક એકાશન સહિત જાપ તથા અઠ્ઠમ તપની તપશ્ચર્યાના પ્રસંગો શ્રી સંઘમાં યાદગાર બની રહ્યા. તપસ્વીઓને બ્લેન્કેટની પણ પ્રભાવના થઈ. પર્યુષણ પર્વમાં તો અનેરો રંગ જામ્યો. ૪૦ ઉપરાંત પુણ્યાત્માઓએ તો અઠ્ઠાઈ તપની તપશ્ચર્યામાં ઝુકાવી દીધું. નાની તપશ્ચર્યાઓ તો અનેક થતી જ રહી.



પૂજ્ય મુનિ શ્રી ભુવનસુંદરવિજયજી મહારાજ આ હીંદીભાષી પલ્લીવાલ સમાજના ક્ષેત્રમાં પ્રથમવાર પધાર્યા છે. તેમના અસરકારક પ્રવચન સાંભળવા માટે સૌ સમયસર હાજર થઈ જ જાય. એટલું જ નહિ બે ટાઈમના પ્રતિક્રમણ, પૂજા, ભક્તિ, સામાયિક સ્તવન, સૂત્ર કંઠસ્થ કરાવવાના વ્યવસ્થિત કાર્યક્રમોથી આખાય સંઘમાં અનેરો ઉત્સાહ વ્યાપ્યો છે.

યુવકોમાં જૈનાચાર દઢ થાય, બાળકોને ધાર્મિક શિક્ષણ, તબ્બકાવાર મળે એ અર્થે આગામી દિવસોમાં કાર્યક્રમો યોજવાનું વિચારાયું છે.

**● સુરત રવિવારીય ૧૩ શિબિરનાં સંસ્મરણ : એક યુવાન ઉદ્ગાર**

મહારાજ સાહેબ ! અહીંના લોકો મને અઠંગ જુગારી તરીકે ઓળખે છે. બહુ નાની ઉંમરમાં લાયકાત કરતા પુષ્કળ પ્રમાણમાં મળી ગયેલા પૈસા માથે કોઈ વડીલ-નહિ. ધર્મના જોઈએ તેવા સંસ્કારો નહિ. જ્યારે બીજી બાજુ ઊછળતી જુવાની કુમિત્રોની સોબત આ બધાએ મારા જીવનને રવાડે ચડાવી દીધું. રોજ રાતના જુગારના અડ્ડામાં જવાનું ચાલુ થયું. જુગાર રમવામાં રસ આવે માટે દારૂની બોટલો ચાલુ થઈ, ઈંડાઓ પણ ચાલુ થયા ખાવાના !

એક મહિનામાં લગભગ ૨૮ દિવસ જુગારના અડ્ડામાં રહેતો. રાતોની રાતો ત્યાં જ પસાર કરતો. પરસ્ત્રીગમન અને વેશ્યાગમનના ગોઝારા પાપો ખૂબ જ સીફતપૂર્વક જીવનમાં પ્રવેશી ગયા.

તેમાં આ બધી બદીઓમાંથી કોઈ છોડાવવા આવે તો તેને મારી મારીને ખો ભૂલાવી દેવાની જંગલી તાકાત મારામાં આવી ગઈ.

અધઃપતનની ખીણમાં પડેલા મને કોણ બહાર કાઢે ? પણ મારા પુણ્ય જાગતા કે આ રવિવારીય શિબિરોમાં આવવાનું મને મન થયું !

શું કહું ? શિબિરમાં સાંભળેલા પ્રવચનોથી નવું જીવન પામ્યો છું. એક પણ કુવ્યસન મને રખડાવે નહિ તેવા મક્કમ નિર્ધાર સાથે જીવન જીવવાનું ચાલુ કર્યું છે. નવકારશી, સામાયિક, જિનપૂજા ખૂબ જ ઉલ્લાસપૂર્વક ચાલુ કર્યા છે. શિબિરે જે જીવન પરિવર્તન કર્યું છે તે અવર્ણનીય છે."

**● સુરત** :- વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરિશ્વરજી મહારાજની પુનિત નિશ્રામાં ૧૬૦૦ થી ય વધુ યુવકોની ૧૩ રવિવારીય આધ્યાત્મિક શિબિરની મંગળમય પૂર્ણાહુતિ તથા પૂજ્ય મુનિરાજ શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ પ્રેરિત ચંદનબેન કેશવલાલ વર્ધમાન સંસ્કૃતિ ધામ'નું ઉદ્ઘાટન આ બંને પ્રસંગો ધનતેરસના દિવસે ખૂબ જ ઉલ્લાસપૂર્વક ઉજવાઈ ગયા.

સવારના ૭-૩૦ વાગે શિબિરના તમામ વિદ્યાર્થીઓને નવકારશી કરાવવામાં આવી. ત્યારબાદ શીતલવાડી જૈન ઉપાશ્રયથી પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રીની પુનીત નિશ્રામાં ચતુર્વિધ સંઘની વાજતે-ગાજતે ભવ્ય ચૈત્યપરિપાટી અઠવા ગેટ શાંતિનાથ ભગવાનના જિનાલયે દર્શન કરવા નીકળી. સફેદ કપડામાં ચાર ચારની લાઈનમાં ચાલતા શિબિરાર્થીઓ, ધામના ઉદ્ઘાટન પ્રસંગે બહારગામથી પધારેલા વીરસૈનિકો, આમંત્રિત મહેમાનો, સંઘના ભાઈઓ-બહેનો ઈત્યાદિથી યુક્ત આ ચૈત્યપરિપાટી અભૂતપૂર્વ નીકળી જિનમંદિરે દર્શન કર્યા બાદ સામુદાયિક ભવ્ય ચૈત્યવંદન થયું. બાદ ત્યાંના સંઘ તરફથી સાકર-એલચીના પાણીથી ભક્તિ કરવામાં આવી.

ત્યાંથી પાછા ફરી સંસ્કૃતિ ધામની જગ્યાએ રોડ પર બાંધેલા લાંબા વિશાળ મંડપમાં પૂજ્યપાદશ્રી પધાર્યા. સુશ્રાવક હિંમતલાલ વનેચંદજી બેડાવાળાએ દીપક પ્રગટાવીને ચંદનબેન કેશવલાલ સંસ્કૃતિ ધામનું ઉદ્ઘાટન કર્યું. પછી પૂજ્યશ્રી પોતાના વિશાળ પરિવાર સાથે વ્યાખ્યાનપીઠ પધાર્યા. તેઓશ્રીના મંગલાચરણ બાદ લલિતભાઈ ધામીએ બુલંદ કંઠે પ્રસંગને અનુરુપ ભક્તિગીત ઝીલાવ્યું. ત્યારબાદ જુદા જુદા વક્તાઓએ શિબિરથી થયેલા લાભો, યુવાશક્તિને યોગ્ય રસ્તે વાળવામાં સફળ બની રહેલા પૂજ્ય મુનિરાજ શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજના યુવા જગત પર થઈ રહેલા ભારે ઉપકારો, જૈન શાસનના અનેક અંગોને શાસ્ત્રાજ્ઞા મુજબ મજબુત કરી રહેલા યુવકો, ઈત્યાદિના વકતવ્યો કર્યા. મુંબઈ ધામના સરસંચાલક શ્રી યોગેશ શાહે પૂજ્યશ્રીના ઉપકારોનું વર્ણન કરતાં જણાવ્યું કે, અમારો પુણ્યોદય કેટલો જોરદાર છે કે 'મુંબઈના ધામના ઉદ્ઘાટન પ્રસંગે પણ અમને પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રીની પુનીત નિશ્રા પ્રાપ્ત થઈ હતી તો અહિંયાં પણ એ જ પૂજ્યશ્રીની નિશ્રામાં આ પુનીત પ્રસંગ ઉજવાઈ રહ્યો છે !' ત્યારબાદ નિકેશકુમારનું ગીત લલિતભાઈ ધામીનું વક્તવ્ય, પૂ.મુ. શ્રી રત્નસુંદરવિજયજી મ.નું પ્રવચન વગેરે થયા. સંસ્કૃતિ ધામ અંગેની તિથિ યોજના રજુ થતાં તેમાં સારી સંખ્યામાં તિથિઓ નોંધાઈ. ત્યારબાદ આ સંસ્કૃતિ ધામના નિર્માણમાં દાન આપનાર દાતાઓ ચંદનબેન કેશવલાલના પરિવારનાં બહુમાન થયા. રવિવારીય શિબિરમાં વિદ્યાર્થીઓની ખૂબ ઉલ્લાસપૂર્વક સાધર્મિક ભક્તિ કરતાં બે વીરસૈનિકો એસ. લાલ તથા કે. લાલનું પણ તિલક કરવા પૂર્વક બહુમાન કરવામાં આવ્યું. પછી શ્રાદ્ધવર્ય શ્રી હિંમતભાઈએ યુવાનોના જીવનમાં શ્રદ્ધા અને આચારો કેવી રીતે ટકી રહે તે અંગે સુંદર પ્રેરણા આપી. અંતે, પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રીએ પોતાની આગવી શૈલીમાં શિબિરાર્થીઓને ભારે પ્રેરણાદાયી ઉદ્બોધન કર્યું. સર્વ મંગલ થયા બાદ તમામ



ભાઈઓ તથા બહેનોના સંસ્કૃતિ ધામમાં પગલાં થતા તે દરેકનાં દૂધથી પગ ધોઈને સંસ્કૃતિ ધામ વતી એક આકર્ષક કાર્ડ અપાયું.

બપોરના લીલાવતી નગરી મંડપમાં લલિતભાઈ ધામી તથા નિકેશકુમારે સ્નાત્રપૂજામાં ભારે રમઝટ મચાવી. ધનતેરશનો દિવસ છતાં મંડપ ચિક્કાર ભરાઈ ગયેલો. રાતના ૮ થી ૯ાા ભાવના થઈ. ત્યારબાદ યોગેશકુમારે, 'અંતરીક્ષજીના વર્તમાન' એ વિષય પર ખૂબ જ જુસ્સાદાર વ્યક્તવ્ય કર્યું.

આમ ૧૬૦૦-૧૬૦૦ વિદ્યાર્થીઓના જીવન પરિવર્તન કરવામાં સફળ બની ચૂકેલી શિબિરની પૂર્ણાહૂતિ તથા ચંદનબેન કેશવલાલ સંસ્કૃતિ ધામનો મંગળ પ્રારંભ આ બંને પ્રસંગો સુરતના આંગણે સુવર્ણાક્ષરે લખાય તેવા ઉજવાઈ ગયા.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૯,તા.૨૧-૧૧-૧૯૮૧

● **સુરત :** વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજનાં ચોમાસામાં વ્યાખ્યાનોના લાભ માટે 'લીલાવતી નગરી મંડપ'ને ઊભો કરી સંપૂર્ણ ચાતુર્માસ દરમ્યાન અનેક આત્માઓને જિનવાણી શ્રવણ કરાવવામાં ભારે ભોગ આપનાર શેઠ શ્રી નવલભાઈ નેમચંદ ઝવેરી તથા મહેન્દ્રકુમાર નેમચંદ ઝવેરી સપરિવારની આગ્રહપૂર્ણ વિનંતીથી ચાતુર્માસ પરિવર્તનાર્થે તેઓને ત્યાં પૂજ્ય આચાર્યદેવશ્રી વિશાળ પરિવાર સાથે વાજતે-ગાજતે પધાર્યા. સવારના ચિક્કાર મેદની સાથે સામૈયું કરી લીલાવતી નગરી મંડપમાં આવતાં વિશાળ વ્યાખ્યાન મંડપ આખો ભરાઈ ગયેલો. પૂજ્યશ્રીનું સિદ્ધગિરિના મહિમાને વર્ણવતું પ્રવચન થયું. પ્રવચન બાદ તેમના તરફથી લાડવાની પ્રભાવના થઈ. આ પ્રભાવનામાં વિશેષતા એ હતી કે તેમણે લાડવામાં હીરાની વીંટી, સોનાની વીંટી, ૧૦૦-૧૦૦ રૂા.ની નોટો, ૫૦-૫૦ રૂા.ની નોટો યાવત્ પાવલી-પાવલી વ્યવસ્થિત ગુપ્ત મૂકી હતી ! અનેક આત્માઓ તેઓની આ ઉદારતાની મુક્ત કંઠે પ્રશંસા કરતા હતા. આમ ચાતુર્માસની અનેકવિધ આરાધનાઓ પર શિખર ચડાવવા તુલ્ય વિશિષ્ટ શાસન પ્રભાવના કરતા આ પ્રસંગે સહુના દિલમાં શુભ ભાવોની અનેરી છોળો ઉછાળી. પૂજ્યશ્રી વ. ૩ના અત્રેથી બે કુમારિકાઓની દીક્ષા નિમિત્તે વાપી તરફ વિહાર કરતા તે દિવસે વહેલી સવારના શીતલવાડી ઉપાશ્રયે માનવ મહેરામણ ઉમટ્યો. વળાવવામાં નગર બહાર લાંબી વણઝાર ચાલેલી. પૂજ્યશ્રીએ ભેસ્તાન તરફ વિહાર લંબાવ્યો. વચ્ચે આવતા હરિહર નગરમાં પૂજ્યશ્રી સાથે આવેલ તમામ સાધર્મિકોની ડીસા જૈન મિત્ર મંડળ તરફથી સાધર્મિક ભક્તિ કરવામાં આવી.

ત્યાંથી વિહાર કરી વ.૫ ના પૂજ્યશ્રી નવસારી મહાવીર નગર સંઘના આગ્રહથી ત્યાં વાજતે-ગાજતે પધાર્યા. સવાર-બપોરના ચિક્કાર મેદની વચ્ચે પ્રવચનો થયા. પૂજ્યશ્રી વાપીની બે દીક્ષાઓ કરીને માગશર વદ-૩ ના મુમુક્ષુ રાજેશકુમારની દીક્ષા પ્રસંગે બારડોલી પાસે ભુવાસણ (જિ. નવસારી) પધારવા ધારે છે. પોષ સુદ-૧૫થી ત્રણ દિવસ કાવી તીર્થમાં ભૂતપૂર્વ શિબિર વિદ્યાર્થીઓનું સંમેલન, મહા સુદ-૬ નડિયાદમાં કિરીટકુમાર સકુટુંબની દીક્ષાઓ સાથે સુદ-૧૦ મંદિરપ્રતિષ્ઠા, તથા મહા સુદ-૧૩થી ખંભાતમાં અંજનશલાકા મહોત્સવ અને ફાગણ સુદ-૩ થી વડોદરામાં નિઝામપુરા પાસે પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પૂજ્યશ્રીને સપરિવાર પધારવા આગ્રહભરી વિનંતીઓ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૧૦,તા.૨૮-૧૧-૧૯૮૧

**આજ સુધીની સમસ્ત જૈન ધાર્મિક શિક્ષણ,**
**શિબિરોના ભૂતપૂર્વ યુવાનોનું ત્રિ-દિવસીય સંમેલન,**
**સ્થળ : કાવીતીર્થ (જિ. ભરૂચ, ગુજરાત)**
**દિવસ :- શનિવાર પોષ સુદ પુનમ ● રવિવાર પોષ વદ એકમ**
**● સોમવાર પોષ વદ બીજ**
**દિનાંક :- ૯, ૧૦, ને ૧૧ મી જાન્યુઆરી-૧૯૮૨**
**પધારવા આપને હાર્દિક નિમંત્રણ...**

## આપણું પોતાનું મિલન, આપણા સૌનું મિલન

પ્રિય આત્મજન,

આપને આ પત્રથી જાણ કરતાં રોમે રોમ આનંદ અનુભવું છું કે, શિબિર વાચનાદાતા, ન્યાયવિશારદ પરમ પૂજ્ય આચાર્યદેવ

**શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની પુનિત નિશ્રાવર્તી,**

આજ સુધીની તમામ શિબિરોના યુવાનોનું ત્રિ-દિવસીય વિરાટ સંમેલન 'વર્ધમાન સેવા કેન્દ્ર-મુંબઈ' એ આયોજન કર્યું છે.

આ સંમેલન આપણાં પવિત્ર પ્રાચીન કાવીતીર્થ (જિલ્લા ભરૂચ, ગુજરાતમાં) દિનાંક ૯. મિ. ૧૦ મિ. અને ૧૧ મી જાન્યુઆરી ૧૯૮૨ના શનિવાર, રવિવાર અને સોમવારના રોજ મળશે.

આ સંમેલનમાં પધારવા માટેની અમારી વિનંતીઓનો પૂજ્યપાદ આચાર્યશ્રી



વિજય ભુવનભાનુસૂરિજી મહારાજ સાહેબે સ્વીકાર કર્યો છે.

જૈન ધાર્મિક શિક્ષણ શિબિરના માધ્યમથી આપણે સૌ એક વિશાળ પરિવારના સભ્ય છીએ. આ સંમેલન પારિવારિક આત્મમિલન બની રહેશે.

પૂજ્યપાદ આચાર્યશ્રીની નિશ્રાવર્તી ગ્રીષ્મકાલિન અને ચાતુર્માસની રવિવારીય જૈન ધાર્મિક શિક્ષણ શિબિરોના હજારો શિબિરાર્થી યુવાનોમાંથી ૧૫૦૦ યુવાનો માટે યોજવામાં આવેલ આ સર્વ પ્રથમ શિબિર યુવા સંમેલનમાં સહભાગી બનવા આપને અંતરનાય અંતરથી આત્મીય ભાવે આમંત્રણ આપીએ છીએ.

તો-આપના આવવાની તૈયારીની જાણ કરો.

-આપે કઈ શિબિરમાં ભાગ લીધો તે જણાવો.

-અને આપનું અત્યારનું સરનામું પણ લખો.

આપનો પત્ર મળેથી સંમેલન અંગેની વિશેષ માહિતી પત્રથી આપને મોકલી આપીશું. પત્રની પ્રતિક્ષા સહ,

આપનો,

**કુમારપાળ વિ. શાહના આત્મવંદન.**

**સૂચિત કાર્યક્રમ**

- પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ.
- પૂજ્ય મુનિરાજ શ્રી જિનચંદ્રવિજયજી મહારાજ.
- પૂજ્ય મુનિરાજ શ્રી રત્નસુંદરવિજયજી મહારાજના પ્રેરક પ્રવચનો.
- પરમાત્મ ભક્તિના આત્મોલ્લાસી કાર્યક્રમો.
- વિદ્વાન વક્તાઓના-વિદ્વત્તાપૂર્ણ વક્તવ્યો.
- શિબિરાર્થી યુવાનોની અનુભવ કથાઓ.
- શ્રી ચતુર્વિધ સંઘના યોગ ક્ષેમનું સામૂહિક હિત ચિંતન.
- સાધર્મિક વાત્સલ્યનો વિસ્તાર.

**-: યાદ રાખો :-**

- તકનો ટકોરો બારણે એક વાર વાગે વારંવાર નહિ.
- તક બેશરમ છે. વધાવીએ તો આપણને એ વર્ધમાન કરે.
  અને તક ગુમાવીએ તો આપણને ક્યાંય ગુમ કરી દે.
- તીર્થયાત્રા સદ્ગુરુસંગ ને સાન્નિધ્યમાં.

* સાધર્મિક વાત્સલ્ય અને શ્રી સંઘનું સામૂહિક હિત ચિંતનનો આ અવસર ખોવા જેવો નથી જ તો.

**આજે જ અમને આપના ઉત્સાહની પત્રથી જાણ કરો.**

**-: આયોજક :-**

**વર્ધમાન સેવા કેન્દ્ર, કુમારપાળ વિ. શાહ**

૬૮, ગુલાલવાડી, ત્રીજે માળે, મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટેલી. ફોન. : ૩૮૮૫૨૩, ૩૬૦૫૯૪

• • •

**• દાદર (મુંબઈ) :** આરાધના ભવનના ઉપાશ્રયેથી પ.પૂ. પંન્યાસજીશ્રી નિત્યાનંદવિજયજી મહારાજશ્રી આદિનું ચાતુર્માસ પરિવર્તન મહેતા પ્રાણલાલ ભગવાનજીના નિવાસસ્થાને કરવાનું હોઈ પુનમના બુધવારે સવારે વાજતે-ગાજતે બે જિનાલયોના દર્શન કરી અગર બજાર પધારતાં ભવ્ય ગંહુલીઓથી સ્વાગત કરવામાં આવ્યું, પછી ત્યાં આરાધના ભવનનો શ્રી સિદ્ધગીરીનો પટ્ટ બાંધતાં ત્યાં ખમાસમણા તથા ચૈત્યવંદન વિધિ કરી. ત્યાં સંઘનું સાકરના તીખા પાણીથી ભક્તિ કરવામાં આવી. પછી સિદ્ધગિરિ તથા મનુષ્યભવની સાર્થકતા ઉપર ખૂબ પ્રેરણાત્મક વ્યાખ્યાન થયું, પછી પ્રાણલાલભાઈ તથા તેની સુપુત્રી સુરેખાબહેન એમ બે સંઘપૂજન થયા. સાંજના પ્રતિક્રમણ તથા રૂપિયા બેની પ્રભાવના થઈ. એ રીતે સુંદર શાસન પ્રભાવના થઈ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૧૧,તા.૫-૧૨-૧૯૮૧

**• નવસારી :** પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સપરિવાર વાપી દીક્ષા પ્રદાનાર્થે સુરતથી અત્રે પધારતા હોઈ અત્રેના શ્રી મહાવીર સોસાયટી સંઘની આગ્રહપૂર્ણ વિનંતીથી કારતક વદ-૫ ના વાજતે-ગાજતે મહાવીર સોસાયટીમાં પધાર્યા. સવાર, બપોર બંને ટાઈમના વ્યાખ્યાનમાં હાજરી ખૂબ જ સારી રહી. કારતક વદ-૬ ના સવારે આદિનાથ એપાર્ટમેન્ટના ટ્રસ્ટીઓની વિનંતીથી પૂજ્યશ્રી ત્યાં પધારતા હોઈ સવારના ૮-૪૫ વાગે નવસારીના ભારે ઉત્સાહી વીર સૈનિકો તથા મોટી સંખ્યામાં સંઘના સભ્યો વગેરે સાથે ધામધૂમથી સામૈયું ચડ્યું. પાઠશાળાના બાળકોના દાંડિયારાસ, વીરસૈનિકોની હાથગાડીમાં ભક્તિ



ગીતોની ભારે જમાવટ, અનેક જગ્યાએ થતી ગહુંલીઓ,- ઇત્યાદિ સાથે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયે સામૈયું આવતાં સકળ સંઘ સાથે દર્શન ચૈત્યવંદન થયા. ત્યાંથી મુખ્ય માર્ગે ફરી સામૈયું લગભગ ૧૦ વાગે આદિનાથ એપાર્ટમેન્ટમાં ઊતર્યું. બહારના કમ્પાઉન્ડમાં ઊભા કરાયેલ સુશોભિત વિશાળ મંડપમાં ચિક્કાર મેદની વચ્ચે પૂજ્યશ્રીનું વૈરાગ્ય પોષક પ્રવચન થતાં કેરી ત્યાગના અભિગ્રહો સારી સંખ્યામાં થયા. અતિ આગ્રહથી બપોરના પણ પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ.નું વિશાળ મેદની સમક્ષ પ્રેરક પ્રવચન થયું. કારતક વદ-૭ ના સવારે પ્રવચન, બપોરના મનુભાઈ તરફથી સિદ્ધચક્ર પૂજન, વિધિ માટે શ્રી બાબુભાઈ કડીવાળા પધારેલા. ધાર્યા બહારની હાજરીમાં ભારે ઉલ્લાસ સાથે શ્રી સિદ્ધચક્ર પૂજન ભણાવાયું. રાતની ભાવનામાં વીરસૈનિકોએ ભારે રંગત જમાવી. વ્યાખ્યાનમાં સંઘ સાથે બાબુભાઈ કડીવાળાએ શનિવાર સુધી સ્થિરતા કરી જવાનો અતિ આગ્રહ કર્યો. જેનો પૂજ્યશ્રીએ સ્વીકાર કરતાં સર્વત્ર આનંદ છવાઈ ગયો. કારતક વદ-૮ ના સવાર બપોર બંને ટાઈમ પ્રવચનો થયા. કારતક વદ-૯ સવારના વ્યાખ્યાનમાં 'આજે અલ્પ પણ કષાય થઈ જાય તો બીજે દિવસે ૧૦૦ રૂા. ભંડારમાં નાખવા'ના ખૂબ સારી સંખ્યામાં એક દિવસ પૂરતા અભિગ્રહો થયા.

કારતક વદ-૯ વહેલી સવારે નવસારી સ્ટેશન સંઘની વિનંતીથી સ્ટેશન પર પૂ. શ્રી સપરિવાર પધારતાં વ્યાખ્યાન થયું એમાં સિનેમાત્યાગના નિયમ લેવાયા.

નવસારીમાં પ્રથમવાર જ પૂજ્યશ્રીની પુનીત નિશ્રામાં સંઘના એક અગ્રણી શ્રી ગમનભાઈ તરફથી કારતક વદ-૯ બપોરના શ્રી અષ્ટાપદની પૂજા ભણાવાઈ. આ નિમિત્તે મંડપ વધુ વિસ્તારાયેલ, ને ચાલુ દિવસ છતાં ૧૨-૩૦ વાગ્યાથી જ મેદની ચિક્કાર જામતી ગઈ અને તેમાં ય પૂજ્યશ્રીએ પૂજામાં રહેલા અનુપમ ભાવોનું જે વર્ણન કર્યું તેનાથી સહુના દિલમાં ભક્તિભાવોની અનેરી છોળો ઉછળી. આશ્ચર્ય તો એ વાતનું થયું કે છેક છેલ્લી પૂજા સુધી ભાવિકોની સંખ્યા ચિક્કાર રહી. જેઓ આ પૂજામાં ન આવી શક્યા તેઓને અફસોસ રહી ગયો કે જિંદગીમાં એક મહાન તક ગુમાવી દીધી. જેઓએ આ પૂજા સાંભળી તેઓને જિંદગીભરનું સુકૃતનું એક સંભારણું રહી ગયું. રાત્રિના ભાવનામાં પણ રંગત ભારે જામી. કારતક વદ-૧૦ ના બપોરના પૂજ્યશ્રીએ નવસારી ૫-૬ પાઠશાળાના લગભગ ૪૦૦ જેટલા બાળક-બાળિકાઓને ખૂબ સરળ ભાષામાં સુંદર ઉદ્‌બોધન કર્યું. રોજ સવારે ઊઠતાં જ 'નમો અરિહંતાણં' ૧૦૮ જપનો તથા મહિનામાં ૩૦-૨૫-૨૦ સામાયિકના નિયમ બાળક બાળિકાઓએ હોંશે હોંશે લીધા. વીરસૈનિક દળ તરફથી દરેકનું તિલક-રૂપિયાથી બહુમાન કરવામાં આવ્યું.

કારતક વદ-૧૧ સવારના ચતુર્વિધ સંઘ સાથે પૂજ્યશ્રીની પુનીત નિશ્રામાં સીસોદરાની ચૈત્યપરિપાટી નીકળી. કાલીયાવાડી દર્શન, ચૈત્યવંદન, વ્યાખ્યાન થયા. ત્યારબાદ રસ્તામાં શ્રી હસમુખભાઈ તરફથી પોતાની ફેક્ટરીમાં સકળ સંઘની અલ્પાહારથી સુંદર ભક્તિ કરવામાં આવી. ત્યારબાદ પૂજ્યશ્રી સીસોદરા પધારતા સામૈયું થયું. સામૈયું ઉતર્યા બાદ મંડપમાં પૂજ્યશ્રી પ્રવચન માટે પધારતાં વિશાળ મંડપ ચિક્કાર ભરાઈ ગયેલો. રોડ પર માણસો બેઠેલા. એઓશ્રીનાં અને પૂ. શ્રી રત્નસુંદરવિજયજી મ.ના સંવેગ વૈરાગ્ય ઝરતા પ્રવચનથી ભાવિત થયેલ અનેક પુણ્યાત્માઓએ ખાવાના ટંકના અભિગ્રહો લીધા. બપોરના મનુભાઈ તરફથી સંઘજમણ થયું.

વ્યાખ્યાન બાદ શ્રાદ્ધવર્યશ્રી બાબુભાઈ કડીવાળાએ નવસારી શહેર, શ્રી મહાવીર સોસાયટી તથા શ્રી આદિનાથ સોસાયટીના આગેવાનો સહિત અનેક આરાધક ભાઈઓ વતી ખૂબ ભાવવાહી શબ્દોમાં પૂજ્યશ્રીને આ ચાતુર્માસ નવસારીમાં જ કરવાની જોરદાર વિનંતી કરી. ટૂંકમાં, નવસારીમાં છ દિવસની સ્થિરતા દરમ્યાન પૂજ્યશ્રીના પ્રવચનોએ ભારે જાગૃતિ લાવી દીધી. વીરસૈનિક દળના ભારે ઉત્સાહી યુવાનોનો ઉમંગ ઉત્સાહ અમાપ હતો. તેઓની મહેનતે એક એક પ્રસંગને ભારે દીપાવી દીધા હતા.

પૂજ્યશ્રી વિહાર કરી અલીપોર, ચીખલી, વાગલધરા થઈ કારતક વદ-૧૪ ના વલસાડ પધારતા સંઘ તરફથી સામૈયું થયું. બે દિવસની સ્થિરતા દરમ્યાન ચાર પ્રવચનો થયા. કારતક વદ-૧૪ ના રોજ શ્રી સિદ્ધાર્થભાઈ કસ્તુરભાઈ પૂજ્યશ્રીને 'અતુલ'માં પધારવાની વિનંતી કરવા આવતાં પૂજ્યશ્રી કારતક વદ-૦)) સાંજે અતુલ પધાર્યા. રાત્રિના જ્ઞાનગોષ્ઠીમાં શ્રી સિદ્ધાર્થભાઈની વિનંતીથી સમય અધિક લેવાયો. પૂજ્યશ્રી માગશર સુદ-૧ ના વાજતે-ગાજતે પારડી પધાર્યા. અત્રે સંઘના ભારે આગ્રહથી ત્રણ પ્રવચનો થયા. પૂજ્યશ્રી માગશર સુદ-૩ ના વાપી પ્રવેશ કરશે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૧૩,તા.૧૯-૧૨-૧૯૮૧

● **પિંડવાડા :** પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ. આદિ ઠાણા અત્રે ચાતુર્માસ પધાર્યા ત્યારથી સંઘમાં અનેકવિધ આરાધનાઓ ચાલુ રહી. તેમાં ય ઉપધાનતપની આરાધના ૬૦૦ ઉપરની સંખ્યામાં થઈ. એમાં ૩૫૦ માળ ઉપધાનમાં વિશેષ તપસ્યાઓ સુંદર થઈ. માળારોપણ મહોત્સવ સુંદર ઉજવાયો. માળની



બોલી ભવ્ય થઈ. પૂ. મુનિશ્રી સિરોડી મુકામે શ્રી વસંતકુમારની દીક્ષા પ્રસંગે પધારતા ભવ્ય સ્વાગત સામૈયું થયેલ. દીક્ષા થતાં દીક્ષાર્થીનું નામ મુનિશ્રી વૈરાગ્ય રત્નવિજયજી રાખી તેમના સંસારીબંધુ પૂ.મુનિશ્રી રવિરત્નવિજયજીના શિષ્ય તરીકે જાહેર કરાયેલ. તખતગઢથી પાલીતાણા છ'રી' પાળતા સંઘનું પ્રયાણ માગશર સુદ-૫ના તેમની નિશ્રામાં થયું. ૬૦૦ આરાધકો અત્રેથી જોડાયા. હજી આગળ વધુ ને વધુ યાત્રિકો થવા સંભવ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૧૪,તા.૨૬-૧૨-૧૯૮૧

## સુરતના આંગણે "જીવન ઉદ્યોત" પુસ્તકનો વિમોચન પ્રસંગ

● **સુરત :** અત્રે ગોપીપુરા જૈન આરાધક સંઘના ઉપક્રમે ચાતુર્માસના ૧૩ રવિવારની ધાર્મિક શિબિર સંસ્કરણ શિબિરનું આયોજન થયેલ તેનો લગભગ ૧૬૦૦ વિદ્યાર્થીઓએ લાભ ઉઠાવેલ. એમાં પૂ. આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ તથા પ્રખરવક્તા પૂ. મુનિશ્રી રત્નસુંદરવિજયજી મ.ના પ્રવચનોએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. તેને અક્ષરદેહ આપી સૌ કોઈ સુધી પ્રવચન પ્રસાદી પહોંચી અનેક ભવ્ય જીવોના જીવન ઉત્થાનમાં નિમિત્ત બને તે હેતુથી પુસ્તકરૂપે તૈયાર કરી એનું "જીવન ઉદ્યોત" સાર્થક નામ રાખવામાં આવેલ ને પૂ. આચાર્યદેવશ્રી આદિ વાપી ભુવાસણ દીક્ષા સમારોહનું કાર્ય પતાવી કાવી તરફ પધારનાર હોઈ અત્રેના સંઘના ભાઈઓની ભુવાસણ મુકામે આગ્રહ ભરી વિનંતીને માન આપી પૂજ્યશ્રી આદિ બારડોલી આદિ થઈ અત્રે સસ્વાગત પધાર્યા. મા.વ. ૧૦ ના શ્રી પાર્શ્વનાથ પ્રભુના જન્મ કલ્યાણકના પવિત્ર દિવસે પુસ્તક વિમોચન પ્રસંગ દબદબાભરી રીતે ઉજવાયો. આ પ્રસંગે સૌ આજુબાજુના પણ લાભ લઈ શકે તે હેતુથી દૈનિકપત્રકારોની શુક્રવારે એક પ્રેસ કોન્ફરન્સ રાખેલી એનો અહેવાલ શનિવારના દૈનિકોમાં પ્રગટ થયેલ. ગુજરાતમિત્ર અને પ્રતાપમાં જાહેર આમંત્રણ આપેલ. પુસ્તકની વિમોચનવિધિ ડૉ. હરેકૃષ્ણભાઈના હાથે કરાયેલ, એમણે તથા અતિથિવિશેષ શ્રી ડૉ. ગુણવંત શાહે સુંદર ભાષણો કરેલ. સુશ્રાવક કુસુમચંદભાઈ, કુમારપાળ વિ. શાહ, કિરીટભાઈ ચોકસી વગેરેના પ્રસંગને અનુરૂપ વક્તવ્યો સુંદર થયાં. વિશાળ સનાતન હોલ પણ આજે નાનો પડ્યો. ત્યારબાદ પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રીએ 'જ્ઞાન'ની મહત્તા ઉપર તલસ્પર્શી પ્રવચન કર્યું. સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ જીવનમાં કેવા અવનવા પરિવર્તનો લાવે છે તેનું સુંદર બ્યાન તેઓશ્રીએ કર્યું. અંતે,

પૂ.મુ. શ્રી રત્નસુંદર વિ.મ.નું આત્માની ઉત્ક્રાંતિ પર પ્રવચન થયું. 'સર્વમંગલ' બાદ આ પ્રસંગની સમાપ્તિ થઈ. આશ્ચર્ય તો એ થયું કે આ પુસ્તકની પ્રથમ આવૃત્તિમાં બહાર પાડવામાં આવેલ ૧૯૦૦ પ્રતિઓમાં ૯૦૦ પ્રતિઓ તો પહેલેથી જ નોંધાઈ ગયેલ અને બાકીની લગભગ તમામ પ્રતિઓ એ જ દિવસે વેચાઈ ગઈ. પ્રકાશક કિરીટભાઈ તરફથી જાહેર કરવામાં આવ્યું કે જેઓને આ પુસ્તકની જરૂર હોય તેઓ નકલ નોંધાવી દે કે જેથી વહેલી તકે આ પુસ્તકની બીજી આવૃત્તિ બહાર પડી શકે.

પૂજ્યશ્રી અત્રેથી વિહાર કરી ભરૂચ દહેજ થઈ પ્રાયઃ પોષ સુદ-૧૨ આસપાસ કાવી પહોંચવા ધારે છે. પત્ર વ્યવહાર દિવ્યદર્શન કાર્યાલયના સરનામે કરવો.

● **ભૂજ** : ગણિવર્યશ્રી ધર્મજિતવિજયજી આદિ ઠા. ના ચાતુર્માસમાં અત્રે સંઘમાં આરાધના સુંદર થઈ. એમાં પૂ. મુનિશ્રી પુંડરીકવિજયજી મ. તથા પૂ. મુનિશ્રી જયશેખર વિ. મ.ને શ્રી ભગવતી સૂત્રના યોગોદ્વહન સુખરૂપ ચાલુ હતા. તેની અનુજ્ઞારૂપ ગણિપદનો મહોત્સવ જોરદાર પ્રભાવનાપૂર્વક થયો. આયોજન ખૂબજ આકર્ષક હતું. સંઘમાં હરખનો પાર નહોતો. મુંબઈ, જામનગર, જલગાવ, સુરત, રાજકોટ, ઝરીયા વગેરે સ્થળેથી ભાવિકો સારી સંખ્યામાં પધાર્યા હતા. ગોરેગામ ચિન્તામણિ પાર્શ્વનાથ સંઘના ગુરુભક્તોએ ઉછામણીમાં સારો લાભ લીધો; તે પ્રસંગે નડિયાદ મુકામે પૂ. આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં મહા સુદ-૬ ના સકુટુંબ દીક્ષા લેનાર દીક્ષાર્થીઓ યાત્રા કરતા અત્રે પધારતાં સન્માન સમારોહ થયેલ. રાજકોટ મંડળે પૂજા ભાવનામાં પ્રભુભક્તિ સારી જમાવી.

● **સાંગલી** : પ.પૂ. મુનિરાજશ્રી સત્યચંદ્રવિજયજી મ. તથા મુનિરાજશ્રી મુક્તિચંદ્રવિજયજી મ.ના ચાતુર્માસથી સંઘમાં અનેરી જાગૃતિ આવેલ. શ્રી કુંથુનાથ ભગવાન આદિ જિનપ્રતિમાઓનો પ્રતિષ્ઠામહોત્સવ શાસનપ્રભાવક રીતે ઉજવાયો. સ્ટેડિયમના વિશાળ કંપાઉન્ડમાં કુંથુનાથ નગર બનાવવામાં આવ્યું. વિધિવિધાન માટે પાર્શ્વજિન આરાધક મંડળ તેમજ કોલ્હાપુરના જયંતિભાઈએ સારી રીતે કરાવી. પાંચે દિવસ ત્રણે ટાઈમ નવકારશીનો લાભ જુદી જુદી વ્યક્તિઓએ લીધેલ. ઉવસગ્ગહરપૂજન, ભક્તામરપૂજન, આદિ અભિષેકપૂજન સહિત શાંતિસ્નાત્ર થયેલ. ધ્વજાદંડની તેમજ પ્રભુને પ્રતિષ્ઠિત કરવાની ઉછામણી રેકર્ડરૂપ બની હતી. પ્રતિષ્ઠા પ્રસંગે હેલીકોપ્ટર દ્વારા પુષ્પવૃષ્ટિ કરાયેલ. પ્રતિષ્ઠા બાદ પ્રભુના અંગમાંથી ખૂબ અમી ઝર્યા હતા.



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૧૫,તા.૨-૧-૧૯૮૨

● **માલેગામ** : પ.પૂ. ગણિશ્રી રાજેન્દ્રવિજયજી મ.ની નિશ્રામાં અત્રેના ૪ ડૉક્ટરો તથા હરખચંદ નાણાવટી તરફથી ધુલીયાનો સંઘ ૧૦૩ આરાધકો સાથે નીકળેલ. દરેક મુકામે માલેગામથી ૨૦૦-૨૫૦ ભાઈઓ દર્શનાર્થે આવતા. દરરોજ ૨-૩ સંઘપૂજનો થતાં. સંઘમાળની ઉછામણી સારી થયેલ. એક સદ્‌ગૃહસ્થ તરફથી ગામેગામ ગરીબોને અનુકંપાદાનમાં સૂતરના ધાબળા અપાયા અને માંસ-દારૂ વગેરે વ્યસનોનો ત્યાગ કરાવાયો. ધુલીયા સંઘ તરફથી સવારે નાસ્તાનો લાભ લેવાયો. બપોરે માલેગામ સંઘ તરફથી સ્વામીવાત્સલ્ય થયું.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૧૮,તા.૨૩-૧-૧૯૮૨

## જૈન સંઘને જાહેર નિવેદન
## તીર્થરક્ષાર્થે તાત્કાલિક જરૂરી તપ-જપ

શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ સંસ્થાન કમિટિ આદિ જણાવે છે કે અન્તરીક્ષજી તીર્થના વિવાદ સંબંધમાં ઈ.સ. ૧૯૨૯ની સાલમાં લંડનની સર્વોચ્ચ કોર્ટ-પ્રીવી. કાઉન્સીલમાં દાખલ થયેલા કેસમાં આપણને સંપૂર્ણ વિજય પ્રાપ્ત થયો હતો. આ કેસનો ચુકાદો આપતા ત્યાંના ન્યાયાધીશોએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે, ''અન્તરીક્ષજી તીર્થના મૂળ નાયક પ્રતિમાજી સ્પષ્ટપણે કચ્છોટા-કંદોરાની નિશાની સહિત શ્વેતામ્બરી પ્રતિમાજી છે અને આ તીર્થનો વહીવટ કરવાનો પ્રતિમાજી ઉપર લેપ કરવાનો વગેરે સર્વાધિકાર માત્ર શ્વેતામ્બરોનો છે. દિગંબરોને વારાફરતી ત્રણ કલાકની પૂજા કરવા સિવાય કોઈ પણ અધિકાર નથી.''

ઈ.સ. ૧૯૬૦ સાલમાં દિગંબરોએ આકોલા જિલ્લાની વાસીમ-કોર્ટમાં ૨૮૮/૬૦ નંબરનો કહેવાતો દાવો દાખલ કરીને જણાવ્યું કે, ''શ્વેતામ્બરોએ પ્રીવી. કાઉ.માં જે પોતાની તરફેણમાં ચુકાદો મેળવ્યો છે તે દગાબાજીથી મેળવ્યો છે, માટે અન્તરીક્ષજી તીર્થનો વહીવટનો તમામ અધિકાર અમને સોંપવો જોઈએ.''

આ કેસ છેલ્લા વીસ વર્ષથી ચાલ્યો નહિ એટલે ગત નવેમ્બર માસમાં આપણે સુપ્રીમ કોર્ટમાં આ અંગે ફરીયાદ નોંધાવી. જેના પરિણામે સુપ્રીમ કોર્ટે વાસીમ કોર્ટને હુકમ કર્યો છે કે ''આ કેસ ૨૫ જાન્યુ. ૮૨ થી રોજ-બરોજ ચલાવવો અને મે માસના વેકેશન પહેલાં તેનો ફેંસલો આપી દેવો.''

હવે ૨૫ જાન્યુ.થી આ કેસ ચાલશે. તે દરમ્યાન આપણા કાર્યકર ભાઈઓ. ખાસ કરીને વકીલોને ખૂબ બળ મળે તે માટે ભારતભરના સકળ સંઘોમાં તા. ૨૫ જાન્યુ.થી બે માસ સુધી નીચે મુજબનું અનુષ્ઠાન સતત ચાલુ રહે તે ખૂબ આવશ્યક છે.

તા. ૨૫ જાન્યુ. થી તા. ૨૫ માર્ચ સુધી

સાંકળી અઠ્ઠમ... શક્ય તેટલા વધુ.

અઠ્ઠમ કરનાર પુણ્યવાને તે ત્રણ દિવસમાં 'ૐ હ્રીં શ્રી ધરણેન્દ્ર પદ્માવતી પૂજિતાય શ્રી અન્તરીક્ષ-પાર્શ્વનાથાય નમઃ' મંત્રની ૧૨૦ માળાનો જાપ કરવો.

• • •

• **ખંભાત :** કાવી તીર્થે ભૂતપૂર્વ શિબિર વિદ્યાર્થીઓનું વિરાટ સંમેલન તા. ૯-૧૦-૧૧ ના અભૂતપૂર્વ ઉજવાયેલ. તા. ૧૨ ના પૂ. આચાર્યદેવશ્રી કાવીથી વિહાર કરી ખંભાત મુકામે પધારતા ભવ્ય સ્વાગત થયેલ. અહીં પૂજ્યશ્રીની નિશ્રામાં મહા સુદ-૧૩થી અંજનશલાકા મહોત્સવ ઉજવવાનાર છે તેની અપૂર્વ તૈયારી ચાલી રહી છે. ખંભાતથી વિહાર કરી નાર મુકામે પધારતાં જાહેર પ્રવચન થયું. જૈનેતરોએ પણ સારો લાભ લીધો. ત્યાંથી વિદાય વખતે દિવસમાં ભોજનના ટંકના નિયમ લેવાયા. ત્યાંથી કાસોદ પધારતાં પ્રવચનમાં જિનપૂજા તથા ભોજન ટંકના નિયમ સારા લેવાયા. ત્યાંથી ચાંગા પધારતાં ભવ્ય સ્વાગત પ્રભાવનાદિ થયેલ. અત્રે જિનમંદિર કરવાનું નક્કી થયેલ. પોષ વદ-૧૦ ના પૂજ્ય આચાર્યદેવશ્રી સપરિવાર નડિયાદ મુકામે શ્રી કીરીટકુમાર ચંદુલાલ પરિવાર સહિત કુલ ૮ દીક્ષાઓ મહા સુદ-૬ અને મહા સુદ-૧૦ ના પ્રતિષ્ઠા મહોત્સવ હોવાથી પૂજ્યશ્રી મહા સુદ-૧૦ સુધી નડિયાદ સ્થિરતા કરશે. બાદ મહા સુદ-૧૩ ના ખંભાત મુકામે અંજનશલાકા મહોત્સવ પ્રસંગે પ્રવેશ કરનાર છે.

નડિયાદ સરનામું : જૈન ઉપાશ્રય, દેવચકલા, નડિયાદ. (જીલ્લો ખેડા)

• **નડિયાદ :** પૂ. આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં મહા સુદ-૧૦ના બુધવાર તા. ૩-૨-૮૨ ના રોજ...

પૂ.મુ.શ્રી ભદ્રગુપ્તવિજયજી ગણિ., પૂ.મુ.શ્રી ધર્મજિતવિજયજી ગણિ.

પૂ.મુ.શ્રી પુંડરીકવિજયજી ગણિ., પૂ.મુ.શ્રી રાજેન્દ્રવિજયજી ગણિ. ને **પંન્યાસ પદ** પ્રદાન થશે પછી પૂજ્યશ્રી વિહાર કરી ખંભાત અંજનશલાકા મહોત્સવ પ્રસંગે પધારશે.





• **આકોલા :** પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મ.નું આકોલાનું ચાતુર્માસ સુંદર રીતે પૂર્ણ થયા બાદ મુંબઈના મુમુક્ષુ શ્રી શનાભાઈનો ભવ્ય દીક્ષામહોત્સવ ઉજવાયા પછી વિહાર વખતે જૈન જૈનેતરો મળીને લગભગ ૨૦૦૦ માણસો વળાવવા આવેલા. સહુની આંખોમાં ચોધાર આંસુ હતા. ત્યાંના ટ્રસ્ટીઓ, આગેવાનો સૌના દિલ એવા જીતી લેવાયેલ કે તે બધાની આંખે પણ આંસુ સરી પડ્યા હતા. અંતરીક્ષજી તીર્થના કાર્યકર્તા સાકરચંદભાઈ વગેરે તો પગમાં માથું મૂકીને ધ્રુસકે રડી પડ્યા હતા. પૂ. મુનિરાજશ્રીએ છેલ્લું માંગલિક કરીને પ્રયાણ કર્યું ત્યારે તો યુવાનો રસ્તામાં જ વળગી પડીને ચોધાર આંસુએ રડતા કહેતા અમને નિરાધાર મૂકીને કેમ જાઓ છો ? દૃશ્ય ખૂબ જ કરુણ હતું. ૧૨૫ યુવાનો સાથે આકોલાથી બાલાપુર સુધીનો પદયાત્રા પ્રવાસ પણ ખૂબ જ ઉત્સાહપૂર્વક પૂર્ણ થયો. એક માસની સ્થિરતા બાલાપુરમાં કરી છેલ્લા ૧૫ દિવસ પ્રવચનો કર્યા. તેમાં ખરેખર એક મીનીચાતુર્માસ જેવી આરાધના-પ્રભાવના થઈ. બે દેરાસરો હોવા છતાં પૂજા કરનારાની સંખ્યા માત્ર ૨૫ જેટલી રહેતી. એક દિવસ પ્રવચનમાં પ્રેરણા કરતાં ૪૫૦ શ્રોતાજનોની આખી સભાએ એટલે કે ગામના તમામ જૈનોએ રોજ જિનપૂજાનો એક બાંધી નવકારવાળીનો તેમજ મહિને એક આયંબિલ કરવાનો એવા ૩ નિયમો ગ્રહણ કર્યા ! બીજા દિવસે દેરાસરમાં જે ભીડ ઉભરાઈ કે ન પૂછો વાત. ૧૨ માસ માટેના સ્ટોકમાં રાખેલા કેશર, સુખડ વગેરેનો વપરાશ એકદમ વધી જતાં તાબડતોબ બીજો માલ મંગાવવો પડ્યો !

રાત્રે યુવાનો માટે જૈનાચારના પ્રવચન રાખેલા; તેમાં શ્રાવકની દિનચર્યા, મંદિરના ૧૦ ત્રિક... વગેરે સમજાવ્યા બાદ સ્વદ્રવ્યથી જિનપૂજા, રાત્રિભોજન ત્યાગ, ૪ મહાવિગઈ ત્યાગ, સિનેમા ત્યાગ વગેરે સમૂહ નિયમો થયા. અંતરીક્ષજી તીર્થની રક્ષાર્થે પાર્શ્વ પદ્માવતીપૂજન તથા પાર્શ્વનાથ ભગવાનની એકાસણાથી આરાધના વગેરે પણ સુંદર રીતે થઈ. પૂ. પ્રભાવક મુનિરાજશ્રીએ છેલ્લે દિવસે તીર્થરક્ષાર્થે તેમજ ભક્તિના દૈનિક કાર્યક્રમો માટે 'શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ જૈનભક્તિમંડળ'ની સ્થાપના કરાવી, જેમાં ૯૨ યુવાનો જોડાયા. જે રવિવારે સ્નાત્રપૂજા, ભાવના તેમજ તમામ બાળકોનું સમૂહ સામાયિક વગેરે આયોજનો કરશે. આમ પૂજ્યશ્રીના ઉપદેશથી ઔરંગાબાદ-લોણાર-આકોલા અને બાલાપુર મળીને કુલ ૪ 'અંતરીક્ષ પાર્શ્વનાથ જૈનભક્તિ મંડળો' સ્થપાયા. જે તીર્થરક્ષાર્થે સદા

ઉપયોગી બનશે. બાલાપુરમાં આ રીતે પ્રમાદથી જે મંદિર-ઉપાશ્રયો ખાલી ખાલી દેખાતા હતા, તે ફરી ઉભરાતા કરી દેવાયા.

તે પછી પૂ. શેગામમાં ૩ દિવસ રોકાયા. ૪૦ ઘરના નાનકડા ગામમાં પણ પૂજાના સમૂહ નિયમો થયા. જેમાં ૧૦૦ જેટલા ભાઈ-બહેનો જોડાયા.

તે પછી ખામગામ ૪ દિવસ રોકાયા. ત્યાં પણ રાત્રે યુવાનો માટે જૈનાચારનો કલાસ અને દિવસે પ્રવચન રહેતાં. છેલ્લે દિવસે ત્યાં પણ પૂજાના નિયમ કરાવાયા. જેમાં લગભગ આખી સભાએ જિનપૂજાના નિયમ ગ્રહણ કર્યા. રવિવારે જાહેર પ્રવચનમાં બાલાપુર-આકોલા-શેગામથી લગભગ ૩૦૦ માણસ આવેલું. છેલ્લે વિહાર વખતે અંતરીક્ષજી તીર્થના મેનેજીંગ ટ્રસ્ટી સુશ્રાવક રવીન્દ્રભાઈને ત્યાં માંગલિક પ્રવચન-સંઘપૂજન વગેરે થયું. આ રીતે ચોમાસા બાદ બાલાપુર શેગામ અને ખામગામ ત્રણેય ગામમાં ટૂંકી સ્થિરતામાં પણ સુંદર કામ થયું. જિનપૂજાના નિયમ થવાથી બધે જ હંમેશ માટે ધર્મમય વાતાવરણ બની ગયું.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૨૩/૨૪,તા.૦૬-૦૩-૧૯૮૨

## અંતરીક્ષજી તીર્થ અંગે શ્વેતાંબરોએ મેળવેલો જ્વલંત વિજય

વાસીમની કોર્ટમાં દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચે ચાલતા ૨૮૮-૬૦ના દાવામાં દિગંબરોએ કરેલ મહત્ત્વની ત્રણેય અરજીઓ નામદાર કોર્ટે નામંજૂર કરી છે. દિગંબરોએ અરજી કરેલ કે-

(૧) **પ્રતિમાજીનો લેપ સંપૂર્ણ ઉખેડી નાખવામાં આવે.**

(૨) **પ્રતિમાજીના નિરીક્ષણ માટે પુરાતત્ત્વ ખાતાના અધિકારીની નિમણૂક કરવી.**

(૩) **કમીશન ઉપર ૩૦ સાક્ષીઓની જુબાની લેવી.**

આમાં પ્રથમ બે અરજીને સંપૂર્ણ રીતે નામંજૂર કરવામાં આવી છે. જ્યારે ત્રીજી અરજીને હાલ પૂરતી નામંજૂર કરવામાં આવી છે.

શ્વેતાંબરો વિરુદ્ધ દિગંબરોએ દાખલ કરેલ ૨૮૮-૬૦નો દાવો, જે ૨૧ વર્ષથી ચાલતો ન હતો, તે દરરોજ ચાલે તે માટેનો ઓર્ડર શ્વેતાંબરોએ સુપ્રિમ કોર્ટમાંથી મેળવેલ, પરંતુ તેમાં અવરોધરૂપે દિગંબરોએ ઉપરોક્ત અરજી દાખલ કરેલ, પરંતુ નામદાર અદાલતે સાફ નામંજૂર કરેલ છે અને તા. ૯-૨-૮૨થી દરરોજ દિગંબરોના સાક્ષીઓ અને પુરાવાઓ લેવાનું નક્કી કરેલ છે.

(૪) **આની સામે દિગંબરો નાગપુર હાઈકોર્ટમાં અપીલ લઈ ગયા ત્યાં એ અપીલ**



**કરવા લાયક નથી એમ હાઈકોર્ટે ફેંસલો આપ્યો.**

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૨૫,તા.૨૦-૩-૧૯૮૨

● **જુન્નર :** અત્રે ફા.સુ. ૧૦ના પૂ.આ. શ્રી વિજય રંગસૂરિજી મ.ની નિશ્રામાં પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજના નૂતન શિષ્ય મુનિશ્રી આત્મદર્શનવિજયજીની વડીદીક્ષા ખૂબ જ સુંદર રીતે થઈ તેમજ મુમુક્ષુ લક્ષ્મણની દીક્ષા પણ સંઘે અનેરા ઉલ્લાસથી ઉજવી. તેમને પૂ.મુ. શ્રી ધર્મગુપ્ત મ.ના શિષ્ય મુનિશ્રી લબ્ધિદર્શનવિજયજી તરીકે જાહેર કરાયા હતા. વરસીદાનનો વરઘોડો, દીક્ષા ઉપકરણ ઉછામણી વગેરેમાં સંઘે સારો લાભ લીધો. પૂ. મુનિશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજનું લાલબાગ-મુંબઈ ચોમાસાની જય બોલાઈ છે.

● **મહારાષ્ટ્ર :** પૂ. મુનિશ્રી હેમરત્નવિજયજી મહારાજ અંતરીક્ષજીથી વિહાર કરી વાસિમ, મારૂલ, ડીગ્રસ થઈ દારવા પધાર્યા છે. દરેક સ્થાને વ્યાખ્યાનાદિમાં સારી જનતા ઉમટેલ, (વાસિમમાં અંતરિક્ષ પાર્શ્વનાથ ભક્તિ મંડળની સ્થાપના થઈ) દારવાથી ભાંડકજીનો છ'રી' પાળતો સંઘ કાઢવાની દારવા સંઘના ભાગ્યશાળી ભાઈઓની ભાવનાથી પૂ.મુનિશ્રી દારવાથી ભાંડકજી સંઘમાં પધારી રહ્યા છે.

● **દારવા (મહારાષ્ટ્ર) :** પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજ આકોલાથી વિહાર વ્યાખ્યાન હિંદીમાં કરતા હોવાથી જૈનેતરો ય ખૂબ લાભ લે છે. શાસન પ્રભાવના સુંદર થઈ રહી છે.

પૂ.શ્રી માલેગામ અદ્ભુત ધર્મપ્રભાવના કરતાં કરતાં અત્રે પધાર્યા. વચમાં વાસિમમાં કે જ્યાં હાલ અંતરીક્ષજી પર આક્રમણ કરનાર દિગંબરો શ્વેતામ્બરોની સામે પ્રી.વી. કાઉન્સીલનું જજમેન્ટ દગાથી મેળવ્યાનો કેસ લડી રહ્યા છે ત્યાં શ્વેતાંબરોના ૧૮ ઘરના યુવાનોમાં પૂ. મહારાજશ્રીએ જિનભક્તિ શાસનભક્તિની ભરતી ચડાવી દીધી. પૂજાના નિયમ સાથે જિનભક્તિ મંડળની સ્થાપના થઈ. આગળ વિહારમાં બાલાપુર ખામગામમાં પણ યુવાનોમાં ધર્મખમીર અદ્ભુત ચડાવી દીધું. અત્રે દારવામાં બે દિવસમાં એવો ધર્મરંગ ચડાવ્યો કે મહારાજ જાણે કે પછીની સવારે વિહાર કરીશ, પરંતુ આગલી રાતે બાર વાગે સંઘના ભાઈઓ અત્રેથી ભદ્રાવતી તીર્થનો ૧૦-૧૨ દિવસનો પગપાળો યાત્રા સંઘ કાઢવાનો નિર્ણય કરીને પૂજ્યશ્રી પાસે આવ્યા, ગદ્ગદ હૈયાની આગ્રહભરી વિનંતી સ્વીકારવી પડી. તડામાર તૈયારીઓ ચાલી પડી. ફા.વ. પાંચમે પ્રયાણ ચૈ.સુ. ૧ ભદ્રાવતી પ્રવેશ નક્કી થયેલ છે.

## વડોદરાના આંગણે યોજાઈ ગયેલ અભૂતપૂર્વ પ્રવચનમાળા

### પ્રવચનોની આછી ઝલક

- ૧૫૦૦-૧૬૦૦ યુવકોની નોંધપાત્ર હાજરી.
- અભૂતપૂર્વ ચૈત્યપરિપાટી.
- છેલ્લા દિવસે જગ્યાના અભાવે પાછા ગયેલા શ્રોતાઓ.
- નવયુવકોએ સકળ સંઘનું દૂધે પગ ધોઈને કરેલું સંઘપૂજન.
- પ્રવચનોમાં એન્જિનિયર, ડૉક્ટર, વકીલ, ઉદ્યોગપતિ, શિક્ષક, પ્રોફેસર, કોર્પોરેટર વગેરેની સતત ઉપસ્થિતિ.
- જાહેર પ્રવચનમાં ઉમટેલો માનવ મહેરામણ.
- ૩૭ વરસના નવયુવક તરફથી જીવદયાના સાધનભૂત પાણી ગાળવાના ગરણાની પ્રભાવના.
- સંઘપૂજન વખતે અનેક યુવકોની આંખમાંથી આંસુઓના વહેલા રેલા.
- 'જે પગને દૂધેથી ધોયા છે એ પગને સિનેમાના થિયેટર પર તથા હોટલ પર હવેથી ન જ લઈ જવાનો અનેક યુવકોનો નિર્ધાર.'
- સ્વૈચ્છિક અનેક પ્રકારના વિશિષ્ટ નિયમોના ગ્રહણ.

શ્રી શ્રુતોપાસક ગણ વડોદરાના ઉપક્રમે અત્રે જાનીશેરી જૈન ઉપાશ્રયમાં વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની પુનિત નિશ્રામાં ખાસ કરીને નવયુવકો માટે તા. ૭થી તા. ૧૭ સુધી એક પ્રાભાતિક પ્રવચનમાળા ગોઠવવામાં આવેલી. સવારના ૬ા થી ૮ ચતુર્વિધ સંઘ માટે અને રાત્રિના ૮ાા થી ૧૦ માત્ર પુરુષો માટે પ્રવચનો ગોઠવવામાં આવ્યા. 'પ્રભાવક પૂર્વજોની યશોગાથા', 'જીવનમાં પરમાત્માનું સ્થાન', તથા 'આત્મવિકાસના ક્રમિક પગથીયાઓ',-આ ત્રણ વિષય પર પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રીના પૂ.પં. શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજના તથા પૂ.મુ. શ્રી રત્નસુંદરવિજયજી મહારાજના પ્રવચનો થયા. શિબિરનું ઉદ્ઘાટન કલકત્તાવાળા શ્રી સુરેશકુમાર વસંતલાલે મંગળદીપક પ્રગટાવીને કરેલ.

પ્રવચનના પહેલા દિવસથી ઉત્તરોત્તર સવાર અને રાત બંને ટાઈમ શ્રોતાઓની હાજરી વધતી જ જતી હતી.



અસાધારણ જન-ઉત્સાહ જોઈ સામેથી ઉઠીને પ્રભાવના નોંધાવવા આવતા; તે પણ મોસંબીની, પેંડાની, બરફીની... વગેરે. એમાં ગઈકાલની સંખ્યાના હિસાબે પ્રભાવના નંગ તૈયાર રખાતા તો આજે સંખ્યા વધી જવાથી પ્રભાવના ખૂટી પડતી તો મીઠાઈની દુકાન ખાલી કરાવવી પડેલ. સરેરાશ સવારના પ્રવચનોમાં લગભગ ૧૭૦૦/૧૮૦૦ ની સંખ્યા. રાત્રિના પ્રવચનમાં માત્ર પુરુષોની જ ૧૩૦૦/૧૪૦૦ જેટલી સંખ્યા થતી હતી. જાનીશેરીનો વ્યાખ્યાન હોલ ટૂંકો પડવા લાગ્યો. રવિવારે પાંચ જિનમંદિરોના દર્શન કરવા નિમિત્તે ચૈત્યપરિપાટીનું આયોજન થયું. ચૈત્ય૦ ઉતર્યા પછી લગભગ ૩૩૦૦ ભાવિકોને નવકારશી કરાવવામાં આવી. બપોરના 'જાગતા રહેજો' એ વિષય પર જાહેર પ્રવચન થયું. તેમાં લગભગ ૨૭૦૦ ની સંખ્યા થઈ. છેલ્લે દિવસે સવારના અંતિમ પ્રવચનમાં ૩૦૦૦/૩૫૦૦ જેવી સંખ્યા થઈ. તે દિવસે એક વિશેષતા એ થઈ કે એક નવયુવાન તરફથી તમામને પાણી ગળવાનાં ગરણાંની પ્રભાવના કરવામાં આવી. જે ભારે અનુમોદનીય બની ગઈ. બીજી વિશેષતા એ થઈ કે શ્રુતોપાસક ગણના વિદ્યાર્થીઓ તરફથી તમામનું દૂધે પગ ધોઈને સંઘપૂજન કરવામાં આવ્યું.

આ પ્રવચનોમાં કમાલ તો એ થઈ કે પ્રવચન શ્રોતાઓમાં મ્યુનિસિપલ કોર્પો.ના કોર્પોરેટરો, ડૉક્ટરો, વકીલો, એન્જિનિયરો, ઇન્કમટેક્ષ ઑફિસરો, ઉદ્યોગપતિઓ, શિક્ષકો, પ્રોફેસરો વગેરેની હાજરી ખાસ ધ્યાન ખેંચતી હતી. છેક તરસાલી, પાદરા, છાણી, ફર્ટીલાઈઝરનગર અને હરણી જેવા દૂરના વિસ્તારોમાંથી પણ સારી સંખ્યામાં યુવકો આવતા હતા ! કેઈ યુવાનોના હૃદયપરિવર્તન અને જીવનપરિવર્તન થયા ! પ્રવચનના છેલ્લા દિવસે વિદાય ગીત વખતે અનેકની આંખો આંસુથી છલકાઈ ગયેલી.

આમ વડોદરાના ઇતિહાસમાં ૧૧ દિવસની આ પ્રવચનમાળા ખૂબ જ યાદગાર બની ગઈ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૨૭,તા.૩-૪-૧૯૮૨

## નડિયાદ મુકામે પ્રભુપ્રતિષ્ઠા અને આચાર્યપદવી

● **ખંભાત :** અત્રે પૂજ્યપાદ વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા સ્વ. પૂ. તપસ્વી શ્રી મણિપ્રભવિજયજી મ.સા.ના સંયમજીવનની અનુમોદનાર્થે ઉજવાનારા મહોત્સવ પ્રસંગે સસ્વાગત પધાર્યા. એ

પ્રસંગે શ્રી જૈનશાળા સંઘના આગેવાન શેઠ શ્રી રમણભાઈ શ્રોફ તથા જૈનશાળા સંઘની કમિટીના સભ્યો તથા શ્રી ભાણાભાઈ આદિ સમસ્ત સંઘે પૂજ્યશ્રીને છેલ્લા ૪ માસથી સતત પ્રસંગો અંગેના વિહારોથી શ્રમિત થયેલા આપશ્રીના દેહને પણ હવે પૂર્ણ આરામની જરૂર છે અને આપશ્રીના પુણ્યદેહની શાસનને ખૂબ જરૂર છે તેથી વૈ.સુ.૩ના વર્ષીતપના પારણા સુધી સ્થિરતા કરવા આગ્રહભરી વિનંતી કરી અને વિશેષમાં કહ્યું કે અક્ષયતૃતીયાના દિવસે આપશ્રીએ નક્કી કરેલ પૂ.પં. શ્રી જયઘોષવિજયજી મહારાજની આચાર્ય પદવીનો પ્રસંગ ઉજવવાનો લાભ અમને આપવા કૃપા કરો, પણ નડિયાદના નૂતન નિર્મિત શ્રી સુપાર્શ્વનાથ જિનાલયની પ્રતિષ્ઠાનું કાર્ય બાકી હોઈ આ અંગે પૂજ્યશ્રીએ કોઈ નિર્ણિત જવાબ આપેલ નહોતો. ત્યારબાદ મુંબઈથી સુશ્રાવક તારાચંદભાઈ વગેરેએ ચૈત્ર સુદ ત્રીજના સવારે ખંભાત આવી, શ્રી સુપાર્શ્વનાથ જિનાલયની વૈ.સુ. ૬ ના શુભમુહૂર્તે પ્રતિષ્ઠા અને નક્કી કરેલ. વૈ.સુ. ૩ નો આચાર્ય પદવી પ્રસંગ ઉજવવાનો લાભ આપવા આગ્રહભરી વિનંતી કરી, તેમજ આ પ્રસંગે અત્રે આવેલ શ્રી નડિયાદ સંઘના આગેવાનોએ આચાર્યપદવી પ્રસંગ ઉજવવાનો લાભ નડિયાદ સંઘને મળે તે માટે આગ્રહભરી વિનંતી કરી. ખંભાત જૈનશાળા સંઘની આચાર્યપદવી પ્રસંગ ઉજવવા અંગેની આગ્રહભરી વિનંતી હોવા છતાં નડિયાદ શ્રી સુપાર્શ્વનાથ જિનાલયની પ્રતિષ્ઠાનું મુહૂર્ત વૈ.સુ. ૬ નું આવતું હોવાથી ખંભાતમાં સુદ-૩ પદવી મહોત્સવ કરી નડિયાદ સુ. ૬ પ્રતિષ્ઠા મહોત્સવે પહોંચી ન શકાય તેથી નડિયાદ સંઘની આચાર્યપદવી ઉજવવાની તથા શ્રી તારાચંદભાઈની પ્રતિષ્ઠા પ્રસંગ ઉજવવાની વિનંતીનો ખંભાત સંઘના અગ્રણીઓ વગેરેની હાજરીમાં સ્વીકાર કર્યો. તેથી સૌ ઉત્સાહમાં આવી ગયા અને શાસનદેવની જય બોલાવી. વ્યાખ્યાન સમયે પૂજ્યશ્રી તરફથી આ વિનંતી સ્વીકાર થયેલાની જાહેરાત નડિયાદ જૈનસંઘે તથા તારાચંદભાઈ વગેરેએ કરીને ખંભાત શ્રી સંઘને આ બંને પ્રસંગે પધારવા વિનંતી કરેલ.

• • •

## અગત્યનો ફેરફાર

• **ખંભાત :** ગતાંકમાં નડિયાદમાં વૈ.સુ. ૩-૬ આચાર્યપદવી અને મંદિર પ્રતિષ્ઠા થવાના સમાચાર પ્રગટ થયેલા. પરંતુ મંદિરના કામકાજમાં જરૂરી કાર્ય આ દિવસ સુધીમાં કારીગરો પૂરું કરી આપે એમ ન લાગવાથી મંદિર-પ્રતિષ્ઠા-પ્રસંગ મુલતવી રહેલ છે.



એના લીધે અત્રેના જિનશાળા સંઘના અગ્રણીઓ શેઠ રમણલાલ દલસુખભાઈ, શેઠ રમણલાલ વજેચંદ, શ્રી ભાણાભાઈ વગેરેનો પહેલાં પણ આગ્રહ હતો તેમ અત્યારે પણ આગ્રહ હોઈ તેમજ પૂ. આચાર્યદેવની નિશ્રામાં અત્રે ૧૮ વર્ષી તપના પારણા-મહોત્સવ અર્થે આગ્રહ હોઈ તથા પૂ.શ્રીને વધુ વિહાર ન કરવો પડે એ માટે નડિયાદ સંઘની સમજૂતીથી પૂ.પં. જયઘોષવિજયજી મ.ની આચાર્યપદવી વૈ.સુ. ૩ ખંભાતમાં જ સહમહોત્સવ ઊજવવાનું નક્કી થયેલ છે. પૂજ્યશ્રીની અત્યારે ત્યાં સુધી અત્રે જ સ્થિરતા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૨૮,તા.૧૦-૪-૧૯૮૨

• **અંધેરી :** અત્રે પૂજ્ય આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજીના પ્રશિષ્ય પૂ. મુનિરાજશ્રી વિશ્વાનંદવિજયજી મહારાજશ્રી શ્રી સંઘના આગ્રહથી ચૈત્રી ઓળી કરાવવા પધારવાના છે. એમણે થાણા મુકામે શ્રી સંઘની વિનંતીથી ચોમાસું કરી જિનવાણી-વ્રત-નિયમ-દાન તથા સામૂહિક તપ-અનુષ્ઠાન વગેરેથી સંઘને સુંદર લાભ આપ્યો. થાણામાં વિશેષતા એ થઈ કે સ્વપ્નદ્રવ્ય બધું જ દેવદ્રવ્યમાં લઈ જવાનું નક્કી થયું. ચોમાસામાં ધર્મનો 'જય જય કાર' થવાથી ટ્રસ્ટીઓએ ફરીથી અત્રે જ આવતું ચોમાસું કરવા એમને વિનંતી કરી છે. પૂજ્ય મહારાજશ્રીએ થાણાથી વિહાર કરી કોંકણપટ્ટીના ગામોમાં વિચર્યા ત્યાં એવા જૈનો જોયા કે સાધુ-દર્શનના અભાવે નવકારમંત્ર પણ નહોતા જાણતા. એ ગામોમાં સુંદર ધર્મપ્રવચનો આપીને ધર્મની જ્યોત જગાવી. હમણાં 'કુર્લા'માં પધારતાં જ્યાં પૂજ્યશ્રીના સંસારીપણે દાદા લગભગ ૧૦૦ વર્ષ પૂર્વે આવેલા એટલે તે 'કુર્લા' ગામવાળાને ખબર પડતાં પૂજ્યશ્રીને રોકી પાડ્યા. છ દિવસનો જિનભક્તિ મહોત્સવ ઉજવ્યો. ફા.વ. ૧૩ ના ૧૮ અભિષેક કરાવ્યા. ઠાઠથી પૂજાઓ ભણાવી. વ્યાખ્યાનો થયા. લોકોએ ખૂબ લાભ લીધો. મીઠાઈની પ્રભાવનાઓ થઈ. ટોચ કક્ષાના આગેવાનો અવર-નવર આવી ગયા. જૂની વાતો તાજી કરીને ખૂબજ હર્ષિત થઈને કુર્લા નગરને ધન્ય કહેવા લાગ્યા. આગામી ચાતુર્માસની જોરદાર વિનંતી કરી. ઓળી માટે અત્રે પધારતાં ધર્મની ધામધૂમ થશે. બાદ ઉરણ-પેન-પનવેલ-રોહા-નાગુદાણા-ઉરણ-પોઈનાર વગેરે તરફ વિચરવા ધારણા છે. ઉરણ તથા તુરભાવાળાઓ ક્યારના રાહ જોઈ બેઠા છે.

• **પાટડી :** પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા જામનગર તરફના વિહારમાં અત્રે પધાર્યા, કિન્તુ એઓશ્રીને તાવ-શરદી-

ખાંસીનો ઉપદ્રવ ઉપડવાથી ચૈ.સુ. ૧ સુધી સ્થિરતા નક્કી થયેલ. પરંતુ તાવ મટવા છતાં શારીરિક અશક્તિ ઘણી હોઈ અત્રેના સંઘે ખૂબ આગ્રહ અને દર્દભરી વિનંતી કરી તેથી સુદ-૫ સુધીની સ્થિરતા નક્કી થઈ, તે પછી અશક્તિ ઘણી અને અમદાવાદના વૈદ શ્રી હાર્ડિકરે તપાસી ખાસ આરામની અત્યંત ભારપૂર્વક આવશ્યકતા બતાવ્યાથી હવે ચૈ.વદ-૨ સુધીની અત્રે સ્થિરતા નક્કી થઈ છે. પૂજ્યપાદશ્રીને શીઘ્ર આરોગ્ય અને શક્તિ પ્રાપ્ત થાય એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ અને ગામગામના સંઘોમાં પૂ. આચાર્ય ભગવંતના પુણ્ય દેહે સારા સ્વાસ્થ્ય અંગે તપ-જપ થાય એવી વિનંતી છે.

• • •

## અગત્યનો ફેરફાર

**ખંભાત :-** ગતાંકમાં નડિયાદમાં વૈ.સુ. ૩-૬ આચાર્યપદવી અને મંદિર પ્રતિષ્ઠા થવાના સમાચાર પ્રગટ થયેલા. પરંતુ મંદિરના કામકાજમાં જરૂરી કાર્ય આ દિવસ સુધીમાં કારીગરો પૂરું કરી આપે એમ ન લાગવાથી મંદિર-પ્રતિષ્ઠા-પ્રસંગ મુલત્વી રહેલ છે.

એના લીધે અત્રેના જિનશાળા સંઘના અગ્રણીઓ શેઠ રમણલાલ દલસુખભાઈ, શેઠ રમણલાલ વજેચંદ, શ્રી ભાણાભાઈ વગેરેનો પહેલાં પણ આગ્રહ હતો તેમ અત્યારે પણ આગ્રહ હોઈ તેમજ પૂ.આચાર્યદેવની નિશ્રામાં અત્રે ૧૮ વર્ષી તપના પારણા-મહોત્સવ અર્થે આગ્રહ હોઈ તથા પૂ. શ્રીને વધુ વિહાર ન કરવો પડે એ માટે નડિયાદ સંઘની સમજૂતિથી પૂ.પં. શ્રી જયઘોષ વિજયજી મ.ની આચાર્યપદવી વૈ. સુ. ૩ ખંભાતમાં જ સહમહોત્સવ ઉજવવાનું નક્કી થયેલ છે. પૂજ્યશ્રીની ત્યાં સુધી અત્રે જ સ્થિરતા છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૨૯,તા.૧૭-૪-૧૯૮૨

• **અમદાવાદ :** પ.પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન તપસ્વી પ.પૂ. મુનિશ્રી યોગિન્દ્રવિજયજી મ.ની નિશ્રામાં તેમના સંસારી પુત્ર શ્રી કનકરાજજી ખીચીયા ઘાણેરાવવાળા તરફથી છ'રી' પાળતો સંઘ મહા વદ-૬ ના અમદાવાદથી ખૂબ દબદબાભરી રીતે નીકળ્યો. એમાં મુંબઈવાળા શ્રી કાંતીલાલ ઉજમલાલની પ્રેરણાથી બોડેલી ક્ષેત્રવાળા જૈનધર્મ સ્વીકાર કરેલા પરમાર ક્ષત્રિયોને



સિદ્ધાચલજીની યાત્રા ન કરી હોય તેવા ૯૪ પુણ્યાત્માઓ ખાસ યાત્રામાં જોડાયેલ. પૂ. યોગિન્દ્ર વિ.મ. તથા તપસ્વી પ.પૂ. મુનિશ્રી જયસોમવિજયજી મ.ના દરરોજ બપોરના પ્રવચનમાં સારી સંખ્યામાં લોકો લાભ લેતા અને કંદમૂળત્યાગ, રાત્રિભોજનત્યાગ, દ્રવ્યસંકોચ વગેરે નિયમો લેવાતા. ૮ સંઘપૂજન થયા. તીર્થમાળાના ચઢાવા પણ સારા થયા. મહાતપસ્વી પ.પૂ.આ. શ્રી વિજય હિમાંશુસૂરીશ્વરજી મ.ની પુણ્ય નિશ્રામાં માળારોપણ થયું. સંઘવી તરફથી સારી પહેરામણી તેમજ શ્રી ખેતાજી ધનાજી (દાદાઈ) મુંબઈવાળા તરફથી સતરંજી તથા સોલાપુરી ચાદર, દિલીપકુમાર પુનમચંદ બાબુ મુંબઈવાળા તરફથી ૫-૫ રૂપીયાથી યાત્રિકોનું બહુમાન કરવામાં આવેલ. પરમારોમાં સારી ધર્મ-આરાધના વધી.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૩૦,તા.૨૪-૪-૧૯૮૨

• **ભદ્રાવતી :** અત્રે પૂ.મુ. શ્રી હેમરત્ન વિ.મ.ની નિશ્રામાં ચૈત્રી ઓળીની સામુદાયિક આરાધના ખૂબ જ સુંદર થઈ. આકોલા-બાલાપુર-ડીગ્રસ-દારવા વગેરે જુદા જુદા સ્થળોએથી ૧૦૦ ઓળી આરાધકો અત્રે આવેલા. બાકી રોજના ૧૦૦-૧૨૫ની અવરજવર રહેલી. પૂજ્ય મુનિવરશ્રીના નવપદ પરના પ્રવચનોએ આરાધકોમાં ખૂબ જ ઉત્સાહ વધારી દીધો. આકોલાથી અત્રે આવતા વચ્ચેના અનેક ગામોમાં તેઓશ્રીના પ્રભાવક પ્રવચનોએ અનેક યુવાન આત્માઓને જિનપૂજા-દર્શન-તપ-ત્યાગ કરતા કરી દીધા. યુવકોને ખૂબ જ આકર્ષણ રહ્યું. ગામેગામ યુવક મંડળોની સ્થાપના થઈ. ઓળીની સમાપ્તિ બાદ મુનિવરશ્રી વિહાર કરી નાગપુર તરફ જઈ રહ્યા છે !

• **ખંભાત :** પૂ. આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ પોતાના વિશાળ પરિવાર સહિત અત્રે પધાર્યા ત્યારથી સંઘનો ઉલ્લાસ અને પ્રવચનો સાંભળવાની ઉમેદ વધતી જ રહી. યુવાનોની અતિશય વિનંતીથી સવારે ૬ા થી ૭ા નાતની વિશાળ વાડીમાં પ્રવચનો રાખવામાં આવેલ. પ્રતિદિન વાડી ભરચક ભરાતા શ્રોતાની સંખ્યા વધતી જ ગઈ. વાડી બહાર બેસીને પણ શ્રોતાઓ પ્રવચન સાંભળતા. મુનિશ્રી રત્નસુંદરવિજયજી મ.ના માર્ગાનુસારીના ગુણો ઉપરના પ્રવચનોમાં પોસ્ટ-રેલવે-બસની અનીતિ, ઉદ્ભટવેશ, રાત્રિભોજન વગેરેના ત્યાગના નિયમો લેવાયા. જૂના વસ્ત્રોના વાસણ વગેરે ન ઉપજાવતા અનુકંપાદાનમાં વાપરવા, ભાવના, ગરબામાં છોકરા-છોકરીઓ સાથે દાંડીયા ન રમવા વગેરે નિયમો લેવાયા.

યુવાનોનો પૂજ્યશ્રીને રોકવાનો અતિશય આગ્રહ છતાં પાટડી થઈને પાલનપુર જવાનું ઉનાળાનો લાંબો પંથ હોઈ અત્રેથી ચૈ.વ. ૯ના પાટડી તરફ વિહાર કર્યો. વિશાળ મેદની લાંબે સુધી વળાવવા આવેલ. પૂજ્ય આચાર્યદેવશ્રીનો વિહારનો પ્રાયઃ સંભવિત **કાર્યક્રમ :** ચૈ.વ. ૦)) ધોળકા, વૈ.સુ. ૩-૪ સાણંદ, વૈ.સુ. ૭-૮ વિરમગામ-ઉપરિયાળા, વૈ.સુ. ૧૦-૧૧ પાટડી થવા સંભવ છે.

## અગત્યની જાહેરાત

● **ખંભાત :**ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજશ્રીની સંયુક્ત વિશિષ્ટ વિચારણા થઈ, તદ્નુસાર સમુદાયમાં અક્ષય તૃતિયાના દિવસે કરવા ધારેલ બધી આચાર્ય પદવીઓ મુલત્વી રાખવામાં આવેલ છે. એ હિસાબે અત્રે નિર્ધારિત પૂ.પં. શ્રી જયઘોષ વિજયજી મહારાજની આચાર્ય પદવી પણ હાલમાં, મુલત્વી રાખવામાં આવેલ છે.

શ્રી તપગચ્છ **અમર જૈન શાળા સંઘ, ટેકરી, ખંભાત.**

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૩૧,તા.૧-૫-૧૯૮૨

● **સુરત :** પૂ.મુ. શ્રી જિનચન્દ્રવિજયજી મહારાજ (બન્ધુ ત્રિપુટી) નવસારીમાં ઓળીની અભૂતપૂર્વ આરાધના કરાવી અત્રે ચૈ.વ. ૩ રવિવારના પધાર્યા. શ્રી મોહનલાલજી જૈન ઉપાશ્રયનો વ્યાખ્યાન હોલ પહેલે જ દિવસે નાનો પડ્યો. બપોરના સંસ્કૃતિ ધામમાં સામાયિક કરનાર વિદ્યાર્થીઓને ઉદ્‌બોધન કરવા તેઓશ્રી પધાર્યા.

રોજના પ્રવચનોમાં માનવમેદની ચિક્કાર થઈ જતી. તેમાં ય રવિવારે સવારના અને બપોરના જાહેર પ્રવચનો સનાતન હોલમાં ગોઠવાયા. પબ્લિકનો સમાવેશ કરવો મુશ્કેલ બન્યો. જગ્યાના અભાવે કેટલાયને પાછા જવું પડ્યું.

જુદા જુદા સંઘોની વિનંતીથી વડાચૌટા, નાનપુરા, મહાવીર સોસાયટી વગેરે દરેક જગ્યાએ પ્રવચનો ગોઠવાયા. લોકોએ જિનવાણી-શ્રવણનો ખૂબ સુંદર લાભ ઉઠાવ્યો. મુનિશ્રી અત્રેથી વિહાર કરી નવસારી, વલસાડ થઈ જેઠ સુદમાં મુંબઈ પહોંચવા ધારે છે.



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૩૩,તા.૧૫-૫-૧૯૮૨

● **ખંભાતથી પાટડી :** પૂ. આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ. પોતાના વિશાળ પરિવાર સહિત ખંભાતથી વિહાર કરતાં ધોળકા પધાર્યા. કલિકુંડતીર્થ શ્રી સંઘ તેમજ કલિકુંડતીર્થના ટ્રસ્ટીઓ કાંતિભાઈ ચીમનલાલ કોલસાવાળા વગેરેની વિનંતી હતી. અત્રે પધારતાં સ્વાગત સામૈયું-પ્રભાવનાદિ થયેલ. બાવળા, સાણંદ, નડિયાદ, અમદાવાદ વગેરે ગામેથી ભક્તવર્ગ સારો આવેલ. મુંબઈવાળા રમેશભાઈ તરફથી સંઘપૂજન થયેલ. સાધર્મિકવાત્સલ્ય તેમજ ભવ્ય અંગરચના થયેલ. ધોળકાથી બાવળા-સાણંદ-વિરમગામ પધારતાં સ્વાગત સામૈયું-વ્યાખ્યાન પ્રભાવનાદિ થયેલ. સાણંદમાં પૂજ્યશ્રીના શિષ્ય તપસ્વી મુનિશ્રી અકલંકવિજયજી મ.ને ૯૪મી વર્ધમાનતપની ઓળીની પૂર્ણાહુતિ થતા સંસારી સંબંધી તરફથી પ્રભાવનાદિ થયેલ. ત્યાંથી ઉપરીયાળાતીર્થની યાત્રા કરી પૂજ્યશ્રી પાટડી પધારેલ.

● **પાટડી :** અત્રે પરમ શાસન પ્રભાવક ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના સ્વાસ્થ્યમાં સારો સુધારો આવી રહેલ છે. પાટડીમાં પૂજ્યશ્રીને પાટડીનું ભાગ્ય જ બે-અઢી મહિના સુધી રોકી ગયું. સંઘે ખડે પગે પૂજ્યશ્રીની ભક્તિ અને સંખ્યાબંધ સાધર્મિકોની સેવા કરી, એનું પુણ્ય જ જાણે જામનગરમાં ઉજવાનારા દીક્ષાપ્રસંગને પાટડી જેવા નાના ગામમાં ખેંચી લાવવામાં નિમિત્ત બની ગયું. જેમ જેમ પાટડી-સંઘની વધુ રોકાણ કરવાની વિનંતી સ્વીકારાતી ગઈ, એમ એમ પાટડીમાં આનંદનો સાગર લહેરાતો ગયો, એમાંય જ્યારે પાંચ પુરુષ અને એક બેનના દીક્ષા મહોત્સવની અને ૪ વડીદીક્ષાની ઉજવણીની જય બોલાઈ ત્યારે તો એ સાગર જાણે ભરતી દ્વારા નૃત્ય કરી ઊઠ્યો.

દીક્ષા મહોત્સવની ઉજવણી માટે સૂરજમલ હાઈસ્કૂલનાં વિશાળ ચોગાનમાં જ વારાણસી નગરીની રચના કરાઈ. જગ્યા એવી વિશાળ અને એવી સુંદર મળી ગઈ કે તમામ પ્રસંગોની ઉજવણી સારી થઈ. નવપદ મહાપૂજન, વીશસ્થાનક પૂજન, ૧૦૮ પાર્શ્વનાથ અભિષેક પૂજન, શ્રી મહાવીર પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણકનો વરઘોડો, શાંતિસ્નાત્ર આદિ મહત્ત્વના જિનભક્તિના અનુષ્ઠાનોમાં બોટાદવાળા દોશી પરીવાર, અમદાવાદ શાંતિનગરવાળા રીખવચંદ છગનલાલ, સોમચંદ પાનાચંદ ચોકસી ખંભાતવાળા, શાહ કાંતિલાલ ચુનીલાલ રાધનપુરવાળા આદિએ ખૂબ જ ઉદારતાથી લાભ લીધો. વર્ષીદાનના વરઘોડાએ અદ્‌ભુત શાસન પ્રભાવના સર્જી. સન્માન સમારોહ અને દીક્ષાગ્રહણનો પ્રસંગ તો ખરેખર ભવ્યાતિભવ્ય બની ગયો.

સોનામાં સુગંધની જેમ શાસનપ્રભાવક વર્ધમાન તપોનિધિ પરમ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ પોતાના વિશાળ પરિવાર સાથે વૈ. સુ. ૧૧ ને પધારતાં સ્વર્ગસ્થ પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના બે પ્રભાવક પટ્ટધરોનું મિલન સકલ સંઘમાં એક અનોખો જ ઉલ્લાસ જગવી ગયું. ૬ મુમુક્ષુઓની નામકરણવિધિ થતાં મફતભાઈ પૂજ્યશ્રીના શિષ્ય શ્રી ચારિત્રવર્ધન વિજયજી, જુગરાજજી પૂજ્યશ્રીના શિષ્ય શ્રી જગતદર્શન વિજયજી, દિલીપકુમાર પૂ.મુ. શ્રી દર્શનભૂષણ વિજયજીના શિષ્ય શ્રી દિવ્યકીર્તિ વિજયજી, પ્રકાશકુમાર શ્રી દિવ્યકીર્તિ વિજયજીના શિષ્ય શ્રી પુણ્યકીર્તિ વિજયજી, નવનીતકુમાર શ્રી જગતદર્શન વિજયજીના શિષ્ય શ્રી નિર્મલદર્શન વિજયજી અને કુમારી **અરુણાબેન સેવંતીલાલ પૂનાવાળાને** સાધ્વીશ્રી પરમપ્રભાશ્રીજીના શિષ્યા **સાધ્વી શ્રી અક્ષયદર્શનાશ્રીજી** તરીકે જાહેર થયા હતા. ઉપકરણની ઉછામણી, ગુરુપૂજનની ઉછામણી તેમજ સાધારણ ખાતાની ઉપજ સારી થઈ. દીક્ષાર્થીઓ તરફથી પ્રભાવના થયેલ. આઠે દિવસ સાધર્મિક વાત્સલ્ય થયા. જુદા જુદા સંઘોએ પૂજ્યશ્રીને ચાતુર્માસ માટે લાભ આપવાની વિનંતી કરતાં પૂજ્યશ્રીએ પાટણની વિનંતીનો સ્વીકાર કરતાં જયનાદથી મંડપ ગાજી ઊઠ્યો હતો.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૩૪,તા.૨૨-૫-૧૯૮૨

● **માનકુવા (કચ્છ) :** પૂ.પં. શ્રી રાજેન્દ્રવિજયજી મ. વડોદરા મુકામે મુમુક્ષુ શ્રી ભાનુચંદ્ર તથા શ્રી લક્ષ્મીચંદભાઈને પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના વરદહસ્તે ચારિત્ર આપી મુનિશ્રી ધર્મયશવિજયજી તથા મુનિશ્રી લબ્ધિયશવિજયજી સાથે પાનસર મુકામે શ્રી નવપદજીની ઓળી કરાવી. શંખેશ્વર મુકામે વૈ.સુ. ૬ના વડીદીક્ષા સમહોત્સવપૂર્વક થઈ. અત્રેના શ્રી સુપાર્શ્વનાથ જિનાલયની શતાબ્દી મહોત્સવે સંઘની વિનંતીથી જે.સુ. ૮ના અત્રે પધારશે. મહોત્સવ બાદ ભૂજ ચાતુર્માસાર્થે પ્રવેશ કરશે.

● **શંખેશ્વર :** પ.પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. આદિ પરિવાર સહિત પાટડીથી વિહાર કરતા ઝીંઝુવાડા સસ્વાગત પધાર્યા. ત્રણ દિવસની સ્થિરતા દરમિયાન રોજના બબ્બે પ્રવચનો થયા. તેમાં ય છેલ્લે દિવસે વ્યાખ્યાનમાં સંઘપૂજન સાધર્મિક વાત્સલ્ય તેમજ બપોરના અષ્ટાપદજીની ભવ્ય પૂજા ભણાવાઈ. આ ગામમાં પ્રથમવાર જ ભણાતી આ પૂજામાં અનેરી રંગત આવી. તેમાં ય પૂ. આચાર્યશ્રી



પૂજાની વચ્ચે વચ્ચે પૂજાના ભાવો સમજાવતા સંઘનો ઉલ્લાસ ઘણો વધ્યો. ઝીંઝુવાડાથી ધામા સસ્વાગત પધારતા વ્યાખ્યાન પ્રભાવનાદિ થયેલ. વૈ.વ. ૮ના સવારે શંખેશ્વર સસ્વાગત પધાર્યા. પૂજ્યશ્રી ઘણા વર્ષે અત્રે પધારતા પૂજ્યશ્રી સહિત અનેક મુનિવરોએ અટ્ઠમતપની આરાધના ચાલુ કરી. અત્રેથી વૈ.વ. ૧૩ના વિહાર કરી હારીજ-ચાણસ્મા થઈ જે.સુ. ૮ લગભગ પાટણ પહોંચવા ધારણા છે. ત્યાં યુવકો માટે ભારે લાભદાયી નીવડી રહેલા પ્રાભાતિક વ્યાખ્યાનોનું આયોજન થવાનો સંભવ છે. છેલ્લા આ વ્યાખ્યાનો ખંભાત નગરમાં થયેલ. જેમાં જોશીલા પ્રવચનકાર મુનિશ્રી રત્નસુંદરવિજયજી મ.ના વ્યાખ્યાનથી યુવાનો તથા શ્રી સંઘે જીવનમાં સન્માર્ગે લાવનારા અનેકવિધ વ્રત-નિયમો લીધા હતા.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૩૭,તા.૧૨-૬-૧૯૮૨

● **(સામખીયારી) કચ્છ :** પૂ.પં. શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ અત્રેના સાંતલપુર, પીપરાલા, આદીસર, પલાંસવા વગેરે ગામોમાં પ્રભાવક પ્રવચનો કરી કરી ધર્મની સુંદર પ્રભા પાથરતા વૈ.વ. ૧૧ ના સામખીયારી પધાર્યા. પ્રવચનમાં સ્વ. પૂજ્યપાદ સિદ્ધાંત મહોદધિ આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ની આજે સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ગુણાનુવાદ કર્યા. પૂજ્યશ્રીનું ૬૮ વર્ષનું નિર્મળ ચારિત્ર શ્રુતજ્ઞાનની જોરદાર ઉપાસના, નિત્ય એકાશન, બહારમાં સ્થંડિલ જવું મેવા-મીઠાઈ-ફ્રૂટનો જ્વલંત ત્યાગ-બીમારને સમાધિ-વૈયાવચ્ચની ખૂબ કાળજી, પર સમુદાય પ્રત્યે સદ્ભાવ અને સહાયકતા-અષ્ટપ્રવચન માતાનું ઉપયોગ પૂર્વક પાલન કરવા સાથે **પંચાચાર**ની નિર્મળ સાધના સ્વયં કરી ગયા અને મુનિગણમાં પંચાચાર પાલન કરાવવાની જવાબદારી સુંદર અદા કરી ગયા. વિષય અને કષાયવશ સંયમી આત્મા પોતાનું જીવન હારી ન જાય માટે મુનિઓને અવારનવાર કર્મનો ભય દોષનો ભય આશ્રવોનો ભય સમજાવતા અને વિષયનો જ્વલંત વૈરાગ્ય વૃદ્ધિગત થાય તે હેતુથી વિજાતીય પરિચયથી તદ્દન અલગ રહેવા માટે કડક અનુશાસન પળાવતા. સંયમીના સંયમની રક્ષા થાય એ અંગે નાના અને શક્તિસંપન્ન મોટા સાધુઓને સ્વાધ્યાય તથા શ્રુતલેખનમાં જોડીને આત્મપરિણતિનું સુંદર ઘડતર કરી ગયા, જેની આજે બહારમાં સુંદર છાપ-પ્રભાવ લોકમાનસ ઉપર પડે છે, અંતિમ સમયે સમાધિ સાથે 'વીર ! વીર ! સૌને ખમાવું છું.' એમ નિર્વૈર-નિર્મમ બની સંઘને અનુપમ વારસો આપી જીવનને સાધી ગયા અને અવિસ્મરણીય ગુણનિધિનું

આદર્શ તેજ પાથરી ગયા. અંચલગચ્છના મુનિ મહોદયસાગરજી મ. તથા તેઓશ્રી સાથે ૩ મુમુક્ષુ ભાઈઓ તથા સંઘના ભાઈ-બેનોએ પ્રવચનમાં પૂજ્યપાદશ્રીજીના ગુણવર્ણન સાંભળીને ગદ્‌ગદ થઈ ગયેલા.

ભચાઉમાં પાઠશાળાના બાળકોને પ્રવચનમાં નિયમો માટે પ્રેરણા થતાં ૨૬ બાળકોએ સિનેમા ત્યાગ, કુલફી બરફ ત્યાગ, રાત્રિભોજન ત્યાગ, કંદમૂળ ત્યાગના સહર્ષ પચ્ચક્‌ખાણ કર્યા.

બપોરના સંઘના પ્રવચનમાં સર્વે બાળકોનું 'સુસંસ્કારનિધિ યોજના ફંડમાંથી ૫ રૂપિયા પ્રત્યેકને આપીને બહુમાન કરાયું. અહીં અંજાર સંઘ-માનકુવા સંઘ તથા ભુજવાળા વંદનાર્થે આવી ગયા. જેઠ સુદ-૫ માનકુવા પહોંચશે ત્યાં જેઠ સુદ-૧૦ થી ૧૪ સુધી પાંચ દિવસ મહોત્સવ છે.

• **પાટણ :** શંખેશ્વરથી વિહાર કરી પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજ મુજપુર થઈ હારીજ પધારતાં પ્રવચનોથી યુવાનોમાં ધર્મજોશ આવી ગયું. હારિજથી કંબોઈ થઈ ચાણસ્મા પધાર્યા. પૂજ્યશ્રીની દીક્ષા અત્રે થયેલ હોવાથી સંઘનો ઉલ્લાસ ઘણો હતો. ત્રણ દિવસમાં છ પ્રવચનો થતાં યુવાનોમાં નવીન જાગૃતિ આવી. ચાણસ્માથી વિહાર કરી પાટણ પધારતાં ભવ્ય સામૈયું થયું. સાંબેલા, શણગારેલી ગાડીમાં સિદ્ધાંત મહોદધિ સ્વ.પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની પ્રતિકૃતિ મૂકવામાં આવેલ. મુખ્ય માર્ગોએ સામૈયું ફરી નગીનદાસ મંડપ ઉપાશ્રયે ઉતર્યું. રસ્તામાં ઠેર ઠેર ગહુંલીઓથી પૂ. આચાર્યદેવશ્રી આદિ મુનિઓને વધાવાયા. પ્રવચન બાદ પ્રભાવના થયેલ. પૂ. આચાર્યદેવશ્રી તથા તેઓશ્રીના શિષ્યરત્ન જોશિલા પ્રવચનકાર મુનિશ્રી રત્નસુંદરવિજયજી મ.ના પ્રવચનોનો લાભ જૈન જૈનેતરો લઈ શકે તે માટે પૂજ્યશ્રીને વિનંતી કરતાં ૧૧ દિવસની પ્રવચનમાળા ગોઠવવામાં આવી. જેમાં સવારે ૯ થી ૯-૪૦ સુધી પૂ. આચાર્યદેવશ્રીએ "પ્રભાવિક પુરુષો" એ વિષયને અનુલક્ષીને દરરોજ જુદા જુદા પૂર્વ મહાપુરુષોના વિશિષ્ટ જીવન પ્રસંગોને બતાવી આપણા ચાલુ જીવનમાં કેવી રીતે એ મહાપુરુષના ગુણોને આંશિક અપનાવી શકીએ તેનું સચોટ વૈરાગ્ય સભર શૈલીથી સમજાવતા; તેમજ ૯-૪૫ થી ૧૦-૩૦ સુધી મુનિશ્રી રત્નસુંદરવિજયજી મ."માર્ગાનુસારીના ગુણો" એ વિષયને અનુલક્ષી દરરોજ એકેક ગુણો પર પોતાની આગવી શૈલીથી રસધારા વર્ષાવતાં શ્રોતાઓનાં દિલ દ્રવી જતા; અને પ્રાસંગિક પોતાના જીવનમાં યત્કિંચિત પ્રતિજ્ઞા લઈ સાંભળેલું સાર્થક કરતા. રાત્રે ૮-૪૫ થી ૯-૩૦ સુધી માત્ર પુરુષો માટે "રામાયણ-મહાભારતના પ્રસંગો" એ વિષયને અનુલક્ષી પ્રવચન આપતા. સવારે નોકરી-ધંધા અંગે ન આવી શકનાર જૈન-જૈનેતર ભાઈઓ આ પ્રવચનનો લાભ લેતા મંડપનો વિશાળ હોલ નાનો



પડી જતો; રોજ સંખ્યા વધતી ચાલી.

જે.સુ. ૧૫ના રવિવારે સવારે ૮-૩૦ થી ૧૨-૩૦ સુધી અષ્ટાપદજીની પૂજામાં ખૂબ ભક્તિભાવ વધ્યો અને જીવનનું સંભારણું બન્યું. 'પાટણ આરાધક ભાઈઓ' તરફથી પૂજા પ્રભાવના રાખવામાં આવેલ. પૂજાની વિશિષ્ટ તર્જોના સંગીતનું દિગ્દર્શન કરાવી પૂ. આચાર્યદેવશ્રી પૂજાની વચમાં વચમાં આદીશ્વર ભગવાનનો તથા અષ્ટાપદજીનો ઇતિહાસ, પ્રભુની પ્રચંડ સાધના, શ્રેયાંસકુમારે કરાવેલ પારણાનું ગુપ્ત રહસ્ય, ૬૦ હજાર સગરપુત્રોની તીર્થયાત્રા અને તીર્થરક્ષા કરતાં દેવ પ્રકોપમાં કરેલાં આત્મ-બલિદાન... વગેરે ભાવો રોમાંચક શૈલીથી સમજાવતા વૃદ્ધોને પણ લાગ્યું કે જિંદગીમાં પહેલી વાર આવી પૂજા સાંભળી.

બપોરે ૩ાા થી ૪ાા સુધી 'નહીં ઐસો જનમ બાર બાર' એ વિષય પર સાગરગચ્છ જૈન ઉપાશ્રય સંઘના ટ્રસ્ટીઓની આગ્રહભરી વિનંતીથી સાગરગચ્છ ઉપાશ્રયમાં જાહેર પ્રવચન થયું. ઉપાશ્રય અને બહારની બંને બાજુ લોકો ખીચોખીચ ભરાયેલ. પાટણ આરાધક ભાઈઓ તરફથી પ્રભાવના થયેલ; પ્રવચને યુવાન ભાવિકોનાં હૈયાં હચમચાવી દીધાં.

જે.વ. ૩ ના કનાસા પાડાના સંઘની આગ્રહભરી વિનંતીથી પૂજ્યશ્રી આદિ સપરિવાર વાજતે ગાજતે પોળમાં પધાર્યા. ચારે દેરાસરે દર્શન કરી મંગલાચરણ બાદ પ્રભાવના થઈ. સવારે ૮-૩૦ વાગે પ્રવચન થતાં કેટલાક શ્રોતાઓએ જીવનભર માટે, સ્નાન કરતા સાબુ ન વાપરવાનો નિયમ લીધો. બીજા ઘણા ભાઈઓ-બેનોએ અઠવાડીયામાં બે વારથી વધુ વાર સાબુનો ઉપયોગ ન કરવાનો નિયમ લીધો. સાટાની પ્રભાવના થયેલ. પછી ૧૦ વાગે મહોલ્લાની પાંચે શેરીઓમાં નાના રથમાં પ્રભુજી સાથે રથયાત્રા વરઘોડો ચડ્યો. આખી શેરીઓ અને ઘર ઘર સાડીઓ તોરણો વગેરેથી શણગારાયેલ. કેટલાય ઘરો આગળ માંડવા નંખાયેલ, અને ઘરે ઘરે પ્રભુજીને ગહુંલી, પૂજન, વધાવવાનું ચાલતું. લગભગ ૨ કલાક રથયાત્રા ચાલી. એક નવીનતા હતી.

• **મુરબાડ :** અત્રે પૂ.આ. શ્રી વિજય મિત્રાનંદસૂરિજી મહારાજની પાસે મુમુક્ષુ ભાઈ શ્રી ભરતકુમારની દીક્ષાનો મહોત્સવ ભવ્ય ઉજવાયો. કુટુંબ સહિત સકલ સંઘનો ઉલ્લાસ ખૂબ હતો. બહારથી પણ ઘણું માણસ આવેલ. ઉપકરણાદિની સારી ઉછામણી ઉપરાંત દીક્ષાર્થીને સર્વવિરતિ સામાયિક ઉચ્ચરાવવાની વિનંતીની બોલી રૂા. ૪૧૦૦/- થઈ. નૂતન મુનિનું નામ મુનિશ્રી ભુવનરત્નવિજયજી રાખી પૂ. આચાર્યદેવશ્રીના શિષ્ય કર્યા. પૂ. આચાર્યદેવશ્રીના દસ દિવસના પ્રવચનોથી

લોકોમાં ધર્મભાવના સારી થઈ. એક વ્યાખ્યાન મરાઠી ભાષામાં થતા જૈનેતરોને સારી અસર થયેલ.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૩૦,અંક-૩૮,તા.૧૯-૬-૧૯૮૨**

● **પાટણ :** જેઠ વદ-૪ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજનું સ્વાગત સામૈયું પૂ.આ. શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજ તથા પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આદિ ઠા. ૯૦ મુનિ ભગવંતોનું ભવ્ય સ્વાગત સામૈયું થયું. આ પ્રસંગે આજુબાજુના ગામો ઉપરાંત અમદાવાદ મુંબઈ સૌરાષ્ટ્ર વગેરેથી સેંકડો ભાવિકો આવેલ. શ્રી રસિકલાલ ભોગીલાલે તથા શ્રી લલિતભાઈ ધામીએ પૂજ્યશ્રીના શાસન પ્રભાવક મહાન સુકૃતોના મંગળગીત ગાયા બાદ ભવ્ય બોલીથી ગુરુપૂજન થયું. પછી પૂજ્યશ્રીએ શારીરિક અશક્તિમાં પણ ભવ્ય મંગળપ્રવચન આપ્યું.

જેઠ વદ-૬ પ્રવચનમાળાની પૂર્ણાહુતિ પ્રસંગે પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. 'પ્રભાવક પૂર્વજોની યશોગાથા' એ વિષય પર પ્રવચન કરતા જણાવ્યું કે, **'ચિર સંચિય પાવપણાસણીઈ...'** એ ગાથા લઈને ફરમાવતા કે ગણધર ભગવાન આ ગાથાથી શ્રાવકની ભાવના બતાવે છે કે 'ચોવીસ ભગવાનના મુખકમળમાંથી નીકળેલી ધર્મકથાઓના શ્રવણ-મનન-સ્મરણમાં મારા દિવસો પસાર થાઓ કેમકે એ ધર્મકથાઓ ચિરસંચિત પાપોનો નાશ કરનારી છે અને લાખો ભવની પરંપરાનો ઉચ્છેદ કરનારી છે.' કારણ, ધર્મકથાઓ એવા શુભ અધ્યવસાયો જગાવનારી છે, જેથી મહાન પાપક્ષય થાય, તેમજ અશુભ અનુબંધો તૂટે, જેથી દીર્ઘ પાપપરંપરા, ને ભવપરંપરા નષ્ટ થાય. ધર્મકથાઓ તે તે કર્તવ્ય ઉપાદેયોના આદરની અને તે તે અકર્તવ્ય દોષ-દુષ્કૃત્યોના ત્યાગની ભવ્ય પ્રેરણા દૃષ્ટાંત સાથે આપે છે તેથી ખૂબ અસરકારક બને છે, વગેરે જણાવ્યું. પછી પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજે 'માર્ગાનુસારી ગુણો' પર જોશિલા પ્રવચનમાં 'મોટા મોટા ખેલાઈ ચૂકેલા યુદ્ધોમાં મોટે ભાગે નાની નાની ઘટનાઓ જ મુખ્ય હતી...' આ વાતને ખૂબ વિશદ રીતે સમજાવતા ઝીણી ઝીણી બાબત ખાતર કષાય ન કરવાના સંકલ્પ સારી સંખ્યામાં થયા.

પ્રવચન બાદ પાટણ આરાધક ભાઈઓ તરફથી પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત આદિનું ગુરુપૂજન અને લગભગ ૨૫૦૦ શ્રાવક-શ્રાવિકાસંઘનું દૂધે પગ



ધોઈ પૂજન કરવામાં આવેલ.

પૂજ્યશ્રી અત્રેથી વ. ૧૦ સાંજના વિહાર કરી ચારૂપ થઈ લગભગ અષાઢ સુ. ૨ ડીસા પહોંચવા ધારણા છે... ત્યાં અઠવાડીયું રહી અષાઢ સુ. ૧૧ ગુરુવારના રોજ પાલનપુરમાં (નૂતન હીરસૂરિ જૈન ઉપાશ્રય, ખોડાલીમડા) ચાતુર્માસ પ્રવેશ કરવા ધારે છે.

● **તખતગઢમાં શિબિર પૂર્ણાહુતિ :** પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ.ની નિશ્રામાં જુદા જુદા ગામોના ૨૫૦ વિદ્યાર્થીઓએ ધાર્મિક શિક્ષણ-સંસ્કરણનો લાભ ઉઠાવ્યો. પૂજ્યશ્રીના પ્રવચનોથી વિદ્યાર્થીઓના જીવન ઘડતર સારા થયા. વિદ્યાર્થીઓએ રોજ જિનદર્શન અને માતાપિતાને પ્રણામ કરવાના નિયમ લીધા. જાવજ્જીવ ૨૮ વિદ્યાર્થીઓએ સિનેમા ત્યાગના, ૩૫ વિદ્યાર્થીઓએ કંદમૂળ ત્યાગના, ૩૦ વિદ્યાર્થીઓએ રાત્રિભોજન ત્યાગના નિયમ લીધા તેમજ જિનપૂજા, નવલાખ નવકાર, ઉકાળેલું પાણી, સાતવ્યસન ત્યાગના નિયમ લીધા. શિબિર દરમિયાન ૧૬૧૪૪ સામાયિક કર્યા તેમજ ૧૦ વર્ષમાં જુદા જુદા વિદ્યાર્થીઓએ ૭૬૦૦૦ બેસણા કરવાનો સંકલ્પ કર્યો. પૂજ્યશ્રી અત્રેથી વિહાર કરી સાબરમતી ચાતુર્માસાર્થે પધાર્યા છે.

● **માનકુવા (કચ્છ) :** અત્રેના શ્રી સુપાર્શ્વનાથ જિનાલયનો શતાબ્દિ સુવર્ણ મહોત્સવ પં. શ્રી રાજેન્દ્ર વિ. ગણિ ઠા. પાંચની નિશ્રામાં ભવ્ય રીતે ઉજવાયો. જેમાં પૂજ્યશ્રીના પ્રવચનો, શાંતિ સ્નાત્ર-સિદ્ધચક્રપૂજન-૧૮ અભિષેક તથા ભવ્ય રથયાત્રાનો વરઘોડો વગેરે સુંદર થયેલ. બહારગામથી સેંકડો ભાવિકો પધારેલા. પાંચે દિવસ ત્રણે ટાઈમ સ્વામી વાત્સલ્ય થયેલ. શ્રી રતનબેન લખમશી ઘેલાભાઈ આરાધનાભુવનનું ઉદ્‌ઘાટન રૂા. ૧૨૧૧૧/- ની બોલીનો આદેશ શ્રી રાઘવજી વાલજી શેઠે લઈને કરેલ. ૬ દંપતીઓએ જીવનભરના બ્રહ્મચર્ય વ્રત નાણ સમક્ષ ઉચ્ચરેલ. દેવદ્રવ્યની ઉછરામણી, જીવદયાની સારી ટીપ થઈ. બાળકોના સુસંસ્કાર માટે સારી ટીપ થઈ. માનકુવાના યુવાનોએ તનતોડ પરિશ્રમ-સેવાભક્તિથી પ્રસંગને દીપાવેલ. પૂ.પં. શ્રી આમંત્રા-મંજલ-વિથોણ અંગિયા-નખત્રાણા થઈ જેઠ વદ-૧૦ ના ભૂજ (જૈન તપગચ્છ ઉપાશ્રય, વાણીયાવાડ) પ્રવેશ કરશે.

● **ભરતપુર :** લગભગ ૬૦ હજાર જૈન શ્વેતામ્બર પલ્લીવાલ ભાઈઓ જ્યાં વસે છે તે ભરતપુર સવાઈમાધવપુર તથા અલવર આ ત્રણ જિલ્લામાં શ્રી નટવરભાઈ (ખંભાતવાળા), શ્રી રાયચંદભાઈ (દેપલાવાળા) તથા કુમારપાળ વિ. શાહ આદિની ધગશ-ખંત-મહેનત તથા ભોગથી જૈનધર્મનો સારો પ્રભાવ પડ્યો છે. માર્ગ ભૂલેલા

જૈનો ફરી જૈનત્વ પામવા લાગ્યા છે.

તીર્થયાત્રા, સ્નાત્રપૂજા, જીર્ણોદ્ધાર, નૂતન જિનાલય નિર્માણ, પાઠશાળા-ઈનામોનું આયોજન, શિબિર આદિ દ્વારા પલ્લીવાલ ક્ષેત્ર ધર્મથી નવપલ્લવિત બન્યું છે.

● જેઠ સુ. ૧૨ના સમરાયા મુકામે શ્રી મલ્લિનાથ સ્વામીની પ્રતિષ્ઠા પૂ. મુનિરાજશ્રી ભુવનસુન્દરવિજયજી મ. આદિની નિશ્રામાં ધામધૂમથી થઈ. મંદિરજીનો સંપૂર્ણ જીર્ણોદ્ધાર ૩૧ હજાર રૂા. આપી સાચોરના સુસંસ્કારી શ્રાવક શ્રી સમરથમલજી મિશ્રીમલજી દુદાજી સંઘવીએ કરાવ્યો.

● શ્રી સમરથમલજીએ ૫ હજાર જીર્ણોદ્ધારમાં, ૫ હજાર સાધારણદ્રવ્યમાં, ૩ાા હજાર અનુકંપાદાનમાં જાહેર કરેલા. બે વાર ભરપૂર મેદનીમાં ૨-૨ રૂપિયાથી સંઘપૂજન, ૪૦૦ ઘરનાં સમરાયા ગામમાં ઘર દીઠ ૧-૧ કિલો ગોળ, તેમજ ઉછામણી આદિ સુંદર કર્યું.

નાની ઉંમરનાં શ્રી સમરથમલજી દેવ-ગુરુ-ધર્મના રંગથી સારા રંગાયેલા છે. દિવસમાં બે પ્રતિક્રમણ, ત્રણ સામાયિક, શિક્ષક રાખી તત્ત્વજ્ઞાનનો અભ્યાસ, રોજ ઉકાળેલું પાણી, સ્વદ્રવ્યથી જિનપૂજા, આદિ સુંદર કરી રહ્યા છે.

તેમનો સમસ્ત પરિવાર આવા શુભકાર્યોમાં પ્રેરણા રૂપ છે. તેઓએ સાંચોરમાં થયેલી પ્રતિષ્ઠામાં તથા નવકારશીની બોલીમાં લાભ લીધો હતો. તથા સાધર્મિક ભક્તિ આદિમાં ઘણું ઘણું કરવાની તેઓ તમન્ના રાખે છે.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૩૯,તા.૨૬-૬-૧૯૮૨

● **ખાપર (જિ. ધુલિયા) :** મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ગુજરાતની સરહદના ધુલિયા જિલ્લાના આદિવાસી વિસ્તારના નાનકડા ગામ ખાપર ખાતે પ્રથમવાર જૈન યુવાનો માટે શિબિરનું આયોજન થયું. ખાનદેશ જૈન તત્ત્વજ્ઞાન પ્રચાર સમિતિના તત્ત્વાધાનમાં આયોજિત આ ૧૫ દિવસીય શિબિરનો પ્રારંભ ૫-૫-૮૨ ના રોજ થયો હતો.

આ વિસ્તારના ખાસ પસંદ કરાયેલ મોટા ૫૦ યુવાનોને મર્યાદિત સંખ્યામાં પ્રવેશ અપાયો. ૭ સંઘોના સહિયારા આર્થિક સહકારથી યોજાયેલ શિબિર પરમ પૂજ્ય સાધ્વી કમલપ્રભાશ્રીજી મહારાજ, પૂજ્ય વિનયશ્રીજી મહારાજ અને પૂજ્ય સાધ્વી પ્રજ્ઞાશ્રીજી મહારાજ આદિની પુનીત નિશ્રામાં પ્રાપ્ત થઈ.

શિબિરના સંચાલન અર્થે શ્રી કુમારપાળ વિ. શાહ મુંબઈથી પહોંચી જઈને



જૈન આચાર, જૈન તત્ત્વજ્ઞાન, જૈન ઈતિહાસનું તબક્કાવાર પ્રાયોગિક અધ્યયન કરાવ્યું તથા મંદિર અને મૂર્તિપૂજાનું મનોવૈજ્ઞાનિક આલંબન સચોટ અંકિત કરાવવાપૂર્વકના વક્તવ્યોથી યુવાનો અને શ્રી સંઘ ઉપર એની નોંધપાત્ર અસર થઈ. પૂજ્ય સાધ્વી મહારાજોનો શ્રમ શ્રી સંઘની સંપત્તિ અને યુવાનોનો જિજ્ઞાસાપૂર્વકનો સ્વાધ્યાય શિબિરને સફળ સરસ બનાવવામાં યાદગાર બની રહ્યો. માટે તો શિબિરને અંતે ખાનદેશ ક્ષેત્રના સંઘ પ્રતિનિધિઓની યોજાયેલ સભાએ પ્રતિવર્ષ શિબિર પ્રયોગને આગળ ધપાવવાનો સમ્યગ્ નિર્ણય લીધો.

શિબિરને સફળ બનાવવા ભૂતપૂર્વ શિબિર યુવાનો શ્રી નિધિશ વૈદ (બાલાઘાટ) શ્રી વિજય શાહ (નવસારી) શ્રી મહેશ વોરા (મુંબઈ) તથા શ્રી ગીરીશભાઈ પી. શાહ (મુંબઈ)નું યોગદાન અનુમોદનીય રહ્યું. શ્રી ખાપર સંઘના અગ્રણીઓએ ખડે પગે યુવાન સાધર્મિકોની ભક્તિ કરી. સમિતિના મંત્રી પ્રો. શ્રી કોઠારીની સેવા નોંધપાત્ર હતી. શિબિર સમાપન સમયે આસપાસના ગામોથી સેંકડો ભાઈ-બહેનો હાજર રહ્યા. આકર્ષક ઈનામો તથા પ્રભાવનામાં દરેક યુવાનોને ૫૧,૫૧ રૂપિયા રોકડા અપાયા.

● **રાયપુર (મ.પ્ર.) :** મધ્ય પ્રદેશના મહાકૌશલ ક્ષેત્રમાં યોજવામાં આવતી જૈન શિબિરનું આયોજન આ વર્ષે રાયપુર શહેર ખાતે થયું. મહાકૌશલ જૈન શ્વેતાં. મૂર્તિ. સંઘ દ્વારા આયોજિત આ ૧૩ મી શિબિર માટે ચોતરફથી અદમ્ય ઉત્સાહ ઉછળતો દેખાયો. તારીખ ૨૬/મે થી યોજાયેલ ૧૫ દિવસની શિબિરમાં મેટ્રીક કૉલેજના ૧૧૫ મોટા યુવાનોને પ્રવેશ અપાયો. સ્થાનિક બાલ કક્ષાના ૧૫૦ બાળકો માટે પણ અલગ પ્રબંધ આયોજકો દ્વારા થયેલ.

પરમ પૂજ્ય સાધ્વી કુસુમશ્રીજી મહારાજ તથા પરમ પૂજ્ય સાધ્વી નિપુણાશ્રીજી મહારાજ આદિની પુનીત નિશ્રામાં યોજાયેલ શિબિરનું સંચાલન આ વર્ષે પણ શ્રી કુમારપાળ વિ. શાહ મુંબઈથી પહોંચી જઈને કરેલ. સહયોગી તરીકે શિબિરોના ભૂતપૂર્વ યુવાનોએ સેવા આપી. સાધર્મિક ભક્તિ રાયપુર શ્રી સંઘે ઉત્સાહ અને ઉલ્લાસપૂર્વક કરેલ.

જૈન આચાર અને જૈન સંસ્કૃતિના અધ્યયન વર્ગોમાં શિબિર યુવાનો સહિત શ્રી સંઘ મોટી સંખ્યામાં ઉમટી પડતો. મોટો વિશાળ હોલ પણ હકડે ઠઠ ભરાઈ જતો. પૂજ્ય સાધ્વીજી મહારાજ અને શ્રી કુમારપાળ વિ. શાહના જૈન આચાર, મૂર્તિ પૂજા, પરમાત્મ દર્શનના વક્તવ્યો શ્રી સંઘે મંત્ર મુગ્ધ હૈયે સાંભળ્યા. સ્થાનકવાસી પરિવારોને નવા પ્રેરક અને બોધક શ્રવણથી અનુપમ બોધ મળ્યો.

છેલ્લા દિવસોમાં શ્રી સંઘનું અધિવેશન થયું. તથા આ ક્ષેત્રના ૧૭ ભક્તિ મંડળોની સામૂહિક પરમાત્મ ભક્તિ થઈ. ઈનામ વિતરણ સમારોહપૂર્વક યુવાનોનું સન્માન પણ કરાયું.

રાયપુર આકાશવાણી પરથી શિબિરના જૈન આચાર અને ભક્તિના કાર્યક્રમોનું પ્રસારણ પણ આ વર્ષે પ્રથમવાર થયું.

• • •

## ગુજરાત સરકારે કરવા ધારેલ ધાર્મિક ટ્રસ્ટો પર ભયંકર આક્રમણ

પૂજ્યપાદ પરમશાસન પ્રભાવક, સુવિશાલ ગચ્છાધિપતિ, વ્યાખ્યાન-વાચસ્પતિ, આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના પટ્ટધર, પૂજ્યપાદ પ્રશાંતમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજા તથા પૂજ્યપાદ વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાદિ વિશાળ મુનિ-પરિવાર તથા ચતુર્વિધ શ્રી સંઘની વિશાળ ઉપસ્થિતિમાં શ્રી નગીનભાઈ પૌષધશાળા-પાટણ-ખાતે મળેલી પ્રવચન સભામાં ''ધાર્મિક ટ્રસ્ટોની વિશાળ આવક દેશના વિકાસ માટે ઉપયોગમાં લેવાની વિચારણા''નો સખ્ત વિરોધ કરતો ઠરાવ નીચે મુજબ થયો છે...

''ગુજરાત સરકારે કાયદા વિભાગના તા. ૮-૩-૮૨ ના ઠરાવ દ્વારા ધાર્મિક ટ્રસ્ટોની આવક દેશના વિકાસમાં ઉપયોગ કરવા વિચારણા કરવા માટે અભિપ્રાયો લેવા જે સમિતિ નીમી છે..., તેની જાહેરાત વાંચી અમોને આશ્ચર્ય અને રોષની લાગણી થઈ છે... જે હેતુઓ માટે દાનની રકમો દાતાઓએ આપેલ હોય, તે રકમો કે તેમાંથી થતી આવક તે જે હેતુઓ માટે વપરાવી જોઈએ... તેમ નહિ કરવામાં ટ્રસ્ટના દાતાઓનો વિશ્વાસઘાત થાય છે... અને ભવિષ્યમાં ધર્માદા ટ્રસ્ટો તરફનો દાનનો પ્રવાહ બિલકુલ બંધ થવાની પૂરી શક્યતાઓ છે... આવી વિચારણા જ મૂળભૂત રીતે અન્યાયી અને અધાર્મિક હોઈ અમે તેનો સખ્ત વિરોધ કરીએ છીએ... અને ગુજરાત સરકાર, સમિતિ કે ચેરીટી કમિશનર સાહેબ આ કાર્યવાહી વહેલી તકે પડતી મૂકે તેનો અનુરોધ કરીએ છીએ...''

નગીનભાઈ જૈન પૌષધશાળા, પાટણ. (ઉ.ગુ.) તા. ૧૭-૬-૮૨ ગુરુવાર





● **પાટણ :** રાજસ્થાનના શણગાર સમા શ્રી જેસલમેર તીર્થના પ્રાચીન ભવ્ય મંદિરોનો જીર્ણોદ્ધાર થઈ રહ્યો છે અને તે કાર્ય લગભગ પૂર્ણ થવા આવેલ છે. ત્યારે જેસલમેર તીર્થ જીર્ણોદ્ધાર કમિટીના અધ્યક્ષ શ્રી ઉમેદમલજી ખોડા તથા સભ્ય શ્રી લાલચંદજી છગનલાલે આજે પૂજ્યપાદ પરમશાસન પ્રભાવક સુવિશાલ ગચ્છાધિપતિ વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના લઘુગુરુભ્રાતા વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. ને જેઠ વદ-૯ ના રોજે અત્રે આગ્રહપૂર્વક વિનંતી કરી હતી કે આપ ઉભય પૂજ્યો જેસલમેર પધારો, આપની નિશ્રામાં અમારે ત્યાંના પ્રાચીન ભવ્ય મંદિરોમાં ભવ્ય અને ચિત્તાકર્ષક પ્રાચીન શ્રી જિનબિંબોની પુનઃ પ્રતિષ્ઠાવિધિ કરાવવી છે.

● **ઉજ્જૈન :** અત્રે અષાઢ સુદ-૬ પૂ. આચાર્યદેવ શ્રી વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.નો સપરિવાર ચાતુર્માસાર્થે પ્રવેશ સ્વાગત સમારોહ સુંદર ઉજવાઈ ગયો. સ્વાગતમાં ૯ ઘોડા, ૩ હાથી, અનેક ગાડીઓના સાંબેલા, ૩ બેન્ડ, પોલિસ બેન્ડ વગેરે તથા વિશાળ સાજનથી શોભા અનેરી આવી હતી. શ્રી સંઘ તેમજ શ્રી નરેન્દ્રકુમાર સુરાણા કુટુંબ પરિવારની ભાવના ખૂબ વધતી છે, સુરાણાભાઈઓ સુંદર લાભ ઉઠાવી રહ્યા છે. શ્રીમતી પ્રભાવતીબેન સુરાણા મહેમાનોની આદર્શ ભક્તિ કરી રહેલ છે, જે એમના પિતાશ્રી તથા કાકાશ્રી નેમિચંદજી, મિશ્રીલાલજી અમલનેરવાળાના સુસંસ્કારો તથા શ્વસુરકુળની અનુકૂળતાને આભારી છે. પિતાના ઘરના સુસંસ્કાર કેવું સુંદર કામ કરે છે એ અહીં આબેહૂબ જોવા મળે છે.

● **રાયપુર :** અત્રે ૨૬૫ ની કુમાર તથા યુવાનોની શિબિરમાં શ્રી કુમારપાળ વિ. શાહના જૈન આચાર-અનુષ્ઠાન સહિત જૈન સંસ્કૃતિ તથા તત્ત્વજ્ઞાનના વક્તવ્યોથી જાગેલા જન ઉત્સાહનો પ્રતિનાદ એવો પડ્યો કે રાયપુર આકાશવાણી કેન્દ્ર પરથી કુમારપાળ વિ. શાહનું 'જૈન આચાર' એ વિષય પર ૧૫ મિનિટનું વક્તવ્ય રીલે થયું હતું. આ માટે શ્રી સંઘે તા. ૩-૬ ના રોજે શ્રી કુમારભાઈનું ખાસ વક્તવ્ય ગોઠવેલ.

● **ઈડર :** અત્રે પૂ. તીર્થપ્રભાવક આચાર્યદેવ શ્રી વિજય વિક્રમસૂરીશ્વરજી મહારાજશ્રીની પ્રેરણાથી રૂા. ૪/- લાખના ખર્ચે તૈયાર થયેલ ''શ્રી આત્મ કમલ

લબ્ધિ જયંતસૂરીશ્વરજી પોષધશાળા''નું ઉદ્‌ઘાટન પ.પૂ.પં. શ્રી પદ્મવિજયજી મહારાજ તથા પૂ.પં. શ્રી સ્થૂલભદ્રવિજયજી મ.ની નિશ્રામાં મદ્રાસ નિવાસી શ્રી લાલચંદભાઈ મુણોતના વરદ હસ્તે થયું. સમારંભના પ્રમુખ મુંબઈ નિવાસી શેઠ શ્રી નાનચંદ જુઠાભાઈએ પોષધશાળાના મુખ્ય હોલના બાંધકામમાં સારો લાભ લીધેલ. શ્રી મોહનભાઈ ચુનીલાલે જાતદેખરેખ રાખી કાળજીથી કામ કરાવેલ.

**પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ.ની વડોદરા-પ્રવચનમાળાથી શ્રોતાના અનુભવ**

''મહારાજ સાહેબ ! સિગરેટનું વ્યસન ભારે છે. એક દિવસની ઓછામાં ઓછી ૫૦ જેટલી સિગરેટો પીવા જોઈએ છે !... પરંતુ વ્યાખ્યાનમાં વ્યસનોની ગુલામીથી ઊભા થતા અનેકવિધ અનર્થોની વાત સાંભળી... નિઃસત્ત્વ બની જતા આત્માની દીનતાની ભયંકરતા સાંભળી... ઉત્તમ માનવ જીવન પસ્તીના ભાવે વેડફાઈ રહ્યાની દર્દીલી રજૂઆત સાંભળી નિર્ણય કર્યો છે કે આ જિંદગીમાં હવે સિગરેટનું પાપ ન જ જોઈએ...' એક એન્જિનિયર યુવકે વાત કરી...''

ભાઈ ! તારો સંકલ્પ સારો છે... પણ હમણાં એક કામ કર... એક અઠવાડીયા સુધી રોજની ૨-૨ સિગરેટ ઓછી કરતો જા... એમ કરતાં ધીમે ધીમે બધી ય સિગરેટો છૂટી જશે !

''સાહેબ ! આપે એક ધડાકે સંસાર છોડેલો કે ધીમે ધીમે ? આપ જરાય ચિંતા ન કરો... આ નિયમ લીધા પછી મને ક્યારેય એવો દુષ્ટભાવ પેદા નથી થવાનો કે મેં આ નિયમ ક્યાં લીધો ?... ખૂબ સમજીને આ નિયમ લઉં છું !... મારે મારા જીવનને જિનાજ્ઞાની આરાધનાથી મઘમઘાયમાન કરી દેવું છે ! માટે સિગરેટ ન પીવાનો નિયમ જીવનભર આપી દો !

''બાકી સાચું કહું તો આ જિંદગીમાં તમામ ટેસનો અનુભવ કરી જ લેવો જોઈએ એવી જૂઠી માન્યતાનો હું ભોગ થઈ ગયેલો... અને એ ગણતરીએ માંસાહાર-ઈંડા તથા દારૂ એ ત્રણેયના સેવન કરી ચૂક્યો છું ! પરંતુ હવે આ પ્રવચનો સાંભળ્યા પછી એવી ખુમારી પ્રગટી છે કે ગમે તેવા વિકટ સંયોગો આવે તો ય માંસ-ઈંડા તો નહિ પરંતુ કંદમૂળને પણ અડવું નહિ... અને તે બાબતને અમલી બનાવવા હું કૃતનિશ્ચયી છું !''

આવો સુંદર અભિગ્રહ લઈ જનાર યુવકે અત્યારે પોતાના જીવનમાંથી રાત્રિભોજનના પાપને પણ તિલાંજલિ આપી દીધી છે !

'વસ્તુઓની પ્રાપ્તિ ખાતર અથવા તો પ્રાપ્ત થયેલી વસ્તુઓને ટકાવવા ખાતર આપણે જીવનની પ્રત્યેક પળે કેટલા બધા જાગ્રત છીએ ?... એ વસ્તુઓની



પ્રાપ્તિમાં આડે આવતી વ્યક્તિઓ સાથે આપણે દુશ્મનાવટ કેળવવામાં પણ ક્યાં બાકી રાખી છે ?... પણ આપણે ભૂલી ગયા એ વાત કે મર્યા પછી દુશ્મનો તો અહીંયા જ રહી જાય છે પરંતુ તેઓ સાથે કેળવેલી દુશ્મનાવટ જનમ-જનમ સાથે આવે છે !... પરમાત્માની મન મૂકીને ભક્તિ કરનારા આપણે આ જગતના જીવો સાથે દિલની મૈત્રી ન જમાવી શક્યા ! તેમાં બાધક બન્યો આપણો પોતાનો અહંકાર ! આપણી ક્ષુદ્ર અપેક્ષાઓ !

બહુ ગુમાવ્યું ! ચાલો નવેસરથી જીવન શરૂ કરીએ ! જેની સાથે દુશ્મનાવટો બંધાઈ હોય તે બધાયની સાથે આંતરિક ક્ષમાપના કરી લઈએ ! એક બાજુ જગત્પતિની ભક્તિ કરીએ તો બીજી બાજુ જગતના જીવ માત્ર સાથે મૈત્રી જમાવીએ ! પછી જુઓ, ધર્મસાધનામાં કેવી પ્રસન્નતા આવે છે ?'

પ્રવચનમાં આ વાત સાંભળીને છેલ્લા ૧૨-૧૨ વરસથી જેમની સાથે બિલકુલ બોલવા વ્યવહાર પણ નહોતો તેવા એક ભાઈ પોતાના મોટાભાઈના ઘરે જઈને આંખમાં આંસુ સાથે ક્ષમાપના કરી આવ્યા અને નવેસરથી સ્નેહભર્યું જીવન જીવવાનું નક્કી કરતા આવ્યા...

**''દિવ્ય-દર્શન'' - ''સમાચાર''** વર્ષ-૩૦,અંક-૪૨/૪૩,તા.૧૭-૭-૧૯૮૨

## પાલનપુરમાં ભવ્ય ચાતુર્માસ પ્રવેશ

અત્રેનો નૂતન જૈન ઉપાશ્રય સંઘ જેમના ચાતુર્માસ પ્રવેશની ખૂબ ઝંખના કરી રહ્યો હતો તે પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ પાટણ પ્રવચનમાળાનો લાભ આપી ચારૂપ પધારતાં પાટણ આરાધકભાઈઓએ મોહનીય કર્મ નિવારણપૂજા, સાધર્મિકવાત્સલ્યનો કાર્યક્રમ રાખેલો. આ પ્રસંગે બે વ્યાખ્યાન પણ થયા. ત્યાંથી વિહાર કરી ડીસા પધારતાં ત્યાં પ્રવચનમાળાનો ટૂંકો કાર્યક્રમ યોજાયો. જુનાડીસા, રાજપુર વગેરેથી લોકો સારો લાભ લેતા. શ્રેયાંસ સોસાયટીના આગેવાન જયંતિભાઈ વગેરેનો બહુ આગ્રહ થતા એક દિવસ શ્રેયાંસ સોસાયટીમાં થયો. ત્યાં ઊભા કરેલા વિશાળ પેન્ડોલમાં પૂ. આચાર્યદેવશ્રી તથા પૂ. મુનિશ્રી રત્નસુંદરવિજયજી મ.નું પ્રવચન થયું. અંતે ગુરુપૂજન-સંઘપૂજનાદિ થયેલ. લગભગ ૧૫૦૦ ભાઈ-બેનોએ પ્રવચનનો લાભ ઉઠાવેલ. ત્યાંથી વિહાર કરી ચંડીસર થઈ અ.સુ. ૧૦ પાલનપુર બહાર ગંજબજારમાં સસ્વાગત પધાર્યા. આખો દિવસ નગરવાસીઓની અવરજવર રહી. બીજી બાજુ નગરમાં શાનદાર પ્રવેશ-સ્વાગત સમારોહની ભારે તૈયારીઓ ચાલેલી.

અ.સુ. ૧૧ માલણ દરવાજેથી પૂજ્યશ્રી પ્રવેશ સ્વાગત વરઘોડો શરૂ થયો. શરૂઆતમાં નિશાનડંકો, ત્રણ હાથી, સાંબેલા, પાઠશાળાના ૫૧ વિદ્યાર્થીઓ, ૭૨ બેડાવાળી બેનો, હંસ, મયુર, નૌકાથી સુશોભિત ત્રણ ગાડીઓ, ચાંદીની ડેકોરેશનવાળી ગાડી, રીક્ષાઓ તેમજ પાંચ-પાંચ બેન્ડોના સૂરિલા અવાજોથી ગાજતા ભવ્ય સ્વાગતમાં રસ્તાની બંને બાજુઓથી ચિક્કાર મેદની જોવા પધારેલ. વચમાં વચમાં નાના બાળકો તથા યુવાનોએ દાંડીયા રાસ લીધેલ. શહેરના મુખ્ય મુખ્ય માર્ગોએ ફરી સામૈયુ પલ્લવીયા પાર્શ્વનાથ પ્રભુજીના દર્શનાદિ કરી હીરસૂરીશ્વરજી નૂતન ઉપાશ્રયે (ખોડા લીમડા) પધાર્યા. સભા ચિક્કાર હતી. પૂજ્યશ્રીના મંગલાચરણ બાદ સ્વાગત ગીત મુંબઈવાળા ભાઈશ્રી દક્ષેશકુમારે સભાને ઝીલાવ્યું. બાદ પાઠશાળાના વિદ્યાર્થીએ એક સ્વાગત ગીત ઝીલાવ્યું. ત્યારબાદ ચોપાટી જૈન સંઘના મુખ્ય કાર્યકર શ્રી સુધારક દલાલ, અત્રેના પ્રમુખ શ્રી દલપતભાઈ, પાલનપુરના આગેવાન શ્રી શાંતીલાલ રતનચંદ દોશી વગેરેના સ્વાગત વક્તવ્યો થયા. સહુએ પૂજ્યશ્રીના અત્રે ચાતુર્માસનો ખૂબ હરખ વ્યક્ત કર્યો. ત્યાર પછી જોશીલા પ્રવચનકાર મુનિશ્રી રત્નસુંદરવિજયજી મ.નું માંગલિક પ્રવચન થયા બાદ પૂ. આચાર્યદેવશ્રીનું પ્રવચન થયું. આ સ્વાગત પ્રવેશને અનુલક્ષીને શ્રી પાલનપુર જૈન મિત્ર મંડળ તરફથી નવકારશી રાખવામાં આવેલ. આ પ્રસંગે મુંબઈ-સુરત-અમદાવાદ, નડિયાદ, ડીસા તેમજ પાલનપુર આસપાસના ઘણા ગામોથી ભાવિકો પધારી સ્વાગત પ્રવેશ નિહાળ્યો હતો.

અ.સુ. ૧૩ રવિવારના રોજ ગંજબજારમાં ખાસ ઊભા કરેલા મંડપમાં ૪-૪ાા હજારની મેદનીએ 'નહિ એસો જનમ બાર બાર' એ વિષય પર પૂ. રત્નસુંદર મ.ના પ્રવચનનો લાભ લીધો અને દર રવિવાર બપોરે જૈન રામાયણ પર જાહેર પ્રવચન રહેવાની જાહેરાત થઈ. અંતે લાડુની પ્રભાવના થયેલ. બપોરના પૂજ્ય આચાર્યદેવશ્રીનું નૂતન ઉપાશ્રયમાં "અનંતના યાત્રી યાને પૃથ્વીચંદ્ર ગુણસાગર" એ વિષય પર પ્રવચન થયું. અ.સુ. ૧૪ ના સારી સંખ્યામાં પોષધ થયા. પ્રવચનમાં સાંકળીયા અઠ્ઠમ રોજ ધર્મરત્ન-પ્રકરણ પર પ્રવચન તથા શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય તથા શ્રી પંચાશકજી પર વાચનાઓની જાહેરાત થઈ.

• **હારીજ** : છેલ્લા ૨૦-૨૨ વર્ષથી સાધુના ચાતુર્માસ ન થવાને લીધે અત્રેના સંઘની ઘણી ઘણી વિનંતીને સ્વીકારી પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે પોતાના તપસ્વી શિષ્યરત્ન મુનિશ્રી વિદ્યાનંદવિજયજી મ. તથા તપસ્વી મુનિશ્રી અકલંકવિજયજી મ.ને મોકલતા ચાતુર્માસ પ્રવેશ ખૂબ ઠાઠથી થયો. દરરોજ પૂજ્યશ્રીના પ્રવચનોમાં જૈન-જૈનેતરો સારી સંખ્યામાં આવે



છે. સાંકળીયા અઠ્ઠમના નામો નોંધાઈ ગયા. અ.સુ. ૧૧ ના "અરિહંતપદ"ની આરાધનામાં ૧૨૫ આરાધકો જોડાયેલ. અઠ્ઠમના પારણા પણ જુદી જુદી વ્યક્તિઓએ કરાવવામાં લાભ લીધેલ.

• **અમદાવાદ** : શ્રી અખિલ ભારતીય હિંસાનિવારણ સંઘ તરફથી જણાવવામાં આવે છે કે ગુજરાતભરની પાંજરાપોળોને પશુદવાઓ અંગે દસ હજારની કિંમતની દવાઓ મોકલી આપવામાં આવી. છાનાંમાનાં પાકિસ્તાન તરફ રવાના થતા ૯૯ બળદોને રાજસ્થાન સેવા સંઘે છોડાવી. અમારી સંસ્થાને જણાવતાં અમારા પ્રતિનિધિ શ્રી નરેન્દ્ર કામદારને મોકલ્યા. અમલદારોના સહકારથી તે બળદોના જાન બચી ગયા. બળદોના નિભાવ માટે પાટણ જીવદયા પ્રેમીઓ તરફથી રૂા. ૫૦૦૦/- તેમજ અમારી સંસ્થા તરફથી રૂા. ૫૦૦૦/- મંજૂર કરાયા છે.

• **સાબરમતી** : પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ.ના મંગલ સાંનિધ્યમાં તા. ૧૧-૭-૮૨ ને રવિવારે "લગ્નના મંડપમાં કેવળજ્ઞાન" એ વિષય ઉપર ઐતિહાસિક કથા-દૃષ્ટાંત સાથે યોજવામાં આવેલ. તા. ૧૮-૭-૮૨ થી તા. ૨૮-૧૧-૮૨ સુધી ૧૯ રવિવારીય આધ્યાત્મિક જ્ઞાનશિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે.એમાં કર્મવાદ, જૈનાચાર, માર્ગાનુસારી જીવન અને જૈન રામાયણ વિષે પ્રવચન થશે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૪૪,તા.૩૧-૭-૧૯૮૨

• **પાલણપુર** : અત્રે પૂ. આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબના શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય તથા શ્રી પંચાશકજી શાસ્ત્ર ઉપર તત્ત્વજ્ઞાન અને સંવેગ વૈરાગ્યપૂર્ણ વાચના તથા પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ. ના શ્રી ધર્મરત્ન પ્રકરણ પરના જોશિલા પ્રવચનોથી અત્રેના સંઘમાં ધર્મભાવનાનો જુવાળ ઉછળ્યો છે... શ્રાવણ સુદ ૪-૫-૬ લગભગ ૨૫૦ અઠ્ઠમ થયા. કેટલાકને તપશ્ચર્યા આગળ વધી રહી છે. રવિવારના જાહેર પ્રવચનમાં જૈન-જૈનેતરની સંખ્યા ૪૫૦૦-૫૦૦૦ જેવી થાય છે. દર રવિવારે સવારે ૯-૩૦ થી શિબિર ચાલુ થઈ છે. એમાં લગભગ ૬૦૦ યુવાનો જોડાયા છે. ડીસા-પાટણ-ઉંઝા વગેરે બહારગામથી યુવાનો આવે છે. માર્ગાનુસારી જીવન, પ્રતાપી પુરુષોની જીવનગાથા, અને આત્માની ઉત્ક્રાંતિ એ વિષય પર પ્રવચનો થાય છે.

• **નાગપુર** : પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મ. આદિના ચાતુર્માસથી અત્રે ધર્મની આરાધના ખૂબ ધામધૂમથી થઈ રહી છે. તેમના તમતમતા વ્યાખ્યાનોથી

યુવાનોમાં જોરદાર જાગૃતિ આવી છે. લોકોમાં ધર્મપ્રવૃત્તિ સુંદર થવા માંડી છે. રોજ પ્રવચનમાં ૪૦૦-૫૦૦ ની હાજરી રહે છે. અને અહિંસાભવનના વિશાળ હોલમાં જાહેર પ્રવચનો વિવિધ વિષયો ઉપર થાય છે. એમાં જૈનેતરો સ્થાનકવાસી દિગંબરો પણ લાભ સારો લઈ રહ્યા છે. ૨૪ તીર્થંકર શ્રેણિતપની ૬૦૦ જણે આરાધના કરી. આ અનુષ્ઠાન ભવ્ય ઉજવાયું. નાગપુર સંઘમાં આ પહેલો પ્રસંગ હતો. સોમવાર સિવાય છ દિવસ માટે પ્રવચનના વાર દીઠ વિષયોની પત્રિકા બહાર પડી છે. એમાં રવિવારે ધર્મ-અધર્મ, સંસ્કૃતિ-વિકૃતિ આજના કાતિલ અનર્થો વગેરે પર પ્રકાશ પાડતા "જૈન મહાભારત" એ વિષય પર જાહેર પ્રવચન; મંગળવારે મનને મુંઝવતા ધાર્મિક-સામાજિક-નૈતિક પ્રશ્નો અંગેની પ્રશ્નોત્તરી; બુધવારે સર્વજ્ઞકથિત આત્મા-કર્મ, પરલોક, સૂર્ય-ચંદ્ર વગેરે અંગેના રહસ્યોભર્યું તત્ત્વજ્ઞાન; ગુરુવારે ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય વગેરેના વિવેક બતાવતી આહારશુદ્ધિ પર પ્રવચન; શુક્ર-શનિવારે શ્રી તત્ત્વાર્થકારિકા દર્શિત માનવ જન્મની સફળતાના સચોટ ઉપાય પર પ્રવચન એ પ્રમાણે જાહેર થયું છે.

## સાબરમતીમાં આધ્યાત્મિક જ્ઞાન શિબિર

• **સાબરમતી :** શ્રી સંઘના ઉપક્રમે તા. ૧૮ જુલાઈના પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ.ની શુભ નિશ્રામાં આયોજીત ૧૯ રવિવારીય આધ્યાત્મિક જ્ઞાન શિબિરનું ઉદ્‌ઘાટન શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈએ કર્યું હતું. શિબિરમાં ૫૭૦ યુવક બંધુઓ જોડાયા છે. પૂજ્યશ્રીએ પ્રવચનમાં જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્રના મહત્ત્વને સમજાવેલ. સૂર્ય પ્રગટે ને અંધકાર ન રહે તેમ જ્ઞાન પ્રગટે ત્યાં ક્રોધ અહંકાર ભોગલાલસા વગેરે ટકી શકે નહિ... વગેરે પર પ્રવચન, બાદ પ્રાસંગિક વક્તવ્યો શેઠશ્રી શ્રેણિકભાઈ, શેઠશ્રી લાલચંદજી પીંડવાડાવાળા, શેઠશ્રી રમણલાલ વજેચંદ વગેરેએ કરેલ. બપોરના ૨-૩૦ થી ૪-૦૦ આયંબિલ મંડપમાં વિશાળ જનમેદનીમાં પૂજ્યશ્રીએ "રામાયણમાં રાજકુમારીનું રણ પ્રયાણ" એ વિષય ઉપર જાહેર પ્રવચન સુંદર આપેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૦,અંક-૪૫,તા.૭-૮-૧૯૮૨

## નાગપુરમાં ઝળકેલી ધર્મની જાહોજલાલી

પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્યરત્ન પૂ.



મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મ. અત્રે ચોમાસું પધારતા શ્રી સંઘમાં શ્વેતક્રાન્તિ થઈ રહી છે. એમાં ય યુવાવર્ગમાં નવું ધર્મલોહી થનગની રહ્યું છે. આ વખતની ધર્મની જમાવટ જોતાં બધા ય ચકિત થઈ ગયા છે. આવું વ્યાખ્યાન તો કોઈ દિ સાંભળ્યું નથી. ૨૪ તીર્થંકર ભગવાનના શ્રેણિતપની ૬૦૦ આરાધકોની આરાધનાનો સવારે ૮ થી ૧૨ નો કાર્યક્રમ તો જાણે એક ઇતિહાસ બની ગયો ! ૫૦ ફૂટ લાંબી જરીયાન વેદીકા-વેલવેટથી ને થર્મોકોલની ડીઝાઈનોથી શણગારેલી દિવાલ સાથે ૩ા ફૂટનું સ્ટેજ ! એની પર ૨૪ તીર્થંકરદેવોની સ્થાપના ! એમાં એકેક પ્રભુજીની સામે ૨૫-૨૫ જણ એમ ૬૦૦ આરાધકો અને મંડળો, સંગીત પાર્ટીઓ ! અને પછી જે સ્તુતિઓના સૂર નીકળ્યા છે, દિગંત ગાજી ઉઠેલું, તાલબદ્ધ સ્વરે ૨૪ તીર્થંકરોની પદ્યમાં સ્તવના, પછી સકલીકરણ-ભૂતશુદ્ધિ, વજ્રપંજર, આહ્‌વાહનાદિ પૂર્વક જાપનો પ્રારંભ, ૦ાા કલાકનો જાપ પછી શ્રી ઋષભદેવ પ્રભુથી માંડી શ્રી વીર ભગવાન સુધીનાં તીર્થંકર દેવોનાં જીવનચરિત્ર પર ખૂબ રોચક પ્રેરક પ્રવચન ! અષ્ટપ્રકારી પૂજા વિધિના રૂા. ૨૦,૦૦૦ના ચડાવા થયા. એક સાથે ચોવીસે ભગવાનને અભિષેક ચંદન-પુષ્પ-ધુપદીપાદિ પૂજા ખરેખર સળંગ ૪-૪ાા કલાકનું અદ્‌ભુત આયોજન થયું.

તે પછી શ્રી અંતરીક્ષજી તીર્થરક્ષા નિમિત્તે શ્રી પાર્શ્વનાથ પ્રભુના અઠ્ઠમ તપની આરાધનાની જાહેરાત થઈ. કેટલી સંખ્યા થશે તેની અટકળો ૧૦૦-૧૫૦-૨૫૦ માંડતાં માંડતાં અત્તરવાયણાના દિવસે છેલ્લું પ્રવચન થયા બાદ સંખ્યા-૩૭૦ સુધી પહોંચી ગઈ. અંતરવાયણા ચાલુ હતા, ને દિલ્હીના સુપ્રીમ કોર્ટના અંતરીક્ષજી તીર્થ અંગેના વિજયના સમાચાર મળ્યા. બધાને ખૂબ ઉત્સાહ વધી ગયો.

ખંભાતમાં પૂ. આચાર્યદેવશ્રીના પવિત્ર કરકમળે અંજન થયેલા દેવાધિદેવને લેવા માટે સ્પેશિયલ કાર ખંભાત ગયેલી. શ્રા.સુ. ૧ બુધવારે પુષ્ય નક્ષત્રે પ્રભુજીનો પ્રવેશ રાખેલો, જે ખૂબ જ અદ્‌ભુત થયો ! જાણે કે પ્રતિષ્ઠાનો દિવસ ન હોય ! એમાં વિશેષ ખૂબી તો એ થઈ કે ભગવાનને શ્રાવકો લઈને ખંભાતથી નીકળ્યા બાદ રસ્તામાં એક દિવસની પૂજા ધુલિયામાં કરવાનું નક્કી કરેલું પણ ચમત્કારિક દેવાધિદેવનો સંકેત કંઈક જુદો જ હતો ! સુરત અને ધુલિયા વચ્ચે નવાગામમાં ગાડીને પંચર થયું. ગામમાં ૪ ઘર જૈનના હતા. તેને ત્યાં જઈને પ્રક્ષાલની વાત કરી. બધા ભેગા થઈ ગયા. ગાડી આવતાં પહેલાં જ ઘરમાલિકે જણાવ્યું કે "મારી છોકરીને આઠ દિવસથી પાર્શ્વનાથ ભગવાન સ્વપ્નમાં આવે છે. અને એમ કહે છે 'હું તારા ઘરે આવું છું' પણ અમારા જેવા અભાગીયાને કલ્પના પણ ક્યાંથી હોય કે ભગવાન ખરેખર આવશે જ." ભગવાનને જોઈને એ નાચી ઊઠ્યા ! નાહ્યા ધોયા પૂજાનો લાભ લીધો અને એ ગામડાનો રહેવાસી કહે કે, "શહેરમાં ભગવાનનો

પ્રવેશ થાય, તે દિવસે પ્રભાવના મારા તરફથી કરજો, લો આ રૂપીયા લેતા જાવ.'' તે પછી બરાબર નવ વાગે નાગપુર ગામ બહાર ભગવાન પધારી ગયા. આખી વ્યાખ્યાન સભા સાથે પ્રભુજીના સ્વાગત માટે પૂજ્યશ્રી સહુ ત્યાં ગયા. એટલામાં જ ૧૦૦૦ માઈલની મુસાફરી કરી કાર પણ ત્યાં આવી ગઈ. ગાડીના કેરીયરથી વિરાટ પેટી ગગનભેદી નારાઓ સાથે નીચે ઉતારી. હોલમાં લઈ જઈ સ્ક્રુ ખોલ્યા. રૂ માં સુરક્ષિત રખાયેલ પ્રતિમાજી બહાર કાઢ્યા અને જે અલૌકિક મુખમુદ્રા જન સમુદાયે જોઈ તે ઘડીએ તો કોઈપણની આંખ કોરી રહી શકી ન હતી. હર્ષથી નારાઓ પર નારાઓએ ગગન ગજાવી દીધું. નાચ્યા-કૂદ્યા ! ગાંડાતુર થઈ ગયા ! પછી ચૈત્યવંદન થયું પૂજાવિધિ થયો અને વિરાટ રથગાડીમાં ભગવાનને પધરાવી સામૈયું થયું. ૧૧ વાગે મંદિરમાં પ્રવેશ થયો. તે દિવસે જ લોકોને એવી શ્રદ્ધા બેસી ગઈ કે જીવનમાં કદી અઠ્ઠમ ન કરનારે પણ અઠ્ઠમ લગાવી દીધો. ૩૭૦ માંથી લગભગ ૨૦૦ આરાધકો તો જીવનમાં પહેલીવાર ઉપવાસ કરનારા હશે ! કેટલાંક તો સંવત્સરીના રાત્રે પણ ખાનારા હતા. જેમણે અઠ્ઠમ તપ ઉલ્લાસપૂર્વક કર્યો. ત્રણેય દિવસ બિલકુલ ભરચક પોગ્રામ ગોઠવેલ. સવાર બપોરના વ્યાખ્યાનો તેમાં એકેક કલાક ગીતો ધૂન જાપ વગેરે ચાલતું ! સવારે વ્યાખ્યાનમાં પરમાત્મા શ્રી પાર્શ્વનાથ પ્રભુના ૧૦ ભવનું વર્ણન થતું. તેમાં કષાયની પરિણતિની ભયંકરતા, એકપક્ષીય કમઠનું વૈર સાથે સાથે સમરાદિત્યના પ્રસંગો, અનેક પ્રેરણાઓ વગેરે થતી. બીજે દિવસે ૧૦ મા ભવના વર્ણનમાં જન્મકલ્યાણનું વર્ણન અદ્‌ભુત થયું. વીર જન્મવાંચનની જેમ પાર્શ્વ જન્મવાંચનનો ઠાઠ જામ્યો. થાળી વેલણ વાગ્યા, શ્રીફળ વધેરાયા, ધુપ દીવા થયા. અને **'જિન જનમ્યાજી, શુભ લગ્ને'** એ સ્નાત્ર પંક્તિ જન સમુદાયે ઝીલી ! તે પછી પરમાત્માના ૪ કલ્યાણકોનું વર્ણન થયું. છેલ્લું સમેતશીખર પર નિર્વાણ કલ્યાણ વાંચતાં પૂજ્યશ્રીનું હૈયું ભરાઈ ગયું. પોતે રડી પડ્યા, અને સભા આખી રડી ! સર્વ મંગલ થતાં રડતી આંખે પરમાત્માની સ્મૃતિ સાથે સહુ વિખેરાયા. ત્રીજે દિવસે ભવ્ય વરઘોડો નીકળ્યો. બાલાપુર અને વર્ધાના શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ મંડળો જે પૂજ્યશ્રીના વિહાર દરમ્યાન સ્થાપેલા તેમણે ત્રણેય દિવસ ભક્તિની ખૂબ રમઝટ બોલાવી. બપોરે ૨।। થી ૪ જૈનમહાભારત પર જાહેર પ્રવચન થયું. જેમાં નાગપુરનો સૌથી મોટો ગણાતો અહિંસા ભુવનનો હોલ પણ નાનો પડ્યો ! અત્રેનો ઉપાશ્રય હોલ પણ દૈનિક પ્રવચનોમાં નાનો પડી રહ્યો છે ! નાગપુર સંઘ માટે બધું અછેરા જેવું બની રહ્યું છે.

હવે નવ લાખ નવકારના જાપનું આયોજન ૮ મી ઓગષ્ટના થશે.



પ્રવચનોમાં સ્થાનકવાસી દિગંબર-જૈનેતર વગેરે સારો લાભ લે છે. એક કટ્ટર સ્થાનકવાસી ભાઈએ રૂા. ૨૦૦૦/- ની ઉછામણી બોલીને ૨૪ તીર્થંકરની પૂજાનો લાભ લીધો હતો.

• • •

• **ખેડલીગંજ** :- વણખેડાયેલ ભરતપુર જિલ્લાને પાવન કરી રહેલ પૂ. મુનિશ્રી ભુવનસુંદરવિજયજી મ.ના અત્રે ચાતુર્માસથી સંઘમાં ધર્મ ઉલ્લાસ અદ્‌ભુત વધ્યો છે. ૭૦ વિદ્યાર્થીઓ પૂજ્યશ્રી પાસે ધાર્મિક ભણવા આવે છે. તેઓની લેખિત પરીક્ષા લેવાઈ. જૈન ધર્મના આચારો-અનુષ્ઠાનો-નમસ્કાર મહામંત્ર-સાત વ્યસનત્યાગ, જીવવિચાર-દેરાસરની વિધિ વગેરે અંગે દૃષ્ટાંત-દલીલ-તર્ક વગેરેથી પૂ. મહારાજશ્રીએ વિદ્યાર્થીઓને આપેલ શિક્ષણ સંસ્કારની અસર સુંદર થયેલ છે તે પ્રશ્નપત્ર અને ઉત્તરો જોવાથી માલૂમ પડે છે. દર રવિવારે સ્નાત્ર તેમજ દરરોજ પ્રથમ ૨૦ સૂત્રો બોલાવવા, ભગવાન સામે સ્તુતિ વગેરે બોલ શીખવવામાં આવે છે.

• **ભુજ** :- પૂ.પં. શ્રી રાજેન્દ્રવિજયજી મ. આદિની નિશ્રામાં શ્રા.સુ.૪-૫-૬ના ૧૭૦ જિનેશ્વરની આરાધનામાં ૧૫૦ ઉપરાંત અઠ્ઠમ થયા. ત્રણે દિવસ પૂજ્યશ્રીએ જિનેશ્વર ભગવંતના અતિશય-ઉપકારો-વિશેષતાઓનું સચોટ વર્ણન કર્યું. જે સાંભળતાં શ્રોતાઓ મંત્રમુગ્ધ બન્યા હતા. દર રવિવારના જાહેર પ્રવચનમાં જૈનજૈનેતર ભાઈબહેનો સારો લાભ લે છે. અત્રે પ્રશાંતમૂર્તિ શ્રી જિતવિજયજી દાદાની ૬૦ મી સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે પૂ. પંન્યાસજી મહારાજે દાદાના ૫૫ વર્ષના નિર્મળ સંયમપાલનાદિ અને કચ્છમાં વિચરી કરેલ ઉપકારો યાદ કર્યા. મેતા મણીલાલ હરચંદ રાપરવાલા તરફથી સંઘપૂજન થયેલ. બપોરે ૯૯ પ્રકારી પૂજા-ભાવનામાં પ્રભુભક્તિની રમઝટ મચેલ, ચારે જિનમંદિરોમાં ભવ્ય અંગરચના થયેલ.

• **ઈડર** :- અત્રે પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ.શ્રી આદિની નિશ્રામાં શ્રા. સુ. ૬ના દિવસે સ્ટેશન ઉપરના નૂતનમંદિરમાં શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ આદિ ભગવંતોની પ્રતિષ્ઠા સારી રીતે થઈ. શ્રી અંતરીક્ષજી તીર્થરક્ષાર્થે ૨૦૦ આંબેલ અને અઠ્ઠમ થયા. વિપાકસૂત્ર અને તરંગવતીચરિત્ર ઉપર મુનિશ્રી વીરસેનવિજયજી મહારાજના પ્રવચનથી જાગૃતિ આવી છે. ૧૬ રવિવારીય શિબિરમાં ૧૦૦ યુવાનો લાભ લઈ રહ્યા છે. સ્વ.પૂ. આચાર્યભગવંત શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજની ૨૧ મી સ્વર્ગારોહણ તિથિ અદ્‌ભુત ઓચ્છવ ઠાઠ સાથે ઉજવાઈ. પૂજ્યશ્રીના ગુણાનુવાદ સાંભળતાં સભાના દિલ વલોવાઈ ગયા. 'અહો ! આવા ગુણભંડાર અને પ્રભાવક યુગપુરુષ આપને મળેલા !!

• **પૂના** :- અત્રે ન્યુ ટીમ્બર માર્કેટ-ભવાનિપેઠના ઉપાશ્રયમાં પૂ. વિદ્વદ્વર્ય

ગણિવર શ્રી જયશેખરવિજયજી મ. તથા તપસ્વી પૂ. મુનિશ્રી ચંદ્રસુંદરવિજયજી મ. સંઘના અતિ આગ્રહથી પધાર્યા ત્યારથી સંઘમાં આરાધનાઓ ઉત્સાહપૂર્વક થઈ રહી છે. પૂજ્યશ્રીની પ્રેરણાથી શ્રા.સુ. ૪-૫-૬ના શ્રી નેમિનાથ ભગવાનની આરાધના અઠ્ઠમતપ સાથે થઈ. પ્રવચનમાં પ્રભુના ૩ કલ્યાણકોથી પરમ પવિત્ર બનેલ અને આગામી ચોવીશીના સર્વ તીર્થંકરોની નિર્વાણ કલ્યાણકભૂમિ એવા શ્રી શ્રી ગીરનારજી તીર્થની ભાવથી યાત્રા કરાવતા સૌ તન્મય બનેલ. ત્રણે ય દિવસ પૂજ્યશ્રીએ શ્રી નેમનાથ પ્રભુના વિદ્વત્તાપૂર્ણ અલૌકિક ગુણગાન કરેલ જે અત્રેના સંઘ માટે સાંભળવાનો અભૂતપૂર્વ લહાવો હતો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૧,અંક-૧,તા.૪-૯-૧૯૮૨

## ત્રીજા દાયકાના અંતે, ચોથા દાયકાના પ્રથમ વર્ષના આરંભે...

દીવો એ જ્ઞાનનું પ્રતીક છે.

દીવાને ભૂલવા જેવો નથી. એને ભૂલીને આપણે રોજ દેવામાં ડૂબતા જઈએ છીએ. દીવાને સતત સ્મરણમાં રાખવા જેવો ખરો. કોઈએ જીવનને દીપક સાથે સરખાવ્યું છે. દીપકને જ્ઞાનનું પ્રતીક કહ્યું છે, પણ દીવો, દીપક એક પ્રતીક છે.

દીવો પેટાવતાં અંધારું ઓગળી જાય. દીવો કહે છે 'અજવાળું કરો, અંધારું ઓગળી જશે, એની મેળે ચાલી જશે. પણ દીવો પેટાવવો પડે. વાટને તેલવાળી કરવી પડે. કોડીયામાં તેલ ભરવું પડે, જીવન એક દીપ છે. દેહ તેનું કોડિયું, જ્ઞાન દીવાસળી અને ક્રિયા તેલ સમાન છે. જ્ઞાનથી આત્માને જગાવાશે તો જીવનદીપ ઝગમગી ઉઠશે.

કોડિયું છે. તેમ તેલ અને વાટ પણ છે. પરંતુ વાટને પેટાવાય નહિ તો એ દીવો નથી. એ દીવાથી અજવાળું નથી થતું. અજવાળા માટે વાટ પેટાવવી જ પડે. તેવી રીતે આત્મા છે, પણ આત્માની જ્યોતને જ્ઞાનથી પેટાવી નથી તો માંસપિંડ છે. અલબત્ત શરીર છે. હાલતું ચાલતું પણ પ્રકાશહીન પ્રકાશ વિનાનો દીવો હીરા મઢેલો હોય તો પણ શા કામનો ? પ્રકાશ છે તો માટીનોય દીવો મૂલ્યવાન છે.

આમ જ્ઞાન, ક્રિયા, ધ્યાન, સમતા, તપ, જપ, વ્રત અને પ્રભુભક્તિ જીવનદીપમાંથી અળગાં થયાં તો દીવો બુઝાય. દીવાને જલાવવા, સતત જલતો રાખવા આ બધું બરાબર થતું રહે તે માટે મથવું પડે.



દિવ્યદર્શન સ્વરૂપ સતત જલતો જ્ઞાનદીપ આપણા હૈયે સતત અધ્યાત્મનાં ઓજ અને તેજ પાથરે છે. આપણો આત્મદીપ ઓજસ્વી અને તેજસ્વી બને તે માટે આપણને પ્રેરણા આપે છે. આપણી મોળી પડી જતી ધર્મસાધનાને મજબૂત કરી આપે છે. સતત સખત માનસિક તાણમાં રહેતા આપણને તત્ત્વબોધમાં રસતરબોળ કરે છે. કાગળરૂપ કોડિયામાં, જ્ઞાનરૂપ વાટ દ્વારા, પૂજ્યશ્રીની દીવાસળી રૂપ કલમ દરેક શનિવારે અનેક ઘરોમાં અધ્યાત્મનાં ઓજસ પૂર્ણ અજવાળાં પાથરે છે. એના પ્રકાશનનો હેતુ પણ સ્વાધ્યાય પ્રેમી સાધક અને શ્રાવકોનું આંતર બાહ્ય જીવન નિર્મળ અને નિર્મમ બની રહે એ જ એક માત્ર છે.

આ દિવ્યદર્શનના દીપ દ્વારા હજારો વાંચકોના જીવન અધ્યાત્મથી ઝળહળતા બન્યા છે. આચાર માર્ગ ચીંધીને અનેક આત્માઓને સમ્યગ્જીવન માટે મુલાયમ બનાવ્યા છે. સુકૃત, સાધના અને સદ્ગુણોથી મઘમઘતું જીવન બનાવવાની પાવક પ્રેરણા આપી છે. વિશ્વકલ્યાણકર જિન શાસનનો સુપેરે પરિચય કરાવ્યો છે. 'સ્વ'ને ઓળખી 'સ્વ'ના શ્રેય માટેની શુદ્ધિ, સાધના અને સિદ્ધિનો માર્ગ ચીંધ્યો છે. દિવ્યદર્શનના ગત વર્ષોના અંકો એની સાક્ષી પૂરે છે.

ત્રણ દાયકાથી સતત સરસ વૈરાગ્યસભર જ્ઞાનવાણીનો પ્રકાશપૂંજ ઝગમગતો રાખવા બદલ અને બહુમૂલ્ય જીવન પાથેય પ્રકાશવા બદલ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ પ્રત્યે અમો કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ. અંતરનાય અંતરથી એમના ચરણોમાં કોટિશઃ વંદન કરીએ છીએ.

આપનું આપણું પ્રિય દિવ્યદર્શન આ અંકથી ત્રીસમું વર્ષ સમાપ્ત કરે છે. ચોથા દાયકાના પ્રથમ વર્ષમાં પ્રવેશ કરે છે. આપણા જીવનમાં પ્રત્યેક વર્ષે જન્મ દિવસ આવે છે. તેમ અખબારના જીવનમાં તેની વર્ષગાંઠ આવે તેનો પણ જન્મ દિવસ આવે છે. એટલે આ જ્ઞાનદીપ આજે ત્રીસમું વર્ષ પૂર્ણ કરી એકત્રીસમાં પૂર્ણ યૌવન વર્ષમાં પ્રવેશે છે. એને આપશ્રીની મંગળભાવના અને પૂજ્યપાદ આચાર્યશ્રીની કરુણામય કૃપાથી આવી સરસ સફળતા મળી છે. નૂતન વર્ષે આપ સૌ સ્વાધ્યાય પ્રેમી પરિવાર અને આજીવન સભ્ય પરિવારનું હાર્દિક અભિવાદન કરું છું. આજ સુધી આપ સૌએ બતાવેલ સહૃદયતાને વંદન કરું છું.

પરમ પૂજ્ય મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ સાહેબના પ્રવચનોએ શ્રી સંઘ અને ખાસ કરીને નવી પેઢીના નવયુવકોમાં આકર્ષણ જમાવ્યું છે. આ એમની પ્રવચન પ્રસાદીથી વંચિત રહેતા વાંચકોની સતત આગ્રહભરી વિનંતી રહી છે કે

અમને પણ આ વાણીનો લાભ મળે એટલે જ ગત અંકોથી દિવ્યદર્શનમાં પ્રવચન પ્રસાદી આપવાનું ચાલુ કર્યું. ૬ પાનાને બદલે એક સાથે ૮ પાનાનું વાંચન સહર્ષ શરૂ કરાયું છે. સાથે સાથે ભાવ વધારો અને મોંઘવારીથી થઈ રહેલી સતત ગૂંગળામણ હળવી કરવા વાર્ષિક લવાજમ રૂપિયા વીસ કરવામાં આવ્યું છે, એ હિસાબે આજની કાતિલ મોંઘવારીના ખર્ચમાં દિવ્યદર્શનનો માસિક ખર્ચ રૂા. ૧-૬૭ ન. પૈ. કોઈ વિસાતમાં નથી.

દિવ્યદર્શન આપનું, આપણા સૌનું પત્ર છે, એ વધુ સબળ, સક્ષમ અને તત્ત્વસમૃદ્ધ બને તે માટે અમારો સતત શ્રમ રહેશે, પણ આપનો સાથ, સહકાર અને શુભેચ્છા એનો પ્રાણવાયુ છે. સતત સદાય એ બળ આપવા પ્રેમળ વિનંતી છે.

દિવ્યદર્શન રૂપ ઝગમગતા સમ્યગ્ જ્ઞાનદીપ દ્વારા મારા, તમારા અને સૌના હૈયે આત્મઅધ્યાત્મ પ્રકાશ પ્રગટે તેવી શુભકામના.

**લિ.**

**કુમારપાળ વિ. શાહના પ્રણામ-તંત્રી**

• • •

• **વિલેપાર્લા :** પૂ.પં.શ્રી ભદ્રગુપ્તવિજયજી મ. શ્રીના ચાતુર્માસથી સંઘમાં અનેરી જાગૃતિ આવી છે. શ્રી શંખેશ્વર ભગવાનના અઠ્ઠમ તપની આરાધનામાં ૩૨૦ આરાધકોએ જાપ-ધ્યાન સારી રીતે કર્યા. દરેકને રૂા. ૧૧૧, ની પ્રભાવના થઈ. શ્રી નમસ્કાર મહામંત્રની ૩ દિવસની ખીરના એકાસણાથી ૨૦૦ આરાધકોએ આરાધના કરી. રોજના પ્રવચનમાં અને રવિવારના જાહેર પ્રવચનોમાં વિશાળ પ્રવચન હોલ ખીચોખીચ ભરાય છે. પર્યુષણપર્વની આરાધના અદ્ભુત થઈ. સંઘને કોઈ નવો જ ધર્મોલ્લાસ મળ્યો.

• **ખંભાત :** અત્રે જૈન અમરશાળામાં મુનિશ્રી જયતિલકવિજયજી મ. ની નિશ્રામાં પર્યુષણ પર્વ રૂડી રીતે ઉજવાયા. ૧ માસખમણ, ૪૦ અઠ્ઠાઈ-સિદ્ધિતપ ચત્તારી અઠ્ઠ તેમજ ૨૯ ચોસઠ પ્રહરી પોષધવાળાએ સુંદર આરાધના કરી. ઉપજ સારી થઈ.

• **અંતરીક્ષજી :** પૂ.પં.શ્રી ધનપાલવિજયજી મહારાજ તથા પ્રખરવક્તા મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી મ. આદિની નિશ્રામાં પર્યુષણપર્વની આરાધનામાં અનેરો રંગ જામ્યો. યુવાનો ગામોગામના ૫૭૫ ની સંખ્યામાં આવેલ. તેમાં ૨૬૦ યુવાનોએ ચોસઠ પ્રહરી પોષધ કરેલ. ૯૭ યુવાનોએ અઠ્ઠાઈ તેમજ ૧૮ યુવાનોએ છ ઉપવાસ



તેમજ ૧૦૦ યુવાનોએ અઠ્ઠમ તપની આરાધના કરી. પૂજ્યશ્રીના પ્રવચનોનો અનેરો લાભ ઉઠાવેલ. સેંકડો વિદ્યાર્થીઓએ ભવઆલોચના લઈ શુદ્ધિકરણ કર્યું.

• **છાણી :** પૂ. મુનિશ્રી નંદીભૂષણવિજયજી મ. તથા મુનિશ્રી હરિઘોષવિજયજી મ. ના ચાતુર્માસથી સંઘમાં અનેરો રંગ જામ્યો છે. નાનું ગામ અને દર સાલ ૭-૮ અઠ્ઠાઈ થવા છતાં ૭૧ અઠ્ઠાઈ આ વખતે થવાથી રેકોર્ડ તોડેલ છે. ૧૬-૧૫-૧૧-૧૦ તેમજ સિદ્ધિતપ વગેરે તપશ્ચર્યાઓ સારી થઈ છે. દરરોજ શાંત સુધારસના પ્રવચનો તેમજ રાત્રે ૨૦૦ યુવાનો તત્ત્વજ્ઞાનનો લાભ લઈ રહ્યા છે. સાત નવકારશી તેમજ ઉત્સવ ચાલુ છે. સાધ્વીશ્રી હંસકીર્તિશ્રીજી આદિ પણ અત્રે ચાતુર્માસ હોવાથી બેનોમાં પણ સારો ધર્મરંગ જામ્યો છે. ૧ નાની બેબીએ અઠ્ઠાઈ કરેલ.

• **ખંભાત :** અત્રે ઓસવાલ જૈન ઉપાશ્રયે પ.પૂ.આ.શ્રી ગુણાનંદસૂરીશ્વરજી મ. તથા જોશીલા પ્રવચનકાર પૂ.મુનિશ્રી હેમચંદ્રવિજયજી મ. ના ચાતુર્માસથી સંઘમાં ઉલ્લાસ સારો છે. દીપક એકાસણાપૂર્વક ચૌદ રાજલોકના સર્વ ચૈત્યોની ભાવયાત્રા કરાવવામાં આવી. જેમાં ૫૫૦ આરાધકોએ લાભ લીધો. ગૌતમ સ્વામીના છઠની આરાધના ૪૦૦ ભાઈબેનોએ કરી જેમાં ૧૩૫ જેટલા ૧૬ વર્ષની અંદરના બાળક-બાળીકાઓ હતી. નવકારમંત્રની આરાધના ૩૫૦ પુણ્યાત્માઓ આયંબિલપૂર્વક કરેલ. પર્યુષણપર્વ રૂડી રીતે ઉજવાયા.

• **મલાડ :** શ્રી હીરસૂરીશ્વરજી ઉપાશ્રયમાં પૂ. તપસ્વી મુનિશ્રી કીર્તિરત્ન-વિજયજી મ. તથા મુનિશ્રી મતિસુંદરવિજયજી મ. ની નિશ્રામાં પર્યુષણ પર્વ સારી રીતે ઉજવાયા. ૨ માસખમણ, ૯૫ અઠ્ઠાઈ, ૮ સિદ્ધિતપ, ખીર સમુદ્ર ૧૫, વગેરે તપશ્ચર્યાઓ સારી થઈ. દેવદ્રવ્ય-નિભાવ ફંડ, આયંબિલ ખાતા વગેરેમાં ઉપજ સારી થઈ.

• **ઘોટી :** પૂ.મુનિશ્રી વિશ્વાનંદવિજયજી મ.શ્રી આદિની નિશ્રામાં નાનું ગામ હોવા છતાં ૧૧ ગણધરતપ, નવકારતપ, અઠ્ઠમતપ વગેરે સારી સંખ્યામાં થયા. પર્યુષણપર્વમાં ૨ માસખમણ, સિદ્ધિતપ, ૨૧/૧, ૧૬/૭, ૧૧/૬, ૧૦/૨, ૯/૮, તેમજ ૨૬ અઠ્ઠાઈઓ, વરઘોડો વગેરે સુંદર થયા.

• **હારીજ :** પ.પૂ. મુનિરાજશ્રી વિદ્યાનંદવિજયજી મ. અત્રે ચાતુર્માસ પધાર્યા ત્યારથી સંઘમાં ઉલ્લાસ ઘણો વધ્યો છે. પર્યુષણા પર્વની આરાધના ચઢતા રંગે થઈ છે. પ્રથમવાર પૂજ્યશ્રીનું ચાતુર્માસ થવાથી ૧૦ માસખમણ, ૧૬ ઉપવાસ, ૧૧/૧, ૧૦/૨, ૯/૧, તેમજ આવા નાના ગામમાં ૪૦ અઠ્ઠાઈ અને ૧૨૧ ચોસઠ પ્રહરી પોષધ થયેલ. આખા ગામમાં અમારી પ્રવર્તન અંગેની પત્રિકા અને મીઠાઈના પેકેટ વહેંચવામાં આવેલ. તપસ્યાની નિર્વિઘ્ન પૂર્ણાહૂતિ નિમિત્તે ૩ સાધર્મિકવાત્સલ્ય,

અઠ્ઠાઈ મહોત્સવ, ભવ્ય વરઘોડો નીકળેલ.

● **અંકલેશ્વર :** પૂ.મુનિશ્રી દેવભદ્રવિજયજી મ. તથા અત્રેના જ મૂળ વતની પૂ. મુનિશ્રી જયદેવવિજયજી મ. આદિના ચાતુર્માસથી સંઘમાં ઉલ્લાસ ઓર વધી ગયો છે. પર્યુષણપર્વ રૂડી રીતે ઉજવાયા. દેવદ્રવ્યની ૮૩ હજારની ઉપજ થયેલ જે છેલ્લા ૪૦ વર્ષના રેકોર્ડમાં થયેલ ન હતી. પૂ. મુનિશ્રી જયદેવવિજયજી મ.ના સંસારી કુટુંબીઓ તરફથી ચાતુર્માસ દરમિયાન સાધર્મિક ભક્તિ સુંદર કરવામાં આવે છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૧,અંક-૨,તા.૧૧-૯-૧૯૮૨

## યુવાનો તમારી આસપાસ ચોપાસ અંતરીક્ષજી તીર્થમાં યુવાઆરાધકો દ્વારા પર્યુષણાની ભવ્ય આરાધના

દર વર્ષે ભારતભરના સાધુ-સાધ્વીજી ભગવંતોના વિયોગવાળા ગામોમાં પર્યુષણાની આરાધના કરાવવા જતા ૪૫૦ શ્રમણોપાસક યુવાનોની આ વર્ષે પૂજ્ય મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મ. ની નિશ્રામાં અંતરીક્ષજી તીર્થ ખાતે પર્યુષણાની આરાધના યાદગાર અને અદ્‌ભુત રહી.

સવારના પાંચ વાગ્યાના પ્રતિક્રમણથી આખા દિવસના ભરચક કાર્યક્રમોમાં તમામ યુવાનો ખૂબ ઉલ્લાસથી ભાગ લેતા.

સવારે અને બપોરે આશરે ૩-૩ કલાક ચાલતાં પૂજ્ય ગુરુદેવના જોશભર્યા, લાગણી અને સંવેદનશીલતાથી છલકાતા પ્રવચનોએ યુવાનોને રોજ રડાવેલા, ને જીવનને જબરદસ્ત પ્રેરણાઓ પૂરી પાડી હતી.

પર્યુષણમાં સાધુપણાનો રસાસ્વાદ ચાખવા અઢીસો યુવાનો ૬૪ પહોરી પોષધમાં જોડાયેલા, એ જોઈને પૂ. ગુરુદેવનું હૈયું હર્ષના હીલોરે ચડેલું.

આઠે દિવસના પ્રવચનોમાં પૂ.ગુરુદેવે અનેક જોરદાર પ્રેરણાઓ કરતા યુવાનોને ભારપૂર્વક જણાવ્યું હતું કે હવે આજના કાળમાં સર્વવિરતિ ધર્મ સિવાય તમારા માટે જમાનાની આબોહવામાંથી બચવાનો માર્ગ જણાતો નથી. યુવાનોએ રડતી આંખે આ પ્રેરણાઓ ઝીલી હતી.

પૂજ્ય ગુરુદેવ ભવાલોચના કરીને જીવનના તમામ પાપોનું પ્રાયશ્ચિત્ત કરી લઈ પવિત્રતાના પંથે પ્રયાણ કરવા યુવાનોને કરેલી હાકલને પણ જબરદસ્ત પ્રતિસાદ મળ્યો. સંખ્યાબંધ યુવાનોએ પોતાના જીવનની કાળી કિતાબો ગુરુદેવ સમક્ષ રજૂ કરી દીધી હતી.

મલાડના સુશ્રાવક શ્રી રમણિકભાઈએ અંતરીક્ષજી તીર્થરક્ષા કાજે મૌન અને જાપ સહિત માસખમણ તેમજ મુંબઈના શ્રી રાજુભાઈના ધર્મપત્નીએ પણ માસખમણ કરેલ.

માસક્ષમણ અને અઠ્ઠાઈથી માંડી અઠ્ઠમ સુધીની તપશ્ચર્યામાં કોઈ મોટા સંઘના જેટલી આરાધના આ સાડા ચારસો યુવાનોમાં થઈ હતી.

| | | | |
|---|---|---|---|
| ચોસઠ પહોરી પોષધ | - ૨૬૮ | અઠ્ઠાઈ | - ૯૯ |
| માસખમણ | - ૨ | અઠ્ઠમ | - ૧૦૦ |

ત્યાગ તપ અને વિરતિની સાથે સાથે અંતરીક્ષજી તીર્થના સાધારણ ખાતામાં, ભોજનશાળામાં, પ્રભાવના ફંડમાં, જીવદયાની ટીપ વગેરેમાં ઉદારતાપૂર્વક પૈસા લખાવી આ યુવાનોએ દાનની પણ રેલમછેલ બોલાવી હતી.

તપસ્વીઓ અને પોષધાર્થીઓની વૈયાવચ્ચ કરવા માટે રાત્રિના પ્રતિક્રમણ પછી યુવાનો ટોળાબંધ નીકળી પડતા ત્યારે ભ્રાતૃત્વ અને મૈત્રીના રોમહર્ષક દૃશ્યો સર્જાતા હતા.

૨૫૦ જેટલા યુવાનોની પોષધ-આરાધના જોઈ, પૂજ્યશ્રીએ પોતાના અંતરની એક વાત કરી દીધી હતી. એ વાત હતી માત્ર યુવાનોના જ સામુદાયિક ઉપધાન કરાવવાની તેમની ભાવનાની. યુવાનોએ ગુરુદેવની ઈચ્છાને હર્ષ સાથે વધાવી લીધી હતી.

પર્યુષણાના પહેલા ત્રણ દિવસ બપોરે પણ વ્યાખ્યાનમાં પ્રથમ દિવસે 'અંતરીક્ષજી તીર્થ' અંગે ખાસ પ્રવચન રાખવામાં આવેલું. આ તીર્થ અંગે તાજેતરમાં જ પ્રાપ્ત થયેલા લાગલગાટ ત્રણ વિજયોને કારણે પૂજ્યશ્રીના હૈયામાં ખૂબ જ આનંદ અને તીર્થના વિજય અંગેનો જબરદસ્ત આત્મવિશ્વાસ ઉભરાઈ રહ્યો હતો. બીજા દિવસે બપોરે 'આપણું કર્તવ્ય' એ વિષય ઉપરના ખાસ પ્રવચનમાં યુવાનોને સાત મહત્ત્વની હિતશિક્ષાઓ આપી હતી. ત્રીજા દિવસે પ્રવચનમાં યુવાનોને મુંઝવતા સંખ્યાબંધ પ્રશ્નોના સુંદર ઉકેલો પૂ. ગુરુદેવે આપ્યા હતા અને ત્યારબાદ વર્ધમાન સંસ્કૃતિધામની મહત્ત્વાકાંક્ષી યોજના તપોવનની રૂપરેખા આપી હતી.

આઠ દિવસની આરાધનાના અંતે પાંચમના દિવસે આખરી પ્રવચનમાં પૂજ્ય ગુરુદેવે પોતાના હૃદયની અનેક વાતો અને મહત્ત્વાકાંક્ષાઓ રજૂ કરી હતી અને ખૂબ જ આત્મવિશ્વાસ સાથે જૈનસંઘના અભ્યુદય માટે સખત જહેમતનો યજ્ઞ આરંભી

દેવા પ્રેરણા કરી હતી.

• • •

**• ઈડર :** પ.પૂ.આચાર્યદેવશ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજશ્રી આદિની નિશ્રામાં પર્યુષણપર્વમાં ૧૩ સિદ્ધિતપ, ૧૧ માસખમણ, ૧૦ અઠ્ઠાઈ, ક્ષીરસમુદ્રતપ વગેરે આરાધનાઓ સુંદર થઈ. દીર્ઘસંયમી સાધ્વીજી શ્રી સુવ્રતાશ્રીજી મ. નરમ તબીયત હોવા છતાં હંમેશા વ્યાખ્યાન શ્રવણ, જિનભક્તિ-સ્વાધ્યાય વગેરે અખંડ આરાધના કરી રહ્યા છે. જે જોઈ અત્રેનો સંઘ તેમના સંયમી જીવનની અનુમોદના કરી રહ્યો છે.

**• ખમનોર :** પ.પૂ.ગણિવર્ય શ્રી જીતેન્દ્રવિજયજી મહારાજશ્રી આદિની નિશ્રામાં પર્યુષણપર્વ અનેરા ઉજવાયા. ૨૦ સંઘપૂજન, ૪ વરઘોડા, ૪ સાધાર્મિક વાત્સલ્ય વગેરે થયા. મુનિશ્રી પદ્મભૂષણવિજયજી મહારાજે લાગટ ૪૪૦ આયંબિલ ઉપર ૯ ઉપવાસ કર્યા. આગળ આયંબિલ ચાલુ છે.

**• પૂના :** ન્યૂ ટીંબર માર્કેટમાં પૂ. ગણિવર્ય શ્રી જયશેખરવિજયજી મ. શ્રી ની નિશ્રામાં ૩ માસખમણ અઠ્ઠાઈઓ વગેરે ભરપૂર તપશ્ચર્યા તેમજ દેવદ્રવ્યાદિ જીવદયા વગેરેની ઉપજ સારી થઈ. તપસ્વીઓનું સારી રકમથી બહુમાન થયું. ૪ રવિવારમાં ૨૨ દેરાસરોની ચૈત્યપરિપાટી દબદબાભરી રીતે નીકળવાનું નક્કી થયું.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૧,અંક-૩,તા.૧૮-૯-૧૯૮૨

**• સાબરમતી :** શ્રી સાબરમતી જૈન શ્વે.મૂ.સંઘના ઉપક્રમે તા.૫-૯-૮૨ના પૂ.પં.શ્રી નિત્યાનંદવિજયજી મ. તથા પૂ.મુનિશ્રી ગુણરત્નવિજયજી મ. આદિની નિશ્રામાં અમદાવાદ શહેરના સુપ્રસિદ્ધ દેરાસરો, હઠીભાઈની વાડી, ફતાસા પોળ, મહાવીર સ્વામી, શંખેશ્વર પાર્શ્વનાથ તથા મોરૈયા પાર્શ્વનાથજીના દર્શનાર્થે ભવ્ય ચૈત્યપરિપાટી નીકળેલ. જેમાં શણગારેલા સ્કૂટરો, ૪૫ આગમોના રંગબેરંગી ચિત્રો, ૬૦૦ શિબિરાર્થીઓની ભક્તિગીતની મંડળી-બેન્ડ સાથે ૬૦૦૦ ભાઈ-બેનોએ લાભ લીધેલ. ચૈત્યપરિપાટી ફેલોશીપ હાઈસ્કૂલમાં ઉતર્યા બાદ પૂજ્યોનું **'કરમનો કોયડો અલબેલો'** એ વિષય પર પ્રવચન થયું બાદ સાધર્મિક વાત્સલ્ય થયું.

**• પાલનપુર :** અત્રે પૂ.આ.શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.શ્રીની નિશ્રામાં પર્યુષણા પર્વ દરમિયાન સાધારણ ખાતાની રોજની ૫૦૦/- રૂપિયાની તિથિના હિસાબે સારી તિથિઓ નોંધાયેલ. તપસ્યાની અનુમોદના નિમિત્તે એકાદશાહ્નિકા મહોત્સવ ઉજવાયો. એમાં માસખમણી સાધ્વી શ્રી નિર્વેદગુણાશ્રીજીના સંસારીપણે પિતાશ્રી તરફથી નવાણું અભિષેકની મહાપૂજા ભણાવી. પાલનપુરીને અમદાવાદથી ખાસ મંગાવેલ લાડુની પ્રભાવના થઈ. તેમજ તેમના ખાસ આમંત્રણથી પ્રસિદ્ધ પૂજા નિષ્ણાત શ્રી ચતુરદાસ ચીમનલાલ પોતાની મંડળી સાથે પધારેલ. પૂજાની કડીએ કડીએ જુદી જુદી શાસ્ત્રીય તરજોથી સંગીત ભક્તિની રમઝટ મચાવી. જગતગુરુ શ્રી હીરસૂરીશ્વરજી મ.ની ભાદરવા સુદ-૧૧ની તિથિએ પૂ.આ.શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ. તથા પૂ.આ.શ્રી ઈન્દ્રદીન્નસૂરીશ્વરજી મ.શ્રી આદિની નિશ્રામાં સુંદર ગુણગાન મહાજનના વંડામાં થયા. વ્યાખ્યાનમાં પૂજ્યશ્રી તરફથી પ્રેરણા થતાં સુદ-૧૩ના જગતગુરુનો ભવ્ય વરઘોડો નીકળ્યો જેમાં ખાસ વિશેષતા એ હતી કે રસ્તામાં ઠેર ઠેર ગોળના પડીકા વહેંચવામાં આવ્યા. ભાદરવા વદ-૭ ના મહાન તપસ્વી શ્રીમતી સુશીલાબેનને ૪૫ ઉપવાસ સુખરૂપ પૂર્ણ થતા પારણા નિમિત્તે વાજતે ગાજતે ચતુર્વિધ સંઘના ઘરે પગલા કરાવ્યાં. ત્યાં પ્રાસંગિક ઉપદેશમાં પ્રેરણા કરાતા ૪૫ એકાસણા, ૪૫ બેસણા અથવા એક ભાણે ૪ દ્રવ્ય ઉપર વધુ દ્રવ્ય હોય તો ૧ દ્રવ્ય ભાણામાંથી કાઢી નાખવું વગેરે નિયમ લેવાયા.

**• નાગપુર :** પ્રખર વક્તા પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મ.ની નિશ્રામાં પર્યુષણા પર્વ રૂડી રીતે થયા. જન્મવાંચન પ્રસંગે ૧ લાખનું ફંડ સાધારણ ખાતે થયેલ. બાદ રોજના પ્રવચનમાં પૂર્વવત્ હાજરી. રાત્રીના ૯ થી ૧૦ વાગ્યા સુધી યુવાનો માટે "જૈનાચાર" ના વિષયને અનુલક્ષીને પ્રવચનમાં ૨૦૦ યુવાનો સહિત ૩૦૦ ભાઈઓ લાભ ઉઠાવી રહ્યા છે. રવિવારીય પ્રવચનો માટે ભવ્ય મંડપ ખડો કરવામાં આવેલ છે. અત્રેની સેન્ટ્રલ જેલમાં ૨૬૦ કેદીઓ સમક્ષ 'મનવા ! તું રાવણ, તું રામ' એ વિષય પર હિન્દીમાં સચોટ પ્રવચન થયું. શ્રાવણ સુદ-૧ ના ખંભાતથી અંજન થઈ આવેલ ચમત્કારી જિનેશ્વર ભગવંતની અત્રેના નૂતન જિનાલયમાં વિ.સં. ૨૦૩૯ કારતક વદ-૫ના દિવસે પ્રતિષ્ઠા કરાવવાનો નિર્ણય થયો છે. તેમજ વર્ધમાનનગર સોસાયટીમાં શિખરબંધી દેરાસર કરાવવાની ભાવનાથી ઘર દેરાસરમાં ત્રિગડું પધરાવવાનું કારતક વદ-૧૧ના રાખેલ છે.

**• નાર :** પૂ.મુનિશ્રી નિપુણચંદ્રવિજયજી મ. આદિની નિશ્રામાં પર્યુષણા પર્વ સારી રીતે ઉજવાયા. માસખમણ- ૧૬-અઠ્ઠાઈઓ, વગેરે તપશ્ચર્યાની અનુમોદના નિમિત્તે ૩ દિવસ, બાજુના ગામો પેટલાદ, તારાપુર, સોજીત્રા ગામની ભવ્ય ચૈત્ય પરિપાટીનો વિશિષ્ટ કાર્યક્રમ નક્કી થયેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૧,અંક-૫,તા.૯-૧૦-૧૯૮૨

● **પાલનપુર :** અત્રે પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં આસો સુદ-૧૦ દશેરાથી ઉપધાન તપ થવાની જાહેરાત થતાં ચારે બાજુથી આરાધકોના નામ આવી રહ્યા છે લગભગ ૪૦૦ નામ નોંધાવા આવી ગયા છે અને હજી નામો નોંધવાનું ચાલુ છે. કેમકે જૈન મિત્રમંડળની ભાવના વિશાળ રૂપમાં ઉપધાન કરાવવાની છે. રવિવારીય શિબિર પણ પૂર્વવત્ જોરદાર ચાલી રહી છે.

● **નાગપુર :** અત્રે પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજે જેલમાં લગભગ ૧૫૦૦ કેદીઓ સમક્ષ ધર્મપ્રવચન આપતાં કેદીઓ અને કેદીઓને સજા ફટકાનાર પોલિસોની આંખમાંથી આંસુ વહી રહ્યા હતા. પૂજ્યશ્રીના જાહેર વ્યાખ્યાનોમાં ઈતર જનતા ખૂબ લાભ લઈ રહી છે.

● **ઘોટી :** થાણા સંઘના પ્રમુખ શ્રી દીપજી ગોમાજી અને બીજા ૧૪ ભાઈઓ અત્રે બિરાજમાન પૂ. મુનિશ્રી વિશ્વાનંદવિજયજી મ. આદિને વંદનાર્થે આવેલા. એમના તરફથી વ્યાખ્યાન બાદ સંઘપૂજન થયું. ઘરદીઠ લાડુની પ્રભાવના થઈ. વ્યાખ્યાન વખતે પ્રમુખ દીપજીભાઈએ પૂ. મહારાજશ્રીના થાણાના ચાતુર્માસથી થયેલ અદ્ભુત લાભોનું વર્ણન કરતા ગદ્ગદ થઈ ગયા અને આગામી ચાતુર્માસ માટે વિનંતી કરી ગયા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૧,અંક-૬,તા.૧૬-૧૦-૧૯૮૨

● **હારીજ :** પૂ. મુનિરાજશ્રી વિદ્યાનંદવિજયજી મ. ની નિશ્રામાં થયેલ તપશ્ચર્યાના તપસ્વીઓનું બહુમાન મુંબઈકોટથી પધારેલ પરેશકુમાર મોહનલાલ જમનાદાસના શુભ હસ્તે થયેલ. પરેશકુમાર તરફથી સંઘપૂજન તેમજ પ્રભુજીને ભવ્ય અંગરચના વગેરે સુંદર થયેલ. અત્રેથી ૫ કિલોમીટર દૂર બોરપતપાડાની ચૈત્યપરિપાટી નીકળેલ. ત્યાં જૈન-જૈનેતરોએ સ્વાગત કરી પ્રવચનનો લાભ લીધેલ. બોરપતપાડાના શ્રી કાંતીભાઈ તરફથી સંઘપૂજન તેમજ શ્રી હારીજ સંઘ તરફથી સાધર્મિક વાત્સલ્ય તેમજ આખા ગામમાં બુંદીની પ્રભાવના થયેલ.



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૧,અંક-૧૨,તા.૪-૧૨-૧૯૮૨

● **અમલનેર :** અત્રે મહારાષ્ટ્રકેસરી વૈરાગ્યવારિધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ. ની ૧૧મી સ્વર્ગારોહણતિથિને અનુલક્ષીને તેમજ સ્વ. શાસનપ્રેમી રીખવચંદ હાથીચંદના સ્મર્ણાર્થે ઉત્સવ ઉજવાયો તેમાં મહારાષ્ટ્રના ચતુર્થવ્રતધારીઓના બહુમાન પ્રસંગ સારી રીતે ઉજવાયો. લગભગ ૩૭૫ ઉપરાંત આમંત્રણ પાઠવેલા તેમાં લગભગ ૨૦૦ જેટલા વ્રતધારી પધાર્યા હતા. સવારે વરઘોડો ગામમાં ફરી બાંધેલા વિશાળ મંડપમાં ઉતર્યો. ત્યાં પૂ. આચાર્યદેવશ્રી રંગસૂરીશ્વરજી મહારાજનું પ્રવચન થયું. મુંબઈથી શેઠશ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાલા, સંઘવી વિનોદભાઈ, શ્રી કુમારપાળ વિ. શાહ, નાસિકથી શ્રી સુમતીલાલ ચંદુલાલ વગેરે સંભાવિત સદ્ગૃહસ્થોની હાજરી સારી હતી. આ પ્રસંગને જોઈ ૪ યુગલોએ ચતુર્થવ્રતનો નિયમ લીધેલ. દરેક ચતુર્થવ્રતધારીઓને સારી પહેરામણી કરી બહુમાન કરેલ. શેઠશ્રી મિશ્રીલાલજી તથા સ્વ. શ્રી રીખવચંદભાઈના સુપુત્ર મનસુખલાલ પ્રસંગને દીપાવવા સારો રસ લીધેલ.

● **પાલનપુર :** અત્રે પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં રવિવારીય શિબિરની પૂર્ણાહૂતિ કારતક સુદ-૧૨ના રવિવારે થયેલ. મંગળાચરણ બાદ આ શિબિરમાં લાભ લીધેલ વિદ્યાર્થીઓએ પોતાનો સ્વાનુભવ કહેલ. તેમાં ડૉ.એમ.સી.શાહ, ડૉ.નરેશભાઈ, ડૉ.જીતુભાઈ તથા બેંક મૅનેજર શ્રી બાબુભાઈએ પોતાના જીવનમાં થયેલ સુસંસ્કારના વાવેતર અંગે વક્તવ્ય કરેલ. ત્યારબાદ સંઘના પ્રમુખ દલપતભાઈએ પ્રાસંગિક વક્તવ્ય કરેલ. મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજે પંદર રવીવાર સુધી જે સંભળાવ્યું તેનો નિષ્કર્ષ સંભળાવી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા. મોરબીથી આવેલ રમેશ દફતરીએ વીરભગવંતની સ્તુતિ ગાઈ હતી. મુનિશ્રીએ બપોરના જાહેર વ્યાખ્યાનમાં "આત્મસંવેદન" કરાવી પ્રભુ પ્રત્યેની પ્રાર્થના કેવી દર્દભરી હોઈ શકે તેનો સાક્ષાત્ અનુભવ કરાવી આખી સભાને અશ્રુભીની કરી પ્રભુ પ્રત્યે ગદ્ગદ બનાવી. જીવનમાં હવે ઉચ્ચ સંસ્કારોને લાવી ટકાવવાનું જણાવેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૧,અંક-૧૬,તા.૧-૧-૧૯૮૩

● **પાલનપુરથી અમદાવાદ તરફ :** પ. પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવન-

ભાનુસૂરીશ્વરજી મહારાજ પાલનપુરથી સપરિવાર ગોળા પધાર્યા. અત્રેના ભાઈશ્રી હીરાભાઈએ પાલનપુરમાં ઉપધાન કરેલા હોવાથી એમનું બહોળું કુટુંબ અને ગોળા સંઘનો ખૂબ જ ઉલ્લાસ હતો. વ્યાખ્યાન સાધર્મિક વાત્સલ્ય વગેરેથી ધર્મપ્રભાવના સુંદર થઈ. ત્યાંથી **સનીઆના** પધાર્યા. ત્યાં વ્યાખ્યાન સાધર્મિક વાત્સલ્ય થયું. સવારે **ધોતા** પધારતા સ્વાગત સામૈયું વ્યાખ્યાન સાધર્મિકવાત્સલ્ય જાહેર વ્યાખ્યાનથી ધર્મપ્રભાવના સારી થઈ. ત્યાંથી **વડગામ** થઈ દલવાડા-થલવાડાવાળા શ્રી રજનીકાન્તભાઈ અને સંઘનો અતિશય આગ્રહ મહિના પહેલાથી હતો અને સુંદર શાસન પ્રભાવના કરવા મોટી રકમ એકત્રિત કરેલી. પાંચ દિવસનો ઉત્સવ કરવો હતો તેથી પૂજ્યશ્રીએ આગળથી મુનિઓને મોકલ્યા. બે દિવસ પછી પોતે વિશાળ પરિવાર સાથે પધાર્યા. જૈનતરો પણ મોટી સંખ્યામાં સ્વાગત સામૈયામાં જોડાયા. મુકામે આવતાં વિશાળ રંગબેરંગી સામિયાણામાં મંગળ પ્રવચન થયું. પ્રભાવના થઈ. બીજે દિવસે શ્રી અષ્ટાપદજીની પૂજા ભણાવાઈ. એમાં તો પ. પૂ. આચાર્ય મહારાજે વચમાં વચમાં પૂજાની કડીઓના ભાવ સમજાવ્યા. એમાં ય વળી (૧) શ્રી ઋષભદેવના રાજ્યાભિષેક વગેરેથી શણગારી દીધેલા તો જુગલિયા દડિયામાં પાણી લઈ આવેલા તે પગના અંગુઠા પર શી રીતે પાણીનો અભિષેક કરી શક્યા ? અંગુઠો તો મોજડીની અંદર ઢંકાયેલો હોય. એમ (૨) 'વિચરતા પ્રભુજી આવ્યા' એટલી જ પૂજાની કડી પર આપણે શી રીતે પ્રભુમાં એકમેક થવાય ? એમ (૩) પ્રભુને દીક્ષા પછી વરસ ઉપર ઉપવાસો ચાલ્યા એનું પારણું શ્રેયાંસે કેમ કરાવ્યું ? (૪) સર્વજ્ઞ થઈ સમવસરણે બિરાજમાન પ્રભુને મરુદેવા જોવા ગયા તો ખુશી તો થઈ ગયા. પણ પ્રભુએ બોલાવ્યા નહિ એમાં ખોટું કેમ લાગ્યું ? એમ (૫) પ્રભુએ કેળવજ્ઞાન પછી ઉપદેશ વગેરે દેવોએ રચેલા સમવસરણમાં બેઠા, પણ વિહાર માટે દેવતાની પાલખીમાં કેમ ન બેઠા ? વગેરે વગેરે સમસ્યાઓના રહસ્ય પણ સમજાવ્યા, ચિક્કાર મેદની ઉપરાંત સુરત મુંબઈથી રજનીકાન્તભાઈના સ્થિતિસંપન્ન સ્નેહી સંબંધીઓ આવેલા તે પણ ખૂબ ભાવોલ્લાસમાં ઝીલ્યા. એમને લાગ્યું કે આટલી ભવ્ય પૂજા આ છે એમ આજે ખબર પડી. ત્રીજા દિવસે શ્રી ભક્તામર પૂજન ભણાવાયું. એમ બત્રીસમી ગાથાએ આભૂષણ વગેરેના સમર્પણમાં એક બેને સોનાની બંગડી, એકે સોનાની કંઠી, તથા ચાંદીના કેટલાય દાગીનાઓ વગેરે આવ્યું. બે દિવસ જાહેર પ્રવચનોમાં જૈનેતરોએ ખૂબ રસ લીધો અને દારૂ વગેરે બંધના નિયમો લીધા. રજનીકાન્તભાઈ વગેરેનો પૂજ્યશ્રીને વધુ રોકવા ખૂબ આગ્રહ પરંતુ અમદાવાદમાં નાના મુનિને સળંગ ૫૦૦ આંબેલ તો દિવાળીએ પૂર્ણ થયેલ પરંતુ પૂજ્યશ્રીના હાથે પારણું કરવાનું ધારેલું હોવાથી આંબેલ હજી ચાલુ જ છે તેથી



પૂજ્યશ્રીએ વધુ રોકાઈ શકાય એમ નહોતું. એટલે એઓશ્રીએ વિહાર કરી **સિદ્ધપુર** પધાર્યા. ત્યાં પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ.ના જાહેર વ્યાખ્યાનમાં જૈનેતરોએ મોટી સંખ્યામાં. ત્યાંથી પૂજ્યશ્રીને ઊંઝા જવાનું હતું. પરંતુ પાટણથી સંઘે આવીને પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની તબીયત નરમ જણાવી તેથી ઊંઝા જવાનું રદ કરી પૂજ્યશ્રી ઠા. ૧૭ પાટણ પધાર્યા. અને પૂ. પં. શ્રી યશોભદ્રવિજયજી મ. પૂ. મુનિશ્રી રત્નસુંદરવિજયજી મ. આદિ ઠા. ૧૨ને ઊંઝા મોકલ્યા. પાટણમાં પૂજ્યશ્રી પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી બંનેનું મિલન થતાં અન્યોન્યને તથા મુનિમંડળને તથા શ્રી સંઘને ખૂબ જ આનંદ આનંદ થઈ ગયો. બે દિવસ વ્યાખ્યાન થયાં. એમાં ય ખાસ કરીને મૌન ૧૧ પરના લાક્ષણિક વ્યાખ્યાનથી મુનિઓને પણ ખૂબ ભાવોલ્લાસ વધ્યો. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રીની તબીયત સુધારા ઉપર છે. મા.સુ. ૧૨ના વિહાર કરી **ચાણસ્મા** સસ્વાગત પધાર્યા. બે વ્યાખ્યાન થયાં. પ્રવચનમાં આહારસંજ્ઞાને કાબૂમાં લેવા માટે ટંકના નિયમો સારી સંખ્યામાં લેવાયા. મા.સુ. ૧૪ **ધીણોજ** થઈ મા.સુ. ૧૫ **મહેસાણા** થઈ મા.વ. ૧૦ના ઓપેરા સોસાયટી પાલડી **અમદાવાદ** પધારવા વકી છે.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૧,અંક-૧૭,તા.૮-૧-૧૯૮૩

● **નડીયાદ :** ખંભાતમાં વીસા ઓસવાલ જૈન ઉપાશ્રયમાં સંઘના અતિ આગ્રહથી ચાતુર્માસ રહેલ સ્વ.પૂ.પં. શ્રી પદ્મવિજયજી મ. ના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મહારાજ જેમને પંચમાંગ શ્રી ભગવતીસૂત્રના યોગોદ્વહન ચાલી રહ્યા હતા તેમના સૂત્રની અનુજ્ઞારૂપે કા.વ. ૫ ગણિ પદવીનો ભવ્ય મહોત્સવ શ્રી સંઘે સારી રીતે ઉજવ્યો. આમાં ખંભાતના પાંચે સંઘો ઉત્સાહથી જોડાયા હતા. કેમકે આ વિદ્વાન અને પ્રખર વક્તા તથા ઠામ ઠામ મહાન ધર્મ પ્રભાવના તથા શાસનપ્રભાવના કરનાર આ નૂતન ગણિવર્યશ્રી હેમચંદ્રવિજયજી મહારાજ મૂળ જન્મે ખંભાતના વતની એટલે ખંભાતના સંઘોને ખૂબ ગૌરવનો વિષય હતો ગણિપદ પ્રદાન દિવસે ૨૬ તો સંઘપૂજન થયેલ. ઉત્સવમાં રોજ નવનવી પ્રભુજીને અંગરચના, રાત્રી ભાવનામાં તથા વિવિધ પૂજનોમાં સંગીતકારોના સૂરિલા સ્વરે પ્રભુભક્તિની રમઝટ જામી. ત્યાંથી વિહાર કરી અત્રે પૂજ્યશ્રીના સંસારી બંધુઓ બી.એ. શાહવાળા તરફથી નડિયાદ **મોટાકુંભનાથ** રોડ પર સોસાયટીમાં સંગેમરમરનું શિખરબંધી મંદિરનું નિર્માણ થયેલ. એમાં મૂળનાયક શ્રી સુપાર્શ્વનાથ ભગવાન

વગેરે ભવ્ય જિનબિંબોની પ્રતિષ્ઠા કા.વ. ૧૧ ના રખાયેલ. સંઘની વિનંતીથી પૂ. તપસ્વી પૂ. આચાર્યદેવશ્રી વિજય હિમાંશુસૂરીશ્વરજી મહારાજ તથા પૂ.આ.શ્રી નરરત્નસૂરિજી મ. નૂતન ગણિવર્ય વગેરેની નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ મંદિર નિર્માતા બી.એ. શાહવાળા તરફથી ભવ્ય ઉજવાયો. આમાં પણ પૂ. ગણિવર્યના જોશિલા પ્રવચનોથી શ્રી સંઘમાં ધર્મભાવનાની રેલંછેલ થઈ તેમજ ઉત્સવમાં ભવ્ય અંગરચનાઓ પ્રભુભક્તિની રમઝટ પ્રભાવનાઓ સાધર્મિક વાત્સલ્ય વગેરે ધર્મરંગનો જલસો જામ્યો.

● **દયાલશાહ કિલ્લા :** ખમનૌર ઝાકઝમાળ ચાતુર્માસ કરી અત્રે પધારતા પૂ. ગણિશ્રી જિતેન્દ્રવિજયજી મ. ની. નિશ્રામાં અત્રે દેવીચંદજી પોરવાલ તરફથી મહા સુદ-૬ થી ઉપધાન તપ શરૂ થનાર છે.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૧,અંક-૧૯,તા.૨૨-૧-૧૯૮૩

● **અમદાવાદ :** પ્રભાવક પ્રવચનકાર પ. પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ પાટણથી વિહાર કરી મહેસાણા પધારતા વિશ્વકલ્યાણ પ્રકાશનવાળા બે મુકામોથી ખૂબ આગ્રહ કરતા હતા તેથી તેના મકાનમાં મંગલાચરણ કરીને પછી સામૈયા સાથે સંઘના ઉપાશ્રયે પધાર્યા. ત્યાં પ્રવચન થયું મેદની ચિકાર હતી. સંઘપૂજન તથા ફેણીની પ્રભાવના થઈ. બપોરના પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ.નું જાહેર પ્રવચન થયું અને બીજે દિવસે સીમંધરસ્વામી જૈન દેરાસરના બહુ વિશાળ પ્રવચન હોલમાં પ્રવચન થયું. એમને ઊંઝામાં ત્રણ દિવસમાં પાંચ વ્યાખ્યાનો કર્યા. એમાં બજારના જાહેર પ્રવચનમાં લગભગ ૪ હજારની મેદની હતી. ઊંઝા સંઘમાં ધર્મનો જયજયકાર વર્ત્યો. એની સુવાસ બહાર પ્રસરેલી એટલે એની સુવાસથી અહીં મેદની ચિકાર હતી. આગળ વિહાર કરતા કરતા સાબરમતી પધાર્યા. શેઠશ્રી રાયચંદ હેમાજીવાળા પુખરાજજી તરફથી સામૈયું અને સંઘપૂજન થયું. મા. વ. ૮ અમદાવાદ શહેરનો પ્રવેશ કરી શાંતિનગર અને ઉસ્માનપુરા સસ્વાગત પધાર્યા. બન્ને સ્થળે પ્રવચનો થયા. શ્રી છગનજી કાલીંદ્રીવાળા તરફથી તેમજ કાંતીલાલ લીલાચંદ તથા કાંતીલાલ અમૃતલાલ તરફથી સંઘપૂજન થયું. ત્યાંથી જૈનનગર પધારતા પ્રવચનબાદ શ્રી સુમતીનાથ સ્નાત્ર મંડળ તરફથી સંઘપૂજન થયું. વદ-૧૦ના ઓપેરા સોસાયટીમાં જે પૂ. પં. પદ્મવિજયજી મ.ના શિષ્ય પૂ. ગણિવર જગત્ચંદ્રવિજયજીના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી અભયચંદ્રવિજયજીના ૫૫૬ સળંગ આયંબિલના પારણા મહોત્સવ નિમિત્તે પૂજ્યશ્રી આચાર્ય ભગવંત ઉતાવળ



કરી અત્રે પધાર્યા હતા. ઓપેરા સંઘમાં ઉત્સાહ માતો ન હતો. ખૂબ ઉલ્લાસભર્યું સામૈયું કર્યું. નાની ૨૦ વર્ષની ઉંમરના મુનિથી પ્રેરાઈને સંઘમાં ચાતુર્માસમાં ૬,૦૦૦ ઉપરાંત આયંબિલો થયા અને વધારામાં સંઘના રસોડે પહેલાં પાંચ જણે તપસ્વીને વહોરાવવા નિમિત્તે તથા તે પછી ૧૦૦-૧૦૦ ને ૫૧-૫૧ આયંબિલથી લાભ લેતા તેમજ દશ વર્ષમાં ૫૦૦ આયંબિલ કરી દેવા. એવા કેટલાય ભાગ્યશાળીઓ નીકળતા લગભગ ૨૫,૦૦૦ આયંબિલની પ્રભાવના થઈ. ઉત્સવમાં ૧૦૮ ચિંતામણિ પૂજન ઉત્તમચંદ નાથાલાલ તરફથી, શ્રી સિદ્ધચક્રપૂજન લાલભાઈ મોહનલાલ તરફથી તેમજ શ્રી ઉવસગ્ગહરંપૂજન તપસ્વી મુનિના સાંસારિક પિતાશ્રી છગનલાલજી પરિવાર તરફથી ભણાવાયા. વદ-૧૨ સવારે માંગલિક પ્રવચનબાદ લગભગ ૮૦ અઠ્ઠમીઓ તથા બીજા કેટલાય ૩-૩ આયંબિલવાળા તેમજ ચોમાસાભરમાં પાયા નાખ્યા અને ઓળીઓ કરી અને વર્ષીતપવાળાને શેઠશ્રી રમણલાલ ફકીરચંદ તરફથી પારણા કરાવાયા. બપોરે શ્રી અષ્ટાપદજીની પૂજા ભણાવાઈ. મહોત્સવ દરમિયાન પ્રવચનોમાં યુવાનોનો ધસારો ખૂબ અને દારૂ-ઈંડા-અભક્ષ્ય ત્યાગ વગેરેના સારા નિયમો લેવાયા. એકંદરે ઓપેરા સોસાયટી સંઘમાં અપૂર્વ ધર્મરંગ ઉછળી રહ્યો. અમદાવાદના અનેક સંઘોની વિનંતી હોઈ પૂજ્યશ્રી થોડો થોડો લાભ આપવાની ઈચ્છાથી પહેલાં દાનસૂરિજ્ઞાનમંદિરમાં પધાર્યા. સુદ-૨ના સકલાગમરહસ્યવેદી દાદા પૂ. ગુરુદેવશ્રી આચાર્ય ભગવંત વિજયદાનસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ હોઈ પૂજ્યશ્રી તથા પૂ. આચાર્યદેવશ્રી વિજયસુદર્શનસૂરીશ્વરજી મહારાજે સ્વર્ગસ્થ પૂજ્યશ્રીના ગુણો તથા સુકૃતોની ભવ્ય યશોગાથા ગાઈ. તે પછી તરત દેરાસરજીમાં પૂજા ભણાવાઈ. બપોરે જાહેર પ્રવચન તથા સુદ ૪-૫-૬ કાળુશીની પોળે પૂજ્યશ્રીના વ્યાખ્યાનોની જાહેરાત કરાઈ. પૂ. આચાર્યદેવશ્રીને સારણગાંઠનો નવો ઉપદ્રવ થવાથી ડૉક્ટરોની સલાહથી એનું તા. ૨૬ના ઓપરેશન કરાવવાનું નક્કી થયું છે.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૧,અંક-૨૦,તા.૨૯-૧-૧૯૮૩

● **અમદાવાદ :** કાળુશીની પોળ સંઘની આગ્રહભરી વિનંતીથી પ. પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ વિશાળ પરિવાર સાથે સસ્વાગત પધાર્યા. પૂજ્યશ્રી આ જ પોળના મૂળ વતની હોઈ પોળના સંઘનો આનંદ મહાતો ન હતો. પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજીના જોશિલા પ્રવચનોમાં શ્રોતા-મેદની ખચોખચ ભરેલી રહેતી. યુવાનોને આહલેક જગાડતી એમની વાગ્ધારાએ એક

દિવસે કેટલાકને સમૂળગા પિક્ચર બંધ, બીજાઓને કાળાબજારની ટિકિટથી પિક્ચર નહિ જોવા, તો બીજા દિવસે કંદમૂળ આદિ અભક્ષ્યત્યાગ; તો ત્રીજા દિવસે પોકેટ ખર્ચના ૨૫ ટકા સાધર્મિક ઉદ્ધારમાં ખર્ચવા. ચોથા દિવસે જુગારબંધ વગેરે અંગેના નિયમો થયા. મહા સુદ-૫ વ્યાખ્યાનના અંતે ભણસાલી જયેશભાઈ કલકત્તાવાળાએ શ્રી સંઘ વચ્ચે ઊભા થઈને પૂજ્યશ્રીને એમની મુમુક્ષુ બેન હીનાકુમારી માટે ભાગવતી દીક્ષાનું મુહૂર્ત આપવા વિનંતી કરી અને પૂજ્યશ્રીએ વૈ. સુ. ૧૧નું મુહૂર્ત ફરમાવ્યું. જિનશાસનનો જયકાર બોલાયો. એ વખતે ભાઈશ્રી ચતુરદાસ ચીમનલાલ શાહે દર્દભર્યા સૂરથી ભણસાળી કુટુંબ તથા માતુશ્રી હંસાબેનની પોતાની બે સુપુત્રીઓને ચારિત્રમાર્ગે વળાવવા ઉપરાંત હવે હીનાબેનને પણ ચારિત્રમાર્ગે સંચરવામાં દેખાડેલી ઉદારતા તથા અથાગ વૈભવની વચ્ચે તેમજ લાખોપતિ ઉમેદવારો મળવાની સંભાવના છતાં કેળવેલો પ્રબળ વૈરાગ્ય વગેરે વર્ણવતી સંગીતમય ગીતની બે-ત્રણ કડી લહેરાવી હતી. તેથી સભામાં લોકોના દિલ ગદ્ગદ થઈ ગયા. પોળના સંઘ તરફથી બેનને તિલક કરવામાં આવ્યું. જયેશભાઈ પરિવાર તરફથી સંઘપૂજન કરવામાં આવ્યું. દીક્ષાસ્થળ ધોળકા-કલિકુંડતીર્થ રખાવવા સંભવ છે. કેમકે દીક્ષા પૂજ્ય આચાર્યદેવશ્રીના વરદ હસ્તે સ્વીકારવા હીનાબેનની ભાવના છે અને પૂજ્યશ્રી ખડાણાના આગેવાન શેઠશ્રી અંબાલાલ ઝવેરચંદની ખાસ વિનંતીથી એમના તરફથી સામુદાયિક ચૈત્રી ઓળી કલિકુંડતીર્થમાં પૂજ્યશ્રીની નિશ્રામાં નક્કી થયેલ હોવાથી તથા તે પછી પૂજ્યશ્રીની નિશ્રામાં મુંબઈના એક ભાગ્યશાળી ભાઈ તરફથી મે વેકેશન ધાર્મિક શિક્ષણ શિબિર યોજવાનો સંભવ હોવાથી પૂજ્યશ્રીની સ્થિરતા કલિકુંડતીર્થમાં રહેવા સંભાવના છે. પૂ. આચાર્યદેવશ્રીની પ્રેરણાથી અત્રે સંઘના મુખ્ય ટ્રસ્ટી ડૉ. શ્રી દીનકરભાઈ વગેરે વિદ્યાર્થી પાઠશાળા, બેનોની પાઠશાળા, સાધ્વીજી મહારાજોની પાઠશાળા વગેરેના પંડિત શિક્ષક મળે આયોજન તરત ચાલુ કરવાનું નક્કી કર્યું. વિદ્યાશાળાના ટ્રસ્ટીઓની ખાસ ભાવનાથી રવિવારના જાહેર પ્રવચન ત્યાંના વિશાળ વ્યાખ્યાન હોલમાં રાખવામાં આવેલ. હોલ ઉપરાંત બે બાજુના રૂમ પણ શ્રોતાઓથી ઉભરાઈ ગયેલા. મહા સુદ-૧૦ ખાનપુર સંઘની પૂજ્યશ્રીને સુદ-૧૨ અત્રેની પ્રાઈવેટ હૉસ્પિટલમાં સારણગાંઠનું ઓપરેશન હોવાથી અત્રે સ્થીરતા કરવાની આગ્રહભરી વિનંતી હોઈ સસ્વાગત ખાનપુર ઉપાશ્રયે પધાર્યા છે. વચમાં રસ્તામાં પારસકુંજ સોસાયટીમાં મુકામ હોવાથી સોસાયટીમાં ભારે આનંદ હતો. મંગલાચરણ પછી શ્રી ચંપકભાઈ તરફથી સંઘપૂજન કરવામાં આવ્યું. ઉપાશ્રયે પ્રવચનધારા ચાલુ છે.



### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૧,અંક-૨૧,તા.૧૨-૨-૧૯૮૩

● **અમદાવાદ :** અત્રે પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને મહા સુદ-૧૨ બુધવારે જાણીતા સર્જન ડૉ. રમેશ પારેખે પોતાની પ્રાયવેટ હોસ્પિટલમાં સારણગાંઠનું સફળ ઓપરેશન કર્યું. ત્રણ દિવસે રજા આપવાથી પૂજ્યશ્રીને ખાનપુર જૈન સંઘની ખાસ વિનંતીથી ખાનપુર જૈન ઉપાશ્રયે લાવવામાં આવ્યા છે. ઓપરેશન પછી રાહત સારી આવતી જાય છે. પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી ગણિવર તથા મુનિશ્રી રત્નસુંદરવિજયજીના યુવાનોને જગાડી દેતા જોશિલા પ્રવચનો ચાલુ છે. વ્યાખ્યાન માટે માનવ મહેરામણ એકત્રિત થતો હોઈ ઉપાશ્રય સાથે સંલગ્ન મંડપ ઊભો કરવામાં આવ્યો છે. અમદાવાદની અનેક પોળો તથા સોસાયટીઓ તરફથી વિનંતીઓ ચાલુ છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૧,અંક-૨૩,તા.૨૬-૨-૧૯૮૩

● **અમદાવાદ :** પ. પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં શ્રી શાંતિનાથની પોળમાં વિશાળ મંડપમાં મુનિશ્રી રત્નસુંદરવિજયજી મ.ના વ્યાખ્યાનો ખૂબ જામ્યા. શ્રોતાસંખ્યા વધતી જ રહી. ફા.સુ. ૭ રવિવારે જાહેર પત્રિકા કાઢવામાં આવી અને પ. પૂ. ગણિશ્રી હેમચંદ્રવિજયજી મહારાજે લગભગ ૨,૫૦૦ ની મેદની વચ્ચે વિશ્વના શાશ્વતતીર્થોને એના સ્પેશ્યલ ૧૦ ચિત્રપટો ઉપર અનુત્તર વિમાનથી માંડીને ભવનપતિના વિમાનો સુધીના તે તે સ્થાનો દર્શાવી તીર્થવંદના કરાવી. લોકો જિનભક્તિમાં ખૂબ ગરકાવ થઈ ગયા. બપોરના પાલડી વિસ્તારમાં નરોત્તમભાઈ હોલમાં અખિલ ભારતીય હિંસા નિવારણ સંઘ તરફથી અહિંસાના ચિત્રપટોનું પ્રદર્શન કરવામાં આવેલ અને મુનિશ્રી રત્નસુંદરવિજયજી મ. નું અહિંસક સંસ્કૃતિ ઉપર હિંસાનું ઘોર આક્રમણ એ વિષય ઉપરનું પ્રવચન ખૂબ જ અસરકારક બન્યું. ત્યાં જ એમના બોધપત્રોના સંગ્રહરૂપ 'ચેતન ! અબ ચલો સંગ હમારે...' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૧,અંક-૨૫,તા.૧૨-૩-૧૯૮૩

● **જુનાગઢ :** પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મહારાજ આદિ અત્રે પધારતા સંઘનો ઉલ્લાસ સારો રહ્યો. બાહુદીન કૉલેજમાં કોમર્સ કૉલેજમાં પણ પ્રવચન

ગોઠવાયા. સ્થાનકવાસી ભાઈઓ તરફથી સ્થાનકવાસી વાડીમાં પ્રવચન રખાયું. કોલેજોમાં વિદ્યાર્થીઓએ અને સંઘે સારો લાભ ઉઠાવેલ. જાહેર પ્રવચન થયું તેમાં જૈન જૈનેતરો ખૂબ પ્રભાવિત થયા.

● **અમદાવાદ :** પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. આદિ પરિવાર પગથિયાના ઉપાશ્રયના ટ્રસ્ટીઓની આગ્રહભરી વિનંતીથી ફાગણ સુદ-૧૩ના પગથિયાના ઉપાશ્રયે પધાર્યા. રવિવારે પાછિયાની પોળના સંઘની આગ્રહભરી વિનંતીથી બપોરે ૨।। થી ૪ મુનિશ્રી રત્નસુંદરવિજયજી મ.નું જાહેર વ્યાખ્યાન "જોજે ડૂબી જાય ના" એ વિષય પર થયું. પોળમાં વિશાળ મંડપ ઊભો કરેલ. માનવમહેરામણ ઉલટેલો. પછી ગીરધરનગર પૂજ્યશ્રી સુસ્વાગત પધાર્યા. અહીં પણ ખાસ ખડો કરાયેલ મંડપ ચિક્કાર ભરાઈ ગયેલ. સંઘપૂજનાદિ થયા. સાબરમતી જૈન સંઘની કેટલાય દિવસો પૂર્વેથી ઉઘરાણી હોઈ પૂ.શ્રી અત્રે ફાગણ વદ-૫ વિશાળ પરિવાર સાથે પધારતાં સંઘમાં ભારે આનંદ પ્રસરી ગયો. વ્યાખ્યાનોમાં યુવાન વર્ગ પણ ખૂબ ખેંચાતો. રવિવારે સાબરમતી સંગીત મંડળના ઉપક્રમે સવારે ચૈત્યપરિપાટી લાંબી નીકળેલી. પછી શ્રી લલિતધામીના નેતૃત્વમાં ભવ્ય સ્નાત્રમહોત્સવ ઉજવાયો. પ્રભુના દેવોએ કરેલ જન્મઉત્સવના સંસ્મરણ થયાં. બપોરે પાઠશાળાના વિદ્યાર્થીઓને ઈનામ વિતરણના હિસાબે ભવ્ય સમારોહ યોજવાયો. એમાં કેટલાક બાળકોના પત્રો વાંચવામાં આવ્યાં. જેમાં માતાપિતા તરફથી ધાર્મિક ભણતરમાં અંતરાયની ફરીયાદ હતી. કેટલાક માબાપના પત્ર વાંચવામાં આવ્યા જેમાં છોકરાઓના ધાર્મિક શિક્ષણ માટેના નિરુત્સાહની ફરીયાદો હતી. એ પરથી આજે સંઘમાં બાળકોના ધાર્મિક શિક્ષણ માટે કેટલા બધા સજાગ થવાની જરૂર છે એ અંગે પ્રકાશ પાથરવામાં આવેલ. ત્યારબાદ રાજા અજયપાળે કુમારપાળના મંદિરો તોડતા આગળ વધીને તોડવા ધારેલ તારંગા મંદિરની રક્ષાર્થે પાટણના નગરશેઠે રામલાલ બારોટને પ્રેરણા કરી અને એણે રાજા અજયપાળને એવું નાટક દેખાડ્યું જેમાં એક શેઠે ઊભા કરેલ મંદિરને એનો નાસ્તિક જેવો પુત્ર તોડવા લાગે છે ત્યારે બાપે એને ધમકાવતાં 'તારા કરતા રાજા અજયપાળ સારો કે કુમારપાળના મર્યા પછી મંદિર તોડવાનું કરે છે. જ્યારે તું નપાવટ મારા જીવતાં નરકમાં લઈ જનાર મંદિરનાશનું ભયંકર કાર્ય કરવા તૈયાર થયો છે.'... અને ત્યાં અજયપાળ ઊઠીને રામલાલને ધન્યવાદ આપતા પ્રતિજ્ઞા કર છે કે હું આજથી કોઈ મંદિર તોડીશ નહિ આ અંગેનો સંવાદ અહીંયા ગોઠવવામાં આવેલ. એ પછી આ પ્રસંગે ખાસ આમંત્રિત શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ લાલભાઈએ પોતાનું વક્તવ્ય રજુ કરતાં બોલ્યા કે



આ ઐતિહાસિક પ્રસંગ જાણીને તારંગા તીર્થ પ્રત્યે મારી ભક્તિ વધી ગઈ છે. આ.ક. પેઢીની દેખરેખમાં આ તીર્થ હોવાથી અમારે દરવર્ષે તારંગા જવાનું થાય છે તેથી હવે પછી ત્યાં ભક્તિમાં વિશેષ આનંદ આવશે. તીર્થંકર ભગવાન મહાવીરસ્વામીએ મનુષ્યજીવન કેવી રીતે જીવવું એનું અદ્ભૂત માર્ગદર્શન આપ્યું છે. જે આપણા માટે એક સૌથી મોટો ખજાનો છે. આપણા પૂજ્ય ગુરુભગવંતોએ પરંપરાથી એ જ્ઞાન અને આચાર વિચાર આપણા સુધી પહોંચાડ્યા છે એ આપણા માથે એમનું ઋણ છે. આજે ચારે બાજુ અંધકાર અંધકાર છે. સંસ્કારિતા, સત્ય, સાદગી, સદ્ભાવ, જીવદયા વગેરે ભૂલાઈને નીચ વૃત્તિઓ આગવું સ્થાન ભોગવવા લાગી છે. એમાંથી બહાર નીકળી પ્રકાશ લાવવા માટે આ ખૂબ જ જરૂરી છે કે બાળકોને કુમળી વયમાં ધર્મના સંસ્કારો અને આચારો ગ્રાહ્ય બને તે રીતે શીખવવામાં આવે તો જ એમના જીવનનું સારું ઘડતર થાય અને આજની અવળી દોટને રોકી શકાય. આ દીશામાં જે કોઈ પ્રયત્ન થતાં હોય તેને પ્રોત્સાહન આપવું જોઈએ. એ માટે આપણા યુવાનવર્ગે કટિબદ્ધ થવાની જરૂર છે. સિનેમા, નાટકો, અભક્ષ્ય ખાનપાન મોજમજાહ વગેરે આજની બદીઓથી દૂર રાખી યુવાનોને આ સંસ્થા એમની શક્તિઓ દ્વારા આવા સુંદર કામ તરફ વાળે છે તે ધન્યવાદને પાત્ર છે... ત્યારબાદ પૂજ્ય આચાર્યદેવશ્રીના મંગળાચરણ બાદ મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજે ટૂંકું પ્રેરક પ્રવચન આપ્યું. ફાગણ વદ-૮ના પૂજ્યશ્રી કેશવનગર સંઘની આગ્રહભરી વિનંતીથી નાના સંઘમાં પધારતાં ખૂબ ઉત્સાહ વ્યાપ્યો. પૂ. ગણિવર્યશ્રી હેમચંદ્રવિજયજી મહારાજે વૈરાગ્ય ઝરતું પ્રવચન કલાકભર આપ્યું. પછી આગેવાને કહ્યું, 'સાહેબ, વ્યાખ્યાન કેમ ટૂંકું કર્યું ? કોઈ ઉઠતું જ નહોતું. કાલે વધારે સમય વ્યાખ્યાન આપો.' 'આજે બપોરે અઢી વાગે પણ વ્યાખ્યાન આપવા વિનંતી કરી. બાદ સંઘપૂજન થયું.'

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૧,અંક-૨૮,તા.૨-૪-૧૯૮૩

● **અમદાવાદ :** પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. આદિ ઠાણા ૫૧. શાંતિનગર જૈન સંઘની વિનંતીથી શાંતિનગર પધારેલા. રવિવાર સવારે પૂ. ગણિવર્ય શ્રી હેમચંદ્રવિજયજી મહારાજે વિશ્વના સમગ્ર શાશ્વતા જિનમંદિરોની વિગતવાર પરિચય સાથે ભાવથી તીર્થયાત્રા વંદના કરાવેલી. શ્રોતાઓને જીવનમાં પહેલી જ વાર આ અદ્ભુત લાભ મળ્યાથી અનેરો ભાવોલ્લાસ આવ્યો. બપોરે

જાહેર પ્રવચન પૂ. જોશિલા પ્રવચનકાર મુનિશ્રી રત્નસુંદરવિજયજી મ. આપેલ. ત્યારબાદ અત્રે દશાપોરવાડ સોસાયટીમાં ચોમાસું રહેલ સાધ્વીશ્રી અનુપમાશ્રીજીને વર્ધમાન આયંબિલ તપની ૧૦૦મી ઓળીના તથા સાધ્વીશ્રી લોકયશાશ્રીજીના દમયંતીતપના પારણા પ્રસંગના ઉત્સવ પ્રસંગે ખાસ પધારવા માટે આગ્રહ હોવાથી તથા દશાપોરવાડ સંઘની વિનંતીથી પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ચાલી રહેલા ઉત્સવમાં પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ અમદાવાદની પોળો તથા સોસાયટીઓમાં આપવાના દિવસોમાં ઘટાડો કરી અત્રે ઉત્સવ ઉપર સપરિવાર પધારેલા.

શ્રી દશાપોરવાડ સોસાયટી જૈન સંઘે ઉદારતા કરીને ઉત્સવનો લાભ સાધ્વીશ્રી લોકયશાશ્રીજી મ. ના સંસારીપણે ભાઈશ્રી પ્રવીણચંદ્રભાઈને આપેલો અને એમણે પણ સુકૃતવ્યયમાં ભારે ઉદારતા દાખવી. પૂ. ગચ્છાધિપતિશ્રીજીની નિશ્રામાં ઉત્સવ ભારે દીપી ઉઠ્યો. પૂ. સાધ્વીજી મહારાજોએ તપશ્ચર્યા ખૂબ શાંતિ સમાધિથી પૂર્ણ કરી.

પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ નવરંગપુરા સંઘના આગ્રહથી ત્યાં પધાર્યા. પ્રવેશ પૂર્વે શ્રી પુનમચંદભાઈ પોતાને ઘેર સમગ્ર મુનિમંડળની પધરામણી કરી ત્યાં ચતુર્વિધસંઘનું પૂજન કર્યું. અત્રે પૂ. મુનિરાજશ્રી રત્નસુંદર-વિજયજી મ.ના જોશિલા વ્યાખ્યાનોથી યુવાનોમાં ધર્મરંગ અનેરો જામ્યો, રવિવાર, જાહેર પ્રવચન વિશાળ હોલમાં સંકડામણ ભારે થઈ. ત્યાંથી પૂ. મુનિરાજશ્રી રત્નસુંદર વિ. મ. વગેરે દેવકીનંદન તથા ઉસ્માનપુરા તથા નારણપુરા સોસાયટીમાં પધારીને પ્રવચનોનો સારો લાભ આપ્યો. એમાં નારણપુરામાં ફાગણ વદ-૧ યુવાનોની શિબિરની જાહેરાત થતાં યુવાનોનો ધસારો ભારે થયો. ૮૦૦ નામ તો નોંધાઈ ગયા છતાં હજી નોંધાવાનું ચાલુ છે. વધુ જગાના અભાવે કદાચ નામ નોંધવાનું બંધ કરવું પડશે.

● **દાદર :** અત્રે પૂ.આ.શ્રી રવિચંદ્રસૂરિજી મ. ની નિશ્રામાં ભારતીય પ્રાચ્ય તત્ત્વ પ્રકાશન સમિતિના ઉપક્રમે સ્વ. પૂ.આ.શ્રી વિજય હીરસૂરીશ્વરજી મ. ના પ્રશિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી વીરશેખરવિજયજી મહારાજે રચેલ ઉત્તરપયડી બંધો. ૩ જાતના મૂળગ્રંથ તથા તેના પર પૂ. મુનિશ્રી અક્ષયવિજયજી મ. રચેલ ટીકાના મહાન ગ્રંથનું પ્રકાશન તા. ૬ રવિવારે રાખવામાં આવ્યું. આ ગ્રંથનો પ્રકાશન ખર્ચ શેઠશ્રી શાંતિલાલ ખેતશી ટ્રસ્ટ તરફથી હોવાથી ટ્રસ્ટી મણિભાઈ આવી ગ્રંથ સમર્પણ કરેલ. સંઘનો ઉલ્લાસ સારો હતો.





● **વીટા :** પૂ. આચાર્યશ્રી વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજ પોતાના સાંસારિકપણે મોસાળ ગામ વીટામાં પધારતાં સંઘમાં અભુતપૂર્વ ઉલ્લાસ હતો. આ મહાન રત્ન આચાર્યપદે બિરાજમાન થયા એની ખુશાલીનો ઉત્સવ ઐતિહાસિક ઉજવાઈ ગયો. ૪ મોટા પૂજનો, ૪ પૂજાઓ, ગુરુપૂજનની પાંચ બોલીઓ (૧) રૂા. ૪૧૪૧, (૨)૧૬૦૫૧ સામાયિક, (૩) ૧ ક્રોડ નવકાર, (૪) ૭૫૧ એકાસણા, (૫) ૮૦૧ બીઆસણા, જે જે લોકો કેરી, કેળા, શિખંડ, પેંડા, ગુલાબજાંબુ, બરફી આદિની બાધાઓ કરેલી તેમણે પોતાને ઘેર સકલસંઘને વાજતે ગાજતે લઈ જઈ સંઘપૂજનાદિ કર્યા. શાસન પ્રભાવના ખૂબ પ્રસરી. આઠે દિવસ બહારના સરેરાશ ૪૦૦-૫૦૦ મહેમાનોની હાજરી, વરઘોડો-વર્ષીદાન જળયાત્રાનો (બે દીક્ષાર્થી મહેન્દ્ર-ભૂપેન્દ્રનો) ખૂબ ભવ્ય સજાવટવાળો હતો. બહારથી ૬૦૦ માણસો, જૈનેતરો હજારો હતા.

● **નાશીક :** પૂ.તપસ્વી મુનિરાજશ્રી જગવલ્લભવિજયજી મ.ના ૧૦૮ અઠ્ઠમની પૂર્ણાહૂતિ નિમિત્તે ભવ્ય મહોત્સવ અદ્‌ભુત રીતે ઉજવાયો. દેવદ્રવ્ય-ગુરુદ્રવ્ય જ્ઞાનદ્રવ્યની લગભગ ૪૦,૦૦૦/-ની વૃદ્ધિ થઈ. સામુહિક અઠ્ઠમની આરાધના અબાલ વૃદ્ધ ૧૬૧ જણાએ કરી. પ્રત્યેકને ૮૫/- રૂપિયાની પ્રભાવના થયેલ. પૂજન વ્યાખ્યાનમાં લોકોએ ઘણો જ રસથી ભાગ લીધો. ૫ સંઘપૂજનો થયેલ. છેલ્લે વર્ષીતપની પ્રેરણા અપાતાં લગભગ ૬૦ થી ૭૦ જણાનો વર્ષીતપ પ્રારંભ પ્રાયઃ થશે ને માલેગામ પૂ. મુનિરાજશ્રીની પાસે પચ્ચક્ખાણ કરવા જશે. ૭૦ જણાએ નાણસમક્ષ બારવ્રતો ઉચ્ચર્યા. એકંદરે એક મીની ચાતુર્માસ રૂપે આરાધનાઓ થઈ. કોલ્હાપુર-કરાડ-ઈચલકરંજી સાયલા, બોરીવલી-દાદર-સાયન-ગોરેગામ મુંબઈ આદિ સ્થળોથી અનેક ભાવુકો આવેલ. તાસગાંવના બે ડૉક્ટરો માત્ર એક જ દિવસના પૂજ્યશ્રીના સંપર્કમાં ઘણું પામી ગયા. સહકુટુંબ રાત્રિભોજન ત્યાગના નિયમ કરી ગયા. ફાગણ સુદ-૧૧ સાંજે ૪ વાગે વિહાર કરતાં ૧૨૦૦ થી ૧૫૦૦ માણસો વળાવવા આવેલ, ને ચોધાર આંસુએ ઘણા રડેલ.

● **અમદાવાદ :** અત્રે નારણપુરામાં પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી ગણિવર તથા મુનિશ્રી રત્નસુંદરવિજયજીના પ્રવચનોથી ભવ્ય શિબિર થયેલી જોઈ દેવકીનંદન સોસાયટીવાળા તરફથી આગ્રહ કરીને રવિવાર તા. ૩-૪-૮૩ની શિબિર રખાઈ. ૧૨૦૦ યુવાનો પાસ લઈ ગયા છતાં શિબિરમાં સંખ્યા વધી ગઈ. પૂ. મુનિરાજશ્રીના જોશીલા વ્યાખ્યાનમાં બ્રહ્મચર્ય અને પરમાત્મભક્તિ પર અદ્‌ભુત કહેતા સારી સભા

રડી રહી હતી. લગભગ ૮૦૦ યુવાનોએ પરસ્ત્રી ત્યાગ અને નિત્ય જિનપૂજાના નિયમ લીધા. બાદ સાધર્મિક ભક્તિ અને સંઘપૂજન થયેલ. બપોરે અઢી હજાર શ્રોતાની હાજરીમાં જાહેર વ્યાખ્યાનમાં સંવેગ વૈરાગ્યની ઝળક પ્રસરી ગઈ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૧,અંક-૩૨,તા.૩૦-૪-૧૯૮૩

## શ્રી કલિકુંડતીર્થે ઓળી

● અમદાવાદ શ્રી લક્ષ્મીવર્ધક સોસાયટીથી ચૈત્ર સુદી-૧ના સાંજના વિહાર કરી અત્રે ચૈત્ર સુદિ-૪ ને રવિવારના રોજ ખૂબ જ ઠાઠપૂર્વક સામૈયાસહિત પ.પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ પોતાના વિશાળ પરિવાર સહિત સવારે ૯ કલાકે પધાર્યા. સામૈયા બાદ આજુબાજુથી પધારેલા મહેમાનો તથા સમૂહ-ઓળી કરાવનાર ભાગ્યશાળી શા. અંબાલાલ ઝવરેચંદના કુટુંબીજનો આદિથી ઉપાશ્રયનો વ્યાખ્યાન હોલ ચિક્કાર ભરાયેલો હતો. ત્યાં પૂજ્યપાદશ્રીએ ૧ થી ૧। કલાક સુધી પ્રવચન ફરમાવ્યું. બપોરથી જ ઓળીના આરાધકો આવવાની શરૂઆતમાં થઈ ગઈ, સાંજે ૩॥ વાગે પૂજન રત્નસુંદર વિ.મ.નાં પ્રવચનમાં પણ ચિક્કાર મેદની હતી.

ચૈત્રસુદિ ૫ સોમવારના સવારથી ખૂબ જ આરાધકો આવ્યા. તે લગભગ સાંજ સુધીમાં ૩૦૦ની સંખ્યા થઈ ગઈ. તે દિવસે બપોરે દાદાવાડીના મકાનમાં પૂ. રત્નસુંદર વિ.મ.નું પ્રવચન બેઠું.

ઓળીના પ્રથમ દિવસથી આરાધકોને સવારે પ.પૂ.આચાર્યદેવશ્રીનું પ્રવચન રહેતું. તેમજ બપોરના પૂજ્ય મુનિશ્રી રત્નસુંદર વિ.મ.નું પ્રવચન બેસતું. સવારના પ્રવચનમાં દરરોજ નવી નવી વ્યક્તિઓ તરફથી ગુરુપૂજન-સંઘપૂજન થતું હતું. રવિવારના દિવસે બહારથી પણ ઘણા ભાગ્યશાળીઓ પધારેલ. તે દિવસે ૨ વ્યક્તિ તરફથી ગુરુપૂજન-સંઘપૂજન થયેલ.

આ ઉપરાંત સવારથી વિધિપૂર્વક નવપદ આરાધનની ક્રિયા શરૂ થતી. જેમાં રવિવાર સુધીમાં ૩૨૫ જેટલા આરાધકોની સંખ્યા થયેલા. દરરોજ પ્રભુજીને ભવ્યાતિભવ્ય અંગરચનાઓ રચાતી હતી.

● **ઈચલકરંજી** (મહારાષ્ટ્ર) : અત્રે શ્રી સંઘના બહુ આગ્રહથી શ્રી જિનમંદિરમાં પ્રભુ પ્રવેશ અને પ્રતિષ્ઠા નિમિત્તે પૂ.પં.શ્રી ધર્મજિતવિજયજી ગણિવર સપરિવાર પધારવાના હતા, પરંતુ એઓશ્રીની તબિયત બગડવાથી બેલગામમાં રોકાઈ જવું



પડ્યું, તેથી એમણે તબિયત જરા અનુકૂળ થયે પ્રતિષ્ઠા ઉપર પધારવાનું રાખી પ્રભુ પ્રવેશના મહોત્સવ પર પોતાના શિષ્યરત્ન પૂ. ગણિવર શ્રી જયશેખરવિજય મહારાજ આદિને અત્રે મોકલવા કૃપા કરી. એઓશ્રીની શુભ નિશ્રામાં ભગવાનશ્રી મહાવીરદેવના પ્રતિમાજીનો બહુ આડંબરપૂર્વક ધામધૂમથી નગર પ્રવેશ થયો. ભગવંતોના નૂતન મંદિરમાં પ્રવેશાદિ નિમિત્તે બૃહત્-શાંતિસ્નાત્ર સિદ્ધચક્રપૂજન, ત્રણ દિવસ નવકારશી જમણ, પૂજાઓ અઢાર અભિષેક પાટલાપૂજન ગૌતમસ્વામી યક્ષ યક્ષીણી વગેરેની પ્રાણ પ્રતિષ્ઠા પૂજન વગેરેની ખૂબ સારી ઉછામણી થઈ, ચૈત્ર સુદ-૧૨ના શુભ દિને ભગવંતોનો નૂતન મંદિરમાં પ્રવેશ, તથા વૈશાખ સુદ-૩થી મહોત્સવ થશે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૧,અંક-૩૩,તા.૧૪-૫-૧૯૮૩

## ચૈત્રી નવપદ ઓળીમાં અનેરો આનંદ

શ્રી કલિકુંડ પાર્શ્વનાથ (ધોળકા) તીર્થમાં વર્ધમાન તપોનિધિ યુવાજગત હિતચિંતક આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની પાવન નિશ્રામાં શા. અંબાલાલ ઝવેરચંદ ખડાણાવાળા તરફથી કરાવાતી નવપદ ઓળીમાં દિન-પ્રતિદિન ઉત્સાહ વધતો જ ચાલ્યો... નવ દિવસમાં લગભગ ૧૦ જેટલા શ્રી સંઘપૂજન થયા, આ ઉપરાંત છેલ્લા ત્રણ દિવસે રાત્રીના ભાવનામાં અનેક માનવમેદની વચ્ચે આરતી અને મંગળદીવાના ઘણા મોટા પ્રમાણમાં ચડાવા થયા... સવારે વ્યાખ્યાન સમયે પક્ષાલ પૂજાદિના ચડાવા પણ ખૂબ જ સારા થયા... તેમજ છેલ્લે દિવસે તો કોઈ ઉત્સાહનો પાર નહોતો... સવારથી જ ખીચોખીચ હોલમાં પૂજ્યશ્રીનું તથા પૂ. મુનિશ્રી રત્નસુંદર વિ.મ.નું પ્રવચન થયું... ત્યારબાદ વ્યાખ્યાનમાં સામાન્ય તીર્થના સાધારણ ખાતાના મહિમા વિષે આચાર્ય ભગવંતશ્રીએ સમજાવતાં લગભગ ૮ થી ૧૦ હજાર રૂપિયા જેવી રકમ થોડી જ વારમાં થઈ ગઈ... બપોરે ભવ્ય રંગ મંડપમાં પ્રભુ શ્રી કલિકુંડ પાર્શ્વનાથ સમક્ષ જ ભવ્ય શ્રી સિદ્ધચક્ર મહાપૂજન શરૂ થયું... જેમાં પૂજન કરાવનાર અંબાલાલભાઈએ અરિહંતનું પૂજન સોનાની ગીની મૂકીને તેમજ અન્ય કુટુંબીઓએ બીજા પદોનું પૂજન ચાંદીના સિક્કા મૂકીને કર્યું. નવપદના દરેક પદનો મહિમા પૂજ્ય આચાર્ય ભગવંત સમજાવતા હતા... અંતે પૂર્ણ થતાં કળીના લાડવાની પ્રભાવના તેમજ ત્યારબાદ સમસ્ત યાત્રિકો તથા મહેમાનો આદિનું સ્વામિવાત્સલ્ય થયું... બીજે દિવસે સવારે તપસ્વીઓના પારણા

પ્રભાવનાદિ કાર્યો થયા... પણ લોકોના દિલમાંથી એક જ સૂર નીકળતો હતો કે કેવી અતુલબલી શ્રી કલિકુંડ પાર્શ્વનાથ દાદાની છાયા... કેવી વર્ધમાન તપોનિધિ આચાર્યદેવશ્રીની પવિત્ર નિશ્રા અને સાથે સાથે શ્રી અંબાલાલભાઈના કુટુંબના એકે એક સભ્યનો થનગનતો ભક્તિ માટેનો નાદ... ખરેખર ! આ ત્રિવેણી સંગમે આરાધનાનું અનુપમ સર્જન કર્યું...

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૧,અંક-૩૪,તા.૨૧-૫-૧૯૮૩

● **વટાદરા** (જિ. ખેડા) : વર્ધમાન તપોનિધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના પ્રશિષ્ય મુનિવર શ્રી હેમચંદ્રવિજયજી ગણિવર આદિ મુનિઓની શુભ નિશ્રામાં અત્રે જિનાલયમાં યુગાદિદેવ શ્રી આદીશ્વર ભગવંતાદિ છ જિનબિંબોની પ્રતિષ્ઠા શ્રી સંઘના ખૂબ જ ઉલ્લાસમય વાતાવરણમાં થઈ. નાનકડા આ ગામમાં ઉછામણીની બોલી ખૂબ સારી બોલાઈ...

● **કરાડ** : પૂ.આ.દેવ શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં અત્રે સાવરકુંડલા નિવાસી મુમુક્ષુ યુવાન મહેન્દ્રભાઈનો દીક્ષા-ઉત્સવ ચૈત્ર વદ-૨ના રોજ શાનદાર રીતે ઉજવાયો. નૂતનનું નામ મુનિશ્રી સંઘરત્નવિજયજી રાખી તેમને આચાર્યદેવશ્રીના શિષ્ય જાહેર કરાયા.

● **કલિકુંડતીર્થ, ધોળકા** : વર્ધમાન તપોનિધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની શુભ નિશ્રામાં શરૂ થયેલ સત્તર દિવસીય આધ્યાત્મિક શિબિરમાં જુદા જુદા ૬૦ ગામોના લગભગ ૩૫૦ વિદ્યાર્થીઓ પૂ.આચાર્યદેવશ્રીના અને યુવકોના માનીતા મુનિવરશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ શ્રીના રસપૂર્વક માણી રહ્યા છે.

તેની પ્રાથમિક ફળશ્રુતિ તરીકે મોટા ભાગના વિદ્યાર્થીઓએ જુદા જુદા નિયમો જેવા કે અઠવાડિયામાં બે વખતથી વધુ સાબુ શરીર પર લગાડવો નહિ. ૧. લોન-લીલોતરી ઉપર મોજ ખાતર ચાલવું-બેસવું નહિ. ૨. આજીવન ઈંડા, માંસ, મચ્છી, દારૂ વગેરે વાપરવા નહિ, ૩. આજીવન જિનપૂજા કરવી. ૪. અત્યંત રાગ કરાવતી કેરીનો ત્યાગ, ૫. નવરાત્રિના ગરબામાં ભાગ ન લેવો, ૬. દિવસમાં પાંચ વખતથી વધુ વાપરવું નહિ, ૭. દર કલાકે નમો અરિહંતાણં, ૮. શિબિરમાં હોય ત્યાં સુધી ઉકાળેલું પાણી પીવું, ૯. વગેરે નિયમો હોંશભેર કર્યા...

દરરોજના પાંચ પ્રવચનો, સાંજે ભાવના, જિનભક્તિ, વગેરે ભરચક



કાર્યક્રમોથી શિબિરાર્થીઓનો દિવસ ધર્મમય વાતાવરણમાં ઉલ્લાસથી પસાર થાય છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૧,અંક-૩૫,તા.૪-૬-૧૯૮૩

● **કલિકુંડતીર્થ (ધોળકા)** : અત્રે વર્ધમાન તપોનિધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની પુનીત નિશ્રામાં, સત્તર દિવસની ધાર્મિક શિબિર નિર્વિઘ્ને વૈશાખ સુદ-૧૦ના રોજ પૂર્ણ થઈ. વિદ્યાર્થીઓએ સિનેમાત્યાગ, કંદમૂળત્યાગ, રાત્રિભોજનત્યાગ, સ્વદ્રવ્યથી જિનપૂજા આદિના સુંદર નિયમો લીધા... ૩૨૫ યુવકો પૈકીના મોટા ભાગનાએ ભવ આલોચના દ્વારા પાપશુદ્ધિનું સુંદર પરાક્રમ કર્યું.

પૂ.પાદ આચાર્યદેવેશશ્રીના અને મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજના પ્રેરક પાંચ પાંચ પ્રવચનો યુવકોએ અત્યંત રસપૂર્વક ઝીલ્યા.

વૈશાખ સુદ-૧૧ના રોજ સાધ્વીશ્રી જિનદર્શનાશ્રીજીની વડીદીક્ષા અને કુમારી હીનાબેન ભણસાલી તથા પાટડીના યુવાન કીર્તિકુમારની ધામધૂમથી દીક્ષા થઈ. વરસીદાનના વરઘોડામાં શિબિરાર્થીઓ, વીર સૈનિકો કલિકુંડતીર્થ યુવક મંડળના યુવાનો વગેરેએ ભક્તિની રેલમછેલ રેલાવી. નૂતન દીક્ષિતોનું નામ સાધ્વીશ્રી હૃદયરત્નાશ્રી ગુરુણીશ્રી દર્શનરત્નાશ્રીજી... અને મુનિશ્રી કુલવર્ધનવિજયજી ગુરુનું નામ મુનિશ્રી વિદ્યાનંદવિજયજી.

અત્રેથી પૂ.પાદ આચાર્યદેવેશ આદિએ વૈશાખ વદ-૩ના રોજ આંકલાવ જિનપ્રતિમા પ્રતિષ્ઠા પ્રસંગ અંગે વિહાર કર્યો છે. ત્યાંથી વૈશાખ વદ-૮ લગભગ ખંભાત પધારવા વકી છે.

● **આંકલાવ (જિ. ખેડા)** : વર્ધમાનતપોનિધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની શુભ નિશ્રામાં વૈશાખ વદ-૩ના રોજ અત્રેના જિનમંદિરમાં ચરમ તીર્થપતિ શ્રી મહાવીરદેવના પ્રતિમાજીની પ્રતિષ્ઠા ચતુર્વિધ સંઘના અનેરા ઉલ્લાસપૂર્વક થઈ... શાંતિસ્નાત્ર-સિદ્ધચક્રપૂજન સહિતના જિનેન્દ્ર ભક્તિ મહોત્સવમાં શ્રી સંઘ ભક્તિરસમાં સુંદર ઝીલ્યો... પ્રતિષ્ઠાનો લાભ અત્રેના શેઠશ્રી પૂનમચંદ છોટાલાલ શાહે લીધો.

પૂ. આચાર્યદેવેશશ્રી અત્રેથી વિહાર કરી ખંભાત વૈશાખ વદ-૮ પધારવા વકી છે. ત્યાં વૈશાખ વદ-૧૧ પૂ.સ્વ. ગુરુદેવશ્રી આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગતિથિ પ્રસંગે એઓશ્રીના ગુણાનુવાદ વગેરે સાથે

ખંભાતમાં ૧૧ દિનના શિબિર પ્રવચનોની ગણતરી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૧,અંક-૩૬,તા.૧૧-૬-૧૯૮૩

● **ભદ્રેશ્વર (કચ્છ)** : વર્ધમાનતપોનિધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પૂ. પંન્યાસશ્રી રાજેન્દ્રવિજય ગણિવર મહારાજ આદિ ઠાણાની શુભ નિશ્રામાં અત્રે ધાર્મિક શિબિર રૂડી રીતે પૂર્ણ થઈ. ૧૬૦ જેટલા નાના મોટા બાળકો તથા ૩૦-૪૦ જેટલા પુરુષોએ વાચનાનો સુંદર લાભ લીધો. બાળકોને રૂા. ૬ હજાર ઉપરની પ્રભાવનાઓ અપાઈ. સાધર્મિક ભાઈઓની પણ સારી ભક્તિ કરાઈ. એક સાધ્વીજી મહારાજશ્રીના વરસીતપના પારણા પ્રસંગે સારા નિયમો થયા. પૂ.પંન્યાસજી મહારાજશ્રીના વિશુદ્ધ બત્રીશ વર્ષના દીર્ઘ પર્યાયની અનુમોદના નિમિત્તે બત્રીશ નિયમના કાર્ડોમાંથી ઘણા શિબિરાર્થીઓએ સારા નિયમો કર્યા. ચરમ તીર્થપતિશ્રી મહાવીરદેવના કેવળજ્ઞાન કલ્યાણકનો સુંદર વરઘોડો નીકળ્યો. તેમાં ઉછામણી પણ સારી થઈ.

શિબિરમાં રત્નાકરપચ્ચીશી સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા વગેરે સારા થયા. શિબિરની ખાસ વિશેષતા તો એ હતી કે એમાં સ્થાનકવાસી બાળકો અને વડીલો પણ સામેલ થયેલા.

● **ઈચલકરંજી (મહારાષ્ટ્ર)** : અત્રે ચરમતીર્થપતિ શ્રી મહાવીર દેવાદિના બિંબોના નગર પ્રવેશ-મંદિર પ્રવેશ તથા મંદિરમાં જિનબિંબોની પ્રતિષ્ઠાના મહોત્સવ અંગે વર્ધમાનતપોનિધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પંન્યાસશ્રી ધર્મજિતવિજયજી ગણિવર તથા મુનિવર શ્રી જયશેખરવિજયજી આદિને શ્રી સંઘે વિનંતી કરેલ, પરંતુ નાદુરસ્ત તબિયતના કારણે પંન્યાસજી મહારાજશ્રી પ્રસંગ પર પધારી ન શકવાથી તેમણે પોતાના શિષ્યરત્ન મુનિવર શ્રી જયશેખરવિજયજી ગણિવર આદિ ઠાણાને અત્રે મોકલેલ. ગણિવર મહારાજશ્રીની નિશ્રામાં પ્રવેશ મહોત્સવ ખૂબ જ રૂડી રીતે ઉજવાયો. બાદ પ્રતિષ્ઠા અંગે પૂજ્યશ્રીના પ્રેરક રોચક પ્રવચનો થતાં સંઘમાં ખૂબ જ જાગૃતિ-ઉત્સાહ આવ્યા.

સોનામાં સુગંધ ભળે તેમ પ્રતિષ્ઠા પ્રસંગ પર પૂ.પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વર મહારાજા પણ અત્રે પધાર્યા.

બંને પૂજ્યો આદિની શુભ નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ ભવ્ય અને પ્રભાવના પૂર્ણ બન્યો... ગામની અપેક્ષાએ ખૂબ જ સારી ઉછામણી, સાધર્મિકભક્તિ



વગેરે થયા... બાળ સંગીતકાર પારસે (ઉં.વ.૧૪) પૂજાભાવનાદિમાં જિનભક્તિની રેલમછેલ કરી લોકોને ભક્તિ તરબોળ બનાવ્યા...

પૂ.પંન્યાસજી મહારાજશ્રી આદિની શુભ નિશ્રામાં અત્રેથી કુંભોજગિરિનો સંઘ કાઢવા શ્રી સંઘ ખૂબ ભાવના ભાવે છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૧,અંક-૩૭,તા.૧૮-૬-૧૯૮૩

● **ખંભાત** : આંકલાવ ગામે ચરમ જિનપતિ શ્રી મહાવીરદેવની પ્રતિમાની શ્રી જિનમંદિરમાં પ્રતિષ્ઠા કરાવી વર્ધમાનતપોનિધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા **વાલવોડ** ગામે જિનમંદિરના જીર્ણોદ્ધાર પ્રારંભના મંગળ પ્રસંગે પધાર્યા. ભવ્ય બોલી થઈ. પછી ખંભાત વૈશાખ વદ-૮ના રોજ શ્રી સંઘના સામૈયાપૂર્વક પધાર્યા. જોશીલા પ્રવચનકાર મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ. ના સવારે ૫।। થી ૭ના પ્રવચનોમાં વિશાળ સંખ્યામાં યુવાન વર્ગ જિનવાણી રસમાં ઝીલે છે. વૈશાખ વદ-૧૧ના રોજ સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના સ્વર્ગારોહણ દિન નિમિત્તે ગુણાનુવાદના બે વ્યાખ્યાનો થયા. શ્રીમતિ મૂળીબેન અંબાલાલ રતનચંદ તરફથી પ્રભાવના થઈ. બપોરે નવપદજીની પૂજા ભણાવાઈ. શ્રી સીમંધરસ્વામીના દેરાસરે પ્રભુજીને ભવ્ય અંગ રચના થઈ અને સ્વ. પૂજ્યપાદશ્રીના સમાધિ મંદિરે વિશાળ સંઘ વંદન કરવા ગયો. સંઘ તરફથી લાડુની પ્રભાવના થઈ. અવધિજ્ઞાની શ્રી ધર્મદાસગણિજી કૃત ઉપદેશમાળા પર પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની દરરોજ સવારની વાચનામાં વિશાળ સાધુ સાધ્વી સમુદાય ઉપરાંત શ્રાવક શ્રાવિકા લાભ લે છે. જેઠ સુદ-૭ના અત્રેથી વિહાર કરી પૂજ્યશ્રી ભરૂચ થઈ નવસારી તરફ વિહાર લંબાવશે.

● **રાશીન** : પૂ.પં.શ્રી વારીષેણવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં તા. ૨૧-૫ ના ધામધૂમપૂર્વક પ્રતિષ્ઠા થઈ. રોજ પૂજા-ભાવના, સ્વામીવાત્સલ્ય થયા. બહારગામથી ૨૦૦૦ ભાવિકો પધારેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૧,અંક-૩૮,તા.૨૫-૬-૧૯૮૩

● **ધમકડા (કચ્છ)** : ભાઈશ્રી કેશવલાલ મગનભાઈ તરફથી ડગારાથી પદયાત્રા સંઘ વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના

શિષ્યરત્ન પૂ.પં.શ્રી રાજેન્દ્રવિજયજી મ. આદિની નિશ્રામાં વૈશાખ વદ-૩ના નીકળેલ. જેમાં અનેક ગામોના થઈને ૪૦૦ યાત્રિકો હતા. ગામેગામ સ્વાગત, રથયાત્રા, દાંડિયા રાસ, સ્નાત્રપૂજા, પ્રવચન તથા ભાવના થતાં દૂધઈમાં યુવાનોનો ઉત્સાહ બહુ. સાધારણ ખાતા અંગે સારો એવો ફાળો તથા ૨૦૦ ઉપર તિથિઓ યાત્રિકો તરફથી નોંધાયેલ. સંઘપતિ કેશુભાઈને તથા તેમના માતુશ્રી વેણુબેનને તીર્થમાળા પહેરાવાઈ. સંઘપતિ તથા વેણુબેનને તિલક કરવાના ચઢાવા સારા થયા. ૧૮ અભિષેકમાં ઘીના ચઢાવા સારા થયા. પાંજરાપોળની સારી ટીપ થઈ. માકપર જૈન સમાજ તરફથી ૧, તથા સંઘપતિ તરફથી ૧ એમ બે સ્ટીલના ગ્લાસની પ્રભાવના દરેક તપસ્વીઓને કરાઈ. અનેક ભાઈ બેનોએ સારા નિયમો લીધા.

પૂ. પંન્યાસજી મહારાજશ્રી અત્રેથી કટારિયા તીર્થે પધારતા ત્યાં વૈશાખ વદ-૧૧ના રોજ સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગારોહણતિથિ નિમિત્તે પૂજ્યશ્રીના ગુણાનુવાદ થયા. પૂ. પંન્યાસજી મ. અત્રેથી ખાનપુર, અમદાવાદ, તરફ ચાતુર્માસ માટે વિહાર કરેલ છે.

● **ખંભાત :** પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.શ્રીના પવિત્ર નિશ્રામાં કલિકુંડમાં દીક્ષિત બનેલા જયેશ ચંપકલાલ ભણસાલીના બહેન શ્રી હીનાબેન હાલ સાધ્વીશ્રી હૃદયરત્નાશ્રીજીની વડીદીક્ષા જેઠ સુદ-૩ના જૈન અમરશાળાના વિશાળ હોલમાં ખૂબ સુંદર રીતે થઈ. પૂજ્યશ્રીએ પાંચે મહાવ્રતોની રહસ્યભરી સમજણ વૈરાગ્ય રસ ઝરતી દેશનાથી આપેલ. જયેશભાઈના પરિવાર તરફથી સંઘપૂજન થયેલ. ત્યારબાદ સવારે ૮॥ વાગે પૂ. આચાર્યદેવશ્રી વિજય વિક્રમસૂરીશ્વરજી મહારાજનો પ્રવેશ ભવ્ય સામૈયાપૂર્વક થયેલ. વ્યાખ્યાનમાં આજે પૂ.શ્રીનો દીક્ષા દિવસ હોઈ એઓશ્રીના ગુણાનુવાદ થયા. બંને પૂ. આચાર્યદેવના ચાર દિવસના અત્રે સ્થિરતામાં ૨૪ તીર્થંકર પૂજન, શાંતિસ્નાત્ર જાહેર વ્યાખ્યાનો વગેરેથી શ્રી સંઘમાં ધર્મભાવના ખૂબ ઝગમગી ઊઠી. યુવાનોએ પણ ખૂબ લાભ લીધો. પૂજ્યશ્રીએ અમદાવાદ તરફ અને પૂ. ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે નવસારી તરફ વિહાર લંબાવ્યો. ભરૂચ જેઠ વદ ૧-૨ અને સુરત વદ ૬-૭ થવા સંભવ છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૩૧,અંક-૪૧/૪૨,તા.૧૬-૭-૧૯૮૩**

● **કલકત્તા :** નાગપુરમાં ખૂબ જ સુંદર આરાધના અને શાસનપ્રભાવના ભરપૂર ચોમાસું કરી, સમેતશિખરજી આદિ પૂર્વ દેશના તીર્થોની સ્પર્શના કરી



વર્ધમાન તપોનિધિ આચાર્યદેવેશ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્યરત્ન મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજા આદિ ઠાણાં અત્રે પધારતા કેનિંગ સ્ટ્રીટ, હંસપૂકર, ભવાનીપુર વગેરે સ્થળોએ પ્રવચનો થયા, લોકોની હાજરી એટલી કે બધી જ જગાએ વ્યાખ્યાન હોલ નાના પડ્યા...

નવયુવાન મુમુક્ષુ મહેશની દીક્ષા અત્યંત ભવ્ય રીતે ઉજવાઈ. નૂતન દીક્ષિતનું નામ મુનિશ્રી વૈરાગ્યરત્ન રાખી એમને મુનિરાજશ્રી હેમરત્નવિજયજીના શિષ્ય જાહેર કરાયા.

બૃહત્ કલકત્તા મહાનગરના જૈન સંઘોના આગેવાનો નિર્મિત 'શ્રી ચાતુર્માસ આરાધના સમિતિ'ની અત્યંત આગ્રહભરી વિનંતી સ્વીકારી પૂજ્ય મુનિરાજશ્રીનું ચાતુર્માસ પોલોક સ્ટ્રીટ ગુજરાતી શાળામાં નક્કી થયું છે.

સ્કૂલનો અધ્યાપક વર્ગ મુનિરાજશ્રીના પ્રવચનોથી પ્રભાવિત થતાં ૩૦૦૦ વિદ્યાર્થીઓને દરરોજ પ્રવચન આપવા માટે તેઓએ આગ્રહભરી વિનંતી કરી છે.

● **સુરત :** માસર રોડમાં મુનિશ્રી કુલવર્ધનવિજયજીની વડીદીક્ષા કરી વિહાર કરતાં કરતાં અત્રે વર્ધમાનતપોનિધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા અત્રે સપરિવાર પધાર્યા છે. પ્રસિદ્ધ વક્તા મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજીના સનાતન હોલમાં દરરોજ વ્યાખ્યાનો થાય છે. શ્રોતા મેદની ચિકાર રહે છે.

અત્રેથી અષાઢ સુદ-૨ના વિહાર કરી નવસારીમાં અષાઢ સુદ-૬ના રોજ ચાતુર્માસ પ્રવેશ કરવાની વકી છે.

● **તખતગઢ :** પૂ.મુ.શ્રી ગુણરત્નવિજયજી મહારાજની નિશ્રામાં પુષ્પાકુમારીએ (ઉં.વ. ૨૪) જૈન સાધ્વી દીક્ષા લીધી. લગભગ દશ હજારની જનમેદની હતી. આ વખતે નવ દંપતીઓએ તથા સાત યુવતીઓએ અને બે યુવાનોએ આજીવન બ્રહ્મચર્યવ્રતની પ્રતિજ્ઞા કરી. યુવતીઓમાં (૧) મુન્નાકુમારી (ઉં.વ. ૨૨), (૨) મંજુકુમારી રાયચંદજી (ઉં.વ. ૧૮), (૩) આશાકુમારી ( ૧૮ વર્ષ), (૪) મંજુકુમારી રતનચંદજી (૧૯ વર્ષ), (૫) સરોજકુમારી (૧૮ વર્ષ), (૬) શકુંતલાકુમારી (૧૮ વર્ષ), લીલાકુમારી (૧૭ વર્ષ)

યુવાનોમાં મહેન્દ્રકુમાર, બી.કોમ. (૨૪ વર્ષ) રમેશકુમાર (૨૧ વર્ષ), શ્રી સંઘ તરફથી એમનું બહુમાન થયું.

પૂ.મુનિરાજશ્રી અહીંથી ઉમેદાબાદ પધાર્યા જ્યાં ૨૪ વર્ષના નવયુવાન ભંવરલાલજીની દીક્ષા ખૂબ જ ઠાઠથી ઉજવાઈ. નૂતન મુનિવરનું નામ મેઘરત્ન વિજય રાખી એમને મુનિરાજશ્રી વિશ્વરત્નવિજય મહારાજાના શિષ્ય જાહેર કરાયા.

ઈતિહાસમાં ૧૦૦ વર્ષે આ દીક્ષા ઉજવાતા લોકોનો ઉત્સાહ અનેરો હતો.

**• ગેબી બચાવ**

**દેવાણ** (ખંભાત) : વર્ધમાનતપોનિધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજા વગેરે સપરિવાર ખંભાતથી નવસારીના વિહારમાં અત્રેનો આરો ઉતરતાં ૫-૬ મુનિઓને સમલેવલ જમીનમાં ગુપ્ત કાદવવાળા એક ખાડામાં ઘુંટણ સુધી ખૂંચી જતાં સાથેનાઓને બહાર ખેંચી કાઢ્યા, નહિતર ખાડામાં ચીકણો કીચડ એવો કે જેમ જેમ બહાર નીકળવાના પ્રયત્ન કરે તેમ તેમ વધારે ખૂંચવાનું થાય. પણ દેવગુરુની અચિંત્ય કૃપાથી ગેબી બચાવ મળ્યો. બહાર નીકળ્યા બાદ કોઈ જ તકલીફ રહી નથી...

પ.પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ પણ તે જ રીતે ખાડામાં ખૂંચેલા જેમને બહાર નીકળતાં ડાબા હાથના કાંડા પર જોર આવવાથી હાડકામાં તડ પડી. તે જગાએ પ્લાસ્ટર બાંધતા હવે સુધારા પર છે.

આમ દેવગુરુના અચિંત્ય મહિમાથી પૂજ્યોને અકસ્માતમાંથી ગેબી બચાવ મળ્યો.

**• અહિંસા પ્રેમીઓ સાવધાન !**

**નવી દિલ્હી** કેન્દ્ર સરકાર તરફથી શ્રી યોગેન્દ્ર મકવાણા, જ્યોર્જ ફર્નાન્ડીસ પરના ૫મી માર્ચના એક પત્રમાં જણાવે છે કે સરકારે દિલ્હી નજીકના કતલખાનાની કોઈ યોજના પડતી મૂકી નથી, એટલું જ નહિ બલ્કે આ કતલખાનામાં પશુઓને વૈજ્ઞાનિક રીતે અને દુઃખ ન થાય તેવી રીતે આધુનિક દેશોની જેમ વધ કરવાની સગવડ રાખવામાં આવશે...

બેંગ્લોરમાં પણ આવા જ કતલખાનાની યોજના સાકાર થઈ રહી છે...

**• કોલ્હાપુર :** જેઠ સુદ-૯ અહીં સોનમલજીએ... સાકળચંદ દોલાજીના સ્મણાર્થે પૂ.પં.શ્રી ધર્મજિતવિજયજી મ. ની નિશ્રામાં મહોત્સવ ખૂબ જ ભવ્ય રીતે ઉજવ્યો... બાલ સંગીતકાર **પારસે** ખૂબ સારું જમાવ્યું એનું ૧૩૮૧/- રૂા.થી બહુમાન જુદા જુદા સંઘ મંડળો તથા વ્યક્તિ તરફથી કરવામાં આવેલ, ૧૧ લાખ પુષ્પની ખૂબ ભવ્ય આંગી કરાડવાળા મંડળે બનાવી હતી પૂજ્યશ્રીનો શાહુપુરીમાં અષાઢ સુદ-૬ ચાતુમાર્સ પ્રવેશ છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** વર્ષ-૩૧,અંક-૪૩/૪૪,તા.૩૦-૭-૧૯૮૩

**• નવસારી :** વર્ધમાન તપોનિધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુ-



સૂરીશ્વરજી મહારાજા આદિ ઠાણા છત્રીસનો અત્રે ચાતુર્માસિક પ્રવેશ થયો. વિવિધ શોભાઓ સાથેના સામૈયામાં વીરસૈનિકો તથા તપોવનમાં વિદ્યાર્થીઓએ ભક્તિગીતો, સ્વાગતગીતો તથા નારાઓની રમઝટ બોલાવી, અત્રે પૂ. પાદ આચાર્યદેવેશશ્રીના તથા જોશીલા પ્રવચનકાર મુનિરાજશ્રી રત્નસુંદરવિજય મહારાજશ્રીના દરરોજ સવારે પ્રવચનો થાય છે. પૂજ્યશ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જૈન ઉપાશ્રયે (મધુમતિ, નવસારી) બિરાજમાન છે. અષાઢ સુદ-૧૫થી રવિવારીય શિબિર ચાલુ થનાર છે. **સમય :** સવારે ૧૦ વાગ્યાથી ૧ વાગ્યા સુધી. વિષય; બપોરે ૨॥ થી ૪ વાગ્યા સુધી જાહેર વ્યાખ્યાન.

**• કલકત્તામાં દીક્ષા મહોત્સવ : ભવ્ય પ્રવેશ-સમારોહ**

પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના પ્રશિષ્ય પૂ.મુનિશ્રી હેમરત્ન-વિજયજી મ. આદિ ઠાણા ૩ નાગપુર ચોમાસું પૂર્ણ કરી રાયપુરથી છ'રી' પાળતા સંઘ સાથે શિખરજી પધારી ત્યાં ત્રણ દિવસની શિબિરમાં પૂર્વ ભારતના ૧૫૦ ઉપરાંત યુવાનોને ધર્મનું તલસ્પર્શી જ્ઞાન આપી તેમજ તાત્ત્વિક વ્યાખ્યાન શ્રવણનો સૌને લાભ આપી તા. ૨૨-૫-૮૩ના કલકત્તા પધારતાં ભવ્ય સ્વાગત સાથે કાંકરિયા એસ્ટેટમાં પધાર્યા, પ્રભાવક પ્રવચન થયું. ચારે બાજુથી વિનંતી થતાં તુલાપટ્ટી કેનિંગ સ્ટ્રીટ જૈન ભવન કચ્છી ભવન વગેરેમાં પ્રવચનો થયા. માણસ તો માય નહિ. ભવાનીપુરના ઉપાશ્રયે ૭ દિવસની સ્થિરતા કરી. પ્રતિદિન પ્રવચનો આપી સૌની ધર્મભાવના પ્રજ્જવલિત કરી. તા. ૨૯ના પૂ. મુનિરાજશ્રી કેનિંગ સ્ટ્રીટ પધાર્યા હતા. અહીં પણ વ્યાખ્યાન અપાતાં અભૂતપૂર્વ માનવમેદની જામી હતી.

અહીં કેનિંગ સ્ટ્રીટમાં પૂજ્યશ્રીની નિશ્રામાં મુમુક્ષુ શ્રી મહેશકુમાર (ઉં. વર્ષ ૨૧)નો તા. ૧૨ના વરસીદાનનો ભવ્ય વરઘોડો ચઢેલ. ત્યારબાદ તા. ૧૯ના ભવાનીપુરમાં પણ વરસીદાનનો ભવ્ય વરઘોડો ચઢેલ અને તે જ દિવસે પૂ. મુનિરાજશ્રીના વરદ હસ્તે મુમુક્ષુ શ્રી મહેશકુમારે ભાગવતી દીક્ષા અંગીકાર કરેલ. ઉપકરણોની ભવ્ય બોલીઓમાં નાગપુરના ભાવિક રજોહરણની મોટી રકમની બોલી બોલેલ. પૂજ્યશ્રીના પ્રભાવક પ્રવચનો શ્રવણ કરવા દરેક સ્થળે ચિક્કાર માનવમેદની ઉમટે છે. દરેક હોલ નાના પડે છે. કલકત્તાના ૫૦ વર્ષના ઈતિહાસમાં આટલી વિશાળ મેદની ભાગ્યે જ જોવા મળી હશે.

ચાતુર્માસ એટલે વર્ષાની મોસમ, ઉદ્દિપ્તમાન તપથી તલસતી ધરતીના હૈયાને ભિજાવવા આભની અટારીયેથી થતો શીતળ અભિષેક. બીજા અર્થમાં કહીએ તો ચાતુર્માસ એટલે સંતોની મોસમ. સંસારના પરિતાપથી ઉદ્દિપ્ત માનવ હૈયાને શીતળ-

અમૃતવાણીથી થતો સંતોનો અભિષેક. કલકત્તાના જૈન-જૈનેતર ભાવિકો નવયુવક પ્રતિબોધક શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની પ્રતિભાથી અજાણ નથી તેના જ પ્રતાપી પ્રશિષ્યરત્ન પ્રબુદ્ધ પ્રજ્ઞા ધરાવતા મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજનો ચાતુર્માસ પ્રવેશ તા. ૧૧-૭-૮૩ના મંગલ પ્રભાતે પોલોક સ્ટ્રીટમાં થયો. સંઘપતિશ્રી પ્રાણલાલ વોરા, તથા તેમના સંન્નિષ્ટ સાથીઓએ જૈન-જૈનેતર વિશાળ જનતાને ધર્મનાં પ્રભાવક પ્રવચનોનો લાભ મળે એ શુભ હેતુથી એંગ્લો ગુજરાતી શાળાના આગેવાનોને પૂજ્યશ્રીના ચાતુર્માસ અર્થે સહકાર આપવા વિનંતી કરી. શાળાના પ્રમુખશ્રી દિનેશ શાહ અને યુવાન મંત્રીશ્રી રવિન્દ્રભાઈ વાઘાણીએ આવા ઉમદા ઉદ્દેશને નજર સમક્ષ રાખીને શાળાના આંગણે સગવડ કરી આપી.

કહેવાય છે કે માનવીના હૈયામાં જો સંકડાશ ન હોય તો જગાની સગવડ તો મળી જ રહે છે. શ્રી ચાતુર્માસ આરાધક સમિતિની નિશ્રામાં મુનિવર શ્રી હેમરત્નવિજય મહારાજનો ચાતુર્માસ પ્રવેશ થતાં જ કલકત્તાના ભાવિકોમાં આનંદની હેલી રેલાણી, તા. ૧૧મી સવારે પૅરેડાઈઝ સિનેમા સમીપેથી વાજતે ગાજતે મહારાજશ્રીનું સામૈયું કરવામાં આવ્યું. કળશ લઈ કન્યાઓ તથા ભાવિકોએ જિનશાસનનો જયધ્વનિ ગજાવ્યો અને બરાબર ૮-૪૫ મિનિટે મહારાજશ્રીએ સી.એ.જી. ઓડીટોરિયમના પ્રવચન ખંડમાં પ્રવેશ કર્યો. મુનિશ્રીને સાંભળવા બે હજારથી વધુ ભાઈ બહેનોની હાજરીથી પ્રવચન હોલ ચિક્કાર ભર્યો હતો. ૯ વાગે ધર્મ જોમથી ધમધમતું પ્રવચન થયું. પછી સમૂહ જાપનું આયોજન થયું.

અને બરાબર ૧૧-૭ મિનિટે પૂજ્યશ્રીએ ૬ પોલોક સ્ટ્રીટના એસેમ્બલી હોલમાં ચાતુર્માસ અર્થે પ્રવેશ કર્યો. પ્રવેશ પ્રસંગે ગુરુપૂજનનો લાભ શ્રી દિનેશ ભાઈ શાહે લીધો. સમગ્ર આયોજનમાં શ્રી પ્રાણલાલ વોરા, શ્રી પદમશીભાઈ, શ્રી દિનેશ વોરા, શ્રી સુરેશભાઈ, શ્રી કુબેરદાસભાઈ, તથા અનેક શ્રદ્ધેય ભાવિકોએ મહત્ત્વપૂર્ણ સેવા આપી. શાળાના સંચાલકોના સૌજન્યભર્યા સહકારથી બડા બજારની પ્રજાને આવા મુનિવરનો ચાતુર્માસ લાભ મળ્યો એ મહત્ત્વની બીના છે. સી.એ.જી.ના સ્કાઉટના યુવાનોનો સહકાર નોંધપાત્ર બન્યો.

સંતના ચરણથી કેળવણી સંસ્થા સરસ્વતી મંદિર બની ગઈ. શાળાના બિન ગુજરાતી અને જૈનેતર એવા દરવાનોએ પણ ચાતુર્માસ દરમ્યાન કંદમૂળ ન ખાવાનો સંકલ્પ કર્યો. આ ઘટના નાનકડી હોવા છતાંયે મહત્ત્વની છે.

મહારાજશ્રીની વાણીમાં માત્ર ધર્મ અને સંપ્રદાયનો જ આદેશ નથી. પરંતુ જીવન-પરિવર્તનની પ્રેરણા છે, ચારિત્ર ઘડતરની શીખ છે, માનવીને સાચા માનવી



બનાવવાની જાદુગીરી સમાયેલી છે. એક વેળા એમની વાણી સાંભળનારાના હૈયામાં જાગૃતિના અંકુર સળવળી ઊઠે છે. ૧૬ વર્ષની વયે દીક્ષા લેનાર આ ૩૨ વર્ષના યુવાન મુનિના વ્યક્તિત્વમાં અધ્યાત્મ-ચિંતનના વિશાળ વર્તુળો દોરાયા છે.

● **સાયલા :** પ.પૂ. મુનિરાજશ્રી જગવલ્લભવિજયજી મ. આદિ ઠાણા ૪નું પોતાના સંસારીપણાના વતનમાં ચાતુર્માસ પધારતાં સંઘે ભવ્ય સ્વાગત કર્યું. દરબારગઢના ચોકમાં યાંત્રિક રચનાવાળી ગહુલીઓથી સત્કાર થયા બાદ યાંત્રિક દેવવિમાનમાંથી દેવકન્યા ઉતરી, તે ગહુલી કરતાં સૌ લોકોનું આકર્ષણનું નિમિત્ત બનેલ. સંગમનેરના બાળ કલાકાર ચંદ્રેશકુમારે ચામર નૃત્ય કરેલ. દેરાસર પાસે ઊંચે આકર્ષક તારલીયાની રચનામાંથી મુનિવરોના નામની વિશિષ્ટ ગહુંલી નીચે ઉતરતા દર્શનીય બની હતી. મંગળ પ્રવચનબાદ સાકળબદ્ધ અઠ્ઠમના નામો તથા તપસ્વીઓનું બહુમાન રૂા. ૬૫ની પ્રભાવનાના નામો નોંધાઈ ગયેલ. ધંધુકાવાસી શ્રી ઓધડભાઈ તેજપાલ તરફથી સંઘપૂજન થયેલ.

ખાસ કરીને દેરાસરજીના જીર્ણોદ્ધારની વાતો જે વર્ષોથી વિલંબમાં પડી હતી તેનો નિર્ણય થયો. સૂત્રો વહોરાવવાની અને જ્ઞાનપૂજાદિ ઉછામણીનો આદેશ સ્થાનકવાસી અને અજૈન ભાઈઓએ લાભ લીધેલ છે. પાર્શ્વનાથ ભગવંતના ૧૦૮ અઠ્ઠમ તથા ૧૦૮ પાર્શ્વનાથ પૂજન વિવિધ પ્રભાવના પારણા આદિ સાથે થશે.

વ્યાખ્યાનમાં અજૈનો વિપુલ પ્રમાણમાં લાભ લે છે.

● **સોલાપુર :** જૈન શ્વેતામ્બર ઉપાશ્રય, ૪૩-૪૬ જોડભાવી પેઠમાં પૂ. પંન્યાસજી શ્રી ભદ્રગુપ્તવિજય ગણિવર મહારાજશ્રી આદિ ઠાણાનો ચાતુર્માસિક પ્રવેશ સંઘના અપૂર્વ ઉલ્લાસ સાથે થયો. વ્યાખ્યાનમાં શ્રોતાઓથી હોલ ચિક્કાર ભરાય છે. શ્વેતામ્બરોની ૩૫૦ ઘરની વસ્તીવાળા આ શહેરમાં હાલમાં ધર્મારાધનાનું સુંદર વાતાવરણ જામ્યું છે.

## “દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૩૧,અંક-૪૬,તા.૧૩-૮-૧૯૮૩

● **ડીસા :** રીસાલાબજાર ઉપાશ્રયમાં રવિવારીય આધ્યાત્મિક જ્ઞાન શિબિર યુવાનોની નૈતિક અને આધ્યાત્મિક ઉત્થાન માટે યુવક જાગૃતિના પ્રેરક પંદર આધ્યાત્મિક જ્ઞાન શિબિરના પ્રવચનકાર મુનિશ્રી ગુણરત્નવિજયજી મહારાજ સાહેબની શુભ નિશ્રામાં તા. ૩૧-૭-૮૩ થી તા. ૨૧-૧૧-૮૩ સુધી દર રવિવારે તેર રવિવાર સુધી સવારે ૯-૦૦ થી ૪-૦૦ વાગ્યા સુધી શિબિરનું આયોજન કરવામાં

આવેલ છે.

**• દાનવીરો સાવધાન !**

સવિનય એક ભાઈ પોતે તા. ૩૦-૬-૮૩ના રોજ લલ્લુભાઈ અમીચંદભાઈ ટ્રસ્ટ મુંબઈના મુખ્ય કાર્યકર્તા છે અને તેમના ટ્રસ્ટમાંથી ભોજનશાળા વગેરેમાં સ્ટેન્લેસ સ્ટીલના સેટો આપવામાં આવે છે. ચાલુ સાલે મોટુ વિસ્તરણ થઈ ગયેલ હોઈ તમારી ભોજનશાળામાં દોઢસો સેટ આપી શકાય તેટલું પ્રોવિઝન છે માટે તેની અરજી કર્મચારી પાસેથી લીધી અને ઈડર તીર્થમાં કિલ્લા ઉપર જાત્રાએ જઈ ત્યાં મહેતાજી પાસે રૂપિયા ૨૧૧૧-૦૦ તમારી ભાથા ખાતે નોંધ કરાવી પહોંચો લીધી અને ડુંગર ઉપર પૈસા લાવ્યો નથી એટલે નીચે ધર્મશાળામાં : જૈન ધર્મશાળાઃ હું ઉતર્યો છું ત્યાં રકમ ભરી દઈશ તદ્ઉપરાંત કર્મચારીઓને કહ્યું કે કર્મચારીઓ માટે હજાર રૂપીયાના વાસણો અમે ફ્રી આપીએ છીએ ફક્ત ટેક્ષના રૂપીયા ૪૦-૦૦ તમારે આપવાના છે અને તેના સ્ટેમ્પ રસીદ તમને આપવામાં આવશે. આથી કર્મચારીઓ લલચાયા અને ત્રણ જણ પાસેથી રૂપીયા ૪૦-૦૦ ચાલીસ લઈ. સ્ટેમ્પ રસીદ લલ્લુભાઈ અમીચંદ ચેરીટી ટ્રસ્ટની આપી અને મહેન્દ્રભાઈ એ. શાહ તેમ સહી કરી આપી અને જણાવ્યું કે તા. ૧૧-૭-૮૩ના રોજ આંગડીયા મારફતે સામાન આવી જશે એટલે છોડાવી લેવા વ્યવસ્થા કરશો અને હું દશ પંદર દિવસ પછી પાછો આવીશ ત્યારે યોગ્ય કરીશ આ પ્રમાણે તરકટ કરી બીજા દિવસે ગયો અને ઘણા દિવસ થયા છતાં પણ કાંઈ સમાચાર ન હોવાથી એક ભાઈએ લલ્લુભાઈ અમીચંદ ટ્રસ્ટમાં પત્ર લખ્યો અને તેના પ્રત્યુતરમાં આવો કોઈ માણસ અમારા ત્યાં છે નહીં અને આવું ચેરીટેબલ ટ્રસ્ટ પણ નથી. આવી વ્યક્તિઓથી ટ્રસ્ટો તથા દાનવીરો ચેતે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૧,અંક-૪૮,તા.૨૭-૮-૧૯૮૩

**• અમલનેર :** અત્રે ચાતુર્માસ વિરાજિત પ.પૂ.મુનિરાજશ્રી વિમળસેન મહારાજની ૯૬મી વર્ધમાનતપની ઓળી તથા અ.સૌ. પદ્માબેન નેમિચંદ કોઠારીના એકાંતર ૫૦૦ આયંબિલની નિર્વિઘ્ન પૂર્ણાહૂતિની અનુમોદના નિમિત્તે કોઠારી નેમિચંદ મિશ્રિમલ તરફથી જિનભક્તિ મહોત્સવ સારો ઉજવાયો. ચિંતામણિ પાર્શ્વનાથ પૂજન, જંબુદ્વિપ પૂજન, સંઘપૂજન ચૈત્યપરિપાટી, વગેરે અનુષ્ઠાનોમાં સ્થાનિક સંઘના ભાઈ-બહેનો ઉપરાંત નાસિક માલેગાંવ, ધુળિયા જલગાંવ વગેરે ભાવિકોની સારી ઉપસ્થિતિ



હતી. પ.પૂ.મુનિરાજશ્રી નંદિભૂષણ મહારાજશ્રીના મુખેથી નીકળતી જિનવાણીમાં શ્રોતાઓ સારા ઝીલી રહ્યા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૨,અંક-૧,તા.૩-૯-૧૯૮૩

## નવા ૩૨મા વર્ષના પ્રારંભે

ધોમ ધખતા બપોરે ટોપીઓ વેચતો ફેરિયો થાક ઉતારવા વૃક્ષ નીચે સૂતો છે. ટોપીઓનું પોટલું પગ પાસે પડ્યું હતું. વૃક્ષ ઉપર કૂદાકૂદ કરતાં વાંદરાઓની નજર ટોપીઓ ઉપર પડી. વાંદરા નીચે ઊતરીને એક પછી એક ટોપીઓ ઉપાડતા ગયા. ટોપીઓને મોંથી ચૂંથતા ચોળતા અને હૂકાહુકની ચીસો ચીખતા વાંદરાઓના ભારે કોલાહલથી ફેરિયો જાગી સફાળો બેઠો થઈ ગયો. માલ મુદ્દા ગાયબ જોઈ વ્યાકુળ અને વિહ્વળ બનેલા ફેરિયાએ આંખ ઊંચે કરી અને રહસ્ય સમજાઈ ગયું. ફેરિયો વિચારે છે કે ટોપીઓ લેવા વૃક્ષ ઉપર ચડીશ તો વાંદરાનું ટોળું નાસભાગ કરશે. જાત કે જીવ જોખમમાં આવી પડશે. એથી એણે યુક્તિપૂર્વક વાંદરાની જેમ ચીચીયારી પાડી અને પોતાના માથેથી પોતાની ટોપી ઉપાડીને જમીન ઉપર ફેંકી દીધી અને ચમત્કાર થયો. વાંદરાઓના ટોળાં પ્રત્યાઘાતમાં ચીંચીયારી પાડતા ગયાં અને ટોપીઓ વૃક્ષ ઉપર ઝીંકતા ગયા. ફેરિયો જમીન પર ઢગલો થયેલી ટોપીઓ ભેગી કરીને ભાગી છૂટ્યો.

માણસનું મન પણ મરકટ જેવું ચંચળ છે. ચંચળ મનનો સામનો ન થાય એની સાથે સમાધાન કરવું પડે, નહિતર તો વાંદરાની જેમ મન વકરે અને વિફરે પણ ખરું. મનને તોડવાથી નહિ, મોડવાથી કાબૂમાં રાખી શકાય. એની સાથે તકરારથી નહિ આવકારથી કામ લેવું પડે.

કેમકે મન લોટા જેવું છે. રોજ વપરાતા લોટાને નીત માંજવો પડે તો ચકચકાટ રહે, નહિ તો બીજે જ દિવસે કાળો મશ થઈ જાય. સંકલેશોથી નીત કાળા પડતા મનને સ્વાધ્યાય અને અધ્યયનથી શુભ અધ્યવસાયમાં રાખી શકાય.

મનનો સ્વભાવ પાણી જેવો, નીચે સરકી જવાનો છે. વારંવાર કાળા અને કલુષિત વિચારોમાં ઊતરી પડતા મનને 'રીપ્રેસર'ની જરૂર છે. સ્વાધ્યાય અને સદ્ વાંચન 'રીપ્રેસર'નું કામ કરી શકે.

મન પાઈપલાઈન જેવું છે. પાઈપલાઈનમાં વારંવાર લીકેજ થાય. મનની પાઈપલાઈન પણ 'લીકેજ' થતી રહેતી હોય છે. એમાંથી શુભધારાઓ વહી જતી

હોય છે. વેડફાઈ જતી હોય છે. લીકેજ જ થતી મનની પાઈપલાઈનને સ્વાધ્યાયના 'વેલ્ડીંગ'થી બચાવી શકાય.

મન લાડકા બાળક જેવું ચંચળ છે. જે સદાય અતૃપ્ત રહે છે. એનો સ્વભાવ અભાવમાં રમવાનો છે. આ અભાવમાં રમતું ચંચળ મન માલિક ન બની બેસે એ માટે જાગ્રત રહેવાની જરૂર છે. બહેકી જવાનો એને છૂટો દોર ન મળી જાય એ માટે એને સાંકળની જરૂર છે. સ્વાધ્યાયની સાંકળ ખાલી અને ખોખલા વિચારોમાં સરી જતા મનને અટકાવી શકે.

મન મહેંદીની વાડ જેવું છે. મહેંદીની વાડ વારંવાર સરખી કરતા રહેવું પડે. એમ ન કરાય તો ઝુંડના ઝુંડ ફેલાઈ જાય. મનની વાડ પણ વિષયો અને વિકારોમાં વકરી ન જાય માટે સજાગ રહેવાનું જરૂરી. વિષય-વિકારોના જાલીમ ઝુંડોને સ્વાધ્યાયની કાતરથી કાપી શકાય.

મન જો મલિન થતું ચાલે, માનસિક તાપ અને સંતાપ જો વકરતા જાય, તો આત્માની સમાધિ અખંડિત શી રીતે રહી શકે ? આપણું આત્મ-ધન કહોવાતું જાય. આત્મા કોરાતો જાય. માણસ અંદરથી તૂટતો જાય, ખોખલો અને ખાલી થતો જાય. ઝાકળભીના પારિજાત જેવો ચહેરો ચીમળાતો જાય. 'તારું મન મહાન હોવું જોઈએ.' ('મનસ્તે મહદ્ અસ્તુય') એ જ્ઞાની-વચનની અવજ્ઞા થતી ચાલે. આ હરગીજ ન ચલાવી શકાય તેવી બાબત છે.

એ માટે રોજ ઉભરાતા અશુભ સંકલ્પ-વિકલ્પોથી પીડાતા મનને મુક્ત કરાવવા, માનસિક સંતાપો અને સંક્લેશોથી બચાવવા તથા જીવનમાં ઉદ્ભવતી જટિલ સમસ્યાઓનો ઉકેલ પામવા **'દિવ્યદર્શન સાપ્તાહિક'** અમોઘ સાધન છે. સંસારનો રાગ અને ભવનો રોગ ટાળવાની એ અકસીર ઔષધિ છે. એનો સ્વાધ્યાય અને અધ્યયન માનસિક તાપથી તપીને ચિંતાગ્રસ્ત ચિંતાતુર ચીમળાયેલ ચહેરાઓની આંખમાં નવી આત્મચેતના અને આત્માનંદનાં અમી આજી આપવાની ક્ષમતા ધરાવે છે.

આપણું આ દિવ્યદર્શન સાપ્તાહિક આજે બત્રીસમાં વર્ષમાં પ્રવેશ કરે છે. દિવ્યદર્શનની પ્રણાલી અને પ્રતિષ્ઠા આત્મિક અને આધ્યાત્મિક મૂલ્યો દ્વારા સ્વાધ્યાય-પ્રેમીને આત્માનંદ કરાવવાતી રહી છે. દિવ્યદર્શન નીત નવું ચિંતન અને વિચારબીજ આપે છે, અને આપશે જ. દિવ્યદર્શન એક વિચારપુરુષની માફક આપણને સ્પર્શે છે. સૌના મન ઉપર એની ઊંડી ઉમદા છાપ ઉપસે છે. માટે ન્યાયવિશારદ પરમ પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબની અધ્યાત્મવાણી આલેખતી કલમને વંદન કરું છું. પૂજ્યશ્રીએ ત્રણ ત્રણ દાયકાથી સતત સરસ



સ્વાધ્યાય-નિષ્ઠાની આપણા સંસ્કાર-જીવનનો ઉછેર કર્યો છે.

પૂજ્યપાદ આચાર્યશ્રી સહીથી નહિ, સાધનાથી સ્પર્શે છે; જીભથી નહિ, જીવનથી બોલે છે; જ્ઞાનથી નહિ, આંતરપ્રજ્ઞાથી બોલે છે. માટે જ એમના પ્રવચનોમાં પાવક તેજ અને ગંગાજળ જેવી આર્દ્રતા છે. દિવ્યદર્શનના સ્વાધ્યાયમાં આવતો આત્માનંદ એમણે એમના જીવનમાં સર્જ્યો છે. નીત અવનવા શાસ્ત્ર અને તત્ત્વ પદાર્થોના સ્વાધ્યાયની અનુકૂળતા કરી આપતા પૂજ્યપાદશ્રીના ચરણોમાં આપણે કોટિશઃ વંદના અર્પણ કરીએ છીએ.

અને હા ! પરમ પૂજ્ય વિદ્વદ્વર્ય મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ સાહેબના 'ધર્મરત્ન પ્રકરણ' શાસ્ત્ર ઉપરના પ્રેરક પ્રભાવક પ્રવચનોનું પ્રકાશન દિવ્યદર્શનના પાનાં ઉપર આજ સુધી સતત નિયમિત થતું રહ્યું છે. વાચકોએ પૂજ્યશ્રીના રસતરબોળ કરી દેતાં પ્રવચનોને વધાવી લીધાં છે. વાંચકોએ અધ્યયનની ઊછળતી આતુરતા બતાવી છે. એમનું નિરાળું આલેખન, ધારદાર શૈલી અને બોધદાયક તાત્ત્વિક પ્રસ્તુતિકરણ દિવ્યદર્શનનું અનોખું આકર્ષણ બની રહ્યું છે. પૂજ્યશ્રી પ્રત્યે નૂતન વર્ષે કૃતજ્ઞતાપૂર્વક ઋણ વ્યક્ત કરીએ છીએ.

વિતેલા વર્ષનું બંધ થતું બેલેન્સ અને નવા વર્ષની ઉઘડતી પુરાંતમાં શું મુકવું ? આપનો સહકાર અમારી વિકાસયાત્રાના પ્રેરણા અને પ્રોત્સાહન છે. આ વર્ષે પણ દિવ્યદર્શનના ધ્યેયને શિખરે પહોંચવાની પ્રેરણાં અને બળ મળી રહે એવી પ્રભુને પ્રાર્થના કરું છું. લિ. કુમારપાળ વિ. શાહ

• • •

• **કલકત્તા :** વર્ધમાન તપોનિધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજાના પ્રશિષ્યરત્ન પ.પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજ આદિ ઠાણા ચારનું અત્રે પોલોકસ્ટ્રીટમાં ચાતુર્માસ આગમન થયું છે ત્યારથી કલકત્તાના આંગણે ધર્મારાધનાનો રંગ જામ્યો છે. રવિવારીય શિબિર-જાહેર વ્યાખ્યાન ઉપરાંત પૂર્વ ભારતના યુવાનોનું સંમેલન સુંદર જામ્યું. લગભગ ૧૫૦૦ યુવાનો પ્રભાતે સ્તોત્રપાઠ, રાત્રે ભાવના, બે વખત પ્રવચનો, ચૈત્યપરિપાટી વગેરેનાં ભવ્ય અનુષ્ઠાનોમાં ઝીલ્યા. કલકત્તાના અગ્રગણ્ય શેઠશ્રી હરખચંદજી કાંકરિયા તથા તારાબેન કાંકરિયા તરફથી ૭૦૦૦ સાધર્મિકોનું સ્વામીવાત્સલ્ય સ્નાત્ર વગેરે થયા.

• **મલાડ (ઈસ્ટ) :** પ.પૂ.ગણિવર્યશ્રી હેમચન્દ્રવિજય મહારાજ સા.ની શુભ નિશ્રામાં રવિવારીય શિબિર શરૂ થઈ. લગભગ ૮૦૦ યુવાનોએ ખૂબ રસથી ધર્મ

પ્રવચનો સાંભળ્યા. પૂજ્યશ્રીની નિશ્રામાં શ્રી સીમંધરસ્વામી ભગવંતના અઠ્ઠમની આરાધનામાં ૧૪૦૦ લગભગ આરાધકો જોડાયેલ. અઠ્ઠમ આરાધનાની વિશેષતા એ હતી કે એમાં ૮૦ જેટલા બાળકો છ થી દસ વર્ષ સુધીના હતા અને પંદર વર્ષથી નીચેના બાળકોની સંખ્યા લગભગ ૨૦૦ જેટલી થઈ. આ ભવ્ય આરાધના-નિમિત્તે શ્રી સંઘે વરઘોડો કાઢવાનું આયોજન કરેલ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૨,અંક-૩,તા.૧૭-૯-૧૯૮૩

## નવસારીમાં મહાપર્વની આરાધના

● **નવસારી :** અત્રે વર્ધમાનતપોનિધિ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. આદિની પુનીત નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણાની આરાધના સારી થઈ. તપસ્વી પૂ.મુનિશ્રી જિતમંગલ વિજયજી મ. ૨૧ ઉપવાસ તેમજ બાળ-સાધ્વીશ્રી પરાગરસાશ્રીજીએ (ઉં.વ.૧૪) માસખમણ ખૂબ સુંદર રીતે કર્યું. તેમજ નડીયાદવાળા ચંદુલાલ મગનલાલના સુપુત્ર શ્રી અનીલકુમારે અને સાંગલીવાળા દીપકકુમારે માસખમણ કરેલ. સંઘમાં સિદ્ધિતપ ૧૬-૧૦-૯-અઠ્ઠાઈઓ વગેરે ખૂબ થયું. પર્યુષણમાં સ્વપ્નાની બોલી સારી થઈ. કુલ બોલી દર સાલ કરતા ડબલ થઈ તેમજ દેરાસરમાં પૂજાના દ્રવ્યો અર્પવાની બોલીઓમાં વાસક્ષેપ અર્પવાની બોલી વધારાઈ. એની ૪૦૦૦ રૂ. ઉપર બોલી થઈ. સંઘની ૧૨ માસ ઉકાળેલું પાણીની ભક્તિની બોલી થઈ તેમજ વૈયાવચ્ચની બોલી થયેલ. એમાં પણ સારી રકમો થઈ.

ભાદરવા સુદ-૪ના સવારે પૂ. બાપજી મ.ના સમુદાયના સાધ્વીશ્રી **મોક્ષાનંદાશ્રીજીની બ્રેન** હેમરેજ થવાથી તબીયત નરમ થયેલ. પૂ.આચાર્યદેવશ્રીએ નિર્યામણા કરાવી, મહાવ્રતારોપણ વગેરે સારી રીતે કરેલ. રાતના ૧૧।। વાગે સમાધિપૂર્વક કાળધર્મ પામેલ. આદિનાથ જૈન સોસાયટી સંઘે ભવ્ય પાલખી બનાવી સ્મશાનયાત્રા ખૂબ દબાદબીભરી રીતે નીકળેલ. બે બેંડ-વર્ષીદાન-અનુકંપાદાનની ગાડી અને ૧૦ થી ૧૨ હજારની માનવ મેદની સહિત આદિનાથ દેરાસર થઈ, ફુવારા, ગોલવાડ ટાવર-લાયબ્રેરી થઈ મોટાબજાર થઈ વેરાવલ નદી કિનારે સ્મશાનયાત્રા ઉતરેલ, અગ્નિસંસ્કારાદિની ઉછામણી ઉલ્લાસભેર સારી બોલાયેલ.

નવસારીની આજુબાજુના સ્થળો, આદિનાથ સોસાયટી, રાયચંદરોડ, જલાલ-પોર, ગણદેવી, મરોલી, તપોવન વગેરે સંઘોની આગ્રહભરી વિનંતીથી પૂજ્યશ્રીએ મોકલેલ મુનિરાજોની નિશ્રામાં પર્યુષણ મહાપર્વની આરાધના સુંદર થયેલ.



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૨,અંક-૪,તા.૨૪-૯-૧૯૮૩

● **ગણદેવી :** પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.શ્રીની આજ્ઞાથી મુનિશ્રી ભદ્રેશ્વર વિ.મ. તથા પૂ.મુનિ ગુણસુંદર વિ.મ. અત્રે પર્યુષણપર્વની આરાધના કરાવવા પધારતાં સંઘમાં ઉલ્લાસ ઘણો આવ્યો. માસખમણ-૧૬ ઉપવાસ તથા અઠ્ઠાઈઓ સારી થઈ. પૂજ્યશ્રીની નિશ્રામાં સંઘે વર્ષો થયા જે સ્વપ્નોની ઉછામણીની બોલી સાધારણ ખાતે લઈ જતા હતા તે હવેથી દેવદ્રવ્ય ખાતે લઈ જવાનો સંઘે સર્વાનુમતીએ ઠરાવ કર્યો.

● **બીજાપુર (કર્ણાટક) :** પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ. શ્રી આદિની નિશ્રામાં પર્યુષણ મહાપર્વમાં અઠ્ઠાઈથી ૩૧ ઉપવાસ સુધીની તપસ્યાવાળા ૪૮ હતા. દેવદ્રવ્ય, સાધારણ ખાતે જીવદયા વગેરેની ઉપજો સારી થઈ. નૂતનમુનિશ્રી આત્મદર્શન વિજયજીએ અઠ્ઠાઈ કરેલ.

● **અમલનેર :** પ.પૂ.મુનિરાજશ્રી વિશ્વકલ્યાણ વિજયજી મ. આદિ પર્યુષણ પર્વની આરાધના પ્રસંગે પધારતાં પર્યુષણ પર્વ રૂડી રીતે ઉજવાયા. દેવદ્રવ્યમાંથી ઉપાશ્રય બાંધેલ વગેરે દેવદ્રવ્ય ખાતેની લાખોની રકમ સાધારણ ખાતે એકત્રિત કરાઈ. બીજી પણ આવકો સારી.

● **વલસાડ :** તપસ્વી પૂ. મુનિશ્રી જયસોમવિજયજી મ. તથા મુનિશ્રી પરમહંસ વિજયજી મ. ચાતુર્માસ પધારતા સંઘમાં તપસ્યાનો જુવાળ સારો ઉઠ્યો છે. વીસ સ્થાનક તપ, અરિહંતપદાદિ આરાધના સારી સંખ્યામાં થયેલ. પર્યુષણ પર્વમાં ૩૦/૪, ૧૬/૫, ૧૨/૧, ૧૧/૪, ૯/૨, ૮/૪૫, ૭/૫ વગેરે તપશ્ચર્યા સારી થઈ. માસખમણના તપસ્વી મનસુખભાઈ ઝવેરી તરફથી શ્રી ઉવસ્સગ્ગહરં પૂજન સહિત પંચાહ્નિકા મહોત્સવ સારો ઉજવાયો. ૧૦ વર્ષના નાના ૧ બાળકે તેમજ ૧૫ કોલેજીયન છોકરાઓએ અઠ્ઠાઈ કરેલ. પૂજ્યશ્રીને ૯૫મી વર્ધમાનતપની ઓળીનું પારણું શ્રાવણ વદ-૧૨ના થયું.

● **કરાડ :** પૂ.આ.શ્રી મિત્રાનંદસૂરીશ્વરજી મ. શ્રી આદિની નિશ્રામાં પર્યુષણ પર્વમાં આરાધના સારી થઈ. ભદ્રતપ, સિદ્ધિતપ, ૨૧-૧૬-૧૧-૭૫ લગભગ અઠ્ઠાઈઓ, ભવ્ય વરઘોડો વગેરે ધર્મપ્રભાવના પૂર્વક થયું. મુનિશ્રી રાજરત્નવિજયજી મ. ને ય અઠ્ઠમને પારણે અઠ્ઠમ સુખરૂપ ચાલે છે.

● **સાયલા :** પ.પૂ.મુનિરાજશ્રી જગવલ્લભવિજયજી મ. શ્રી આદિ અત્રે ચાતુર્માસ પધારતાં સંઘમાં આરાધનાના પૂર ઉછળ્યા છે. પર્યુષણપર્વની ઉજવણી

તેમજ અત્રેના જિનાલયને ૨૦૦ વર્ષ પૂર્ણ થતા હોઈ તેમજ પૂજ્યશ્રીની વીસ સ્થાનકતપની પૂર્ણાહુતિ નિમિત્તે વીસસ્થાનક પૂજન સહિત ભવ્ય મહોત્સવ ઉજવાયો.

● **કોલ્હાપુર :** પૂ.પં.શ્રી ધર્મજિતવિજયજી મ. શ્રી આદિની નિશ્રામાં પર્યુષણમાં અત્રે ૨ માસખમણ, શ્રેણિતપ, સિદ્ધિતપ, ચોસઠ પહોરી પૌષધ વગેરે સારી સંખ્યામાં થયેલ.

● **મરોલી :** અત્રેના સંઘની આગ્રહભરી વિનંતીથી પ.પૂ.મુનિશ્રી નંદીઘોષવિજયજી મ. તથા પૂ. મુનિશ્રી કલ્પરત્નવિજયજી મ. પર્યુષણ પર્વની આરાધના કરાવવા પધારતાં સંઘે ૫ વર્ષે કલ્પસૂત્ર પ્રથમવાર શ્રવણ કર્યું. દેવદ્રવ્યાદિની ઉપજ પણ સારી થઈ. સ્વપ્નાની ઉછામણી દેવદ્રવ્યમાં લઈ જવાનું કાયમી ઠરાવ થયો. પર્યુષણાના આઠે દિવસ એક ભાઈ તરફથી પ્રતિક્રમણ-વ્યાખ્યાનમાં પ્રભાવના થયેલ. તેમજ બીજી ૨-૩ પ્રભાવનાઓ રોજ થતી. ભવ્ય વરઘોડો નીકળી ૩ કલાક ગામમાં ફર્યો. સારી શાસન પ્રભાવના થઈ.

● **મદનગંજ** (કિસનગઢ) **:** અત્રે પૂ. મુનિશ્રી ભુવનસુંદરવિજયજી મ. તથા મુનિશ્રી મુનિસુંદરવિજયજી મ.ના ચાતુર્માસથી સંઘ સારો લાભ લઈ રહ્યો છે. પર્યુષણા પર્વમાં તપશ્ચર્યા ઠીક થઈ. છેલ્લા ત્રણ વર્ષથી પૂજ્યશ્રી પલ્લીવાલ ક્ષેત્રમાં ધર્મ આરાધના પ્રભાવના માટે સતત પ્રવૃત્તિશીલ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૨,અંક-૫,તા.૧-૧૦-૧૯૮૩

● **ખાનપુર :** પૂ.આ. શ્રી ગુણાનંદસૂરીશ્વરજી મ. તથા મધુરવકતા પૂ.પં.શ્રી રાજેન્દ્રવિજયજી મ. આદિ ચાતુર્માસાર્થે પધારતા સંઘમાં લાગટ અઠ્ઠમ, અનુષ્ઠાનો, રવિવારીય જાહેર વ્યાખ્યાનો તેમજ પર્યુષણપર્વની આરાધના સારી થઈ. ૧૩૫ જેટલા અઠ્ઠાઈ અને એની ઉપરનો તપસ્યાવાળા તપસ્વીઓનું બહુમાન થયું.

● **પુના :** ટીમ્બર માર્કેટ ઉપાશ્રયમાં પૂ. મુનિશ્રી વિશ્વાનંદવિજયજી મ. આદિની નિશ્રામાં પર્યુષણપર્વમાં વાર્ષિક દેરાસર ખર્ચની ઉછામણીમાં ૧ાા લાખ જેટલી ઉપજ થયેલ. તપશ્ચર્યા સારી થયેલ. હવે દર રવિવારે ચૈત્યપરિપાટીનું આયોજન થયું છે. સંઘ સારો લાભ લે છે.



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૨,અંક-૭,તા.૧૫-૧૦-૧૯૮૩

## માસખમણાદિના તપસ્વીઓને પારણા કેવી રીતે કરાવશો ?

મહાધનવંતરી શ્રી જિનેશ્વર ભગવંતોએ જીવનમાં આદરેલ અને ભવ્ય જીવોને ઉપદેશેલ બાર પ્રકારના તપ પૈકી અનશન તપ પણ ભાવરોગ તો કાઢે જ પણ દ્રવ્યરોગને પણ કાઢવા સમર્થ છે. માસખમણાદિ આવી ઉગ્ર તપસ્યા કર્યા પછી પારણામાં સગા સંબંધી તપસ્વીના આરોગ્ય અંગે કાળજી રાખવી અત્યંત હિતાવહ છે. એ માટે એક અનુભવી પાસેથી મળેલી પારણા વિધિ લખવા પ્રેરાયો છું.

**ઘીમાં** પીપરીમૂળ સૂંઠ શેકીને એમાં પાણી તથા ગોળ નાખી રાબ-ઉકાળા જેવું બનાવે તે તારવીને પાતળું પાણી લેવું એ સારું. તીખું હોય એટલા પ્રમાણમાં સૂંઠ પીપરીમૂળ (શેકાયેલા) નાખ્યા હોય. રાબ પાણી સારું ગરમ ગરમ લેવું પહેલાં ૧૦ તોલા જેટલું ગરમ ગરમ આ પાણી લેવું.

૦ાા કલાક પછી એ જ પ્રમાણે ઘીમાં શેકેલ તજ-લવીંગના ભૂકાની રાબ ૫ તોલા.

૧ાા-૨ કલાક પછી,-કેરનું પાણી ઘીના વઘારવાળું. બસ દિવસભર રુચિ જોઈ આ પ્રમાણે વારાફરતી લઈ શકાય. **થોડું ઓછું લેવાય એની ચિંતા નહિ** પેટ જરાય ભારે ન થવું જોઈએ.

બીજા દિવસે પણ એજ કાર્યક્રમ. બળતરા લાગે તો રાબમાં સહેજ દૂધ ઊમેરીને બનાવે. કેરનું પાણી લઈ શકાય. ત્રણ દિવસ પછી બાજરી ભડકું ઘીમાં શેકેલું એની પાતળી રાબ ગોળવાળી યા બલવનવાળી જે અનુકૂળ હોય તે લઈ શકાય. પચવામાં બહુ હલકી અને શક્તિ સારી આપે.

છઠ્ઠા દિવસથી ટામેટાનું સૂપ લઈ શકાય.

આઠ દિવસ બાદ કલકત્તામાં જેને સંદેશ કહે છે, ગરમ દૂધમાં લીંબું કે ફટકડી નાખી ફાડી નાખી પાણી જુદું તારવી લઈ દૂધના માવાને થાળીમાં સાકર સાથે ફીણી નાખી બનાવે છે તે લેવાય.

ગ્લુકોઝ વગેરે જે વાયુકારક છે એ બિલકુલ ન લેવાય. તપસ્યામાં વાયુ વધી જાય છે એને કાબૂમાં લેનાર આ ગરમ મસાલાના ઉકાળા ગોળી વગેરે છે. મુંબઈ શ્રીપાલનગરમાં ૭૫ ઉપવાસવાળી એક બેનને હૉસ્પિટલમાં ઘાલી ગ્લુકોઝ-સેલાઈન ચડાવેલા. બાઈ મરી જાય એવી થઈ ગઈ હતી. એમને ત્યાંથી છોડાવી કોઠારી હૉસ્પિટલમાં લેવરાવી રાબ ઉકાળા વગેરે આપવાથી તપસ્વીની બેન બાઈ જીવતા રહી ગયેલા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૨,અંક-૮,તા.૨૯-૧૦-૧૯૮૩

## શ્રી ૧૦૮ પાર્શ્વનાથ તીર્થ દર્શન

ઉપરોક્ત ગ્રંથ પ્રકાશન સમિતિ (C/o. રસીકલાલ મણિલાલ, ૩-બી, રવિવાર કારંજ-**નાસીકસીટી,** (મહારાષ્ટ્ર) તરફથી જણાવવામાં આવે છે કે પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના પ્રશિષ્ય પ.પૂ. મુનિરાજશ્રી જગવલ્લભવિજયજી મહારાજે તૈયાર કરેલ ઉપરોક્ત અદ્‌ભુત ગ્રંથમાં પ્રાચીન ગ્રંથોના સંશોધન તથા ઠેકઠેકાણેથી પ્રાપ્ત કરેલ અઢળક સામગ્રીના આધારે (૧) ઐતિહાસિક ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુના બિંબોનો રોમાંચક અને કડિબદ્ધ ઇતિહાસ અને ૧૦૮ ચમત્કારોની કથાઓ આવશે. (૨) તે તે પ્રભુના પ્રાચીન-સંસ્કૃત-પ્રાકૃત-સ્તોત્રો તથા સ્તવનો આદિનો સંગ્રહ આવશે, જેમાં ભગવાન સાથે સાક્ષાત્ વાતચિત જેવું રહેલું છે. (૩) તે તે પ્રભુના તીર્થની યાત્રાના અર્થીને યાત્રા કરવા માટેનું ભૌગોલીક માર્ગદર્શન આવશે. (૪) ૧૦૮ પાર્શ્વપ્રભુના દિલને ડોલાવી દે એવા જિનબિંબોની આબેહૂબ આકર્ષક પ્રતિકૃતિઓ આવશે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૨,અંક-૯,તા.૧૨-૧૧-૧૯૮૩

● **બાન્દ્રા :** વેસ્ટ (મુંબઈ) બાન્દ્રા બજાર સંઘના અત્યંત આગ્રહથી પ.પૂ. મુનિશ્રી વિશ્વકલ્યાણવિજયજી મ. આદિઠાણાની નિશ્રામાં અત્રે આસો માસની ઓળીમાં પ્રવચનમાં ખૂબ સારી સંખ્યા, દરરોજ સંઘપૂજન, રથયાત્રાનો વરઘોડો, નવપદજીની ઓળીના ૧૩૦ લગભગ આરાધકો, તથા સારી સંખ્યામાં છૂટા આયંબિલ થયા. સંઘમાં અનેરો ઉત્સાહ રહ્યો. સૌથી વધુ અનુમોદનીય પાઠશાળાનું સ્થાપન જ્ઞાનપંચમીથી કરવાનું નક્કી થયું. ચાર ટાઈમ પાઠશાળા ચલાવવાનું વિચારાયું છે. એના અંગે સારું ભંડોળ ભેગું થઈ ગયું. પૂજ્યશ્રી પર્યુષણા પર્વમાં અત્રે પધાર્યા હતા ત્યારે પણ સંઘનું સાધારણ ખાતા માથે મોટું દેવદ્રવ્યાદિ દેવું ભરપાઈ થયું હતું.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૨,અંક-૧૦,તા.૧૯-૧૧-૧૯૮૩

## શ્રી જૈન તત્ત્વજ્ઞાન ચિત્રાવલી પ્રકાશ

આ પુસ્તકમાં ૧૪ રાજલોકમાં વિશ્વનું દર્શન, જંબુદ્વીપ-લવણસમુદ્ર-નવતત્ત્વ-



જીવના ભેદો-કાળચક્ર-આત્માનો વિકાસક્રમ-સમ્યક્ત્વ પ્રાપ્તિ-૧૪ ગુણસ્થાનક-આઠકર્મ-છ લેશ્યા-૨૨ અભક્ષ્ય-૧૦૮ નવકાર જાપચિત્ર-અઢી દ્વીપ-મેરુપર્વત ફરતું જ્યોતિચક્ર-નંદીશ્વરાદિ અસંખ્ય દ્વીપ સમુદ્રો વગેરેના ચિત્રોનું દિગ્દર્શન પં. રાજેન્દ્રવિજયજી મ. તથા એનું સરળ બોધક વિવેચન મુનિશ્રી જયસુંદરવિજયજી મહારાજે કરેલ છે. ભારતીય પ્રાચ્યતત્ત્વ પ્રકાશન સમિતિના ઉપક્રમે તૈયાર થઈ રહી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૨,અંક-૧૧/૧૨,તા.૩-૧૨-૧૯૮૩

## કલકત્તામાં અભૂતપૂર્વ જિનભક્તિ-વરઘોડો

**● કલકત્તા : પૂજ્યપાદ મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજની પ્રેરણાથી વર્ધમાન જૈન સ્નાત્ર મંડળ તરફથી શાસન પ્રભાવક ઐતિહાસીક વરઘોડાનું આયોજન કરવામાં આવ્યું હતું.**

વરઘોડામાં બે ભગવાનની પ્રતિમાઓના બે ભવ્યરથો, ઈન્દ્રધજા, વિવિધ વેષભુષામાં ૬૪ ઈન્દ્ર મહારાજાઓ, ૫૬ દિગ્કુમારીકાઓ, ૪૫ આગમ સૂત્રો, મંગલ કળશો લઈને ચાલતી બહેનો, સ્કુટર સવારો, સાયકલ સવારો તથા તપસ્વીઓની બગીઓ તેમજ ગાડીઓ, ભજન ગુંજાવતી ભક્તિ વાહિનીઓ તથા દાંડીયા રાસની રમઝટ બોલાવતી ટુકડીઓ, સી.એ.જી સ્કાઉટના વિદ્યાર્થીઓ, અન્ય બેન્ડ વાજાઓ, શ્વેત પરિધાનમાં સુસજ્જ શિબિરાર્થીઓ તથા મહાવીર સ્વામીના જીવનના બોધપ્રેરક પ્રસંગો ચંડકોશીયોનાગ તથા કર્ણમાં ખીલા ઠોકતો ભરવાડ વગેરે પ્રસંગોની કલાત્મક રચના કરવામાં આવી હતી.

વરઘોડાના માર્ગે રસ્તાની બંને બાજુમાં માનવ મહેરામણ ઉમટ્યું હતું અને મકાનોના ઝરૂખામાંથી તથા અગાશીઓમાંથી આ ઐતિહાસીક વરઘોડાને નિહાળવા માટે શહેરના હજારો નાગરીકો ઉમટ્યા હતા.

સવારે ૭-૦૦ કલાકે ૬, પોલોક સ્ટ્રીટથી નીકળીને સવારે ૧૦ કલાકે દાદાવાડીએ પહોંચ્યો હતો. જ્યાં બૃહત્ કલકત્તાના શ્વે.મૂ.પૂ.સંઘનું સાધર્મિક વાત્સલ્ય દાદાવાડીના વિશાળ મંડપમાં આયોજન કરવામાં આવ્યું હતું.

## નવસારીમાં દીક્ષા મહોત્સવ

● **નવસારી :** પ.પૂ.આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.શ્રીની નિશ્રામાં રવિવારીય શિબિર પૂર્ણાહુતિ પ્રસંગ, તેમજ શિબિરમાં ચાલેલા માર્ગાનુસારી-જીવનના ૧૬ ગુણો ઉપરના વિવેચનનું "જીવન નંદનવન" નામનાં પુસ્તકનું તેમજ **"ઉપદેશમાળા."** ગ્રંથના ભાવાનુવાદના પુસ્તકનું ઉદ્ઘાટન સુંદર રીતે ઉજવાયા. કારતક સુદ-૧ નૂતનવર્ષે માંગલિક થયું. બાદ માળવામાં આવેલ માંડવગઢ તીર્થમાં દેરાસરની બાજુમાં મુસલમાનોએ મસ્જીદ બાંધવાનું શરૂ કરેલ હતું. જે પ્રયત્નોથી અટકાવ્યું હતું અને ભવિષ્યમાં તકલીફ ન રહે તે અંગે તીર્થની જગ્યામાં મોટી ઊંચી દીવાલ ચણવાના વિશાળ ખર્ચ અંગે ટીપ થતાં સારી એવી ટીપ નોંધાયેલ. કારતક સુદ-૧૫નાં પૂજ્યશ્રીને ચાતુર્માસ પરિવર્તન ૬-૭ ભાઈઓ તરફથી વિનંતી થતાં સંઘની પેઢીના ટ્રસ્ટી શ્રી ધીરૂભાઈ હઠીચંદની વિનંતી માન્ય કરાઈ. એમને ત્યાં સકળસંઘના સ્વાગત સાથે પૂજ્યશ્રી એમને ત્યાં કારતક સુદ-૧૫ પધાર્યા. વ્યાખ્યાન થયું પછી આખા દેરાસરની અંદર વીજળીક દીવા બંધ કરી દેરાસરમાં ઘીના દીવા વાપરવાનું નક્કી થયેથી તે અંગેની પૂજ્યશ્રીની સૂચનાથી તાત્કાલિક ૨ વર્ષની ખર્ચ અંગે સારી એવી ટીપ થયેલ. પછી ચતુર્વિધ સંઘ સહિત શત્રુંજય પટ ઝારવામાં આવ્યા.

કારતક વદ-૧૧ના ગગલદાસ ઝુમચંદના સુપુત્રી નયનાકુમારી તથા મુંબઈના નટવરલાલ હરગોવિંદદાસના સુપુત્ર જિતેન્દ્રકુમારનો વરસીદાન વરઘોડો તથા ભાગવતી દીક્ષા સંઘના ભારે ઉલ્લાસ અને જાહોજલાલી સાથે થઈ. જિતેન્દ્રકુમારનું નામ મુનિશ્રી જગદ્ભૂષણવિજયજી મ. રાખી પૂ. આચાર્યદેવશ્રીના શિષ્ય તરીકે જાહેર કરાયા અને નયનાકુમારીનું નામ **સાધ્વીશ્રી નિર્મલવર્ધનાશ્રીજી** રાખી સાધ્વીશ્રી નંદીવર્ધનાશ્રીજીના શિષ્યા તરીકે જાહેર કરાયા. કારતક વદ-૧૦ના શ્રી ભક્તામર મહાપૂજન શ્રી વડોદરા મિલના સેલ્સ મૅનેજર રજનીકાન્તભાઈએ અદ્ભુત ભણાવ્યું.

તપોવનના ૧૫૦ બાળકોને સારો ઉપદેશ સંસ્કાર આપવા માટે તેમજ નવસારી સંઘની ભક્તિ કરવા માટે તપોવનના ટ્રસ્ટીઓ પૂજ્યશ્રીને આગ્રહ કરીને તપોવન લઈ ગયા. વિદ્યાર્થીઓએ બદામ-કાજુ-રૂપિયા વગેરેની ૩૬ જુદી જુદી ગહુલીઓથી સ્વાગત કર્યું. નવસારી સંઘની વિહાર પ્રસંગે ૧૦૦૦ ભાઈબહેનોની હાજરીની ગણતરીના બદલે ૨૫૦૦ની હાજરી હતી. સૌ પૂજ્યશ્રી સાથે ૭ કિલોમીટર



પગપાળા આવેલા. મંગળાચરણ બાદ સ્નાત્રમહોત્સવ સાધર્મિક વાત્સલ્ય પછી વ્યાખ્યાન થયું. બીજે દિવસે સવારે પ્રભાતમાં સામાયિકમાં 'જૈન ધર્મ અમારો છે.' એનું ગૌરવ તથા જિનભક્તિ અને વિનયગુણ ઉપર ઉપદેશ સાંભળતા નાના પણ વિદ્યાર્થીઓ ખૂબ પ્રસન્ન થયા. પછી લલીતભાઈએ સ્નાત્રમાં ઝીલાવ્યા. બપોરે માર્ગાનુસારીના ગુણો ઉપર વ્યાખ્યાન થયું ત્યાંથી વિહાર કરી કારતક વદ-૧૪ **ભુવાસણ** પધારતા અત્રેના દીક્ષિત મુનિશ્રી સત્યસુંદરવિજયજી મ.ના સંસારિક પિતાશ્રી હસ્તીમલજી તરફથી ગામના પટેલોને સાથે લઈ ભવ્ય સ્વાગત કર્યું. વ્યાખ્યાન બાદ પ્રભાવના થઈ પછી સાધર્મિક વાત્સલ્ય કરી દરેકને ૧-૧ રૂપિયાથી પહેરામણી કરી. નાના ગામમાં લગભગ ૭૦૦ની સંખ્યા હતી. બપોરે જાહેર વ્યાખ્યાન થયું. ગામના પટેલો વગેરેની વિશાળ હાજરી હતી. બીજે દિવસે પણ સવાર-બપોરે વ્યાખ્યાનમાં પટેલો ઉપર જૈન ધર્મનો ખૂબ પ્રભાવ પડ્યો. ભુવાસણથી પૂજ્યશ્રી વિહાર કરી માગસર સુદ ૧-૨ બારડોલી, માગસર સુદ-૧૧ મૌન અગીયારસ **નંદરબાર** થવા સંભવ છે. માગસર વદ-૧૩ **ધુળીયા.** ત્યાં પોષ સુદ-૧ ઉપધાનની માળ થવાનું નક્કી થયું છે. પોષ સુદ-૩ અમલનેરમાં પ્રવેશની ધારણા છે. ત્યાં પોષ વદ ૫-૬ અંજનશલાકા પ્રતિષ્ઠા દીક્ષાઓ વગેરેના ઉત્સવ સુધી સ્થિરતા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૨,અંક-૧૫/૧૬,તા.૩૧-૧૨-૧૯૮૩

● **સાયલા :** અત્રેથી પૂ.મુનિશ્રી જગવલ્લભવિજયજી મ. શ્રી આદિની નિશ્રામાં છ'રી' પાળતા યાત્રા સંઘનું પ્રયાણ થતાં ૧૫૦ યાત્રિકો જોડાયા. નડીયાદના પ્રફુલભાઈએ પ્રયાણ દિવસથી ઉપવાસ કરી યાત્રા કરતા ૧૪માં ઉપવાસે સિદ્ધગિરિ, ભેટ્યા બાદ પારણું કર્યું. પૂ.પં.શ્રી જિનપ્રભવિજયજી મ.શ્રીની નિશ્રામાં સંઘવી છગનલાલ જસરાજે તીર્થમાળા પહેરેલ. સંઘમાં ૪૦ જેટલા સંઘપૂજન તેમજ રાત્રીભોજન ત્યાગ, જિનપૂજા વગેરેના નિયમો લીધેલ.

● **અમદાવાદ :** જૈન વિદ્યાશાળામાં તપસ્વી પ.પૂ.મુનિરાજશ્રી કનકસુંદરવિજયજી મ. ને સળંગ ૫૦૫ આયંબિલની પૂર્ણાહુતિ ખૂબ ધામધૂમ પૂર્વક થઈ. મુનિશ્રીના સંસારી પિતાશ્રી કાંતીલાલ જગજીવનદાસ બોટાદવાળા તરફથી તપોનિધિ પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ તથા શાંતમૂર્તિ પ.પૂ.આ.શ્રી વિબુધપ્રભસૂરિજી મ. તથા વિદ્વદ્વર્ય પ.પૂ.આ.શ્રી ગુણાનંદસૂરિજી મ.શ્રીના નિશ્રામાં શ્રી સિદ્ધચક્રમહાપૂજન, પ્રભુજીને ભવ્ય અંગરચના, પ્રભાવના

થયેલ. આઠ દિવસની પ્રવચન શ્રેણી રાખતા જૈન-જૈનેતરોએ સારો લાભ ઉઠાવેલ. મુનિશ્રીએ વૃદ્ધ મુનિરાજશ્રી જિતશેખરવિજયજી મ. ની વૈયાવચ્ચ સાથે તપસ્યા ચલાવી એ એમનો બહુ અનુમોદનીય વૈયાવચ્ચ સાથેનો તપગુણ સૂચવે છે. એમને વર્તમાનની લોકોની કેટલીય અજ્ઞાનતા દૂર કરવા પારણાનું નિમિત્ત આપીને એક સુંદર પુસ્તિકા **'જિનપૂજાદિ વિધિ'** પણ બહાર પાડી જે દિવ્યદર્શન ટ્રસ્ટ તરફથી બહાર પડેલ છે. જેની કિંમત માત્ર રૂા. ૧-૫૦ રાખેલ છે જે દિવ્યદર્શન ટ્રસ્ટ કાર્યાલય, ૬૮ ગુલાલવાડી, મુંબઈ-૪ થી મળી શકે છે.

● **નંદરબાર :** પ.પૂ.આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાદિ બારડોલીથી વિહાર કરી બાજીપૂરા-વ્યારા-ભાડભૂજા પધારતા સાધર્મિક વાત્સલ્ય તથા પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ.ના જાહેર વ્યાખ્યાનો થયા. પૂજ્યશ્રી નંદરબાર પધારતા શ્રી સંઘે ભવ્ય સામૈયું કર્યું. ઠેર ઠેર ગહુલીઓથી વધાવ્યા. યુવાન ભાઈઓએ દાંડીયારાસ લઈ જૈનેતરોમાં સારી પ્રભાવના થઈ. વ્યાખ્યાન બાદ સંઘનું સાધર્મિક વાત્સલ્ય થયું. પ્રવચનોમાં સારી સંખ્યામાં સંઘે લાભ લીધેલ. અત્રેના સંજય ઓઈલ મિલના માલિક ભાઈશ્રી બીપીનભાઈએ પૂજ્યશ્રીના વિહારના મુકામોમાં તથા અત્રે એમના નિવાસ સ્થાને ખૂબ લાભ લીધો. રવિવારે મિલના મોટા કંપાઉન્ડમાં મોટો મંડપ ઊભો કરી શ્રી અષ્ટાપદજીની પૂજા તથા જાહેર વ્યાખ્યાનનો સમારોહ ભવ્ય ઉજવ્યો. એમાં પોતે ૪-૫ રોટરી કલબ વગેરે સંસ્થાના પ્રમુખ આદિ હોવાથી જૈન-જૈનેતરો-નામાંકિત ગૃહસ્થો પણ સારી સંખ્યામાં આવેલા. પૂજ્યશ્રીના શ્રીમુખે અષ્ટાપદજી મહાપૂજાના ભાવો સાંભળીને ચિક્કાર માનવમેદની ખૂબ ગદ્‌ગદ થઈ ગઈ. પૂજ્યશ્રીનો ઉતારો એમના કાકાશ્રી મણિભાઈના બંગલામાં આપવામાં આવ્યો હતો. જેઓ છેલ્લા ૩૩ વર્ષથી સાઠપોરસિથી ઓછું પચ્ચક્‌ખાણ કરતા નથી અને જેમને નાના છોકરાને પણ 'તારામાં બુદ્ધિ નથી' એવો ભારે શબ્દ બોલાઈ જાય તો બીજે દિવસે આયંબિલ કરવું વગેરે નિયમો કર્યા છે.

સંઘના પ્રમુખથી ચંદનમલજીએ પોતાના આંગણે ભવ્ય મંડપ બાંધી પૂજ્યશ્રીને પોતાના ગૃહઆંગણે વાજતે ગાજતે પધરાવી ગુરુપૂજન સંઘપૂજન વ્યાખ્યાનાદિ કરાવેલ. અત્રે પૂ.સાધ્વીશ્રી હંસકીર્તિશ્રીજી મ. ના સાથે એમના શિષ્યા સાધ્વીશ્રી અભયહંસાશ્રી પધારતાં એમના સંસારીપણે બેન શ્રી દમયંતીબેન અત્રેના વતની હોઈ એમને પણ પોતાના ગૃહઆંગણે મોટો મંડપ બાંધી શ્રી ચતુર્વિધ સંઘ સાથે પૂજ્યશ્રીની પધરામણી કરાવી. બચુભાઈ વગેરે એમના બહોળા કુટુંબ પરિવારે કામળીઓ, ઓઘાની ઉન વગેરે વહોરાવવાનો લાભ લીધો. પૂજ્ય આચાર્યદેવશ્રીએ પ્રવચનમાં ચારિત્રની મહત્તા બતાવતા સભામાં ઘણાઓએ ચારિત્ર ન લેવાય ત્યાં



સુધી પ્રીય ચીજનો ત્યાગ કરવાનો નિયમ કર્યો. બાદ જોશિલા પ્રવચનકાર મુનિશ્રી રત્નસુંદરવિજયજી મ. નું પ્રવચન થયું.

● **નેર :** પ.પૂ.આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. નંદરબાર પધારતા અત્રેના સંઘે એઓશ્રી ધૂળીયા ઉપધાન માળા ઉપર સીધા રસ્તે જવાના હતા છતાં નેરના સંઘને લાભ આપવા વિનંતી કરતા એઓશ્રીએ વિનંતી માન્ય કરવા કૃપા કરી. પૂજ્યપાદશ્રીની નિશ્રામાં નંદરબાર સંઘે આયોજિત કરેલા ઉત્સવમાં અંતિમ શ્રી શાંતિસ્નાત્ર જોરદાર ભણાવાયું. પછી ત્યાંથી વિહાર કરતા વળાવવા માટે અસાધારણ મેદની ઊમટી હતી. વળાવવાના મંગલાચરણમાં **'આપણે મુખ્ય જવું છે સિદ્ધગતિમાં'** એનું સ્મરણ રહે માટે નમો સિદ્ધાણં પદની ૧૦ માળાનો ઉપદેશ કરતા સારી સંખ્યામાં નિયમ લીધા. ત્યાંથી **દોંડાઈચા** પધારતા વ્યાખ્યાન-સ્વામી-વાત્સલ્ય વગેરે સારું થયું. ત્યાંથી **બલસાણા** પધારતા અત્રે ભૂગર્ભમાંથી નીકળેલ બહુ પ્રાચીન ભવ્ય પ્રતિમાજીના દર્શન થયા. ઈતર સમાજ પણ આ ભગવાનથી બહુ પ્રભાવિત હોઈ ખાસ આગ્રહ ધરાવે છે કે ભગવાનને અત્રે જ રાખી દેરાસર બંધાવો. એ માટે ગ્રામ પંચાયતે જગા આપી છે. પ્રતિમાજીને લંછન નહિ દેખાતા છતાં ખભા પરના મણીયા પરથી શ્રી ઋષભદેવ પ્રભુની પ્રતિમા હોય એમ લાગે છે. દોઢેક લાખ રૂપિયામાં ભવ્ય મંદિર થાય અને તીર્થ સમું બની જાય એવું છે. આનો લાભ લેવો હોય એને અનુપમ તક છે. એ અંગે શ્રી નેમીચંદ મિશ્રીલાલ, પો. બો. ૪૫ અમલનેર સંપર્ક કરી શકશે. અત્રે શ્રી ચંદનમલજી શંકરજીની આગેવાની નીચે શ્રી મરુધર યુવક જૈન મંડળે નંદરબારથી આવી ભારે ઠાઠથી પૂજા ભણાવી અને લાડુની પ્રભાવના કરી. વ્યાખ્યાનમાં પૂજાના નિયમ કર્યા. અત્રેથી **શિરથાના થઈ નેર** પધારતા ભવ્ય સ્વાગત થયું. સવારથી લોકો ઉત્સાહમાં હતા. અત્રે નૂતન ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન પ્રસંગ યોજાયો. સ્વાગતમાં અત્રેના મૂળ વતની હાલ વયોવૃદ્ધ પૂ. મુનિરાજશ્રી જિનેન્દ્રવિજયજી મ. અને પૌત્ર મુનિ શિવસુંદરવિજયજીના કુટુંબીઓ તરફથી ૧૦૮ ગહુલીની અનોખી વિશેષતા પોતાના ઘરઆંગણે બનાવી હતી. ઉદ્‌ઘાટન પ્રસંગે નંદરબાર, માલેગામ, અમલનેર, ધૂળીયા વગેરેથી ભાવિકો ઉપસ્થિત થયેલા. ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન અત્રેના સંઘની વિનંતીથી નંદરબારવાળા શેઠશ્રી બીપીનભાઈના હસ્તે થયું. પછી એમને ઉદ્‌ઘાટનના બે તાળા અમર સંભારણા તરીકે ઉછામણીમાં મુક્તા ૫૦૦૦ની ઉપજ થઈ. ઉપાશ્રય ખર્ચનાં તોટામાં પોતે પણ સારી રકમ લખાવી તેમજ નંદરબારવાળા ચંદનમલજી શંકરજીએ પણ ૫૦૦૦ લખાવ્યા. એ માટે પૂજ્યશ્રીનો જોરદાર ઉપદેશ થતાં બીજુ પણ સારું ભંડોળ થયું. બાદ બીપીનભાઈ તરફથી પ્રભાવના થઈ. ઉપાશ્રય ઉદ્‌ઘાટન તથા

ઈડરમાં પૂ. દીર્ઘસંયમી મહાન આત્મા પ્રવર્તિની સાધ્વીજીશ્રી સુવ્રતાશ્રીજીના સ્વર્ગવાસ નિમિત્તે અત્રે શાંતિસ્નાત્રાદિ યોજવામાં આવ્યું છે. શેઠ મગનલાલ અમૃતલાલ તરફથી ઉદ્ઘાટન પ્રસંગે નવકારશી રાખવામાં આવેલ. પૂ. ગણિશ્રી હેમચંદ્રવિજય મ.ની પ્રેરણાથી અત્રેના ઉપાશ્રયમાં મુંબઈના જિનશાસન આરાધના ટ્રસ્ટ તરફથી સારી એવી રકમ આપવામાં આવેલી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૨,અંક-૧૯,તા.૨૧-૧-૧૯૮૪

● **ધુળિયા :** પ.પૂ.આ.શ્રી રંગસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં અત્રે ઉપધાન તપની આરાધનામાં ૧૨૫ આરાધકો જોડાયેલ. પૂ. મુનિશ્રી જયતિલકવિજયજી મહારાજ ઉપધાનની ક્રિયા કરાવતા. તેમજ તપસ્વીઓને સારી પ્રેરણા કરતા. તપસ્વીઓને ૧૨ વ્રતની સુંદર સમજૂતી કરતા ૪૦ આરાધકોએ બાર વ્રત અંગીકાર કર્યા. ઉપધાનતપનો માળારોપણ મહોત્સવ પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની પુણ્ય નિશ્રામાં ઉજવાયો. માળની ઉછામણી ન ધારેલી એવી મોટી થઈ. માળનો વરઘોડો ભવ્ય નીકળેલ.

● **મુંબઈ :** લાલબાગ ભુલેશ્વર ઉપાશ્રયમાં ગણિવર્યશ્રી હેમચંદ્રવિજયજી મ.ની નિશ્રામાં તીર્થપટો સહિત તીર્થવંદનાના કાર્યક્રમમાં ૩૦૦૦ આરાધકોએ લાભ લીધેલ. પાંચ દીક્ષાર્થીઓનો બહુમાનનો મેળવાડો બી.એ. શાહના પ્રમુખપદે થયેલ. જિન આરાધના ટ્રસ્ટ તરફથી સારી રકમથી બહુમાન થયેલ. ચંદનબાળા જૈન સંઘ વાલકેશ્વરના ઉપક્રમે તીર્થવંદનાના પટોની ઉદ્ઘાટન ઉછામણી શેઠ રમણલાલ દલસુખભાઈએ લીધેલ. ૧૨૦૦ આરાધકોએ લાભ લીધેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૨,અંક-૨૦/૨૧,તા.૪-૨-૧૯૮૪

● **ધારવાડ :** પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ. બીજાપુરથી વિહાર કરી અત્રે પધારતા સંઘમાં ઉલ્લાસ સારો આવ્યો. પોષ દશમીની અટ્ઠમ તપની આરાધના-જાપ-વરઘોડો ભવ્ય નીકળ્યો. રોજ વ્યાખ્યાનમાં સંઘ સારો લાભ લે છે.



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૨,અંક-૨૩,તા.૧૮-૨-૧૯૮૪

● **કોરેગાંવ :** અત્રે પ.પૂ.પં. શ્રી ધર્મજિત વિજય ગણિવર આદિ ઠાણા ચારની નિશ્રામાં સાંગલીવાલા દીપકકુમાર શાંતીલાલ (ઉં.વ.૨૭)નો દીક્ષા મહોત્સવ શ્રી સંઘે ખૂબ ભવ્ય રીતે ઉજવ્યો. સંઘમાં ઉલ્લાસ ઉમંગ અમાપ. જાણે પોતાના કુટુંબનો જ સભ્ય હોઈ એ રીતે અપૂર્વ લાભ લીધો. દ્રવ્યનો સદ્વ્યય ખૂબ જ કર્યો **કેમકે અત્રે દીક્ષા પહેલ પહેલી જ હતી.** ઉછામણીઓ અભૂતપૂર્વ થઈ. ત્રણ મંડપો, રોશની, ધજા-પતાકા, ભવ્ય અંગરચના, વાયણા જમવાની ૧૧ ઉછામણીઓ થઈ. નગરમાં જુદે જુદે સ્થળે રોજ ને રોજ બેન્ડ વાજા સાથે જવાથી ખૂબ સુંદર શાસન પ્રભાવના થઈ. ઘર ઘર દીક્ષાની વાતો ચાલી. કોલ્હાપુરથી સુરેન્દ્રભાઈ મંડળી સાથે તથા શિરડીથી પારસકુમારે પ્રભુભક્તિની ખૂબ જમાવટ કરી. વરસીદાનનો વરઘોડો અદ્ભુત નીકળ્યો. બે હાથી ૧૮ ઘોડાઓ, ઈન્દ્રધ્વજા, રથ, કોલ્હાપુર સાંગલી, કરાડ, સતારા, મસૂર વગેરેના સંઘોના અગ્રણીઓ લગભગ બે હજાર ભાવિકો વગેરેથી વરઘોડો ખૂબ જ શોભ્યો. દીક્ષા વિધિપૂર્વક ઉલ્લાસથી થઈ. વહેલી સવાર હોવા છતાં ત્રણ-ચાર હજારની મેદની હતી. ઉપકરણની ઉછામણી પણ ઘણી સારી થઈ. દીપકકુમારનું નામ મુ.શ્રી વિવેકસારવિજયજી રાખી પં.શ્રી ધર્મજિતવિજયજી ગણિવરના શિષ્ય જાહેર કરાયા.

● **ચાસ** (બોકારો-બિહાર) : પૂ.પાદ પંન્યાસ શ્રી હેમપ્રભવિજયજી ગણિવર તથા મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજ આદિની નિશ્રામાં અત્રેના નૂતન જિનાલયમાં પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાયો. કલકત્તાથી લગભગ ૨૫૦૦ ભાવિકો આવેલ. શુભ મુહૂર્તે પ્રતિષ્ઠા કર્યા બાદ ગભારામાં ચારે બાજુથી અમીઝરણા શરૂ થયા હતા. આખો રંગમંડપ અમીઝરણાથી નીતરતો હતો. વાતાવરણ દિવ્ય બન્યું હતું. હજારો ભાવિકોનો દર્શન માટે ધસારો કાબૂ બહાર હતો. અત્રે કલકત્તા ૯૬, કેનિંગ સ્ટ્રીટ ઉપાશ્રય ટ્રસ્ટીઓ તરફથી પૂ.શ્રીના આગામી ચાતુર્માસની જોરદાર વિનંતી પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની આજ્ઞા મળતાં માન્ય કરવામાં આવી જયનાદ ભારે બજી ગયો. પૂજ્યશ્રી અત્રેથી બેરમો પધારનાર છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૨,અંક-૨૬,તા.૧૦-૦૩-૧૯૮૪

ચાલુ વર્ષે ઉનાળાની રજાઓ દરમિયાન પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની** પુનીત નિશ્રામાં પ્રતિવર્ષ યોજવામાં આવતી જૈન ધાર્મિક શિક્ષણ શિબિર મહારાષ્ટ્ર રાજ્યના નાસિક ખાતે યોજવાની શ્રી સંઘની આગ્રહપૂર્ણ વિનંતિ હતી. પણ મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજ્યોમાં શિબિર ઈત્યાદિ અન્ય કાર્યો માટે મારા રોકાણની અગત્યતા હોવાથી ચાલુ વર્ષે પૂજ્યપાદશ્રીની પુનીત નિશ્રામાં શિબિર આયોજન કરવાનું મુલત્વી રાખ્યું છે.

- શિબિર સંચાલક - **કુમારપાળ વિ. શાહ**

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૨,અંક-૨૯,તા.૩૧-૩-૧૯૮૪

## નૂતન જિનમંદિર-ઉપાશ્રયની યોજના

● **ચાલીસગાંવ** અત્રે ત્રીસેક વર્ષ પૂર્વે ભોપાલચંદ મૂલચંદે ઉપાશ્રય તરીકે ભેટ આપેલ મકાનમાં પૂ.સ્વ.આ. શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી સંઘદર્શન પૂજનાર્થે ભગવાન શ્રી મહાવીર સ્વામી આદિનું ત્રિગડું કામચલાઉ પધરાવેલ, શ્રી સંઘની અલગ શિખરબંધી દેરાસર બનાવવાની ભાવનાથી સાતેક વર્ષ પૂર્વે પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી અમુક ટીપ થયેલ અને મંદિર માટે જગા ખરીદેલ પરંતુ એમાં એક ભાગમાં ભાડવાત સોની જગા ખાલી કરતો નહોતો. પૂ. આચાર્યદેવશ્રી વિશાળ પરિવાર સાથે હમણાં અત્રે પધારેલ એઓશ્રીની સમજૂતીથી સોનીએ જગા ખાલી કરી આપવા લખાણ કરી આપ્યું. ઉપાશ્રય માટે લગભગ દોઢ લાખની ટીપ થઈ. અમદાવાદના પ્રામાણિક સોમપુરા ફુલશંકર મિસ્ત્રી અને એમના ભત્રિજા ભરતભાઈએ નીચે ગેલેરીવાળો વ્યાખ્યાન હોલ અને ઉપર શિખરબંધી ઘુમટ સામરણવાળાં સુંદર જિનમંદિરનો પ્લાન બનાવ્યો. પૂજ્યશ્રીની સતત વ્યાખ્યાન ધારાથી ભાઈઓમાં મતભેદનું નિવારણ થયું. સંઘમાં કેટલાયને વ્યાખ્યાનમાં ઉપદેશ દેવાથી કેટલાકને પિક્ચર બંધ, પાણી સિવાય ખાનપાનના રોજ ૭ ટંક વગેરે નિયમો થયા. સંઘમાં ધર્મશ્રદ્ધા વધી, પૂજ્યશ્રીજી વધુ રોકાવાને સંઘ આગ્રહ કરતાં પૂજ્યશ્રીએ કહ્યું હવે વધુ રોકાવાથી શો લાભ ? તમે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની અઠ્ઠમ યા ૩ આંબેલ યા એકાસણાથી આરાધના કરતા હો અમારું રોકાવું સાર્થક થાય, અને સરલ સ્વભાવી સંઘે એ મંજૂર કર્યું. અત્રે મૂર્તિપૂજકોના ૨૦-૨૨ ઘર, સ્થાનકવાસીઓના વધારે, પરંતુ ૨૦ જણે અઠ્ઠમ કર્યા ૨૦-૨૫ જણે ૩ આંબેલ કર્યા અને પંદરેક જણે ૩ એકાસણાં કર્યા. ત્રણ દિવસ શ્રી પાર્શ્વનાથ પ્રભુના ઈતિહાસ પર હિંદીમાં રોમાંચક વ્યાખ્યાનો થયા. ત્રીજે દિવસે વ્યાખ્યાન બાદ સંઘ તરફથી મીઠાઈના પેકેટ અને વ્યક્તિગત રોકડા રૂપિયા અને વાસણોથી તપસ્વીઓનું બહુમાન કરવામાં આવ્યું, અત્રેથી પૂજ્યશ્રી વિહાર કરતાં દૂર સુધી વળાવવા ગયેલ ત્યાં પૂજ્યશ્રીએ ફરમાવ્યું, જુઓ આપણે મોક્ષના અર્થી છીએ પણ દિવસમાં કેટલીવાર મોક્ષને યાદ કરીએ છીએ ? માટે એમ કરો રોજ મન સામે સિદ્ધશિલા ધારી **'નમો સિદ્ધાણં'** પદની ૧૦-૧૦ માળા ગણવાનું રાખો તો હૃદયમાં મોક્ષ અંકિત થઈ જશે. ત્યાં ઘણાઓએ એનો નિયમ લીધો. પૂજ્યશ્રી વિહાર કરી ફા.વ. ૫ માલેગામ સસ્વાગત પધાર્યા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૨,અંક-૩૦,તા.૭-૪-૧૯૮૪

## હિંમતનગરે જૈન ધાર્મિક શિબિર

● **હિંમતનગર :** પ.પૂ.આ. **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.**ના શિષ્યરત્ન વિદ્વદ્વર્ય પૂ.આ.શ્રી ગુણાનંદસૂરિજી મ.સા. પૂ.પં. રાજેન્દ્રવિજયજી મ. આદિની શુભ નિશ્રામાં કેશવલાલ ડી. ગાંધી તરફથી 'શ્રી વર્ધમાન જૈન ધાર્મિક સંસ્કરણ શિબિર'નું આયોજન કરેલ છે. **પ્રારંભ વૈ.સુ. ૧૦**ના ૧૦-૫-૮૪ના થશે. પૂર્ણાહુતિ વૈ.વ. ૧૦ તા. ૨૫ના થશે. જૈન ધાર્મિક શિક્ષકોને તથા ૧૫ વર્ષથી ૩૫ વર્ષના વિદ્યાર્થીઓએ પ્રવેશપત્ર નીચેના સ્થળેથી મેળવી લેવા વિનંતી છે. (૧) અમૃતલાલ સરદારમલજી, જૈન દેરાસર સામે, વખારીયાવાડ, હિંમતનગર. (૨) દીપક એજન્સી, વર્ધમાન મેન્સન, ૧૧૦, કેશવજી નાયક રોડ, મુંબઈ-૯. (૩) રમણલાલ ગોકળદાસ, ખાનપુર જૈન સંઘની પેઢી, બહાઈ સેન્ટર, અમદાવાદ-૧. પ્રવેશપત્ર મેળવીને તા. ૧૫ એપ્રિલ સુધી હિંમતનગર પહોંચાડવું.

૧૫ દિવસ પૂજ્ય ગુરુભગવંતની પાવન નિશ્રામાં અમૃતતુલ્ય જિનશાસનના તત્ત્વો-સૂત્ર-અર્થ માર્ગાનુસારી જીવન, જૈન ઈતિહાસ,-ભક્ષ્યાભક્ષ્ય વગેરે રસમય બોધક શૈલીમાં જાણવા સમજવા સાથે સંસ્કરણના બીજારોપણ થશે.

**નિવેદક : કેશવલાલ ડી. ગાંધી**

## સમાધિનો અમૃતકુંભ

• **ખાનપુર** : પૂ.પં. શ્રી યશોભદ્રવિજયજી મ.ની નિશ્રામાં પૂ.પં. શ્રી રાજેન્દ્રવિજયજી મ.શ્રીએ અનેક ગ્રંથોમાંથી સંકલિત કરેલ સમાધિનો અમૃતકુંભ સાત્વિક સાહિત્ય પ્રકાશન ગ્રંથમાળા તરફથી શ્રેષ્ઠિવર્ય શ્રી રમણલાલ વજેચંદના શુભ હસ્તે પ્રકાશિત થયેલ છે. જીવનમાં સમાધિનું મહત્ત્વ વિષય ઉપર પૂ.પં.શ્રીનું પ્રેરક પ્રવચન થયેલ. રમણભાઈ તરફથી ગુરુપૂજન-જ્ઞાનપૂજન સાથે સંઘપૂજન થયેલ.

આ ગ્રંથમાં વર્તમાન પરિસ્થિતિમાં સંકલેશ, અસમાધિ દુર્ધ્યાન તથા ક્રોધાદિ કષાયોમાં જીવો ખેંચાઈ રહ્યા છે અને અશાંતિભર્યું દુઃખદર્દથી પીડાતું જીવન જીવે છે તેમને વિવિધ ગ્રંથોમાંથી ચિત્તની પ્રસન્નતા-સમાધિ કઈ રીતે કેળવી શકાય ? અને આનંદમય હળવું જીવન શુભધ્યાનમય બનાવી શકાય તે અંગેના ખૂબ જ પ્રેરણાદાયી વારંવાર ચિંતનીય લેખોનો અપૂર્વ સંગ્રહ કરાયેલો છે. પુસ્તક ૧૨૦+૩૪૮ પાનાનું છે. એક એક લેખ સમતા રસનું ઝરણું છે. જીવનમાં શમરસની પાતાળ શેરો ફુટવા માટે અદ્ભુત માર્ગદર્શન અપાયેલ છે. કિંમત રૂા. ૧૨-૫૦ ન.પૈ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૨,અંક-૩૧,તા.૧૪-૪-૧૯૮૪

## વિદર્ભમાં ધર્મ-શાસન પ્રભાવના

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની અનુજ્ઞાથી અંતરીક્ષજી તરફ પધારેલ પૂ. મુનિરાજશ્રી વિમલસેનવિજયજી મહારાજની નિશ્રામાં પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજે ભુસાવળ, જામનેર, એદલાબાદ, ખામગામ, મલકાપુર, આદિ અનેક શહેરોમાં જાહેર જનતામાં તેમજ કૉલેજો અને કલબોમાં જુદા જુદા વિષયો પરના આપેલા જોશિલા પ્રવચનોએ લોકોને ગાંડાઘેલા કરી દીધા છે... દારૂ ત્યાગ... ઈંડા બંધ... સિનેમા બંધ... રાત્રિભોજન ત્યાગ... જિનપૂજા આદિ અનેક પ્રકારના નિયમો ખૂબ જ સારા પ્રમાણમાં લોકો લેવા માંડ્યા છે... કૉલેજોમાં બ્લ્યુ ફિલ્મથી થતા ગેરલાભ અને એના દ્વારા થતા નુકસાનો દેખાડતાં સેંકડો-સેંકડો કૉલેજીયન યુવકો પ્રતિજ્ઞા લેવા ઊભા થઈ જાય છે !... તેમાં ય આકોલાની સેન્ટ્રલ જેલમાં કેદીઓની સમક્ષ પૂજ્ય મુનિશ્રીના નીકળેલા ઉદ્ગારો "આજ આપ ઔર મેં, હમ સબ જેલમેં હૈં મગર મૈં યહાં સ્વયં આયા હૂં, આપ સબકો લાયા ગયા હૈં, મેં યહાંસે બાહર જાઉંગા મુઝે લોક સન્માનકી દૃષ્ટિસે દેખેંગે, ઔર આપકો બાહર જાતેહિ લોક તિરસ્કારકી દૃષ્ટિસે દેખેંગે, કિતની દુઃખદ બાત હૈ યહ..."થી શરૂ કરી પ્રવચનમાં દારૂની ભયંકરતા સમજાવી... કેટલાય કેદીઓએ જિંદગીભરની દારૂ ત્યાગની પ્રતિજ્ઞા કરી ! જેલના સુપરીટેન્ડેન્ટ અદ્ભુત પ્રભાવિત થઈ, ૫૦ ડગલા જેલની બહાર વળાવવા આવ્યા...

રોટરી-લાયન્સ-જાયન્ટ-જેસીઝ ક્લબ, બાર એસોસીયન ઈન્ડિયન મેડિકલ ઈન્સ્ટીટ્યુટ, વિદર્ભચેમ્બર ઑફ કોમર્સ વગેરે ૭ સંસ્થાના અન્વયે "વિકાસ યા સર્વનાશ' પર થયેલા જાહેર પ્રવચનથી કંઈક બુદ્ધિજીવીઓના હાંજા ગગડી ગયા... પ્રભાવિત થઈ ગયા. વિદર્ભના લોકોના હૃદયની ધર્મલાગણી એટલી બધી કે જૈનેતર લોકો પણ ખૂબ જ પ્રવચનના લાભ લેવા માંડ્યા !...

ફાગણ વદ-૨ ના આકોલા નિવાસી મનુભાઈ મકનજી કોરડીયાના ગૃહમંદિરમાં પરમાત્માની ચલ પ્રતિષ્ઠા ચતુર્વિધ સંઘની હાજરીમાં ભારે ઉત્સાહપૂર્વક થઈ; પ્રભાવક પ્રવચન થયું; સાધર્મિકોને અલ્પાહાર થયો... લોણાર-જાલના-ઔરંગાબાદ આદિ સંઘોની અતિશય આગ્રહભરી વિનંતીથી આગળ આગળ વિહાર કરતાં, પૂજ્ય મુનિરાજોશ્રી અંતરીક્ષજી તીર્થે પધાર્યા... શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથ ભગવાનનાં દર્શન થતાં જ દિગંબરોએ ભગવાનની પ્રતિમાની કરેલી દુર્દશાના કારણે હૈયું-આંખો ગદ્ગદિત થઈ ગયા... પરમાત્માની કરેલી દુર્દશાનો ચિતાર ખડો કરતો આ રહ્યો તેમનો પત્ર...

## અંતરિક્ષજી તીર્થનું દિલદર્દભર્યું વર્ણન

"પૂ. મુનિવરશ્રી... સાદર વંદના...

"અત્રે ત્રણ દિવસ પહેલા આવ્યા... પ્રવેશ વખતે મન પ્રસન્નતા અને વિષાદ બંને અનુભવી રહ્યું હતું... મુખ્ય પ્રવેશદ્વારમાં દાખલ થઈને નાનકડી બારી દ્વારા ભગવાન અંતરીક્ષ પાર્શ્વનાથના દર્શન કરવા આગળ ગયા..., અને જ્યાં ડોકાબારીમાંથી ભગવાન દેખાયા... ત્યાં ભાંગી પડ્યો... ત્રણજગતના નાથ પરમાત્મા જ કેદમાં ?... હૃદય-આંખ કાબૂમાં ન રહ્યા... જમીન પર માથું ટેકવીને રડતો જ રહ્યો...

"પરમાત્માની મૂર્તિ...

"ચક્ષુ નહિ !... નીચેથી ખોદી કાઢેલી !...

"ઠેર ઠેર ખાડા પડી ગયેલા !...

"ધૂળથી વ્યાપ્ત !... પલાઠીની બાજુમાં ઘાસના તણખલાઓ !

"ડોકાબારીની બાજુમાં જ બેઠેલો પોલીસ !...

"આ દૃશ્યની તમે ત્યાં બેઠા માત્ર કલ્પના કરી જોજો... તમારું ય હૈયું હાથ નહિ રહે...

"આખું ચૈત્યવંદન રડતા રડતા પૂરું કર્યું... ચૈત્યવંદન... પછી પોક મૂકીને રડ્યો...

"પૂ. વિમલસેન મહારાજે રડતા રડતા જેમ તેમ સ્તવન પૂરું કર્યું...

"તારી મૂર્તિને જોવું જ્યારે જ્યારે...

ત્યારે અશ્રુના ટીંપા છલકે મારી આંખે... જેવી સ્થિતિ આજે ત્રીજા દિવસે પણ છે...

'રોજ બે ટાઇમ જઈએ છીએ પણ જોવાતું નથી...'

"મુનિવર ! શું લખું ? અત્રેની પરિસ્થિતિ સાક્ષાત્ જોવા મળી... એ તો ઠીક; પણ ભગવાન તો આ રીતે જોવા જ નહોતા... ફુટેલા નસીબ છે. એટલે આવી ખંડિયેર જેવી હાલતમાં બિરાજી રહેલી પરમાત્માની મૂર્તિ જોવી પડે છે... દૂર દૂરથી ૫૦૦/૭૦૦/૧૦૦૦ કિલોમીટરનો વિહાર કરીને સાધ્વીજી ભગવંતોના ગ્રુપ અત્રે આવી રહ્યા છે અને સહુ રડી રહ્યા છે...

"ઝગડા નથી શાંતિ છે પણ એ શાન્તિમાં પ્રસન્નતા નથી વિષાદ છે... કંઈક ભારેપણું વર્તાય છે...

"તારક ગુરુદેવશ્રીએ આ બાજુ વિહરવાની અનુજ્ઞા આપીને અમારા સહુની ઉપર ખૂબ ખૂબ ઉપકાર કર્યો છે...

"ગયા ઉનાળામાં કલિકુંડ પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ સામે ય રડ્યો હતો... આ ઉનાળામાં અંતરિક્ષ પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ સામે બેસીને રડું છું... પણ એ રડવા રડવામાં કેટલો ફેર છે !

"ખેર ! સકળસંઘે જે તીર્થની રક્ષા ખાતર લાખો રૂપિયા... હજારો અઠ્ઠમો... કરોડોના જાપો... કાઉસ્સગ્ગો... વગેરેની આરાધના કરી છે... પૂ. ચંદ્રશેખર વિજયજી મહારાજ તથા મુ.શ્રી હેમરત્નવિજયજી જેવા પુણ્યપુરુષે જેને બચાવવા ખાતર જાન જોખમમાં મૂકવા સુધીની ઝિંદાદિલી દાખવી છે, એ તીર્થની સ્પર્શના કરવાનું મળ્યું !... એ સ્થળની રજના દર્શન કરવાનું સદ્ભાગ્ય મળ્યું... એનો અત્યારે ખૂબ આનંદ છે...

"પૂ. ચંદ્રશેખર વિ.મ. તથા મુ. હેમરત્ન વિ.ના લોહીના પાણી કરી નાંખે તેવા ભોગના અહીં કાને સાંભળેલા સમાચારે હૈયુ કાબૂમાં નથી રહેતું...

"પૂ. ચંદ્રશેખર મહારાજની ત્રણ ચાતુર્માસની અત્રેની સ્થિરતાએ અનેક



નક્કી કામો કરેલા છે...

"એ વખતે મુ. હેમરત્ન વિ. ઉપર થયેલા જીવલેણ હુમલાના સમાચાર અત્રે કાનોકાન સાંભળ્યા ત્યારે એ મુનિવરની તીર્થરક્ષાની ધગશ ઉપર હૈયું ઓવારી ગયું...

"આ બંને પુણ્યવાનોએ આ તીર્થરક્ષા પાછળ જે ભોગ આપ્યો છે, એ ભોગે એમની સદ્ગતિ નિશ્ચિત કરી દીધી છે તેમાં કોઈ શંકા નથી...

"મારી દૃષ્ટિએ તેઓએ આપેલા ભોગની હજારમા ભાગની વાત પણ હું લખી શકું તેમ નથી... બે દિવસથી આ બધું લખવાનો વિચાર કરતો હતો પણ દિલ સ્વસ્થ થાય ત્યારે લખું ને ? અનંતોપકારી તારક ગુરુદેવશ્રીને અનંતશઃ વંદના...

• **દાવણગિરિ (કર્ણાટક) :** અત્રે પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજની નિશ્રામાં ચૈત્રી ઓળીની આરાધના નક્કી થઈ છે. અહીંના લોકોનો ભક્તિભાવ તથા શાસ્ત્રશ્રવણરુચિ ઘણા સારા છે, ચાલુ વ્યાખ્યાનમાં પણ ૩૦૦-૩૫૦ ની સંખ્યા રહે છે. પૂ. મુનિરાજશ્રીને ચાતુર્માસ માટે દાવણગિરિ-હુબલી-ધારવાડ-ગદગ-બેંગલોર વગેરે સ્થળોની વિનંતી છે. બેંગલોરના સંઘે અત્રે ચાતુર્માસ માટે વિનંતી કરવા આવતા તેણે વ્યાખ્યાનમાં સંઘપૂજન કરેલું. પૂ. મુનિરાજશ્રીની નિશ્રામાં મુનિવરશ્રી જિનવલ્લભ મહારાજે બે મહિના સુધી ઉપવાસના પારણે એકાસણા કર્યા, ફાગણ વદ-૭ થી વર્ષીતપ શરૂ કર્યો છે, પારણે એકાસણા કરે છે. મુનિવરશ્રી મતિગુપ્તવિજય મહારાજને બાવનમી વર્ધમાન તપ આયંબિલની ઓળી સુખપૂર્વક થઈ. મુનિવરશ્રી આત્મદર્શન વિજય મહારાજને ૨૩મી ઓળી ચાલે છે. મુનિઓના ત્યાગ, તપ અને સ્વાધ્યાયનો જનતા પર બહુ પ્રભાવ પડે છે.

• **માલેગામ-યેવલા :** પ. પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. અત્રે પધારતા વિહારમાં તાવની તકલીફ થતા અત્રેના ૬-૭ ડૉક્ટરો સાથે જઈ તપાસ્યા યોગ્ય ઉપચારની સૂચના તેમજ માલેગામમાં આખા શરીરને તપાસવાનું નક્કી કર્યું. બીજે દિવસે વસંતવાડીથી અત્રે પ્રવેશ થતાં શ્રીસંઘે ભારે સ્વાગત વરઘોડો કાઢ્યો. નવનવી ગહુંલીયોથી ઠેરઠેર વધામણાં થયાં. પૂજ્યશ્રીએ તાવ છતાં મંગળાચરણ સંભળાવ્યું. બાદ પૂ. મુનિરાજશ્રી નંદીભૂષણવિજયજી મહારાજે પ્રવચન કર્યું. પૂજ્યશ્રીને ચાર દિવસ જેવી ડૉક્ટરોએ ખડે પગે ટ્રીટમેન્ટ આપી. વૈદકીય ઉપચાર પણ લેવાયા. છેલ્લા બે દિવસ પૂજ્ય આચાર્યદેવશ્રીએ વ્યાખ્યાન કર્યા. વિહાર કરી યેવલા પધાર્યા. યેવલાસંઘ મહિનાઓથી પૂજ્યશ્રીના દર્શન માટે તલસી

રહ્યો હતો. પૂજ્યશ્રી પધારતા સંઘને હરખનો પાર નહિ. કુદરતી વેજાપુરમાં એવા ૫ પ્રતિષ્ઠા અર્થે લઈ જવાના બે ભગવાન અત્રે લાવેલા એ પ્રભુજીની ચૈત્યપરિપાટી-વરઘોડામાં પૂજ્યશ્રી સામેલ થઈ ગયેલા રોજ ૩ ટાઈમ વ્યાખ્યાન બેસે છે.

● **પાવાપુરી :** ભગવાન મહાવીર પ્રભુની દેશના, નિર્વાણ અને અગ્નિસંસ્કારની પાવન ધરતી પાવાપુરી ખાતે ૧૬, ૧૭, ૧૮ માર્ચ ૧૯૮૪ ત્રણ દિવસની જ્ઞાન શિબિરનું સફળ આયોજન થયું. પરમપૂજ્ય મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજની પુનીત નિશ્રામાં યોજાયેલ આ શિબિરમાં બિહાર અને બંગાળ રાજ્યના ૯૦૦ ઉપરાંત જિજ્ઞાસુઓ દોડી આવ્યા હતા.

પૂજ્યશ્રીની સતત પ્રેરક પ્રવચનવાણી, શ્રાદ્ધરત્ન શ્રી બાબુભાઈ કડીવાળાના પરમાત્મભક્તિમાં જોમ અને જોશ ભરવાના પ્રયાસો, સૌજન્યશીલ શ્રી હીરાચંદભાઈ યેવલાવાળા અને શ્રી જયેશભાઈ ભણસાલી (અમદાવાદ)ના પ્રભુભક્તિના ભાવપૂર્ણ કાર્યક્રમ તથા શ્રી કુમારપાળ વિ. શાહના પ્રેરક વક્તવ્યો પણ અસરકારક રહ્યા.

આયોજક શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ, શ્રી વર્ધમાન જૈન સ્નાત્ર મંડળ કલકત્તા, શ્રી શ્રુતોપાસક ગણ કલકત્તા અને શ્રી શ્વેતાંબર સમવસરણ તીર્થ પેઢી પાવાપુરીની અનુમોદનીય સેવાભાવના અને પરિશ્રમથી આખુંય આયોજન યાદગાર બની રહ્યું. ખાસ કરીને પૂજ્યશ્રીનાં જોશીલા પ્રવચનોએ યુવાનોના દિલ-દિમાગને ધર્મરંગથી ખૂબ રંગી નાખ્યા. ફરીથી આવો યોગ ક્યારે મળે એની ભાવના રેલાઈ રહી. કુમારભાઈના આ વખતનાં વક્તવ્યોએ કોઈ નવી જ રોશની પ્રસરાવી.

● **તખતગઢ :** પ.પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મહારાજ સાહેબની નિશ્રામાં તા. ૧૦-૩-૮૪ના દિવસે બાર યુવક યુવતીઓની દીક્ષા ઘણા જ હર્ષોલ્લાસ સાથે થઈ. ૪ હાથી, ૧૦ ઘોડા, શણગારેલી જીપકારો આદિ સહિત ઘણો જ શાનદાર વરઘોડો નીકળ્યો. દીક્ષા સમયે લગભગ છ હજારની ઉપસ્થિતિ હતી. તખતગઢના ઇતિહાસમાં રેકર્ડ ઉત્સવ થઈ ગયો. મુનિરાજશ્રી છ'રી' પાળતા સંઘ સાથે શત્રુંજયગિરિરાજ તરફ પધારી રહ્યા છે, જ્યાં તા. ૨૩-૪-૮૪ ના રોજ દાદાના દરબારમાં સંઘની તીર્થમાળા થનાર છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૩૨,અંક-૩૪,તા.૫-૫-૧૯૮૪**

● **જૂનાગઢ :** પૂ. પાદ ગણિવર્ય શ્રી હેમચંદ્રવિજયજી મહારાજાની નિશ્રામાં ખંભાતથી ગિરનારજી સુધીની નેમિનાથ ભગવંતની ભવ્ય રથયાત્રા નીકળેલ. માર્ગમાં ધંધુકાથી બીજા બે પ્રતિમાજીઓ પણ સાથે લેવાયા. ધંધુકા, પાળિયા, વીંછીયા, જસદણ, ગોંડળ જૂનાગઢ વગેરે ગામોમાં પ્રભુજીનું સામૈયું, સ્વામિ વાત્સલ્ય, પાખી પાળવાનું વગેરે થયેલ. જૈનેતરો પણ રથયાત્રામાં ખૂબ ઉલ્લાસપૂર્વક ભાગ લેતા હતા. લાલાવદર નામના નાના ગામડમાં તો એક ભાઈ રાત્રિના દોઢ વાગ્યા સુધી ભગવાનના ભજનમાં બેઠા અને ત્યારબાદ આખી રાત્રિ ભગવાનની સામે હાથ જોડીને ઊભા જ રહ્યા. સવારે ગણિવર્ય મહારાજે તેમને પૂછ્યું તો કહે 'ભગવાન મારે ત્યાં પધાર્યા છે, મારાથી કેમ સુવાય ?'

ગીરનારજી તીર્થ પર સહસાગ્ર વનમાં શ્રી જિનબિંબ પ્રતિષ્ઠા ચૈત્ર વદ-૫ ના રોજ પૂ. પાદ આચાર્યદેવ હિમાંશુસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં થનાર છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૩૨,અંક-૩૯,તા.૯-૬-૧૯૮૪**

● **ધનબાદ (બિહાર) :** વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના પ્રશિષ્યરત્ન પ.પૂ. મુનિરાજશ્રી હેમરત્ન મહારાજની પૂનિત નિશ્રામાં અત્રેના નૂતન જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ ધામધૂમથી ભવ્ય રીતે પ્રભાવનાપૂર્વક ઉજવાયો. આઠ દિવસના જિનભક્તિ મહોત્સવમાં એમના પ્રભાવપૂર્ણ વ્યાખ્યાનનો લાભ લઈ આબાલ વૃદ્ધો ધર્મ પામ્યા. ચાર દિવસ ત્રણ વખતના સ્વામીવાત્સલ્ય થયા. કલકત્તા અને કોલ્ડફિલ્ડમાંથી હજારો જૈનો પ્રસંગ પર ઊભરાયા હતા.

પ.પૂ. મુનિરાજશ્રી અત્રેથી ઝરિયાં પધારતા પાંચ દિવસ પ્રવચનો યોજાયા; જેમાં મૂર્તિપૂજક, સ્થાનકવાસી, અજૈન ગુજરાતીઓથી સ્થાનકનો વિશાળ હોલ ઉભરાઈ ગયો. ધનબાદ અને ઝરિયા બંને સ્થળે સ્થાનકવાસી ભાઈ બહેનોએ ખૂબ જ ઉલ્લાસપૂર્વક પ્રવચનનો લાભ લીધો અને ચોમાસા માટે ખૂબ ભાવથી વિનંતી કરી.

ધનબાદ પ્રતિષ્ઠાના દિવસે આસનસોલના તમામ બહેનોએ આસનસોલમાં ગૃહમંદિર ન થાય ત્યાં સુધી ઘીના ત્યાગની પ્રતિજ્ઞા કરી. પૂજ્ય મુનિરાજશ્રી અત્રેથી આસનસોલ ગૃહમંદિર પ્રતિષ્ઠા પ્રસંગે પધારશે અને ત્યારબાદ ૯૬ કેનિંગ સ્ટ્રીટ, કલકત્તાના સંઘના અતી આગ્રહથી ચાતુર્માસ માટે કલકત્તા પધારશે.

● **અમદાવાદ-ગીરધરનગર :** પૂ.પાદ પંન્યાસશ્રી યશોભદ્રવિજયજી ગણિવર મહારાજ, વર્ધમાન તપોનિધિ પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મહારાજ આદિની

નિશ્રામાં અત્રે પૂ. મુનિરાજશ્રી કનકસુન્દરવિજયજી મહારાજશ્રીના અત્રે ધોરણ પાંચથી ઉપર ભણતા વિદ્યાર્થીઓને મુખ્યત્વે લક્ષમાં રાખી પ્રવચનો દરરોજ ૮ થી ૧૦ કલાકે થયા. જેમાં સકળશ્રી સંઘે લાભ લીધો. વિદ્યાર્થીઓની કુલ્લે ૧૫૦ ની સંખ્યા હતી. આના લીધે બાળકોમાં સારી જાગૃતિ આવી. શ્રાવક જીવનના આચાર વગેરે સારું સમજાવ્યું. નાના નાના નિયમો લેવાયા.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૩૨,અંક-૪૦,તા.૧૪-૦૭-૧૯૪૩**

## પૂર્વદેશના ગામોમાં ધર્મના જયડંકા વાગ્યા

પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના પ્રપ્રશિષ્ય પૂ. મુનિરાજ શ્રી હેમરત્નવિજયજી મ. નાગપુર, આકોલા, કલકત્તામાં ધર્મનો જયડંકો વગાડતા પૂર્વદેશમાં વિચરી રહ્યા છે. એમાં ખાસ કરીને આજના યુવાનવર્ગમાં જિનપૂજા, અભક્ષ્યત્યાગ, સિનેમાત્યાગ, વગેરે શ્રાવકાચારોનો સુંદર પુનરુદ્ધાર કરી રહ્યા છે.

આસનસોલમાં ગૃહમંદિરમાં પ્રભુ-પ્રતિષ્ઠા જાહોજલાલીપૂર્વક ઉજવાયા પછી ચાસમાં ખૂબજ ધામધૂમપૂર્વક પ્રતિષ્ઠા ઉજવાઈ. એક વિશેષતા આ થઈ કે કલકત્તાથી સેંકડો ભાવિકો આવેલા એટલું જ નહિ, પણ દર્શન-પૂજાથી તદ્દન વિમુખ યુવાન વર્ગે પણ પરમાત્મ-ભક્તિની આ બધી જાહોજલાલી જોઈ તથા પૂજ્યશ્રીનાં રોમાંચક પ્રવચનો સાંભળી નાના ગામમાં પણ કેટલાય યુવાનોએ રોજ પ્રભુ પૂજાનાં નિયમ લીધા. પછી એમને કોઈક ધમકાવનાર મળ્યા, ત્યારે એમણે સાફ કહી દીધું કે "આ તમે તો અમારા પર બળાત્કાર કરો છો કે 'દર્શન પૂજા નહિ કરવાનો નિયમ લો જ લો, નહિતર...' ત્યારે આ હેમરત્નવિજયજી મહારાજ તો અમને કળથી સમજાવે છે કે વીતરાગનાં દર્શન પૂજા કેટલા બધા કલ્યાણકારી અને તારણહાર છે. એટલે અમે નિત્ય પૂજા કરવાની સ્વેચ્છાએ પ્રતિજ્ઞા લીધી છે, તેથી અમે રોજ દર્શન-પૂજા તો કરવાના તે કરવાના જ."

ત્યાંથી પછી મહુદામાં પૂજ્યશ્રી પધાર્યા ત્યાં પણ પ્રતિષ્ઠા મહોત્સવ હતો. ચાસથી પણ ગાડીઓ ભરીને ભાઈબેનો આવેલા. અહીંની પ્રતિષ્ઠા રખડાવવા માટે અહીંના સંઘને પણ વિરોધીએ ચડાવેલા કે 'હેમરત્નવિજયજી તો એક નાના સાધુ છે. કોઈ મોટા આચાર્ય આવે ત્યારે પ્રતિષ્ઠા કરાવજો.' પરંતુ પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજનાં શાસન-આરાધનાની ધગશ જગાડતા પ્રવચનોથી



પ્રભાવિત થયેલા સંઘે રોકડું પરખાવ્યું કે હેમરત્નવિજયજી મહારાજમાં તો દસ આચાર્ય જેટલી તાકાત છે માટે અમારે તો એમના હાથે જ પ્રતિષ્ઠા કરાવવી છે.' ધામધૂમથી પ્રતિષ્ઠા થઈ.

પછી પૂ. શ્રી ઝરિયા પધારતાં, અત્રે સંઘમાં પ્રભુદર્શન-પૂજામાં ભારે સુસ્તી જોઈ 'પરમાત્મા કોણ ?... એમની ભક્તિ એ આજના કાળે આપણને કેવી મહાન તરણતારણ બક્ષીસ મળી છે, ...વગેરે વિષયો પર સણસણતા પ્રવચનો આપ્યાં. સાંભળતાં લોકો બહુ જ ગદ્ગદ થઈ ગયા અને એવી ચેતના પ્રગટી ઊઠી કે જુવાનિયાઓએ રોજ પૂજા કરવાના નિયમ લીધા એટલું જ નહિ પણ ૫૦ યુવાનોનું **'શ્રી ભક્તિવર્ધક જૈન મંડળ'** સ્થપાયું, અને નિત્ય પૂજા ઉપરાંત કોલફિલ્ડના ગામોમાં દર રવિવારે વારાફરતી સમૂહ ચૈત્યપરિપાટી કરવા જવાનું નક્કી થયું. આ હિસાબે પહેલી ચૈત્યપરિપાટી ચાસ ગામની કરી ત્યાં યુવાનો બસમાં ઊતરી ધાર્મિક નારા લગાવતાં જિનમંદિરે પહોંચ્યા, લોકો જોઈ જ રહ્યા કે આજના યુવાનોને આ લગન ? પ્રભુદર્શન કરી સ્નાન બાદ પૂજાના વસ્ત્રોમાં ૫૦ યુવાનો પૂજા કરવા સ્વદ્રવ્યો લઈને ગયા. વિધિસર પૂજા સ્નાત્ર મહોત્સવ ચૈત્યવંદન કર્યું. આ બધું જોઈ ચાસ સંઘ આશ્ચર્યચકિત થઈ ગયો. યુવાનોની ભારે ભક્તિ કરી. હવે પછીના રવિવારોએ કતરાસ મહુદા-ધનબાદ-બેરમો વગેરે ગામોમાં જશે.

પૂ. મુનિરાજ શ્રી હેમરત્નવિજયજી મહારાજના આજના કાળના યુવાનોને જગાડવાના અને ધર્મ આચાર પાળતા કરવાના ભગીરથ પ્રયત્નોનું સુખદ ફળ કલકત્તાના ગત ચોમાસામાં એવું આવ્યું છે કે ૯૬, કેનિંગસ્ટ્રીટના દેરાસરમાં પૂજા માટે બહાર ચંપલ ઉતારવાની જગા સુધી લાંબી ક્યૂ લાગે છે. હવે નાના ગામોમાં જેવું ઝરિયામાં ૫૦ યુવાનોનું ભક્તિ મંડળ, એવું ધનબાદમાં ૬૦ યુવાનોનું ભક્તિમંડળ સ્થપાયું. જેમાં રવિવારીય ચૈત્યપરિપાટી કાર્યક્રમ ચાસની જેમ જ નક્કી થયો. કતરાસમાં પૂજ્યશ્રીના બે વાર માત્ર ૧-૧ દિવસના ઉપદેશથી પણ ૧૦ ઘરમાં ૫૦ જણ પૂજા કરતા થઈ ગયા...

● **મહુદામાં** ૧૧ ઘરમાં રોજ ૬૦ જણ પૂજા કરનારા, **બેરમોમાં** પુનઃપ્રતિષ્ઠા બાદ રોજના ૧૦૦ જણ પૂજા કરનારા, અને **ધનબાદમાં** ૬૦ જણ પૂજા કરનારા થયા બધે ૧ વર્ષની પૂજાની પ્રતિજ્ઞાઓ લેવાઈ. ચાસ વગેરે ત્રણ નગરોમાં મોટા પ્રતિષ્ઠા ઉત્સવ થયા હોવાથી ધનબાદવાળા વિચારતા હતા કે 'આ સાલ પ્રતિષ્ઠા રાખીએ તો બોલીની એવી આવક નહિ થાય, માટે આવતી સાલ પર રાખો,' પરંતુ પૂજ્યશ્રીએ કહ્યું 'પૈસા માટે ત્રણલોકના નાથને પ્રતિષ્ઠા વિનાના એમજ બેસાડી ન રખાય.' સંઘને ગળે વાત ઊતરી ગઈ, પ્રતિષ્ઠા નક્કી કરી ઉજવી, તો

આવક પૂર્વ નગરો કરતાં મોટી થઈ !

પૂજ્યશ્રીનું આ ચાતુર્માસ કલકત્તા ૯૬ કેનિંગ સ્ટ્રીટના ઉપાશ્રયે નક્કી થયું છે. ચોમાસામાં આ વખતે દર શનિએ બાળકો-કુમારોની શિબિરમાં બે સામાયિકમાં જૈનધર્મની શ્રદ્ધા-ધર્મપ્રેમમાં ભરતી ચડાવી જૈન આચાર જાગતા કરવા, રવિવારે ૨૪ તીર્થંકર દેવોમા ૫-૫ કલ્યાણકની આરાધના વગેરે અનુષ્ઠાન થવા સંભવ છે. ઉપાશ્રય-હોલ વિશાળ છતાં ગત સાલ સ્કૂલના એથી ય વધુ વિશાળ હોલમાં માણસ સમાતું નહોતું તો આ વખતે ઉપાશ્રય હોલમાં કેમ સમાશે એની ટ્રસ્ટીઓને મુંઝવણ ઊભી થઈ છે.

● **બેલગામ** : અત્રેના શ્વે.મૂ. જૈન સંઘના આગ્રહથી પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી પૂ. મુનિરાજશ્રી નેત્રાનંદવિજયજી આદિ ચાતુર્માસ પધાર્યા છે. વ્યાખ્યાનમાં મિથ્યાત્વત્યાગ-માર્ગાનુસારિતા-સમ્યક્ત્વની ભૂમિકા પર સુંદર વિવેચન ચાલી રહ્યું છે. આવા દૂર દેશમાં સંયમી મુનિઓના પધારવાથી સંઘને સારો લાભ થશે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૨,અંક-૪૫,તા.૨૮-૭-૧૯૮૪

● **ગીરધરનગર-અમદાવાદ** : અત્રે મધુરવક્તા પ.પૂ.પં. શ્રી રાજેન્દ્રવિજયજી મ. આદિ ઠા. ૪ નો અ.સુ. ૩ ના ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે એઓશ્રીએ સંપાદિત કરેલ **"જૈન તત્ત્વજ્ઞાન ચિત્રાવલી પ્રકાશ"** ગ્રંથનું પ્રકાશન થયું, દર રવિવારે આ ગ્રંથ ઉપર પૂજ્યશ્રી વાચના આપે છે. પૂજ્યશ્રીની પ્રેરણાથી ચાતુર્માસ પર્યંત બ્રહ્મચર્યવ્રત ૬૯ દંપતીઓએ ગ્રહણ કરતા તેઓને તિલક કરી પુરુષોને પૂજાની જોડ અને બેનોને શાલ આપી બહુમાન કરવામાં આવ્યું. સંઘમાં સાકળી અઠ્ઠમ તેમજ અરિહંત પદની આરાધનામાં ૨૦૭, અને સિદ્ધપદની આરાધનામાં ૩૦૦ આરાધકો જોડાયેલ. 'શ્રી ઉપદેશમાળા' તથા 'પરિશિષ્ટપર્વ'ના પૂજ્યશ્રીના પ્રવચનમાં સંઘ સારો લાભ લઈ રહ્યો છે. "જૈન તત્ત્વજ્ઞાન ચિત્રાવલી પુસ્તક-ભારતીય પ્રાચ્ય તત્ત્વ પ્રકાશન સમિતિ-પિંડવાડા તરફથી બહાર પડેલ છે. (૧) રમણલાલ લાલચંદ ૧૩૫/૩૭, ઝવેરી બજાર, **મુંબઈ.** તથા (૨) ભરતકુમાર ચતુરદાસ, કાળુશીની પોળ, કાલુપુર-**અમદાવાદ**થી મળે છે.

● **કલકત્તા** : અત્રે ૯૬ કેનિંગ સ્ટ્રીટમાં પૂ. મુનિશ્રી હેમરત્નવિજયજી મહારાજનો ચાતુર્માસ પ્રવેશ અદ્ભુત થયો. આખી કેનિંગ સ્ટ્રીટ ચિકાર ભરાઈ



ગયેલ. દેરાસરથી મોટા રોડ સુધી માણસો ઊભા હતા. પૂજ્યશ્રીને માંગલિક પ્રવચન પણ ઊભા ઊભા કરવું પડ્યું. તે પ્રસંગે ૩૦૦ આયંબિલ તથા ૫૦૦૦ લગભગ મેદની હતી. શ્રી પાર્શ્વનાથ પ્રભુનો પ્રવેશ પણ તે સાથે થયેલ. પોંખણાની ઉછામણી પણ સારી થઈ.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૨,અંક-૪૮,તા.૨૫-૮-૧૯૮૪

● **અંધેરી વેસ્ટ** : પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય પૂજ્ય મુનિશ્રી વિશ્વાનંદવિજયજી મ. આદિ અત્રે ચાતુર્માસ પધારતા સંઘમાં આરાધના સુંદર ચાલી રહી છે. અઠ્ઠમતપની આરાધનામાં ૧૩૫ આરાધકો જોડાયેલ. દરેકને ૫૮/- રૂપિયાની પ્રભાવના થયેલ. સાધ્વીશ્રી વિજયરત્નાશ્રીજી મ. તથા સાધ્વીશ્રી વિરતિકલાશ્રીજી મ.ના નિર્વિઘ્ન માસખમણની તપશ્ચર્યાની શ્રા.સુ. ૧૦ પૂર્ણાહૂતિ નિમિત્તે શ્રી અર્હદ્ અભિષેક પૂજન સહિત પંચાહ્નિકા મહોત્સવ સારો ઊજવાયો. ગૌતમસ્વામીના છઠની આરાધના સુંદર થઈ.

● **કોરેગામ** : પૂ. ગણિવર્યશ્રી જયશેખરવિજયજી મ. શ્રીની નિશ્રામાં ભગવાનશ્રી નેમીનાથજીના અઠ્ઠમતપની આરાધના થતાં નાનું ગામ હોવા છતાં ૧૦૦ જેવા આરાધકોએ અઠ્ઠમતપ કર્યા. ૪૦ પુરુષોમાં પ્રાયઃ બધાએ સૌ પ્રથમવાર અઠ્ઠમ કરેલ. દરેકને ૧૦૦/- રૂપિયાની પ્રભાવના થઈ. ત્રણ દિવસ જાપ-ભાવનામાં બાળકલાકાર પારસે સારી જમાવટ કરેલ, સંઘે ૫૦૧/- થી બહુમાન કર્યું. પ્રભુના ૯ ભવનું ચરિત્ર, ગીરનારજી મહાત્મ્ય વગેરે ૩ દિવસ સુધી પૂજયશ્રીએ સમજાવેલ.

● **મદ્રાસ** : પૂજ્ય પં.શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજના આ નગરીમાં જ્યારથી પાવન પગલા થયા છે ત્યારથી સંઘમાં ધર્મારાધનાઓનાં પૂર ઉમટ્યા છે...

રોજિંદા પ્રવચનોમાં શ્રોતાઓની ચિક્કાર હાજરી રહે છે... અને રાતના માત્ર પુરુષો માટે ચાલતા કર્મ વિજ્ઞાનની જ્ઞાનગોષ્ઠીમાં ય હાજરી સારી એવી રહે છે...

દર રવિવારે ચાલતી પુરુષોની અને બાળકોની શિબિરમાં સંખ્યા એટલી બધી થાય છે કે નિયત સમય પહેલાં પાંચ મિનિટે પ્રવેશ આપવાનું બંધ કરી દેવું પડે છે.

શ્રા. સુદ ૨-૪-૫ ના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતની આરાધના નિમિત્તે સામુદાયિક અઠ્ઠમતપનું આયોજન નક્કી થતાં તેમાં ૧૧૦૦ જેટલા આરાધક ભાઈઓ-બહેનો જોડાયા... એ તમામ આરાધકોને પારણાં કરાવવાનો લાભ શ્રી માણેકચંદજી બેતાલાએ સારો એવો ચઢાવો બોલવા પૂર્વક લીધો... તમામ તપસ્વીઓને સંઘ તરફથી

શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતનો ચાંદીનો સિક્કો, રંગીન ફોટો, એક પુસ્તક તથા રોકડા ૪૧ રૂા.ની પ્રભાવના કરવામાં આવી...

ટૂંકમાં, તેરાપંથી-સ્થાનકવાસી-મૂર્તિપૂજક જૈનો તથા જૈનેતરો પૂજ્યશ્રીના પ્રવચનોનું શ્રવણ કરવા માટે વિશાળ સંખ્યામાં ઉમટી રહ્યા છે... વળી, જુદા જુદા આયોજિત થતા અનુષ્ઠાનોમાં પણ સહુ રસપૂર્વક જોડાઈ રહ્યા છે... ત્રણ દિવસની ખીરનાં એકાસણા સાથે વિધિપૂર્વક નવકાર જાપની થયેલી આરાધનાં ય ૮૦૦ જેટલા આરાધકો જોડાયા...

હાલમાં પર્યુષણાની આરાધના માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. યુવાનવર્ગ પણ ખૂબ સારી સંખ્યામાં ધર્માભિમુખ થઈ રહ્યો છે.

● **પાટડી :** અત્રે તા. ૨૦-૭-૮૪ના રોજ સાંજના સમયે ગામની બહાર ૨૮૦ જેટલા ઘેટા-બકરા ભરેલી બે ટ્રકોને ઊભેલી ગામના બે જૈન યુવાનોએ જોઈ... તપાસ કરતાં ખ્યાલ આવ્યો કે આ બધા ય પશુઓ કતલખાને જઈ રહ્યા છે !

યુવાનોએ ગામમાં આવી સંઘના આગેવાનોને વાત કરી... આગેવાનોએ ટ્રકોના માલિક સાથે વાત કરી ૫/૬ કલાક થોભી જવા જણાવ્યું...

રાતોરાત અમદાવાદ જઈ પાછા વિરમગામ આવી ત્યાંના આગેવાન શ્રાવકો તથા નગરપાલિકાના પ્રમુખ વગેરે સાથે વાતચીત કરી આ પશુઓને કોઈપણ ભોગે બચાવી લેવાનું નક્કી કર્યું... ખૂબ આનંદની વાત તો એ બની કે આટલા બધા પશુઓને બચાવી લેવા માટે જરૂરી માતબર રકમ પણ અરસપરસના ઔદાર્યભર્યા સહકારથી ઊભી થઈ ગઈ... અને આ ૨૮૦ જીવોને અભયદાન મળી ગયું... સોનામાં સુગંધ ભળે તેમ વિરમગામ પાંજરાપોળે આ તમામ જીવોને નિભાવવાની તૈયારી બતાવી !

આમ પાટડી તથા આજુબાજુના વિરમગામ-દસાડા-આદરિયાણા-ઝીંઝુવાડા-ધામા-વડગામ-મીઠાઘોડા, બજાણા વગેરે ગામોના જૈનસંઘોના સહકાર અને આર્થિક સહાયથી આ જીવોની સુરક્ષા થઈ શકી છે... જીવદયા પ્રેમીઓએ આમાંથી પ્રેરણા લેવા જેવી છે.

● **છાણી :** પ.પૂ.પં. શ્રી નિત્યાનંદવિજયજી મ. તથા પૂ. જયદેવવિજયજી મ. શ્રીની નિશ્રામાં ૧૧ અંગના એકાસણા, દીપકવ્રત વગેરે આરાધનામાં સંઘે સારો લાભ લીધો. દર ચૌદસના બજારની પાખી રખાતી હોવાથી ૧૦૦ ઉપરાંત આરાધકો પ્રતિક્રમણ આદિનો લાભ લે છે. વ્યાખ્યાનમાં સારી સંખ્યા રહે છે.

● **કલકત્તા :** અત્રે ૯૬ કેનિંગસ્ટ્રીટમાં પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મ. શ્રીની નિશ્રામાં ૨૪ તીર્થંકર શ્રેણીતપની આરાધનામાં ૧૪૦૦ આરાધકોએ વિશિષ્ટ



લાભ લીધો. બાદ ૧૧૫૦ આરાધકો અઠ્ઠમતપની આરાધનામાં જોડાતા વ્યાખ્યાનમાં ત્રણે દિવસ બે ટાઈમ પ્રવચનમાં પાર્શ્વનાથ પ્રભુના ૧૦ ભવનું વર્ણન, શ્રી શંખેશ્વર તીર્થનો મહિમા વગેરે અદ્ભુત સાંભળવા મળેલ. શેઠ શ્રી હરખચંદજી કોકરીયાએ તપસ્વીઓના અત્તરપારણા તથા ઉત્તરપારણાનો લાભ લીધેલ. દરેક તપસ્વીઓને સંઘ તરફથી ૬૫/- રૂપિયાની પ્રભાવના થયેલ.

● **પુના :** પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાનો ધામધૂમપૂર્વક ચાતુર્માસ પ્રવેશ બાદ દરરોજ વૈરાગ્ય ધમધમતી ધર્મદેશના ચાલુ છે. ધર્મરંગ ખૂબ જોરશોરથી ખીલી ઊઠ્યો છે. દર રવિવારે વિશિષ્ટ આરાધના કરાવવાની વિનંતીથી પૂજ્યશ્રીની પ્રેરણાથી રવિવારને સવારે આરાધનાનું આયોજન તેમજ બપોરે જોશિલા પ્રવચનકાર મુનિશ્રી રત્નસુંદરવિજયજી મ.નું જાહેર વ્યાખ્યાન “જૈન રામાયણ” ઉપર રખાયેલ. એમાં “અરિહંત” પદના ખીરના એકાસણા શ્રી રામલાલજી ચતરાજી તરફથી કરાવાતા ૪૦૦ આરાધકોએ, શ્રી “નમોસિદ્ધાણં” પદના લાપસીથી એકાસણા શ્રી મૂળચંદ પન્નાજી તરફથી કરાવાતા ૫૦૦ આરાધકો, નવકારમંત્રની આરાધનામાં ૭૦૦ જોડાયેલ, એકાસણા ગ્યાનમલ વેલાજી તરફથી કરાવાયા. પુદ્ગલ વોસીરાવવાની ક્રિયામાં ૭૦૦, શ્રા.સુ. ૩-૫-૬ ના શ્રી અઠ્ઠમતપની આરાધનામાં અત્તર પારણા શ્રી ઓંકારમલજી વેલજી તથા પારણાનો લાભ માણેકચંદ રતનચંદજીએ લીધો. સંઘ તરફથી ૧૦૮ આરાધકોને ૧૦૮ રૂપિયાની પ્રભાવના કરેલ. પૂજ્યશ્રીની વર્ધમાન તપના પાયાની પ્રેરણા થતા અત્તર પારણા ગુમાનમલ એન્ડ સન્સ તરફથી તેમજ પારણા લક્ષ્મીચંદ વરદાજી તરફથી ૪૧ આરાધકોએ પાયા નાખ્યા. સંઘ તરફથી દરેકને ૧૦૧/- રૂપિયા અને સ્ટીલની થાલી વાટકીની પ્રભાવના થયેલ. તા. ૧૨-૮ ના શિબિર રાખવાની વિનંતી થઈ. તે માટે જાહેરાત કરાઈ.

રવિવારીય શિબિરમાં જોડાવા માટે પુનાના નવયુવકોએ કરેલ ધસારાથી ૫૦૦, ૧૦૦૦, ૧૫૦૦ વાળો આંક ઊંચકાઈને બે હજાર બસો ઉપર પહોંચાડીને કાર્યકરોને આનંદ અને આંચકાનો અનુભવ કરાવ્યો. શ્વેતવસ્ત્રોમાં સજ્જ હજારો યુવાનો ૧૨ ઓગસ્ટ રવિવારે પૂજ્ય આચાર્યશ્રીની નિશ્રામાં યોજાયેલ શિબિર વાચનાનું શ્રવણ કરવા દોડી આવ્યા હતા. પુના, આસપાસના ગામો તથા મુંબઈ, બોરડી, બારડોલી, ગોલવડ, અમદાવાદ સુધીના યુવાનો પણ આવી પહોંચ્યા હતા.

સવારે ૯॥ થી ૧૨॥ સુધી સતત એકધારી ચાલેલી વાચનાઓ દરમ્યાન યુવાનોએ અનુપમ શિસ્ત અને શાંતિપૂર્વક પરમાત્મવાણીનું શ્રવણ કર્યું હતું. પૂજ્ય આચાર્યશ્રીએ વાચનામાં પરમાત્મ ભક્તિનું મૂલ્ય અને મહત્ત્વ ખૂબ જ પ્રવાહી

શૈલીમાં સમજાવીને યુવકોના હૈયાને ભક્તિભીના કરી નાખ્યા હતા. યુવા પેઢીમાં પ્રિય અને લોકપ્રિય બનેલા પ્રવચનકાર વિદ્વદ્વર્ય મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજે યુવાનોને આધુનિક વિલાસ સગવડો સામે સાવધ રહેવાની, સદાચારના માર્ગે જીવનગાડી દોડતી કરવાની અને દુરાચારના માર્ગેથી ગાડીને વાળી સાચી દિશા તરફ જવાની સોનેરી શીખ આપી હતી. બ્રેક અને ડીપરનો ઉપયોગ સતત કરતા રહેવાની સખત પણ સરસ સલાહ આપી યુવાનોને કલાકો સુધી શ્રવણ માટે જકડી રાખ્યા હતા. એમાં પરસ્ત્રી ત્યાગના નિયમ સારા થયા.

પરમ પૂજ્ય મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજના પુસ્તક 'આસોપાલવ'નું વિમોચન શ્રી દેવીચંદજી નરશાજીના હસ્તે કરાયું હતું. આજની શિબિરનો આખા દિવસનો લાભ લેનાર શ્રી રતનલાલ ભીમાજીનો સન્માનવિધિ પણ કરાયો હતો.

શ્રી કુમારપાળ વિ. શાહે શિબિર આયોજનનો હેતુ તથા શ્રદ્ધેય આચાર્યશ્રીનું યોગદાન વ્યક્ત કર્યું હતું.

આખાય દિવસના કાર્યક્રમમાં સમયે સમયે મધુર કંઠથી સંગીતરત્ન શ્રી નિકેશભાઈ ઝવેરીએ ખાસ સુરતથી પધારીને પરમાત્માભક્તિની રસલહાણ લુંટાવી હતી.

બપોરે રામાયણ ઉપરના જાહેર પ્રવચનમાં ઉમટી પડેલા શ્રી સંઘે અપૂર્વ સંયમ અને શિસ્તપૂર્વકતાનું દર્શન કરાવ્યું હતું. રાત્રે ભાવના સાથે સાથે આજે હિંસા નિવારણ સંઘની શાખાનું પુના ખાતે સ્થાપન થયું. સ્થાપનાની આ વિધિ સેવામૂર્તિ શ્રી પોપટલાલ રામચંદ શાહના હસ્તે થઈ હતી. આ માટે સંઘના કાર્યકરો શ્રી જયેન્દ્રભાઈ ર. શાહ અને શ્રી કલ્પેશભાઈ આદિએ પુના આવી સંઘને હિંસા નિવારણના કાર્યમાં સહકાર આપવા પૂર્વક હિંસા નિવારણ માટે વ્યવસ્થિત માર્ગદર્શન આપ્યું હતું.

આગામી રવિવારીય શિબિર ૯ સપ્ટેમ્બરના દિવસે યોજાવાની જાહેરાત થતાં શ્રવણપ્રેમી યુવકોમાં હર્ષોલ્લાસ ઉછળી પડ્યો હતો. ક્યારે આવે ૯ સપ્ટેમ્બર એ તલપ અને તડપમાં યુવાનો વિખેરાયા હતા.

● **શેઠ આણંદજી કલ્યાણજી** - પેઢી તરફથી છાપરીયાળી પાંજરાપોળમાં કસાઈવાડે જતાં જાનવરોને અટકાવીને નિભાવવામાં આવે છે. ખર્ચ ખૂબ વધતો જાય છે. ચાલુ સાલે ૮ લાખ જેટલું નુકસાન થયું છે. છેલ્લા વરસોની ખાધને પહોંચી વળવા તથા ચાલુ નિભાવ માટે રૂા. ૨૦ લાખનું ભંડોળ એકત્ર કરવું જરૂરી છે. બે રીતે. રૂા. ૧૦૦૧ની મુડી કાયમ રાખી તેના વ્યાજમાંથી ટંક ઘાસ નીરવાની તિથિ અને નાની મોટી તમામ રકમ સ્વીકારાય છે. હાલમાં ૨૫૦૦ થી ૩૦૦૦



જીવો નિભાવવામાં આવે છે. દાનની રકમનો ચેક શેઠ આણંદજી કલ્યાણજી નામનો અમદાવાદ-ઝવેરીવાડ, પો.બો. ૬૧, મોકલવો.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** વર્ષ-૩૩,અંક-૧,તા.૧-૯-૧૯૮૪

## દિવ્યદર્શન દર્પણ અને દીપક પણ છે.

'દિવ્યદર્શન' દર્પણ છે. દર્પણનું કામ દેખાડવાનું આપણા શરીર સૌંદર્યને દેખાડે. સામે આવનારને આખા ને આખા અણીશુદ્ધ દેખાડે. જેવા છીએ તેવા જ તે સ્વરૂપે દેખાડે, પરંતુ એમાં આપણી છાયા પકડાય, આપણે દર્પણમાં પકડાતા નથી. માત્ર સ્વરૂપ જોવા મળે, જોતાં આવડે તો. માટે જ તો દર્પણને ઘણા બધા આયનો કહેતા હોય છે. હું કોણ છું ? હું કેવો છું ? હું શા માટે ? મારો કેવો છે બહારનો બિહામણો ચહેરો ? અને અંદર કેવી સોહામણી મુદ્રા પડી છે ? બિહામણા ચહેરાને સોહામણો કરવાનો કોડ જાગે એટલું ઘણું.

'દિવ્યદર્શન' દીપક પણ છે. દીપક દિવેલનો હોય કે તેલનો. દીવો દીવો જ છે. વર્ષો જુના અંધારા ઓરડામાં દીવો આવતાં જ અંધકાર ઓગળી જાય. ઓરડો ઝગમગી ઊઠે. બધું સાફ અને સ્પષ્ટ નજર સામે દેખાય. દીપક ઓરડાને અજવાળે, જ્ઞાનીનો જ્ઞાનદીપક જન જનના અંતરને અજવાળે. સમ્યગ્જ્ઞાનનું અજવાળું મિથ્યા, ભ્રાન્ત અજ્ઞાનને ઓગાળી દે. દીપક દિશા દેખાડે, જ્ઞાનદીપક દૃષ્ટિ આપે.

દર્પણ અને દીપક જેવું દિવ્યદર્શન પ્રત્યેક સોમવારે સ્વરૂપદર્શન કરાવવા અને અંતરમાં આત્મજ્ઞાનનાં અજવાળાં પાથરવા નિયમિતપણે સાદ કરતું આવી પડે છે. શસ્ત્રો કરતાં પણ શાસ્ત્ર-આધારિત સંતોના શબ્દો વધારે શક્તિશાળી છે. તત્ત્વબોધ, અધ્યાત્મબોધ અને સુયોગ્ય ચિંતન આત્મવિકાસ માટે અને દોષ-નિવારણ અર્થે બળવત્તર સાધન છે. સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ, પ્રાપ્તજ્ઞાનની સુરક્ષા અને પ્રાપ્તજ્ઞાનમાં વૃદ્ધિ, એમ ત્રણેનો વધારો થતો જાય છે. ખરે જ સદ્વાંચન આત્મદીપક બને છે.

દિવ્યદર્શનના વીતી ગયેલા આખા ય વર્ષ દરમ્યાનના અંકોમાં કેટકેટલા ઢગલાબંધ વિષયો ઉપરનું આપણને સદ્વાંચન મળ્યું. વિષયો જેવા કે 'માનાકાંક્ષા ભૂંડી,' 'નિશ્ચયવ્યવહારનો વિવેક,' 'ભગવાનની સાથે સંબંધ કેમ જોડાય ?' 'જરાક લોભમાં લાભ કેવો જાય ?' 'નાની ભૂલ પણ કેમ ભયંકર ?' 'કંચન વહાલું કે કરુણા ?' 'તત્ત્વચિંતનથી વૈરાગ્ય ને દુર્ધ્યાનનિવારણ', 'જૈનમતે અધ્યાત્મયોગનું સ્વરૂપ', 'વૈરાગ્ય વિનાના ત્યાગમાં મઝા નહિ', 'ભવાંતરે જૈન ધર્મની પ્રાપ્તિનું મૂલ્ય શું ?', 'જીવનમાં રોદણાં શું આપે ?', 'જૈનશાસનમાં ધ્યાનમય ક્રિયાનું ઊંચું

મહત્ત્વ', 'ધ્યાન નહિ, શુભધ્યાનનો અભ્યાસ રાખો', 'જિનમતની અવગણના કયાં કયાં ?'... આ વિષયો તો બધા મળ્યા પહેલા પાનેથી, પણ અંદરના પાનાઓમાં પ્રવચન પ્રસાદીથી કેવો કેવો પ્રાસાદિક જ્ઞાનલાભ આત્મલાભ પ્રાપ્ત થયો ! 'યોગદષ્ટિસમુચ્ચય-વ્યાખ્યાનનાં રસઝરણાં' એમાં 'ધર્મકાય, કર્મકાય અને તત્ત્વકાય', એ સિવાય 'પ્રભાવક પૂર્વજોની યશોગાથા : 'રાજપુત્ર આર્દ્રકુમાર'નું વંદનીય ચરિત્ર-ચિત્રણ આપણે હજી પણ માણી રહ્યા છીએ. પ્રભાવક પૂર્વજની આ ચાલી રહેલી કથા ભાષા, ભાવ, શૈલી સાથે તત્ત્વબોધની ગહનતાથી માત્ર ચરિત્રકથા જ ન રહેતાં, સર્જનાત્મક વૃત્તિ બની ગઈ છે. કરુણાભરી કલમથી પૂજ્યપાદ આચાર્યશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ આપણા આત્મદીપને અજવાળવાનું કરી રહ્યા છે. સાડાસાત દાયકાની ઉંમરનો થાક રાખ્યા વિના, તાત્ત્વિક સાહિત્યનો સ્પર્શ છતાં શૈલીને ભારેખમ બનવા દીધા વિના  અમીવર્ષા કરી રહ્યા છે ! પૂજ્ય શ્રદ્ધેય ગુરુદેવની અમીવર્ષામાં વારંવાર છબછબિયાં મારવા મન તલપ અને તડપ અનુભવે છે. પૂ.આચાર્યદેવશ્રીના ચરણે કોટિકોટિ વંદન.

અનુમોદનીય સમાચારો અને દીવાલ પર કોતરી રાખવા જેવી વિચારકર્ણિકાઓ આપવા સાથે 'ધર્મરત્ન પ્રકરણ શાસ્ત્ર' ઉપરનાં પ્રવચન પણ અવિરત નિયમિત અપાયાં છે. શ્રાવક ક્યાં ? કેવા ગુણોથી શ્રાવક બને ? એનું અભિનવ શૈલીમાં પ.પૂજ્ય વિદ્વદ્વર્ય મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ સાહેબનું પ્રવચન પ્રિય અને લોકપ્રિય બન્યું છે. વાંચતાની સાથે વસી જાય તેવું, રસપ્રદ બોધનો ધોધ વહેવડાવનાર પૂજ્ય મુનિશ્રીના ચરણોમાં વંદન.

દિવ્યદર્શનનું ૩૨ મું વર્ષ પુરુ થયું.

આ અંકથી આપનું દિવ્યદર્શન ૩૩ માં વર્ષમાં પ્રવેશ કરે છે.

વીતી ગયેલા વર્ષમાં પોણા ચારસો ફુલસ્કેપ સાઈઝના પાનાઓમાં પ્રવચન પ્રસાદી દિવ્યદર્શનના માધ્યમથી પહોંચાડવાનું હરણફાળ સાહસ આપના સૌના સાથ અને સહકારથી થઈ શક્યું છે.

નૂતન નવા ૩૩ મા વર્ષે દિવ્યદર્શન નિર્ધારિતનીતિ મુજબની અદાથી અને અવાજથી આપણને સાચા અર્થમાં સંપ્રાજ્ઞ, સંવેદનશીલ સમભાવશીલ, અને સાચા અર્થમાં સંસ્કાર અને સંસ્કૃતિના સજગ પ્રહરી બનાવવા માટેનું દર્પણ અને દીપક બની રહેશે.

**લિ.તંત્રી કુમારપાળ વિ. શાહના પ્રણામ**





• **માલેગાવ :** પૂ.પં.શ્રી વારિષેણવિજયજી મ. ની નિશ્રામાં પર્યુષણપર્વમાં ૩૦/૨, ૧૬/૭, સિદ્ધિતપ-૫, ૧૦/૪, ૧૩/૧, ૯/૪, ૮/૮૫ વગેરે તપશ્ચર્યા તથા ધર્મદ્રવ્યની ઉપજો અદ્ભુત થયું. તેમજ પૂજ્યશ્રીની ૭૭મી વર્ધમાનતપની ઓળીની નિર્વિઘ્ન પૂર્ણાહૂતિ નિમિત્તે જિનેન્દ્રભક્તિ મહોત્સવ વિવિધ પૂજનો સહિત ઉજવાયો.

• **પુના :** પ.પૂ.આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજશ્રીનો કોલ્હાપર-સાંગલી-સાતારા, સોલાપુર-બેલગામ-નિપાણી વગેરેના સંઘો એ પ્રદેશમાં વિચરવા અને ચાતુર્માસો કરવાનું ખૂબ આગ્રહભરી વિનંતીઓ કરવા આવ્યા. સાધુ વિના ક્ષેત્ર સુકાઈ જાય છે માટે ખાસ વિચરવાની આવશ્યકતા પર ભાર મૂકતા હતા. અત્રે પર્યુષણમાં નવા વર્ગમાં ત્રણ માસખમણ ઉપરાંત ૬૦-૭૦ અઠ્ઠાઈઓ ૪૫-૧૬-૧૫-૧૧ સિદ્ધિતપ ખીરસમુદ્ર વગેરે તપસ્યાઓ સારી થઈ. યુવાનો સારા જોડાયા. શિસ્તની છાયા એવી પડી કે વ્યાખ્યાન-પ્રતિક્રમણમાં ઘણી મોટી સંખ્યા છતાં શાંતતા સારી રહી. ભાદરવા સુદ-૬ પુનાસીટી સંઘનો સામુદાયિક વરઘોડો ભવ્ય નીકળ્યો. ચૈત્યપરિપાટી આયોજન સુંદર થયું. રવિવાર તા. ૧૬-૯ની શિબિરમાં યુવાનવર્ગે માંસ-દારૂ-ઈંડા ત્યાગની પ્રતિજ્ઞાઓ કરી. પૂ. રત્નસુંદરવિજયજી મ. ના જોશીલા વ્યાખ્યાનોથી પ્રભાવિત થયેલ યુવાનો અંદરઅંદર મોટું ફંડ નક્કી કરી આવતું ચોમાસું અત્રે જ કરાવવા થનગની રહ્યા છે.

• **અંધેરી-ઈર્લા :** પૂ.મુનિરાજશ્રી મુનિચંદ્ર વિજયજી મ.ની નિશ્રામાં પર્યુષણપર્વ સારા ઉજવાયા. તેમાંય પર્યુષણ પૂર્વે 'ક્ષમાપના' વિષય પર પ્રખરવક્તા પૂ. મુનિશ્રી જિનચંદ્રવિજયજી મ. રોચક પ્રવચન આપેલ, લગભગ ૫૦૦૦ ઉપર મેદની હતી. જગ્યાના અભાવે ઘણાને પાછું જવું પડેલ. સાંવત્સરીક પ્રતિક્રમણ પ્રસંગે પણ દરેક વિધિની મહત્તા સમજાવતા સૌએ પ્રતિક્રમણ સારી રીતે કરેલ.

• **મદ્રાસ :** વિદ્વદ્વર્ય પૂ.પં.શ્રી ભદ્રગુપ્તવિજયજી મ. શ્રી આદિની નિશ્રામાં પર્યુષણપર્વ શિસ્તબદ્ધ ભવ્ય રીતે ઉજવાયા. સંઘે જ્ઞાન-ધ્યાન-તપ-ત્યાગમાં ઉલ્લાસ પૂર્વક લાભ લીધો. પર્યુષણપર્વમાં પારણાની ઉછામણી સારા ભારતમાં રેકર્ડરૂપ હતી. તપસ્વીઓને પ્રભાવના પણ સારી થઈ. ઉન્હેલમાં 'પૌષધશાળા'ની ટીપ આવતા સંઘે ૧૦ મિનિટમાં સારી ટીપ લખાવેલ. ભાદરવા સુદ-૮ના ભવ્ય વરઘોડો નીકળેલ.

• **વણી :** પૂ. તપસ્વીરત્ન મુનિશ્રી જયસોમવિજયજી મ. તથા પૂ.મુનિશ્રી કલ્પરત્નવિજયજી મ. અત્રે સંઘની આગ્રહભરી વિનંતીથી પધાર્યા ત્યારથી સંઘમાં

ઉલ્લાસ ઘણો વધતો ચાલ્યો. વ્યાખ્યાન-પૂજા-પ્રતિક્રમણ વગેરેમાં સંખ્યા વધતી ચાલી. સાંકળી અઠ્ઠમ-આયંબિલ તપ, વગેરે તપોની આરાધનામાં સારી સંખ્યા જોડાયેલ. પૂ. તપસ્વીરત્ન જયસોમવિજયજી મ.ની ૯૮મી ઓળીનું પારણું આવતા ૨૬૦૦૦ લગભગ આયંબિલ તપની બોલી થયેલ. સાધ્વીશ્રી કુલરત્નાશ્રીજી મ. ને માસખમણની તપસ્યા તેમજ સંઘમાં ધર્મચક્રતપ ૧, ૩૬ ઉપવાસ, ૧, ૮ માસખમણ, ૧૬ સિદ્ધિતપ વગેરે તપશ્ચર્યા થવા પામી.

• **કોરેગામ :** પૂ. ગણિવર્ય શ્રી જયશેખરવિજયજી મ. તથા મુનિશ્રી ભદ્રેશ્વરવિજયજી મ. ની નિશ્રામાં પર્યુષણપર્વમાં ૪૪ અઠ્ઠાઈ વગેરે તપશ્ચર્યા તેમજ ચોસઠ પહોરીપૌષધ-જીવદયા દેવદ્રવ્યાદિની ઉપજ, ૩ નવકારશી, અઠ્ઠાઈ મહોત્સવ, તપસ્વીઓને ૧૭૫/- રૂપિયાની પ્રભાવના થયેલ. તેમજ પારણાના દિવસે ૧૭ સંઘપૂજન થયેલ.

• **દાવણગીરી :** વિદ્વદ્વર્ય પ.પૂ.મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ.શ્રીની નિશ્રામાં ૩૦/૧, ૧૫/૨, ૧૧/૩, ૯/૫, ૮/૪૮, વગેરે તપશ્ચર્યા થઈ. માસખમણના તપસ્વીનું બહુમાન કરવા ૩૧૦૦, ઉછામણી થઈ. રથયાત્રાનો વરઘોડો ત્રણ બેન્ડ સાથે ભવ્ય નીકળેલ. પર્યુષણ પર્વે પણ સીમંધરસ્વામીના ૧૫૦ અઠ્ઠમ, અરિહંતપદની આરાધના, સામુદાયિક ૧૫ લાખ નવકારમંત્ર વગેરે આરાધનામાં ૨૮૦, પચરંગી તપમાં ૪૯ આરાધકો જોડાયેલ.

• **કલકત્તા :** પ્રખરવક્તા પૂજ્ય મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મ.શ્રીની નિશ્રામાં ૯૮ કેનિંગ સ્ટ્રીટમાં નૂતન જિનમંદિરમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ પ્રભુ તથા આજુબાજુ શ્રી ઋષભદેવ ભગવાન અને શ્રી મુનિસુવ્રત ભગવાન બેસાડવાની ઉછામણી સારી થઈ. તેમજ ઉપાશ્રય અને આયંબિલભુવન માટે તેમજ સાધારણ ખાતે ખર્ચ અંગે ટીપ સારી થઈ.

• **જલગામ :** પ.પૂ.મુનિશ્રી નંદીઘોષવિજયજી મ. તથા પૂ.મુનિશ્રી શીલરત્ન વિજયજી મ. ની નિશ્રામાં સાંકળીબદ્ધ અઠ્ઠમ, એકાસણા, સમૂહ આયંબિલ અરિહંત જાપ, વગેરે સુંદર થયું. પર્યુષણપર્વ સારી રીતે ઉજવાયા. ૯ વર્ષની કુ.સોનીબેન તરુણભાઈએ અઠ્ઠાઈ કરેલ. યુવાનોમાં સુંદર ધર્મરંગ પ્રગટ્યો છે.





## સુસંસ્કારનિધિ યોજના

• પૂ.પં.શ્રી રાજેન્દ્રવિજયજી મ. ના ઉપદેશથી બાળકોમાં જૈનત્વના અને આચારધર્મના સુસંસ્કાર પડે તે માટે છેલ્લા ૬ વર્ષથી ઉપરોક્ત યોજના શરૂ થયેલ છે. તે યોજનાને અનુસારે આજ સુધી ૪૦૦ બાળકો પાક્ષિક અતિચાર બોલનાર તૈયાર થયા છે. ૭ વાર 'આહારશુદ્ધિ' ગ્રંથની પરીક્ષા લેવાઈ. જેમાં બાળકોએ જીવનભર કંદમૂળ-આમલેટ, બ્રેડ-માખણનો ત્યાગ કર્યો. ઘણા બાળકોએ રાત્રિભોજન બંધ કર્યા. નવતત્ત્વની પરીક્ષા વગેરે આપી. સેંકડોની સંખ્યામાં ફટાકડા ન ફોડવાનો ત્યાગ કર્યો તે બાળકોને ૧૭ હજાર રૂપિયાના ઈનામો, ઉપકરણો અપાયા. ૧૨ રેક્ઝીન પટો તત્ત્વજ્ઞાન વિષયના, સચિત્ર મહાવીર પ્રભુના ૨૭ ભવનું ચરિત્ર, ૨૨ અભક્ષ્ય કેલેન્ડર, 'મારે નરકે નથી જવું.' સ્ટીકર વગેરે સંસ્કાર-રક્ષકપોષક સહિત્યનું કામ ચાલે છે. લાભ લેવા અંગે **મુંબઈ** સોહનલાલ મલુકચંદ, ૧૩૮-બી, ચંદાવાડી, ૨જા માળે, રૂમ. ન. ૧૧ સીપીટેંક, તથા **અમદાવાદ.** ભરતકુમાર ચતુરદાસ, ૮૬૮ કાળુશીની પોળે સંપર્ક સાંધવો.

• **અમદાવાદ-શાંતિનગર :** પ.પૂ.આ.શ્રી ગુણાનંદસૂરીશ્વરજી મ. તથા પ.પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ. આદિની નિશ્રામાં સમસ્ત અમદાવાદના ૪૭ માસખમણના તપસ્વીઓનું તેમજ ૧૦૮ ઉપવાસવાળા ૧ બહેન તેમજ ૬૪ ઉપવાસવાળા અભયકુમારભાઈનું 'શ્રી શાંતિનગર સંઘ તરફથી દરેકને ૨૫૬ રૂપિયા રોકડા, ૧ શાલ, સ્ટીલનું ભાણું, ચરવળો-કટાસણ, પ્રતિક્રમણનું પુસ્તક આપી બહુમાન કરેલ. આ પ્રસંગે પં.શ્રી રાજેન્દ્રવિજયજી ગણિવર આદિ પધારેલ. પ્રસંગ સારો ઉજવાયો.'

• **સાણંદ :** પૂ.પં.શ્રી યશોભદ્રવિજયજી મ. શ્રીની નિશ્રામાં તપસ્વી પૂ.મુનિશ્રી કનકસુંદરવિજયજી મ.ના અથાગ પ્રયત્નથી વિદ્યાર્થીઓમાં ધર્મરસ સારો ઊભો થયો છે. બે મહિનાની લગાટ શિબિરમાં ૧૨૫ વિદ્યાર્થીઓએ ૧૦૦૦૦ સામાયિક, ૮૦૦૦ બાંધી નવકારવાળી, ૩૦૦૦ ગાથાઓ તેમજ ૬ બાળકોએ અઠ્ઠાઈ ૩૫ બાળકોએ વિશેષ તપ કરેલ. સૂત્રો શુદ્ધ કરાવવાની વિશિષ્ટ હરિફાઈ યોજેલ. પર્યુષણ પર્વમાં સૂત્રો બોલવાનો ઉલ્લાસ તરી આવતો. દરરોજ જિનપૂજા-૧ સામાયિક, માતાપિતાને પગે લાગવાનો વગેરે ૧ વર્ષની પ્રતિજ્ઞા કરેલ. સંઘ તરફથી રવિવારે બાળકોની ભક્તિ થતી હતી. પૂ. તપસ્વી મુનિશ્રી કનકસુંદરવિજયજી મ. ની ૭૬મી ઓળીના પારણા પ્રસંગે સંઘ તરફથી ભવ્ય પૂજા આંગીનો કાર્યક્રમ થયેલ.

શિબિરની પૂર્ણાહૂતિ પ્રસંગે પરીક્ષા, ૬૪ ઈન્દ્રાદિયુક્ત સ્નાત્ર મહોત્સવ, બાળકોને શ્રી કલિકુંડતીર્થે લઈ ગયેલ. હવે દિવાળી વેકેશન પ્રસંગે વિશિષ્ટ સૂત્રો અર્થ સહિત કરાવવાનું વિચારાઈ રહેલ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૩,અંક-૭,તા.૨૦-૧૦-૧૯૮૪

● **પુના :** અત્રે પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.શ્રીની નિશ્રામાં પર્યુષણપર્વની આરાધના તથા નવપદજીની ઓળીની આરાધનાની અનુમોદનાર્થે શ્રી અષ્ટાહ્નિકા જિનેન્દ્રભક્તિ મહોત્સવ સારો ઉજવાયો. રોજ પૂજા-ભવ્ય અંગરચના ભાવના વગેરે થયેલ. **પૂ. મુનિશ્રી પદ્મસેનવિજયજી મ.ના સંસારી ભાઈ સેવંતીલાલ ચંપાલાલ** તથા બેન અ.સૌ. વિમળાબેન બાબુલાલ ભીખાભાઈ પરિવાર તરફથી આ.સુદ-૧૫ના સિદ્ધચક્રપૂજન શ્રાદ્ધવર્ય શ્રી હિંમતમલજી રૂગનાથજી બેડાવાળાએ ભણાવેલ. પૂજ્યશ્રીએ સિદ્ધપદની આરાધના પ્રસંગે સિદ્ધપદની મહત્તા બતાવતા ઘણા ભાઈબહેનોએ રોજની ૧૦ નવકારવાળી ગણવાની પ્રતિજ્ઞા લીધેલી. સાધ્વીશ્રી ચરણયશાશ્રીજીના ૫૦૦ આયંબિલની પૂર્ણાહૂતિ પ્રસંગે આ. વદ-૧ના તેમના સંસારી કુટુંબીઓ તરફથી વીસસ્થાનક પૂજન ખંભાતવાળા સુરેશચંદ્ર ચીમનલાલે ભણાવેલ. સવારે પૂ. સાધ્વીશ્રીના સંસારી બેનના ત્યાં પૂજ્યશ્રીને પધરાવી વ્યાખ્યાન સંઘપૂજનાદિ કરેલ.

● **અહમદનગર :** તપસ્વી પૂ. વિમલસેનવિજયજી મ. તથા પૂ. મુનિશ્રી નંદીભૂષણ વિ. આદિ ઠાણા ૪ની નિશ્રામાં પર્યુષણા પર્વ આરાધના સુંદર થયેલ. તેની અનુમોદનાર્થે અને પૂ. વિમલસેનવિજયજી મ.ની વર્ધમાન તપની ૯૯મી ઓળીની નિર્વિઘ્ન પૂર્ણાહૂતિ પ્રસંગે શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ સુંદર ઉજવાયો. શ્રી વાસુપૂજ્ય જૈન મંડળે (અમલનેર) ભક્તિની રમઝટ મચાવેલ.

● **છાણી :** પૂ.પં.શ્રી નિત્યાનંદ વિજયજી મ. આદિની નિશ્રામાં પર્યુષણા પર્વમાં શ્રેણીતપ-માસખમણાદિ તપો સારી સંખ્યામાં થયેલ. તેની અનુમોદનાર્થે શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ સાધર્મિકવાત્સલ્યો દબદબાભર્યો વરઘોડો વગેરે પ્રભાવક થયા.

● **અમદાવાદ :** અત્રે પગથીયાના ઉપાશ્રયે ૯૭ વર્ષની વયે સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામેલ પૂ. મતિધન વિજયજી મ. ના ૪૦ વર્ષના દીર્ઘતપ-સંયમની અનુમોદનાર્થે પૂ. ગણિવર્યશ્રી જગતચંદ્રવિજયજી મ. તથા પૂ. મુનિશ્રી બોધિરત્નવિજયજી મ. આદિની નિશ્રામાં અઠ્ઠાઈ મહોત્સવ થયેલ. વ્યાખ્યાન હોલને સમવસરણના ત્રણ ગઢ, ધજાપતાકાથી, પાંચ છોડના ઉજમણાથી શણગારાયેલ. પૂ.



ગુરુભગવંતોના વિવિધ વિષયો ઉપર પ્રવચનો થતા. ત્રણ ભવ્ય રંગોળીનું આલેખન રમણભાઈ ડભોઈવાળાએ કરેલ. (૧) ધન સાર્થવાહનું મુનિને દાન (૨) શ્રી અવંતી પાર્શ્વનાથ પ્રગટ થવું. (૩) સિદ્ધાંત મહોદધિ આચાર્ય ભગવંત પ્રેમસૂરીશ્વરજી મ. ની પૂ. મતિધન વિજયજી મહારાજ ઉપર કૃપા વૃષ્ટિ. રોજ પૂજામાં ભાવનામાં ભક્તિમંડળો, ૭ માટલા સાથેનું ભવ્ય નૃત્ય થયેલ. રથયાત્રાનો શાનદાર વરઘોડો નીકળ્યો. જેમાં ૫૬ દિક્કુમારીકાઓ, પાઠશાળાના ૩૦૦ બાળકો, અનુકંપાદાનની ગાડી, અનેક ઉપાશ્રયોથી પૂ. ગુરુભગવંતો, વિશાળ સાજન-મહાજન હતું. પર્યુષણ કરતાં પણ ઉછામણીઓ સારી થઈ. ડૉ. રાજેન્દ્રભાઈ વગેરેએ સારો લાભ લીધો. એમને સ્વ. મુનિના ગુણ પ્રભાવે જીવન પરિવર્તન કર્યું.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૩,અંક-૧૦,તા.૧૭-૧૧-૧૯૮૪

● **પુના :** જ્યાં રહેલા પશુઓને પાણી પણ ગળેલું પીવડાવવામાં આવે છે તે ગઢડા પાંજળાપોળના સક્રિય કાર્યકરો શ્રીયુત રાયચંદભાઈ તથા શ્રીયુત જયંતિભાઈ અત્રે પૂ.આ.શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ પાસે અબોલ જીવોને કસાઈખાને જતા અટકાવવા અને બચાવેલા જીવોને જીંદગીભર સારી રીતે નભાવવા આર્થિક સહકાર મેળવવા માટે આવેલા. પૂજ્યશ્રીએ એ અંગે વ્યાખ્યાનમાં પ્રેરણા કરતા ખૂબ જ સારી એવી ટીપ થઈ ગઈ. ત્યારબાદ કાર્યકરો સંઘમંદિર-ટીંબરમાર્કેટ-ખડકી દેહુરોડ-કેમ્પ વગેરેના ઉપાશ્રયે પણ ગયા હતા. ત્યાં સહુ મહાત્માઓએ જીવદયા અંગેનો મહિમા સમજાવતા સારી એવી રકમ એકઠી થઈ ગઈ. તેમાંય પૂ. સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજી મહારાજની પ્રેરણાથી તો માત્ર બહેનોમાંથી જ રૂા. ૩૦૦૦૦ જેવી માતબર રકમ મળી.

આમ બધી જગ્યાએથી મળીને લગભગ એક લાખ રૂા. જેવી રકમ આ પાંજરાપોળ માટે થતા પાંજરાપોળના કાર્યકરોનો ઉત્સાહ ખૂબ વધી ગયો. અને અત્યંત રાજી થઈને અત્રેથી ગયા. ગઢડા પાંજરાપોળ અંગે આર્થિક સહકાર આપવાની કોઈની પણ ભાવના હોય તો તેઓએ નીચેના સરનામે સંપર્ક સાધવો.

૧. રાયચંદ નાનચંદ દોશી.
૯૮, નેપીયન્સી રોડ, 'નવ-શાંતિનગર' B-બ્લોક નં. ૪૭, વાલકેશ્વર. **મુંબઈ.**

૨. જયંતિલાલ નાનચંદ ડેલીવાળા.
૮૦, A. B., ઝવેરી બજાર, પટવા ચાલ, **મુંબઈ.**

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૩,અંક-૧૨,તા.૧-૧૨-૧૯૮૪

• **પુના :** પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. શ્રીની નિશ્રામાં ફૂરસંગી મુકામે થતા નૂતન જિનમંદિરના શિલારોપણ તથા મૂળનાયક શ્રી શિતલનાથ ભગવાન આદિ પ્રતિમાના નગરપ્રવેશ અંગે ઉછામણી સારી થયેલ. આ.વ.૫ના દિવસે પૂજ્યશ્રી ની નિશ્રામાં પ્રભુજીનો નગરપ્રવેશ ખૂબ ભવ્ય રીતે થયેલ. ગામના જૈનેતર ભાઈબહેનો પણ ઠેર ઠેર પ્રભુજીની પુષ્પ-અક્ષત વગેરેથી વધાવી આરતી ઉતારતા. પ્રભુજીના પ્રવેશબાદ ચૈત્યવંદનની ક્રિયા થતા પૂજ્ય આચાર્યદેવશ્રીના શ્રીમુખે સ્તવન સાંભળતા સંઘ પ્રભુભક્તિમાં તલ્લીન બનેલ. પૂના-મંચર વગેરે આજુબાજુથી સારી સંખ્યામાં ભાવુકો પધારેલ, સંઘ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયેલ. પ્રવચનબાદ શ્રી લક્ષ્મીકાંત-ભાઈ તરફથી સંઘપૂજનાદિ થયેલ. શ્રી મહાવીર પ્રભુના નિર્વાણકલ્યાણકની આરાધના પ્રવચનો થયેલ. કારતક સુદ-૧ના માંગલિક તથા શ્રી પંચદસા ઓસવાલ સંઘ તરફથી રૂ.૨/થી સંઘપૂજન થયેલ. **પૂ. મુનિશ્રી પદ્મસેનવિજયજી મ. ના સંસારી ભાઈશ્રી સેવંતીલાલ તથા સંસારી બેન અ.સૌ. વિમળાબેન બાબુલાલ ભીખાભાઈ પરિવાર તરફથી ચાતુર્માસ પરિવર્તનની વિનંતીનો પૂજ્યશ્રીએ સ્વીકાર કરેલ.** કારતક સુદ-૧૫ની આરાધના તેમજ ચાતુર્માસ પરિવર્તન પ્રસંગ સારી રીતે ઉજવાયો. કારતક વદ-૧ના પૂજ્યશ્રીનો અહમદનગર તરફ વિહાર થતા યરવડા થઈ તળેગામ પધારેલ. પૂના સંઘમંદિરના ટ્રસ્ટીશ્રી રાયકુમારભાઈ વગેરે પુનાથી ખાસ પધારેલ. બે બેન્ડસહિત ભવ્ય સ્વાગત-વ્યાખ્યાન સંઘપૂજનાદિ તથા ઉપકરણો વહોરાવેલ. નગરપ્રવેશ કારતક વદ-૧૦ના થવા સંભવ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૩,અંક-૧૪,તા.૧૫-૧૨-૧૯૮૪

• **વણી :** પૂ. તપસ્વીરત્ન મુનિશ્રી જયસોમવિજયજી મ. તથા પૂ. મુનિશ્રી કલ્પરત્નવિજયજી મ. ની નિશ્રામાં સાધ્વીશ્રી કુલરત્નશ્રીજી મ. ના તથા સંઘમાં થયેલ માસખમણાદિ તપશ્ચર્યાની અનુમોદના નિમિત્તે ભક્તામરપૂજનાદિ સહિત અઠ્ઠાઈ મહોત્સવ ખૂબ ઠાઠથી ઉજવાયેલ.

• **અમદાવાદ :** પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ના પટ્ટધર પૂ.આ.શ્રી ગુણાનંદસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પૂ.મુનિશ્રી ગુણરત્નવિજયજી મ. ની ગણિપદવી મહોત્સવ સુંદર ઉજવાયો. શાંતિનાથની પોળના ચોગાનમાં ભવ્ય મંડપમાં રોજ વ્યાખ્યાન-પૂજા-ભાવના થતાં. પગથીયાના ઉપાશ્રયે ૩૧ છોડનું ઉજમણું તથા ૩ રંગોળી આલેખવામાં આવેલ. તેમજ આધ્યાત્મિક જ્ઞાન શિક્ષણ કેન્દ્ર દ્વારા રંગબેરંગી ચાર્ટના પ્રદર્શનનું ઉદ્ઘાટન કુમાર એજન્સી-મુંબઈવાળા શ્રી જિનદાસભાઈએ કરેલ તેમજ અતિથિવિશેષ તરીકે શ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા પધારેલ. તા. ૧ના અમદાવાદમાં પૂ. સાધુ-સાધ્વીજી મ. ને અભ્યાસ કરાવનાર પંડિતો તથા પાઠશાળાના શિક્ષક ભાઈ-બહેનોનું બહુમાન ચુનીલાલ અચલદાસ કાલિન્દ્રીવાળા તરફથી કરવામાં આવ્યું. તા. ૩ના ગણિપદવી નિમિત્તે ભવ્ય વરઘોડો નીકળેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૩,અંક-૧૭,તા.૫-૧-૧૯૮૫

## પુનામાં ઉપધાનતપની શરૂઆત

• **પુના :** પ.પૂ.આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. શ્રીની નિશ્રામાં અહમદનગર અંજનશલાકા મહોત્સવ ભવ્ય ઉજવાયા બાદ પૂજ્યશ્રી વિહાર કરીને તળેગામ ઢમઢેરા પધારતાં ૩ દિવસના મહોત્સવમાં પર્યષણા જેવું વાતાવરણ જામ્યું. તેમજ મુનિશ્રી નંદીશ્વરવિજયજી મ. ની વર્ધમાનતપ ૬૩ ઓળીની પૂર્ણાહૂતિ પ્રસંગે ખુશાલીમાં ૮ ભાઈઓએ રૂ. ૫૦૦-૫૦૦ આંબેલ ખાતે નોંધાવ્યા, તે કચ્છ-રાપર-આદીસર આંબેલ ખાતા માટે. માગશર સુદ-૧૫ પૂજ્યશ્રી ભવ્ય સ્વાગત સાથે પુના ભવાનીપેઠ ન્યુ ટીંબર માર્કેટના ઉપધાનનગરમાં પધાર્યા. ઉપધાનતપમાં ૫૨૫ ઉપરાંત આરાધકો જોડાયા છે. તા. ૧૬ના શિબિર પ્રસંગે સુરતથી નીકેશ સંઘવીની આગેવાની નીચે સવારે ૮ થી ૧૦॥ ભવ્ય સ્નાત્ર, ૧૦॥ થી ૧૧॥ પૂજ્યપાદ આચાર્યદેવશ્રીનું પ્રવચન થયું. એમાં ભવિતવ્યતાના પરિપાક માટેના ૩ સાધન, અરિહંતાદિનું શરણ તેમજ દુષ્કૃતગર્હા અને સુકૃત અનુમોદના એ વિષય પરની પ્રેરણા પામી સેંકડો ભાઈ-બહેનોએ દરરોજ ત્રણવાર યાદ કરવાનો નિયમ લીધો. બાદ મુનિશ્રી રત્નસુંદરવિજયજી લિખીત "ભીનું અંતર ભીના નયન" એ નૂતન પુસ્તકનું પ્રકાશન સંઘવી ચુનીલાલજી હુકમાજીએ જ્ઞાનપૂજન કરી જાહેર કરેલ. બાદ મુનિશ્રીની પ્રભુપ્રત્યે પ્રાર્થના-સંવેદનનું પ્રવચન બાદ શિબિરાર્થીઓ તરફથી પ્રભાવના થયેલ. બપોરે રામાયણ પર જાહેર પ્રવચન થયેલ. પૂજ્યશ્રીનું ઉપધાનમાળ મહા સુદ-૧૦ સુધી અત્રે રોકાણ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૩,અંક-૧૮,તા.૧૨-૧-૧૯૮૫

• **પુના :** અત્રે પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.શ્રીની

નિશ્રામાં લગભગ ૫૨૫ આરાધકોના ઉપધાન અદ્ભુત ચાલી રહ્યા છે. રોજ ૧૦૦ ખમાસમણામાં ૨૫-૨૫ ખમાસમણાના આંતરામાં જીવનોપયોગી વિવિધ આરાધના-ઓના ટૂંકા ટૂંકા પ્રવચનો અપાય છે. તેમજ સામાયિક-પૌષધ-વિરતિમાર્ગ અરિહંત-ભક્તિ અને સમ્યગ્દર્શન વગેરે ૫૨ પ્રવચનો ચાલે છે. જેના પ્રત્યક્ષ ફળમાં જીવન માટેના સુંદર નિયમો લેવાય છે. દા.ત. રોજ ૦। કલાક સૂત્ર-સ્તવન સજ્ઝાય વગેરે ગોખવું. રોજ ૧ સામાયિક, મહિને ૧ કે ૨ ઉપવાસ, રોજના ખાવાના ટંક, વાસી દ્વિદલ, બોળો અને અભક્ષ્ય દહીંનો ત્યાગ, પ્રાણિજન્ય દવાઓનો ત્યાગ, પરિગ્રહ પરિમાણ, રાત્રિભોજન ત્યાગ વગેરે વગેરેના નિયમો. ભાઈઓના પ્રતિક્રમણમાં સૂત્રોની બોલીમાં નીવીમાં ઓછામાં ઓછા દ્રવ્ય વાપરવાની બોલાય છે. ખમાસમણા લગભગ સમૂહમાં દેવાય છે. નિયમોની પ્રભાવના અને બીજી આરાધનાઓ જોઈ ઉપધાન કરાવનાર ભાગ્યશાળી શ્રી ચુનીલાલ હુકમાજી તથા એમના ભત્રીજા રામલાલજી વીરચંદજી તથા છગનજી વીરચંદજીને હરખનો પાર નથી.

ઉપધાન તપની આરાધનામાં વ્યાખ્યાન અને નીવી માટે વિશાળ શણગારેલો મંડપ ઊભો કરવામાં તેમજ આગળની લાંબી લોબી બે બાજુ ફૂલ કુંડા મૂકી એની આગળ એવો સુંદર પ્રવેશગેટ ઊભો કરવામાં આવ્યો છે કે એનું ઉપધાનનગર નામ સાર્થક થાય.

ઉપધાન આરાધકોને આરાધના માટે સંઘવી ધીરાજી ભૂતાજી તથા સંઘવી મગનલાલ રામાજી, ભીકાજી તથા ગોદાજી કસ્તુરજી અને નાથાજી માલાજી તેમજ હીરાચંદજી પોરવાલ તથા રીખબચંદજી ઓસવાલે પોતાની જગ્યાઓ પ્રેમપૂર્વક આપવા ઉદારતા બતાવી છે.

ઉપધાન આરાધકોના સગા-સ્નેહી બપોરના પુના અને બહારગામથી શાતા પૂછવા આવે છે ત્યારનું દૃશ્ય પણ કોઈ યાત્રાસંઘના મેળા જેવું શોભે છે. બહેનો પૂજ્ય સાધ્વીજી મહારાજો સાધ્વીશ્રી હંસકીર્તિશ્રીજી મ. તથા સાધ્વીશ્રી અનંતકીર્તિશ્રીજી મ. પ્રતિક્રમણાદિ ક્રિયાઓ બહુ ઉલ્લાસથી કરાવે છે. એમાં શ્રી હંસકીર્તિશ્રીજી મ. ના સ્તવન-સજ્ઝાયો બોલવા ૫૨ બહેનો સંવેગ વૈરાગ્યમાં ઝીલે છે. મુનિશ્રી રત્નસુંદરવિજયજીના જોશીલા પ્રવચનો યુવાનવર્ગને ડોલાવી રહ્યા છે. ઉપધાન કરાવનારની બહુ ઉદારભાવના છતાં શહેર વચ્ચેની જગાની પરિમિતતાના હિસાબે કેટલાયને દિલગીરી સાથે ઉપધાનતપ પ્રવેશની મંજૂરી આપી શકાઈ નહિ અને બને તેટલાનો સમાવેશ કરવા જતાં ધારેલી ૪૦૦ સંખ્યા ઉપરાંત ૫૨૫ સુધી સંખ્યામાં આરાધકોને પ્રવેશ અપાયો છે.

ઉપધાન કરાવનાર ભાગ્યશાળી તરફથી જ બધી નીવિઓની ભક્તિ કરવામાં આવે છે. તેમજ પ્રભુજીને ભવ્ય વિવિધ અંગરચનાઓ કરવામાં આવે છે. પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે પ્રતિષ્ઠિત થયેલ શ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવાનના નૂતન વિશાળ અને ભવ્ય જિનમંદિરની પ્રભુજીની અંગરચના વગેરેથી રોનક ઓર વધી ગઈ.

● **નડીયાદથી પાલીતાણા છ'રી' પાલિત સંઘ :** પ.પૂ.તપસ્વી સ્વ. મણિપ્રભ-વિજય મ.ની કૃપાથી નડીયાદ નિવાસી ચંદુલાલ મગનલાલ ગાંધી તથા શીવલાલ ડુંગરશી પરીવાર તરફથી પ.પૂ.મુનિશ્રી જગવલ્લભવિજયજી મ.શ્રીની નિશ્રામાં ૨૨૦ આરાધકો યાત્રાસંઘમાં જોડાયા. સંઘવી ચંદુભાઈના અતિઆગ્રહથી પોતાના સુપુત્ર પૂ. મુનિરાજશ્રી કૈવલ્યબોધિ વિજયજી મ. આદિ પુનાથી ઉગ્ર વિહાર કરી પધારતા ઉલ્લાસમાં ઓર વધારો થયો. સંઘે ગામોગામ પ્રભાવના સારી કરેલ. સંઘમાં લગભગ ૫૧ સંઘપૂજન થયેલ. પાલીતાણા સંઘમાળા વ્યા.વા.પૂ. શાસન-પ્રભાવક પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.શ્રીની નિશ્રામાં ઘણા ઉલ્લાસથી ઉજવાયેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૩૩,અંક-૨૨,તા.૯-૨-૧૯૮૫**

## કલકત્તા મહાનગરે પૂર્વ ભારતીય આગેવાનોનું સંમેલન

પૂજ્ય મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજની પાવન નિશ્રામાં પૂર્વભારતના વિવિધ સંઘોના આગેવાનો, ટ્રસ્ટીઓ, કમિટી મેમ્બરોનું એક સંમેલન તા. ૨૩/૨૪/૨૫ ડીસેમ્બરના રાખવામાં આવેલ. આ સંમેલનમાં પૂર્વ ભારતના લગભગ ૨૦ જેટલા સંઘોને શ્રી ભવાનીપુર શ્વે.મૂ.પૂ. જૈન સંઘ તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

ત્રણેય દિવસ પૂજ્યશ્રીના પ્રેરક પ્રવચનો તથા વાચના શ્રેણીના કાર્યક્રમો રસપ્રદ રહ્યા. આગેવાનો માટેની કુલ ૬ વાચનાઓમાં પૂજ્યશ્રીએ (૧) દ્રવ્ય સપ્તતિકા ગ્રંથના આધારે, સાતક્ષેત્રનો વહિવટ કેવી રીતે કરવો ? (૨) સરકારી તકલીફો સામે શું પગલા લેવા ? (૩) ધર્મસ્થાનના ટ્રસ્ટીનું જીવન કેવું હોવું જોઈએ ? (૪) આગેવાનોની શું ફરજ છે ? (૫) દેવ દ્રવ્યાદિનું ભંડોળ બેંકોમાં જમા ન રાખતાં જીર્ણોદ્ધાર આદિ કાર્યોમાં સદુપયોગ કરી લેવો. (૬) બિહારમાં આવેલ કલ્યાણક ભૂમિઓના તીર્થની સુરક્ષા માટે સવેળાસર પગલાં લેવા. (૭) પૂર્વભારતમાં કયા સ્થળોએ જિનાલય તથા ઉપાશ્રયોની જરૂર છે ? ઈત્યાદિ અનેક વિષયોની રસપ્રદ છણાવટ કરી હતી. વાચના દરમ્યાન ઉપસ્થિત આગેવાન વર્ગ એક વિદ્યાર્થીની અદાથી નોટપેન લઈને પૂજ્યશ્રીની સમક્ષમાં સમયસર ગોઠવાઈ જતો હતો. બ્લેક

બોર્ડ દ્વારા સમજાવતા સાત ક્ષેત્રના વહિવટની વાતોના પોઈન્ટ સહુ કોઈ નોટ ડાઉન કરતા હતા.

સંમેલનની કુલ છ એ છ વાચનામાં બાબુ શ્રીમાન શેઠશ્રી હરખચંદજી કાંકરીયા ઉપસ્થિત રહ્યા અને પોતાના સલાહસૂચનો રજૂ કર્યા હતા.

ભવાનીપુર શ્રી સંઘના તમામ આગેવાનો ટ્રસ્ટીગણ તથા કમિટિગણ આદિએ પધારેલા મહેમાનોની સાધર્મિક ભક્તિ કરવાનો તેમજ સંમેલનનું સફળ સંચાલન કરવાનો યશ સંપ્રાપ્ત કર્યો હતો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૩,અંક-૨૩,તા.૨-૩-૧૯૮૫

● **અમદાવાદ :** પાલડી-આશાકુંજ સોસાયટીમાં આદીશ્વરજી જૈન દેરાસરજીની પ્રતિષ્ઠા વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે થયેલ. તેને દશ વર્ષ પૂર્ણ થતાં દશાબ્દિ મહોત્સવ ભાઈશ્રી નેમચંદભાઈ ડોસાભાઈ આદિ સંઘ તરફથી પ.પૂ.આચાર્ય શ્રીમદ્ વિજય ગુણાનંદસૂરિવર તથા મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી ગણિવરની તારક નિશ્રામાં સંઘના અનેરા ઉત્સાહથી ઉજવાયો. સાધર્મિક વાત્સલ્ય પ્રસંગે શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ પધારેલા અને પ્રસંગ, ઉજવણીથી ખૂબ જ આનંદિત થયેલા. વરઘોડો, વ્યાખ્યાન, રાત્રિભાવના વગેરેમાં સંઘના ભાઈ-બહેનોએ સુંદર લાભ લીધો.

● **ઓડ** (નડીયાદ) : અત્રે મહા સુદ-૧૦ના નૂતન ઉપાશ્રયનું ઉદ્ઘાટન પૂ.પં.શ્રી રાજેન્દ્રવિજયજી મ. ની નિશ્રામાં નડીયાદવાળા હસમુખલાલ બાપુલાલ વાસણવાળાએ કરેલ. તેમજ પૂ.પંન્યાસજી મ.ના ઉપદેશથી નૂતન પાઠશાળા શરૂ થઈ. મહા સુદ-૧૧ના નાણસમક્ષ ભાઈ-બહેનોએ વ્રત અંગીકાર કર્યા. શ્રી શાંતિસ્નાત્ર ભણાવાયું.

● **અમદાવાદ :** સુસંસ્કારનિધિ ટ્રસ્ટ તરફથી પૂ.પં. રાજેન્દ્ર વિ.મ. સંપાદિત "આહાર શુદ્ધિ પ્રકાશ" ગ્રંથની પરીક્ષામાં ૨૧૮ વિદ્યાર્થીઓએ લાભ લીધો. આ પુસ્તકના વાંચનથી અભક્ષ્ય-અખાદ્ય-અપેય વસ્તુની વિસ્તૃત માહિતિ મળે છે. આ પુસ્તક ગુજરાતી-હિન્દી અને મરાઠી ભાષામાં મેળવવા લખો.



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૩,અંક-૨૫,તા.૧૬-૩-૧૯૮૫

## પુનાથી મુંબઈમાં પધરામણી

પ.પૂ.આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રામાં ટીંબર માર્કેટ-પુના ઉપધાનતપની ભવ્ય આરાધના તથા માળારોપણ મહોત્સવ ખૂબ દબદબાભરી રીતે ઉજવાયા બાદ પૂજ્યશ્રીનો મુંબઈ તરફ વિહાર હોઈ પુના કેમ્પ જૈન સંઘની આગ્રહભરી વિનંતી સ્વીકારી કેમ્પમાં પધાર્યા. પૂ. મુનિરાજશ્રી રત્નસુંદર વિજયજી મ.ના જોશિલા વ્યાખ્યાનોએ યુવાનોને સારા જગાડ્યા. વધુ રોકાવા બહુ આગ્રહ કર્યો. પરંતુ વિહારના ગામોમાં સમય આપવાનો હોવાથી રોકાઈ શકાયું નહિ. અહીં મહા સુદ ૧૪ના દીર્ઘતપસ્વી પ.પૂ.મુનિરાજ શ્રી વિમલસેનવિજયજી મ.ને વર્ધમાનતપની ૧૦૦મી ઓળીનો આજે શુભ પ્રારંભ થવાનો હોઈ પૂ. આચાર્યદેવશ્રી તથા પૂ.તપસ્વી મહારાજના ગુરુપૂજનની ઉછામણી-સંઘપૂજન વગેરે સારું થયું. બપોરના શ્રી વાસુપૂજ્યસ્વામી મંદિરે પૂજા ભણાવાઈ. પ્રભુજીને ભવ્ય અંગરચના થયેલ. ત્યાંથી ખડકી, ચીંચવડ, દેહુરોડ, તળેગામ, કામશેટ, લોનાવલા વગેરે સ્થાને જોરદાર વ્યાખ્યાનો થતાં યુવાનોમાં ધર્મજાગૃતિ સારી આવી. ત્યાંથી પૂજ્યશ્રી કર્જતથી વિહાર કરી બદલાપુર-કલ્યાણ-ભીવંડીમાં સંઘે પ્રવચનોનો સુંદર લાભ લીધો, ઉપરાંત સાધારણ ખાતે રૂા. ૧૮૦૦/ દર વર્ષે આપવા અંગેના નિયમો સારી સંખ્યામાં લીધા. હાલારી ઓસવાલ જૈન સંઘની આગ્રહભરી વિનંતીથી નૂતન બંધાઈ રહેલ ઉપાશ્રયમાં પૂજ્યશ્રીનું માંગલિક પ્રવચન થતાં "અરિહંત" પદની રટણા લાગે તે અંગે રોજ ૫ માળા ગણવાના નિયમો લેવાયા.

પૂ.આચાર્યદેવશ્રી પુનાથી વિહાર કરતા થાણા પ્રવેશ વખતે સ્વાગત સમારોહ કરવા માટે પૂ.પં.શ્રી વિચક્ષણવિજયજી મ.ની નિશ્રામાં પૂ.પં.શ્રી હેમચંદ્રવિજયજી મ.ની પ્રેરણાથી વર્ધમાન સેવા મંડળ આયોજીત છ'રી પાળતો સંઘ મોતિશા લાલબાગ જૈન દેરાસરથી થાણા સુધીનો નીકળેલો. જેમાં પ્રભુજીનો ભવ્ય દેરાસરના રથનું અનેરું આકર્ષણ હતું. ૨૫૦ યાત્રિકો સંઘમાં જોડાયેલ. થાણામાં મુંબઈ તથા પરાઓમાંથી ઘણું માણસ આવેલ. કેસર મિલથી સ્વાગત શરૂ થતાં ગજરાજ ઉપર બેસી વર્ષીદાનની છોળો ઉછળવા લાગી. ત્રણ બેંડ તથા વિશાળ સાજન સહિત સામૈયું મુખ્ય માર્ગે થઈ ઉપાશ્રયે આવ્યું. પ્રવચન સ્કૂલના વિશાળ હોલમાં રાખેલ. પૂજ્યશ્રીના મંગળાચરણ બાદ શેઠશ્રી મંગળદાસ માનચંદે પોતાને વર્ષીતપ ચાલુ હોઈ તેનું પારણું બૃહદ્ મુંબઈના વર્ષીતપના તપસ્વીઓના સમૂહ સાથે પૂજ્યશ્રીની નિશ્રામાં કરવા-કરાવવા અંગે વિનંતી કરતા વૈશાખ સુદ ૩ના પારણા પ્રસંગે જિનેન્દ્ર

ભક્તિ મહોત્સવ નિમિત્તે ચંદનબાળા-વાલકેશ્વર પધારવાનું નક્કી થયું. શ્રી મલાડ (ઈસ્ટ)હીરસૂરીશ્વરજી તપાગચ્છ ઉપાશ્રય સંઘની આગ્રહભરી વિનંતીથી શ્રી નવપદજી ઓળીની આરાધના મલાડ થવાનું નક્કી થયું. શ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાળાને ૨૫ વર્ષથી સળંગ એકાસણા ચાલુ હોઈ તેની ખુશાલીમાં લાલબાગમાં પોતાના તરફથી શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ પ્રસંગે પધારવાની વિનંતી માન્ય કરાઈ. જે મહોત્સવ પાછળથી ફાગણ વદ ૭થી ૧૧ સુધીમાં ઉજવવાનું નક્કી થયું. અહીં પૂ.પં.સ્થૂલભદ્ર વિ.મ., પૂ.પં.વિચક્ષણવિજયજી મ., પૂ.પં.ધર્મજિતવિજયજી મ., પૂ.પં.પુંડરીકવિજયજી મ., પૂ.પં.શ્રી હેમચંદ્રવિજયજી મ. વગેરે ૮૦ મુનિરાજો એકત્રિત થયેલ. થાણાથી બીજે દિવસે વિહાર કરી બાળમુનિશ્રી હંસરત્નવિજયજી મ. ના સંસારીપણે માતુશ્રી તથા ભાઈ જયંતિલાલના આગ્રહથી સંઘ સાથે એમના ઘરે પધાર્યા સંઘપૂજનાદિ થયું. પછી મુલુંડ પધાર્યા. મુલુંડમાં સોમથી રવિવાર ૭ દિવસ આપેલા હોવાથી સંઘમાં પર્યુષણ જેવો ઠાઠ આવ્યો. ધ્વજારોપણની ભવ્ય ઉજવણી, રોજ સવારે ૬॥ વાગે પૂ.શ્રી યશોવિજયજી ચોવિશી-સ્તવન પર વાચના, ૯ વાગે પૂ. રત્નસુંદરવિજયજી મ.નું વ્યાખ્યાન, રાતના પ્રશ્નોત્તરી વગેરે ચાલતું. રવિવારે શિબિરમાં યુવાનોએ સારો લાભ લીધો. બપોરે જાહેર પ્રવચન થયું. મુલુંડથી વિક્રોલી ઈષ્ટ અને વેસ્ટમાં ૧-૧ દિવસ પ્રવચન-સંઘપૂજનાદિ થયું. ત્યાંથી સંઘાણી સ્ટેટ ઘાટકોપરમાં ત્રણ દિવસની સ્થિરતામાં સંઘે પ્રવચનનો સારો લાભ લીધો. પછી નવરોજગલી ઉપાશ્રયમાં પૂજ્યશ્રીની વાચના-પ્રવચન વગેરે સુંદર થયા. રવિવારે શિબિરમાં યુવાનો સારી સંખ્યામાં જોડાયા. બપોરે જાહેર પ્રવચન થયું. ઘાટકોપર ઈસ્ટમાં શ્રી કચ્છી વી.ઓ.સંઘની આગ્રહભરી વિનંતીથી પૂજ્યશ્રી પધારતા વિશાળ સંખ્યામાં સંઘે પ્રવચનનો લાભ લીધો. અત્રેથી પૂજ્યશ્રી લાલબાગ ઉત્સવ પર પધારી નવપદજી ઓળી પ્રસંગે મલાડ ઈસ્ટમાં પધારશે.

• **ગિરનારજી તીર્થ આણંદજી કલ્યાણજી :-** પેઢી (અમદાવાદ) તરફથી જણાવાય છે કે ગિરનારજી ઉપર મૂળનાયક શ્રી નેમનાથ ભગવાનને લેપ કામ ચાલુ કરેલ છે. જે લગભગ ૪ માસ ચાલશે, તે દરમ્યાન ઉપરના અન્ય દેરાસરમાં શ્રી નેમનાથ ભગવાનની સેવા-પૂજા થઈ શકશે. લેપના કામ દરમ્યાન મુખ્ય દેરાસરના મૂળનાયકની સેવા-પૂજા કરવાનું યાત્રીકો માટે બંધ રહેશે.



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૩,અંક-૨૭,તા.૩૦-૩-૧૯૮૫

## જૈન જ્ઞાનભંડારના સંચાલકો જોગ

જે જે ગામમાં જ્ઞાનભંડાર સુવ્યવસ્થિત હોય, પુસ્તકપ્રતો પઠન-પાઠનાર્થે આપવાની સારી વ્યવસ્થા હોય તેવા જ્ઞાનભંડારના સંચાલકોને જણાવવાનું કે વિવિધ સંસ્થા તરફથી છપાતાં ધાર્મિક પુસ્તકો સંસ્કૃત-પાકૃત-હિન્દી-ગુજરાતી ભેટ આપવાની યોજના સરલ બને તે માટે વિગતો લખી મોકલશો.

• **શત્રુંજય ગીરનાર યાત્રાસંઘ :** પ.પૂ.મુનિરાજશ્રી જગવલ્લભવિજયજી મ.શ્રીની નિશ્રામાં નાસિકનિવાસી શ્રી માધવજી તારાચંદ પરિવાર તથા શ્રીમતી કાંતાબેન રસીકલાલ પરિવાર તરફથી વલભીપુરથી શત્રુંજય ગીરનારનો છ'રી' પાળતો ૨૨૫ યાત્રિકો સહિત સંઘ નીકળેલ. શ્રી શત્રુંજય તીર્થાધિરાજ પર સંયમતપોનિધિ પરમ પૂજ્ય આચાર્યશ્રી હિમાંશુસૂરીશ્વરજી મ.ના વરદહસ્તે માળારોપણ વિધિ થયેલ.

ફાગણ વદ-૩ના સંઘ જુનાગઢ પહોંચતાં ભવ્ય સ્વાગત યાત્રામાં લીમડીની રાસમંડળીએ અનેરું આકર્ષણ જમાવેલ. સંઘમાં લગભગ ૫૭ સંઘપૂજનો થયેલ. ગીરનારજીનાં માળારોપણની ઉછામણી સારી થઈ. શ્રીમતી કાંતાબેનને માળ પહેરાવવાનો લાભ મુસ્લીમ યાત્રિક શ્રી કાસમભાઈએ ઉછામણી લઈને લીધેલ. કાસમભાઈએ જીવનભર માટે માંસ વગેરેનો ત્યાગ કરેલ. યાત્રા દરમ્યાન યાત્રિકો સારા જોડાયેલ.

## ખંભાત મુકામે જૈન ધાર્મિક શિક્ષણ શિબિર

• **મુંબઈ-મુલુંડના** શ્રી શંખેશ્વર તીર્થ જૈન યાત્રા મંડળ તરફથી ખંભાત મુકામે વૈશાખ વદ-૬ તા. ૧૦/૫/૮૫ થી જેઠ સુદ-૬ તા. ૨૬ મે સુધી જૈન ધાર્મિક તત્ત્વજ્ઞાન શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વાચનાદાતા પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પૂ.પં.શ્રી રાજેન્દ્રવિજયજી મ. વિવિધ વિષયો ઉપર પ્રવચન આપશે. ધોરણ ૭થી કૉલેજ સુધીના વિદ્યાર્થીઓ તથા જૈન ધાર્મિક શિક્ષકો લાભ લઈ શકશે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૩,અંક-૩૧,તા.૪-૫-૧૯૮૫

• **જાલોરમાં શિબિર :** પ.પૂ.મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ.શ્રીની નિશ્રામાં યુવાનોના આધ્યાત્મિક વિકાસ માટે તા. ૧૨-૫-૮૫ થી ૨૩-૫ સુધી શિબિર

યોજવાની છે. હિંદી, અંગ્રેજી અને ગુજરાતી માધ્યમથી શિક્ષણ-સંસ્કરણ થનાર છે. હરકોઈ યુવાનને આમંત્રણ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૩,અંક-૩૨,તા.૧૧-૫-૧૯૮૫

● **કોઈમ્બતુર** : ૫.પૂ.પં. શ્રી ભદ્રગુપ્તવિજયજી ગણિવર આદિની શુભ નિશ્રામાં કોઈમ્બતુર-ઊટી યાત્રા સંઘમાં ૨૦૦ ભાઈ બહેનો જોડાયેલા. પહાડી ઈલાકો છતાં કોઈ તકલીફ પડી નહીં. સંઘપતિ એ સ્થાનકવાસી છતાં અદ્‌ભુત ઉદારતા દાખવી. એમનું કુટુંબ ધર્મમાર્ગમાં સારું જોડાઈ ગયું.

ઊટીમાં પણ પૂજ્યશ્રીના પ્રવચનોમાં સ્થાનકવાસી, સીંધી વગેરે લાભ લે છે. પૂજ્યશ્રી અત્રેથી વિહાર કરી અષાઢ સુદ-૨ બેંગ્લોર ચાતુર્માસ પ્રવેશ કરશે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૩,અંક-૩૬,તા.૮-૬-૧૯૮૫

● **બેંગ્લોર** : પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજય મહારાજની નિશ્રામાં દાવણગિરિના બાળ મુમુક્ષુ (ઉં.વ. ૧૦) મનોજે વર્ધમાન તપ ઓળીનો પાયો પૂર્ણ કરતાં અત્રેના શ્રી સંઘે બાળ તપસ્વીનું ૧૧ ગ્રામની સોનાની ચેઈન, ચાંદીની થાળી, વાટકી, દીવી, પૂજાની પેટી, રોકડ રકમ આદિથી બહુ સુંદર બહુમાન કર્યું. સુંદર વક્તવ્યો થયા. તપસ્યાના દિવસો દરમ્યાન બાળ દીક્ષાર્થીએ લગભગ ૧૫૦ ગાથાઓ ગોખી, દરરોજ ઉભયકાળ ઊભા ઊભા પ્રતિક્રમણ, સામાયિક, જાપ આદિ કર્યા.

● ● ●

પૂ. મુનિરાજશ્રી મતિગુપ્તવિજયજીને વર્ધમાન તપની ૫૪ મી ઓળીની પૂર્ણાહૂતિ, પૂ. મુનિરાજશ્રી આત્મદર્શન વિ. ને ૨૭ મી ઓળી પછી ચાર ઉપવાસ, અને પછીથી નિયમિત એકાસણાં, પૂ. મુનિરાજશ્રી જિનવલ્લભવિજયજીને વૈશાખ સુદ-૩ ના વર્ષીતપના પારણા બાદ વૈશાખ સુદ-૮ થી ૪૫ મી ઓળી વગેરેની તપસ્યા સાથે સંયમ આરાધના, ત્યાગ સ્વાધ્યાય વગેરેની એવી સુવાસ અત્રે ફેલાઈ કે સંઘના આગેવાન લક્ષ્મીચંદભાઈ કહે, 'આવા સંયમ સ્વાધ્યાય તપ ત્યાગ, પહેલીવાર જ જોવા મળ્યા.' બે સુખી સંપન્ન ભાઈઓ દીક્ષાની ભાવનાવાળા બન્યા છે.

આ પૂર્વે ભદ્રાવતીમાં એક શ્રાવક દંપતીએ પોતાનો પાંચ વર્ષનો વિક્રમ નામનો બાળક પૂ. મુનિરાજશ્રીને વહોરાવ્યો. જે સાત આઠ વર્ષનો થતા પૂજ્ય



મુનિરાજશ્રીને સોંપી દેવાશે.

## દરેક ઉપધાનવાહી બાળકને સોનાની ચેઈનની પ્રભાવના

● **મુંબઈ** : (શ્રીપાલ નગર) ૫.પૂ.પં. શ્રી ધર્મજિતવિજયજી મ.સા. તથા ૫.પૂ.પં.શ્રી હેમચંદ્રવિજયજી મ.સા.ના ઉપદેશથી ઉનાળાની સખત ગરમી તથા કેરીની સીઝન હોવા છતાં ૧૦ થી ૧૩ વર્ષના પાંચ તથા બીજા ત્રણ થઈ કુલ ૮ ભાગ્યશાળીઓએ નવકારમંત્રની અનુજ્ઞા પ્રાપ્ત થાય તે માટે ઉપધાન તપના પ્રથમ અઢારિયાની આરાધના કરી. ખૂબ ઉલ્લાસપૂર્વક એકાંતરે ઉપવાસ-નીવિ વગેરે તપસ્યા ચાલી બાળકોની આવી સુંદર આરાધનાથી પ્રેરાઈને શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટના ભાઈઓ તરફથી નીવિમાં સુંદર ભક્તિ થવા માંડી.

પારણા નિમિત્તે પ્રભાવનાનું ફંડ કરી તેમાંથી દરેક આરાધકને સોનાની ચેઈન, ચાંદીના કળશ, ચાંદીની દીવી, ચાંદીની બે વાડકી, ચાંદીની નવકારવાળી, પૂજાની જોડ, કેસર, સુખડ, વરખ, ધૂપ વગેરે સામગ્રીથી ભરેલ પૂજાની બે પેટીઓ, એક કટાસણું, તથા રોકડા રૂા. ૧૫૦/-દરેકને કુલ રૂા. ૧૮૦૦ લગભગની જોરદાર પ્રભાવના થઈ.

● **ઊટી** : પૂજ્ય પં. શ્રી ભદ્રગુપ્તવિજય ગણિવરનો અત્રે ૨૭ દિવસની સ્થિરતા દરમ્યાન મૂર્તિપૂજક સ્થાનકવાસી તેરાપંથી બધા જ લોકોએ સારો લાભ લીધો. જૈન પરિવારમાં ચાર અઠ્ઠાઈ ઉપરાંત વિવિધ વ્રત નિયમો થયા. તદુપરાંત અનેક તામિલિયન અને ઈસાઈ ભાઈ બહેનોએ માંસાહાર અને દારૂનો ત્યાગ કર્યો એ અદ્‌ભુત ધર્મ પ્રભાવના થઈ. એ ત્યાગી ભાઈઓનું ખેસ ઓઢાડીને અને બહેનોનું શાલ ઓઢાડીને શ્રી સંઘે બહુમાન કર્યું.

માંસ-દારૂ ત્યાગ કરનારાઓમાં ફાધર અબ્રાહમ જોસેફ, રેક્સ સ્કૂલ પ્રિન્સીપાલ, તથા લો ગ્રેજ્યુએટો, એમ.બી.બી.એસ., ડૉક્ટરો, પ્રોફેસર, બિલ્ડિંગ કોન્ટ્રાકટર, એલ.આઈ.સી. ડેવલપમેન્ટ ઑફિસર, સેન્ટ્રલ એકસાઈઝ ઑફિસર, ડબલ ગ્રેજ્યુએટ, એલ.આઈ.સી. સિનીયર બ્રાન્ચ મૅનેજર વગેરે વગેરેનો સમાવેશ થાય છે.

અત્રે શિખરબંધી આકર્ષક સુંદર જિનમંદિર બનાવવા માટે એક ભાઈએ ૭૫ x ૪૫ ફૂટનો પ્લોટ સંઘને ભેટ આપ્યો. દેરાસરજી બાંધકામ માટે રૂા. ૪ લાખની ટીપ થઈ. પૂજ્યશ્રીની નિશ્રામાં એક ભાઈ તરફથી ઊટી મૈસુરની સંઘ યાત્રા યોજાઈ. જેમાં ૨૦૦ ભાઈ બહેનો સોલ્લાસ જોડાયા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૩,અંક-૩૮,તા.૨૨-૬-૧૯૮૫

પૂ.આ. શ્રી રવિચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબનો ચોક-પનવેલ વચ્ચે થયેલો દુઃખદ ભયંકર મોટર અકસ્માત અંગે તેમના શિષ્ય પૂ. મુનિશ્રી જયદર્શનવિજયજી જણાવે છે કે પરમકારુણિક પૂજ્યપાદ તપાગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાનુસાર મુરબાડ-પુનામાં અંજન પ્રતિષ્ઠાના ભવ્ય મહોત્સવનો ને નિશ્રા આપી મુંબઈ ચાતુર્માસ પધારી રહેલ, પરમતારક પ્રવચન પ્રભાવક ગુરુદેવ પૂ. આચાર્યદેવશ્રી વિજય રવિચંદ્રસૂરીશ્વરજી મહારાજને **ચોક** અને **પનવેલ**ની વચમાં હાઈવે રોડ ઉપર એમ્બેસેડર કારનો દુઃખદ અકસ્માત નડ્યો છે. તેઓશ્રીને મુંબઈ હરકીશન હૉસ્પિટલમાં દાખલ કર્યા છે. અત્યંત પીડામાં પ્રભુશાસનના પરમ આરાધક-પ્રભાવક અને રક્ષક પૂજ્યશ્રીની સમતા અદ્‌ભુત છે. ડૉ. ભણશાલી અને ડૉ. દામાણીની સલાહ અનુસાર ટ્રીટમેન્ટ શરૂ કરી છે. તેઓના સૂચન અનુસાર જરૂર હશે તે પ્રમાણે ઓપરેશન કરાવવા રહેશે. માઈન્ડ-હાર્ટ અને કીડની ત્રણે સારા હોવાને કારણે પૂજ્યશ્રી જલદી સ્વસ્થતા પ્રાપ્ત કરશે તેવું જણાય છે. સંઘસ્થવિર પૂજ્ય પરમ ગુરુદેવશ્રીના પ્રેરણાપત્રો તેઓશ્રીની સમાધિમાં વૃદ્ધિ કરી રહ્યા છે. પૂ.આ.ભ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજશ્રી પણ સમાધિની સતત જાગૃતિમાં સહાયક બને છે. પૂ. મુનિશ્રી અક્ષયવિજયજી મ.સા. તથા પ.મુ.શ્રી શ્રેયાંસપ્રભવિજયજી મ.સા. તથા ગુરુબંધુઓની સહાય અમને હિમ્મત આપી રહી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૩,અંક-૩૯/૪૦,તા.૬-૭-૧૯૮૫

● **બેંગ્લોર** : પ.પૂ.પં.શ્રી ભદ્રગુપ્તવિજયજી ગણિવરનો અત્રે ચીકપેઠમાં અષાઢ સુદ-૨ના ચાતુર્માસ પ્રવેશ ભવ્ય સ્વાગત સાથે થયો. એમની નિશ્રામાં ઊટીથી મૈસૂરની સંઘયાત્રા ખૂબ આરાધનામય પૂર્ણ થઈ. રસ્તામાં પહાડ ઉતરતાં મુનિશ્રી પદ્મરત્નવિજયજી મ. પડી ગયેલા. સંઘના યુવાનોએ પાંચ દિવસ સુધી ઉપાડીને વિહાર કરેલો. ગાંધીનગર અને જયનગરના જિનાલયો ભવ્ય છે. ખૂબ સારા સ્થળો છે. ગાંધીનગરમાં ૯૯ % ગુજરાતી જૈનો છે. જયનગરમાં બધા જ મારવાડી છે. ચીકપેઠ જૈનોથી ભરેલી છે. બે હજાર ઘર જૈનોના છે.

● **બાબુલનાથ-ચોપાટી** : વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ મુંબઈનગરના ઉપનગરોમાં અનેક સ્થળે અનેક ધાર્મિક પ્રસંગોમાં પુણ્ય નિશ્રા આપી લાલબાગ ભુલેશ્વર ખાતે શ્રીમતી



પ્રભાબેનના ૫૦૦ આયંબિલ પૂર્ણાહૂતિ ઓચ્છવ પ્રસંગે પધારેલ. ત્યાંથી અચાનક પૂ. આચાર્યશ્રી વિજય રવિચંદ્રસૂરિજી મહારાજને થયેલા દુઃખદ ગંભીર મોટર અકસ્માતના કારણે એમને હરકીશન હૉસ્પિટલમાં રખાયેલ ત્યાં જઈ સમાધિ અર્થે અનેક પ્રકારનું નિઝામણાનું સંભળાવતા, ત્યાંથી વિહાર કરી 'ચંદનબાળા' વાલકેશ્વર પધારેલા. ત્યાં સુશ્રાવક લાલચંદજી પિંડવાડાવાળા વગેરેની આગ્રહભરી વિનંતીથી ૨ દિવસ શ્રીપાલનગર પ્રવચનાદિનો લાભ આપી અષાઢ સુદ-૮ બુધવાર તા. ૨૬-૬-૮૫ના રોજ શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ અને શ્રી બાબુલનાથ આરાધક ભાઈઓની વિનંતીથી શ્રેયસ હોલ ખાતે ચાતુર્માસાર્થે પધારેલ છે.

આશ્ચર્યની વાત તો એ છે કે ૨૫-૬-૮૫ના રોજ ૪ કલાકમાં ૧૯ ઈંચ વરસાદ પડેલો છતાં પૂજ્યશ્રીના પ્રવેશના પૂર્વે રાત્રિથી જ વરસાદની શાંતિ થઈ અને પૂજ્યશ્રીનો પ્રવેશ ખૂબ ઠાઠથી થયો. ભવ્ય સામૈયામાં અગ્રણી શેઠિયાઓની પણ સારી હાજરી તથા મુંબઈના પ્રસિદ્ધ જૈન સ્વયંસેવક બેંડની રોનક સુંદર હતી. ભાઈંદર, બોરીવલી મંડપેશ્વર-દોલતનગર-કાર્ટરરોડ-જામલીગલી, કાંદીવલી, મલાડ-દેવકરણ મૂળજી ટ્રસ્ટ, ગોરેગામ વગેરે સ્થળોએ લોકોને વ્યાખ્યાનાદિ સંભળાવી ચકિત કરી દેનારા જોશીલા પ્રવચનકાર પૂ. મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ વગેરે પણ પૂજ્યશ્રી સાથે શ્રેયસ હોલ ખાતે પધારેલ છે.

શ્રેયસ હોલમાં દૈનિક પ્રવચન ૯ થી ૧૦ બંને પૂજ્યોના ચાલે છે. રોજ સવારે ૮॥ થી ૯ યશોવિજયજી સ્તવન ચોવીશી પર વાચના. અષાઢ વદ-૫ને તા. ૭-૭-૮૫ થી ૧૦ રવિવારીય શિબિર નક્કી થયેલ છે. શિબિર પ્રવચન ૧૦ થી ૧ સુધી અને બપોરે ૨॥ થી ૪ જાહેર પ્રવચન જુદા જુદા વિષય ઉપર થશે. નગર અને ઉપનગરના સર્વે આરાધકોને લાભ લેવા વિનંતી.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૩,અંક-૪૧/૪૨,તા.૨૦-૭-૧૯૮૫

● **મુંબઈ-ચોપાટી** : અત્રેના શ્રી ચોપાટી જૈન સંઘની આગ્રહભરી વિનંતીને સ્વીકારી પ.પૂ.આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે પોતાના શિષ્યરત્નો **પૂ. મુનિશ્રી પદ્મસેનવિજયજી મ.** તથા મુનિશ્રી કીર્તિરત્નવિજયજી મ. ને ચાતુર્માસાર્થે મોકલવા કૃપા કરી છે. અષાઢ સુદ-૯ના ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે સંઘની અત્યંત વિનંતીથી પૂ. આચાર્યદેવશ્રી પોતાના વિશાળ પરિવાર સાથે પધારતા ગહુલીઓથી વધાવવામાં આવેલ. પૂજ્યશ્રીએ મંગલ પ્રવચન આપેલ. સંઘપૂજનાદિ થયું. તપસ્વી પૂ.મુનિશ્રી કીર્તિરત્નવિજયજી મ.ના દરરોજ શ્રી શ્રાદ્ધવિધિ તથા શ્રી

ભક્તામરસ્તોત્ર ઉપર પ્રવચન ચાલે છે. દર શનિવારે જાહેર વ્યાખ્યાન અને દર રવિવારે 'અરિહંત પદ' આદિ પદોની આરાધના થનાર છે.

● **બોટાદ :** પ.પૂ. પંન્યાસજી શ્રી યશોભદ્રવિજયજી મહારાજ તેમજ પ.પૂ. મુનિશ્રી કનકસુંદરવિજયજી મહારાજની નિશ્રામાં પરામાં ૧૫ દિવસનું ૮૦ બાળકોનું સુસંસ્કારવર્ગ આયોજન થયું. નાના નાના બાળકો ૧૫ દિવસમાં ૨૭૦૦ સામાયિકો, ૫૨૦૦ નવકારવાળી ૪૩૬ નવી ગાથાઓ થયા; તેમજ જિનપૂજા-માતાપિતાને પગે લાગવું રાત્રિભોજન ત્યાગ-કંદમૂળ ત્યાગ વગેરે પ્રતિજ્ઞાઓ થઈ. જુદા જુદા સૂત્રો ગોખે તેને જુદી જુદી પ્રભાવનાઓ થઈ. ચોમાસા દરમ્યાન સાંકળી અઠ્ઠમો નોંધાયા. રોજ ૧૦ આયંબિલ... વ્યાખ્યાન આદિ સુંદર ચાલી રહ્યા છે. લોકો સારો લાભ લઈ રહ્યા છે.

● **ઈર્લાબ્રીજ-અંધેરી :** પ.પૂ.પં.શ્રી હેમચંદ્રવિજયજી મહારાજનો ચાતુર્માસ પ્રવેશ ભવ્ય સામૈયાપૂર્વક થયો. રોચક મંગળ પ્રવચન તથા સંઘપૂજન સ્વામીવાત્સલ્ય થયેલ. ૧૫૦૦ માણસોની હાજરી હતી.

વદ-૫ રવિવારે 'અરિહંત' પદનાં ખીરનાં ત્રણસો એકાસણાં થયેલ. સવાર-બપોર 'અરિહંત પદની ઓળખાણ' વિષય ઉપર જાહેર પ્રવચન થયેલ. શ્રી પંચસૂત્ર વાંચનની ભવ્ય ઉછામણી થયેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૩,અંક-૪૪,તા.૩-૮-૧૯૮૫

## રાજગૃહ તીર્થ (બિહાર)

પ્રભાવક પ્રવચનકાર વિદ્વદ્વર્ય મુનિશ્રી હેમરત્નવિજયજી મહારાજ સાહેબ આદિ કલ્યાણક ભૂમિ રાજગૃહી ખાતે ચાતુર્માસ બિરાજી રહ્યા છે. પૂર્વ ભારતના આરાધકો આવીને આરાધનામાં જોડાયા છે. પૂજ્યશ્રીની નિશ્રામાં પશ્ચિમ બંગાલ અને બિહાર રાજ્યમાં વસતા જૈન યુવાનોનું ત્રિદિવસીય ચોથું અધ્યાત્મિક સંમેલન યોજવામાં આવ્યું છે. ઓગષ્ટ માસની ૨૫, ૨૬, ૨૭ તારીખે યોજાયેલ આ સંમેલનમાં એક હજારથી પણ વધારે યુવાનો જોડાવાની સંભાવના છે. આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ સંભવતઃ પધારશે.

● **ધંધુકા :** અત્રે પૂ. મુનિશ્રી જગવલ્લભવિજયજી મહારાજ સાહેબ આદિની શુભ નિશ્રામાં લોકો સારા તપ-ત્યાગમાં જોડાયા છે. સાંકળીબદ્ધ અઠ્ઠમ, ૧૦૮ પાર્શ્વનાથ ભગવાનના સામુદાયિક અઠ્ઠમ સારા પ્રમાણમાં થયા. સિદ્ધિતપ-ધર્મચક્રતપની-વર્ધમાનતપ પાયા-ઓળી આદિ તપ સાથે સ્વાધ્યાય ચાલી રહ્યા છે.



રોજ પૂ. મુનિશ્રી શ્રાદ્ધવિધિ અને કુમારપાળ ચરિત્ર ઉપર પ્રવચન આપી રહ્યા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૩,અંક-૪૫,તા.૧૦-૮-૧૯૮૫

● **અમદાવાદ :** અત્રે પગથીયાના ઉપાશ્રયે લાલભાઈ ત્રિકમભાઈ પરિવાર તરફથી એમના સ્વ. ધર્મપત્ની સુલોચનાબેનની માસિક તિથિ નિમિત્તે પૂ. પંન્યાસશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજાની નિશ્રામાં ૧૭૦ જિનના સામુદાયિક અઠ્ઠમ ૧૨૦ થયા, ત્રણે દિવસ આયંબિલ એકાશનાવાળા પણ ૪૫ હતા, ૩ દિવસ ભવ્ય સ્નાત્રપૂજા અંગરચના-પ્રભાવના-સંઘપૂજન, સંઘ તરફથી પ્રભાવના વગેરે સુકૃતકરણી અનુમોદ-નીય થઈ. ઉત્તરપારણા-પારણા લાલભાઈ ત્રિકમભાઈ તરફથી રાખવામાં આવેલ.

● **અરસીકેરે (કર્ણાટક) :** ૩૦ જૈનોના ઘરવાળા નાના ક્ષેત્રમાં પણ અત્રે પૂ. મુનિશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજની નિશ્રામાં વ્યાખ્યાનમાં લોકો ખૂબ સારા પ્રમાણમાં લાભ લઈ રહ્યા છે. શ્રાવણ સુદ ૩-૪-૫ના સમૂહ એકાસણા સહિત નવકાર મંત્રની જાપની આરાધનામાં ૧૦૦ જેટલા આરાધકો જોડાયા. પંચરંગી તપમાં ઘણા સારા પ્રમાણમાં લોકોએ લાભ લીધો. મુનિઓમાં પણ મોટી-મોટી વર્ધમાન તપની ઓળીની આરાધના ચાલી રહેલી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૩,અંક-૪૭,તા.૨૪-૮-૧૯૮૫

● **મુંબઈ-(બાબુલનાથ) :** અત્રે શ્રેયસ હોલમાં વર્ધમાનતપોનિધિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ; જોશીલા વક્તા પૂ. મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ વગેરે ચાતુર્માસ પધાર્યા ત્યારથી અહીંના શ્રી બાબુલનાથ આરાધક જૈન સંઘના ભાઈઓમાં અનેરો ઉલ્લાસ વ્યાપી ગયો છે. આરાધનાની રંગત જામી છે. પૂજ્યશ્રીની વૈરાગ્યવાણીથી પલળેલા અનેક આરાધકોએ વર્ધમાનતપના પાયા નાંખ્યા. એકેક પાયાવાળાની ભક્તિ તરીકે સંઘે દરેકને લગભગ ૨૫૫, રૂા. ની પ્રભાવના કરી, શ્રાદ્ધવર્ય શ્રી નરોત્તમદાસ છગનલાલ મોદીએ પારણાનો લાભ લીધો. દર રવિવારની ચાલતી શિબિર અને પૂ. મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજના જાહેર પ્રવચને તો અનેરું આકર્ષણ ઊભું કરી દીધું છે. શિબિરમાં મુંબઈભરના લગભગ ૧૧૦૦ થી ૧૨૦૦ નવયુવાનો પ્રવચન એક તાને થઈને સાંભળી રહ્યા છે અને વિવિધ પ્રકારના નિયમો સ્વેચ્છાએ લઈ જાય છે. બપોરના ૨-૩૦ કલાકે શરૂ થતાં જાહેર પ્રવચનમાં આવવા આરાધકોને ૧-૪૫ થી ૨ સુધીમાં આવી જવું પડે છે. જેને જ્યાં ઊભા રહેવાનું સ્થાન મળે ત્યાં ઊભા

રહીને ય આખા પ્રવચન શ્રવણનો લાભ છોડતા નથી. જાહેર પ્રવચનમાં આત્માની મહામૂલી ગુણ સંપત્તિને છિન્ન ભિન્ન કરી નાખે તેવા વિશ્વસુંદરીના દૃશ્યો દેખાડનાર ટી.વી. વિડીયો બંધ, માતા-પિતા, સાસુ-સસરા, ભાઈ-ભાભી દરેક વડીલોને રોજ સવારે પગે લાગવું, વગેરે અનેક પ્રકારના નિયમો લેવાઈ રહ્યા છે.

૪ થી ઓગષ્ટના રવિવારના જાહેર પ્રવચનમાં અમદાવાદમાં કપરી પરિસ્થિતિમાં મૂકાઈ ગયેલા સાધર્મિકભાઈઓ માટેની વાત કરતા, સાધર્મિકભાઈઓની પરિસ્થિતિથી ગળગળા થઈ ગયેલા શ્રોતાઓએ ટીપ કરી જે માત્ર ૧૦/૧૫ મિનિટમાં ૩॥ (પોણાચાર) લાખની થઈ ગઈ. બેનોએ પોતાના દેહ ઉપર રહેલા અલંકારો ઉતારી આપવા માંડ્યા. અરે ! સામાન્ય સાધર્મિકને લાભ મળે એ માટે ફેરવેલી થેલીમાં લગભગ ૨૦,૦૦૦ જેટલી રકમ આવી પડી. આવેલી રકમની વ્યવસ્થિત વ્યવસ્થા થાય માટે અમદાવાદમાં સુયોગ્ય કાર્યકરો કામે પણ લાગી ગયા છે.

૧૧મી ઓગષ્ટના રવિવારે સવારે સંઘના ચાલતા દૈનિક પ્રવચનમાં દીપચંદભાઈ તાસવાળાના પુત્રવધુની સિદ્ધિતપ નિમિત્તે થયેલા પૂંજણા પછી પૂજ્યશ્રી સકલસંઘ સાથે વાજતે ગાજતે સિદ્ધિતપની પૂર્ણાહુતિએ પહોંચેલ શ્રાદ્ધવર્યશ્રી નરોત્તમદાસ છગનલાલ મોદીના પારણા પ્રસંગે એમના ઘરે પધાર્યા. માંગલિક સંભળાવ્યું. એમના તરફથી દરેકને ૨/૨ રૂપિયા તથા શ્રીફળની પ્રભાવના થઈ.

આમ અનેક પ્રકારની આરાધનાઓથી ઘેલા થયેલા શ્રીસંઘમાં તપશ્ચર્યાઓ પણ પૂરજોશમાં ચાલુ થયેલ છે. શ્રી રાયચંદ નાનચંદ દોશીના સુપુત્ર શ્રી દીપકભાઈને ૨૬ વરસની ઉંમરે ૪૫ ઉપવાસની ભાવનાથી અત્યારે ઉપવાસ ચાલુ છે. ૧૧મી ઓગષ્ટના દિવસે ૩૪મો ઉપવાસ હતો. પૂ. મુનિશ્રી નંદિભૂષણવિજયજી મ. તથા મુનિશ્રી પદ્મસુંદરવિજયજી મ. ને સિદ્ધિતપ તેમજ મુનિશ્રી મનોરત્નવિજયજીએ માસખમણની ભાવનાથી ૧૬ ઉપવાસ ચાલુ છે.

● **ભીવંડી :** પ.પૂ.ગણિવર્યશ્રી લલિતશેખરવિજયજી મહારાજશ્રીની પ્રેરણાથી નૂતન ઉપાશ્રયમાં પ્રથમ ચાતુર્માસ હોઈ હાલારી ભાઈઓએ ૯૩ ભાઈબેનોએ વર્ધમાન તપના પાયા નાખ્યા. નવ એકાસણા સામુદાયિક આરાધના ચાલુ છે. સંઘ સારો લાભ લે છે.

● **બોટાદ :** પ.પૂ.પંન્યાસજી શ્રી યશોભદ્રવિજયજી ગણિની નિશ્રામાં પૂ.મુનિશ્રી કનકસુંદરવિજયજી મહારાજની પ્રેરણાથી સંઘમાં પંચપરમેષ્ઠિના એકધાનના આયંબિલ, એકાસણા, ચોવીસતીર્થંકર, ૨૦ વિહરમાન જિનના એકાસણા, સુકૃત અનુમોદના, ચારશરણ સ્વીકાર, ૧૪ પૂર્વના એકાસણા, વર્ધમાનતપના પાયા, વગેરે અનેક તપસ્યાઓ થઈ. તેમજ પ્રવેશબાદ લગભગ ૧૨,૬૦૦ સામાયિક, ૨૪૩ પૌષધ,



૨૭૭૨ નવીગાથા, ૧૯,૭૦૦ બાંધી માળા, ૭૦ ઉપવાસ, ૨૦૧ આયંબિલ, ૪૬૫ એકાસણા વગેરે અનેક આરાધનામાં ઘણા બાળકોએ પણ લાભ લીધો.

● **શીવગંજ :** પૂ. મુનિ વીરશેખરવિજયજી ગણિની નિશ્રામાં ગણિપદવી નિમિત્તે પંચાહ્નિકા મહોત્સવ, દીપકએકાસણા, ચાર મહિના રોજ ૧૦ બાંધી માળાનો સાંકળીજાપ, પંચપરમેષ્ઠીના ૫ એકાસણા, શત્રુંજયમોદકતપ, અને તેનું ઉદ્યાપન, પચરંગીતપ, ૧૦૮ પાર્શ્વનાથના અટ્ઠમ, ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન, વરઘોડો વગેરે અનેક આરાધનાઓ સુંદર અને સારા પ્રમાણમાં થઈ.

● **અમલનેર :** પૂ.આ.શ્રી વિજય રંગસૂરિજી મહારાજ અને પૂ.આ.શ્રી વિજય ધનપાલસૂરિજી મહારાજની નિશ્રામાં આખા સંઘમાં તપશ્ચર્યાનો અનેરો રંગ જામ્યો છે. નવપદજીના નવ એકાસણા વગેરે તપશ્ચર્યા ચાલે છે. પૂ. મુનિ શીલરત્ન વિજયજી મહારાજને માસખમણનું પારણું સુખરૂપ થયું. નિર્વિઘ્ને પૂર્ણાહૂતિ નિમિત્તે સંઘમાં ૧૪૦ અટ્ઠમ થયા. તપસ્વી મુનિશ્રીના સંસારી ભાઈઓ વગેરેએ પારણા પ્રસંગે તપસ્વીઓને પહેરામણી આખા સંઘમાં લહાણી વગેરે ખૂબ જ સારો લાભ લીધો. નાના બાળકોને અટ્ઠાઈના પારણા અને ૩ બહેનોને સિદ્ધિતપના પારણા થયા.

● **કરાડ :** અત્રે સા.શ્રી હંસકીર્તિશ્રીજી. સા.શ્રી જશકીર્તિશ્રીજી મ. ના બેનોમાં પ્રવચનો રોજ ચાલે છે. લોકો વિવિધ તપશ્ચર્યામાં જોડાયા છે. અરિહંતપદના એકાસણા-દીપકવ્રતના એકાસણા-ઈચ્છાનિરોધતપ વગેરે થયા. ૩૬ બેનોને મોક્ષદંડક તપ કર્યો અને ૭૦ જેટલા બેનોને મોક્ષદંડ તપ ચાલુ છે. સાધ્વી સમુદાયમાં ૧ ને ૪૫ ઉપવાસ ૧ ને ભદ્રતપ, ૩ ને સિદ્ધિતપ વગેરે તપશ્ચર્યા ચાલુ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૪,અંક-૫,તા.૫-૧૦-૧૯૮૫

## સુરત નગરે ૪૦૦ સિદ્ધિતપના વાગી ગયેલ જયડંકાનાં રસઝરણાં

ગોપીપુરા નેમુભાઈની વાડીમાં પૂ. આચાર્યદેવશ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં થયેલી આ અભૂતપૂર્વ તપશ્ચર્યાએ ભારતભરના જૈન સંઘોમાં એક આશ્ચર્યનું મોજું ફેરવી દીધેલું...

- પૂજ્ય આચાર્યદેવશ્રી સહિત ૪૦૦થી અધિક સિદ્ધિતપના આરાધકો...
- દરેક આરાધકોની પ્રત્યેક (સામુદાયિક) બેસણામાં અદ્ભુત ભક્તિ કરી રહેલા નવયુવાનો...
- ૧૨ વર્ષથી નાની ઉંમરના લગભગ ૧૨ જેટલા બાળક-બાળિકાઓએ કરેલી

સિદ્ધિતપની આરાધના...

- સિદ્ધિતપની અનુમોદના સક્રિય કરતા, સિદ્ધિતપના આરાધકો સાથે છેલ્લી અઠ્ઠાઈ વખતે નવા ૪૦૦ આરાધકોએ કરેલા અઠ્ઠાઈના પચ્ચક્ખાણ...
- 'ધર્મરત્નનગરી'માં ૮૦૦ આરાધકોનું (૨૯-૮-૮૫, ગુરુવારે) થયેલું જ્ઞાનપૂજન-પુંજણું...
- આયંબિલખાતામાં સારી રકમ આપવાની જાહેરાત દ્વારા પૂ. આચાર્યદેવશ્રી આદિ ચતુર્વિધ સંઘની શ્રી રજનીકાંત મોહનલાલ ઝવેરી અને શાંતિચંદ બાલુચંદ ઝવેરીના ત્યાં થયેલી પધરામણી...
- 'આવી તપશ્ચર્યા મેં જોઈ નથી... તપશ્ચર્યા જોઈ મારું માથુ ઝૂકી જાય છે.' આવા ઉદ્‌ગાર કાઢતા ત્યાં પધારેલા શેઠશ્રી શ્રેણીકભાઈ કસ્તુરભાઈ.
- ૫ હાથી, ૭ બેંડ, અને બગી-ઘોડા-મોટર સાંબેલાથી દશે દિશાને ગજાવતો અદ્‌ભુતશાસન પ્રભાવના કરતો ભવ્ય તપસ્વી વરઘોડો...
- સુરત જૈન સંઘ સમસ્તનું થયેલું સ્વામીવાત્સલ્ય...
- દેવનગરી જેવું દીપી રહેલું સુરત શહેર ગોપીપુરા...
- પારણા બાદ બધા તપસ્વીઓનું કરેલું સુંદર રીતે બહુમાન આયોજન...
- તપ અને તપસ્વીને ઝૂકી રહેલા હજારો મસ્તકો... ધન્ય તપસ્વી... જય હો તપ ધર્મનો...

• **મલાડ :** અત્રે હીરસૂરિ જગદ્‌ગુરુ જૈન ટ્રસ્ટ ઉપાશ્રયમાં વર્ધમાન તપોનિધિ પૂ. આચાર્યદેવશ્રીના પટ્ટાલંકાર સિદ્ધાન્ત દિવાકર પૂ. આચાર્યદેવશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ આદિ વિશાળ મુનિ સમુદાયની નિશ્રામાં અનેક પ્રકારના વિશિષ્ટ અનુષ્ઠાનોમાં સારી સંખ્યામાં આરાધકો લાભ લીધો... તપધર્મમાં લોકો ખૂબ જોડાયા...

પર્યુષણા મહાપર્વને પામીને સંઘમાં ઉપવાસ/તપસ્વી ૩૨/૧, ૩૧/૧, ૩૦/૯, ૨૧/૧, ૧૬/૮, ૧૫/૧, ૧૫૦ જેટલી અઠ્ઠાઈ વગેરે તપસ્યાઓ થવા પામી... સાંકળી અઠ્ઠમ, સિદ્ધિતપ, શ્રેણીતપ, અક્ષયનિધિતપ, મોક્ષદંડક તપ, વગેરે આરાધનાની અનુમોદનાર્થે તથા સિદ્ધાન્ત દિવાકર પૂ. આચાર્યદેવશ્રીના પૂ. ગુરુદેવ સ્વ. મુનિશ્રી ધર્મઘોષવિજયજી મહારાજ (સંસારી પિતાશ્રી)ની ૮મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે અનેક પૂજનો સહિત ૧૦ દિવસનો મહોત્સવ... રાખવામાં આવેલ છે.

ભવ્ય વરઘોડો-બે સ્વામીવાત્સલ્ય થયા. પૂ. મુનિશ્રી જયસુંદરવિજયજી મહારાજના પ્રવચનો અનેરી પ્રેરણા આપી રહ્યા છે.



પૂ. સાધ્વીજીશ્રી શીલવર્ધનાશ્રીજી મ. ના બપોરના બેનોના વ્યાખ્યાનમાં સારી સંખ્યામાં બેનો લાભ લઈ રહ્યા છે.

• **શાહપુર (ઠાણા) :** અત્રે પૂ. મુનિશ્રી રાજરત્નવિજયજી મહારાજ તથા પૂ. મુ.શ્રી મુક્તિદર્શનવિજયજી મહારાજ ચોમાસું પધાર્યા ત્યારથી નાનકડા ગામમાં પણ તપ-ત્યાગ-વ્યાખ્યાનમાં લોકોએ ખૂબ સારો લાભ લીધો... પર્યુષણા પર્વમાં આરાધના-ઉપજ આદિ સારા પ્રમાણમાં થઈ. દર રવિવારે તત્ત્વજ્ઞાન શિબિરમાં અનેક યુવાનો લાભ લઈ રહ્યા... ૪૦/૫૦ જેટલા યુવાનોએ ભવ આલોચના લેવા સુધીના પરાક્રમ કર્યા... સંઘમાં થનારા નૂતન ઉપાશ્રયમાં ગામનો સહકાર-ફાળો અદ્‌ભુત થયો...

• **બાબુલનાથ (ચોપાટી) :** અત્રે વર્ધમાન તપોનિધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના વૈરાગ્ય ઝરતા પ્રવચનો અને પૂ. મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજના જોશીલા પ્રવચનોથી અનેક આરાધકો સિદ્ધિતપ-અઠ્ઠાઈ-૧૧-૧૬-૨૧, માસખમણ સુધીની ઉગ્ર તપશ્ચર્યાએ પહોંચી ગયા... દેપલા નિવાસી રાયચંદ નાનચંદ દોશીના સુપુત્ર દીપકકુમારે (ઉંમર-૨૬ વર્ષ) તો ૪૫ ઉપવાસની આરાધના ખૂબ જ સુંદર રીતે કરી... શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખશ્રી શ્રેણીકભાઈ કસ્તુભાઈ છાપરિયાળી પાંજરાપોળ અંગે જીવદયાના ફંડ માટે પધારેલા અને એમની પાસેથી વર્તમાનમાં જીવદયા પાંજરાપોળ માટેની અનેક વાતો સાંભળી શ્રીસંઘે જીવદયા માટે પોતાના હાથ મુક્તપણે ખોલી દીધા... પર્યુષણા પર્વમાં દેવદ્રવ્ય વગેરેની ઉપજ પણ સારી થઈ... ભાદરવા સુદ-૫ ના શ્રાદ્ધવર્યશ્રી નરોત્તમદાસ છગનલાલ મોદી તથા શ્રી રાયચંદ નાનચંદ દોશી તરફથી પારણા-સંઘ સ્વામીવાત્સલ્યનો લાભ લેવાયો, અત્રેના આરાધક ભાઈ શ્રી વિમલભાઈના કુટુંબમાં પોતાની સાથે ૪ જણાને સિદ્ધિતપની આરાધનાની અનુમોદનાર્થે ભાદરવા સુદ-૬ ના શ્રી સિદ્ધચક્રપૂજન-સ્વામીવાત્સલ્ય વગેરે થયા... ઘાણેરાવ નિવાસી શ્રી મદનરાજ જશરાજજી પારેખ જેમના તરફથી અત્રે ચોમાસામાં ૨-૩, ૨-૩ દિવસે સંઘપૂજન થતાં, એમના સજોડે થયેલા સિદ્ધિતપની અનુમોદનાર્થે ભાદરવા વદ-૭ રવિવાર તા. ૬-૧૦-૮૫ના રોજ અષ્ટાપદજી પૂજ્ય ભણાવવાનું વિશિષ્ટ રીતે આયોજન નક્કી થયેલ. દૈનિક પ્રવચનો તથા રવિવારે બપોરે ૨॥ થી ૪ સુધીનો પૂ. મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજના જાહેર પ્રવચન ચાલુ છે.

● **મુલુંડ (મુંબઈ) :** અત્રે પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય કીર્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિઠાણાની નિશ્રામાં આ ચાતુર્માસ વિશિષ્ટ ધાર્મિક કાર્યક્રમોની ખૂબ ધમધમી રહ્યું છે. સામુદાયિક કર્મસૂદનતપ, છઠ્ઠ, અઠ્ઠમ, ખીરનાં એકાસણાં વગેરેમાં સંઘે ખૂબ સારો ભાગ લીધો... શ્રી સિદ્ધચક્રપૂજન ભવ્ય ઉજવાયું. અષ્ટાપદજીની પૂજામાં તો પૂ. આચાર્યદેવશ્રીએ સંગીત અને વિવેચનથી ભારે રંગ જમાવ્યો. ભક્તિ મહોત્સવ વિરલ વિભૂતિ ગ્રંથનું વિમોચન, તાંબેનગર નૂતન ગૃહમંદિર સ્થાપના, આદિ અનેક પ્રકારની આરાધના-ધર્મપ્રવૃત્તિમાં લોકો સારી સંખ્યામાં જોડાઈને લાભ લઈ રહ્યા છે.

● **બેંગ્લોર :** પૂ.પં.શ્રી ભદ્રગુપ્તવિજયજી ગણિ આદિઠાણાની નિશ્રામાં હજારો જૈનોએ પર્યુષણા પર્વની ભવ્ય આરાધના કરી. યુવાવર્ગ અને બાળકો અનેક પ્રકારના વ્યસનોથી મુક્ત બની રહ્યા છે, ૧૦૦૦ જેટલા બાળક-બાળિકાની ચાલતી શિબિરમાં ટી.વી. જોવી નહિ સિનેમા જોવા નહિ, સિનેમાના ગીતો ગાવા નહિ વગેરેના સંકલ્પો કરાવાઈ રહ્યા છે; શિબિરાર્થીઓ ખૂબ સારો લાભ ઉઠાવી રહ્યા છે અત્યારથી જ પૂજ્યશ્રીને આગામી ચાતુર્માસ માટેની વિનંતી માટે જુદા જુદા અનેક સંઘો આવી રહેલા છે.

● **કલ્યાણ :** અત્રે પૂ. મુનિશ્રી વિશ્વાનંદવિજયજી મહારાજની પ્રેરણાથી લોકો ધર્મમાં ખૂબ જોડાયા છે. અનેક પ્રકારના સામુદાયિક અનુષ્ઠાનો થયા. આશ્ચર્ય તો એ થયું કે ગામમાં નાના બાળકો અને યુવાનો લગભગ ૩૦૦-૩૫૦ જેટલા રોજ સવારના ધોતીયા ને ખેસ પહેરી પૂજા કરવા જતા થયા અને એનાથી ખેંચાઈ આવેલા અખબારના ખબરપત્રીને સમજાવતા મુનિશ્રીએ એ જણાવ્યું કે "ટી.વી. વિડીયોને રેડીયોના યુગમાં પ્રાચીન પ્રણાલિકા મુજબ ધર્મના પ્રથમ પગથીયા તરીકે આ બાળકો અને યુવાનો આ શાસ્ત્રીયવેશ પરિધાન કરી પરમાત્મભક્તિ-પૂજા કરવા જઈ રહ્યા છે..." ખબરપત્રીએ પણ એ જ વાત લોકોના કાન સુધી પહોંચાડવા અખબારમાં ચમકાવી. અંબરનાથ પગપાળા ચૈત્યપરિપાટીમાં ૫૦૦થી વધુ લોકો જોડાયા. ને સારો લાભ લીધો. એમાં વરસાદના પાકા એંધાણ હતા પરંતુ સંઘ ગયો ને આવ્યો ત્યાંસુધી વરસાદ ન નડ્યાનો ચમત્કાર થયો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૪,અંક-૮,તા.૨૬-૧૦-૧૯૮૫

● **અમદાવાદ :** સુસંસ્કારનિધિ ટ્રસ્ટ તરફથી અમદાવાદમાં લેવાયેલ આહારશુદ્ધિ-પ્રકાશ ગ્રંથની ઈનામી પરિક્ષામાં બેઠેલા ૨૧૮ વિદ્યાર્થીઓનું ઈનામી બહુમાન પૂ.પં.શ્રી રાજેન્દ્રવિજયજી મ.શ્રીની નિશ્રામાં ડૉ. દિનકરભાઈ દલાલના શુભ હસ્તે રૂા. ચાર હજાર લગભગ તથા ધાર્મિક પુસ્તકો ભેટમાં અપાયેલા... ધાર્મિક શિક્ષકોનું બહુમાન કરેલ.

આજકાલની પ્રજાને અભક્ષ્ય ખાન-પાનથી નાનપણથી બચાવી લેવાની જરૂર છે. તે માટે દરેક પાઠશાળામાં ચલાવવા જેવું આ પાઠ્યપુસ્તક છે. જેની ગુજરાતી-હિન્દી-મરાઠી આવૃત્તિ પ્રકાશિત થયેલ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૪,અંક-૯,તા.૨-૧૧-૧૯૮૫

● **બાબુલનાથ :** શ્રેયસહોલમાં બિરાજમાન વર્ધમાન તપોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં અનેકવિધ ધર્મઆરાધના ચાલી રહી છે. ૫૦૦૦૦ જાપ સાથે 'અરિહંત પદ'ના એકાસણા ખૂબ સારી સંખ્યામાં થયા. આસો સુદ-૧૪ના આંબેલ સાથે ભવોભવના પુદ્ગલ વોસિરાવવાની તથા અનંત જનમોના અશુભ અનુબંધ તોડનારી વિસ્તૃત દુષ્કૃતગર્હાની વિધિ નાણ સમક્ષ કરવામાં લગભગ ૭૦૦ જેટલા આરાધકોએ લાભ લીધો... (વોસિરાવવું એટલે ભૂતકાળના અસંખ્ય જન્મમાં મૂકી આવેલા શરીરો દ્વારા તથા અધિકરણો યાને જીવહિંસા અને વિષયવિલાસના સાધનો દ્વારા આત્માને લાગતી પાપ ક્રિયાઓ અટકાવવા, એ બધા પરથી મમત્વ ઉઠાવી લેવો...) ૨ાા-૩ કલાકની આ ભવ્ય ક્રિયા શાંત રીતે એકાગ્રતાથી કરવામાં પર્ષદા તરબોળ હતી; પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજના રવિવારે બપોરે ૨ાા થી ૪ જાહેર પ્રવચનોમાં યુવાનો ખૂબ રસ લઈ રહ્યા છે.

● **સાંચોર (રાજ.) :** પૂજ્ય ગણિવર્યશ્રી ગુણરત્નવિજયજી મહારાજની નિશ્રામાં મુનિશ્રી રવિરત્નવિજયજી મહારાજ તથા ત્રણ સાધ્વીજી મહારાજ અને બે મુમુક્ષુબેનો એમ ૬ વ્યક્તિઓએ ૧ મહિનાના (૩૦) ઉપવાસ કર્યા; ૨૮ વ્યક્તિઓએ સિદ્ધિતપ, ૧૦૦ અઠ્ઠાઈ આદિ તપસ્યા થઈ; તેમનું શ્રી સાંચોર જૈન સંઘ તરફથી સન્માન થયું; તપસ્યાની અનુમોદના માટે ૧૨ દિવસના ભવ્ય જિનભક્તિ મહોત્સવનું આયોજન થયું...

● **મલાડ :** હીરસૂરિ જગદ્‌ગુરુ ટ્રસ્ટ જૈન ઉપાશ્રયમાં સિદ્ધાન્ત દિવાકર પૂ. આચાર્યદેવશ્રી વિજય જયઘોષસૂરિજી મહારાજની નિશ્રામાં દશેરાને દિવેસ મહાપૂજા (જિનમંદિર-શણગાર-ભવ્યપ્રભુરચના) થઈ. જેમાં લગભગ ૪૦/૪૫ હજાર માણસોએ દર્શનનો લાભ લીધો; રાતના ૧૨ાા સુધી લોકોને દર્શન માટે લાઈનમાં ઊભા રહેવું

પડતું, લાઈન પણ લગભગ ૩ ફર્લાંગ લાંબી લાગેલી રહેતી જેથી દર્શનાર્થીને ૨૦/૨૫ મિનિટ જેટલું લાઈનમાં ઊભા રહ્યા પછી પ્રભુના દર્શન મળતા હતા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૪,અંક-૧૧,તા.૨૩-૧૧-૧૯૮૫

● **ધંધુકા :** પૂ. મુનિરાજશ્રી જગવલ્લભવિજયજી મ.સા.ની પ્રેરણાથી ૫૫ ભવ્યાત્માઓની કઠીન ધર્મચક્રતપની ૮૨ દિવસના દીર્ઘ તપશ્ચર્યા નિમિત્તે આસો વદ ૧ થી ભવ્ય જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ઉજવાયો, પંચનમસ્કારચક્ર મહાપૂજન સુંદર થયું, બહુમાન સમારંભમાં તપસ્વીઓને વિશિષ્ટ પ્રભાવનાઓ થઈ, ૪૫ આગમનો ભવ્ય વરઘોડો ૪ કલાક ફર્યો હતો, ૨ દિવસ ૪૫ આગમ મહાપૂજામાં ભારે જમાવટ થઈ, મુંબઈના અશોકભાઈએ કરેલી ભવ્ય અંગરચના જોવા ટોળાં ઉમટેલા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૪,અંક-૧૨,તા.૩૦-૧૧-૧૯૮૫

● **સાંચોર :** અત્રે પૂ. ગણિવર્યશ્રી ગુણરત્નવિજયજી મહારાજની નિશ્રામાં શ્રી સંઘે માગશર સુદ-૩ થી ઉપધાનતપ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. જે ભાગ્યશાળીને ઉપધાનતપમાં જોડાવા ભાવના હોય તેમને નીચેના સરનામે સંપર્ક સાધવો. શ્રી ગોડી પાર્શ્વનાથ જૈન પેઢી. મુ.પો. સાંચોર (જી. જાલોર)

● **ઈરલાબ્રીજ (અંધેરી) :** અત્રે પ.પૂ.પં.શ્રી હેમચંદ્રવિજયજી મહારાજની નિશ્રામાં ચાલી રહેલી ઉપધાનતપની ભવ્ય આરાધનામાં ૧૨૫ જેટલા આરાધકો લાભ લઈ રહ્યા છે. ઉપધાનતપની માળારોપણના પ્રસંગ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ થનાર છે. જેમાં માગશર સુદ-૨ શુક્રવાર તા. ૧૩-૧૨-૮૫ના ભવ્ય વરઘોડો અને માગશર સુદ-૩ શનિવારે માળારોપણનો પ્રસંગ છે. આ પ્રસંગે 'શ્રેયસહોલ' થી ચાતુર્માસ પૂર્ણ કરી પૂજ્ય વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ વિશાળ સમુદાય સાથે પધારશે...

અંધેરીમાં મા. સુદ-૩ પૂ.પં.શ્રી રાજેન્દ્ર વિ. ગણિવરના સંસારિપણે વડીલ બંધુ શ્રી ચીમનલાલ મગનલાલ પૂ. આચાર્યદેવશ્રીના વરદ હસ્તે ભાગવતી દીક્ષા પણ ગ્રહણ કરનાર છે.

માગશર સુદ-૪ રવિવાર તા. ૧૫-૧૨-૮૫ના રોજ પૂ.પં.શ્રી હેમચંદ્રવિજયજી મહારાજની નિશ્રામાં ચેમ્બુર મુકામે શિવગંજ નિવાસી શા. પુખરાજજી મુલચંદજી



દોશી તરફથી ઉપધાનતપની ભવ્ય આરાધના શરૂ થનાર છે... ભાગ્યશાળીઓને લાભ લેવા વિનંતી...

## રાજગૃહી નગરમાં અખિલ પૂર્વભારતીય જૈન યુવાનોનું સંમેલન

વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના પ્રશિષ્યરત્ન પૂજ્યપાદ યુવાહ્રદય સમ્રાટ મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજની નિશ્રામાં રાજગૃહીમાં અખિલ પૂર્વભારતીય જૈન યુવાનોનું ચોથું સંમેલન યોજવામાં આવેલ. તા. ૨૫-૮-૮૫ના રોજ ઉદ્ઘાટનવિધિ માટે બિહારના ચીફ મિનિસ્ટર શ્રી બિન્દેશ્વરી દુબે પધાર્યા હતા. પૂજ્ય મુનિશ્રીએ વર્તમાનમાં વિશ્વની ભારતની અને વિશેષતયા બિહારની કેવી વિષમ પરિસ્થિતિ છે તે અંગે કરંટ (CURRENT) ઘટનાઓનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે ભગવાન મહાવીરદેવના વિહારથી પવિત્ર થયેલ આ બિહારમાં અમારા અનેક તીર્થસ્થાનો છે. પ્રતિવર્ષ સેંકડો યાત્રિકો દૂરદૂરથી યાત્રાર્થે આ પ્રદેશમાં આવે છે. પરંતુ યાત્રા પૂર્ણ કરીને ઘરે ન પહોંચે ત્યાં સુધી તેઓ ભયભીત રહે છે. અમે લૂંટાઈ જઈશું તો ? અમને કોક મારી નાખશે તો ? આવો વસવસો તેમના અંતરને સતાવ્યા કરે છે.

બિહારના તીર્થોની બીમાર હાલતથી બેચેન બનેલા મુનિશ્રીએ હૃદયની વેદનાઓ રજૂ કરતાં આગળ જણાવ્યું હતું કે રાજગૃહીના પાંચેય પહાડ પર અમારા પવિત્ર તીર્થો છે. અમારા પરમાત્માની ત્યાં ચરણપાદુકાઓ છે પણ દુઃખની વાત એ છે કે ભય અને લૂંટફાટના કારણે ત્રીજા ચોથા પહાડની યાત્રા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અમારા યાત્રિકો પહેલા બીજા પહાડની યાત્રા કરીને જ્યારે ત્રીજા-ચોથા પહાડની તળેટીમાં આવે છે ત્યારે નીચે ઊભા ઊભા રડતા હૃદયે ભગવાનને પ્રાર્થના કરે છે હે વિભુ ! હું છેક મુંબઈ અમદાવાદથી અહીં સુધી આવી શક્યો છું. પણ મારી કમનસીબી છે કે હવે હું માત્ર ૭૦૦ પગથીયાં ઉપર આવી શકતો નથી. મારા નાથ ! મને તું અહીંથી સીધો જ ઉપર ઉપાડી લે. હું નીચે અને તું ઉપર આ વિષમતા જોઈ શકાતી નથી. પ્રવચનના ધારા પ્રવાહમાં આગળ ધપી રહેલા મુનિશ્રીએ જણાવ્યું કે જ્યાં અહિંસાના ઉપદેશક ત્રિભુવનપતિ મહાવીરદેવનો જ્યાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો ત્યાં આજે વિરાટ જલમંદિર કમલવનથી શોભી રહ્યું છે. જે કમલ સરોવરનું જલ પવિત્ર માનવામાં આવે છે. શ્રદ્ધા અને ભક્તિથી ભક્તો જેનું આચમન કરે છે. એ સરોવરમાંથી રાત્રીના સમયે માછલાં પકડવામાં આવે છે. પવિત્ર સરોવરમાં અનેક લોકો ઝાડો પેશાબ કરીને જિનમંદિરની ઘોર આશાતના કરી રહ્યા છે અને જલને દૂષિત બનાવે છે. જે જોતાં હૃદય કંપી ઉઠે છે અને આત્મા ધ્રૂજી ઉઠે છે. તીર્થસ્થાનોમાં પહોંચવા માટે રોડ રસ્તાઓની સુવિધાઓ

નહિ હોવાના કારણે યાત્રિકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

મુનિશ્રીનું પ્રવચન પૂર્ણ થતાં મુખ્યમંત્રીશ્રી બિન્દેશ્વરી દુબેજીએ પોતાના વક્તવ્ય દરમ્યાન જણાવ્યું હતું કે આજના આ વિષમ અને હિંસક કાળમાં આવી શિબિરોની ખૂબ ખૂબ આવશ્યકતા છે. હું જનતાને જણાવીશ કે મુનિશ્રીને ઠેર ઠેર લઈ જાઓ અને ઠેકાણે ઠેકાણે આવી શિબિરોના આયોજન કરો. જ્યારે પણ મને બોલાવશો ત્યારે હું પણ જ્ઞાનવાણીનો લાભ લેવા અવશ્ય આવી પહોંચીશ. પાવાપુરી સંમેત શિખરજી આદિ તીર્થોમાં પણ આવી શિબિરોનું આયોજન કરવું જરૂરી છે.

પૂજ્ય મુનિશ્રીએ જણાવ્યું તેમ આજે આખું વિશ્વ સળગી રહ્યું છે. ભારત પણ ભયાનક આગની લપેટમાં છે. એ આગ બુઝાવવાનું કામ મારા જેવા મુખ્યમંત્રીશ્રીઓ નહિ પણ આવા સંતો જ કરી શકે છે. રાજગૃહીના ત્રીજા ચોથા પહાડની જે યાત્રા આજ સુધી બંધ હતી તે અંગે મારે સહુને જણાવવાનું કે આપ જરાયે ગભરાયા વિના આજથી જ એ પહાડોની યાત્રાએ જજો. ભગવાનને મળજો. તમારી ભાવના પૂર્ણ કરજો તમને લૂંટફાટ વગેરેની કશી જ તકલીફ નહિ પડે તેની ખાત્રી આપું છું. મુખ્યમંત્રી દ્વારા થયેલી આ ઘોષણાને શિબિરાર્થી યુવાનોએ “જૈનં જયતિ શાસનં”ના ગગનભેદી નારાઓથી વધાવી લીધી હતી.

ઉદ્ઘાટનવિધિ દરમ્યાન શ્રી કુમારપાળ વિ. શાહ શ્રી પ્રફુલ્લકુમાર દોશી, શ્રી જયસુખભાઈ આદિના પ્રાસંગિક વક્તવ્યો થયા હતાં. ઉદ્ઘાટનવિધિ પૂર્ણ થયા બાદ મુખ્યમંત્રીશ્રી ભોજન સમારંભમાં સામેલ થયા હતા અને ત્યારબાદ પૂજ્ય મુનિશ્રી સાથે અંગત વાતચીત માટે ઉપાશ્રય હોલમાં પધાર્યા હતા. તે દરમ્યાન જલમંદિરમાંથી માછલાં પકડવા પર મનાઈ હુકમ આપવા બાબત ભગવાન મહાવીર દેવનું જન્મ સ્થાન વૈશાલી નહિ પણ ક્ષત્રિયકુંડ છે તે અંગે તેમજ વિવિધ તીર્થોમાં રોડ રસ્તાઓની આવશ્યકતા અંગે, ક્ષત્રિયકુંડ પહાડની તળેટીમાં ડેમ બનવાથી ચ્યવન કલ્યાણક અને દીક્ષાકલ્યાણકનાં મંદિરો ડુબમાં જઈ રહ્યા છે. તેથી તે કાર્ય રોકવા અંગે વિચારણાઓ થઈ હતી અને તે તે કાર્યો માટે મેમોરંડમ (MEMORANDUM) પણ અપાયા હતા અને શક્ય બધા પ્રયાસો કરવા મુખ્યમંત્રીશ્રીએ મુનિશ્રીને ખાત્રી આપી હતી.

ત્રિદિવસીય સંમેલનમાં શ્રી વર્ધમાન સ્નાત્ર મંડળ, શ્રી શ્રુતોપાસકગણ, શ્રી શ્વે. ભંડાર તીર્થ રાજગૃહીએ ખડે પગે સેવાઓ બજાવી હતી.

સારાયે આયોજનનો શ્રેય શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ (અમદાવાદ) અને શ્રી ચાતુર્માસ આરાધક સમિતિના ફાળે જાય છે.

• • •